राज्य के अधिकारी / कर्मचारी अ□ने अनुभवों के आधार □र प्रशासन सुधार के लिए अ□ने सुझाव दे सके इसलिए  कर्मयोगी सर्वाभिप्राय आकलन का जो आयोजन किया गया था, उसमें **३.५०** लाख कर्मचारियों के सुझाव प्राप्त किए गए है। जो सर्वे विभाग को विचार के लिए भेज दिए गए हैं। इन सुझावो में से उत्तम सुझाव देने वालो को □ुरस्कृत करने की योजना भी चल रही है ।

**प्रशिक्षण बना सातत्य**

कर्मयोगी अभियान के द्वारा □हले जो कर्मयोगी के बीज बोए गये थे, उसका महत्तम लाभ मिल सके इस उद्देश्य से और विकास की चुनौतिओं का सामना करने के लिए कर्मचारियों की कार्यक्षमता में वृद्धि और मौजूदा  ज्ञान और कार्यशैली में निरंतर सुधार आज के समय की अत्यंत आवश्यकता हैं । इन आवश्यकताओं को ध्यान में रखते हुए मेरी सरकार ने प्रशिक्षण को एक उ□योगी और सफल साधन के रू□ में मानते हुए अ□ने कर्मचारीगण में विकास के संदर्भ में प्रशिक्षण की नयी योजना लागू की है । जिसके अनुसार वर्ग-१ और वर्ग-२ के राज□त्रित अधिकारियों को प्रत्येक दो वर्ष में कम से कम तीन दिन का प्रशिक्षण मिल  रहे ऐसी □द्धति शुरू की है । राज्य की प्रशिक्षण देने वाली सर्वोच्च संस्था  स□ी□ा  को सं□ूर्ण स्वायत्तता दी गई है । जिससे वह अ□नी कार्यशैली में व्यवसायिकता का स्तर ऊँचा  ला सके  ।

संस्था के द्वारा विविध प्रशिक्षणों का आयोजन होता है उस में अब माननीय विधायकश्रीओं के प्रशिक्षण के लिए खास प्रशिक्षण वर्ग आयोजित करने का लक्ष्य  भी है ।

**क्वॉलिटी सर्कल**

सरकारी कर्मचारियों को वी-गवर्नन्स  का प्रशिक्षण देने के कार्यक्रम में अब तक **१,४६,०००** कर्मचारियों को प्रशिक्षित किया गया है।

**अनिवासी भारतीय प्रभाग**

अन्य देशों में और भारत के अन्य राज्यो में बसने वाले गुजराती और गुजराती संगठनो को गुजरात की विकास यात्रा में शामिल करने के लिए प्रति वर्ष ७ जनवरी से ९ जनवरी को दौरान प्रवासी भारतीय दिवस मनाया जाता है । जिस में अनिवासी भारतीय और खास करके अनिवासी गुजराती  राज्य की विकास यात्रा में किस तरह अ□ना योगदान दे सके उस उद्देश्य से माननीय मुख्यमंत्रीश्री के स्तर □र सफल चर्चा गोष्ठी का

आयोजन होता है। प्रत्येक दूसरे वर्ष गुजराती □रिवार महोत्सव का आयोजन किया जाता है । इस वर्ष अहमदाबाद में रिवरफ्रन्ट □र आयोजित सफल संमेलन इसका उदाहरण हैं ।

देश के अन्य ९ राज्यो में गुजराती □रिवार ब□ी संख्यामें बसते हे । उनके साथ सं□र्क सेतु स्था□ित करने के लिए मंत्रीश्रीओं के नेतृत्व में वरिष्ट प्रतिनिधि मं□ळ द्वारा यात्राओं का आयोजन राज्य सरकारने □हली बार किया था । जिसको व्या□क प्रतिभाव मिला था ।

**खेल कूद**

राज्य की भावि युवा □ीढ़ी में राष्ट्रीयता की भावना चरितार्थ हो तथा प्राचीन विरासत के साथ साथ उनके चरित्र का निर्माण हो इस उद्देश्य से मेरी सरकार ने शृंखलाबद्ध प्रयास शुरू किए है।

- ५१ राष्ट्रीय स्तर की स्कूली स□र्धाओं में गुजरात राज्य ने अब तक १४२ मे□ल्स प्राप्त किए है।
- राष्ट्रीय स्तर की स्कूली स□र्धाओं में मात्र गुजरात ही एक ऐसा राज्य है जो सभी राज्य के विजेता खिला□ियों को मे□ल्स और सर्टीफिकेट के अलावा नकद □रस्कार से भी प्रोत्साहित करता है ।
- दिनांक ६,७ सितम्बर- २००५ के दिन तरणेतर में और ११, १२ ओक्टोबर - २००५ के दिन देवग□बारिया में द्वितीय ग्रामीण ओलम्पि□कस का आयोजन
- खेलकूद के क्षेत्र में विशिष्ट सिध्धि प्राप्त करनेवाले राज्य के २३ खेलवीरों को खास एवॉर्□ के रू□ में. **७. ६१** लाख रू. दिये गए। राज्य सरकार के द्वारा □हली बार इन एवॉर्□ का वितरण किया गया है।
- राज्य की **३१६३** महिला खिला□ियों को **१,३४,१०,०००** रू .की रकम महिला स्कोलरशी□ के तौर □र चुकाई गई है । आगामी ८ मार्च को विश्व महिला दिन के निमित्त **१०००** से भी अधिक महिला खिला□ियों को लगभग **५०** लाख रू. जितनी स्कोलरशी□ चुकाने का आयोजन है।
- तैराकी, स्केटींग , योगा, ज़ु□ो, जिम्नास्टीक्स, टेनीश, बे□मिन्टन , स्नुकर और बीलीयर्□ जैसे खेलों के लिए **१२** साल से कम आयु के बच्चो के लिए खास योजना का आरंभ । कुल **१३०२** जितने खिला□ियों ने हिस्सा लिया हुआ है ।

## कला एवम् संस्कृति

ज़िला □ुस्तकालय गांधीनगर को राजाराम मोहनराय लायब्रेरी फाउन्□शन, कलकत्ता द्वारा राष्ट्रीय स्तर की स□र्धा में २००५ के लिए □श्चिम ज़ोन में श्रेष्ठ ज़िला ग्रंथालय के रू□ में विजेता घोषित किया गया है । और रू. **५०, ०००** का नकद □ुरस्कार दिया गया है । जो गुजरात की सार्वजनिक ग्रंथालय प्रवृत्ति के इतिहास में एक चिरस्मरणीय और गौरव□ूर्ण घटना है।

व□नगर में तानारीरी समारोह ,मो□ेरा में उतरार्ध महोत्सव, संस्कृति कुंज में वसंतोत्सव,. रास गरबा महोत्सव, आदिवासी युवा महोत्सव, युवा उत्सव तथा संगीत नृत्य और नाट्य विषयक अनेक कलाप्रवृत्तिओं का समयबद्ध आयोजन करके राज्य में कला और सांस्कृतिक प्रवृत्तियों जीवंत बने इसके लिए मेरी सरकार प्रयत्नशील है। कलाकारों को प्रोत्साहन मिले इसलिए मेरी सरकार ने चित्रकला, शिल□कला, तस्वीर कला और ग्राफिक कला, के कलाकारों को राज्य से प्रदर्शन आयोजित करने के लिए आर्थिक सहाय की योजना, नाटक/ शास्त्रीय नृत्य कार्यक्रम प्रस्तुत करने के लिए आर्थिक सहाय की योजना, राज्य से बाहर और राज्य में विशिष्ट सांस्कृतिक कार्यक्रमों के लिये कलावृंदो को आर्थिक सहाय की योजना और सांस्कृतिक लोक विरासत की रक्षा , विकास के लिये सांस्कृतिक कार्यक्रमों की योजना इस तरह चार नयी योजनाएँ सन् २००५ के वर्ष से कार्यान्वित की है ।

## प्रवासन

प्रवासन क्रियाकला□ के द्वारा गुजरात की वैश्विक □हचान प्रस्था□ित करने, राज्य की सांस्कृतिक विरासत की अनभूति कराने की तथा प्रवासन प्रवृत्तिका व्या□क विकास करने के लिए मेरी सरकार ने सन् २००३ से २०१० तक की प्रवासन नीति घोषित की है और वर्ष २००६ को प्रवासन वर्ष के रू□ में मनाने की घोषणा हुई है ।

प्रवासन वर्ष के दौरान समग्र राज्य के ज़िलों तथा तालुको में आज तक उ□क्षित स्थानों को विकसित करने का महत्वाकांक्षी आयोजन किया है ।

आंतरराष्ट्रीय क्षेत्र में विचार एवं जानकारी का आदान-प्रदान हो सके इसलिए इन्टरप्रिटेशन सेन्टर और सुयोजित ढ़ांचे के विकास की कारवाई शुरू की गई है। व□नगर के विकास के लिए केन्द्र सरकार के द्वारा एशियन हेरिटेज टाउन की □रियोजना मंजूर करके कार्यान्वित की गई है। चां□ानेर को वर्ल्□ हेरिटेज एवो□ प्राप्त हुआ है ।

मेरी सरकार द्वारा सन् २००५ में गांधीनगर में आयोजित नवरात्रि महोत्सव के दौरान धार्मिक प्रवासन , वैद्यकीय हेतु, □र्यावरण, साहस आदि के लिए प्रवृत्तियाँ विकसित हो उसके लिए और ऐतिहासिक, □ौराणिक स्थानों के प्रवासन जैसे विषयों के लिए खास शामियाने खड़े किए थे । जिसने लोगों को आकर्षित किया था । शरदोत्सव कच्छ में मनाया गया जिसे लोगों द्वारा बहुत ही अच्छा प्रतिभाव मिला था । चालू वर्ष में आंतरराष्ट्रीय □तंगोत्सव अहमदाबाद में मनाया गया था ।

**२० मुद्दा कार्यक्रम**

२० मुद्दा कार्यक्रम में समाज की अधिकतम समस्याओं का समावेश किया गया है । २० मुद्दा कार्यक्रम के कार्यान्वयन में गुजरात ने वर्ष २००४-०५ दौरान समग्र राष्ट्र में **१००** प्रतिशत सिद्धि के साथ प्रथम क्रम प्राप्त किया था । राज्य □िछले चार सालों से देश में प्रथम स्थान □र रहा है ।

**वित्त आयोग**

११वे वित्त आयोग की सिफारिशों के अन्तर्गत वर्ष २००० से २००५ की अवधि दौरान वार्षिक **६९.९१** करो□ रू□ए अनुसार □ांच वर्ष के **३४८.५०** करो□ रू. की केन्द्रीय सहाय प्राप्त हुई थी । जिस में ज्योतिग्राम तथा ई-ग्राम योजना का समावेश किया गया था। १२ वें वित्त आयोग के अंतर्गत राज्य को हर साल **१८६. २०** करोड़ रू□ए मिलने योग्य है । जिन में से **३०** प्रतिशत जल आ□ूर्ति, **३०** प्रतिशत स्वच्छता और **४०** प्रतिशत अन्य कार्यो में खर्च किये जाएंगे ।

**राजस्व प्रशासन**

मेरी सरकार ने राज्य के सात नगर निगम विस्तार के **१९** सीटी सर्वे कार्यालयों के सं□त्ति का□ के कोम्प्युटराइजेशन की कार्यवाही शुरू करके **२.५०** लाख सं□त्ति का□ के कोम्प्युटराइजेशन की कारवाही □ूर्ण की है तथा सात म्युनिसि□ल को□रेशन के विस्तारों में **२५** सब रजिस्ट्रार कार्यालयों के कोम्प्युटराइजेशन द्वारा रजिस्ट्रेशन की कार्य□द्धति सरल, त्वरित और □ारदर्शक बनाई है । इस योजना के कार्यान्वयन से सं□त्ति का रजिस्ट्रेशन गतिशील बना है और आवेदक को उसकी नकल तुरन्त ही उ□लब्ध होती है ।

**राहत कार्य**

आ□ जानते है कि गुजरात राज्य में वर्ष २००५ में अतिवृष्टि हुई थी । मध्य गुजरात और दक्षिण गुजरात के ज़िलों और खास कर के दक्षिण में अधिक इलाके प्रभावित हुए थे । राज्य के **१४** जिलों के **८०** तालुकाओं मे कुल मिलाकर **२०५६** गाँवों में भारी बारिश या बा□ से हानि हुई थी । इससे राज्य सरकार को कुल **८११०.८४** करो□ जितने नुकसान का आकलन किया गया था । राज्य सरकार ने त्वरित कदम उठाते हुए प्रभावित इलाकों में मृत्यु राहत,. केश □ोल्स, मकान सहाय, घर चीज़ ६ वस्तु सहाय आदि के लिए कुल **१३०.११** करोड़ रू□ए चुकाए थे तथा मार्ग और मकान विभाग, ऊर्जा और □ट्रोकेमिकल्स विभाग, कृषि विभाग और शहरी विकास विभाग से संबंधित कामो के लिये **४१५.२६** करोड़ रू□ए आबंटित किए गये थे ।

□िजास्टर मेनेजमेन्ट क्षेत्र में गुजरात भूकं□ □ुनःवसन कार्यक्रम के अलावा आ□त्ति निवारण व्यवस्था□क के लिए विश्व के मानव समाज के लिए राहबर बन रहा है । □िजास्टर मेनेजमेन्ट के लिए अनुसंधान विकास की कार्यप्रणाली में भी गुजरात आगे ब□ रहा है ।

## सुनामी प्रभावित राज्यों को सहाय

साउथ इस्ट एशिया में □िसेम्बर २००४ में आए सुनामी में मेरी सरकार ने देश में □हल कर के प्रभावित राज्य को मुख्य मंत्री राहत कोश में से **१०** करोड़ रू□ए की वित्तीय सहाय घोषित की थी । जिस में से तमिलना□ु को □ांच करोड़ रू□ए, आंदामान-निकोबार को **२** करोड़ रू□ए तथा □ां□िचेरी, आंध्र प्रदेश और उ□िसा को एक एक करो□ रू□ए आबंटित किये गये थे । इसके अलावा राज्य सरकार ने सुनामी से भयंकर रू□ से प्रभावित आंदामान और निकोबार में **१०** हेम रे□ियो ओ□रेटर की टीम भेज कर संचार व्यवहार के □ुनः स्था□न में और **६७** ला□त्ता हुए व्यक्तियों को खोज निकालने में मदद की थी ।

## नशाबंदी

गुजरात राज्य सं□ूर्णतः नशाबंदी की नीति के प्रति समर्□ित है । नशाबंदी की नीति के कारण राज्य में सामान्य रू□ से कानून और व्यवस्था की □रिस्थिति में और समाज के कमज़ोर वर्ग की जीवन शैली में सुधार देखने मिलता है । और राज्य में औद्योगिक शांति भी बनी हुई है। जिसके कारण ब□ □ैमाने □र अलग अलग प्रकार के उद्योगो की स्था□ना के लिये □ूंजी निवेशक आकर्षित होते है । इसलिए मेरी सरकार भी

नशाबंदी की नीति का सुचारू अमल करने के लिए कटिबद्ध है । सन २००५ के वर्ष में **९५९८९** मामले दर्ज करके **९८७४४** अभियुकतों की गिरफतारी करके रू□ये ६२ करो□ से भी अधिक कीमत का मुद्दामाल जब्त कीया है ।

## सूचना और प्रसारण

तीव्र गति से बदल रहे इस टेकनोलोजी के युग में लोगों को सूचना, प्रचार और अद्यतन मनोरंजन के साथ वैश्विक सुचनाएं मिल रहे इस हेतु से समूह दर्शन योजना के अंतर्गत आदिजाति इलाकों में और अनुसूचित जाति की आबादी वाले गाँवो में निर्वाह की सेवा के साथ □िसेम्बर २००५ तक आदिजाति इलाको में **१२२** , खास अंगभूत योजना के अंतर्गत **२८** और अन्य इलाकों मे **६२** कलर टी.वी. रखे गये हैं । सूचनाप्रसारण की प्रवृत्ति को अद्यतन टेकनोलोजी से सुसज्जित किया गया है ।

## मनोरंजन

राज्य की जनता को उच्च स्तर का मनोरंजन कम दर में उ□लब्ध हो इस आशय से मनोरंजन कर □ाँचे में सरलीकरण करके टेक्ष की गिनती ग्रोस के बजाए नेट □र की जाती है । □रिणाम स्वरू□ कर का बोज़ हलका होता है । गुजराती रंगीन चलचित्रों के निर्माण में गति आऐ और उच्च कवोलिटी के तथा अच्छी कथावस्तु वाले गुजराती चलचित्रों के निर्माण को प्रोत्साहन मिले इस हेतु से गुजराती चलचित्रो को सं□ूर्ण कर मुकित दी गई है । तथा ज्यादा से ज्यादा गुजराती चलचित्रों का निर्माण हो उसके लिए निर्माताओं को प्रति फिल्म □ांच लाख की सहाय दी जाती है। चालु वर्ष के दौरान □िसेम्बर तक **१५** निर्माताओं को सहाय चुकाइ गई है ।

## वैधानिक और संसदीय मामले

मेरी सरकार इस सत्र में बज़ट के वैधानिक कामकाज के अलावा निम्नलिखित वैधानिक कामकाज गृह के विचार के लिए रखना चाहती है ।

(१) गुजरात गन्ना के ऊ□र खरीद कर (संशोधन और मान्य ठहराने विषयक) विधेयक २००६

(२) गुजरात मूल्य वर्द्धित - कर (संशोधन) विधेयक - २००६

(३) गुजरात मोटर स्□िरिट उ□कर (संशोधन) विधेयक २००६

(४) गुजरात के स्थानीय इलाको में निर्दिष्ट सामग्री के प्रवेश □र कर (संशोधन) विधेयक -२००६

(૫) मुंबइ □ुलिस (गुजरात सुधारा और स्वीकृति संबंधी ) विधेयक २००६
(૬) गुजरात के अधिनियम रद्द करने विषयक विधेयक - २००६
(૭) गुजरात सिनेमा (नियमन) (संशोधन) विधेयक - २००६
(૮) गुजरात खादी और ग्रामोद्योग विधेयक - २००६
(૯) गुजरात कोठार विधेयक- २००६
(૧૦) गुजरात शैक्षणिक संस्था सेवा ट्रिब्युनल विधेयक - २००६
(૧૧) गुजरात विवाह □ंजीकरण विधेयक - २००६
(૧૨) गुजरात आकस्मिक चिकित्सा सेवा विधेयक - २००६
(૧૩) गुजरात व्यवसायी ईंजिनियर विधेयक -२००६

**उ□संहार**

गुजरात की सर्वांगीण विकासयात्रा सही दिशामें आगे ब□ रही है। लोक सहभागिता से विकास की तेज़ गति को नया सशकत □रिमाण मिला है। आधुनिक गुजरात के निर्माण में टेकनोलोजी का महत्तम विनियोग हो रहा है। वैश्विक विकास के □रिप्रेक्ष में तथा 21 वीं सदी की वैश्विक चुनौतीओं को देखते हुए गुजरातने विकास और प्रशासन की नयी दिशा अ□नायी है। भारत के विकास के लिए गुजरात का विकास मंत्रङ सार्थक करने के लिए समग्र समाज को जोड़ कर जन विश्वास, जन समर्थन तथा जन सहभागिता से गुजरात, विश्व स्तर के विकास के मानदं□ मूर्तिमंत करने के लिए सम्यक एवम् सर्वागीण प्रगति की कूच कर रहा है। एक एक गुजराती गौरव से गुजराती होने का स्वाभिमान ले सके और गुजरात एक गौरव□ूर्ण राज्य के रू□ में वैश्विक □हेचान प्राप्त करे एसी आ□ सब की इच्छा है तब आ□ सब भी राज्य के हितैषी बनकर लोकशाही शासन व्यवस्था सार्थक बने और लोक आकांक्षा की □ूर्ति होने □ाये इसलिए जनता को सुशासन की अनुभूति कराने की इस सदन की उच्च संसदीय □रं□रा तथा उसकी गरिमा बनाये रखकर आ□ सब अ□ना श्रेष्टतम योगदान देंगे और चर्चाओ में गरिमा□ूर्ण भाग लेंगे ऐसी आशा के साथ आ□ सबको शुभ कामनाए देता हूँ ।

**जय हिन्द**

**जय जय गरवी गुजरात**

**શ્રી નવલકિશોર શર્મા (નામદાર રાજયપાલશ્રી) :** અધ્યક્ષ મહોદય તથા આ સભાગૃહના માનવંતા સભ્યશ્રીઓ,
અગિયારમી વિધાનસભાના અંદાજપત્ર સત્રના મંગળ પ્રારંભે આપ સૌનું સ્વાગત કરીને પૂજ્ય ગાંધીજી, સરદાર વલ્લભભાઇ પટેલ અને પૂ.રવિશંકર મહારાજના ઉચ્ચ આદર્શો અને મૂલ્યોના પ્રતીક સમી ગુજરાતની સંસદીય સંસ્કૃતિની ઉચ્ચ પ્રણાલિકાની પ્રતીતિ કરાવતા આ સભાગૃહને બીજી વખત સંબોધવાનો આ અવસર મારા માટે અનેરા આનંદનો અવસર છે.

આ નવમા સત્રમાં ૨૦૦૬-૨૦૦૭ ના વર્ષ માટેનું અંદાજપત્ર, ચાલુ વર્ષનું સુધારેલ અંદાજપત્ર અને તે માટેની પૂરક માંગણીઓ રજૂ કરવા તથા આ અંદાજપત્રીય દરખાસ્તોને આનુષાંગિક વૈધાનિક કામગીરી તેમજ અન્ય વિધેયકો તથા બીજી સંસદીય કાર્યવાહી માટે આ સત્ર બોલાવવામાં આવ્યું છે.

ગુજરાતની અને સરકારની ઓળખ ગાંધી વિચારધારા અને આ દેશની સંસ્કૃતિ સાથે જોડાયેલી છે. રાષ્ટ્રના બંધારણના આમુખમાં બંધારણના ઘડવૈયાઓએ આઝાદી મેળવી ત્યારે ગૌવંશ હત્યા બંધીનું જે વચન પ્રજાને આપ્યું હતું તે વચનને પરિપૂર્ણ કરવામાં મારી સરકારે ગત વર્ષમાં જે સફળતા ન્યાયીક જંગમાં પ્રાપ્ત કરી છે તે દેશ માટે દિશાસૂચક બની છે. ગૌ વંશ હત્યા બંધીના કાયદાને ગત વર્ષે સર્વોચ્ચ અદાલતની બંધારણીય બેંચે પણ મંજૂરીની મહોર મારી છે. મારી સરકારની ગૌવંશ હત્યા માટેની ન્યાયીક જોગવાઇને જે સફળતા પ્રાપ્ત થઇ છે તેને સમગ્ર દેશના અહિંસાના પૂજારીઓ અને સંસ્કૃતિના ચાહકોએ આવકારીને ગુજરાતની સરકારને અભિનંદન આપ્યા છે. રાજ્યના **૧૮૦૦૦** ગામડાઓએ ગ્રામસભાઓના માધ્યમથી ગૌવંશ હત્યા બંધીના ન્યાયીક જંગમાં મારી સરકારને મળેલી સફળતાને વધાવી લીધી છે.

મારી સરકારની એક એવી ઓળખ બની છે કે તેના પ્રત્યેક કાર્યો લોકભાગીદારીવાળા નવીનતા અને વિવિધતાસભર લોકકલ્યાણની ભાવનાવાળા અને વંચિતો પ્રત્યે કરૂણા નહીં કર્તવ્યની ભાવનાવાળા રહયા છે. ગુજરાતની સમગ્ર પ્રજાના બધા જ વર્ગોને ગુજરાતના વિકાસના બાગમાં પોતે રોપેલા છોડ ઉપર સફળતાના ફૂલ આવ્યા છે એવી પ્રતીતિ થઇ રહી છે.

રાજ્યના વિવિધ વિભાગોએ"સ્વાન્તઃ સુખાય" ની મનોભાવનાથી જે રાજ્ય વ્યવસ્થા ગોઠવી છે તેમાં કર્મચારી કર્મયોગી બનીને ગુજરાતના લોકકલ્યાણના યજ્ઞમાં જોડાયો છે. તેની પ્રતીતિ જુદા જુદા વિભાગોની સફળતા અને સિધ્ધિઓમાં જણાઇ આવે છે.

મારી સરકારના આ અભિગમના કારણે ગુજરાતના પ્રત્યેક નાગરિકને અનુભવ થઇ રહયો છે કે આ સરકારના અમે ભાગીદાર છીએ. પ્રત્યેક નાગરિકને આ સરકારની પારદર્શકતા માટે ગૌરવ છે અને તેના પરિણામે જ રાજ્ય સરકારની સમગ્ર સિધ્ધિઓ રાજયની ૫ કરોડની જનતા, **૫ લાખ** કર્મયોગીઓ, અધિકારીઓ અને પદાધિકારીઓના સહિયારા પ્રયાસોનું પરિણામ છે. સને ૨૦૦૬-૦૭ ના આગામી વર્ષના અંદાજપત્ર અંગે આપ સૌ ચર્ચા કરવાના છો ત્યારે ગત વર્ષની સિધ્ધિઓને આપની સમક્ષ મૂકવાની એક તક લઉં છું.

**કૃષિ બન્યો મહોત્સવ**

ગુજરાતની ઓળખ ઉત્સવો છે અને ગુજરાતની સાંસ્કૃતિક પરંપરા પોતાના પ્રત્યેક કાર્યને ઉત્સવની સાથે જોડે છે. વર્ષો પછી મારી આ સરકારે અખાત્રીજના દિવસથી દેશના સૌ પ્રથમ કૃષિ મહોત્સવના શ્રી ગણેશ કરવા વહીવટી તંત્રના તમામ વિભાગો સુંદર સંકલન કરીને ગુજરાતમાં ૨૧મી સદીની બીજી હરિયાળી ક્રાંતિની શરૂઆત ગત વર્ષમાં કરી છે અને રાજ્યના પ્રત્યેક ખેડૂતોનાં ઘર આંગણે જઇને **૭૫૦** થી વધુ વૈજ્ઞાનિકો, સમાજ સેવકો અને ગ્રામીણ વિકાસના જ્ઞાતાઓએ શાસનના વ્યવસ્થાપકોના સહિયારા પરિશ્રમથી, કૃષિ મહોત્સવની સફળતાનો સાક્ષાત્કાર રાજ્યના ખેડૂતોથી માંડીને કૃષિ અર્થતંત્રના નિષ્ણાતોને અને સમગ્ર દેશને કરાવ્યો છે.

ગઇકાલ સુધી ગુજરાતનો ખેડૂત દુષ્કાળની આપત્તિથી પીડાતો હતો. જળ સિંચન અને ટપક સિંચાઇ પધ્ધતિ જેવી વૈજ્ઞાનિક કૃષિ પધ્ધતિ અપનાવીને રાજ્યના ખેડૂતોની આવક ૫ વર્ષમાં બમણી કરવાની કૃષિ આધારિત અર્થનીતિનું આયોજન કર્યું છે.

આ કૃષિ આધારિત અર્થનીતિના વ્યૂહાત્મક આયોજનના ક્રાંતિકારી પગલાં અને કૃષિ મહોત્સવ ૨૦૦૫ ની સફળ સિધ્ધિઓ આ પ્રમાણે છે.

- જમીનની વૈજ્ઞાનિક ચકાસણી કરીને સોઇલ હેલ્થ કાર્ડ **૧૨.૨૮** લાખથી વધારે કિસાનોને વિતરીત કર્યા છે.
- **૭૫૦** જેટલા કૃષિ વિજ્ઞાનીઓને લેબોરેટરીમાંથી બહાર લાવીને લેબ ટુ લેન્ડ કાર્યક્રમ ધ્વારા ખેતરો સુધી લઇ જઇ કિસાનોને વૈજ્ઞાનિક ખેતી માટે પ્રેરિત કર્યા છે.

- ભૂ-ભાગની વિશેષતા આધારિત ચાર સ્વતંત્ર કૃષિ યુનિવર્સિટીઓ કાર્યરત કરી તેને વિવિધ પાકો માટે સેન્ટર ઓફ એક્સેલન્સ બનાવ્યા.

- "જળ સંચય" ની લોકભાગીદારી ક્રાંતિ સર્જીને હવે "જળ સિંચન" માટે ટપક સિંચાઇની પધ્ધતિથી પાકને પાણી પાવા માટે **રૂા.૧૫૦૦ કરોડ**ના મૂડીરોકાણથી ગુજરાત ગ્રીન રીવોલ્યૂશન કંપની કાર્યરત કરી છે. જેમાં **૫૦** ટકા સબસીડી અને **૪૫** ટકા ઓછા વ્યાજની ધિરાણ સવલત કિસાનોને આપી છે.

- કૃષિ, બાગાયત અને પશુપાલનની મળીને કુલ : **૨,૭૧,૮૯૫** કિટની નાના અને સીમાંત ખેડૂતોને વહેંચણી કરી છે.

- **૧,૫૪,૮૨૦** કિસાન ક્રેડિટ કાર્ડની વહેંચણી અને તે દ્વારા સરળ ધિરાણની વ્યવસ્થા કરી છે.

- કિસાન શિબિર મારફતે **૨૮,૨૪,૯૭૧** ખેડૂતોને આધુનિક કૃષિ પધ્ધતિ અંગે માર્ગદર્શન આપેલ છે.

આ વ્યૂહાત્મક કૃષિ વિકાસના પગલે, રાજ્યમાં અગાઉના વર્ષોનું કૃષિ ઉત્પાદન **રૂા. ૯૦૦૦ કરોડ** હતું તે વધીને આ વર્ષે **રૂા. ૨૫,૦૦૦ કરોડ**ના વિક્રમ સર્જક આંક ઉપર પહોંચનાર છે. અગાઉના વર્ષોમાં **૯૫ લાખ** હેકટરના વિસ્તારમાં ખરીફ અને રવિ પાકોનું એકંદર વાવેતર થતું હતું. તે વધીને આ વર્ષે **૧૧૨ લાખ** હેકટર વિસ્તારને આવરીને અભૂતપૂર્વ વધારો દર્શાવે છે.

રાજ્યના સરેરાશ ઉત્પાદન અને મૂલ્ય ઉપાર્જનની વાત કરીએ તો ગત વર્ષે કૃષિ ઉત્પાદનમાં **૩૮.૮૮ લાખ** મેટ્રિક ટનના વધારા સાથે **રૂા. ૪૭૨૮ કરોડ**નો વધારો થયો હતો તેની સામે ચાલુ વર્ષે **૭૯.૬૧ લાખ** મેટ્રિક ટનના વધારા સાથે રૂા.૧૧૪૬૨ ક્રોડનો વધારો થવાનો અંદાજ છે.

આંધપ્રદેશ સરકારના અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર બ્યુરો નિયામક ધ્વારા જુલાઇ ૨૦૦૫ માં મુખ્ય રાજ્યોના કુલ ઘરેલું ઉત્પાદનની સરખામણી દર્શાવતો જે અહેવાલ પ્રસિધ્ધ કરાયો છે તે અનુસાર ગુજરાત રાજ્યનો સને ૨૦૦૧-૨૦૦૨ થી શરૂ કરીને સતત ત્રણ વર્ષ માટે સરેરાશ કૃષિ વિકાસ દર **૧૧.૧** ટકા છે. જે દેશના મુખ્ય રાજ્યોની સરખામણીમાં સૌથી વધારે છે. જે આપણા સૌના માટે ગૌરવની વાત છે.

રાજ્ય સરકારે મૂલ્ય વર્ધિત કૃષિ ઉત્પાદનો અને નિકાસલક્ષી કૃષિ પાક પધ્ધતિ માટે કિસાનોને પ્રેરિત કરીને મબલક પાકના મહત્તમ લાભ સમૃધ્ધ વળતર રૂપે મળે તે દિશામાં પ્રોત્સાહક પગલાં લીધાં છે. પહેલીવાર સુરેન્દ્રનગરનો કપાસ ખરીદવા ચીન પણ ભારતીય બજારમાં આવીને ઉભું છે. કોટન માટેની ઉત્પાદન ક્ષમતા **રૂા.૧૦,૦૦૦** ક્રોડની ઊંચાઇ વટાવી ગયેલ છે અને ફાઇવ-એફ ફોર્મ્યુલા (ફાર્મ ટુ ફેબ્રીક, ફેબ્રીક ટુ ફાઇબર, ફાઇબર ટુ ફેશન, ફેશન ટુ ફોરેન)થી મૂલ્યવર્ધિત કપાસની કૃષિ ક્રાંતિ કિસાનોને વિશ્વ બજારમાં સમૃધ્ધ નિકાસકાર રૂપે ગૌરવ અપાવશે.

**ડેરી વિકાસ**

ડેરી ક્ષેત્રે નોંધ લેવા યોગ્ય છે કે છેલ્લા કેટલાય વર્ષોથી બંધ પડેલી સૌરાષ્ટ્રની ડેરીઓને નવજીવન આપવાની શરૂઆત મારી સરકારે કરી છે અને તેના ભાગરૂપે સૌ પ્રથમ જુનાગઢ ડેરી રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડ (એન.ડી.ડી.બી.) ના સહયોગથી પુનઃ શરૂ કરી છે જેની સૌરાષ્ટ્રના સમગ્ર અર્થતંત્ર ઉપર ખૂબ સારી અસર થશે.

**કિસાન ક્રેડિટ કાર્ડ**

કિસાન ક્રેડીટ કાર્ડ ખેડૂતોમાં ખૂબ જ લોકપ્રિય બનેલ છે. અત્યાર સુધી **૧૯.૭૨ લાખ** ખેડૂતોને ક્રેડીટ કાર્ડ આપવામાં આવેલ છે.

રાજ્યના ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ ખેડૂતોને અકસ્માત મૃત્યુ માટે **રૂા.૧ લાખ** સુધી વિમાનું રક્ષણ રાજ્ય સરકારે આપ્યું છે.

**જળ એ જ જીવન - વિકાસ પરિબળ**

મારી સરકારનો એ ખ્યાલ સ્પષ્ટ છે કે કૃષિ ક્ષેત્રમાં સિધ્ધિઓ હાંસલ કરવી હોય તો તેના પાયામાં દિર્ઘદ્રષ્ટિથી કરવામાં આવેલ જળ વ્યવસ્થાપનનો ફાળો અનિવાર્ય છે અને તેથી જ કૃષિ ક્ષેત્રે જળ વ્યવસ્થાપનનો સર્વગ્રાહી અભિગમ આ સરકારે અપનાવ્યો છે.

**રાજ્યની જીવાદોરી - સરદાર સરોવર**

સરદાર સરોવર નર્મદા પ્રોજેકટથી દુષ્કાળનો ભોગ બનતાં ગુજરાતના અનેક વિસ્તારોમાં નર્મદાના પાણી પહોંચ્યા છે. એટલું જ નહીં આ બહુહેતુક પ્રોજેકટના સહભાગી મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને ગુજરાત માટે કેનાલ હેડ પાવર હાઉસના **૫૦** મેગાવોટના એક એવા પાંચેય એકમો કાર્યાન્વિત કરીને ઓગષ્ટ-૨૦૦૪થી વીજ ઉત્પાદન શરુ કર્યું છે. જ્યારે **૨૦૦** મેગાવોટની ક્ષમતાવાળા ભૂગર્ભ જળ વિદ્યુત મથકના ૪ એકમો શરુ કરી દીધા છે. આમ નર્મદાના ધોધમાંથી **૧૦૫૦** મેગાવોટની કુલ વીજ ક્ષમતા હાંસલ કરી છે. ડીસેમ્બર-૦૫ ના અંતે **૧૮૬.૩૪ કરોડ** યુનિટો વીજળી ઉત્પન્ન થઇ છે.

આની સાથોસાથે કેનાલના કામો ઝડપભેર ચાલી રહયા છે. **૩૫૭** કિ.મિ. સુધીની મુખ્ય નહેર પૂર્ણ થઇ છે. રાજસ્થાન સીમા સુધીનું નહેરનું કાર્ય પ્રગતિમાં છે. આ યોજનાથી **૪,૮૯,૦૦૦** હેકટર વિસ્તારમાં પિયતના કામો ચાલી રહયા છે અને ક્સિાનોને જળ વિતરણના અધિકારો સોંપીને સીધા ભાગીદાર બનાવી ક્સિાન જળ વિતરણ મંડળીઓ રચવાની દિશામાં ફળદાયી કામગીરી થઇ રહી છે.

**નર્મદા-સરસ્વતી મહાસંગમ અને સુજલામ સુફલામ**

સમગ્ર દેશમાં નદીઓના જોડાણની રિવર ગ્રીડની કલ્પના સાકાર કરનારુ ગુજરાત એક માત્ર રાજય બન્યું છે. સાબરમતી અને મહી નદીમાં નર્મદાનો જળાભિષેક કર્યા બાદ સિધ્ધપુર પાસે નર્મદા-સરસ્વતી મહાસંગમનું એતિહાસિક કાર્ય સંપન્ન થતાં સૂકી સરસ્વતી નર્મદાના નીરથી નવપલ્લવિત થઇ છે. આ વિરાટ કાર્યના પગલે ચેકડેમ બનતાં ભૂગર્ભ રિચાર્જ થયા છે અને કૃષિ ઉત્પાદન વધ્યું છે. નર્મદાની વધારાની જળરાશિને સોરાષ્ટ્રની **૧૭** નદીઓ અને જળાશયોમાં ભરવાની **રૂા. ૫૧૫ કરોડ**ની યોજનાને સેધાંતિક મંજૂરી આપી છે. આ **૧૭** નદીઓ ઉપર મોટા ચેકડેમોનું નિર્માણ થઇ રહયું છે. જેમાં **૯૧** ચેકડેમો પ્રગતિ હેઠળ છે. વધુ **૧૬** ચેકડેમોના ટેન્ડર કાર્યવાહીમાં છે.

ઉત્તર ગુજરાતના ૯ મુખ્ય જળાશયો નર્મદાના વધારાના જળ આધારિત ઉદવહન પાઇપલાઇન ધ્વારા ભરવામાં આવનાર છે. જેમા ધરોઇ જળાશય સંબંધિત પીયજથી ધરોઇ પાઇપલાઇન પૂર્ણ થઇ જતાં **૧૧,૦૦૦** હેક્ટર જમીનને સિંચાઇનું પાણી તથા **૧૦૮** ગામો અને નગરોને પીવાનું શુધ્ધ પાણી મળી રહયું છે. બોરસમ- સરસ્વતી પાઇપલાઇન પ્રોજેકટ પણ પૂરો થઇ ગયો છે. જ્યારે હાથમતી-ગૂહાઇ અને મોઢેરા- ધરોઇ પાઇપલાઇનની યોજનાઓ ગતિમાં છે. સુજલામ સુફલામની સ્પ્રેડીંગ કેનાલ અને નર્મદા મુખ્ય કેનાલ વચ્ચેની નદીઓ ઉપર **૨૨૯** ચેકડેમોના નિર્માણ આયોજન પેકી ૬૯ ચેકડેમો પૂરા થઇ ગયા છે. જ્યારે બીજા **૭૦** ચેકડેમોના કામો ઝડપથી આગળ વધી રહયા છે. જળસંપત્તિ વિભાગના **રૂા. ૪૨૯૧ કરોડ** અને પાણી પુરવઠા પ્રભાગ માટે **રૂા.૧૯૪૬ કરોડ** મળીને સુજલામ સુફલામ યોજના ધ્વારા **૪.૫૦ લાખ** હેકટર સૂકી જમીનને ભૂગર્ભ જળ રિચાર્જ થવાથી સિંચાઇની સવલતો પ્રાપ્ત થશે.

**પીવાનું પાણી**

રાજયના ભૂસ્તર સ્રોત આધારિત પીવાનું પાણી પુરુપાડવા માટે માળખાકીય સુવિધા તેયાર કરવામાં આવી છે. ભૂગર્ભ જળ આધારિત યોજનાઓમાં સ્રોત નિષ્ફળ જવાના તથા ગુણવત્તાના પ્રોના કાયમી નિવારણ માટે સરદાર સરોવર કેનાલ આધારિત પાણી પુરવઠા યોજના સુજલામ સુફલામ યોજના અને રાજ્યમાં આવેલ જળાશયો આધારીત યોજનાઓની રાજ્ય વ્યાપી પાઇપ લાઇન નાંખી મારી સરકાર દ્વારા સરાહનીય કામગીરી કરવામાં આવેલ છે. પાણી પુરવઠા યોજના માટેની આંતર માળખાળખાકીય સુવિધા ઉભી કરવામાં **રૂા.૪૮ કરોડ**થી વધારે રકમનું રોકાણ કરવામાં આવેલ છે. જે અન્વયે અત્યાર સુધીમાં રાજ્યના **૫૦** ટકાથી પણ વધારે લોકોને પાણી પુરવઠો ઉપલબ્ધ કર્યો છે અને આ મહત્વાકાંક્ષી યોજનાઓ પૂરી થતાં ૭૫ ટકા ઉપરાંત લોકોને પાણી પુરવઠા ઉપલબ્ધ કરાવવામાં આવશે. મારી સરકાર દ્વારા સમગ્ર કાર્ય યોજના (સીએપી) અંતર્ગત પાણીની અછત સ્રોતના અભાવ ધરાવતા **૮૨૪૩** ગામ/ પરાને આવરી લેવામાં આવેલ છે. રાજ્યમાં કુલ **૧,૫૪,૧૬૪** હેન્ડપંપ દ્વારા પાણી પુરવઠો આપવામાં આવે છે, જેના દ્વારા મુખ્યત્વે આદિજાતી વિસ્તારની વસતી પાણી મેળવે છે.

પંચાયત રાજ સંસ્થાને મજબુત કરી સ્થાનિક સ્વરાજ્યના ક્ષેત્રે ગુજરાતે આગવી પહેલ બતાવેલ છે ત્યારે સ્થાનિક પાણી પુરવઠા માટે સુધારાની પ્રક્રિયા હાથ ધરી પ્રજાને ગામોની અંદર તથા ઘરો સુધી પાણી પુરવઠા માટે માળખાકીય સુવિધા મારફત યોજનાનું અમલીકરણ અને નિભાવ થાય તે હેતુથી સ્થાનિક સંસ્થાગત વિકાસ માટે સારો પ્રયાસ કરવામાં આવેલ છે.

શહેરી ક્ષેત્રમાં અમૃતધારા પાણી પુરવઠા પ્રોજેકટ માટે શહેરી વિકાસ વર્ષમાં ખાસ **રૂા. ૪૭ કરોડ**ના ખર્ચે કામો હાથ ધર્યા છે. આમ રાજ્યના પાણીની અછત દૂર કરવાના દૂરોગામી આયોજનથી સ્થાનિક સ્વરાજના ક્ષેત્રે મારી સરકારે આગવી કામગીરી કરીને છેવાડાના માનવીને પાણી માટે વેઠવી પડતી મુશ્કેલીના નિવારણ માટે માળખાગત સુવિધાઓ ઉભી કરવાની જે પહેલ કરેલ છે તે નોંધપાત્ર છે.

**ચેકડેમ-બોરીબંધ**

રાજ્યમાં કિસાનોને પ્રજાકીય ભાગીદારી પ્રેરિત કરીને **૧ લાખ**થી વધારે ચેકડેમો અને બોરીબંધ તથા **૧.૬૭ લાખ** ખેતતલાવડીઓ બનાવી છે. **૨૮૦** જેટલા મોટા ચેકડેમો મોટી નદીઓ ઉપર બાંધ્યા છે. આ ઉપરાંત ઓદ્યોગિક ગૃહો અને સ્વૈચ્છિક સંસ્થાઓની ભાગીદારીથી **૩૦૦** મોટા ચેકડેમોનું નિર્માણ હાથ ધર્યું છે. ચેકડેમ શક્ય ન હોય ત્યાં **૧૫૦૦** થી વધારે તળાવો ઊંડા કરીને જળ સિંચાઇની સુવિધા આપી છે.

**ગ્રામ વિકાસ - સ્વરનિર્ભતા તરફ મંડાણ**

મારી સરકાર માને છે કે વર્ષોથી વિકાસના સાચાં ફળ જ્યાં પહોચ્યા ન હોય તેવા ગામડા માત્ર શહેરીકરણની દોટના કારણે નિષ્પ્રાણ બને તે પાલવે નહિં. ગુજરાતનું જનજીવન ગ્રામ્ય વિસ્તારોમાં ધબકી રહયું છે ત્યારે મહાત્મા ગાંધીજીનો "ગ્રામ રાજ્યથી રામ રાજ્યનો" સંકલ્પ મૂર્તિમંત કરવાની દિશામાં મારી સરકારે સંકલિત ગ્રામ વિકાસનો વ્યૂહ સફળતાપૂર્વક અમલમાં મૂક્યો છે. ગ્રામીણક્ષેત્રે માળખાકીય સુવિધાઓની ખૂટતી કડીની પૂર્તિ કરવા ઉપરાંત , ગ્રામજનોને વિકાસમાં ભાગીદાર બનવાનો અવસર અને પ્રેરણા પૂરી પાડવા, આધુનિક માળખાકીય સવલતો જનભાગીદારીથી ગતિશીલ ધોરણે ઉપલબ્ધ કરાવવી, ગ્રામ સમાજને શહેરો જેવી જ સુખાકારીની અનુભૂતિ કરાવવી., ગામડાની સામાજિક, આર્થિક અને શૈક્ષણિક ગતિવિધિઓમાં નવી જનચેતનાનો સંચાર કરવો વગેરે હેતુથી દેશમાં ક્રાંતિકારી ગણાય તેવી નવીનતમ યોજનાઓ કાર્યક્રમો અમલમાં મૂકવા પહેલ કરી છે. જેની સિધ્ધિદાયક રુપરેખા આપ સૌની સમક્ષ રજૂ કરું છું.

**શ્રમયોગી યોજના**

મારી સરકારે ગરીબીરેખાની નીચે જીવતાં શ્રમજીવી પરિવારોની જીવન સુધારણાનો સમયબધ્ધ કાર્યક્રમ શ્રમયોગી યોજના હેઠળ હાથ ધર્યો છે. દરેક ગામમાં સૌથી ગરીબ એવા પાંચ કુટુંબોને સુનિતિ સરકારી યોજનાના લાભો આપીને જીવન ઉત્કર્ષનો અવસર આપવામાં આવ્યો છે. આ યોજના હેઠળ ડીસે-૨૦૦૫ સુધીમાં **કુલ ૯૧૧૮૫** શ્રમયોગીઓને આવરી લીધા છે જેમને **કુલ ૪૧૯૫૨૭** ફળાઉ રોપાઓનું વિતરણ કરવામાં આવેલ છે. આ ઉપરાંત **૪૮૫૨૧** આવાસોની ફાળવણી કરવામાં આવેલ છે, **૨૧૮૩૦** શ્રમયોગીઓને કૌશલ્ય સુધારણાની તાલીમ આપવામાં આવેલ છે અને શ્રમયોગી પરિવારોના **૫૭૩૦૪** બાળકોને રસીકરણ કરાવેલ છે.

**ઇ-ગ્રામ યોજના**

વિશ્વના પ્રવાહો સાથે સેતુ બાંધવા ઇ- ગવર્નન્સ - જી-સ્વાન નેટવર્ક ધ્વારા ઇ-ગ્રામ વિશ્વગ્રામનો આદર્શ પૂર્ણ કરવા **૫૮૭૫** ગ્રામ પંચાયતોને કોમ્પ્યુટર્સ, તેને આનુષાંગિક સાધન સામગ્રી અને સોફ્ટવેર પૂરા પાડવામાં આવેલ છે. રાજકોટ જિલ્લાના સમગ્ર લોધિકા તાલુકાને આ પ્રોજેક્ટ હેઠળ આવરી લીધો છે.

**સમરસ ગામ**

મારી સરકાર ધ્વારા ગ્રામ પંચાયતની ચૂંટણી સર્વે સંમતિથી અને બિન હરીફ થઇ હોય તેવી **૩૭૯૪** ગ્રામ પંચાયતોને અત્યાર સુધી સમરસ જાહેર કરવામાં આવી છે.

**તીર્થ ગ્રામ યોજના**

આ યોજના અંતર્ગત ગામના લોકો વચ્ચે એક્તા અને કોમી એખલાસનું વાતાવરણ ધરાવતા **૩૯૧** ગામોને અત્યાર સુધીમાં તીર્થગ્રામ જાહેર કરવામાં આવેલ છે.

**પંચવટી યોજના**

ગ્રામ વિસ્તારના વરિષ્ઠ ગામજનો, બાળકો, મહિલાઓને હરવા-ફરવા અને આનંદ પ્રમોદની સુવિધા માટે બાગ-બગીચાનું સ્થળ પ્રાપ્ત કરાવવાના હેતુથી **૧૪૪** પંચવટી પૂર્ણ થયેલ છે. જ્યારે **૩૧૪** પંચવટીની કામગીરી ચાલુ છે.

**ગ્રામ સભા**

લોકશક્તિકરણ અને લોકભાગીદારીના પ્રતિક તરીકે હાથ ધરાતી ગ્રામસભાઓના અત્યાર સુધીમાં **૧૦** તબકકા પુર્ણ કરવામાં આવેલ છે જેમાં **૧,૭૧,૩૧૦** ગ્રામસભાઓમાં **૧,૩૯,૦૫,૫૦૮** ગ્રામજનોએ હાજરી આપેલ છે અને **૫૪.૫૫** ટકા પ્રશ્નોનો સ્થળ પર નિકાલ કરવામાં આવેલ છે જ્યારે કુલ પ્રશ્નોના ૯૪.૯૦ ટકા પ્રશ્નોનો અત્યાર સુધીમાં નિકાલ કરવામાં આવેલ છે. ગ્રામસભા ધ્વારા શ્રમયોગી યોજના, ઇન્દીરા આવાસ તેમજ સરદાર આવાસ યોજનાના ગરીબીરેખા હેઠળના લાભાર્થીઓની પસંદગી કરવામાં આવે છે.

**સરદાર પટેલ આવાસ યોજના**

સરદાર પટેલ આવાસ યોજના મારફત રાજ્યમાં ગૃહ નિર્માણની પ્રવૃત્તિ ધ્વારા ભૂમિહીન ખેતમજૂરો અને ગ્રામ્ય કારીગરોને મફત ઘરથાળનાં પ્લોટ પૂરા પાડયા છે. તેના પર **૧૦૦** ટકા સરકારી સહાયથી લાભાર્થીને સારી સવલતવાળાં પાકા મકાનની સુવિધા પૂરી પાડવા માટે યુનિટ કોસ્ટ **રૂા. ૪૩,૦૦૦** નકકી કરવામાં આવેલ છે. જેમાં **રૂા. ૩૬,૦૦૦** સરકારની સહાય અને **રૂા. ૭૦૦૦** લાભાર્થીશ્રમ ફાળા તરીકે નકકી કરવામાં આવેલ છે.

મારી સરકારે તાજેતરમાં આ યોજનામાં મહત્તમ ફેરફાર કરીને ધાબા અથવા મેંગલોરી નળિયાની છતવાળા મકાનો બનાવવાની મંજૂરી તથા ઇંટોના બદલે સીમેન્ટ હોલોબ્લોક તથા સ્ટેશન મેશનરી અને બેલાસ્ટોન વાપરવાની છૂટ આપી છે. મકાન લાભાર્થી પોતે પણ બાંધી શકે તેવી છૂટછાટ પણ આપી છે.

ચાલુ વર્ષે **૩૬૩૯૦** આવાસ બાંધવાના લક્ષ્યાંક સામે ડિસે.૦૫ અંતિત **૧૬૬૫૩** આવાસનું બાંધકામ પુર્ણ કરવામાં આવેલ છે જે પેકી **૧૮૩૧** અનુ.જાતિ અને. **૫૧૩૮** અનુ.જનજાતિના છે.

**ઇન્દિરા આવાસ યોજના**

મારી સરકારે ચાલુ વર્ષે ડીસે-૨૦૦૫ અંતિત નવા આવાસોમાં **રૂા. ૫૮૯૮.૨૭** લાખનો નાણાકીય ખર્ચ કરી **૨૧૫૫૮** આવાસો પૂર્ણ કરેલ છે. જ્યારે આવાસ સુધારણા હેઠળ **રૂા.૯૩૧.૫૦ લાખ**નો નાણાંકીય ખર્ચ કરી **૭૯૩૯** આવાસ સુધારણાના કામો પૂર્ણ કરેલ છે.

**ગોકુળ ગ્રામ યોજના**

ગામડાંઓની માળખાકીય સુવિધાની ખૂટતી કડી પૂરી કરવા માટે સરકારે શરૂ કરેલાં મહા અભિયાન અંતર્ગત આ વર્ષે ડિસેમ્બર-૨૦૦૫ સુધીમાં વધુ **૪૬૮** ગામોને સંપૂર્ણ ગોકુળ ગ્રામ તરીકે જાહેર કરવામાં આવ્યા છે. વળી જ્યાં ગામના પ્રત્યેક કુટુંબે ગામના વિકાસ માટે યથાશક્તિ ફાળો આપ્યો છે તેવાં **૧૧૯૨** જેટલાં ગામોને સમર્પિત ગામ તરીકે જાહેર કરવામાં આવનાર છે.

**સંપૂર્ણ ગ્રામીણ રોજગાર યોજના**

કેન્દ્ર પુરસ્કૃત તરીકે જાહેર થયેલ સંપૂર્ણ ગ્રામીણ રોજગાર યોજનાનો મુળ ઉદ્દેશ ગ્રામ વિસ્તારોમાં વધારાની વેતન રોજગારી પૂરી પાડવાનો, અન્ન સુરક્ષિતતા પૂરી પાડવાનો તથા પોષણ સ્તરને સુધારવાનો છે. આ યોજનાનું અમલીકરણ પંચાયતોના માધ્યમથી કરવામાં આવે છે. ચાલુ વર્ષે મારી સરકારે ડિસે-૨૦૦૫ અંતિત **રૂા. ૯૮૪૯.૪૦** લાખનું નાણાંકીય ખર્ચ અને **૬૧૧૨૪** મેટ્રિક ટન અનાજના જથ્થાનો વપરાશ કરી **૧૧૩.૨૭** લાખ માનવદિન રોજગારી ઊભી કરેલ છે.

**સ્વર્ણજયંતિ ગ્રામ સ્વરોજગાર યોજના**

મારી સરકારે આ યોજના હેઠળના **૬૦૩૬૪** જૂથો પેકી ચાલુ વર્ષે ડિસે-૦૫ સુધીમાં **૪૮૪૦** સ્વરોજગારી સ્વસહાય જૂથો આવરી લઇને **૧૯૨૧૯** કિસ્સામાં વ્યક્તિગત સ્વરોજગારી પૂરી પાડી છે. જે માટે સ્વસહાય જૂથોને **રૂા. ૭૨૨.૩૯ લાખ** લોન તથા **રૂા. ૩૬૯.૧૦ લાખ** તથા વ્યક્તિગત રોજગારી માટે **૩૦૪૪.૩૬ લાખ** લોન પેટે અને **રૂા.૧૪૨૮.૫૧ લાખ** સહાય પેટે ચૂકવ્યા છે.

**જ્યોતિગ્રામ યોજના**

સમગ્ર દેશમાં વીજળીની સમસ્યા વિકટ છે. દેશના કોઇ મોટા શહેરોમાં પણ ૨૪ કલાક વિના અંતરાયે વીજળી મળતી નથી જ્યારે ગુજરાતમાં શહેરોમાં ક્યાંય વીજળી કાપ મૂક્યો નથી. એટલું જ નહીં, જ્યોતિગ્રામ યોજનાએ તો સમગ્ર ગ્રામ્ય ક્ષેત્રમાં આર્થિક ક્રાંતિનો પ્રકાશ પાથરી દીધો છે. રાજ્યના કુલ **૧૮૦૨૭** ગામોમાં યુધ્ધના ધોરણે જ્યોતિગ્રામ કાર્યક્રમનો અમલ કરીને ગુજરાતની વિદ્યુત કંપનીઓના કર્મયોગી તંત્રએ દેશની ઉર્જા શક્તિની ક્રાંતિનો રાહ ચીંધ્યો છે. **૧૫૩૦૦** જેટલા ગામોમાં થ્રી ફેઇઝ ૨૪ કલાક વીજળી મળતી થઇ જતાં ગ્રામ જીવનમાં સામાજિક અને આર્થિક જીવનમાં ગુણાત્મક પરિવર્તનની નવી ચેતના ધબકતી થઇ છે જેણે ગ્રામ વિકાસ માટેની અનેક દિશાઓ એક સાથે ખોલી દીધી છે.

કૃષિ આધારિત ગ્રામ્ય અર્થતંત્રમાં વીજળીની ઉપલબ્ધીઓ ગામડાને ઉત્પાદકીય એકમ તરીકે રોજગારી, સ્વરોજગાર અને આર્થિક તાકાતનું બળ પૂરું પાડયું છે. અનેક પ્રકારના ધંધા વ્યવસાયો પુનઃજીવિત થયા છે. સૌરાષ્ટ્રના અનેક ગામો જ્યાંથી કુટુંબો હિજરત કરીને રોજી માટે હીરા ઉધોગમાં બીજે વસ્યા હતા તેઓની યુવા પેઢી પરત આવીને ગામડામાં જ હીરા ઉદ્યોગની સ્વરોજગારીમાં પ્રવૃત બન્યાના સેંકડો દાખલા જોવા મળે છે.

**ગામડાની આર્થિક ક્ષમતાનું નવું પરિબળ**

કૃષિ પાકોનું મૂલ્યવર્ધિત બજાર આમાંતર પણ કિસાનો માટે આવક વૃધ્ધિનો અવસર બન્યો છે. સંભવિતતા તો એવી છે કે બહુરાષ્ટ્રીય કંપનીઓ ગુજરાતના ગામડામાં ઝડપથી વધી રહેલી ખરીદ શક્તિને કારણે ઘરઘથ્થુ વપરાશના ઉત્પાદનોના બજાર તરીકે ગુજરાતના ગામડાઓ ઉપર મીટ માંડી રહયા છે. ત્યારે આ જ ગામડા બજાર એ નહીં પણ "" ઉત્પાદક એકમ"" તરીકેની આર્થિક શક્તિએ વિકસી રહયા છે. વૈશ્વિકરણના યુગમાં ગ્રામીણ આર્થિક ક્રાંતિ ધ્વારા ગામડાને સ્વરાજ્ય વિકાસ યાત્રામાં નેતૃત્વ માટે સક્ષમ બનાવીને રામ રાજ્યનો સંકલ્પ સાકાર કરવાની આ સરકારની નેમ છે. જેથી ગ્રામીણ અર્થતંત્ર સમૃધ્ધ બને. પરિણામે ગ્રામ સમાજનું સશક્તિકરણ થશે અને શહેરીકરણની વધતી જતી સમસ્યાનું નિવારણ કરી શકાશે. ગ્રામ ગરીબીના નિવારણ માટે સમૃધ્ધિનું સર્જન જ એક વિકલ્પ છે અને મારી સરકારે એ જ વિકલ્પ અપનાવ્યો છે.

**ઉર્જા વિકાસ**

ઉર્જા ક્ષેત્ર રાજ્યની આર્થિક અને સામાજીક પ્રગતિમાં નિર્ણાયક છે અને તેથી રાજ્ય સરકારે ઉર્જા સુધારણા ઉપર ધ્યાન કેન્દ્રિત કરીને હાઇટેક એક્સેલન્ટ એવોર્ડ મેળવ્યો છે. વર્ષ ૨૦૦૪-૦૫ માં રાજ્યની માથાદીઠ વીજ વપરાશ સી.ઇ.એ ધ્વારા સુધારેલ પધ્ધતિ મુજબ **૧૩૨૧** યુનીટ હતો જે સમગ્ર ભારતની સરેરાશ **૬૦૬** યુનીટ કરતાં ઘણો વધારે છે.

વર્ષ ૨૦૦૫ ના અંત સુધીમાં રાજ્યની વીજ ઉત્પાદન શક્તિ **૮૯૭૪** મે.વો. હતી. વર્ષ ૨૦૦૫-૦૬ દરમ્યાન તેમાં સરદાર સરોવર નર્મદા નિગમ લી. ના **૧૨૮** મે.વો. અને તારાપુર ઓટોમીક પાવર સ્ટેશનના **૧૪૦** મે.વો. નો ઉમેરો થયેલ છે. તદુપરાંત, **૧૨૫** મે. વો. ની ક્ષમતા ધરાવતાં અકીમોટા ખાતે રાજ્યના ખનીજ વિકાસ નિગમના **૧૨૫** મે.વો.ના એક એવા બે યુનીટનો માર્ચ-૨૦૦૬ સુધીમાં ઉમેરો થશે.

**ગુજરાત વિદ્યુત બોર્ડનું પુનઃગઠન**

ઉર્જા સુધારણાના ભાગરૂપે અને ગ્રાહકોને વાજબી ભાવે ગુણવત્તા સભર ઉર્જા પૂરી પાડવાના હેતુથી તત્કાલિન ગુ.વિ.બોર્ડનું વિર્સજન કરીને સાત કંપનીઓમાં રૂપાંતર કરવામાં આવેલ છે. જે તા.૧-૪-૨૦૦૫ થી કાર્યરત થતાં ખોટનું પ્રમાણ ઘટેલ છે.

**ગેસ-પેટ્રોલિયમ**

હાઇડ્રોકાર્બનના ઉત્ખનન અને ઉત્પાદન સાથે સંકળાયેલ અને દેશની ઉર્જા ક્ષેત્રની કંપનીઓમાં ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરીને ગુજરાત રાજ્ય પેટ્રોલિયમ કોર્પો. લી. મુખ્ય પ્રગતિશીલ કંપનીઓમાંની હરોળમાં આવી છે. જેને **૧૧** ક્ષેત્રોમાં ઓઇલ અને ગેસ શોધવામાં સફળતા મળી છે તેમજ કેન્દ્ર સરકાર સાથે નફામાં ભાગીદારીને ધોરણે ઓઇલ અને ગેસનાં **૧૨** ક્ષેત્રોમાં સંશોધન માટે કામગીરી કરી રહી છે. આ કંપની પાંચ ક્ષેત્રોમાં ઓપરેટર તરીકેની કામગીરી કરે છે. ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લી. તેની ગૌણ કંપની છે. રાજ્યમાં કુલ **૨૨૦૦** કિલોમીટર પાઇપ લાઇન ધ્વારા કુદરતી ગેસ લઇ જવા માટે પાઇપ લાઇન નાંખવાનું કામ હાથ ધર્યુ છે. હાલમાં આ પાઇપ લાઇનમાં સુરત, ભરૂચ, દહેજ, વડોદરા, આણંદ, અમદાવાદ, ક્લોલનો સમાવેશ થાય છે. મોરા-વાપી, અંક્લેશ્વર- ધુવારણ, આણંદ- રાજકોટ, ક્લોલ-હિંમતનગર અને ક્લોલ-મહેસાણાની બીજા તબક્કાની **૮૦૦** કિ.મી. પાઇપલાઇન નાખવાની કામગીરી માટે કોન્ટ્રેક્ટ આપી દેવામાં આવ્યો છે.

**કોમ્પ્રેસ્ડ નેચરલ ગેસ (સીએનજી)**

મારી સરકારે અમદાવાદ અને ગાંધીનગર શહેરોનાં વિસ્તારોમાં ગેસ વિતરણ અને સી.એન.જી. સ્ટેશનો સ્થાપવાની કામગીરી મોટા પાયે શરૂ કરેલ છે. વર્ષ દરમ્યાન અમદાવાદ અને ગાંધીનગરમાં **૨૧** સી.એન.જી. સ્ટેશનો કાર્યરત કરવામાં આવ્યા છે. અમદાવાદમાં સાર્વજનિક પરિવહન માટે ફરતી રિક્ષાઓ સી એન જી આધારિત બને તે માટે સમયબધ્ધ કાર્યક્રમ નક્કી ર્ક્યો છે.

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ**

શહેરીકરણની વધતી જતી ગતિને ધ્યાનમાં રાખી, જરૂરી એવી તમામ માળખાકીય સુવિધા પૂરી પાડવાના ભગીરથ પડકારને પહોંચી વળવા અને સુંદર, સ્વચ્છ, વિકાસશીલ અને ધબકતા શહેરો બનાવવા મારી સરકાર વર્ષ ૨૦૦૫ ને **શહેરી વિકાસ વર્ષ** તરીકે જાહેર ર્ક્યુ હતું

આ વર્ષ દરમિયાન નગરપાલિકાઓના **રૂા. ૨૭૨.૫૦** કરોડની રકમના પ્રોજેકટોને અગ્રતા આપવા ઉપરાંત મહાનગરપાલિકાના **રૂા. ૧૮૫ કરોડ**ના પ્રોજેકટ મંજૂર કરવામાં આવ્યા છે. વર્ષ દરમિયાન બધી નગરપાલિકા( મહાનગરપાલિકા અને શહેરી વિકાસ સત્તામંડળોને **રૂા. ૨૭૦ કરોડ**ની વહેંચણી કરવામાં આવી હતી. તદઉપરાંત શહેરી

વિકાસ વર્ષ ૨૦૦૫ માં પાણી પૂરવઠા યોજના અમૃતધારા પ્રોજેક્ટ માટે **રૂા.૪૭ કરોડ** શહેરી વનીકરણ **રૂા. ૨૦.૯૧** કરોડ અને પે એન્ડ યુઝ ટોઇલેટ પ્રોજેક્ટ માટે **રૂા.૮.૪૪ કરોડ** ફાળવવામાં આવ્યા છે.

રાષ્ટ્રિય સ્તરે રાષ્ટ્રિય શહેરી નવીનીકરણ મીશન (**NURM**)ની સુસંગત મારી સરકારે **ગુજરાત શહેરી વિકાસ મિશન** જાહેર કર્યુ છે. શહેરી વિકાસ અને સુધારણા ને હાર્દરૂપ ગણીને વર્ષ ૨૦૦૫ માં વૃધ્ધિ આધારીત ડબલ એન્ટ્રી એકાઉન્ટીંગ સિસ્ટમ અને નગરપાલિકાઓને નાણાંકીય રીતે સુદ્રઢ કરવા વિસ્તાર આધારીત પ્રોપર્ટી ટેક્સ જેવી શહેરી સુધારણા પ્રવૃત્તિ શરૂ કરવામાં આવી હતી. આ મિશન અંતર્ગત ૨૦૦૫ ના વર્ષમાં **૩૫૨૮** મકાનો શહેરી સ્થાનિક સંસ્થાઓએ બાંધ્યા છે. પબ્લિક પ્રાઇવેટ ભાગીદારીથી સને ૨૦૦૫ ના વર્ષમાં **રૂા. ૪૪.૨૦ કરોડ**ના **૧૦૮૭** કામો કરવામાં આવ્યા છે.

**ઓદ્યોગિક વિકાસ**

ઓધોગિક વિકાસમાં હરણફાળ ભરીને આગવુ સ્થાન ધરાવતાં ગુજરાતનો દેશની નિકાસમાં **૧૪** ટકા અને ઓદ્યોગિક ઉત્પાદનમાં **૧૬** ટકા હિસ્સો છે. મારી સરકારે **૧૫** ટકા ઓધોગિક વિકાસના લક્ષ્ય સાથેનું વ્યુહાત્મક આયોજન કરેલ છે. કેન્દ્ર સરકાર ધ્વારા આ લક્ષ્યાંક **૧૦.૨** ટકાનો રાખવામાં આવેલ છે.

વાયબ્રન્ટ ગુજરાત-૨૦૦૫ દરમિયાન વૈશ્વિક પૂંજી નિવેશક પરિષદમાં રોકાણનો ઘણો સારો પ્રતિસાદ મળ્યો હતો. અને આ દરમિયાન **૨૨૬** સમજૂતી કરાર કરવામાં આવેલ હતા. જેમાં અંદાજીત **રૂા.૧૦૬ હજાર કરોડ**ના રોકાણ અંગેના કરારો થયેલ છે.

રાજ્ય સરકાર ધ્વારા આ સમજૂતી કરારના સુનિતિ અમલ માટે વ્યવસ્થાતંત્ર ગોઠવવામાં આવેલ છે.

ઓગષ્ટ-૧૯૯૧થી ડિસેમ્બર-૨૦૦૫ સુધીના સમયગાળા દરમ્યાન દેશમાં મળેલ મૂડીરોકાણની દરખાસ્તોમાં ગુજરાત **૧૬.૮%** ના હિસ્સા સાથે પ્રથમ સ્થાને રહેલ છે. ભારત સરકારના ઉધોગ મંત્રાલયના ઇન્ડસ્ટ્રી પોલીસી અને પ્રમોશન વિભાગ ધ્વારા પ્રસિધ્ધ થયેલ આંકડાકીય માહિતી મુજબ વૈશ્વિકરણ પછી ગુજરાતમાં પ્રોજેક્ટ સ્થાપવા માટે **રૂા.૨,૯૮,૬૦૩ કરોડ**ની કુલ **૭,૭૨૮** દરખાસ્તો (IEM) રજુ થયેલ છે. જે પૈકી ૨૦૦૫ના વર્ષ દરમ્યાન રાજયમાં પ્રોજેક્ટ સ્થાપવા માટે **રૂા.૭૯,૫૪૮ કરોડ**ની **૭૫૦** દરખાસ્ત (IEM) રજુ થયેલ છે અને ગુજરાત દેશમાં પ્રથમ સ્થાને રહેલ છે.

રાજ્યને મળતી આ દરખાસ્તો પ્રોજેકટમાં રૂપાંતર થાય તે માટે ખાસ પ્રય કરવામાં આવે છે. તા.૧લી જાન્યુઆરી-૨૦૦૬ની પરિસ્થિતિએ ૪૬૩૩ પ્રોજેક્ટ ઉત્પાદનમાં ગયા છે. જેમાં **રૂા.૧,૧૫,૯૫૦ કરોડ**નું મૂડી રોકાણ થયેલ છે. ઉપરાંત **૧૬૫૬** પ્રોજેક્ટ **રૂા.૧૨૫૫૨૯ કરોડ**ના મૂડી રોકાણ સાથે અમલીકરણના વિવિધ તબકકે છે. જેમાં **૨.૩૧ લાખ** વ્યક્તિઓ માટે રોજગારી ઉપલબ્ધ થવાની શક્યતા છે. આ પ્રોજેકટોમાં કેમીકલ્સ અને પેટ્રોકેમિકલ્સ, ટેક્ષટાઇલ્સ તથા સ્ટીલ ઇન્ડસ્ટ્રીઝ, ફુડ પ્રોસેસીંગ ઉધોગોનો સમાવેશ થાય છે.

સપ્ટેમ્બર - ૨૦૦૩, અને જાન્યુઆરી - ૨૦૦૫માં આયોજિત કરાયેલ "વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમીટ ૨૦૦૩ " ના ફલશ્રુતિરૂપે **રૂા.૧,૭૨,૨૨૮ કરોડના** મૂડી રોકાણ સાથેની **૩૦૨** પ્રોજેક્ટ દરખાસ્તો પ્રાપ્ત થઇ હતી, જે પૈકી **રૂા.૧૮,૩૮૭ કરોડ**ના મૂડીરોકાણ સાથેના **૬૦** પ્રોજેક્ટ ઉત્પાદનમાં ગયેલ છે. અને **રૂા.૧,૩૬,૧૫૭ કરોડ**ના મૂડીરોકાણ સાથે **૨૦૬** દરખાસ્તો અમલીકરણ હેઠળ છે.

સ્પેશ્યલ ઇકોનોમીક ઝોનનો કાયદો (SEZ Act) પસાર કરીને તેવા વિસ્તારમાં મુક્તપણે મૂડીરોકાણ થાય, આંતરમાળખાકીય સુવિધાઓ ઉભી થાય અને નિકાસને વેગ મળે તે માટે ખાસ પ્રયો કરવામાં આવેલ છે. રાજ્યમાં આવા **૧૧** ઝોન સ્થાપવા માટે મંજૂરી મેળવી છે. કંડલા અને સુરત ખાતેના SEZ કાર્યાન્વિત થયેલ છે. મુન્દ્રા, સુરત અને અમદાવાદ ખાતે તૈયાર વસ્રો માટેનાં ઝોન જ્યારે સુરત ખાતે જ્વેલરી પાર્ક માટેની કાર્યવાહી શરૂ થયેલ છે. તે જ રીતે દહેજ, હજીરા, જામનગર અને ગાંધીનગર ખાતે કાર્યવાહી ગતિમાં છે.

**કચ્છનો ઓદ્યોગિક વિકાસ**

ભૂકંપ બાદ કચ્છ જિલ્લો ઓદ્યોગિક વિકાસ માટે હરણફાળ ભરી રહેલ છે. આ માટેની ખાસ યોજનાને કારણે ડિસેમ્બર-૨૦૦૫ સુધીમાં **૧૮૦** પ્રોજેક્ટ કાર્યાન્વિત થયેલ છે. જેમાં **રૂા. ૭૯૪૬ કરોડ**નું રોકાણ થયેલ છે અને બીજા **૪૦૯** પ્રોજેક્ટ અમલીકરણ હેઠળ છે. કચ્છ જિલ્લો નજીકના ભવિષ્યમાં દેશનો સોથી સંપન્ન જિલ્લો બની રહે એવી નેમ સાથે ઓદ્યોગિક સંલગ્ન માળખાકીય સુવિધાઓથી ધમધમતો થયો છે.

**શુધ્ધ પાણી, શુધ્ધ હવા, શુધ્ધ ખોરાક**

મારી સરકારે વિકાસ અને પર્યાવરણ સાથે જનસુખાકારીને જોડીને શુધ્ધ પાણી , શુધ્ધ હવા, શુધ્ધ ખોરાકની સાર્વજનિક સ્વાસ્થ્યની પહેલ કરી છે.

નર્મદા યોજનાના પાણીથી શુધ્ધ પીવાનું પાણી ઉપલબ્ધ થયું છે. ફ્લોરાઇડને રોગોથી પીડાતી ગ્રામ પ્રજાને કાયમી પાણીજન્ય રોગોથી મૂક્તિ મળી છે. ચોમાસા દરમિયાન પાણીજન્ય રોગચાળાના વાવડ ક્યાંય જોવા મળ્યા નથી.

હવાના પ્રદુષણ સામે અભિયાન હાથ ધરીને પેટ્રોએનર્જીના વિકલ્પે સીએન.જી ગેસ આધારિત પરિવહન માટે સુઆયોજિત પગલાં લીધા છે. સુરત ઉપરાંત અમદાવાદમાં હવે સી.એન.જી. ઓટોરિક્ષાથી પ્રદૂષિત ઇંધણથી સર્જાતી સમસ્યાઓ નિયંત્રણમાં આવશે. અમદાવાદમાં જૂની ડીઝલ, પેટ્રોલ આધારિત રીક્ષાઓ ક્રમશઃ સી.એન.જી. ઓટોરીક્ષામાં પરિવર્તિત થઇ રહી છે. પેટ્રોલ આધારિત રીક્ષાઓને પરવાના આપવાનું બંધ કર્યું છે. સાર્વજનિક પરિસ્થિતિ માટે સી.એન.જી. બસોના સંચાલનને સ્થાનિક તંત્ર ધ્વારા પ્રાધાન્ય અપાઇ રહયું છે. **૨૨૦૦** કિ.મિ.ના ગેસ ગ્રીડની માળખાકીય સુવિધાના નેટવર્કથી પર્યાવરણ આધારિત રસોઇ માટેના ગેસ ઘેર-ઘેર મળતો થાય તેવું દૂરોગામી આયોજન કર્યું છે. હજીરાની આસપાસના ગ્રામ વિસ્તારમાં ઘરોમાં રાંધણગેસ પાઇપલાઇનથી મળતો થઇ ગયો છે. ખાનગી ક્ષેત્રની ભાગીદારીથી ગેસ ગ્રીડની પાઇપલાઇન ધ્વારા ગેસ-વિતરણનું આયોજન થઇ રહયું છે. ગાંધીનગરમાં જી.એસ.પી.સી. ધ્વારા પાઇપલાઇન ગેસ વિતરણનો પ્રોજેક્ટ શરુ કર્યો છે.

ગરીબ અને વંચિત જનસમુદાયો માટે પોષણયુક્ત ખાદ્યતેલ અને આટાનું વિટામીનવાળા પેકેજમાં જ વિતરણ કરીને સ્વાસ્થ્ય - સુખાકારની દિશામાં મારી સરકારે લોકભાગીદારીથી સમગ્ર દેશમાં પહેલ કરી છે. ખાદ્યતેલ ઉત્પાદકોના મંડળો અને આટા-મીલ સંચાલકોના મંડળોએ સામે ચાલીને વિટામીન સભર ખાદ્યતેલ અને આટાના પેકેજીંગ-વિતરણના કાયદાના સ્વેચ્છિક અમલ માટે જે અભિગમ અપનાવ્યો તેને હું અભિનંદનીય ગણું છું. આમ આ સરકારે વિકાસ અને પર્યાવરણના પૂરક પાસાઓનો સમન્વય કરવાની પ્રેરક દિશા બતાવી છે.

**સર્વે સન્તુ નિરામયા**

મારી સરકારે જન સ્વાસ્થ્ય અને સુખાકારીના ક્ષેત્રમાં કાર્યશીલ પહેલ કરીને રક્તપિત્ત નિવારણ અને પુનઃસ્થાપનના કાર્યક્રમમાં ગુજરાતને રક્તપિત્ત મુક્ત રાજ્યનું ગૌરવ અપાવી મહાત્મા ગાંધીજીને સાચા અર્થમાં શ્રધ્ધાંજલિ આપી છે. રક્તપિત્ત નિર્મૂલન કાર્યક્રમ ૬૪૬૯ રક્તપિત્તના દર્દીઓનું પુનર્વસન કરવામાં આવ્યું છે અને ૨૭૦૫૫ જેટલા રક્તપિત્તના દર્દીઓને માઇક્રો સેલ્યુઇર શુઝ પૂરા પાડવામાં આવ્યા છે

શુધ્ધ પીવાલાયક પાણીની સુવિધા કરીને પાણીજન્ય રોગચાળાની સમસ્યાથી પ્રજાને મુક્તિ અપાવી છે.

માનવશક્તિ સંસાધન સૂચકાંક્ના ક્ષેત્રમાં ગુજરાતે માતા અને શિશુબાળ મૃત્યુદર ઘટાડવા, ક્ન્યાઓનું સક્ષમ માતૃત્વ, નારી સશક્તિકરણ અને ભ્રૂણ હત્યા વિરોધી જન આંદોલન માટેના કાર્યક્રમો હાથ ધર્યા છે.

વંચિત વર્ગ સમુદાયોના વિવિધ જૂથોને આરોગ્ય અને વીમા સુરક્ષા છત્ર હેઠળ આવરી લીધા છે. બાળ સ્વાસ્થ્ય અને સ્વસ્થ માતૃત્વ માટે તથા સંસ્થાગત પ્રસૂતિ સુશ્રુષા માટે "માતૃવંદના" અને "ચિરંજીવ" યોજનાઓ અમલમાં મૂકી સામાજિક દાયિત્વની ભાવનાને સાથે જોડી છે. દર મહિનાની ૯મી તારીખે ગરીબ સગર્ભા મહિલાઓને પ્રસૂતિની સારવાર સેવા વિના મૂલ્યે આપવાની યોજનામાં તબીબી ક્ષેત્રના કર્મચારીઓએ વ્યાપક પ્રતિભાવ આપ્યો છે. **૨૫૭** જેટલા ખાનગી તબીબોએ સ્વેચ્છાએ આ યોજના અપનાવી છે. રાજ્યની શાળાઓમાં આરોગ્ય ચકાસણી અભિયાનમાં **૮૫ લાખ**થી વધુ વિદ્યાર્થીઓને આવરી લીધા છે. "દૃષ્ટિ" કાર્યક્રમ હેઠળ **૩૮,૪૨૪** બાળકોને ચશ્માનું વિનામૂલ્યે વિતરણ અને **૭૦૦** જેટલા હૃદયરોગ વગેરે ગંભીર રોગોથી પીડાતા બાળકોનું આધુનિક સારવાર-શસ્ત્રક્રિયાથી રોગમુક્ત નવજીવન અપાવ્યું છે. તરુણ ક્ન્યાઓની એનિમિક કંડીશન અને કુપોષણની સમસ્યા નિવારવા લોહતત્વ સાથે આરોગ્ય સંભાળ લેવામાં આવી છે.

**ક્ન્યા કેળવણી**

મારી સરકારના ક્ન્યા કેળવણીની વૃદ્ધિ માટેના ઘનિષ્ઠ પ્રયાસોથી આપ સૌ પરિચિત છો જ. આ દિશામાં લેવાયેલાં પગલાં તરીકે તા.૧૬ થી ૧૮ જૂન, ૨૦૦૫ દરમિયાન **૩૦** ટકા કરતાં ઓછી સ્રી સાક્ષરતાવાળા **૧૦૮૪૨** અંતરિયાળ ગામોમાં ક્ન્યા કેળવણી રથયાત્રા યોજી હતી. જેના કારણે ચાલુ વર્ષે **૨ . ૩૫ લાખ** દિકરા દિકરી શાળામાં પ્રવેશ પામ્યા છે.

ક્ન્યા કેળવણીને ઉત્તેજન આપવા માટે મુખ્ય મંત્રીશ્રીને મળતી ભેટ સોગાદોની જાહેર હરાજી કરીને ક્ન્યા કેળવણી નિધીની રચના કરી છે, જેમાં **રૂા.૪.૨૧ કરોડ** જેટલી રકમ મળેલ છે. રાજ્યના ક્ન્યા શિક્ષણમાં પછાત એવા **૭૮** તાલુકાઓ અને **૧૩** શહેરી ઝુંપડપટ્ટીવાળા વિસ્તારોમાં નેશનલ પ્રોગ્રામ ફોર ગર્લ્સ એટ એલીમેન્ટરી લેવલ (NPFGEL) નો એક ખાસ કાર્યક્રમ હાથ ધરવામાં આવેલ છે. ક્ન્યા શિક્ષણને પ્રોત્સાહન માટે **૧૮** જિલ્લાના પછાત વિસ્તારોમાં **૩૦** કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય શરૂ કરવામાં આવી છે.

**પ્રાથમિક શિક્ષણ**

મારી સરકારે પ્રાથમિક શિક્ષણને સર્વાંગી માનવ વિકાસ સંસાધનના ક્ષેત્ર તરીકે પ્રાથમિક્તા આપી છે. શાળાઓમાં **૮૨૧૪૮** વિદ્યાસહાયકોની ભરતી કરીને સમગ્ર દેશમાં ગુજરાત આ પ્રકારનું પ્રથમ રાજ્ય બન્યું છે. એક

શિક્ષક દીઠ એક ઓરડાનો સેધ્ધાંતિક સ્વીકાર કરીને વર્ગખંડો બાંધવાનો નિર્ધાર છે જે અન્વયે ૨૦૦૪-૨૦૦૫ સુધીમાં નવા **૨૬૮૯૪** વર્ગ ખંડો પૂર્ણ કર્યા છે. **૨૨૩૮૦** શાળાઓમાં સેનીટેશન સંકુલો, **૨૦૪૮૮** શાળાઓમાં વીજળી સુવિધા, **૨૧૩૧૦** શાળાઓમાં પીવાના પાણીની સુવિધા તથા **૧૬૨૮૭** શાળાઓમાં કંપાઉન્ડ વોલ બાંધી છે. આ ઉપરાંત પ્રયોગશાળા, વાંચનાલય, રમતગમતના સાધનો, નવી બેન્ચો, ફર્સ્ટ એઇડ બોક્ષ તથા કોમ્પ્યુટરો પૂરા પાડવામાં આવી રહયા છે. આ બધી સવલતોથી શાળાઓ ગુણવત્તાયુક્ત શિક્ષણ માટે સજ્જ બનાવવામાં આવી છે.

આમ પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે રાજ્ય સરકારના નોંધપાત્ર પ્રયાસોને કારણે શાળાનો કન્યા માટેના સ્થાયીકરણ દર ૧૯૯૦-૯૧ માં **૫૦.૯૮** હતો તે ૨૦૦૪-૦૫ માં ૮૮.૨૩ થયો છે એટલે કે શાળાઓ છોડી જવાનું પ્રમાણ સને ૨૦૦૦-૦૧ ની સરખામણીમાં ઘટાડીને **૧૧.૭૭** સુધી લાવી શકાયું છે.

### ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ

રાજ્યના ઝડપી વિકાસમાં ઉચ્ચ શિક્ષણના વિકાસનો ફાળો મહત્વનો છે. રાજ્યમાં **૭૪૭** સરકારી / બિન સરકારી અનુદાનપાત્ર અને સ્વનિર્ભર સંસ્થાઓ કાર્યરત છે. સેપ્ટ, નિરમા અને ગણપતનગરને યુનિવર્સિટીનો દરજ્જો આપવામાં આવેલ છે. સંસ્કૃત વિષયના મહત્વને વધારવા માટે સોમનાથ-વેરાવળ ખાતે સંસ્કૃત યુનિવર્સિટી કાર્યાન્વિત કરવામાં આવેલ છે. આદિજાતિ વિસ્તારના વિદ્યાર્થીઓને તેમના જ વિસ્તારમાં સગવડતા મળી રહે તે માટે ૪ બી. એડ કોલેજો તથા **૧૦** સરકારી કોલેજો શરૂ કરવામાં આવેલ છે.

રાજ્યમાં ટેક્નીક્લ શિક્ષણ સંસ્થાઓની સવલતો વધારવાના પ્રયોના ફળસ્વરૂપે ડીગ્રી ઇજનેરી , ફાર્મસી, આર્કટિક્ચર, મેનેજમેન્ટ તથા એમ.સી.એ. જેવા ઉગતા ક્ષેત્રો માટેના નવા અભ્યાસક્રમો શરૂ કર્યા છે તથા ઓદ્યોગિક ક્ષેત્રના માનવબળની માંગની પૂર્તતા કરવાના હેતુસર ઇજનેરીમાં **૧૬૫,** ફાર્મસીમાં **૭૨૦,** ડીપ્લોમા ઇજનેરીમાં **૨૮૮૦,** ડીપ્લોમા ફાર્મસીમાં **૪૭૦** તથા ડીપ્લોમા હોટલ એન્ડ ટુરીઝમ મેનેજમેન્ટમાં **૬૦** બેઠકોનો વધારો નવી સ્વનિર્ભર સંસ્થાઓની સ્થાપના ધ્વારા ચાલુ શૈક્ષણિક વર્ષ માટે થયો છે. આમ, એકંદરે **૩૮૪૦** બેઠકોનો વધારો થાય છે.

### અપંગ નિરક્ષરને શિક્ષણ

૬ થી ૧૪ વર્ષના બાળકોમાં **૪૦** ટકાથી ઓછી પંગુતા ધરાવતા શાળાઓમાંના **૬૫૫૬૪** બાળકોને સંકલિત શિક્ષણ યોજના હેઠળ ખાસ શિક્ષકો ધ્વારા શિક્ષણ આપવામાં આવી રહયું છે. જ્યારે **૧૧૯૬૨** શાળા બહારના બાળકોને જરૂરીયાત મુજબની સહાયનું આયોજન કરવામાં આવેલ છે.

### ગુણવત્તા સભર અને સ્થાયી શિક્ષણ

મારી સરકારના સાક્ષરદીપ કાર્યક્રમ ધ્વારા નિરક્ષરોને શિક્ષિત બનાવવાનો ખાસ કાર્યક્રમ કરવામાં આવેલ છે. વાંચન-લેખન-ગણન અભિવૃધ્ધિ અભિયાન દરમિયાન બાળકોની ક્ષમતામાં વધારો કરવાનો બીજો કાર્યક્રમ પણ ચાલુ વર્ષે કરવામાં આવ્યો હતો. એજ્યુસેટનો મહત્તમ ઉપયોગ કરવા માટે સમગ્ર દેશમાં કેન્દ્ર સરકાર ધ્વારા ગુજરાતને પસંદ કરવામાં આવેલ છે.

### વંચિતોનો વિકાસ

મારી સરકાર અનુસૂચિત જાતિ, જન જાતિ તથા વિચરતી જાતિ સહિત સમાજના વંચિતોનો સર્વાંગી વિકાસ થાય અને છેવાડાના આ પછાત વર્ગોમાં આત્મવિશ્વાસ જાગેએ પ્રકારના પગલાં લેવા આતુર છે જેને પરિપૂર્ણ કરવા દયાભાવથી નહિં પરંતુ કર્તવ્યપરાયણતા દાખવીને વંચિતોના વિકાસનું બીડુ ઝડપ્યું છે.

### (૧) આદિજાતિ વિકાસ

મારી સરકારે આયોજનબધ્ધ આદિજાતિ પેટા યોજના અંતર્ગત ધ્યાન કેન્દ્રીત કરીને તેમના દ્વારા તેયાર કરેલ વસ્તુઓ માટે બજાર ઉભુ થાય અને તેમની આવકમાં વધારો થાય તેનાં પર ભાર મૂક્યો છે. જમીન આધારીત અને જળ આધારિત આંતર માળખાકીય યોજનાઓ, તાલીમ વગેરે માટે રાજ્યના પ્રાયોજના વિસ્તારોના ૪૭ ક્લસ્ટર માટે ભારત સરકારે ખાસ કેન્દ્રીય સહાય પેટે **રૂા.૩૫.૩૮ કરોડ** મંજૂર કરેલ છે.

ગુજરાત પેટર્ન હેઠળ ચાલુ વર્ષે **રૂા. ૨૬૨.૫૦ કરોડ** આદિજાતિ વિસ્તારના જીલ્લાઓમાં સિંચાઇ, રસ્તા, પશુપાલન, ખેતીવાડી, આરોગ્ય, આવાસન, સહકાર જેવા વિકાસના ક્ષેત્રોમાં આંતર માળખાકીય સવલતો ઊભી કરવા ફાળવ્યા છે અને **૩૯૫૧** કામો પૂર્ણ થયેલ છે

આદિજાતિ કલ્યાણના ધ્યેયને મૂર્તિમંત કરવા વિકાસના સઘન પ્રયોના ભાગરૂપે પછાત વર્ગ કલ્યાણ સદર નીચે **૪૫૫** આશ્રમશાળાઓ, ૮૯ ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ, ૪૩ નિવાસી શાળાઓ, **૫૦** સરકારી છાત્રાલયો, ૩૪ ડ્રાય હોસ્ટેલો, **૯૨૭** સહાયક અનુદાન છાત્રાલયો, **૬૩૨** બાલવાડીઓ ચલાવવામાં આવી રહયા છે.

હવે હું આદિજાતિના શૈક્ષણિક, સામાજીક અને આર્થિક ઉત્કર્ષ માટે મારી સરકારે નવેમ્બર-૨૦૦૫ સુધીમાં લીધેલાં અન્ય પગલાંની માહિતી આપું છું.

- **૬,૫૪,૦૦૦** વિધાર્થીઓને **રૂા. ૮૩૪.૧૬ લાખ**ના ખર્ચે પૂર્વ મેટ્રિક એસ.એસ.સી. શિષ્યવૃતિઓનો લાભ આપેલ છે.
- આદિમજૂથના **૭૫,૮૬૬** વિધાર્થીઓને **રૂા.૩૬૨.૫૩ લાખ**ના ખર્ચે ખાસ શિષ્યવૃતિઓ આપવામાં આવી છે.
- **૬૫,૦૮૧** વિધાર્થીઓને **રૂા.૧૩૯૬.૩૬ લાખ**ના ખર્ચે ઉત્તર એસ.એસ.સી. શિષ્યવૃતિ ચુકવવામાં આવેલ છે.
- **૪૦૫૪૫** વિધાર્થીઓ માટે **રૂા.૧૨૯૩.૫૮ લાખ**નો ખર્ચ સહાયક અનુદાન છાત્રાલયોમાં કરવામાં આવ્યો.
- આશ્રમશાળાઓ અને ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓમાં અનુક્રમે **૬૦૬૮૦** અને **૧૨૨૧૭** વિધાર્થીઓ માટે **રૂા. ૩૬૭૨.૦૫ લાખ**નો ખર્ચ થયો.
- માનવ ગરીમા યોજના નીચે ગરીબી રેખાની નીચે જીવતા ૨૭૯૨ આદિવાસી લાભાર્થીઓને **રૂા. ૮૩.૨૮ લાખ**ની નાણાંકીય સહાય કરવામાં આવી.
- **૪૮૪૫** જરૂરીયાતવાળા આદિવાસી લાભાર્થીઓને **રૂા. ૭૫.૪૧ લાખ**ના ખર્ચે મફત તબીબી સહાય કરવામાં આવી.
- કુંવરબાઇનું મામેરુ યોજના હેઠળ **૧૩૫૮** આદિવાસી મહિલાઓ માટે **રૂા. ૬૭.૮૪ લાખ**નો ખર્ચ થયો.
- ચાલુ વર્ષમાં **૧૦,૦૦૦** આદિમજૂથના કુટુંબોને જીવન વિમા નિગમની જનશ્રી વિમા યોજના નીચે વિમા કવચ પૂરુ પાડવામાં આવશે.
- વાડી યોજના અંતર્ગત ચાલુ વર્ષે **૧૨૯૧૦** એકર વિસ્તાર આવરી ને **૧૯૨૭૬** આદિજાતિ ખેડૂતોને લાભાન્વિત કરેલ છે.દક્ષિણ ગુજરાતના વનવાસી કિસાનોને કાજુની ખેતી અને તેના નિકાસની સવલતો મળતા તેમની આવકમાં નોંધપાત્ર વધારો થયો છે.

**અનુસૂચિત જાતિ વિકાસ**

સને ૨૦૦૧ ની વસ્તી ગણતરી મુજબ રાજ્યમાં અનુસૂચિત જાતિઓની વસ્તી **૩૫.૯૩** લાખ છે. ચાલુ વર્ષે આ જાતિના કલ્યાણ માટે લીધેલા પગલાંની વિગતો હવે હું જણાવું છું.

- ➢ અનુસૂચિત જાતિના પ્રિ. એસ.એસ.સી.માં અભ્યાસ કરતાં **૬,૪૨,૨૭૫** વિધાર્થીઓને **રૂા.૨૬.૮૪** કરોડની શિષ્યવૃતિ ચૂકવવામાં આવેલ છે;
- ➢ **૯૩૬૮** વિધાર્થીનીઓને પોસ્ટ મેટ્રિક સ્કોલર શીપ **રૂા.૧.૩૩** કરોડ કોઇપણ જાતની આવક મર્યાદા વગર ચૂકવાયેલ છે;
- ➢ વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે **૨૦** વિધાર્થીઓને **રૂા.૧.૦૦** કરોડ શૈક્ષણિક લોન મંજુર કરવામાં આવેલ છે;
- ➢ **૨૪૦** કાયદાના સ્નાતકોને સિનિયર અને અનુભવી વકીલો પાસે તાલીમ આપવા પાછળ **રૂા.૯૩.૨૫** લાખનો ખર્ચ કરવામાં આવેલ છે;
- ➢ માનવ ગરીમા યોજના હેઠળ **૧૦,૦૦૦** લાભાર્થીઓને **રૂા. ૩ કરોડ** સહાય આપવામાં આવેલ છે
- ➢ ગંભીર રોગોથી પીડાતી અનુસૂચિત જાતિની **૫,૫૬૪** વ્યક્તિઓને **રૂા.૫૫.૬૪** લાખની સહાય આપવામાં આવેલ છે;

મારી સરકાર સફાઇ કામદારો અને તેમના અશ્રિતોના પુનઃસ્થાપન માટે પ્રતિબધ્ધ છે. આ માટે ચાલુ નાણાંકીય વર્ષમાં ડૉ. આંબેડકર સફાઇ કામદાર આવાસ યોજના હેઠળ અંતર્ગત **રૂા.૧૯૫** લાખ ચૂકવવામાં આવેલ છે.

**વિકસતી જાતિનું કલ્યાણ**

અનુસૂચિત જાતિ સિવાયના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોમાં **૧૩૭** જાતિઓનો સમાવેશ થયેલ છે. જે કુલ વસ્તીના ૫૨ ટકા જેટલી છે.

આ વર્ગો માટે ચાલુ વર્ષે ડીસેમ્બર ૨૦૦૫ સુધીમાં થયેલ કામગીરી જણાવું તો -

- ➢ **૩૦,૯૦,૩૧૭** વિદ્યાર્થીઓને **રૂા. ૩૧.૮૮ કરોડ**ની પ્રિ. મેટ્રિક શિષ્યવૃત્તિ આપવામાં આવી છે,
- ➢ **૭૨,૪૫૮** વિદ્યાર્થીઓને **રૂા. ૯.૨૨ કરોડ**ની પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ આપવામાં આવી છે,
- ➢ ડીસેમ્બર-૦૫ અંતિત **૫૪૧૧** દર્દીઓને ગંભીર રોગો માટે **રૂા. ૮૨.૦૯** લાખની મફત તબીબી સહાય આપવામાં આવી છે અને

- પંડિત દિન દયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ અતિ પછાત જાતિઓની **૪૦** વસાહતો બાંધવામાં આવી છે.

**સમાજ સુરક્ષા**

મારી સરકાર વિક્લાંગો, સંભાળ અને રક્ષણની જરૂરીયાતવાળા બાળકો અને વૃદ્ધોના સશક્તિકરણ માટે સમર્પિત છે. જેમના માટે ૧૯૯૫નાં વિક્લાંગ ધારાનો અમલ સંપુર્ણ પ્રતિબધ્ધતા સાથે થઇ રહ્યો છે.

મારી સરકારે હાલમાં જ વિક્લાંગ કમિરના પદે દૃષ્ટિની સંપૂર્ણ ક્ષતિ ધરાવતી વ્યક્તિને નિયુક્ત કરેલ છે. જે સૂચવે છે કે મારી સરકાર વિક્લાંગ વ્યક્તિઓ માટે પ્રભાવકારી પગલાં લેવા માગે છે. ડીસેમ્બર-૨૦૦૫ સુધીમાં મારી સરકાર ધ્વારા-

- **૫૫૬૫** વિક્લાંગ વિદ્યાર્થીઓને **રૂા.૩૮.૫૪ લાખ**ની શિષ્યવૃતિ ચૂક્વેલ છે
- સંત સુરદાસ યોજના આર્થિક સહાય હેઠળ **રૂા.૧૧૯.૭૮ લાખ**નો ખર્ચ કરીને **૧૦૮૩૫** તીવ્ર વિક્લાંગ વ્યક્તિઓને આર્થિક સહાય અને વિક્લાંગ ક્ષેત્રે કાર્યરત **૧૦૯** અનુદાનિત સ્વેચ્છીક સંસ્થાઓને **રૂા.૧૨.૦૯ કરોડ**નું અનુદાન આપવામાં આવેલ છે.
- બાળકોની સંભાળ અને રક્ષણ માટે **૫૫** બાળગૃહોને **રૂા.૧૯૯.૯૫ લાખ**નું અનુદાન આપવામાં આવેલ છે.
- સ્વેચ્છીક સંસ્થાઓ સંચાલિત **૧૨૭૦** લાભાર્થીઓ ધરાવતા **૧૬** વૃદ્ધાશ્રમોને **રૂા.૪૬.૫૦ લાખ**નું અનુદાન આપવામાં આવેલ છે.
- **૯૦૧૭૮** વૃદ્ધ વ્યક્તિઓને નિરાધાર વૃદ્ધ સહાય યોજના હેઠળ **રૂા.૧૨.૬૨** ક્રોડ ચૂક્વવામાં આવેલ છે.

**જાહેર વિતરણ વ્યવસ્થા**

જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ ગરીબીરેખા હેઠળના કુટુંબોને ચાલુ વર્ષે ડીસેમ્બર-૨૦૦૫ સુધીમાં **૩,૯૯,૮૪૨** મે.ટન જથ્થાનું વિતરણ રાહત ભાવે કરેલ છે જે અગાઉના વર્ષ કરતાં **૧૩** ટકા વધારો દર્શાવે છે. અંત્યોદય યોજના હેઠળ રાહત ભાવે **૬.૪૪ લાખ** કુટુંબોને વધારે અનાજ વિતરણ કરવાનો લાભ આપવામાં આવેલ છે. અને બીજા **૧.૬૯ લાખ** કુટુંબોને આ યોજનામાં આવરી લેવામાં આવેલ છે. નિરાધાર વૃધ્ધો માટેની અન્નપૂર્ણા પેન્શન યોજના હેઠળ વિના મૂલ્યે **૯૧૧** મે.ટન ઘઉ અને **૨૩** મે.ટન ચોખાનું વિતરણ કરેલ છે.

રાજ્યમાં જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ **૧૪૦૦૦** જેટલી વાજબી ભાવની દુકાનો હતી પરંતુ દુકાન ફાળવણીના ધોરણો હળવા કરતાં હવે વધુ **૩૨૦૦** દુકાનો મળી **૧૭૨૦૦** થશે જેનો લાભ **૧૭૮૧૮** જેટલા ગામડાઓ મેળવશે.

**રોમીંગ રેશનકાર્ડ**

અછતના સમયે પોતાના વતનના સ્થળેથી રોજગારી મેળવવા અન્યજિલ્લામાં સ્થળાંતર કરતા ઇસમો જાહેર વિતરણવ્યવસ્થા હેઠળ મળવાપાત્ર અનાજના જથ્થાથી વંચિત ન રહે તે માટે તેઓ સ્થળાંતર કરીને જ્યાં ગયેલ હોય તે તાલુકાની પંડિત દિનદયાળ ગ્રાહક ભંડાર (વાજબી ભાવની દુકાન) પરથી મળવાપાત્ર અનાજનો જથ્થો મેળવી શકે તે માટે વિભાગે રોમીંગ રેશનકાર્ડનો ઓનલાઇન પ્રોજેક્ટ હાથ ધરેલ છે. આ ઓનલાઇન પ્રોજેક્ટ અંગે બધાજ જિલ્લાઓએ ટ્રાયલ રન પૂરો કરેલ છે. હવે આ પ્રોજેક્ટ કાર્યાન્વિત થનાર છે.

**ગ્રાહક સુરક્ષા અને ગ્રાહક શિક્ષણ**

ગ્રાહક સુરક્ષા ધારો-૧૯૮૬ ના અસરકારક અમલીકરણ માટે રાજ્યમાં પડતર કેસોનો ઝડપી નિકાલ થાય તે માટે ૪ મોટા શહેરોમાં તથા ત્રણ નવા જિલ્લાઓમાં જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમો ની સ્થાપના કરેલ છે. તેમજ રાજ્ય કમિશનની ત્રણ વધારાની બેંચ મંજૂર કરવામાં આવી છે.કમિશન ધ્વારા ચાલુ વર્ષે **૫૪૭૦** કેસોના નિકાલમાં વધારો થયો છે. જૂના કેસો લોક અદાલત યોજીને ઝડપથી નિકાલ કરવાનું આયોજન છે.

**શ્રમીકોનું કલ્યાણ**

આપ સર્વે એ બાબતથી સુવિદિત છો કે ગુજરાત રાજ્ય ઓદ્યોગિક ક્ષેત્રે શાંતિ માટે અને માલિક - શ્રમિકોના સારા અને સુદ્રઢ સંબંધો માટે થમ હરોળનું સ્થાન ધરાવે છે. ઓદ્યોગિક શાંતિ અને શ્રમિકો અને માલિકોના સુંદર સંબંધો ગુજરાત રાજ્યમાં ઓદ્યોગિક મૂડી રોકાણ કરવા માટેનું એક મોટું આકર્ષણ છે. તદ ઉપરાંત ઓછા ગુમાવેલ માનવ દિન માટે **ગુજરાતે દેશ ભરમાં પ્રથમ રાજ્ય તરીકે ગોરવ મેળવ્યું છે.**

અસંગઠિત ક્ષેત્રોમાં કામ કરતાં શ્રમયોગીઓ માટે મારી સરકાર ધ્વારા એક ખાસ સેલ ઊભુ કરવામાં આવેલ છે તથા તેમના પ્રો બાબતે ધ્યાન આપવા હાઇ લેવલ કમિટિની પણ રચના કરવામાં આવેલ છે. તદઉપરાં.ત જુદા જુદા

૯ વ્યવસાયમાં (ટ્રેડ) કામ કરતાં અસંગઠીત શ્રમયોગીઓની આર્થિક-સામાજિક પરિસ્થિતિ જાણવા આશરે **૬૦,૦૦૦** શ્રમીકોનો રૂબરૂ સંપર્ક કરી મોજણીની કામગીરી પણ હાથ ધરેલ છે.

સંગઠિત ક્ષેત્રના શ્રમિકોના શ્રમિક કાયદા હેઠળના હક્કોને બાધ ન આવે તે રીતે શ્રમિક કાયદાઓમાં સુધારા કરવામાં પણ રાજ્ય સરકારે પહેલ કરેલ છે. જે અન્વયે ધી ગુજરાત સ્પેશ્યલ ઇકોનોમીક ઝોન એક્ટ, ૨૦૦૪ નો અમલ, સ્પેશ્યલ ઇકોનોમીક ઝોન હેઠળની સંસ્થાઓ બાબતે શ્રમ આયુક્તને મળેલ સત્તાઓની ડેવલપમેન્ટ કમિશનરને સોંપણી, ઓદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ માં પણ નવા સુધારાઓ તથા સ્પેશ્યલ ઇકોનોમીક ઝોનમાં આવેલ સંસ્થાઓને ઓદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ ના પ્રકરણ ૫-એ અને ૫-બીમાં મુક્તિ આપવી એ મુખ્ય છે.

**ઓદ્યોગિક સલામતિ**

થર્ડ પાર્ટી દ્વારા બોઇલરના નિરીક્ષણની મંજૂરી આપવા માટે વાંધા / સૂચનો મંગાવવા માટેનું જાહેરનામું બહાર પાડેલ છે જેના કારણે નિરીક્ષણ અંગેનો વિલંબ નિવારી શકાશે તેમજ પારદર્શિતા જળવાશે.

**શ્રમયોગીને વીમા કવચ**

શ્રમ યોગીઓના કલ્યાણની ચિંતા કરવામાં મારી સરકાર મોખરે રહેલ છે. જે અન્વયે અસંગઠિત કામદારો માટે શ્રમિક સુરક્ષા યોજના અંતર્ગત અકસ્માત વિમા યોજનાની જોગવાઇ કરેલ છે. આ યોજના અન્વયે **૮૫ લાખ** અસંગઠિત કામદારોને આવરી લેવાયા છે, જેમાં પ્રાણઘાતક મૃત્યુના કેસમાં રૂપિયા એક લાખ ચૂકવવામાં આવે છે.

**ઓદ્યોગિક તાલીમ**

ઓધોગિક તાલીમ સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ ઉધોગ જગતની જરૂરીયાત મુજબનું કુશળ માનવબળ પૂરું પાડવાની સાથોસાથ રોજગારીની તકો ઉપલબ્ધ કરાવીને, ઉંચો ઉત્પાદકીય વૃધ્ધિ દર હાંસલ કરવાનો છે. આ હેતુ સાર્થક કરવા મારી સરકારે હાલ જુદા જુદા વ્યવસાયિક અભ્યાસક્રમોમાં કુલ **૫૫૪૮૪** બેઠક સંખ્યા સાથે **૧૩૨** સરકારી ઓધોગિક તાલીમ સંસ્થાઓ કાર્યરત કરેલ છે.

મને જણાવતાં આનંદ થાય છે કે રાજ્યની ૭ આઇ.ટી.આઇ. માટે આઇ.એસ.ઓ. ૯૦૦૧-૨૦૦૦ પ્રમાણપત્ર મેળવેલ છે અને નજીકના ભવિષ્યમાં **૧૨** આઇટીઆઇ માટે આ પ્રમાણપત્ર મળવવા પાત્ર થશે.

**રોજગાર**

સતત છેલ્લા ત્રણ વર્ષથી મહત્તમ નોકરીની તકો ઉપલબ્ધ કરાવીને મારી સરકાર અન્ય રાજ્ય કરતાં પ્રથમ હરોળમાં રહેલ છે. રાજ્યની **૪૨** રોજગાર વિનિયમ કચેરીઓ નોકરી વાંચ્છુ ઉમેદવારો અને નોકરીદાતા વચ્ચેની ખાઇને દૂર કરવા સેતુ સમાન બની છે. નોકરીવાંચ્છુને રોજગારીની તકો પ્રાપ્ત થાય તેવા હેતુથી ડીસેમ્બર.૨૦૦૫ સુધીમાં જુદા જુદા સ્થળે ૫ **મેગા ભરતી મેળા** યોજીને **૩૦૩૫** યુવાનોને રોજગારીની તકો ઉપલબ્ધ કરવામાં આવી હતી. તેવી જ રીતે કુલ ૬ લશ્કરી ભરતી માટેની રેલી યોજીને **૨૭૦** ઉમેદવારોને સૈન્યમાં પ્લેસમેન્ટ કરાયેલ છે.

મારી સરકારની રોજગાર ક્ષેત્રે થયેલ કામગીરીની અસરકારકતાનો પુરાવો એ છે કે વર્ષ ૨૦૦૪ માં સમગ્ર રાષ્ટ્રમાં રોજગાર કચેરીઓ ધ્વારા **૧,૩૭,૭૦૦** યુવાનોને રોજગારી પુરી પાડવામાં આવેલ જે પૈકી ગુજરાત રાજ્ય ધ્વારા ૬૪,૯૦૦ એટલે કે **૪૭** ટકા ઉમેદવારોને રોજગારી પુરી પાડી **પ્રથમ સ્થાન** મેળવેલ છે. વર્ષ ૨૦૦૪ માં સમગ્ર રાષ્ટ્રમાં **૨,૭૪,૬૦૦** ખાલી જગ્યાઓની નોંધણી થયેલ હતી જે પૈકી ફક્ત ગુજરાતમાં જ **કુલ ૭૪,૪૦૦** એટલે કે **૨૭** ટકા જગ્યાઓ મેળવીને પ્રથમ સ્થાન મેળવેલ છે. આમ સને ૨૦૦૪ માં રોજગારી પુરી પાડવામાં અને ખાલી જગ્યાઓની નોંધણીમાં મારી સરકારે અગ્રતા હાંસલ કરી છે.

**સહકાર**

સહકારિતા અપનાવીને વધુ હેતુલક્ષી અને પારદર્શી બનાવવાના ગુણાત્મક સુધારાની દિશામાં હિંમતપૂર્વક પગલાં લેવામાં આવ્યા છે.

- ખેતી વિષયક ધિરાણમાં **૩૦** ટકા ના વધારા સાથે કુલ **રૂા. ૨૭૫૭૫૬** કરોડનું ધિરાણ થયેલ છે.
- ૩૨ બજાર સમિતિઓને ટેક્નોલોજી મિશન હેઠળ કોટન પ્રોજેક્ટ માટે આવરી લેવા માટે ૫૬૨૩ લાખ ફાળવવામાં આવ્યાં, તેમાંથી **૧૫** બજાર સમિતિઓને આ પ્રોજેક્ટ હેઠળ આવરી લેવાયેલ છે.
- ૧૮૨ બજાર સમિતિઓને **૧૦૦** થી વધુ કોમ્પ્યુટરો આપી ખેતબજારોને આધુનિકરણ યોજના હેઠળ આવરી લેવાયા છે.
- ફડચામાં ગયેલી **૨૦** નાગરિક સહારી બેંકોના **૯૦૨૬૦** થાપણદારોને ૩૩૫ કરોડની રકમો વીમાના દાવા સ્વરૂપે ચૂકવવામાં આવેલ છે.

**મહિલા સશક્તિકરણ**

મારી સરકાર મહિલાઓનું સશક્તિકરણ કરીને તેમને સમાજની મુખ્ય ધારા સાથે રાખવા અને દેશના ભાવિ નાગરિક તરીકે બાળકોના વિકાસ માટે કટિબધ્ધ છે. આ કટિબધ્ધતાને સાકાર કરવા અનેક પગલાં લીધા છે.

- રાજયની **૯૭ હજાર** નિરાધાર બહેનોને તેઓ સમાજમાં સ્વમાનભેર જીવી શકે તે હેતુથી પોસ્ટલ બચત ખાતા મારફત **રૂા. ૫૦૦** માસિક સહાય તેમજ બે બાળકોનારૂા. **૮૦** પ્રતિબાળ સહાય આપવામાં આવે છે.
- મહિલા સશક્તિકરણ, સામુદાયિક સશક્તિકરણ હિંસા પ્રત્યેની જાગૃતતા અને મહિલાઓના પ્રજનન સ્વાસ્થ્ય જાળવણીના હેતુ માટે એક જેન્ડર રીસોર્સ સેન્ટરની સ્થાપના કરવામાં આવી છે, જે હાલ રાજયના પાંચ જિલ્લાઓમાં કામગીરી બજાવે છે.
- મહિલાઓને વિષમ પરિસ્થિતિમાં માર્ગદર્શક અને કાનૂની સહાય મળી રહે તે માટે **૭૪** જેટલા માર્ગદર્શન કેન્દ્રો કાર્યરત છે.
- મહિલાઓ અને બાળકોને આશરો મળી રહે તેમાટે સ્વધાર ઘરની યોજના હેઠળ બે સ્વધાર હોમ અને બે હેલ્પ લાઇન પણ ચાલુ કરવામાં આવી છે.
- રાજયમાં મહિલા શક્તિના ઉત્કર્ષ માટે **૨૭૭૦** સ્વસહાય મહિલા જૂથો વિવિધલક્ષી પ્રવૃત્તિઓ કરી રહયા છે.

રાષ્ટ્રીય મહિલા નીતિને ધ્યાનમાં લઇ મારી સરકારે રાજયની નારી ગૌરવ નીતિના મુસદ્દા અંગે સક્રિય વિચારણા કરી રહી છે. તેમજ રાજયમાં મહિલા આયોગ પણ કાર્યરત કર્યુ છે.

**બાળ કલ્યાણ**

રાજયમાં આઇસીડીએસ યોજનાનું સાર્વત્રિકરણ કરવામાં આવેલ છે. હાલ **૨૨૭** ઘટકો અને **૩૭૪૦૦** જેટલી આંગણવાડીઓ કાર્યરત છે. મને એ વાતનો આનંદ છે કે કેન્દ્ર સરકાર પાસેથી રાજયમાં **૩૩** નવા આઇસીડીએસ ઘટકો અને ૩૫૨૩ નવા આંગણવાડી કેન્દ્રોની મંજૂરી મેળવી લેવામાં આવી છે. આ બધાજ કેન્દ્રો કાર્યાન્વિત થતાં રાજયના **૨૭ લાખ** જેટલા બાળકો, કિશોરીઓ અને માતાઓને આઇસીડીએસની સેવાઓ વિસ્તૃત રીતે પ્રાપ્ત થશે.

**માર્ગ વિકાસ**

વિશ્વબેંક સહાયિત સ્ટેટ હાઈવે પ્રોજેકટ હેઠળ **૧૮૫૦** કી.મી. ના ધોરીમાર્ગો **પૈકી રૂા.૧૧૪૦ કરોડ**ના ખર્ચે **૧૩૫૦** કી.મી. ની કામગીરી પૂર્ણ થયેલ છે જ્યારે **રૂા.૪૫૦ કરોડ**ના ખર્ચે **૫૦૦** કી.મી. માં કાર્યવાહી પ્રગતિ હેઠળ છે. ઉપરાંત ભૂકંપ પુનઃ નિર્માણ યોજના હેઠળ **રૂા.૨૦૨ કરોડ**ના ખર્ચે ૮૧૬ કી.મી. લંબાઈના રાજય ધોરીમાર્ગની યોજના પૂર્ણતાના આરે છે. ભૂકંપગ્રસ્ત વિવિધ જીલ્લાઓમાં **૬૨૫** કિ.મી. ના ગ્રામ્ય માર્ગોનું કામ વર્ષ દરમ્યાન પૂર્ણ કરેલ છે. આ ઉપરાંત **રૂા. ૧૮૩ કરોડ**ના ખર્ચે **૩૩૪૫** ગ્રામ્ય માર્ગોને રીસરફેસીંગ કરવાની એશિયન ડેવલપમેન્ટ બેંક સહાયિત યોજના પણ સફળતાપૂર્વક પૂર્ણ કરી છે.

**પ્રગતિપથ : કોરીડોર અને વ્યૂહાત્મક આયોજન**

રાજયના ઝડપી વિકાસ અને તેના વિકાસ વૃધ્ધિ દરને ટકાવી રાખવા માળખાકીય સગવડમાં રોકાણ જરૂરી હોવાથી મારી સરકાર ધ્વારા સામાજીક એકત્રીકરણ માટે રાજયના દુરદરાજના સ્થળોને લાંબા અંતરના નવ પ્રગતિપથ કોરીડોરનું વ્યૂહાત્મક આયોજન કરવામાં આવેલ છે. આ પ્રગતિપથ પૂર્વપટ્ટીના વનવાસી ક્ષેત્ર અને સાબરકાંઠાના વિસ્તારોને પૂર્વથી પમિના સમાન્તર માર્ગોનું નેટવર્ક પૂરૂં પાડશે. ચાલુ વર્ષે **૩૫૦** કી.મી. નું કામ **રૂા.૧૬૧ કરોડ**ની અંદાજી કિંમત સાથે મંજૂર કરવામાં આવેલ છે અને કામગીરી હાથ ધરેલ છે.

મને એ જણાવતાં આનંદ થાય છે કે ભારત સરકાર સાથે સફળતાપૂર્વક પરામર્શને કારણે પૂર્વ-પશ્ચિમ કોરીડોરની યોજના હેઠળ **૫૮૨** કી.મી. લંબાઈમાં **રૂા.૨૫૭૩ કરોડ**ના કામો રાજયમાં શરૂ કરવામાં આવેલ છે. વડોદરા-સુરત રાષ્ટ્રીય ધોરીમાર્ગને **રૂા.૧૦૫૦ કરોડ**ના ખર્ચે છ-લેન પહોળો કરવાના કામના ટેન્ડરો મેળવવામાં આવેલ છે. અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ-વેને મુંબઈ સુધી લંબાવવાની મહત્વકાંક્ષી યોજનાને ભારત સરકારે મંજૂરી આપી છે.

ગત વર્ષને શહેરી વિકાસ વર્ષ જાહેર કરવામાં આવેલ, ત્યારે શહેરી વિસ્તારોમાંથી પસાર થતા રાજયમાર્ગોની સુધારણા કરવાનો નિર્ણય કરીને **૭૫** નગરપાલિકામાંથી પસાર થતી **૨૮૭** કી.મી. લંબાઈના માર્ગોની વિકાસપથની **રૂા.૧૨૨ કરોડ**ના ખર્ચે સુધારણાની યોજના મંજૂર કરી કામો શરૂ કરવામાં આવેલ છે. આ ઉપરાંત **રૂા.૬.૧૭ કરોડ**ના ખર્ચે શહેરી વિસ્તારના ૮૦ પંચાયત માર્ગોની સુધારણાની યોજના હાથ ધરવામાં આવેલ છે.

કિસાનોની ખેત પેદાશો અને ગ્રામ પરિવહન ક્ષેત્રે ક્રાંન્તિકારી એવી કિસાનપથ યોજના હેઠળ **રૂા.૧૪૮ કરોડ**ના ખર્ચે **૨૦૦૦** થી **૩૦૦૦** વસ્તી ધરાવતા ગામોના મુખ્ય માર્ગો અને વેચાણ કેન્દ્રો સાથે જોડતા એપ્રોચ રોડ તથા **૫૮૦** માર્ગોની સુધારણા હાથ ધરી છે.

**વાહન વ્યવહાર**

વાહન વ્યવહાર એ રાજ્યના આર્થિક વિકાસ તેમજ સામાજિક, ધાર્મિક, ઓદ્યોગિક, શૈક્ષણિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિના વિકાસમાં વિશેષ ભૂમિકા ભજવે છે. બસોમાં મુસાફરી કરતા મુસાફરોની યાત્રા વધુ આરામદાયક તેમજ પ્રદૂષણ મુક્ત રહે તે હેતુથી ચાલુ વર્ષે **રૂા. ૧૩૭.૬૯ કરોડ**ના ખર્ચે **૧૦૦** સી.એન.જી. બસો તેમજ **૧૦૦૦** આધુનિક ડિઝલ બસો એમ કુલ **૧૧૦૦** બસો ખરીદવામાં આવેલ છે, જેનો આંતર રાજ્ય રૂટના લાંબા અંતરના મુસાફરો લાભ લઈ શકશે. પ્રદૂષણનો પ્રશ્ન હલ કરવાના પ્રયાસરૂપે નિગમના સંચાલનમાં અત્યાર સુધી કુલ **૨૦૦** સી.એન.જી. બસો મૂકવામાં આવેલ છે.

પ્રવાસી જનતાની સુવિધા માટે હાલના **૭૦** કામચલાઉ અને **૨૧** કાયમી બસ સ્ટેશનોમાં વધારો કરીને અનુક્રમે **૧૨૮** અને **૧૦૫** કરવામાં આવેલ છે. રોજિંદી મુસાફરી કરતા પ્રવાસીઓને માત્ર **૫૦** ટકા ભાડું લઇને માસિક અને ત્રિમાસિક પાસ આપવાની પધ્ધતિ દાખલ કરવામાં આવેલ છે જેને ઘણો સારો પ્રતિસાદ મળેલ છે.

મારી સરકારે રાજ્યના **૨૩** જિલ્લાઓમાં સ્માર્ટ કાર્ડ સ્વરૂપે કોમ્પ્યુટરાઇઝ્ડ ડ્રાઇવીંગ લાયસન્સ આપવાની પ્રથા અપનાવી છે તેમાં હવે રાજ્યમાં તમામ વાહનોના રજિસ્ટ્રેશન માટે જો વાહન માલિક સ્વેચ્છાએ માગણી કરે તો સ્માર્ટ ઓપ્ટીકલ-કાર્ડ આધારિત રજીસ્ટ્રેશન બુક આપવા ની યોજના રાજ્યના **૭** જિલ્લાઓમાં સંપૂર્ણ પણે કાર્યરત બનાવેલ છે.

વાહન વ્યવહાર ખાતાની સેવા ઝડપી બનાવવા સારથિ સોફ્ટવેર સર્વેનો પ્રથમ પાઇલોટ પ્રોજેક્ટ તરીકે મહેસાણાની પસંદગી કરેલ છે.

**બંદરો વિકાસ**

રાજ્યના બંદરો વિદેશ વ્યાપાર માટે માત્ર ગુજરાત જ નહીં ઉત્તર ભારતના રાજ્યો માટે પણ સમૃધ્ધિના દ્વાર બની રહયા છે. દરિયાઇ માર્ગે **૮૦** ટકા જેટલા કાર્ગોની હેરફેર ધરાવતા ગુજરાત રાજ્યમાં ગત વર્ષે રાજ્યનાં નાના બંદરોએ **૯૭** મીલીયન ટન ટ્રાફીકની હેરફેર કરેલ છે જે વધીને ચાલુ વર્ષને અંતે **૧૦૦** મીલીયન ટનનો આંકડો પાર કરશે એવી ધારણા છે. બે એલએનજી ટર્મિનલ, બે એસ.ઇ. ઝેડ, એક કેમિકલ પોર્ટ, કન્ટેઇનર પોર્ટ અને ચાર ખાનગી ક્ષેત્રના બંદરોથી ધમધમતું રાજ્ય એક માત્ર ગુજરાત જ છે.

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર સમીટ-૨૦૦૫ દરમ્યાન બંદરક્ષેત્રે અભૂતપૂર્વ પ્રતિસાદ મળેલ અને જુદી જુદી યોજનાઓ જેવી કે, શીપ બીલ્ડીંગ/શીપ રીપેરીંગ યાર્ડ, કેપ્ટીવ જેટીનું વિસ્તૃતીકરણ, હેઝારડસ ક્ચરાના નિકાલ માટે રોકાણકારો સાથે કુલ **૩૭** સમજૂતીનાં કરારો સહી કરવામાં આવ્યા હતા. આ પૈકી આશરે **રૂા.૧૧૩૫ કરોડ**ના મૂડીરોકાણની પાંચ યોજનાઓની કામગીરી શરૂ થઇ ગઇ છે. અને અંદાજે રૂા.૨૫૯૫ કરોડના મૂડીરોકાણની સાત યોજનાઓ માટે જરૂરી મંજૂરીઓ આપવામાં આવેલ છે.

ચાલુ વર્ષે નવલખી બંદરે એક જેટીનું નિમાર્ણ કરી કાર્ગો પરિવહન શરૂ કરવામાં આવેલ છે. હયાત સુવિધાઓ સુધારવા તથા નવી બંદરીય સુવિધા વિકસાવવા બોર્ડ ધ્વારા ચાલુ વર્ષ **રૂા.૨૮.૫૫ કરોડ**નાં ખર્ચે કેપીટલ કામો હાથ ધરેલ છે. પોરબંદર નાઇટ નેવીગેશનની સુવિધા ધરાવનાર પ્રથમ બંદર બની રહયું છે.

**મત્સ્યોદ્યોગ**

મત્સ્યોદ્યોગ ક્ષેત્ર ઉપલબ્ધ મત્સ્ય સંપદાનો મહત્તમ ઉપયોગ કરવાના હેતુથી ભાંભરાપાણી મત્સ્યોદ્યોગનો વિકાસ, મરીન ફુડ માટે સ્પેશીયલ ઇકોનોમીક ઝોન ઉભુ કરવા, મત્સ્યોદ્યોગ ક્ષેત્રે કન્સલ્ટન્સી મેળવવા અને તાલીમ કેન્દ્રોના આધુનીકરણની નવી યોજના હાથ ધરી છે. દરિયાઇ મત્સ્ય ઉત્પાદનમાં ફીશ કેચની કિંમતમાં વધારો કરવા ખાસ કરીને ધોલાઇ અને ઓખા ખાતે મત્સ્ય બંદરોના વિકાસ હાથ ધરવામાં આવેલ છે. જખૌ બંદરનું આધુનિકરણ ફીશ હાર્બર તરીકે કરવામાં આવ્યું છે.

**વનીકરણ**

વન વૃધ્ધિ અને સંરક્ષણ તથા વન્ય સૃષ્ટિના જતન માટે સાતત્યપૂર્ણ જાગૃતિ દાખવીને ચાલુ વર્ષે **૭૭,૦૭૦** હેકટર વનીકરણ થયું છે અને **૧૮.૫** કરોડ રોપા વિતરિત ક્ર્યા છે ફોરેસ્ટ સર્વે ઓફ ઇન્ડિયાના અહેવાલ મુજબ રાજ્યના વન આચ્છાદિત વિસ્તારમાં વધારો થયો છે. સહભાગી વન વ્યવસ્થા હેઠળ રાજ્યના **૨૦૪૫** ગામોમાં ગ્રામ વનસંરક્ષણ સમિતિ બનાવીને સંરક્ષણની કામગીરી થઇ રહેલ છે. વનીકરણની સાથે સાથે આદિવાસીઓની કાળજી લઇને ડાંગ જિલ્લામાં માલિકીના ઝાડ કાપ્યા પછી વન ખાતા ધ્વારા હરાજી બાદ જિલ્લાના આદિવાસીઓને કિંમતની ચૂકવણીમાં થતો વિલંબ દૂર કરવા માટે મારી સરકારે રૂપિયા એક કરોડનું રિવોલ્વીંગ ફંડ ઉભું કર્યુ છે.

શહેરી ક્ષેત્રમાં પૂનિતવન અને પંચવટી જેવી યોજનાઓ લોકભાગીદારીથી પ્રેરીત કરવામાં આવી છે.

મારી સરકાર વન્ય પ્રાણીઓના રક્ષણ પ્રત્યે સંવેદનશીલ છે. રાજ્યના પછાત અને આદિવાસી વિસ્તારમાં વનવૃધ્ધિનો અભિગમ વધુ સ્પષ્ટ અને સુદ્રઢ બનાવવાના હેતુથી યોજેલ વન મહોત્સવમાં વિશાળ સંખ્યામાં પ્રજાજનોએ ઉત્સાહ ભેર ભાગ લઇ "" માંગલ્ય વન "" સ્વરૂપે વૃક્ષોનું વાવેતર કરેલ છે.

દિનપ્રતિદિન દૂર્લભ બનતાં પરિવહન ઇંધણના ખનીજતેલના સરળ વિકલ્પ તરીકે રતનજ્યોતના વાવેતરને અગ્રતા આપીને વર્ષ દરમ્યાન ૫ લાખ રોપા તેમજ **૩૮૦** ક્વિન્ટલ બીજનું વાવેતર કર્યુ છે.

**કાયદો અને વ્યવસ્થા**

રાજ્યમાં શાંતિપૂર્ણ વાતાવરણ રહે તે માટે અસામાજીક અને રાષ્ટ્રવિરોધી તત્વો વિરૂધ્ધ સતત તકેદારી રાખીને સુરક્ષા માટે સઘન પગલાં હાથ ધરવામાં આવેલ હોવાથી રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ નોંધપાત્રરીતે નિયંત્રણમાં રહી છે. આમ, જાહેર સુલેહ શાંતિને કારણે તમામ ધર્મ અને સંપ્રાદયના તહેવારો અને મેળાઓની શાંતિપૂર્વક રીતે ઉજવણી થઇ રહી છે.

આ ઉપરાંત રાજ્યના પોલીસ આવાસ નિગમ ધ્વારા **૧૨૦૦૦** જેટલાં નવા રહેણાંક્ના મકાનોનું બાંધકામ હાથ પર લેવામાં આવેલ છે. તથા કુલ **૮૦૦૦** જેટલાં મકાનોનું બાંધકામ પૂર્ણ કરેલ છે. ચાલુ વર્ષમાં **૩૧૦૦** જેટલાં રહેણાંક તથા **૫૫** જેટલાં બિન રહેણાંક્ના મકાન **રૂા. ૧૪૪.૬૬ કરોડ**નાં ખર્ચે હાથ લેવાનું આયોજન છે.

**ન્યાય તંત્ર**

વિવાદોનું સમાધાનપૂર્ણ નિવારણ થાય, બન્ને પક્ષકારોને સંતોષ મળે અને અદાલતોમાં કેસોના ભરાવાનું દબાણ હળવું થાય તે હેતુથી લોક અદાલતની વિશિષ્ટ અને સફળ પધ્ધતિ અપનાવીને ગુજરાતે ગૌરવ મેળવ્યું છે. વર્ષ-૨૦૦૫ દરમ્યાન આવી **૫૭૮૭** લોક અદાલતો યોજવામાં આવી હતી. તદઉપરાંત રાજ્યના લોકોને વિવિધ કાયદાઓનું મૂળભૂત જ્ઞાન પ્રાપ્ત થાય તે માટે વર્ષ ૨૦૦૫ દરમ્યાન ૧૪૩૯૮ કાનૂની શિબિરો યોજવામાં આવી હતી.

છેવાડાના લોકો સુધી ન્યાય પહોંચી શકે તે માટે ન્યાય અદાલતોના વિસ્તરણથી ઇડર, ગોંડલ, મોડાસા, ઉના, લીંમડી, આણંદ, ક્લોલ (ગાંધીનગર) અંક્લેશ્વર, વાપી અમીરગઢ, લાલપુર, ઠાસરા, બાયડ, ખેડબ્રહમા, માળીયા (હાટીના) વંથલી, આમોદ, આહવા (ડાંગ), સમી, લીમખેડા વગેરે સ્થળોએ નવી અદાલતોની સ્થાપના કરવાનું આયોજન હાથ ધર્યુ છે. સાથોસાથ કાયદાની પ્રક્રિયા અંગેના અભ્યાસ અને જ્ઞાનની અભિવૃધ્ધિ માટે ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી છે. જેમાં વર્ષ ૨૦૦૫-૨૦૦૬ થી એલ.એલ.એમ. અને પી.એચ.ડી. ના અભ્યાસક્રમો શરૂ કરેલ છે. યુનિવસિટી ભવન, હોસ્ટેલ સંકુલ અને આધુનિક સુવિધા સંપન્ન કેમ્પ્સ ઊભું કરવા માટે યુનિવર્સીટીને કોબા જિ.ગાંધીનગર ખાતે **૫૦** એકર જમીન ફાળવીને નવા સંકુલનું નિર્માણ શરૂં કર્યુ છે.

**ગુજરાત સ્ટેટ વાઇડ એરીયા નેટવર્ક (જીસ્વાન)**

ઇ - ગવર્નન્સ ધ્વારા ગુડ ગવર્નન્સની કાર્યશૈલી વિકાસાવીને આ વર્ષમાં ગુજરાત સરકારને રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય નામના મળી છે. "જીસ્વાન" રાજ્યના પાટનગરને તમામ ૨૫ જિલ્લા મથકોને અને **૨૨૫** તાલુકા મથકોને વોઇસ, વિડીઓ અને ડેટા-સર્વિસથી સાંકળતો ઇ-ગવર્નન્સનો આધારસ્તંભ છે. જે સમગ્ર એશિયા પેસિફીક વિસ્તારનું સોથી વિશાળ આઇપી બેઝડ નેટવર્ક છે સરકાર, પ્રશાસનના વહીવટી વિભાગો અને સમાજ વચ્ચે ટેક્નોલોજી ધ્વારા સેવા તેમજ સુવિધામાં ગુણાત્મક સુધારાની પહેલ કરવામાં આવી છે.

હાલમાં, વિવિધ વિભાગોની જિલ્લા અને તાલુકા ક્ક્ષાની **૨૦૦૦** થી વધુ સરકારી ક્ચેરીઓને જીસ્વાન અંતર્ગત સાંક્ળી લેવામાં આવી છે.

**સચિવાલય ઇન્ટીગ્રેટેડ કોમ્યુનિકેશન નેટવર્ક (એસઆઇસીએન)**

ગાંધીનગર ખાતેની સરકારી ક્ચેરીઓ વચ્ચેના આ વોઇસ કોમ્યુનિકેશન નેટવર્ક અન્વયે ગાંધીનગર ખાતેની સરકારી ક્ચેરીઓ માટે ઓપ્ટીક્લ ફાઇબર કેબલ્સ ઉપયોગ કરીને નેટવર્ક ઊભું કરાયુ છે જે અંતર્ગત હાલ **૬૩૦૦** વોઇસ ક્નેક્શન પૂરા પાડવામાં આવ્યા છે. આ પ્રોજેક્ટ દ્વારા ઝડપી અને બહેતર સંદેશાવ્યવહાર પૂરો પાડી શકાયો છે. **૧૨૭** જેટલી સરકારની વેબસાઇટો સફળ રીતે કાર્યરત છે.

**સાયન્સ સીટી**

આપ સર્વેને વિદિત છે તેમ મારી સરકાર દ્વારા અમદાવાદ ખાતે વિજ્ઞાન, શિક્ષણ અને મનોરંજનનો સુમેળ ધરાવતો મહત્વકાંક્ષી પ્રોજેક્ટ સાયન્સ સીટી સ્વરૂપે હાથ ધર્યો છે.

**ભાસ્કરાચાર્ય ઇન્સ્ટીટ્યુટ ફોર સ્પેસ એપ્લીકેશન એન્ડ જીઓ-ઇન્ફોર્મેટીક્સ (બાઇસેગ)**

"બાઇસેગ" દ્વારા ઉપગ્રહની મદદથી શિક્ષણ, તાલીમ, આયોજન અને ઉપગ્રહ આધારીત સંચાર પ્રણાલીની કામગીરી હાથ ધરવામાં આવે છે. જેમાં સેટેલાઇટ કોમ્યુનીકેશન તક્નીકને શિક્ષણનું અભિન્ન અંગ બનાવવા સારૂ ડાયરેક્ટ ટુ હોમ સંચાર હેઠળની નવી ચેનલ સ્થાપવામાં આવી છે. જીઓ-ઇન્ફોર્મેટીક્સ તક્નીક્ના આધારે ચોક્કસ નિર્ણય લેવામાં મદદરૂપ થાય એવી સહાયક પ્રણાલી વિક્સાવી છે.

**બાયોટેક્નોલોજી મિશન**

મારી સરકારે બાયોટેક્નોલોજીના ક્ષેત્રને રાજ્યના સામાજિક-આર્થિક વિકાસના સાધન તરીકે માન્ય ગણીને રાજ્યમાં બાયોટેક્નોલોજીના વિકાસને પ્રાધાન્ય આપવાનું નક્કી કર્યુ છે. આ હેતુ માટે મિશનની સ્થાપના કરીને તેને બાયોટેક્નોલોજીના વિકાસ માટે નીતિ અને પગલાંના આયોજન, અમલીકરણ અને સંકલનની જવાબદારી સોંપવામાં આવી છે.

વડોદરા ખાતે પબ્લીક પ્રાઇવેટ ભાગીદારીથી બાયોટેક્નલોજી આધારિત ઉદ્યોગોના વિકાસ માટે બાયોટેક પાર્ક વિક્સાવાઇ રહ્યો છે. આ ઉપરાંત, રૂા. ૫૦ કરોડના પ્રાથમિક કોર્પસ ફંડ દ્વારા બીટી વેન્ચર ફંડ ઉભું કરવામાં આવ્યું છે. બાયોટેક્નોલોજીના વિવિધ ક્ષેત્રોના વિકાસ માટે સેન્ટર ઓફ એક્સલન્સ પણ સ્થાપવામાં આવ્યું છે. ઉપરાંત આ મિશન દ્વારા બાયોટેક્નોલોજી ઓર્ગેનાઇઝેશન ઇન ગુજરાત નામના એક કમ્પેડીયમનું પ્રકાશન પણ કરવામાં આવ્યું છે જે સમગ્ર રાષ્ટ્રમાં સો પ્રથમ છે.

**કર્મયોગી મહાઅભિયાન, ચિંતન શિબિર અને કાર્યસંસ્કૃત્તિમાં બદલાવની દિશા**

પ્રજાકીય વહીવટને વધુને વધુ લોકાભિમુખ બનાવીને સરકારી કાર્યક્રમો મહત્તમ કાર્યક્ષમતા હાંસલ કરી શકે તે માટે સાતત્યપૂર્ણ ચિંતન જરૂરી છે. આ હેતુને પરિપૂર્ણ કરવા માત્ર વહીવટીતંત્ર જ નહિ પરંતુ મંત્રીમંડળે ગત ડીસેમ્બરમાં ત્રણ દિવસ માટે જી.એન.એફ.સી. ભરૂચ ખાતે રાજય સરકારના તમામ મંત્રીશ્રીઓ સહિત ઉચ્ચ અધિકારીઓની ચિંતન શિબિર યોજવામાં આવી હતી. આ શિબિરમાં કોઇ કામગીરીની સમીક્ષા કરવામાં આવતી નથી, પરંતુ પરસ્પર વિચાર વિમર્શ કરી, મહત્તમ લોકહીત હાંસલ કરવાની વ્યુહ રચનાની ચર્ચાઓ કરવામાં આવે છે.

**સ્વાન્ત : સુખાય પ્રોજેકટો**

કેવડીયા કોલોની ખાતેની અગાઉની ચિંતન શિબિર દરમ્યાન મા. મુખ્ય મંત્રીશ્રીએ નૂતન અભિગમ સાથે અધિકારીઓને કાર્યનો આત્મ સંતોષ મળે તે માટે તાલુકા કક્ષાએ તથા જિલ્લા કક્ષાએ અધિકારીઓને યોગ્ય લાગે તેવા સ્વાન્તઃ સુખાય પ્રોજેકટો હાથ ધરવા જણાવ્યું હતુ. તે અન્વયે અત્યાર સુધીમાં તાલુકા કક્ષાએ **૩૦૭** અને જિલ્લા કક્ષાએ **૮૦** જેટલા પ્રોજેકટો હાથ ધરાયેલ છે. આ પ્રોજેકટોનું મૂલ્યાંક્ન કરીને પ્રોજેકટોને પુરસ્કૃત કરવાની કામગીરી હાથ પર છે.

**કર્મયોગીના અભિપ્રાયને આવકાર**

રાજ્યના અધિકારી / કર્મચારીઓ તેમના અનુભવના આધારે વહીવટના સુધારા માટે તેમના સૂચનો કરી શકે તે માટે કર્મયોગી સર્વાભિપ્રાય મોજણીનું જે આયોજન કરવામાં આવ્યું હતુ. **૩.૫૦ લાખ** કર્મચારીઓના સુચનો મેળવવામાં આવ્યા છે જે સર્વે વિભાગોને વિચારણા માટે મોકલવામાં આવ્યા છે. આ સૂચનો પેકી ઉત્તમ કક્ષાના સૂચનો કરનારને પુરસ્કૃત કરવાની કામગીરી હાથ પર છે.

**તાલીમ બની સાતત્ય**

ભૂતકાળમાં કર્મયોગી અભિયાન ધ્વારા કર્મયોગીના બીજ રોપાયા છે. તેનો મહત્તમ લાભ મળે તે હેતુથી અને વિકાસના પડકારોને પહોંચી વળવા માટે કર્મચારીઓની કાર્યક્ષમતામાં વધારો અને હયાત જ્ઞાન અને આવડતોમાં સતત સુધારો એ આજના સમયની તાતી જરૂરિયાત છે. આ જરૂરિયાતોને પહોંચી મારી સરકારે તાલીમને એક ઉપયોગી અને નીવડેલ સાધન તરીકે ગણીને પોતાના કર્મચારીગણમાં વિકાસ સંદર્ભે તાલીમની નવી યોજના દાખલ કરેલ છે. જે અનુસાર વર્ગ-૧ અને વર્ગ-૨ ના રાજ્યપત્રિત અધિકારીઓને દર બે વર્ષે ઓછામાં ઓછી ત્રણ દિવસની તાલીમ મળી રહે તેવી પધ્ધતિ દાખલ કરેલ છે. રાજ્યની તાલીમ આપતી સર્વોચ્ચ સંસ્થા "સ્પીપા" ને સંપૂર્ણ સ્વાયત્તતા આપવામાં આવી છે. આનાથી સ્પીપાની કાર્યશેલીમાં વ્યવસાયિક્તાનું ધોરણ ઊચું આવ્યું છે.

સંસ્થા ધ્વારા વિવિધ તાલીમોનું આયોજન થાય છે જેમાં હવે માન. ધારાસભ્યશ્રીઓની તાલીમ માટે ખાસ તાલીમ વર્ગ યોજવાનું લક્ષ્યાંક રાખ્યું છે.

**ક્વોલીટી સર્કલ**

સરકારી કર્મચારીઓને કર્મયોગી તાલીમ આપવા અંગેના કાર્યક્રમમાં **૨ લાખ** શિક્ષકો સહિત **૩.૭૨ લાખ** કર્મચારીઓને તાલીમબધ્ધ ક્ર્યા છે. માર્ચ ૨૦૦૬ સુધીમાં બાકી રહેતા બધા કર્મચારીઓને આવરી લેવાનું લક્ષ્યાંક છે.

**બિન-નિવાસી ભારતીય પ્રભાગ**

અન્ય દેશોમાં અને ભારતના અન્ય રાજ્યોમાં વસતા ગુજરાતીઓ અને ગુજરાતી સંગઠનોને ગુજરાતની વિકાસ યાત્રા સાથે પ્રતિવર્ષ જાન્યુઆરી **૭** થી **૯** દરમ્યાન પ્રવાસી ભારતીય દિવસની ઉજવણી થાય છે જેમાં બિન નિવાસી ભારતીયો અને ખાસ કરીને બિન નિવાસી ગુજરાતીઓ રાજ્યની વિકાસ યાત્રામાં તેમનું યોગદાન કઇ રીતે આપી શકે તે માટે માનનીય મુખ્યમંત્રીશ્રીની ક્ક્ષાએ સફળ ચર્ચા ગોષ્ઠીઓનું આયોજન થાય છે. દર બીજા વર્ષે ગુજરાતી પરિવાર મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે અમદાવાદ ખાતે રિવરફ્રન્ટ ઉપર યોજાયેલ સફળ સંમેલન આનું ઉદાહરણ છે.

રાજ્ય સરકારે પહેલીવાર દેશના અન્ય **૯** રાજ્યોમાં ગુજરાતી પરિવારો મોટી સંખ્યામાં વસે છે તેમની સાથે સંપર્કસેતુ  પ્રસ્થાપિત કરવા મંત્રીશ્રીઓના નેતૃત્વમાં વરિષ્ઠ પ્રતિનિધિ મંડળોના પ્રવાસ ગોઠવ્યા હતા જેને ખૂબ જ વ્યાપક પ્રતિભાવ મળ્યો હતો.

**રમત ગમત**

રાજ્યની ભાવી યુવા પેઢીમાં રાષ્ટ્રીયતાની ભાવના ચરીતાર્થ થાય તેમજ પ્રાચિન વિરાસતના પરિચયની સાથે તેમના ચારિત્ર્યનું ઘડતર થાય તે માટે મારી સરકારે શ્રેણીબધ્ધ પ્રયાસો હાથ ધર્યા છે.

- **૫૧** રાષ્ટ્રીયક્ક્ષાની શાળાકીય સ્પર્ધાઓમાં ગુજરાત રાજ્યએ અત્યાર સુધીમાં **૧૪૨** મેડલ્સ મેળવેલ છે.
- રાષ્ટ્રીયક્ક્ષાની શાળાકીય સ્પર્ધાઓમાં માત્ર ગુજરાત જ એક એવું રાજ્ય છે જે તમામ રાજ્યના વિજેતા ખેલાડીઓને મેડલ્સ અને સર્ટીફીકેટ ઉપરાંત રોકડ પુરસ્કારથી પ્રોત્સાહિત કરે છે.
- તા.૬, ૭ સપ્ટેમ્બર ૨૦૦૫ ના રોજ તરણેતર ખાતે અને તા.૧૧, ૧૨ ઓક્ટોબર ૨૦૦૫ ના રોજ દેવગઢ બારીયા ખાતે દ્વિતીય ગ્રામીણ ઓલમ્પિક્સનું આયોજન.
- રમતગમત ક્ષેત્રે વિશિષ્ટ સિધ્ધિ હાંસલ કરનાર રાજ્યના **૨૩** રમતવીરોને ખાસ એવોર્ડ પેટે **રૂા. ૭.૬૧ લાખ**ની રકમ એનાયત, રાજ્ય સરકાર ધ્વારા સૌ પ્રથમવાર આ એવોર્ડનું વિતરણ કરવામાં આવેલ છે.
- રાજ્યના **૩૧૬૩** મહિલા ખેલાડીઓને **રૂા. ૧,૩૪,૧૦,૦૦૦** ની રકમ મહિલા સ્કોલરશીપ પેટે ચૂકવવામાં આવેલ છે. આગામી ૮ મી માર્ચના રોજ "" વિશ્વ મહિલા દિને "" **૧૦૦૦** કરતાં પણ વધુ મહિલા ખેલાડીઓને લગભગ **રૂા. ૫૦ લાખ** જેટલી સ્કોલરશીપ ચૂકવવાનું આયોજન છે.
- તરણ, સ્કેટીંગ, યોગા, જુડો, જિમાસ્ટીક્સ, ટેનીલ, બેડમીન્ટન, સ્નુકર અને બીલીયર્ડ જેવી રમતો માટે **૧૨** વર્ષથી નીચેની વયના બાળકો માટે ખાસ યોજનાની શરૂઆત કરેલ છે. જેમાં કુલ **૧૩૦૨** જેટલા ખેલાડીઓએ ભાગ લીધેલ છે.

**કલા સંસ્કૃતિ**

જિલ્લા પુસ્તકાલય, ગાંધીનગરને રાજારામ મોહનરાય લાયબ્રેરી ફાઉન્ડેશન, કલકત્તા ધ્વારા રાષ્ટ્ર ક્ક્ષાની સ્પર્ધામાં વર્ષ ૨૦૦૪ માટે પશ્મિ ઝોનમાં શ્રેષ્ઠ જિલ્લા ગ્રંથાલય તરીકે  વિજેતા જાહેર કરાયેલ છે અને **રૂા.૫૦,૦૦૦નું રોકડ** પારિતોષીક એનાયત કરેલ છે. જે ગુજરાતની  સાર્વજનિક ગ્રંથાલય પ્રવૃત્તિના ઇતિહાસમાં એક ચિર સ્મરણીય અને ગૌરવપ્રદ ઘટના છે.

વડનગર ખાતે તાનારીરી સમારોહ, મોઢેરા ખાતે ઉતરાર્ધ ઉત્સવ, સંસ્કૃતિ કુંજ ખાતે વસંતોત્સવ, રાસ-ગરબા મહોત્સવ, આદિવાસી યુવા મહોત્સવ, યુવા ઉત્સવ તથા સંગીત નૃત્ય, અને નાટય વિષયક અનેક કલાપ્રવૃત્તિઓનું સમયબધ્ધ આયોજન કરીને રાજ્યમાં કલા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ જીવંત બની રહે તે માટે મારી સરકાર પ્રયશીલ છે. કલાકારોને પ્રોત્સાહન મળે તે માટે મારી સરકારે ચિત્રકલા, શિલ્પ કલા, છબીકલા અને ગ્રાફીકકલાના કલાકારોને રાજ્ય બહાર પ્રદર્શન યોજવા માટે આર્થિક સહાયની યોજના, નાટક/શાસ્રીય નૃત્ય કાર્યક્રમો રજૂ કરવા માટેની આર્થિક સહાયની યોજના, રાજ્ય બહાર તથા રાજ્યમાં વિશિષ્ટ સાંસ્કૃતિક કાર્યક્રમો માટે કલા વૃંદોને આર્થિક સહાયની યોજના અને સાંસ્કૃતિક લોક વારસાના જતન,  વિકાસ માટે લોક ડાયરા કાર્યક્રમો માટેની યોજના એમ ચાર નવી યોજનાઓ સને ૨૦૦૫ના વર્ષથી અમલમાં મૂકી છે.

**પ્રવાસન**

પ્રવાસન પ્રવૃત્તિ ધ્વારા ગુજરાતની વૈશ્વિક ઓળખ પ્રસ્થાપિત કરવા, રાજ્યના સાંસ્કૃતિક વિરાસતની અનુભૂતિ કરાવવા અને પ્રવાસન પ્રવૃત્તિનો વ્યાપક વિકાસ કરવા માટે મારી સરકારે સને ૨૦૦૩ થી ૨૦૧૦ સુધીની પ્રવાસન નીતિ જાહેર કરી છે. આ સને ૨૦૦૬ ને પ્રવાસન વર્ષ તરીકે ઉજવવાનું જાહેર કર્યુ છે. પ્રવાસન વર્ષ દરમિયાન સમગ્ર રાજ્યના જિલ્લા અને તાલુકાઓમાં આજ સુધી ઉપેક્ષિત રહેલા પ્રવાસન સ્થળોને વિકસાવવાનું મહત્વાકાંક્ષી આયોજન હાથ ધર્યુ છે.

આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે વિચારોનું અને માહિતી આદાનપ્રદાન થઇ શકે તે માટે ઇન્ટરપ્રિટેશન સેન્ટર અને સુયોજિત માળખાના વિકાસ અંગેની કાર્યવાહી શરૂ કરવામાં આવેલ છે. વડનગરના વિકાસ માટે કેન્દ્ર સરકાર ધ્વારા "એશિયન હેરીટેઝ ટાઉન" નો પ્રોજેકટ મંજૂર કરીને કાર્યાન્વિત કરવામાં આવેલ છે. ચાંપાનેરને વર્લ્ડ હેરિટેજ એવોર્ડ પ્રાપ્ત થયો છે.

મારી સરકાર ધ્વારા સને ૨૦૦૫ માં ગાંધીનગર ખાતે ઉજવાયેલ નવરાત્રિ મહોત્સવ દરમ્યાન ધાર્મિક પ્રવાસન, વેદિકીય હેતુ, પર્યાવરણ, સાહસ વગેરે માટેની પ્રવૃત્તિઓ વિકસે તે માટે અને એતિહાસિક, પોરાણિક સ્થળોના પ્રવાસન જેવા વિષયો માટે ખાસ શમિયાણા ઊભા કરેલ હતા. જેણે લોકોમાં આકર્ષણ ઊભુ કર્યુ હતું. પહેલીવાર રણના રાત્રિ સોન્દર્ય સમા શરદોત્સવ કચ્છમાં ઉજવવામાં આવેલ જેને લોકો દ્વારા ઘણો સારો પ્રતિભાવ મળેલ છે. ચાલુ વર્ષે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ અમદાવાદ ખાતે ઉજવવામાં આવેલ હતો.

પ્રવાસન વર્ષ દરમિયાન માળખાકીય સુવિધાઓ ઉપરાંત ટુરિસ્ટ ગાઇડ જેવી રોજગારલક્ષી પ્રવૃત્તિઓનો વ્યાપક વિકાસ થતાં ગરીબો માટે આર્થિક પ્રવૃત્તિનું નવું જ ક્ષેત્ર વિકાસ પામશે.

**૨૦ મુદ્દા કાર્યક્રમ**

૨૦ મુદ્દા કાર્યક્રમમાં સમાજની અધિક્તમ સમસ્યાઓનો સમાવેશ કરવામાં આવેલો છે. ૨૦ મુદ્દા કાર્યક્રમના અમલીકરણમાં ગુજરાતે વર્ષ ૨૦૦૪-૨૦૦૫ દરમ્યાન સમગ્ર રાષ્ટ્રમાં ૧૦૦% સિધ્ધિ સાથે પ્રથમ ક્રમ હાંસલ કર્યો હતો. રાજ્ય છેલ્લા ચાર વર્ષથી દેશમાં પ્રથમ સ્થાને રહયું છે.

**નાણા પંચ**

૧૧ મા નાંણાપંચની ભલામણો અન્વયે વર્ષ ૨૦૦૦ થી ૨૦૦૫ ના ગાળા દરમ્યાન વાર્ષિક **રુ.૬૯.૯૧ કરોડ** લેખે ૫ વર્ષના **રુ.૩૪૮.૫૦ કરોડ**ની કેન્દ્રીય સહાય પ્રાપ્ત થઇ હતી જેમાં જ્યોતિગ્રામ તથા ઇ-ગ્રામ યોજનાનો સમાવેશ કરવામાં આવેલ હતો. ૧૨મા નાંણાપંચ અંતર્ગત રાજ્યને દર વર્ષે **રુ.૧૮૬.૨૦ કરોડ** મળવાપાત્ર થાય છે. જે પૈકી **૩૦** ટકા પાણી પુરવઠા, **૩૦** ટકા સ્વચ્છતા અને **૪૦** ટકા અન્ય કામો પાછળ ખર્ચવામાં આવશે.

**મહેસૂલી વહીવટ**

મારી સરકારે રાજ્યની સાત મહાનગરપાલિકા વિસ્તારની ૧૯ સીટી સરવે કચેરીઓના મિલક્ત કાર્ડના કોમ્પ્યુટરાઇઝેશન કામગીરી હાથ ધરીને ૨.૫૦ લાખ મિલક્ત કાર્ડના કોમ્પ્યુટરાઇઝેશનની કામગીરી પૂર્ણ કરેલ છે તથા સાત મ્યુનિસિપલ કોર્પોરેશનના વિસ્તારોમાં ૨૫ સબ રજીસ્ટ્રાર કચેરીઓના કોમ્પ્યુટરાઈઝેશનથી નોંધણીની કાર્યપધ્ધતિ સરળ, ઝડપી અને પારદર્શક બનાવી છે. આ યોજનાના અમલીકરણથી મિલક્તોની નોંધણી ઝડપી બનતાં નાગરિક્ને નક્લ તુર્ત જ ઉપલબ્ધ થાય છે.

**રાહત કામગીરી**

આપ જાણો છો તેમ ગુજરાત રાજ્યમાં ૨૦૦૫માં અભૂતપૂર્વ વરસાદ પડયો હતો. મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતના જિલ્લાઓ અને ખાસ કરીને દક્ષિણમાં વધારે અસર થઈ હતી. રાજ્યના ૧૪ જિલ્લાના ૮૦ તાલુકામાં બધા મળીને **૨૦૫૬** ગામોમાં ભારે વરસાદ કે પૂરથી અસર થયેલ હતી. આના લીધે રાજ્ય સરકારને કુલ **રૂા. ૮૧૧૦.૮૪ કરોડ** જેટલું નુકશાન અંદાજવામાં આવ્યું હતું. રાજ્ય સરકારે ત્વરિત પગલાંઓ લઇને અસરગ્રસ્ત વિસ્તારમાં મૃત્યુરાહત, કેશડોલ્સ, મકાન સહાય, ઘરવખરી સહાય વગેરે માટે કુલ **રૂા. ૧૩૦.૧૧ કરોડ** ચૂક્વ્યા હતા તથા માર્ગ અને મકાન વિભાગ, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, કૃષિ વિભાગ અને શહેરી વિકાસ વિભાગને લગતાં કામો માટે રૂા. ૪૧૫.૨૬ કરોડ ફાળવેલ હતા.

ડિઝાસ્ટર મેનેજમેન્ટ ક્ષેત્રે ગુજરાત ભૂકંપ પૂનઃ વસનના કાર્યક્રમ ઉપરાંત આપત્તિ નિવારણ વ્યવસ્થાપન માટે વિશ્વના માનવ સમાજને રાહબર બની રહયું છે. ડિઝાસ્ટર મેનેજમેન્ટ માટેની સંશોધન વિકાસની કાર્યપધ્ધતિમાં પણ ગુજરાત અવિરત પણે આગળ વધી રહયું છે.

**સુનામી અસરગ્રસ્ત રાજ્યોને સહાય**

સાઉથ ઈસ્ટ એશીયામાં તારીખ ડીસેમ્બર ૨૦૦૪ માં ત્રાટકેલ કુદરતી આપત્તિ સુનામી દરમિયાન મારી સરકારે દેશમાં પ્રથમ પહેલ કરીને અસરગ્રસ્ત રાજ્યોને મુખ્યમંત્રી રાહત નિધિમાંથી **૧૦ કરોડ** રૂપિયાની નાણાંકીય સહાય જાહેર કરી હતી. જેમાંથી તામિલનાડુને **૫ કરોડ** રૂપિયા, આંદામાન નિકોબારને **૨ કરોડ** તથા પોંડિચેરીને આંધ્ર પ્રદેશ અને ઓરિસ્સાને એક એક કરોડ રૂપિયા ફાળવવામાં આવેલ હતાં. આ ઉપરાંત રાજ્ય સરકારે જ્યાં સુનામીથી ગંભીર પણે અસરગ્રસ્ત આંદામાન અને નિકોબારમાં **૧૦** હેમ રેડીયો ઓપરેટરની ટીમને મોક્લીને સંદેશાવ્યવહારના પૂનઃસ્થાપનમાં અને **૬૭** જેટલી ખોવાયેલી વ્યક્તિઓનો પત્તો મેળવવામાં સહાય કરી હતી.

**નશાબંધી**

ગુજરાત રાજ્ય સંપુર્ણ નશાબંધી નીતિને વરેલું છે. નશાબંધી નીતિને કારણે રાજ્યમાં સામાન્ય રીતે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિમાં અને સમાજના નબળા વર્ગના જીવનધોરણમાં સુધારો જોવા મળે છે અને રાજ્યમાં ઓદ્યોગિક શાંતિ પણ પ્રવર્તે છે. જેના કારણે મોટા પ્રમાણમાં જુદા જુદા પ્રકારના ઉદ્યોગો સ્થાપવા માટે મૂડીરોકાણકારો આકર્ષાય છે. તેથી મારી સરકાર નશાબંધીની નીતિનો સુચારૂં અમલ થાય તે માટે કટિબધ્ધ છે. સને ૨૦૦૫ ના વર્ષમાં ૯૫૯૮૯ કેસો કરી ૯૮૭૪૪ આરોપીઓની અટક કરી રૂા. ૬૨ કરોડ કરતાં વધુ કિંમતનો મુદ્દામાલ જપ્ત કરેલ છે.

**માહિતી અને પ્રસારણ**

માહિતી અને પ્રચાર ઝડપી બદલાતી ટેક્નોલોજીના યુગમાં લોકોને અધતન મનોરંજન સાથે વેશ્વિક જાણકારી મળી રહે તે માટે સમૂહ દર્શન યોજના અંતગર્ત આદિજાતી વિસ્તારોમાં અને અનુ.જાતિની વધુ વસ્તીવાળા ગામોમાં નિભાવણીની સેવા સાથે ડીસેમ્બર-૨૦૦૫ સુધીમાં આદિજાતિ વિસ્તારમાં **૧૨૨**, ખાસ અંગભૂત યોજના અંતર્ગત **૨૮** અને અન્ય વિસ્તારોમાં **૬૨** રંગીન ટી.વી. ગોઠવવામાં આવેલ છે. માહિતી પ્રસારણની પ્રવૃત્તિને અદ્યતન ટેક્નોલોજીથી સુસજ્જ કરવામાં આવી છે.

**મનોરંજન**

રાજ્યની જનતાને ઉચ્ચકક્ષાનું મનોરંજન હળવા દરે ઉપલબ્ધ થાય તેવા આશયથી મનોરંજન કરમાળખામાં સરળીકરણ કરીને ટેક્ષની ગણતરી ગ્રોસને બદલે નેટ પર કરવામાં આવે છે. પરિણામે કરનો બોજો હળવો થયેલ છે. ગુજરાતી રંગીન ચલચિત્રોનાં નિર્માણમાં વેગ આવે અને ઉચ્ચ ગુણવત્તાવાળી તેમજ સારી કથાવસ્તુ ધરાવતા ગુજરાતી ચલચિત્રોના નિર્માણને પ્રોત્સાહન મળે તે હેતુથી ગુજરાતી ચલચિત્રોને સંપૂર્ણ કરમુક્તિ આપવામાં આવેલ છે તથા વધુને વધુ ગુજરાતી ચલચિત્રોનું નિર્માણ થાય તે માટે નિર્માતાઓને ફિલ્મ દીઠ **રૂા. ૫ લાખ**ની સહાય આપવામાં આવે છે. ચાલુ વર્ષ દરમ્યાન ડીસેમ્બર સુધીમાં ૧૫ નિર્માતાઓને સહાય ચૂકવવામાં આવેલ છે.

**વેધાનિક અને સંસદીય બાબતો**

મારી સરકાર આ સત્રમાં અંદાજપત્રના વેધાનિક કામકાજ ઉપરાંત નીચેના વેધાનિક કામકાજ ગૃહની વિચારણા માટે લાવવા ધારે છે :-

૧ ગુજરાત શેરડી ઉપર ખરીદવેરા (સુધારા અને માન્ય ઠરાવવા બાબત) વિધેયક, ૨૦૦૬.
૨ ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા (સુધારા) વિધેયક, ૨૦૦૬.
૩ ગુજરાત મોટર સ્પિરિટ ઉપકર (સુધારા) વિધેયક, ૨૦૦૬.
૪ ગુજરાત સ્થાનિક વિસ્તારોમાં નિર્દિષ્ટ માલના પ્રવેશ પર વેરા (સુધારા) વિધેયક, ૨૦૦૬.
૫ મુંબઇ પોલીસ (ગુજરાત સુધારા અને માન્ય ઠરાવવા બાબત) વિધેયક, ૨૦૦૬.
૬ ગુજરાતના અધિનિયમો રદ કરવા બાબત વિધેયક, ૨૦૦૬.
૭ ગુજરાત સિનેમા (નિયમન) (સુધારા ) વિધેયક, ૨૦૦૬.
૮ ગુજરાત ખાદી અને ગ્રામોદ્યોગ વિધેયક, ૨૦૦૬.
૯ ગુજરાત વખાર વિધેયક, ૨૦૦૬.
૧૦ ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલ વિધેયક, ૨૦૦૬.
૧૧ ગુજરાત લગ નોંધણી વિધેયક, ૨૦૦૬.
૧૨ ગુજરાત આકસ્મિક તબીબી સેવા વિધેયક, ૨૦૦૬.
૧૩ ગુજરાત વ્યવસાયી સિવિલ ઇજનેર વિધેયક, ૨૦૦૬

**ઉપસંહાર**

ગુજરાતની સર્વાંગીણ વિકાસયાત્રા સાચી દિશામાં આગળ વધી રહી છે. લોકભાગીદારીથી વિકાસની તેજ ગતિને નવું સબળ પરિમાણ મળ્યું છે. આધુનિક ગુજરાતના નિર્માણમાં વિજ્ઞાન અને ટેક્નોલોજીનો મહત્તમ વિનિયોગ થઇ રહયો છે. વેશ્વિક વિકાસના પરિપ્રેક્ષ્યમાં અને ૨૧ મી સદીના વેશ્વિક પડકારો જોતાં ગુજરાતે વિકાસ અને વહીવટની નવી તરાહ અપનાવી છે."ભારતના વિકાસ માટે ગુજરાતનો વિકાસ" નો મંત્ર સાર્થક કરવા સમગ્ર સમાજને જોડીને જનવિશ્વાસ, જનસમર્થન અને જનભાગીદારીથી ગુજરાત વિશ્વસ્તરના વિકાસના માપદંડો મૂર્તિમંત કરવા સમ્યક અને સર્વાંગીણ પ્રગતિની હરણફાળ ભરી રહયું છે. એક એક ગુજરાતી ગોરવભેર ગુજરાતી હોવાનું સ્વાભિમાન લઇ શકે અને ગુજરાત એક ગોરવંતા રાજ્ય તરીકે વેશ્વિક ઓળખ પ્રાપ્ત કરે તેવી આપ સોની ઝંખના છે ત્યારે આપ સર્વે પણ રાજયના હિતેષી બનીને લોકશાહી શાસન વ્યવસ્થા સાર્થક બને અને જનઆંકાક્ષાની પૂર્તિ થાય, પ્રજાજનોને સુશાસનની અનુભૂતિ કરાવવાની આ ગૃહની ઉચ્ચ સંસદીય પ્રણાલીઓ તથા તેની ગરિમાને જાળવીને આપ સો આપનું શ્રેષ્ઠત્તમ યોગદાન આપશો અને ચર્ચામાં ગરિમાપૂર્ણ ભાગ લેશો તેવી આશા સાથે આપ સોને શુભેચ્છાઓ પાઠવીને વિરમું છું.

**જય હિન્દ**
**જય જય ગરવી ગુજરાત**
******

# રાજયપાલશ્રીના સંબોધન માટેનો આભાર પ્રસ્તાવ

**શ્રી માધાભાઈ લા. બોરીચા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે રાજયપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો-

"અમો આ સત્રમાં એકત્રિત થયેલ ગુજરાત વિધાનસભાના સભ્યો રાજયપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલ સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ."

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી માધાભાઈ બોરીચાએ જે આભાર પ્રસ્તાવ રજૂ કર્યો છે તેને હું અનુમોદન આપું છું.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

# વિધાનસભાની સમિતિઓના અહેવાલની રજૂઆત

### કામકાજ સલાહકાર સમિતિના દશમા અહેવાલની રજૂઆત

**અધ્યક્ષશ્રી :** ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૯૨ અન્વયે મને મળેલ સત્તાની રૂએ, હું કામકાજ સલાહકાર સમિતિનો દશમો અહેવાલ રજૂ કરું છું.

સમિતિની બેઠક બુધવાર, તા. ૨૨ મી ફેબ્રુઆરી, ૨૦૦૬ ના રોજ રાત્રે ૮-૦૦ વાગ્યે સરકીટ હાઉસ, ગાંધીનગર ખાતે મળી હતી. સમિતિએ સભાગૃહમાં હાથ ધરવાનાં સરકારી વિધેયકો સંબંધમાં વિચારણા કરી હતી.

સોમવાર, તા. ૨૭ મી ફેબ્રુઆરી, ૨૦૦૬ ના રોજ નીચે દર્શાવ્યા મુજબનાં સરકારી વિધેયકો હાથ ધરવાં અને જરૂર જણાય તો સભાગૃહની બેઠકનો સમય લંબાવીને પણ તેની વિચારણા પૂરી કરવા સમિતિ ભલામણ કરે છે.

(૧) સન ૨૦૦૬ નું વિધેયક ક્રમાંક-૩-સન ૨૦૦૬ નું ગુજરાત શેરડી ઉપર ખરીદ વેરા (સુધારા અને માન્ય ઠરાવવા બાબત) વિધેયક
(૨) સન ૨૦૦૬ નું વિધેયક ક્રમાંક-૭-સન ૨૦૦૬ નું ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા (સુધારા) વિધેયક
(૩) સન ૨૦૦૬ નું વિધેયક ક્રમાંક-૫-સન ૨૦૦૬ નું ગુજરાત મોટર સ્પિરીટ ઉપકર (સુધારા) વિધેયક
(૪) સન ૨૦૦૬ નું વિધેયક ક્રમાંક-૬-સન ૨૦૦૬ નું ગુજરાત સ્થાનિક વિસ્તારોમાં નિર્દિષ્ટ માલના પ્રવેશ પર વેરા (સુધારા) વિધેયક
(૫) સન ૨૦૦૬ નું વિધેયક ક્રમાંક-૨-સન ૨૦૦૬ નું ગુજરાતના અધિનિયમો રદ કરવા બાબત વિધેયક
(૬) સન ૨૦૦૬ નું વિધેયક ક્રમાંક-૧-સન ૨૦૦૬ નું ગુજરાત સિનેમા (નિયમન) (સુધારા) વિધેયક

# સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ

**શ્રી અશોક ભટ્ટ (વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રી શ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના ૧૦મા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

# શોકદર્શક ઉલ્લેખો

**ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ સ્વ. શ્રી કે. આર. નારાયણન, ગુજરાત વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ સ્વ. શ્રી હિંમતલાલ ટી. મુલાણી, બૃહદ મુંબઈ વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ. શ્રી ખેમચંદભાઈ સોમાભાઈ ચાવડા, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ. શ્રી મહેન્દ્રભાઈ દેસાઈ, સ્વ. શ્રી વિરજીભાઈ ભીમજીભાઈ દાફડા અને સ્વ. શ્રી ધનજીભાઈ મોતીભાઈ રાઠોડના અવસાન અંગે**

**ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ શ્રી કે. આર. નારાયણનના અવસાન અંગે**

**શ્રી નરેન્દ્રભાઈ મોદી (સભાગૃહના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુઃખ થાય છે કે ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિશ્રી કે. આર. નારાયણનનું ૯મી નવેમ્બર, ૨૦૦૫ના રોજ ૮૫ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી નારાયણનનો જન્મ તા. ૨૭મી ઑકટોબર, ૧૯૨૦ના રોજ કેરાલા રાજયના કોટ્ટયમ જિલ્લાના ઉઝાવૂર મુકામે થયો હતો. તેઓશ્રીએ યુનિવર્સિટી ઓફ ત્રાવણકોરમાંથી અંગ્રેજી સાહિત્યના વિષય સાથે એમ.એ. અને લંડન સ્કૂલ ઓફ ઈકોનોમીકસમાંથી બી.એસ.સી. (ઈકોનોમીકસ)ની પદવી મેળવી હતી.

સને ૧૯૪૩માં યુનિવર્સિટી ઓફ ત્રાવણકોરમાં તેઓશ્રીએ પ્રાધ્યાપક તરીકે તેમની કારકીર્દિની શરૂઆત કરી હતી. સન ૧૯૪૪-૪૫માં તેઓએ "ધ હિન્દુ" અને ટાઈમ્સ ઓફ ઈન્ડિયા" દૈનિકના પત્રકાર તરીકે પણ સેવાઓ આપી હતી. સન ૧૯૪૯માં ઈન્ડિયન ફોરેન સર્વિસમાં જોડાઈને તેઓશ્રીએ રંગૂન, ટોકિયો, લંડન, કેનબેરા અને હેનોઈ ખાતે ભારતીય દૂતાવાસમાં અનેકવિધ પદો ઉપર રહીને ઉમદા સેવાઓ આપી હતી.

સ્વર્ગસ્થશ્રી નારાયણનએ સન ૧૯૬૭ થી ૧૯૬૯ દરમ્યાન થાઈલેન્ડ ખાતે સન ૧૯૭૩ થી ૧૯૭૫ દરમ્યાન તુર્કી ખાતે, સન ૧૯૭૬ થી ૧૯૭૮ દરમ્યાન ચીન ખાતે ભારતીય એલચી તરીકે પ્રશંસનીય સેવાઓ આપી હતી. ૧૯૭૮માં નિવૃત્ત થયા બાદ ઑકટોબર, ૧૯૮૦ સુધી જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીના ઉપકુલપતિ તરીકે તેઓએ સેવાઓ આપી હતી. આ ઉપરાંત તેઓશ્રીએ સન ૧૯૮૦ થી ૧૯૮૪ સુધી અમેરીકા ખાતે ભારતીય રાજદૂત તરીકે સુંદર કામગીરી કરી હતી.

૧૯૮૪માં સક્રિય રાજકારણમાં પ્રવેશ્યા બાદ સતત ત્રણ વખત લોકસભાના સભ્ય તરીકે ચૂંટાઈ આવી તેઓશ્રીએ કેન્દ્ર સરકારના આયોજન, વિદેશ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી, અણુશકિત, અંતરીક્ષ, વિજાણુ અને સમૃદ્ર વિકાસના મંત્રી તરીકે મહત્વપૂર્ણ કામગીરી કરી હતી. તેઓશ્રીએ ભારતીય પ્રતિનિધિમંડળના સભ્ય તરીકે સંયુકત રાષ્ટ્રસંઘ ખાતે પ્રશંસનીય કામગીરી બજાવી હતી.

સ્વર્ગસ્થશ્રી નારાયણને તા. ૨૧મી ઓગષ્ટ, ૧૯૯૨થી તા. ૨૪મી જુલાઈ, ૧૯૯૭ સુધી ભારતના ઉપરાષ્ટ્રપતિ અને ત્યારબાદ ૧૯૯૭થી પાંચ વર્ષ માટે રાષ્ટ્રપતિ તરીકે મહત્વપૂર્ણ સેવાઓ આપી હતી. અનેક દેશોની મુલાકાત લઈને તેઓશ્રીએ ભારતની ભવ્ય પ્રતિભાનો વિશ્વને પરિચય કરાવ્યો હતો. તેઓશ્રીને સન ૧૯૯૮ માં ધ અપીલ ઓફ કોન્સાયન્સ ફાઉન્ડેશન, ન્યુયોર્કનો વર્લ્ડ સ્ટેટસમેનનો એવોર્ડ મળ્યો હતો. ચીન, ફ્રાન્સ, બ્રાઝિલ સહિત વિશ્વના અનેક દેશોની તેઓએ મુલાકાત લીધી હતી.

સ્વર્ગસ્થશ્રી નારાયણનનું લેખન ક્ષેત્રે પણ પ્રદાન હતું. સામાજિક, રાજકીય અને સાહિત્યને લગતા અનેક લેખોમાં તેઓનું ચિંતન દેખાઈ આવે છે. તેઓશ્રી રાજકારણ ઉપરાંત વાંચન, લેખત અને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓમાં ઊંડો રસ ધરાવતા હતા.

સ્વર્ગસ્થશ્રી નારાયણનના અવસાનથી રાષ્ટ્રએ એક બહુમુખી પ્રતિભા ધરાવતા અગ્રણી નેતા તથા સંનિષ્ઠ સેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**ગુજરાત વિધાનસભાના પૂર્વ અધ્યક્ષશ્રી હિમતલાલ ત્રિભોવનદાસ મુલાણીના અવસાન અંગે**

**શ્રી નરેન્દ્રભાઈ મોદી (સભાગૃહના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા દુ:ખ થાય છે કે ગુજરાત વિધાનસભાના પૂર્વ અધ્યક્ષશ્રી હિંમતલાલ ત્રિભોવનદાસ મુલાણીનું તા. ૫મી ઑક્ટોબર, ૨૦૦૫ના રોજ ૬૬ વર્ષની વયે દુ:ખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી મુલાણીનો જન્મ ૨૯મી નવેમ્બર ૧૯૩૯ના રોજ પાટણ જિલ્લાના રાધનપુર તાલુકાના ભીલોટ મુકામે થયો હતો. કાયદાના સ્નાતક થઈ તેઓશ્રીએ વકીલાતનો વ્યવસાય અપનાવ્યો હતો.

સને ૧૯૬૩ થી જાહેર જીવનની પ્રવૃત્તિઓની શરૂઆત કરી તેઓશ્રીએ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, રાધનપુરના ચેરમેન તરીકે તેમજ અમરજયોત એજયુકેશન ટ્રસ્ટ, રાધનપુર અને જનતા સહકારી બૅન્ક, રાધનપુરના સ્થાપક પ્રમુખ તરીકે બહુમૂલ્ય સેવાઓ આપી હતી. આ ઉપરાંત તેઓએ અનેક સામાજિક તથા શૈક્ષણિક સંસ્થાઓના સભ્ય તરીકે અને વિવિધ સહકારી સંસ્થાઓના ડિરેકટર તરીકે નોંધપાત્ર સેવાઓ આપી હતી.

તેઓશ્રીએ આઠમી ગુજરાત વિધાનસભા દરમિયાન રાધનપુર મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યુ હતું અને ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રી તરીકે તા. ૧૧-૨-૧૯૯૧ થી તા. ૨૧-૩-૧૯૯૫ સુધી સેવાઓ આપી હતી.

સ્વર્ગસ્થ શ્રી મુલાણી સાહિત્યના અને પત્રકારત્વના ક્ષેત્રમાં ઊંડો રસ ધરાવતા હતા.

તેઓશ્રીના અવસાનથી ગુજરાત રાજયએ એક ઉમદા સામાજિક અને સહકારી આગેવાન તથા રાજકીય નેતા ગુમાવ્યા છે.

પ્રભુ સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

## મુંબઇ વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી ખેમચંદભાઈ સોમાભાઈ ચાવડાના અવસાન અંગે

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે મુંબઇ વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી ખેમચંદભાઈ સોમાભાઈ ચાવડાનું તા. ૩જી જાન્યુઆરી, ૨૦૦૬ના રોજ ૮૬ વર્ષની જૈફ વયે દુ:ખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થ શ્રી ચાવડાનો જન્મ તા. ૪થી ઑક્ટોબર, ૧૯૧૯ના રોજ પાટણ જિલ્લાના ધિણોજ ગામે થયો હતો. તેઓશ્રીએ બી.એસ.સી., એલ.એલ.બી. સુધીનું શિક્ષણ મેળવ્યું હતું.

સ્વર્ગસ્થશ્રી ચાવડાએ સન ૧૯૫૨ થી ૧૯૫૭ સુધી મુંબઇ વિધાનસભામાં ધારાસભ્યશ્રી તરીકે તેમજ પાંચમી, છઠ્ઠી તથા નવમી લોકસભામાં પાટણ સંસદીય મત વિસ્તારમાંથી ચૂંટાઈ આવીને અને સન ૧૯૬૦ થી ૧૯૭૧ દરમિયાન રાજ્યસભાના સભ્ય તરીકે પ્રજાના જાગૃત પ્રતિનિધિ તરીકે પ્રશંસનીય કામગીરી કરી હતી.

સ્વર્ગસ્થશ્રી ચાવડાએ મુંબઇ વિધાનસભાની તેમજ સંસદની સમિતિઓના સભ્યપદે રહી અનેક મહત્ત્વની ઉપયોગી સેવાઓ આપી હતી.

તેઓશ્રીએ આફ્રો-એશિયન સોલીડારીટી કૉન્ફરન્સમાં તથા બલ્ગૅરિયા ખાતે યોજાયેલ વિશ્વશાંતિ પરિષદમાં ભારતીય પ્રતિનિધિમંડળના સભ્ય તરીકે હાજરી આપી હતી.

સ્વર્ગસ્થશ્રી ચાવડાએ કૅનૅડા, ઝૅકોસ્લોવેકિયા, ફિનલૅન્ડ, મેલેશિયા, સિંગાપુર, યુ.કે., યુ.એસ.એ. અને યુ.એસ.એસ.આરનો પ્રવાસ કર્યો હતો.

તેઓશ્રીએ "ટંકાર" નામના પાક્ષિક અને "અભ્યુદય" નામના સાપ્તાહિકને પ્રકાશિત કરવામાં અમૂલ્ય ફાળો આપ્યો હતો.

શ્રી ચાવડાના અવસાનથી ગુજરાત રાજયે વરસો સુધી સંસદમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરતા નેતા અને એક દલિત આગેવાન ગુમાવ્યા છે.

પ્રભુ સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

## ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી મહેન્દ્રભાઈ ગોપાળદાસ દેસાઈના અવસાન અંગે

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી મહેન્દ્રભાઈ ગોપાળદાસ દેસાઈનું તા. ૨૦મી નવૅમ્બર, ૨૦૦૫ના રોજ ૯૧ વર્ષની જૈફ વયે દુ:ખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી દેસાઈનો જન્મ ૧૧મી નવૅમ્બર, ૧૯૧૪ના રોજ ખેડા જિલ્લાના વસો મુકામે થયો હતો. તેઓશ્રીએ મૅટ્રિક સુધીનું શિક્ષણ મેળવ્યું હતું.

તેઓશ્રીએ સ્વાતંત્ર્ય સેનાની તરીકે બારડોલી, બોરસદ, બદલપુર અને અમદાવાદની સત્યાગ્રહની લડતમાં તથા ધારાસણાના મીઠાના સત્યાગ્રહમાં સક્રિય ભાગ લીધો હતો. રાષ્ટ્રપિતા પૂ. ગાંધીજીની આજ્ઞાથી તેઓશ્રીએ આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમ્ ખાતે જલદ્ સત્યાગ્રહ કર્યો હતો અને સન ૧૯૪૨ની "હિંદ છોડો" ચળવળમાં પણ સક્રિય ભાગ લીધો હતો અને અનેક વખત જેલવાસ ભોગવ્યો હતો.

સ્વર્ગસ્થશ્રી દેસાઈએ ધારાસભ્યશ્રીઓને પેન્શન આપવાને લગતા કાયદાનો વિરોધ કરી સાબરમતી આશ્રમ, અમદાવાદ ખાતે ઉપવાસ આંદોલન પણ કર્યુ હતું.

તેઓશ્રીએ બૃહદ મુંબઇ વિધાનસભા અને પ્રથમ ગુજરાત વિધાનસભામાં નડિયાદ મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યુ અને સ્થાનિક પ્રશ્નોના ઉકેલ માટે જાગૃત પ્રહરી બની રહ્યા.

તેઓશ્રીના અવસાનથી ગુજરાત રાજયે એક પીઢ સ્વાતંત્ર્ય સેનાની અને ઉમદા સામાજિક કાર્યકર ગુમાવ્યા છે.

પરમ કૃપાળુ પરમાત્મા સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

## ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી વીરજીભાઈ ભીમજીભાઈ દાફડાના અવસાન અંગે

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી વીરજીભાઈ ભીમજીભાઈ દાફડાનું તા. ૨૫મી નવૅમ્બર, ૨૦૦૫ના રોજ ૭૪ વર્ષની વયે દુ:ખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી દાફડાનો જન્મ તા. ૭મી જાન્યુઆરી, ૧૯૩૧ના રોજ કરાંચી ખાતે થયો હતો. તેઓશ્રીએ બી.એ., એલ.એસ.જી.ડી. સુધીનું શિક્ષણ મેળવ્યું હતું અને વેપાર પ્રવૃત્તિ સાથે સંકળાયેલા હતા.

તેઓશ્રીએ અનેકવિધ, સહકારી સંસ્થાઓ અને મજૂર સંગઠનોમાં નોંધપાત્ર સેવાઓ આપી હતી. તેઓશ્રીએ દલિત સમાજના સર્વાંગી વિકાસ માટે વિવિધ સંસ્થાઓના પ્રમુખ તરીકે પણ ઉમદા સેવાઓ આપી હતી. સને ૧૯૫૫ થી ૧૯૬૬ દરમિયાન જિલ્લા પંચાયતના મુખપત્ર "ગ્રામ વિકાસ" ના તંત્રી તરીકે તેઓએ ઉલ્લેખનીય કામગીરી કરી હતી. સપ્ટેંબર, ૧૯૮૦માં ઝામ્બીઆ-લુસાકા ખાતે મળેલ કોમનવેલ્થ પાર્લામેન્ટરી એસોસિએશનની ૨૬મી કૉન્ફરન્સમાં ગુજરાતના પ્રતિનિધિ તરીકે તેઓએ હાજરી આપી હતી.

તેઓશ્રીએ ત્રીજી વિધાનસભામાં સન ૧૯૬૭થી ૧૯૭૧ અને છઠ્ઠી વિધાનસભામાં સન ૧૯૮૦ થી ૧૯૮૫ સુધી મુંદ્રા મત વિસ્તારનું પ્રતિનિધિત્વ ક્ર્યું હતું અને સમાજના પીડિત, શોષિત અને વંચિત વર્ગના પ્રશ્નોને વાચા આપી હતી.

તેઓશ્રીના અવસાનથી ગુજરાત રાજયે એક ઉમદા સામાજિક કાર્યકર તથા દલિત સમાજે એક નિષ્ઠાવાન આગેવાન ગુમાવ્યા છે.

પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

## ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી ધનજીભાઈ મોતીભાઈ રાઠોડના અવસાન અંગે

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા દુ:ખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી ધનજીભાઈ મોતીભાઈ રાઠોડનું તા. ૧૯મી ડિસૅમ્બર,૨૦૦૫ના રોજ ૭૪ વર્ષની વયે દુ:ખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થ શ્રી રાઠોડનો જન્મ તા. ૨૯મી એપ્રિલ, ૧૯૩૧ના રોજ સુરત જિલ્લાના મોરથાણા ગામે થયો હતો. તેઓશ્રી ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા હતા.

સ્વર્ગસ્થ શ્રી રાઠોડે કામરેજ તાલુકાના ખેતમજૂર મંડળના પ્રમુખ તરીકે, ગુજરાત હળપતિ ગૃહનિર્માણ બોર્ડ તથા ગુજરાત રાજય માર્ગ પરિવહન નિગમની સલાહકાર સમિતિના સભ્ય તરીકે ઉમદા સેવાઓ આપી હતી. તેમજ વિવિધ સહકારી મંડળીઓના ડિરેકટર તરીકે પ્રસંશનીય કામગીરી બજાવી હતી.

સ્વર્ગસ્થ શ્રી રાઠોડે પાંચમી અને નવમી ગુજરાત વિધાનસભા દરમિયાન કામરેજ મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યું હતું અને પ્રજાના પ્રશ્નોને વાચા આપી હતી.

તેઓશ્રીના અવસાનથી ગુજરાત રાજયે એક ઉમદા સામાજિક કાર્યકર ગુમાવ્યા છે.

પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઉલ્લેખ લઈને આવ્યા છે તેમાં હું મારો સૂર પૂરાવવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, કે. આર. નારાયણન જે આદેશના સર્વોચ્ચ પદ ઉપર બિરાજતા હતા. આ દેશની લોકશાહીમાં કેરાલાના એક નાનકડા ગામની અંદર જન્મીને, શિક્ષણ મેળવી અને જે લોકશાહી પ્રાપ્ત થઈ છે તેના દ્વારા શકિતનો પરિચય કરવા અને દેશના એક ક્ષેત્રમાં નહીં, પરંતુ અનેક ક્ષેત્રોમાં કેવી રીતે સેવા કરી શકાય તેનો

દાખલો કે.આર. નારાયણન સાહેબે આ દેશને આપ્યો છે. ગામડાંમાં જન્મવા છતાં તેમના અભ્યાસમાં એક ઉચ્ચ પ્રતિભાના દર્શન શરૂઆતથી કરાવ્યા હતા. લંડન સ્કૂલ ઑફ ઇકોનોમિક્સમાં ભણવું અને એ પણ આવા નાના ગામડાંના દલિત સમાજના, ગરીબ સમાજના વિદ્યાર્થીને ભણવાની તક પ્રાપ્ત થવી એ જ એ જમાનામાં અઘરું હતું. એ એમણે પ્રાપ્ત કર્યું હતું. ઈન્ડિયન ફૉરેન સર્વિસીસ જેવી એક ઉચ્ચતમ સર્વિસીસમાં જોડાયા તેમાં પણ પોતાની શકિતનો પરિચય કરાવ્યો. તેના પછી શિક્ષણ ક્ષેત્રમાં, લેખનના ક્ષેત્રમાં તેમણે પોતાની અદ્‌ભુત શકિતનો દેશને પરિચય કરાવ્યો. રાજનીતિમાં આવ્યા, લોકસભામાં, રાજ્યસભામાં ચૂંટાઈને મંત્રીપદે પણ બિરાજ્યા. આ દેશના ઉપરાષ્ટ્રપતિ બન્યા અને રાષ્ટ્રપતિ તરીકે પાંચ વર્ષ પોતાની પૂરી ટર્મ તેમણે સેવા બજાવી. ગૃહમાં બેઠેલાં તમામ લોકોને તેમના જે પ્રોએકટિવ નિર્ણયો હતા એ નિર્ણયોથી દેશ અને દુનિયાને પરિચય આપ્યો. રાષ્ટ્રપતિપદે બિરાજતા હોવા છતાં પણ તેમની ચિંતા હંમેશા દેશના છેવાડાના વંચિત લોકો માટે હતી અને તેના માટે જ્યારે કેન્દ્ર સરકાર કે બીજી જગ્યાએ અભિપ્રાયો વ્યક્ત કરવાના હોય, નિર્ણયો લેવાના હોય ત્યારે હંમેશા એ ગરીબો અને વંચિતો પ્રત્યેની તેમની વેદના છે એ એકેએક નિર્ણયોમાં, એકેએક વકતવ્યોમાં તેમણે વારંવાર બતાવી છે. ગુજરાતની બાબતમાં પણ તેમણે પોતાની સંવેદના વારંવાર વ્યક્ત કરી છે. આવી બહુમુખી પ્રતિભાવાળા એક વિદ્વાન, વડીલની આ દેશને, દેશના ગરીબોને અને દેશના શિક્ષિત લોકોને મોટી ખોટ પડી છે. હું પરમકૃપાળુ પરમાત્મા પાસે તેમના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરું છું અને આ ગૃહની અને મારી દિલસોજી આપના મારફત તેમના પરિવારજનો સુધી પહોંચાડવા માટેની વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, નિર્મળ હાસ્ય, સદાય હસતો ચહેરો અને અવાજની અંદર એવી જ બુલંદી, ભાષાની અંદર પણ એટલી જ સમૃદ્ધિ અને જ્યારે આપણને મળે ત્યારે એમની પાસેથી ૨-૫-૭ શાયરીઓ કે ૨-૫-૭ સૂચનો અચૂક મળ્યા હોય. ગૃહની અંદર જે લોકોએ એમની સાથે કામ કર્યું હશે એમને અનુભૂતિ થઈ હશે કે જેમણે કામ કર્યું ન હોય એવા લોકોને હંમેશાં માર્ગદર્શન આપવા માટે તેઓ તૈયાર.

રાધનપુર જેવા એક પછાતવિસ્તારમાંથી એ ચૂંટાયા અને અધ્યક્ષપદ સુધી પહોંચ્યા અને એ પછી પણ એ વિસ્તારની અંદર એમણે શિક્ષણ અને સમાજ સેવાનું કામ પૂરા દિલથી કર્યું. અમરજયોત જેવી સંસ્થા ઊભી કરી. એમને સાહિત્ય અને પત્રકારત્વ જેવો શોખ હતો. એમની સાથે વારંવાર સંપર્કમાં આવવાનું થતું હતું. છેલ્લીવાર મળવા આવ્યા. છેલ્લે અમરજયોત એજ્યુકેશન ટ્રસ્ટ છે એના મકાનના ઉદ્ઘાટન પ્રસંગે મળવાનું હતું અને હું એ દિવસે જવાનો હતો. કમનસીબે એના ૮ દિવસ પહેલાં ઈશ્વરે આપણા બધાની વચ્ચેથી એમને લઈ લીધા. સમાજને, એમના વિસ્તારને, આપણા બધાને એમની ખોટ પડી છે. પરમ કૃપાળુ પરમાત્મા એમના આત્માને શાંતિ આપે અને એમના પરિવારજનોને આ દુ:ખ સહન કરવાની શકિત આપે એવી પ્રાર્થના છે.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રી ખેમચંદભાઈ ચાવડા પણ એવા જ બહુમુખી પ્રતિભાવાળા આગેવાન હતા અને વર્ષો સુધી દલિત કુટુંબમાં જન્મેલા હોવા છતાં વર્ષો સુધી આ રાજયની રાજનીતિમાં સક્રિય રહ્યા. રાજય વિધાનસભાની અંદર, લોકસભાની અંદર અને રાજ્યસભાની અંદર ચૂંટાયા અને જીવનના અંતિમ સમય સુધી એ સમાજના છેવાડાના લોકો હોય, પોતાના મતવિસ્તારના લોકો હોય એમની એમણે ચિંતા કરી.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રી મહેન્દ્રભાઈ દેસાઈનું નામ આપણે બધા સુપેરે જાણીએ છીએ. આપણા સૌના ચોકીદાર બની જીવ્યા ત્યાં સુધી આપણે જાહેર જીવનમાં કેવી રીતે વર્તવું જોઈએ? કેવી સાદાઈ અપનાવવી જોઈએ એના દાખલા આપણી વચ્ચે આપતા રહ્યા. આપણા સૌના એક જાગતા ચોકીદાર હતા. એમની આપણને કાયમ માટે ખોટ રહેવાની છે.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રી વિરજીભાઈ દાફડા આપણા સૌના અને કચ્છના આગેવાન હતા, આપણા સૌના મુરબ્બી હતા. એ વિસ્તારની અંદર ખૂબ ખંતથી અને પક્ષીય અને રાજયકીય કામ કરતા હતા. અહીંયાં મજૂર સંગઠન હોય કે સાર્વજનિક સંગઠન હોય એ એમની સાથે જોડાયેલા હતા. એમના જવાથી એ વિસ્તારના લોકોને ખૂબ મોટી ખોટ પડી છે.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રી ધનજીભાઈ રાઠોડ ખેત મજૂરી સાથે જોડાયેલા લોકોના આગેવાન હતા. ખેતી સાથે સંકળાયેલા હતા. રાજનીતિમાં અને સમાજ સેવામાં એમનો ખૂબ મોટો ફાળો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ તમામ મહાનુભાવો આપણા સમાજના ઘરેણાં હતા. સમાજ આવા લોકોથી શોભતો હોય છે. એમના જવાથી અનેક ક્ષેત્રોમાં ખોટ પડી છે. માનનીય ગૃહના નેતાશ્રી જે પ્રસ્તાવ લઈને આવ્યા છે એમાં મારો સૂર પુરાવું છું અને આપના મારફત એમના પરિવારજનોને આ ગૃહની લાગણી પહોંચાડવા વિનંતી કરું છું.

**શ્રી બાબુભાઈ મે. શાહ (ભા.રા.કોં.)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહના નેતાશ્રી જે શોકપ્રસ્તાવ લાવ્યા છે અને માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ જે પોતાની વાત કરી છે એમાં મારો પણ સૂર પુરાવું છું. પૂર્વ રાષ્ટ્રપતિશ્રી કે.આર.નારાયણન જેવા તેજસ્વી પ્રતિભા ધરાવતા, નાનકડા ગામમાં જન્મી પોતાની આભાને આંબે એવી કેળવણી મેળવીને એ દેશના સર્વોચ્ચપદે પહોંચ્યા અને એ જ ગરીમા અને એનું અનુકરણ કરવાની પ્રેરણા આપે એવું વ્યકિતત્વ અર્થશાસ્ત્રની અંદર લંડન સ્કૂલ ઓફ ઈકોનોમીકસમાં ભણેલા પણ ગામડાના વિકાસની વાતને પ્રાધાન્ય આપતા. કેંદ્રના પ્રધાન તરીકે અને આ દેશના સર્વોચ્ચ હોદ્દા ઉપર જયાં પણ રહ્યાં ત્યાં એક આગવી પ્રતિભા મૂકી

ગયા છે. એમને હું મારી શોકાંજલી આપુ છુ. સ્વ. શ્રી હિંમતલાલ મુલાણી સાહેબ, આ ગૃહના પૂર્વ સ્પીકર અને એમની સાથે ધારાસભામાં વિરોધ પક્ષના સભ્ય તરીકે અમને જે ન્યાય મળતો એમનો એ અમે સદૈવ યાદ કરીએ અને વિધાનસભામા જે કંઈ બોલીએ એમાં કોઈ સારી વાત આવે તો પ્રશંસા કરતી કાપલી અવશ્ય મોકલે, એમની કેટલીયે કાપલીઓ આજે સંભારણારૂપ બની છે. મુલાણી સાહેબ અને મારો વિસ્તાર એકદમ પડોશમાં. રાધનપુર મત વિસ્તાર અને રાપર અને જાહેર જનજીવનના સામાન્ય આગેવાનો અને જનજીવનના અનેક પ્રશ્નોની અંદર અમારા સમાન પ્રશ્નોની અંદર વિચારોની આપ-લે પણ થાય અને એમનું માર્ગદર્શન મને હંમેશા મળતું. ઉંમરમાં વડીલ અને વડીલપણું નિભાવતા. સ્વ.શ્રી ખેમચંદભાઈ ચાવડાની સાથે ધારાસભામાં તો નહીં પરંતુ નવમી લોકસભામાં એ પાટણમાંથી લોકસભાના સભ્ય હતા અને ત્યારે પીઢ સભ્યોમાં અભ્યાસુ સભ્ય અને મુંબઈની વિધાનસભામાં રહી ચૂકયા હોય એનામાં પીઢતા કેવી હોય એના દર્શન મેં કરેલા. માન સ્વ. વીરજીભાઈ દાફડા એ પરિચિત, અમારા કચ્છના જીવનના આગેવાન વડીલ, જન્મ કરાંચીમાં થયો, શિક્ષણ કરાંચીમાં લીધું. ઉછેર કરાંચીમાં થયો, પણ ભાગલા પછી જ્યારે એ કચ્છ આવ્યા ત્યારે સવાયા કચ્છી તરીકેનું એમનું કચ્છમાં જાહેર જીવન પ્રજાને સદૈવ સ્મરણીય રહેશે અને એક શિક્ષિત બી.એ. એલ.એલ.બી., જિલ્લા લોકલ બોર્ડની અંદર એમની સેવાઓ હતી. ૧૯૬૭માં સ્વતંત્ર પાર્ટીમાંથી એ મુંદ્રા વિસ્તારમાંથી ધારાસભ્ય તરીકે ચૂંટાયેલા. ૧૯૮૦માં ફરીથી એ જ વિસ્તારમાંથી ધારાસભ્ય થયા અને માત્ર દલિતોના પ્રશ્નો નહીં પણ કચ્છના તમામ વર્ગના પ્રશ્નોની રજૂઆત કરવા માટે વિભાગને રજૂઆત કરવા હંમેશા એમનું જ્ઞાન , એમનો અનુભવ એ કામે લગાડતા. એ તમામ આગેવાનો સાથેનો નિકટનો પરિચય પ્રત્યક્ષ કે પરોક્ષ પરિચય છે. સ્વ. શ્રી મહેન્દ્રભાઈ દેસાઈનું જે નિધન થયું છે. એમના જીવનની અંદર ગોપાળસાહેબ અને ભકિતબાના જ્ઞાનના સંસ્કારોને એમણે ઉજાળ્યા, વિધાનસભ્યોના પ્રશ્નની બાબતમાં એમના વિચારો બહુ સ્પષ્ટ હતા. કોઈ માને કે ન માને પણ એમણે હંમેશા પોતાના વિચારો લોકોને કહ્યા અને એમના વિચારોને આપણે સ્વીકારવા પડે એવા તથ્ય સાથેના વિચારો હતા એટલે મહેન્દ્રભાઈ દેસાઈ સાથે ધારાસભામાં નહીં પરંતુ એમની સુવાસ, એમની નામના મેં સાંભળેલી. સ્વ. શ્રી ધનજીભાઈ મોતીભાઈ રાઠોડના નિધનથી ગુજરાતના જાહેરજીવનના આગેવાનના નિધનથી આપણું જાહેર જીવન રાંક બન્યું છે એમ કહેવામાં પણ અતિશયોકિત નહીં થાય. આ તમામ આત્માને પ્રભુ ચીર શાંતિ આપે એ માટે પ્રાર્થના કરુ છું. એમના પરિવારજનોને ખૂબ હિંમત આપે અને એમના જીવનના જે સત્કાર્યો છે એના ઉપરથી આપણે સૌ ઘડો લઈને એમના ફુટસ્ટેપ ઉપર ચાલીએ એવો સંકલ્પ કરીએ એટલા શબ્દો સાથે હું ફરી એક વખત પરમાત્માને સદ્દગતના આત્માને શાંતિ માટેની પ્રાર્થના કરી હું મારું સ્થાન લઉ છું. ધન્યવાદ.

**ડૉ. દિનેશ પરમાર (ભા.રા.કોં.)** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા જે શોકદર્શક ઉલ્લેખો લાવ્યા છે અને વિરોધપક્ષના નેતાએ જેને અનુમોદન આપ્યું છે એમાં હું મારા વિચારો વ્યકત કરવા ઉભો થયો છું. ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ સ્વ. શ્રી કે. આર. નારાયણનનું ૯ નવેમ્બર, ૨૦૦૫ના રોજ ૮૫ વર્ષની ઉંમરે દુઃખદ અવસાન થયું, તેમના નિધનથી દેશને મોટી ખોટ પડી છે. કોચેરીન રામન નારાયણનનો જન્મ ફેબ્રુઆરી ૧૯૯૦માં થયો હતો. કેરાળના પેરુન્થાનમ નામના નાના સરખા ગામમાં જન્મ લીધેલા દલિત સમાજના એવા વ્યકિત કે જેમનો જન્મ ઝૂંપડામાં થાય છે અને જે રાષ્ટ્રપતિ ભવન સુધી પહોંચી શકે છે એ આ દેશની અંદર લોકશાહી પ્રાપ્ત થયા પછી ૨૩૦૦ વર્ષ પછી જે અધિકાર વંચિત લોકો હતા એને અધિકાર પ્રાપ્ત થયા એનું આ પરિણામ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મામૂલી ઝૂંપડાંમાં જન્મ લેનાર વ્યકિતના પિતા પરંપરાગત વૈદ્ય તરીકેનું કામ કરતા હતા. છતાં પણ એની આર્થિક સ્થિતિ એટલી બધી નબળી હતી કે એને ફી ભરવા માટે અથવા પુસ્તકો લેવા માટે યુદ્ધ જેવી પરિસ્થિતિમાંથી પસાર થવું પડતું હતું. એવી વિકટ પરિસ્થિતિમાંથી આગળ વધવાવાળા માણસ, આશરે ૧૫ કિલોમિટર જેટલા દૂરના અંતરે પ્રાથમિક શિક્ષણ પ્રાપ્ત કરવા ચાલીને જવું અને શિક્ષણ પ્રાપ્ત કરી ટેલેન્ટેડ વિદ્યાર્થી અથવા સ્કોલર તરીકે પોતાની જાતને પ્રસ્થાપિત કરવી એ કોઈ નાનીસૂની વાત નથી. મેરિટ સ્કૉલરશિપ મેળવી અને ઈન્ટરમિડિએટ જેટલો અભ્યાસ કરી અને માસ્ટર ડીગ્રી પ્રાપ્ત કરવા માટે યુનિવર્સિટી ઑફ ત્રાવણકોરની અંદર પોતે યુનિવર્સિટી ફર્સ્ટ તરીકે પ્રસ્થાપિત થયા. માત્ર દલિત સમાજમાંથી યુનિવર્સિટી ફર્સ્ટ તરીકેનો રૅકૉર્ડ નહિ પણ બીજા સમાજમાંથી પણ પોતે યુનિવર્સિટી ફર્સ્ટ તરીકે પ્રસ્થાપિત થયા એ નાનીસૂની વાત નથી. એ જ યુનિવર્સિટીમાં પોતે પ્રાધ્યાપક તરીકે ફરજ બજાવે. તેઓ અર્થશાસ્ત્રી, પ્રાધ્યાપક, પત્રકાર, એમ્બેસેડર, ચીફ એન્વોય તરીકે, ડીપ્લોમેટ તરીકે, શિક્ષણશાસ્ત્રી તરીકે, રાજનીતિજ્ઞ તરીકે, ઉપરાષ્ટ્રપતિ તરીકે અને રાષ્ટ્રપતિ તરીકે આવી બહુમુખી પ્રતિભાસંપન્ન ધરાવતા આપણા કે.આર. નારાયણને જે.આર.ડી. તાતા સ્કૉલરશિપ મેળવી લેજન્ડરી હેરલ્ડ લાસ્કી લંડન ઑફ સ્કૂલ ઑફ ઈકોનોમિકસમાં પોતે પ્રવેશ મેળવી અને ત્યાં પણ પોતાની કારકિર્દી જળહળતી કરી. વી.કે. કૃષ્ણમેનન સાથે લંડનમાં ઈન્ડિયા લીગમાં તેમણે કામ કર્યું અને કનૈયાલાલ મુનશી સાથે સોશ્યલ વેલ્ફેર વીકલીમાં સેવાઓ પ્રદાન કરી. ધ હિન્દુ અને ટાઈમ્સ ઑફ ઈન્ડિયામાં દૈનિકના પત્રકાર તરીકે પોતે સેવાઓ આપી. ભારતમાં આવ્યા ત્યારે જવાહરલાલ નહેરુએ તેઓને ઈન્ડિયન ફૉરેન સર્વિસમાં નિયુક્ત કર્યા. ત્યાં તેઓએ ચીફ ડીપ્લોમેટ તરીકે, એમ્બેસેડર તરીકે થાઈલેન્ડ, ટર્કી, રંગુન, ટોકિયો, લંડન, કેનબેરા, હેનોઈડ ભારતીય દૂતાવાસમાં અનેક પદો પર કામ કર્યું. ચીફ એન્વોય તરીકે ચાઈના અને યુનાઈટેડ સ્ટેટસ્‌માં પડકારરૂપ સમયમાં અને વિકટ પરિસ્થિતિમાં

તેઓએ કામ કરી અને દેશને ગૌરવ અપાવવાનું કામ કરેલું. ન્યૂયોર્કનો વર્લ્ડ સ્ટેટસ્મેનનો એવોર્ડ મેળવ્યો. ઓછાબોલા, બહુશ્રૃત અને મૃદુહાસ્યના ગુણો ધરાવતા શ્રી કે.આર.નારાયણન ૧૯૭૮માં આઈ.એફ.એસ. તરીકે નિવૃત્ત થયા. જવાહરલાલ નહેરું યુનિવર્સિટીમાં વાઈસ ચાન્સેલર તરીકે દિલ્હીમાં તેઓને નિયુકિત આપવામાં આવી. તેઓએ ત્રણ વખત લોકસભામાં પ્રતિનિધિત્વ કર્યું અને ૧૯૯૨માં વિનાવિરોધે ભારતના ઉપરાષ્ટ્રપતિ બન્યા. ૧૯૯૭માં ભારતના દસમા રાષ્ટ્રપતિ તરીકે પસંદ થયા. નિવૃત્તિ બાદ પણ કોઈપણ જાતનું ટીકાત્મક જીવન ન હોઈ, આપણા રાષ્ટ્રપતિનો એક પ્રસંગ મને યાદ આવે છે. જ્યારે અમેરિકાના રાષ્ટ્રપતિ આ દેશમાં આવે છે ત્યારે એની સાથે પોતે બેસે છે અને વાતચીત કરે છે ત્યારે એણે કહ્યું કે, You are simply President of one of the State of the globe and not the President of entire globe. એટલે કહેવાનો મતલબ કે તમે દુનિયાના કાજી બનવાની કોશિશ ન કરો. જેની નોંધ આ દેશના મિડિયાએ ન લીધી. બહુ નાની બાબત તરીકે આવ્યું પણ વિશ્વના મિડિયાએ તો એને હેડલાઈન બનાવી અને જે રીતની એમની પ્રશંસા કરવામાં આવી એના ઉપરથી એની ખુમારી, એનું ખમીર અને દ્રઢ મનોબળના આપણને દર્શન થાય છે. આવી વ્યક્તિ દેશે ગુમાવી છે ત્યારે દેશને મોટી ખોટ ગઈ છે. આવા પનોતા પુત્ર ગુમાવવાથી જે ખોટ ગઈ છે એ પૂરવી ઘણી મુશ્કેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભાના પૂર્વ અધ્યક્ષશ્રી હિંમતલાલ ટી. મુલાણીનું પમી ઑકટોબર, ૨૦૦૫ના રોજ ૬૬ વર્ષની વયે દુઃખદ અવસાન થયું છે. સ્વર્ગસ્થ મુલાણીનો જન્મ ૨૧મી નવૅમ્બર ૧૯૩૯ના રોજ પાટણ જિલ્લાના રાધનપુર તાલુકાના ભીલોટ મુકામે થયો હતો. કાયદાના સ્નાતક તરીકે વકિલાતનો વ્યવસાય કરવાવાળા એવા મુલાણીજીએ આઠમી ગુજરાત વિધાનસભામાં રાધનપુર વિસ્તારમાંથી પ્રતિનિધિત્વ કરેલું. તેઓશ્રી જ્યારે અધ્યક્ષ હતા ત્યારે આ વિધાનસભામાં રાજ્યકક્ષાના મંત્રી તરીકે સેવા કરવાની મને તક મળેલી. તેઓએ તા. ૧૧-૨-૧૯૯૧ થી તા. ૨૧-૩-૧૯૯૫ સુધી અધ્યક્ષ તરીકે સેવા પ્રદાન કરેલ અને તેઓએ આ ગૃહમાં સંસદીય લોકશાહીની ઉચ્ચ પ્રણાલિકાઓ જાળવવા માટે જે રીતે પોતાના અગત્યના નિર્ણયો આપ્યા છે એ હજુ પણ યાદગીરી રહી શકે એવા છે. તેઓના નિર્ણયો ખૂબ જ પ્રભાવક, અસરકારક અને સીમાચિન્હરૂપ બની ગયેલા. તેઓશ્રી આ સન્માનની ગૃહના સભ્યશ્રીઓના વિશિષ્ટ અધિકારો માટે સતત જાગૃત રહેતા. કાયમ હસમુખા, શેર અને શાયરીમાં વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કરનારા મુલાણીજી શીઘ્ર કવિ પણ હતા.
તેઓની કાર્યપ્રણાલી જીવંત અને રસપ્રદ ટકોર, sense of humour ચિરસ્મરણીય રહેશે. સંસદીય લોકશાહી પ્રણાલીના રખેવાળ, નીડર વકતા અને વિદ્વાન રાજનૈતિજ્ઞ ગુજરાતે ગુમાવ્યા છે તેનું ભારોભાર દુઃખ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખેચમચંદભાઈ ચાવડા અનુસૂચિતજાતિના એક વ્યકિત બી.એસ.સી., એલ.એલ.બી.નો અભ્યાસ કરીને એક રાજનૈતિજ્ઞ, સમાજ સુધારક, જર્નાલિસ્ટ તરીકે અને મજદૂર સંગઠનમાં નેત્વૃત્વ પૂરું પાડી અને લેખક તરીકે આધુનિક પ્રગતિશીલ ખેતીના પ્રણેતા તરીકે, સ્વાતંત્ર્ય સેનાની તરીકે આઝાદીના જંગમાં જેણે સેવા આપી છે અને ટીચર તરીકે પોતે સેવા આપેલી. Dy.Chief Whip, Janata Parliamentary Partyમાં ૧૯૭૦-૭૯ ની અંદર પોતે સેવા આપેલી. Dy. Leader in National Front in Parliamentમાં પોતે સેવા આપેલી. પાંચમી લોકસભા અને છઠ્ઠી લોકસભામાં તેઓએ પ્રતિનિધિત્વ કરેલું. રાજ્યસભાના સભ્ય તરીકે પણ રહેલા. ૧૯૫૨-૫૭ ની અંદર મુંબઈ રાજ્યમાં વિધાનસભાના સભ્ય તરીકે પોતે ફરજ બજાવેલી. વિધાનસભાની અનેક સંસદીય સમિતિઓની અંદર પોતે સેવા પ્રદાન કરેલી. તેઓ એક સારા એવા લેખક હતા. Constitutional Privelege for Scheduled Caste and Scheduled Tribe - Origin and Implementation નામનું પુસ્તક લખેલું. Morarjibhai Desai - Former Prime Minister on Disarmament, Peace and Prosperty નામનુ બીજું પુસ્તક લખેલું. પખવાડિક એવું 'ટકોર' અને અઠવાડિક 'અભ્યુદય' નામના પત્રોના પોતે ઓનર, એડિટર અને પબ્લીશર હતા. Afro-Asian Solidariy Conference નવીદિલ્હી ખાતે પોતે ઉપસ્થિત રહેલા. World Peace Conference, Helsinki ખાતે પોતે હાજર રહેલા. Conference of People for World Peace, સોફીયા, બલ્ગેરિયામાં પોતે ઉપસ્થિત રહેલા. United Nations General Assembly, ન્યૂયોર્ક, કૅનૅડામાં પોતે હાજર રહેલા. કેનેડા, ઝેકોસ્લેવેકિયા, ફીનલેન્ડ, લેપલેન્ડ, મલેશિયા, યુ.કે., સિંગાપુર, યુ.એસ.એ., અને યુ.એસ.એસ.આર. જેવા અનેક દેશોની મુલાકાત લેવાવાળા આવા વિદ્વાન અને એક સારા રાજપુરુષ દલિત સમાજે જ નહિ પણ સમગ્ર ગુજરાતે ગુમાવ્યા છે અને ગુજરાતને એની મોટી ખોટ પડી છે.

ભાઈશ્રી વિરજીભાઈ ભીમજીભાઈ દાફડા એ મારા અંગત મિત્ર વર્ષોથી હું એમને જાણું છું. ૬ વર્ષ સુધી જ્યારે કચ્છનો પોલિટિકલ હવાલો મારી પાસે હતો ત્યારે હું એમના સાનિધ્યની અંદર આવ્યો. ૨૫મી નવેમ્બર, ૨૦૦૫નાં ૭૪ વર્ષની વયે એમનું દુઃખદ અવસાન થયું. તેઓએ મુંદ્રા-કચ્છમાંથી પ્રતિનિધિત્વ કરેલ. તેઓનો જન્મ ૭/૧૦/૧૯૨૫ નાં રોજ કરાંચી મુકામે થયેલો. તેઓએ બી.એ., એલ.એલ.બી. અને એલ.એફ.જી.બી. જેવી પદવીઓ પ્રાપ્ત કરી. ગુજરાત હરિજન સંઘમાં સલાહકાર તરીકે, ગુજરાત પછાતવર્ગ કાઉન્સિલના ઉપપ્રમુખ તરીકે, કચ્છ જિલ્લા લોકલ બોર્ડના પ્રમુખ તરીકે, જિલ્લા પંચાયત કચ્છમાં મંત્રી તરીકે, જિલ્લા લોકલ બોર્ડ અને જિલ્લા પંચાયતના મુખપત્ર ગ્રામ વિકાસના તંત્રી, મુદ્રક અને પ્રકાશક તરીકે વર્ષો સુધી તેમણે સેવા આપેલી. ત્રીજી વિધાનસભા અને છઠ્ઠી ગુજરાત વિધાનસભામાં તેમણે સેવા આપેલી. સારા એવા સફળ પત્રકાર તરીકે સેવા આપેલી. પછાતવર્ગ ઉત્કર્ષની પ્રવૃત્તિમાં તેઓના જીવનનો છેલ્લો તબક્કો પસાર થયો. તેઓ જીવનના છેલ્લા તબક્કામાં

સંપૂર્ણપણે ધર્મ તરફ વળી ગયેલા અને ધર્માનુરાગી તરીકે એવા સનાતન ધર્મ, મામૈદેવ, ધણીમાતંગ અને મહેશ્વર પંથની અંદર 'માતંગ પુરાણ' નામનું પુસ્તક લખેલું અને યાદગાર એવો ગ્રંથ સમાજને ભેટ આપ્યો છે. કોમનવેલ્થમાં પ્રતિનિધિત્વ કરેલું. તેઓ જીવનના અંત સુધી જનહિત માટે કાર્યરત રહ્યાં. તેઓના દુ:ખદ અવસાનથી કચ્છ અને ગુજરાતે એક પનોતાપુત્ર ગુમાવ્યા છે. દલિત સમાજે તેના મોભી ગુમાવ્યા છે. તેઓના નિધનથી જાહેર જીવનમાં ના પુરી શકાય તેવી ખોટ પડી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ઉપરાંત ભાઈશ્રી મહેન્દ્રભાઈ દેસાઈ, ધનજીભાઈ રાઠોડ વગેરે જે સારા એવા આપણા સભ્યશ્રીઓના દેહાંત થયાં છે એનાથી ખૂબજ દુ:ખ થયું છે. સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ પ્રાપ્ત થાય તેવી આપણે સૌ પ્રભુને પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી (ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી, આપણા દેશના પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી કે.આર.નારાયણન, વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ શ્રી હિંમતલાલ ટી. મુલાણી, બૃહદ મુંબઈ વિધાનસભાના પૂર્વ સભ્ય શ્રી ખેમચંદભાઈ સોમાભાઈ ચાવડા, પૂર્વ સભ્ય શ્રી મહેન્દ્રભાઈ દેસાઈ, પૂર્વ સભ્યશ્રી વિરજીભાઈ દાફડા અને પૂર્વ સભ્ય શ્રી ધનજીભાઈ મોતીભાઈ રાઠોડના જે અવસાન અંગેનો શોક પ્રસ્તાવ લઈને આ ગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રીશ્રી લાવ્યા છે અને જેમાં વિરોધપક્ષના નેતાશ્રીએ જે સૂર પુરાવ્યો છે તેમાં હું મારો સુર પુરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા જિલ્લાના બે-બે પનોતા પુત્રોનો એક સાથે શોકદર્શક ઉલ્લેખ લાવવો પડ્યો એનું ખૂબ દુ:ખ થાય છે, સ્વ.શ્રી હિંમતલાલ મુલાણી અને સ્વ.શ્રી ખેમચંદભાઈ ચાવડા, શ્રી હિંમતલાલ એ "મુલાણી સાહેબ"ના હુલામણા નામથી અમારા વિસ્તારમાં પરિચિત, એક ગામડાની એક સહકારી મંડળીના મંત્રી તરીકેથી શરૂ કરી અને છેક વિધાનસભાના અધ્યક્ષ સુધીની કારકિર્દી એમની બની, એક સારા હોંશિયાર વકીલ તરીકે, એક સારા સાહિત્યકાર તરીકે, એક અનુભવી રાજનેતા તરીકે અમારા વિસ્તારને ખૂબ મોટી ખોટ એમની પડી છે. તેમણે અમારા વિસ્તારમાં એક શિક્ષણ સંકુલનું પણ નિર્માણ કર્યુ છે, અમારા વિસ્તારમાં કૉલેજનું શિક્ષણ નહતું અને એ વખતે એક આર્ટસ અને કૉમર્સ કૉલેજ ચાલુ કરી એના પ્રમુખ તરીકે આજીવન તેઓ રહ્યા અને અત્યારે તેમના પુત્ર શ્રી મહેશભાઈ મુલાણી એ સંભાળી રહ્યા છે. હસમુખો ચહેરો, કોઈ પણ કાર્યક્રમમાં મુલાણી સાહેબ આવે એટલે એક અલગ રોનક આવી જાય. માણસની જ્યારે કાયમી ખોટ લાગે એમના જવાથી એવું દેખાય છે. ૧૫મી ઑગસ્ટ અને ૨૬મી જાન્યુઆરીનો કાર્યક્રમ અમે બધા તમામ રાજકીય પાર્ટીના લોકો સાથે મળીને ઉજવીએ, આ વખતે કાર્યક્રમ હતો ત્યારે એમની ખોટ અમને બધાને લાગતી હતી, બધાને લાગતું હતું કે બાકી બધું છે પણ આજે મુલાણી સાહેબ નથી. બીજું સાહેબ, સહજતાથી કોઈપણ વાત હોય એને લાગે કે અહીંયા ટકોર કરવા જેવી છે, ટકોર પણ એ માણસ કરતા અને શિખામણ આપવા જેવી હોય તો શિખામણ પણ આપે, એમના મૃત્યુંના એકાદ મહિના પહેલાં જ એમની કૉલેજમાં એક યુવકોનો કાર્યક્રમ રાખેલો અને મને બોલાવેલો કે તમે આ યુવકોને સંબોધવા માટે આવો, હું ગયો, અમે બંને જણા સાથે, કાર્યક્રમ પૂરો થયા પછી કહે છે કે તમારો કાર્યક્રમ, બાકી તો ઠીક પણ અંદર શાયરી નથી આવતી, તમે આની અંદર એક-બે શાયરી આવે તો કેટલું સારું, સહજ કોઈ વિદ્યાર્થી ભાવે એક શિક્ષક તરીકે જાણે કોઈ વિદ્યાર્થીને શીખવતા હોય એ પ્રમાણે કહેવાની બિલકુલ ઉદારતા પણ એમની હતી. અમારા વિસ્તારને સ્વ. હિંમતલાલ મુલાણીના અવસાનને કારણે ખૂબ મોટું નુકસાન પડ્યું છે. એ વિસ્તારની અંદર એક અનુભવી નેતા અમે ગુમાવ્યા છે. એક સારા શિક્ષણની અંદર કામ કરવાવાળા એક સારા કાર્યકર્તા પણ ગુમાવ્યા છે. સ્વર્ગસ્થના આત્માઓને પ્રભુ શાંતિ આપે અને આપના મારફતે આ સૌ સ્વર્ગસ્થના પરિવારજનોને દિલસોજીનો સંદેશો આપના મારફતે પહોંચે એવી વિનંતી કરું છું.

**શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ (ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા અને રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ જે શોક પ્રસ્તાવ આ ગૃહમાં લઈને આવ્યા છે એની સાથે હું પણ મારો સુર પુરાવું છું.

ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી કે.આર. નારાયણન તથા ગુજરાત વિધાનસભાના પૂર્વ અધ્યક્ષશ્રી, મુલાણી સાહેબ અને વિધાનસભાના પૂર્વ સભ્યશ્રીઓને હું શ્રદ્ધાંજલિ આપું છું મુંદ્રા-કચ્છ વિસ્તારના અમારા સદસ્ય શ્રી વિરજીભાઈ દાફડાનું દુ:ખદ અવસાન થતાં કચ્છના દલિત સમાજને ઘણી મોટી ખોટ પડી છે. સ્વ.શ્રી વિરજીભાઈ કચ્છ-પાકિસ્તાનમાં જન્મેલા પરંતુ આઝાદી પછી એ કચ્છ આવેલા અને શેષ જીવન તેઓ ભુજમાં ગાળતા હતા. ૧૯૬૩માં જિલ્લા પંચાયતની જ્યારે રચના કરવામાં આવેલી ત્યારે લોકલ બોર્ડનું વિલિનીકરણ થવાથી શ્રી વિરજીભાઈ દાફડા ગ્રામ વિકાસના મંત્રી બનેલા અને જિલ્લા પંચાયતમાં સેવા આપેલ. ૧૯૬૭માં મુંદ્રા મત વિસ્તારની અનુસૂચિત જનજાતિની સીટ આવવાથી પ્રથમ શ્રી વિરજીભાઈ દાફડા ચૂંટાયા અને મુંદ્રા મત વિસ્તારના અન્ય સમાજો સાથે એકત્ર થઈને વિકાસના કામો કર્યા. કચ્છ જિલ્લા પંચાયતમાં દલિત ભાઈઓની સંખ્યા ઘણી છે એમાં દલિત સમાજમાં ચાર વર્ણ આવે છે મહેશ્વરી, મારવાડા, ગુર્જર અને ચારણય તે પૈકી તેઓ "મહેશ્વરી" સમાજના હતા, તેઓનું શેષ જીવન ધાર્મિક પ્રવૃત્તિઓમાં ગાળતા અને અમારા "ઘણી માતંગ" જે અમારા મહેશ્વરીના "ઇષ્ટદેવ" છે એના બે-ત્રણ પુસ્તકો પણ લખેલા છે.

મામૈક, પુરાણ ધાર્મિક હેતુથી શેષ જીવન સ્વ.શ્રી વીરજીભાઈ દાફડાએ ગાળેલું અને સમાજને ઉપયોગી થયેલા. એમનું દુ:ખદ અવસાન થવાથી દલિત સમાજને ખોટ પડી છે અને તે સમાજને ઘણું બધું સ્વ.શ્રી દાફડાએ આપ્યું છે એ સમાજ ભુલશે નહીં. મારા મત વિસ્તાર મુંદ્રા વતી અને મારા તરફથી શ્રદ્ધાંજલિ આપું છું. તેમના કુટુંબીજનો ઉપર આવી પડેલી આફતમાં શોકસંદેશો મોકલીને આશ્વાસન આપીએ અને સાથોસાથ એમના આત્માને પરમ કૃપાળુ પરમાત્મા, અમારા ઈષ્ટદેવ ધણી માતંગ શાંતિ આપે એ જ અભ્યર્થના. જયહિન્દ.

**શ્રી પ્રવિણભાઈ છ. રાઠોડ (ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા અને રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઠરાવ લઈને આવ્યા છે એમાં મારો સૂર પૂરાવું છું. ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ સ્વ. શ્રી કે.આર.નારાયણન, પૂર્વ અધ્યક્ષશ્રી હિંમતલાલ મુલાણી, વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી ખેમચંદભાઈ ચાવડા, સ્વ.શ્રી મહેન્દ્રભાઈ દેસાઈ, સ્વ.શ્રી વિરજીભાઈ દાફડા અને સ્વ.શ્રી ધનજીભાઈ રાઠોડ આ આપણા ગામડાંના રત્નો હતા. એમાં હું જે મતવિસ્તારમાંથી ચુંટાયો છું એ વિસ્તારમાંથી સ્વ. ધનજીભાઈએ બે વાર ચુંટાઈને આ ગૃહમાં લોક પ્રતિનિધિત્વ કરેલું. બીજા સભ્યશ્રી મુલાણીસાહેબ સાથે પણ ૧૯૯૦ થી ૧૯૯૫ સુધી કામ કરેલું. આ બંને આગેવાનોએ સહકારીક્ષેત્રે અને દરેક ક્ષેત્રની અંદર એમની આગેવાનીના માધ્યમથી ગરીબ લોકોને ખૂબ ફાયદો થતો હતો. સરકારના હળપતિ ગૃહ નિર્માણ બોર્ડના અધ્યક્ષ તરીકે સ્વ. શ્રી ધનજીભાઈ રાઠોડે ખૂબ સુંદર કામગીરી કરેલ. હંમેશા પોતાના સમાજ માટે અને ગરીબ લોકોને વધારેમાં વધારે દર વર્ષે ઝુંપડા મળે એ માટે હંમેશા રાજય સરકારમાં એમની ધારદાર રજૂઆતથી ગરીબ લોકોને ફાયદો થતો હતો. એકદમ છેવાડાના ગામડાંમાંથી એમણે ધારાસભામાં ચુંટાઈને અમારા હળપતિ સમાજનું ખૂબ સુંદર રીતે પ્રતિનિધિત્વ કરેલું. આ સમાજ એકદમ ગરીબ અને પછાત છે એ સમાજમાં અને સુરત જિલ્લામાં કામરેજ વિભાગ હંમેશા એકદમ પછાત વિસ્તાર હોવાછતાં બે બે વખત આ વિધાનસભામાં એમને લોકોએ મોકલેલા અને શ્રી ધનજીભાઈ રાઠોડ ખેડૂત પણ હતા અને એમનો જન્મ ખેતમજૂર કુટુંબમાં થયેલો. પણ એમણે જમીન લઈને એક સારા ખેડૂત તરીકે લોક ચાહના પ્રાપ્ત કરેલી. તે વખતે ડ્રીપ ઈરીગેશનની શરૂઆત સુરત જિલ્લાનાં ગામડામાં, ગરીબ આદિવાસીઓમાં કરીને ખેડૂતોને વધારે ફાયદો કેવી રીતે થાય એ માટે સરકારમાં ખૂબ સારી રીતે ફરજ બજાવી. આ બધા મહાનુભાવો આજે આપણી વચ્ચે નથી. એ લોકોના આત્માને પ્રભુ શાંતિ આપે અને એમના કુટુંબીજનો ઉપર જે આફત આવી પડી છે એ સહન કરવાની શકિત આપે એવી પ્રાર્થના કરીને વિરમુ છું.

**ડૉ. નીમાબેન બી. આચાર્ય (ભા.રા.કોં.)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા જે શોકદર્શક ઠરાવ લઈને આવ્યા છે, તેમાં હું મારો સુર પુરાવું છું.

ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ સ્વ.શ્રી કે.આર.નારાયણન, ગુજરાત વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ સ્વ. શ્રી હિંમતલાલ મુલાણી, સ્વ.શ્રી ખેમચંદભાઈ ચાવડા, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ.શ્રી મહેન્દ્રભાઈ દેસાઈ, સ્વ.શ્રી વિરજીભાઈ દાફડા, સ્વ.શ્રી ધનજીભાઈ રાઠોડના આ શોકદર્શક ઠરાવની અંદર હું મારી શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું.

શ્રી હિંમતલાલ મુલાણી અમારા બનાસકાંઠા જિલ્લાના અને અમારા નિકટના સ્નેહી હતા. આ ગૃહના તેઓ આદરણીય અધ્યક્ષશ્રી રહી ચૂક્યા છે અને એમની જે સુંદર સંસદીય પ્રણાલિકા, કામગીરીને લીધે હંમેશા અહીયા ખૂબ પોપ્યૂલર રહ્યા હતા. તેઓ એક જબરજસ્ત શિક્ષણશાસ્ત્રી હતા અને સાથે સાથે શાયર પણ હતા. બનાસકાંઠાની તેઓએ ખૂબ સેવા કરી અને હંમેશા રાજકારણને સેવાના માધ્યમ તરીકે ગણીને રાજકીય કારકિર્દી પૂર્ણ કરી અને રાધનપુરની અંદર જે આખો જિલ્લો બનાસકાંઠા શિક્ષણથી વંચિત હતો, ત્યાં તેઓએ એક વિદ્યાશંકુલ ઊભું કરી, કૉલેજ ઊભી કરી અને આજે એ કૉલેજ એમની યાદગીરી તરીકે હંમેશા એમને અમર કરી ગઈ છે. શ્રી હિંમતલાલ મુલાણી નિષ્ણાંત વકીલ પણ હતા અને એમનો પ્રેમ, એમની ભાવના, એમની કામગીરીથી તેઓ અમર થઈ ગયા છે.

શ્રી વિરજીભાઈ દાફડા એ અમારા કચ્છ જિલ્લાના ગાંધીધામના જ હતા. મને પોતાની નાની બહેન તરીકે માનતા. મને યાદ છે કે જ્યારે તેઓને પહેલીવાર ગળાનું કૅન્સર થયું અને અવાજ બેસી ગયો. અમે મેં એમને કહ્યું કે કોઈ સારા કૅન્સર સ્પેશ્યાલિસ્ટને બતાવીએ અને જ્યારે એમની બાયોપ્સી થઈ, ત્યારે વિશ્વાસ નહોતો પડતો. એમની બાયોપ્સીની સ્લાઈડ લઈ હું પ્રથમ વખત દિલ્હી ગઈ હતી. નિષ્ણાંત સર્જન હતા એમને જઈને સ્લાઈડ બતાવી અને એમણે નિદાન કર્યુ કે આ કૅન્સર છે, ત્યારે જ વાતમાં વિશ્વાસ પડ્યો હતો. તેઓ જનસેવાનાં કાર્યો કરતાં અને દલિત સમાજનાં હંમેશાં માર્ગદર્શક રહ્યાં. તેઓ અંતમાં એક વખત મારી પાસે આવ્યા અને કહ્યું મારે જગજીવન રામનું સ્ટેચ્યુ મુકાવું છે, એટલે તમારી ગ્રાન્ટમાંથી ટ્રાફિક સર્કલ બનાવી દો. તેઓ જગજીવનરામને ખૂબ ચાહતા હતા. જગજીવન નગરની અંદર સ્ટેચ્યુ મુકાવાની અંતિમ ઇચ્છા તેમની હતી. મેં ગ્રાન્ટ લખી દીધી. ખૂબ સરસ ટ્રાફિક સર્કલ બનાવી જગજીવન રામનું સ્ટેચ્યુ મૂક્યું. એમની મીરાકુમારને બોલાવી ઉદ્‌ઘાટન કરવાની ઇચ્છા હતી અને એ ઇચ્છા પૂરી થઈ. તેઓના પરિવારના સભ્યો આજે પણ તેઓના નામનું ટ્રસ્ટ બનાવીને મહિલા કલ્યાણ અને લોકસેવાનાં કાર્યો કરે છે. તમામ સ્વર્ગસ્થની આત્માને મારી હ્રદયપૂર્વકની શ્રદ્ધાંજલિ આપું છું. પ્રભુ તેમની આત્માને શાંતિ આપે તવી પ્રાર્થના કરું છું. તેમના કુટુંબીજનો, પરિવારમાં, મિત્રોમાં આવી પડેલ દુ:ખ સહન કરવાની પ્રભુ શકિત આપે તેવી પ્રાર્થના સાથે અસ્તુ.

**શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા (ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા અને રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોકપ્રસ્તાવ લઈને આવ્યા છે અને જેને વિરોધપક્ષના નેતાએ જેમાં સુર પુરાવ્યો છે, એની અંદર હું પણ મારો સુર પુરાવું છું. આ દેશના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ કે.આર. નારાયણન, આ ગૃહના ભૂતપૂર્વ અધ્યક્ષ સ્વ.શ્રી માનનીય મુલાણી સાહેબ, આ ગૃહના પૂર્વ સભ્યશ્રી ખેમચંદભાઈ, મહેન્દ્રભાઈ દેસાઈ, વિરજીભાઈ દાફડા, ધનજીભાઈ રાઠોડ આ તમામને હું મારી શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું.
અમારા કચ્છ જિલ્લાના માનનીય વિરજીભાઈ દાફડા સાથે પણ મારે નિકટનો સંબંધ હતો.શ્રી વિરજીભાઈ દાફડા ૧૯૬૭ની અંદર સ્વતંત્ર પાર્ટીમાંથી ગુજરાત વિધાનસભાના સભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા અને જાહેર જીવનમાં આવ્યા પછી અનેક સંસ્થાઓ સાથે નાતો હતો. દલિત સમાજના ઉત્કર્ષ માટે પણ એમણે અનેકવિધ પ્રવૃત્તિઓ કરી છે. જે મારા મત વિસ્તારમાંથી હું ચૂંટાઈ આવું છું તે અબડાસા મત વિસ્તારની અંદર મતિયા દેવનું એક મોટું સ્થાનક છે. કચ્છનો મહેશ્વરી સમાજ તેને ખૂબ માને છે અને તે સ્થાનકનો કેમ વિકાસ થાય તેના માટે સ્વ. વિરજીભાઈ દાફડા સતત પ્રયત્નશીલ રહેતા અને આજે તે સ્થાનકનો ખૂબ વિકાસ થયો છે. તે સ્થાનક પર દર વર્ષે મતિયાદેવનો મેળો ભરાય છે અને તેની અંદર દલિત સમાજના લોકો લાખોની સંખ્યામાં આવે છે. આ પ્રસંગ ઉપર દર વર્ષે વિરજીભાઈ ત્યાં હાજર રહેતા. તે વિસ્તારનો પ્રતિનિધિ હોવાના નાતે હું પણ દર વર્ષે તે સ્થાનક ઉપર જાઉં છું. તેના વિકાસ માટેની વાત, તેનો કેમ વધારે વિકાસ થઈ શકે તેવો વિરજીભાઈનો આગ્રહ રહેતો. હું જયારે કચ્છ જિલ્લા ભારતીય જનતા પાર્ટીનો અધ્યક્ષ હતો ત્યારે તેઓ ભારતીય જનતા પાર્ટીમાં આવ્યા અને ત્યારે તેમની સાથે કામ કરવાનો મોકો મળ્યો હતો. મને તેમનો જૂનો અનુભવ, જરૂરી માર્ગદર્શન મળી રહેતું તેવા વિરજીભાઈ આજે આપણી વચ્ચેથી વિદાય થયા છે ત્યારે ઈશ્વરને પ્રાર્થના કરીશ કે તેમના આત્માને શાશ્વત શાંતિ અર્પે અને તેમના કુટુંબીજનોને આપના માધ્યમથી દિલસોજીનો સંદેશો પહોંચાડીએ.

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ (ભા.રા.કોં.)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક પ્રસ્તાવ લઈને આવ્યા છે અને માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ જે અનુમોદન આપ્યું છે તેમાં મારી લાગણી વ્યક્ત કરવા માટે ઊભો થયો છું. આપણા પૂર્વ રાષ્ટ્રપતિ સ્વ. કે.આર.નારાયણ, આપણા પૂર્વ અધ્યક્ષ સ્વ.શ્રી હિંમતલાલ મુલાણી, સ્વ. ખેમચંદભાઈ ચાવડા, સ્વ.મહેન્દ્રભાઈ દેસાઈ, સ્વ. વિરજીભાઈ દાફડા, સ્વ.ધનજીભાઈ રાઠોડ આ બધાનો શોકદર્શક પ્રસ્તાવ લાવ્યા છે તેમાં આદરણીય ખેમચંદભાઈ ચાવડા અમારા પડોશી ગામના, અમારા મત વિસ્તારના અને સૌ પ્રથમ મુંબઇ રાજય વિધાનસભામાં અપક્ષ ધારાસભ્ય તરીકે ચૂંટાયા પછી જાહેર જીવનની કારકિર્દી એક પાર્લામેન્ટના મેમ્બર તરીકે સતત પંદર વર્ષ સુધી, રાજ્યસભાના સભ્ય તરીકે બે ટર્મ સુધી અને વિશેષ કરીને એક વાતનો ઉલ્લેખ કરવો છે કે ૧૯૫૨ થી ૧૯૬૦ના ગાળામાં ગુજરાતમાં હરિજન સેવક સંઘ તરફથી અસ્પૃશ્યતા નિવારણનું બહું મોટું કામ ઉપાડયું હતું. ખેમચંદભાઈ ચાવડા પણ તે કામમાં જોડાયેલા. જાહેર ગામના કૂવા ઉપર પાણી ભરવું, દલિત-સવર્ણ સમાજના સમૂહ ભોજન કરાવવા તે બહું મોટી કામગીરી ચાલતી હતી. તેનાથી સમાજમાં સમરસતા કેળવાય અને તેની આગેવાની લઈ અમારા વિસ્તારમાં ખેમચંદભાઈ જાહેર જીવનમાં સામાજિક આગેવાનોનો સંપર્ક કરીને બહું સફળ કાર્યક્રમો કરતા હતા તેનો હું સાક્ષી રહયો છું. ૧૯૫૧-૫૨માં તેમના પરિચયમાં આવવાનું થયું. તે પછી એક વધારે તેમની વિશેષતા એ હતી કે તે જમાનામાં મોરારજીભાઈ દેસાઈ ગુજરાતના સ્વૈચ્છિક આગેવાન, તેમની કસોટીમાંથી પસાર થવું, તેમના સાથીદાર બનવું તે બહું મોટું અઘરું કામ હતું.
હું જાણું છું ત્યાં સુધી ખેમચંદભાઈ, મોરારજીભાઈ દેસાઈના અંગત સાથીદાર તરીકે વર્ષો સુધી સાથે રહ્યાં હતા એ અમની ખૂબ મોટી સફળતા હતી. એટલું જ નહીં પણ, તેઓ નિયમિત સાપ્તાહિક ચલાવતા હતા અને સમાજ જીવનના પ્રશ્નોને વાચા આપતા હતા એવા ખેમચંદભાઈ ચાવડાએ દેશ અને દુનિયાના અનેક પ્રવાસો કર્યા હતા. પાર્લામેન્ટ કક્ષાએ અનેક કમિટીઓના ચેરમેન તરીકે રહ્યાં હતા અને અમારા વિસ્તારમાં સામાજિક સમરસતાનું ખૂબ મોટું કામ એમણે કર્યું હતું એ સદાને માટે ચિરસ્મરણીય રહેશે.

સ્વ. શ્રી હિંમતલાલ મુલાણીનો નવાબી સ્ટેટમાં જન્મ થયો હતો. એ જમાનામાં ભણતરની કોઈ સગવડ ન હતી ત્યારે ઉત્તર ગુજરાતમાં પાટણ એક એવું કેન્દ્ર હતું, રેલવે મળે તો મળે નહીં તો ગાડા મારફત ગામડાંમાં આવવાનો પ્રસંગ બને. એસ.ટી. વ્યવહાર ન હતો એ જમાનામાં તેઓ ભણ્યા અને રાધનપુર જેવા પછાત વિસ્તારનું તેઓએ સફળ નેતૃત્વ કર્યું. અનેક નાના-મોટા હોદ્દાઓ તેઓએ ભોગવ્યા છેલ્લે છેલ્લે શિક્ષણક્ષેત્રે તેઓએ અજોડ કામગરી કરી છે. પછાત અને ઉપેક્ષિત પ્રદેશમાં શિક્ષણની મીઠી વિરડી સમાન સંસ્થા ઊભી કરી. એ સંસ્થાને કારણે એ વિસ્તારમાં દિકરા-દિકરીઓ અત્યારે ખૂબ મોટા પ્રમાણમાં લાભ લઈ રહ્યાં છે. એ એમના જમાનાનું મોટું ચિર સ્મારક છે.

એજ રીતે સ્વ. શ્રી મહેન્દ્રભાઈ દેસાઈ, આપણે સૌ જાણીએ છીએ કે તેઓ ગાંધીવાદી મૂલ્યો માટે લડતા હતા તેઓના જવાથી પણ સમાજને ખૂબ મોટી ખોટ પડી છે. સ્વ. શ્રી વિરજીભાઈ દાફડા, તેઓ પણ પછાત વર્ગના ખૂબ મોટા હામી હતા. તેઓએ કચ્છા જેવા પ્રદેશમાંથી સેવાનું કામ કર્યું છે. આ સૌ દિવંગત મહાનુભાવોને

શ્રદ્ધાંજલિ આપતો પ્રસ્તાવ રજૂ કર્યો છે એમાં હું મારો સૂર પુરાવું છું અને તેઓના કુટુંબીજનો ઉપર આવી પડેલ આફત સહન કરવાની પ્રભુ એમને શકિત આપે.

**શ્રી રાકેશ રાવ (અપક્ષ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહના નેતા અને મુખ્યમંત્રીશ્રી જે શોક દર્શક પ્રસ્તાવ લઈને આવ્યા છે એમાં હું મારો સૂર પુરાવું છું. અને એમાં ઉલ્લેખ કરેલ તમામ દિવંગત મહાનુભાવોને મારી હૃદયપૂર્વર શ્રદ્ધાંજલિ અર્પુ છું.

ઉલ્લેખ કરેલ તમામ મહાનુભાવોએ એમના સમય કાળ દરમ્યાન પ્રજા લક્ષી અને પ્રજા માટેના જે કાર્યો કર્યા હશે એ દીવાદાંડી સમાન બની રહેવાના છે. ખાસ હું સ્વ. મહેન્દ્રભાઈ દેસાઈનો ઉલ્લેખ કરુ છું, મારા ગામના અને એમની બાજુમાં રહેવાનું મને સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું છે. ગુજરાતના જાહેર જીવનના નૈતિક મૂલ્યો અને ઉંચ પરંપરા પ્રસ્તાપિત કરવા માટે એમણે એમનું જીવન ખર્ચી નાંખ્યું. ૯૨ વર્ષની જૈફ વયે વસોમાં એમનું અવસાન થયું અને ભારતની આઝાદીના બે મોટા ઐતિહાસિક પાત્રો એક પૂજય દરબાર સાહેબ અને પૂજય ભકિત બા, આ એમનું સંતાન એ મહેન્દ્રભાઈ. એમણે પણ એમના મા-બાપને છાજે એ પ્રમાણે આ રાષ્ટ્રની સેવા કાર્યમાં એમનું જીવન સમર્પિત કરી નાખ્યું. એમની સાથે સાથે ઘણો સમય કામ કરવાનું પણ મને સદભાગ્ય મળ્યું અને ઘણાં બધા લોક-આંદોલનોમાં એમની સાથે જોડાવાનું મને સદભાગ્ય પ્રાપ્ત થયું છે. ખૂબ આદર્શવાદી અને પોતે જે વાત પકડે એ વાતમાં અડગ રહે અને કોઈ એમને સાથ આપે કે ન આપે પણ એ વાતને પકડીને પ્રજા હિત માટે છેલ્લે સુધી લડી લેવું એ એમનો સ્વભાવ રહ્યો હતો. ગુજરાતની આજની સ્થિતિમાં, વર્તમાન સ્થિતિમાં સ્વ. મહેન્દ્રભાઈ દેસાઈ અને માનનીય સભ્યશ્રી મહેન્દ્રભાઈ મશરૂની જયારે પણ જાહેર મૂલ્યો માટેની વાત થાય અને ઉંચ્ચ પરંપરાની વાત થાય ત્યારે આ બન્નેનો ઉલ્લેખ ચોક્કસ થાય.

સ્વ. શ્રી મહેન્દ્રભાઈ દેસાઈનું છેલ્લે એમનું ૯૨મું વર્ષ ઉજવવાનું હતું ત્યારે અમે રાજયપાલશ્રીને મળીને એમને કાર્યક્રમ માટે બધાએ તૈયાર કર્યા હતા અને અમે એમને સમજાવ્યા કે, આ ૯૨મું વર્ષ અમે ઉજવવા માગીએ છીએ ત્યારે એ કાર્યક્રમમાં રાજયપાલશ્રીએ પણ આવવાનું નક્કી થયું તે વખતે વહિવટી તંત્રે દાડાદોડ કરતા એમને ખબર પડી કે, રાજયપાલશ્રીને હૅલિકૉપ્ટરમાં લઈને આવવાના હોવાથી આ બધી દોડાદોડી થઈ રહી છે. એટલે એમણે કહ્યું કે, તમે જો હૅલિકૉપ્ટરમાં રાજયપાલશ્રીને લઈને આવવાના હોય તો તમે મહેરબાની કરીને ન આવશો. તમે રસ્તા માર્ગે જો આવવું હોય તો જ તમે આવો. ગવર્નર સાહેબને એમણે પત્ર લખ્યો અને એમને વિનંતી કરી કે તમે રસ્તા માર્ગે જ આવો. આથી અમને ખૂબ ચિંતા થઈ, એક તો મહાપરાણે આપણને ગવર્નર સાહેબનો સમય મળ્યો છે અને આ રીતે તમે એમની સામે શરત મૂકો તો એ કેવી રીતે સ્વીકારે? પરંતુ અમારા આશ્ચર્યની વચ્ચે માનનીય ગવર્નર સાહેબે એમની વાતનો સ્વીકાર કર્યો કે હું રસ્તા માર્ગે જ આવીશ, પરંતુ ત્યારબાદ જમ્મુ કાશ્મીરમાં અને પાકિસ્તાનમાં ભૂકંપ આવ્યો અને એને કારણે જે ઘણાબધા લોકોનું મૃત્યું થયું એને કારણે આખો કાર્યક્રમ પછી પડતો મૂકાયો. આવા જે મહાનુભાવો જેમણે એમનું સમગ્ર જીવન સમર્પિત કર્યુ છે એ તમામને હું હ્રદયપૂર્વકની શ્રદ્ધાંજલિ અર્પૂ છું.

**શ્રી શિરીષકુમાર મ. શુકલ (ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા અને ગુજરાતના મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઠરાવ લઈને આવેલા છે તેમાં હું મારો સૂર પુરાવું છું. આપણા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ શ્રી કે. આર. નારાયણન, આપણા ભૂતપૂર્વ અધ્યક્ષશ્રી મુલાણી સાહેબ, બૃહદ મુંબઈ વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી ખેમચંદભાઈ ચાવડા, સભ્યશ્રી મહેન્દ્રભાઈ દેસાઈ, સભ્યશ્રી વિરજીભાઈ ભીમજીભાઈ દાફડા અને સભ્યશ્રી ધનજીભાઈ રાઠોડ આ બધાને મારી હ્રદયપૂર્વકની શ્રદ્ધાંજલિ છે. ખાસ કરીને મારા વિસ્તારની અંદર દરબાર ગોપાલદાસ દેસાઈ અને એમના પનોતા પુત્ર શ્રી મહેન્દ્રભાઈ દેસાઈ એ ખૂબજ જાણીતી વ્યક્તિ હતા. શ્રી મહેન્દ્રભાઈ દેસાઈએ આઝાદી માટે સત્યાગ્રહ ચળવળની અંદર ભાગ લીધેલો અને સ્વાતંત્ર્ય સેનાની તરીકેની કારકિર્દી બનાવી અને આઝાદી પ્રાપ્ત થયાં પછી પણ સ્વભાવગત નીતિઓને માનનાર માણસ, નૈતિક મૂલ્યોના જતન કરવાની તમન્નાવાળો માણસ અને જ્યારે સમાજનો કોઈ માણસ એમની જોડે ના હોય, પણ એ માને કે આ વસ્તુ નૈતિક રીતે સાચી છે તો તેના માટે છેલ્લી કક્ષાએ લડી લેવાની તેઓ તૈયારી બતાવતા હતા. પછી એ એસ.ટી.નો પ્રશ્ન હોય, પોલીસ ખાતાનો પ્રશ્ન હોય, કોઈ દલિતને અન્યાય થયો હોય તેની સામે અન્નનો સત્યાગ્રહ કરવાનો હોય આ બધાની અંદર તેઓ કામ કરતાં. અમે લોકો એના સાક્ષી છીએ. આવા એકલવીર સત્યાગ્રહી અને સ્વાતંત્ર્ય સેનાનીને આજે શ્રદ્ધાંજલિ આપતાં ખૂબજ દુઃખ થાય છે કે જાહેરજીવનના મૂલ્યોની અંદર જાળવણીના જે પ્રહરીઓ હતા એવા લોકો જતા રહે તો જાહેર જીવન નીતિમત્તાથી ભિમૂખ થઈ જાય છે એવા શ્રી મહેન્દ્રભાઈ દેસાઈને શ્રદ્ધાંજલિ અર્પુ છું અને એમના કુટુંબીજનોને સાંત્વના મળે તે માટે ભગવાનને પ્રાર્થના કરું છું.

**શ્રી ઈશ્વરભાઈ ધ. મકવાણા (ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા અને ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોક પ્રસ્તાવ લઈને આવેલા છે તેમજ વિરોધપક્ષના નેતાશ્રીએ જેને અનુમોદન આપ્યું છે તે શોકદર્શક પ્રસ્તાવમાં હું પણ મારી લાગણી વ્યક્ત કરવા ઉભો થયો છું. આપણા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ શ્રી કે. આર.

નારાયણન, આપણા ભૂતપૂર્વ અધ્યક્ષશ્રી હિંમતલાલ મુલાણી, શ્રી ખેમચંદભાઈ ચાવડા, શ્રી મહેન્દ્રભાઈ દેસાઈ, શ્રી વિરજીભાઈ ભીમજીભાઈ દાફડા અને શ્રી ધનજીભાઈ રાઠોડ વિગેરેના દુ:ખદ અવસાનથી આજે આપણે ઘેરા શોકની લાગણી અનુભવીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી આ પૈકીના ત્રણ અમારા દલિત સમાજના વરિષ્ઠ આગેવાનો હતા. આદરણીય શ્રી કે.આર. નારાયણન એક ઝુંપડામાં જન્મીને રાષ્ટ્રપતિભવન સુધી પહોંચ્યા અને વિદેશમાં પણ યુ.એન.ઓ. જેવી એક આંતરરાષ્ટ્રિય સંસ્થામાં કામ કરીને આદરણીય નારાયણન સાહેબે સમગ્ર વિશ્વમાં એક વિલક્ષણ રાજપુરુષ તરીકેની પોતાની નામના પ્રસ્થાપિત કરી. આ નારાયણન સાહેબે ઉપરાષ્ટ્રપતિ પદથી શરૂ કરીને રાષ્ટ્રપતિ પદ સુધી જે સેવાઓ આપી અને અગાઉ જે રીતે રાષ્ટ્રપતિ પદની ગરિમાને આપણે જે રીતે જોતા હતા એ ગરિમાને ગૌરવવંતી બનાવી તેઓશ્રીએ ખૂબજ વિલક્ષણ બુદ્ધિથી પોતાના નિર્ણયો કરેલા છે એવા આ દેશના પ્રથમ દલિત રાષ્ટ્રપતિ તરીકેનું અમને ગૌરવ થાય.

માનનીય અધ્યક્ષશ્રી, આનાથી વિશેષ તેમના જીવન વિશે ગૃહમાં અનેક માહિતીઓ માનનીય સભ્યશ્રીઓ તરફથી મળી છે. પરંતુ હું આપના મારફતે આ ગૃહમાં એક વાત કરવા માંગુ છું કે, દલિતોની ચિંતા કરનારા, વંચિતોની ચિંતા કરનારા આદરણીય કે.આર.નારાયણસાહેબ એક વિશ્વ વૈશ્વિકરણનાં પણ હિમાયતી હતા. ઉદારીકરણ બાબતે પણ તેમણે આપણને અને વિશ્વને ખૂબ ઉમદા અને માર્મિક ચિંતન પૂરું પાડેલું છે એવા આદરણીય નારાયણ સાહેબના આત્માને ચિર શાંતિ મળે એવી પ્રાર્થના. આદરણીય ખેમચંદભાઈ ચાવડા સાહેબ જેમના સાનિધ્યમાં કામ કરવાની મને તક મળી છે. પોતે અપક્ષ ધારાસભ્યથી શરૂ કરીને એક વિપક્ષમાં રહીને પણ જનતા મોરચો, જનતા પક્ષ તે પ્રજાના પ્રતિનિધિ તરીકે સંસદમાં ત્રણ ત્રણ વખત, રાજયસભામાં બે બે વખત તેમણે જે રીતે દલિત સમાજનું નેતૃત્વ કર્યુ અને તેમની એટલી માનસિકતા સ્પષ્ટ હતી કે તેઓ જયારે પણ વાત કરતા ત્યારે પોતાના સમાજની ચિંતા કરતા. ચિંતાથી વિશેષ ચિંતન કરીને સમાજને માર્ગદર્શન આપતા અને સમરસતાનું એક ઉદાહરણ આદરણીય ખેમચંદભાઈએ અમને પૂરું પાડેલું છે. ૧૯૭૪-૭૫માં જયારે આ રાજયમાં નોકરી કરતા અનુસૂચિત જાતિનાં કર્મચારીઓની સ્કોલરશીપ સરકારે બંધ કરી તે વખતે અમે બધાએ ઉત્તર ગુજરાત દલિત છાત્ર સંઘર્ષ સમિતિ બનાવી એક મોટું આંદોલન, રેલી કાઢી અને અમે આદરણીય ખેમચંદભાઈને વિનંતી કરી કે તમે અમારી રેલીમાં આવશો. તેમણે હા પાડી અને મને કહેતા ગૌરવ થાય છે કે તે વખતે પણ તેમણે તેવા સમયે અમને અને દલિત સમાજને પ્રેરણા અને બળ પૂરાં પાડયા હતા. પોતે એક અભ્યુદયના તંત્રી અને દલિત સમાજના હિતચિંતક હતા. અમારા મુરબ્બી હતા. દલિત સમાજને આજે તેમની ખોટ પડી છે તે માટે આપણે બધાએ પરમાત્માને પ્રાર્થના કરીએ કે તેમના આત્માને ચિર શાંતિ મળે. એવી જ રીતે વિરજીભાઈ એક રાજકારણી અને છતાંય જીવનના અંતિમ સમયે એક સંત તરીકેનું ઉત્તમ જીવન જીવીને તેમણે સમાજને ,રાજયને અને રાષ્ટ્રને એક ઉમદા પ્રેરણા આપેલી છે. આવા તમામ મહાનુભાવોને હું હ્દયપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પી અને તેમના પરિવારજનોને દિલસોજીનો સંદેશો પાઠવું છું.

**શ્રી ગોવાભાઈ હ. રબારી (ભા.રા.કોં.)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા માનનીય મુખ્યમંત્રીશ્રી શોક ઠરાવ લઈને આવ્યા છે અને તેમાં વિરોધપક્ષના નેતાએ અનુમોદન આપ્યું છે તેમાં હું મારો સૂર પૂરાવું છું. આદરણીય ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી કે.આર.નારાયણન, પૂર્વ અધ્યક્ષશ્રી હિંમતલાલ મુલાણી, પૂર્વ સભ્યશ્રી ખેમચંદભાઈ ચાવડા, પૂર્વ સભ્યશ્રી મહેન્દ્રભાઈ દેસાઈ, પૂર્વ સભ્યશ્રી વિરજીભાઈ દાફડા, પૂર્વ સભ્યશ્રી ધનજીભાઈ રાઠોડના અવસાનથી એક લોક સેવકના જવાથી ખૂબ મોટી ખોટ પડી છે. મુલાણી સાહેબ રાધનપુરના એક ભિલોદ ગામનાં વતની હતા. તેમનું જાહેર જીવન એક વકીલાતના વ્યવસાયથી શરુ કર્યુ હતું પરંતુ તેમની લોકોના કામ કરવાની જે ધગશ હતી, જે ગરીબ માણસ અને ખેડૂત આ બન્નેને વધુમાં વધુ કેવી રીતે મદદરૂપ થઈ શકું તે જાતના તેમના કાયમના વિચાર હતા. તે દરેક જુદી જુદી સહકારી સંસ્થાઓના ડિરેકટર તરીકે પણ ખૂબ સારી સેવાઓ આપી હતી. સાથે સાથે તે વિસ્તારની અંદર અમરજયોત એજયુકેશનનું એક મોટું સંકુલ પણ તેમણે ઉભું કરીને ગરીબ વિસ્તારના લોકો પૂરેપૂરું શિક્ષણ લઈ શકે તેને માટે એક સંકુલ ઉભું કર્યુ હતું તે પણ તેમની એક કાયમની યાદગાર છે. મુલાણી સાહેબ આ ગૃહના અધ્યક્ષ તરીકે પણ એક સારામાં સારી ઉમદા સેવા આપી છે. કોઈપણ જાતની પક્ષા પક્ષી વગર તેમને અધ્યક્ષ તરીકે કાયમ યાદ કરીએ તે જાતના તેમના કાર્યો આપણાં વચ્ચે છે તે સૌને હું મારી શ્રદ્ધાંજલિ અર્પૂ છું.

**અધ્યક્ષશ્રી** : આ ગૃહના નેતાશ્રી જે શોક પ્રસ્તાવ લઈને આવ્યા છે અને વિરોધ પક્ષના નેતાશ્રીએ જેને અનુમોદન આપ્યું છે અને ગૃહના સભ્યશ્રીઓએ જેમાં પોતાનો સૂર પૂરાવ્યો છે, એમાં હું પણ મારો સૂર પૂરાવું છું.

આ છએ છ દિવંગતો આપણે જે કાર્ય કરીએ છીએ તે જ કાર્ય કરતા હતા. આપણા ક્ષેત્રના એ તેજસ્વી તારલાઓ હતા. આકાશમાં ટમટમતા હતા. તેજસ્વી હતા. તેજસ્વી તારલાઓ પણ સમય આવ્યે ખરી પડે છે. આ તારલાઓ આજે આપણી વચ્ચે નથી, પણ એમણે જે પ્રકાશ ફેલાવ્યો, સમાજમાં જે પરિવર્તન લાવ્યા, સમાજના જે કામો કર્યા, એને માટે સમાજ એમને યાદ કરે છે. એવા ઘણા તારલાઓ છે કે એ તારલાઓમાંથી આપણને પ્રકાશ મળે છે અને આપણે પણ તેજસ્વી થઈએ છીએ. એવા આ તારલાઓને આપણે શ્રદ્ધાંજલિ અર્પીએ છીએ.

માનવી ધારે તો શું ન કરી શકે? એક સામાન્ય માનવી ઝૂંપડામાં જન્મીને પણ આ દેશનો રાષ્ટ્રપતિ બની શકે તેનું ઉદાહરણ માનનીય શ્રી કે.આર.નારાયણન્ છે. બીજા રાધનપુર જેવા પછાત વિસ્તારમાં જયાં શિક્ષણની સગવડ ન હોય એવા વિસ્તારમાં જન્મેલા માણસ આ ગૃહની અંદર પોતે સ્પીકર બની શકે અને સફળ સ્પીકર તરીકે નામના મેળવે એ નાનીસૂની વાત નથી. માણસને વેદના થઈ હોય તેમાંથી એ શીખતા હોય છે. મને એવું લાગ્યું છે કે આપણા સ્પીકર સાહેબ જે માનનીય મુલાણી સાહેબ હતા, એમને વેદના થઈ હતી કે મને શિક્ષણમાં તકલીફ પડી હતી. મારા વિસ્તારમાં શિક્ષણ નથી, એની વેદના થઈ અને પરિણામે એમણે પોતાના વિસ્તારમાં એક સરસ મજાનું અમરજયોત શિક્ષણનું ટ્રસ્ટ બનાવ્યું છે. મને જોવા મળ્યું ત્યારે નવાઈ લાગી કે જે ટ્રસ્ટ પાસે માત્ર ૨૫૦ રૂપિયા હતા અને એ ટ્રસ્ટ સાથે સંલગ્ન વ્યકિત કલ્પના કરે કે મારે અહીંયા કોલેજ કરવી છે, ત્યારે એ શકય બને ખરું? તમે જોયું કે જે ટ્રસ્ટ પાસે માત્ર ૨૫૦ રૂપિયા હતા એણે સંકલ્પ કર્યો, નિર્ણય કર્યો, તો આજે રાધનપુરમાં બહુ મોટું ટ્રસ્ટ જોવા મળે છે, જયાં અનેક લોકો, પછાત વર્ગના લોકો, દરેક લોકો શિક્ષણ લઈ રહ્યા છે.

આપણને મહેન્દ્રભાઈ યાદ આવે છે. મહેન્દ્રભાઈએ તેમના કામોમાં અને વિચારસરણીમાં દ્રઢનિશ્ચયી હતા, તેઓ કોઈ કામ હાથ પર લેતા ત્યારે સમાજ સાથે ન હોય તો પણ પૂરી તાકાત અને શકિત સાથે એ કામમાં જોડાતા અને પરિણામ લાવીને જંપતા. એ આપણે જોયું છે.

અહીં વીરજીભાઈની વાત કરીએ સામાન્ય માણસને પણ આ ગૃહના સભ્યો કેવી રીતે, કેવા શબ્દોમાં યાદ કરે છે? કેટલા બધાં કામો કર્યા હશે? આવો સામાન્ય માણસ પણ આટલાં મોટાં કામો કરી શકે છે. છેલ્લે ધનજીભાઈની વાત કરી તો ખેડૂત જે વિધાનસભ્ય તરીકે રહ્યા. બે બે વખત સભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા તેઓ માત્ર ખેતી સાથે સંકળાયેલા હતા અને ખેતમજૂરો સાથે જોડાયેલા રહ્યા હતા એવા વીરલાને પણ આપણે શ્રદ્ધાંજલિ આપીએ છીએ. હવે આપણે સૌ પોતાના સ્થાન પર ઉભા થઈ બે મિનિટ મૌન પાળીશું અને સદ્ગતોને અંજલિ આપીશું.

**( બે મિનિટ મૌન બાદ )**

સૌ સભ્યશ્રીઓ પોતાનું સ્થાન લે. સભાગૃહની આ લાગણી સદ્ગતોના કુટુંબીજનો તરફ મોકલી આપવામાં આવશે.

# સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ

## સભાગૃહની બેઠક મુલતવી રાખવા અંગે

**શ્રી અશોક ભટ્ટ (વૈધાનિક અને સંસદીય બાબતોમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આપણે જયારે આપણા પૂર્વ રાષ્ટ્રપતિશ્રીને શ્રદ્ધાંજલિ આપતા હોઈએ ત્યારે આ સભાગૃહનું કામકાજ બંધ રાખીને સભાગૃહને મુલતવી રાખી તેમને શ્રદ્ધાંજલિ અર્પીએ એવી આપણી પરંપરા છે.

હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહની આપણા પૂર્વ રાષ્ટ્રપતિશ્રી કે.આર.નારાયણન્ની શ્રદ્ધાંજલિના માનમાં આપણું આજનું કામકાજ બંધ રાખીએ અને સભાગૃહ મુલતવી રાખીએ.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અશોકભાઈએ જે પ્રસ્તાવ રજૂ કર્યો છે એને હું સમર્થન કરું છું.

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમત્તે મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સભાગૃહની આજની કાર્યવાહી પૂરી થાય છે.

**સભાગૃહનું કામકાજ બપોરના ૩-૨૭ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર શુક્રવાર, તા.૨૪મી ફેબ્રુઆરી, ૨૦૦૬ ના રોજ સવારના ૮-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**શુક્રવાર, તા.૨૪મી ફેબ્રુઆરી,૨૦૦૬**
**ફાલ્ગુન ૪, ૧૯૨૭ શાકે**
**સભાગૃહ સવારના ૮-૩૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી પ્રો.મંગળભાઈ પટેલ અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

### સૂરત શહેરમાં પી.એસ.આઈ. અને પી.આઈ. ની ખાલી જગ્યાઓ

*૧૪૧૮૨ **શ્રી મનીષ ન. ગીલીટવાલા (સુરત શહેર (પૂર્વ): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

(૧) સુરત શહેરમાં સંવર્ગવાર પી.એસ.આઈ. અને પી.આઈ.ની છેલ્લા ત્રણ વર્ષમાં કુલ કેટલી જગ્યાઓ તા. ૩૧-૧-૦૬ સુધીમાં કયારથી ખાલી છે, અને
(૨) આ ખાલી જગ્યા ભરવા સરકારે શી કાર્યવાહી કરી?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ):**

(૧) પો.ઈ.ની કોઈ જગ્યા ખાલી નથી.
પો.સ.ઈ.ની કુલ-૯૧ જગ્યા ખાલી છે તે પૈકી
૨ જગ્યા- ૬ માસથી,
૮ જગ્યા-૬ થી ૧૨ માસથી,
૨૦ જગ્યા- ૧ થી ૨ વર્ષથી અને
૬૧ જગ્યા-૨ વર્ષથી વધુ સમયથી ખાલી છે.
(૨) વહીવટી અનુકૂળતા પ્રમાણે ભરવામાં આવશે.

**શ્રી મનીષ ન. ગીલીટવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે બે બે વર્ષથી આ જગ્યાઓ ખાલી છે અને રોજેરોજ ક્રાઈમનું પ્રમાણ વધતું જાય છે. મને લાગે છે કે આ પી.આઈ. અને પી.એસ.આઈ.ની બદલી ત્યાં આગળ પૈસાની લેવડદેવડને કારણે બાકી રહી હોય એવું લાગે છે. ક્રાઈમનું પ્રમાણ દિવસે ને દિવસે વધતું જાય છે, તો આ જગ્યાઓ કઈ વહીવટી અનુકૂળતા પ્રમાણે સરકાર ભરવા માગે છે?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય સભ્યશ્રીએ વાત કરી કે પૈસાની લેવડદેવડને કારણે આ જગ્યાઓ ખાલી રહી હોય એમ લાગે છે. જો પૈસાની લેવડદેવડ હોય તો જગ્યાઓ ખાલી ન રહે અને બદલીઓ વધારે થાય. આ જગ્યાઓ એટલા માટે ખાલી છે કે ભરતી કરવાની પ્રક્રિયા ચાલુ છે અને બને તેટલી ઝડપથી સરકાર આ જગ્યાઓ ભરવા માગે છે.

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ** : આ ઝડપથી એનો અર્થ શું? એ ભરવા માટેનો ચોકકસ સમય શું? એની કોઈ સમયમર્યાદા ખરી? લો એન્ડ ઓર્ડરની પરિસ્થિતિની વાત હોય અને જયારે બે બે વર્ષથી જગ્યાઓ ખાલી હોય અને છતાં એમ કહેવામાં આવે કે જેમ બને તેમ જલદીથી આ જગ્યાઓ ભરવામાં આવશે. તો આ ઝડપથી એટલે કેટલો સમય એ તો નકકી કરાવી શકો છો ને?

**શ્રી અમિત અ. શાહ** : એના માટે નિશ્ચિત સમય આપવો એ તો અઘરું છે, પરંતુ ૧૮૬ પી.એસ.આઈ.ની સીધી ભરતીની પ્રક્રિયા ચાલે છે, એમાં અરજીઓ ચકાસણીના સ્તર ઉપર છે અને ૧૮૯ ની સ્પર્ધાત્મક પરીક્ષા લીધી છે એમાં કોર્ટ મેટર થઈ છે એટલા માટે પેન્ડિંગ છે, ૩૦૦૦ લોકરક્ષકની ભરતી માટેની શારીરિક પરીક્ષા, મૌખિક પરીક્ષા એ બધું પતી ગયું છે અને મૌખિક ઈન્ટરવ્યુ ચાલી રહ્યાં છે અને ૧૦૬૪ ની અરજીઓ ચકાસણીના સ્તરે છે.

**શ્રી ધનસુખભાઈ ના. પટેલ** : સૂરત શહેરનું પી.આઈ. અને પી.એસ.આઈ.નું મંજૂર મહેકમ કેટલું છે, તે પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલી છે અને કેટલી ખાલી છે અને છેલ્લા બે વર્ષથી આ પી.એસ.આઈ.ની જગ્યાખો ખાલી છે એ ૨૦ ટકા કાપમાં જગ્યા બંધ થયેલ છે કે કેમ?

**શ્રી અમિત અ. શાહ** : પી.આઈ.નું મંજૂર મહેકમ ૩૦ નું છે અને એ પૂરેપૂરું ભરાયેલું છે, પી. એસ.આઈ.ની ૨૧૫ જગ્યાઓ એમાંથી ૧૨૪ જગ્યા ભરાયેલી છે અને ૯૧ ખાલી છે, કોઈ જગ્યા બંધ કરેલ નથી.

**શ્રી જગદીશ ઠાકોર** : હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ જગ્યાઓ બે બે વર્ષથી ખાલી છે. તો જયાં સરપ્લસ પી.આઈ. કે પી.એસ.આઈ.ની જગ્યાઓ હોય ત્યાંથી લઈને આ જગ્યાઓ ભરવા માગે છે કે કેમ?

**શ્રી અમિત અ. શાહ** : રાજયમાં પી.એસ.આઈ. કોઈ જગ્યાએ સરપ્લસ નથી.

**શ્રીમતી ભાવનાબેન હે. ચપટવાલા** : હું મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે પોલીસ ખાતામાં રહેલી ઘટ નિવારવા માટે રાજય સરકારે કયા કયા સંવર્ગમાં કેટલી કેટલી જગ્યાઓ ભરવા માટેની પ્રક્રિયા હાથ ધરી છે અથવા વર્તમાન સમયના સમયગાળા દરમ્યાન કયા કયા સંવર્ગમાં કેટલી જગ્યાઓ ભરવામાં આવી છે?

**શ્રી અમિત અ. શાહ** : એમાં ૭ આઈ.પી.એસ. અધિકારીની જગ્યા બઢતીથી ભરવાની છે.પોલીસ અધિક્ષકની રાજય સેવામાં ૨૧, નાયબ પોલીસ અધિક્ષક સીધી ભરતીમાં ૧૧ થઈ ગઈ છે, ૯૯ બઢતીથી ભરવાની છે, પી.આઈ.માં ૪૦ બઢતીથી ભરાઈ છે, પી.એસ.આઈ.માં ૧૮૬ સીધી ભરતીથી અને ૧૯૧ બઢતીથી, લોકરક્ષક ૪૦૬૪ સીધી ભરતીથી અને એસ.આર.પી.માં ૧૫૫૫ સીધી ભરતીથી એમ કુલ ૫૮૧૬ સીધી ભરતીથી ભરવાની પ્રક્રિયા ચાલુ છે અને ૫૪૭ બઢતીથી ભરવાની પ્રક્રિયા ચાલુ છે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : હું જાણવા માગું છું કે પોલીસ ઈન્સપેકટની ૯૧ જેટલી જગ્યા ખાલી છે તો એમાં ચાર્જ સોંપવામાં અસમાનતા હોય એમ લાગે છે. કોઈની પાસે ચાર ચાર્જ હોય, કોઈની પાસે બે ચાર્જ હોય અને કોઈની પાસે પાંચ પાંચ ચાર્જ હોય છે એ વાત સાચી છે?

**શ્રી અમિત અ. શાહ** : ૫૦ ટકાથી ઓછી જગ્યા ખાલી છે એટલે કોઈને ચાર ચાર કે પાંચ પાંચ ચાર્જ આપવાનો પ્રશ્ન નથી, પરંતુ જયાં આગળ જગ્યા ખાલી હોય ત્યાં સ્વાભાવિક રીતે જ બીજા કર્મચારીઓને એની જવાબદારી સોંપીને કામની વહેંચણી કરવામાં આવે છે.

## ભાવનગર જિલ્લાના જયોતિગ્રામ યોજનાના ગામોમાં ભારે વરસાદને કારણે નુકસાન પામેલા થાંભલાઓનો મરામત ખર્ચ

***૧૩૯૪૨ શ્રી પ્રવિણભાઈ ટી. મારુ (ગઢડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે,

(૧) ભાવનગર જિલ્લામાં જયોતિગ્રામ યોજના અન્વયે જે જે ગામોમાં વીજળીકરણ કરવામાં આવ્યું તે પૈકી છેલ્લા ચોમાસામાં ભારે વરસાદના કારણે વીજળીના થાંભલાઓને મોટા પાયે નુકસાન થયેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા તો ડિસેમ્બર-૨૦૦૫ની સ્થિતિએ તે થાંભલાઓની મરામત પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા) :**

(૧) હા, જી.

(૨) ડિસેમ્બર ૨૦૦૫ની સ્થિતિએ થાંભલાઓની મરામત પાછળ રૂા. ૬.૯૮ લાખનો ખર્ચ કરવામાં આવ્યો.

**શ્રી પ્રવિણભાઈ ટી. મારુ** : માનનીય અધ્યક્ષશ્રી, જયોતિગ્રામ યોજનાને સરકાર દ્વારા ખૂબ જ સારું નામ આપવામાં આવ્યું છે.

**અધ્યક્ષશ્રી** : યોજનાને કોઈ ને કોઈ નામ તો આપવું જ પડે ને?

**શ્રી પ્રવિણભાઈ ટી. મારુ** : સારું નામ આપીને સારી કામગીરી બતાવવામાં આવી છે. પરંતુ ભૂતકાળની સરકારે થાંભલા નાખ્યા છે તે અડીખમ ઉભા છે. હમણાં તાજેતરમાં જયોતિગ્રામ યોજનાની નવી લાઈનો નાખવામાં આવી છે તે વાવાઝોડાને કારણે અને વરસાદના કારણે પડી ગઈ છે એવું સરકારે બતાવ્યું છે. એન્જિનિયર પાસે ખુલાસો માગ્યો ત્યારે એમણે કહ્યું કે આ ટેન્ડરો એ રીતે બહાર પાડવામાં આવ્યા છે કે સિમેન્ટે કોંક્રીટમાં નહીં પણ એમને એમ ખાડા ખોદીને થાંભલા મૂકવાના છે. તો આ માણસોના જીવનનો સવાલ છે અને અતિ ગંભીર પ્રશ્ન છે.

**અધ્યક્ષશ્રી** : પ્રવિણભાઈ ભાષણ નહીં આપો, સવાલ પૂછો.

**શ્રી પ્રવિણભાઈ ટી. મારુ** : મારો સવાલ એ છે કે આ થાંભલા પડી જવાના કારણો શું છે? મેં જયારે પત્ર લખ્યો કે કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે ત્યારે જવાબ નથી આપવામાં આવ્યો તેના કારણો શું છે? બીજું કે મારા મત વિસ્તારમાં આની પહેલા એક મૃત્યુ થયું છે ત્યારે તેમને માત્ર દસ હજારની સહાય આપવામાં આવી છે તો સહાય વધુ ન આપવાના કારણો શું છે?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય સભ્યશ્રીએ પોતાના પ્રવચનમાં પોતે જ જવાબ આપેલ છે કે ચોમાસાના ભારે વરસાદના કારણે વીજળીના થાંભલામાં મોટા પાયે નુકસાન થયું છે. એટલે એમણે સ્પષ્ટ કહ્યું છે કે ભારે વરસાદ અને ભારે પવનના કારણે નુકસાન થયું છે. મારે એટલું ધ્યાન દોરવું છે કે ભાવનગરમાં કુલ આ વર્ષે ભારે વરસાદ અને ભારે વાવાઝોડાના કારણે ૫૮૬ થાંભલાઓને નુકસાન થયું છે. એમાં મહુવામાં અને પાલિતાણામાં સૌથી વધુ નુકસાન થયું હતું. ૫૮૬ માંથી મહુવા અને પાલિતાણાના ભેગા મળીને ૩૯૪ નું રિપ્લેસમેન્ટ અને ૧૯૨ રિપેરીંગમાં એ રીતે કામ થયા છે, એટલે બાકીના તાલુકાઓમાં નુકસાન બહુ ઓછું છે. એમાં હું વિગતો જણાવું તો મહુવામાં કુલ ૭૭૦ મિલિમીટર વરસાદ પડયો એમાંથી તારીખ ૨૮-૨૯ અને ૩૦મી જુનમાં એમ ત્રણ દિવસમાં જ ૪૪૧ મિલિમીટર વરસાદ પડયો હતો. એ જ રીતે પાલિતાણામાં કુલ ૬૦૨ મિલિમીટર વરસાદ પડયો છે એમાંથી આ ત્રણ

દિવસોમાં જ ૩૩૦ મિલિમીટર વરસાદ પડયો હતો. બીજું જયોતિગ્રામ યોજનામાં ભાવનગર જિલ્લામાં કુલ ૫૦૬૪૭ થાંભલાઓ નાખવામાં આવ્યા હતા, એમાં નુકસાન ફકત ૫૦૬ થાંભલાઓને થયેલ છે. આ થાંભલાઓનો ખર્ચ ફકત ૬ લાખ ૯૮ હજાર થયો છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, જયોતિગ્રામ યોજના નીચે માનનીય મુખ્ય મંત્રીશ્રીએ જવાબ આપ્યો કે ૪૦ હજાર કિલોમીટર જેટલી લાઈનો નાખવાની છે. મેં માનનીય મુખ્ય મંત્રીશ્રી અને માનનીય ઉર્જા મંત્રીશ્રી એમ બન્નેને પત્ર લખીને કહ્યું હતું કે આ કામ બહુ નબળું થાય છે રસ્તાની બન્ને બાજુના ઝાડ કાપીને લાઈન નાખવામાં આવે છે અથવા ઝાડ ઉપર નાખવામાં આવે છે, તેના કારણે સામાન્ય વરસાદમાં પણ થાંભલાઓ પડી જાય એમ છે. માનનીય અધ્યક્ષશ્રી, જયારે રસ્તા અને મકાન વિભાગના અધિકારીઓ તેમને થોડા દૂર નાખવાનું કહે છે ત્યારે એમને લેખિતમાં એવો જવાબ આપે છે કે મુખ્ય મંત્રીશ્રીના કાર્યાલયે અમને એમ કહ્યું છે કે કોઈ રોકે તો અમને ફરિયાદ કરવી. એક કરોડ ઝાડ કાપી નાખવામાં આવ્યા છે. એટલું બધું ખરાબ કામ અને ભ્રષ્ટાચાર થયો છે તેના માટે માનનીય મંત્રીશ્રી કોઈ પગલાં લેવા માગે છે કે કેમ? અમારી ફરિયાદ છે એની સામે પગલાં લેવા માગે છે કે કેમ?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, આ તૂટી પડેલા થાંભલાની વાત છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રીઓ, તમે આક્ષેપો અને પ્રતિ આક્ષેપોમાં પડશો તો આ એક કલાકનો અમૂલ્ય સમય વેડફાઈ જશે. તેથી માત્ર પ્રશ્ન પૂછો, આક્ષેપ ન કરો.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ભાવનગર જિલ્લામાં ભારે વરસાદના કારણે કેટલા થાંભલાઓ પડી ગયા અહીંયા એવો સ્પષ્ટ સવાલ પૂછયો છે. માનનીય વિરોધપક્ષના નેતાશ્રી વાંચી શકે છે અને તેઓ બીજી નોટિસ આપી શકે છે. મેં ભાવનગર જિલ્લામાં જ્યોતિ ગ્રામ યોજનાની લાઈન વિશેની વાત નથી કરી, કેટલા કિલોમીટરની લાઈન નાખવામાં આવી છે એની પણ વાત નથી કરી. ફક્ત ૫૦૬૪૭ થાંભલા નાખવામાં આવ્યા છે એમાંથી ૫૮૬ થાંભલા પડી ગયા છે અથવા તો નુકસાન થયું છે એટલો મારો જવાબ છે.

### નર્મદા યોજના આધારિત લીંબડી અને બોટાદ કેનાલ માટેના ટેન્ડરો

*૧૫૨૦૨ **શ્રી ભરતભાઈ પંડ્યા (ધંધુકા)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી (નર્મદા)** જણાવવા કૃપા કરશે કે-

(૧) નર્મદા યોજના આધારિત લીંબડી કેનાલ અને બોટાદ કેનાલ માટેના ટેન્ડરો બહાર પડી ગયા છે કે કેમ,

(૨) જો હા, તો આ કેનાલ કેટલા કિલોમીટર સુધી નાંખવામાં આવશે, અને

(૨) કેટલા સમયમાં આ કામ પૂર્ણ કરવામાં આવશે?

**મુખ્યમંત્રીશ્રી (નર્મદા):**

(૧) નર્મદા યોજનાની લીંબડી અને બોટાદ શાખા નહેરના ટેન્ડરો બહાર પાડીને અનુક્રમે ૩૧ કિલોમીટર અને ૧૬ કિલોમીટરના કામો શરૂ કરેલ છે.

(૨) લીંબડી શાખા નહેર ૧૧૭.૭૪ કિલોમીટર અને બોટાદ શાખા નહેર ૧૦૯.૨૦ કિલોમીટરની બાંધવાનું આયોજન છે.

(૩) આ કામ સને ૨૦૦૮-૨૦૦૯ સુધીમાં પૂર્ણ કરવાનું મૂળ આયોજન છે. આમાં ઝડપ લાવવાનો સરકારનો નિર્ધાર છે.

**શ્રી ભરતભાઈ પંડ્યા** : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા અને સુજલામ સુફલામ યોજનાની કામગીરી સારી થયેલ છે એ માટે અભિનંદન. મારા વિસ્તારમાં પીવાના પાણીનો સવાલ પૂરો થઈ ગયો છે, પરંતુ ખેડૂતો નર્મદાનું સિંચાઈનું પાણી જલદી મળી રહે એની રાહ જોઈ રહ્યા છે. તેથી માનનીય મંત્રીશ્રી પાસે એ જાણવા માગું છું કે બરવાળા અને રાણપુર તાલુકાના કુલ કેટલા ગામોનો સમાવેશ થયો છે અને કુલ કેટલા હેકટર જમીનને સિંચાઈનો લાભ મળવાનો છે.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય સભ્યશ્રીએ ટેન્ડર બહાર પાડવાની વાત પૂછી છે. ટેન્ડરો બહાર પડી ગયા છે એના કામો શરૂ થઈ ગયા છે. સંભવિત પાણી મળશે ત્યારે મારી પાસે માહિતી છે. ધંધુકા તાલુકામાં ૧૪૭૭૪ હેકટર જમીનમાં પિયત થશે જ્યારે ૨૭ ગામોને લાભ મળશે. એ જ રીતે બરવાળાને ૯૬૬૩ હેકટર જમીનમાં પિયત અને ૧૬ ગામોને લાભ મળશે. એ જ રીતે રાણપુરમાં ૧૭૮૪ હેકટરમાં પિયત અને પાંચ ગામો એ રીતે કુલ મળીને ધંધુકા, રાણપુર અને બરવાળાના ૫૮ ગામોને અને ૨૬૨૨૧ હેકટરને લીંબડી શાખામાંથી લાભ મળશે. બોટાદ શાખામાં ધંધુકા ૭૫૨ હેકટર, બરવાળાની ૩૯૨૮ હેકટર અને સાત ગામો, રાણપુર ૧૪૦૯૬ હેકટર અને ૨૪ ગામો. આ રીતે બોટાદમાંથી ૧૮૮૩૬ હેકટર અને ૩૩ ગામોને લાભ મળશે.

**શ્રી સુનીલ બા. ઓઝા** : માનનીય મંત્રીશ્રીએ જવાબમાં જણાવ્યું કે ૨૦૦૮-૨૦૦૯ સુધીમાં પૂર્ણ કરવાનું મૂળ આયોજન છે. આમાં ઝડપ લાવવાનો સરકારનો નિર્ધાર છે. આ કામો ઝડપથી થાય અને ખેડૂતોને લાભ મળે

એનો આનંદ છે પરંતુ આ ઝડપથી કરવા માટે આ કેનાલના કામો માટે અને નહેરના કામો માટે ધંધુકા અને વલ્લભીપુર તાલુકામાં નર્મદાની કચેરીઓ આવેલી હતી એ તાજેતરમાં બંધ કરવામાં આવી છે. જો આ કચેરીઓ શરૂ થાય તો ત્યાં કર્મચારીઓ રહી શકે અને આગળ કામ થાય તો એ ફરીથી કાર્યરત કરવા માગે છે કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : ૨૦૦૮-૨૦૦૯ ના બદલે એનાથી વહેલા આ કામ પૂરું કરવા માટેનું આયોજન છે. માનનીય મુખ્યમંત્રીશ્રી આખા રાજયના કામોની અવારનવાર સમીક્ષા કરીને આ કામો સમય મર્યાદા પહેલા પૂરા થાય એના માટે પ્રયત્ન કરી રહ્યા છે. એના આધારે આ કામો વહેલા પૂરા થશે. કચેરીઓ બંધ થવાને લીધે આ કામો બંધ નહિ થાય, વહીવટી કારણોસર કચેરીઓ બંધ થઈ હોય એના લીધે કામો ઉપર આખા રાજયમાં કોઈપણ જગ્યાએ કામોને અસર નહિ થાય.

**શ્રી ધનરાજભાઈ કેલા** : આ લીંબડી બોટાદ શાખાના કામો શરૂ થયા છે એ થયા પછી ખોદકામ અને ઈન્ફ્રાસ્ટ્રકચરના કામો હાલ બંધ છે એ વાત સાચી છે? જો બંધ હોય તો એ બંધ થવાના કારણો શું અને સરકાર એ ફરી કયારે શરૂ કરવા માગે છે?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : આ કામો બંધ થયા નથી. નહેરના ટેન્ડરો બહાર પાડીને અનુક્રમે ૩૧ કિલોમીટર અને ૧૬ કિલોમીટરના કામો શરૂ થયા છે. એના પછી ટેન્ડરો બહાર પાડવાની પ્રક્રિયા હાથ ઉપર છે, એ પૂર્ણ થયે એ કામો પણ આગળ ચાલુ કરવામાં આવશે.

**શ્રી કાળુભાઈ વી. વીરાણી** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત જાણવા માગું છું કે બોટાદ કેનાલનું કામ શરૂ થયું છે તો આ કેનાલ દ્વારા પંપીંગ કરીને અમરેલી જિલ્લાની નદીઓમાં પાણી ભરવા માગો છો કે કેમ? તો આ કેનાલ દ્વારા સમાવેશ થવાનો છે કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : આ કેનાલ વચ્ચે જેટલી પણ નદીઓ આવતી હશે એટલી બધી જ નદીઓને પાણી આપવાનું આયોજન છે. બોટાદમાં ૧૪ નદીઓને આ કેનાલ ક્રોસ કરે છે. તો આ ૧૪ નદીઓને ભવિષ્યમાં પાણી આપીશું.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ તેમના જવાબમાં જણાવ્યું કે આ કચેરીઓ વહીવટી કારણોસર બંધ કરવામાં આવી તો વહીવટી કારણો કયા કયા હતા કે જેના કારણે કચેરી બંધ કરવી પડી છે?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : વહીવટી કારણો વહીવટી કારણો જ હોય છે.

## માળીયા કેનાલમાં બ્રીકસ(ઈટો)ની સાઈડો બનાવવા અંગે

*૧૫૧૯૦ **શ્રી જયંતિલાલ રા. કવાડિયા (હળવદ)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે-

(૧) સૌરાષ્ટ્રમાં નર્મદા આધારિત પાણી પહોંચાડવા માટે માળીયા કેનાલમાં બ્રીકસ (ઈટો)થી સાઈડ બનાવવામાં આવી છે, તે વાત સાચી છે,

(૨) જો હા, તો એવી જ રીતે અન્ય બ્રાન્ચ કેનાલોમાં બ્રીકસ (ઈટો)થી બનાવવાનું આયોજન છે કે કેમ, અને

(૩) જો હા, તો કેટલા સમયમાં બ્રાન્ચ કેનાલો પર બ્રીક (ઈટ) ચણતર ચાલુ કરાવવા માગો છો?

**માનનીય મુખ્યમંત્રીશ્રી(નર્મદા):**

(૧) હા,જી.

(૨) અન્ય કામોમાં નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી જયંતિલાલ રા. કવાડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે આ નર્મદા કેનાલો બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે ત્યારે ૧૦૦-૧૦૦ કિલોમીટરની અંદર માટીના સેમ્પલ લેવામાં આવેલા અને કઈ માટીમાં આર.સી.સી. અનુકૂળ આવશે અને કઈ જગ્યાએ ઈટોથી બનાવવાનું અનુકૂળ આવશે, તો ખરેખર આ સેમ્પલના આધારે આજે નર્મદા કેનાલ બને છે કે કેમ? બીજો સવાલ છે કે જ્યાં આર.સી.સી. કેનાલમાં પાણી ચાલે છે, જ્યાં ઈટોમાં બનાવેલ કેનાલમાં પાણી ચાલે છે ત્યાં ભૂગર્ભના તળમાં કોઈ ફરક આવે છે કે કેમ? આવો રાજય સરકાર સરવે કરવા માગે છે કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : વારંવાર તજજ્ઞ સમિતિના સરવે અને સર્વેક્ષણ પછી જ નિર્ણય લેવામાં આવે છે અને ભવિષ્યના કામની કામગીરી શરૂ કરીએ તે પહેલાં પણ તજજ્ઞોની સમિતિનો અભિપ્રાય વારંવાર લેવામાં આવે છે. ભવિષ્યમાં ચાલુ રહેશે જ. જ્યાં સુધી આ કામો પૂરા ન થાય ત્યાં સુધી જેટલા પણ કામો શરૂ કરવામાં આવે છે તજજ્ઞ સમિતિના રિપોર્ટના અભિપ્રાયના આધારે, સલાહ-સૂચનના આધારે જ કામો કરવામાં આવે છે.

**શ્રી જયંતિલાલ રા. કવાડિયા** : તળમાં કોઈ ફરક પડે છે? ખરેખર ફરક પડે છે. જ્યાં ઈંટોની કેનાલ બનેલી છે ત્યાં આજુબાજુમાં ૧૫ કિલોમીટરમાં જમીનના ભૂગર્ભના તળમાં ફરક પડે છે. એવો સરવે કરાવવા માગો છો કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : હા,જી.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સૌરાષ્ટ્રમાં નર્મદા આધારિત કેનાલમાં જમીનમાં ખારાશ હોવાને કારણે સિમેન્ટને જલદી લૂણો લાગે છે તેના કારણે બ્રીકસથી કેનાલો બનાવવામાં આવે છે. તો વીરમગામ અને ભાલ વિસ્તાર પણ ખારાશ જમીનનો હોવાને કારણે અહીં પણ બ્રીકસની કેનાલ બનાવવા માગીએ છીએ કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : તજજ્ઞ સમિતિનો રિપૉર્ટ કહેશે તેના આધારે તેમની સલાહ પ્રમાણે કામ કરવામાં આવે છે.

**શ્રી વજુભાઈ પ. ડોડિયા** : માળીયા શાખાની કામની સ્થિતિ હાલ શું છે અને વિસ્તરણ અંગે શું વ્યવસ્થા છે અને કયા કામો હાથ ધરવામાં આવ્યા છે?

**અધ્યક્ષશ્રી** : આમાં પ્રશ્નનો જવાબ આપવા માગો છો? આમાં જરૂરી લાગતું નથી પણ આપની અનુકુળતા હોય તો આપો.

**શ્રી મનહરલાલ મ. મકવાણા** : હું જાણવા માગું છું કે આમાં જે બ્રીકસ વાપરવામાં આવે છે તે બ્રીકસની કવોલિટી એટલી હલકા પ્રકારની વાપરવામાં આવી છે કે બ્રીકસ ઓગળીને કેનાલમાં પડી જાય છે અને આજની તારીખે પણ કેનાલમાં ગાબડાં પડેલાં છે. તો એજન્સી ઉપર અને કામ કરનાર અધિકારીઓ ઉપર ખાતા દ્વારા અત્યાર સુધીમાં શું પગલાં ભરવામાં આવ્યાં અને ભવિષ્યમાં આવી ઈંટો વાપરવા માગો છો કે સારી કવોલિટીની વાપરવા માગો છો?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : અત્યાર સુધી જે બ્રીકસ વપરાઈ છે તે ઉચ્ચતમ કવોલિટીની, સારી કવોલિટીની બ્રીકસ વપરાઈ છે. માનનીય સભ્યશ્રીને કંઈ પણ ફરિયાદ હોય તો ફરિયાદ કરે. તેની તપાસ કરીશું.

**શ્રી ધનરાજભાઈ કેલા** : આ જે બ્રીકસ-ઈંટો સૌરાષ્ટ્રની મેઈન કેનાલમાં રોડ ઉપર જઈએ તો દેખાઈ આવે તેમ વાપરેલી છે. દર વર્ષે ચોમાસામાં સૌથી વધારે ભંગાણ પડ્યું હોય તો આર.સી.સી.માંથી પડ્યું છે. આમાં જે કોઈ કાર્યવાહી કરવાની હોય એમાં ગતિ આવવી જોઈએ એ આનાથી આવશે કે આર.સી.સી. વર્કથી આવશે ? કોસ્ટની દૃષ્ટિએ પણ આમાં વધુ થશે કે ઓછો ? એ માનનીય મંત્રીશ્રી ગૃહને જવાબ આપે.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, clay tile કરતાં સિમેન્ટ કૉંક્રિટ સસ્તુ પડે છે અને એની ઝડપ પણ વધે છે.

### રાજુલા તાલુકાના પીપાવાવ ખાતે ગેસ આધારિત વિદ્યુત મથક માટે ગેસ ફાળવવા કેન્દ્ર સમક્ષ રજૂઆત

*૧૩૮૯૪ **શ્રી કાળુભાઈ વી. વીરાણી(કુંડલા)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે -

(૧) અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના પીપાવાવ ખાતે ગેસ આધારિત વિદ્યુત મથક માટે ગેસ ફાળવવા કેન્દ્ર સરકાર સમક્ષ તા.૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યારે રજૂઆત કરવામાં આવેલ છે, અને

(૨) કેન્દ્ર સરકાર તરફથી શું પ્રતિભાવ મળેલ છે ?

**માનનીય મુખ્યમંત્રીશ્રી :-**

(૧)

| | |
|---|---|
| (૧) | તા.૯-૨-૦૫ |
| (૨) | તા.૪-૪-૦૫ |
| (૩) | તા.૧૯-૪-૦૫ |
| (૪) | તા.૨૭-૫-૦૫ |
| (૫) | તા.૯-૯-૦૫ |
| (૬) | તા.૨૧-૧૨-૦૫ |

(૨) ભારતના ભૂતપૂર્વ પ્રધાનમંત્રીશ્રીઓએ પીપાવાવ વીજમથકને ગેસ ફાળવવાની ખાત્રીઓ આપી છે તેમજ જુન-૨૦૦૦માં કેન્દ્રના પેટ્રોલિયમ અને નેચરલ ગેસ મંત્રાલયે લેખિતમાં સૈદ્ધાંતિક મંજૂરી આપેલ હોવા છતાં, હવે કેન્દ્રના મંત્રીશ્રી પૅટ્રોલિયમ અને નેચરલ ગેસ એ તેમના તા.૧૧-૭-૦૫ના પત્રથી જણાવેલ છે કે પીપાવાવ વિદ્યુત મથકના ડેવલપર્સ એ પન્ના, મુકતા, તાપ્તીના ગેસ ફિલ્ડના જોઈન્ટ વેન્ચર્સ સાથે બજાર કિંમતે ગેસ મેળવવા અંગે ગોઠવણ કરવાની રહે છે.

**શ્રી કાળુભાઈ વી. વીરાણી** : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, અમરેલી જિલ્લામાં અને ખાસ તો સૌરાષ્ટ્રમાં પીપાવાવ બંદરે ગેસ ઉત્પાદન કરવા માટે છેલ્લા ઘણા વર્ષોથી માંગણી છે અને મને ખ્યાલ છે ત્યાં સુધી જ્યારે કેન્દ્રમાં ભાજપની સરકાર હતી, માનનીય વડાપ્રધાનશ્રી અટલ બિહારી બાજપાઈ હતા ત્યારે ૨૦૦૦ મેગાવોટ ઉત્પાદન કરવા માટેનું આયોજન થયું હતું. હવે આ કામ કેમ અટકી ગયું છે અને અટકવાના કારણો શું છે? જયારે આ વિસ્તાર સૌરાષ્ટ્ર સુક્કો ભઠ્ઠ છે, અમરેલી જિલ્લો પછાત છે ત્યાં આ ખૂબ જરૂરી છે તો આના માટે રાજય સરકારે શું શું કાર્યવાહી કરી અને કેન્દ્રમાં કયારે ક્યારે માગણી કરી અને કેન્દ્રએ શું શું જવાબો આપ્યા છે ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ વર્ષો જુનો પ્રશ્ન છે. ૧૯૮૯ની અંદર સ્વ.શ્રી રાજીવ ગાંધીએ વચન આપ્યું હતું અને વચન આપ્યા પછી ૧૯૯૦ની અંદર પેંટ્રોલિયમ મિનિસ્ટરશ્રી ગુરુપ્રસાદ સ્વામીએ કહ્યું હતું કે, પીપાવાવને ૬૧૫ મેગાવોટ માટે ૩.૬૫ મિલિયન ક્યુબિક ગેસ મીટર પન્ના, મુકતા અને તાપ્તી ઑઈલ ફિલ્ડમાંથી મળશે. ૧૯૯૨ની અંદર લોકસભામાં આનો જવાબ આપવામાં આવ્યો કે આ ગેસ જ્યારે પણ નીકળશે ત્યારે તમને મળશે. આદરણીય અટલજી તરફથી ૨૦૦૦ની અંદર આ બાબતે આપણને પ્રોમીસ આપવામાં આવ્યું હતું. બધા જ પ્રધાનમંત્રીશ્રીઓ અને પેંટ્રોલિયમ મંત્રીશ્રીઓએ ૧૯૯૦થી ૨૦૦૪ સુધીમાં આની ખાતરી આપી હતી. ૧-૩-૦૫માં રાજયસભાની અંદર જ્યારે પ્રશ્ન પૂછવામાં આવ્યો ત્યારે પણ આની ખાતરી આપવામાં આવી હતી કે આનો ગેસ આપણને મળશે અને administer priceમાં મળશે એટલે કે, રાહતના દરે મળશે. એવી સ્પષ્ટપણે ૧૫-૨૦ વર્ષથી વાત ચાલતી હતી. ૧-૩ અને ૧૧-૭ની વચ્ચે શું બન્યું કે, એ જ મંત્રીશ્રી મણીશંકર ઐયરે જવાબ આપ્યો કે, તમારે ગેસ ખરીદવો હોય તો joint venture marketing company પાસેથી ખરીદવો પડશે, ઓ.એન.જી.સી. પાસેથી ખરીદવો પડશે, બ્રિટિશ ગેસ પાસેથી ખરીદવો પડશે, રિલાયન્સ પાસેથી ખરીદવો પડશે. એવું સ્પષ્ટપણે ૧-૩ અને ૧૧-૭ની અંદર એ કયા કારણોસર કરવામાં આવ્યું ? આ ઉપરાંત રાજય સરકારે ૬ વાર પ્રશ્નો પૂછાવ્યા છે.

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, સાંભળો, ગુજરાત માટે ખૂબ અગત્યનો પ્રશ્ન છે.

**શ્રી સૌરભ પટેલ** : ૬ વાર સરકાર દ્વારા કેન્દ્રમાં પ્રશ્ન પૂછાવ્યા છે. આદરણીય મુખ્યમંત્રીશ્રીઓ દ્વારા, સચિવશ્રીઓ દ્વારા વારંવાર રજૂઆતો કરવામાં આવી છે. આપણે જી.એસ.પી.સી. દ્વારા જાન્યુઆરી ૧૭-૨૦૦૫માં ઓ.એન.જી.સી.ને પત્ર લખવામાં આવ્યો. ૧૪-૩, ૧૨-૭, એ ઓ.એન.જી.સી.ને પત્ર લખવામાં આવ્યો. ૧૨-૮ એ રિલાયન્સને પત્ર લખવામાં આવ્યો.૫-૯એ ઓ.એન.જી.સી., રીલાયન્સ અને બ્રિટિશ ગેસને પત્રો લખવામાં આવ્યા. ફરી પાછા ૨-ફેબ્રુઆરીએ ઓ.એન.જી.સી.ને પત્ર લખવામાં આવ્યો. ૧૦-૨એ આ ત્રણેયને પત્રો લખવામાં આવ્યા. કમનસીબે ગૃહને કહેવું પડે છે કે, દર મહિને ફોલોઅપ કરવા છતાં આજની તારીખે ટૂંક સમયમાં પન્ના, મુકતા અને તાપ્તીમાંથી ગેસ નીકળવાનો છે અને મને ચિંતા છે અને આપણે બધાએ ચિંતા કરવી જોઈએ કે નોર્થ ઈન્ડિયામાં ગેસ ન જાય અને ગુજરાતને એનો શેર મળે એ માટે આપણે બધાએ સાથે મળીને પ્રયત્ન કરવામાં આવે એવી મારી વિનંતી છે.

**શ્રી બાલુભાઈ તંતી** : માનનીય અધ્યક્ષશ્રી, ગેસ ફાળવવો એ કેન્દ્ર સરકારની ફરજ છે ત્યારે રાજય સરકાર દ્વારા પીપાવાવ પોર્ટને ગેસ મળે એ માટે રાજય સરકાર દ્વારા અહીંથી કોઈ ડેલિગેશન સંસદસભ્યોનું કે બીજું કોઈ ડેલિગેશન મોકલવામાં આવ્યું હતું કે કેમ ? જે તે વખતે કેન્દ્ર સરકાર દ્વારા એના શું જવાબો આપ્યા હતા ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ૧૨ મહિનાની અંદર કોઈ ડેલિગેશન ગયું નથી. સામૂહિક રીતે બધા સભ્યશ્રીઓ જાય તો ચોક્કસપણે અમે લઈ જવા તૈયાર છીએ.

**ડૉ. દિનેશ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાત માટે અતિ મહત્વનો પ્રશ્ન છે ત્યારે આ સરકારને હું એટલું કહેવા માગું છું કે જ્યારે પેંટ્રોલિયમ મંત્રીશ્રી દિનશાભાઈ પટેલ ગુજરાતના જ આવ્યા છે ત્યારે પોતાની પૂરેપૂરી વગ વાપરી, જો કે અત્યાર સુધી આ સરકાર ઉણી ઉતરી છે. માત્ર આ બાબતમાં જ નહીં પણ નર્મદાના બંધના વિલંબ બાબતમાં પણ આ સરકાર ઉણી ઉતરી છે, એમ આ બાબતમાં પણ ઉણી ન ઉતરે એ બાબત માટે ખાતરી આપે છે કે કેમ?

**અધ્યક્ષશ્રી .**: પ્લીઝ,બીજી વાત ન કરો.

**શ્રી નરેન્દ્રભાઈ મોદી** : માનનીય અધ્યક્ષશ્રી, આપ નકકી કરો કે એ હાઉસ કેવી રીતે ચલાવવા માગે છે, Is this the way? અને જવાબદાર સભ્ય આ રીતે વાત કરે? ગુજરાતના હિતની બાબતમાં હું હંમેશા તેમને સાથે લઈને ચાલ્યો છું. હું ગુજરાતના હિતની બાબતમાં બધા જ લોકોને સાથે લઈને ચાલ્યો છું અને જો નર્મદા યોજના બાબતમાં શ્રીમતી સોનીયા ગાંધી અને શ્રીમાન મનમોહનસિંઘે જે વહેવાર કર્યો છે એ જાહેર કરીશ તો તમે લોકો જવાબ આપી નહીં શકો. . (અંતરાય) નર્મદા બાબતમાં શ્રીમતી સોનીયા ગાંધી અને શ્રીમાન મનમોહનસિંઘે મેઘા પાટકરને મુલાકાત આપીને જે વહેવાર કર્યો છે એની જાહેરાત કરીશ તો ગુજરાત કોંગ્રેસના લોકો જવાબ નહીં આપી શકે. નર્મદાની બાબતમાં આપણે સાથે મળીને ચાલ્યા છીએ એટલે હું કેટલીએ બાબતોમાં ચૂપ છું અને અમને ચૂપ રહેવા દો. હમણાં ચૂપ રહેવા દો કારણ કે આપણે સાથે મળીને પરિણામ લાવવું છે. સતત અંતરાય..

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ. બેસો બધા (સતત અંતરાય ) સૂત્રોચ્ચાર. પ્લીઝ, પ્લીઝ જગદીશભાઈ (સતત અંતરાય) કોઈ પ્રશ્ન ચાલતો હોય અને અન્ય ક્ષેત્રના આક્ષેપો કરીએ એ વાજબી નથી. દિનેશભાઈ, પ્લીઝ બેસો. જે વાત ચાલતી હોય એમાં માત્ર રાજયના હિતની વાત કરો. (સતત સૂત્રોચ્ચાર). પ્રશ્ન ક્રમાંક: ૬ (સતત સૂત્રોચ્ચાર) પ્રશ્ન ક્રમાંક: ૬ પ્લીઝ ( સતત અંતરાય ) પ્લીઝ , પ્રશ્ન ક્રમાંક: ૬ નીમાબેન, પ્લીઝ બધા બેસો. પ્રશ્ન ક્રમાંક: ૬.

**કચ્છમાં ભૂકંપ પછી થયેલ ઔદ્યોગિક વિકાસ**

***૧૪૮૦૬ ડૉ. નીમાબેન બી. આચાર્ય (અંજાર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે - કચ્છ જિલ્લામાં ભૂકંપ પછી તા: ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ કેટલું ઔદ્યોગિક મૂડીરોકાણ થયેલ છે?

**માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) :**

કચ્છ જિલ્લામાં ભૂકંપ પછી તારીખ :૩૧-૧-૦૬ની સ્થિતિએ રુ. ૪૦,૬૨૧ કરોડના મૂડી રોકાણવાળા ૬૩૫ પ્રોજૅકટ માટે એલઓઆઈ/એલઓપી/આઈઈએમ ફાઈલ થયેલ છે જે પૈકી ૩૨૦૦૪ કરોડના મૂડીરોકાણવાળા ૪૦૯ પ્રોજેકટ અમલીકરણ નીચે છે, જ્યારે રુ. ૭૯૪૬ કરોડના મૂડી રોકાણવાળા ૧૮૦ પ્રોજૅકટ ઉત્પાદનમાં ગયેલ છે.

**ડૉ. નીમાબેન બી. આચાર્ય** : માનનીય અધ્યક્ષશ્રી, (સતત અંતરાય) મારો બહુ અગત્યનો પ્રશ્ન છે એટલે મહેરબાની કરીને મારો પ્રશ્ન પૂરો થવા દો. મારો અગત્યનો પ્રશ્ન છે અને એમાં વચ્ચે બોલશે તો મારો પ્રશ્ન અધૂરો રહી જશે. માનનીય અધ્યક્ષશ્રી, જવાબમાં જણાવવામાં આવ્યું છે કે ૪૦,૬૨૧ કરોડના ૬૩૫ પ્રોજૅકટના આઈ.ઈ.એમ. ફાઈલ થયેલ છે અને એમાંથી ૭૯૪૬ કરોડના ૧૮૦ પ્રોજૅકટ ઉત્પાદનમાં ગયેલ. મારી ચિંતા એ છે કે આ જે ૪૦૬૨૧ કરોડના પ્રોજૅકટો જે ફાઈલ થયેલ છે. તા:૩૧-૧૨-૨૦૦૫ની એક્સાઈઝ ડ્યૂટી માફીની જે મુદત હતી એ પૂરી થઈ ગઈ છે. એનું એક્સટેન્શન મળશે કે કેમ? અને જો આ એક્સટેન્શન ના મળે તો જે પ્રોજૅકટો ૪૦ હજાર કરોડના ફાઈલ થયા છે એનું શું થશે? એનું કારણ છે કે જે પ્રોજૅકટો, આ વિસ્તારમાં ભૂકંપના લીધે એક્સાઈઝ ડ્યૂટી માફીની જે વાત કરવામાં આવી છે તો બીજા વિસ્તારોમાં ઉત્તરાંચલ અને બીજી જગ્યાઓએ ૧૫ વર્ષની એક્સાઈઝ ડ્યૂટી માફી છે. કચ્છ જિલ્લામાં માત્ર પાંચ વર્ષની એક્સાઈઝ ડ્યૂટી માફી આપવામાં આવી. આ એક્સટેન્શન માગવા માટેની આપણે કોઈ માગણી કરી છે? અને માગણી કર્યા પછી એના માટે આપણને કોઈ શક્યતા દેખાય છે? આપણને એક્સટેન્શન આપશે કે નહિ? મને ચિંતા છે કે આટલી બધી મહેનત કર્યા પછી જે પ્રોજૅકટો ફાઈલ થયા છે એ આવી શકશે કે કેમ? માનનીય અધ્યક્ષશ્રી, મારો બીજો પ્રશ્ન એ છે કે જે ઉદ્યોગો અત્યારે આવી રહ્યા છે એ ઉદ્યોગોને કાર્યાન્વિત કરવા માટે સરકારે શું શું મહેનત કરી છે અને ઝડપી કાર્યવાહી થાય એના માટેના શું પ્રયત્નો કર્યા છે એ હું જાણવા માગું છું.

**શ્રી અનિલભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ભૂકંપ પછી કચ્છને બેઠું કરવા માટે ઔદ્યોગિક વિકાસ દ્વારા જે પ્રોત્સાહક યોજના કેન્દ્ર સરકાર અને રાજય સરકાર દ્વારા દાખલ કરવામાં આવેલ એના માટે માનનીય સભ્યશ્રીની જે ચિંતા છે એ ચિંતામાં હું પણ મારો સૂર પૂરાવું છું. તા. ૩૧-૧૨-૨૦૦૫ સુધી કેન્દ્ર સરકારે એક્સાઈઝ ડ્યૂટીના એક્સપાન્સન માટેની મુદત અગાઉના બજૅટ વખતે લંબાવી આપેલ હતી. માનનીય મુખ્યમંત્રીશ્રીએ આદરણીય વડાપ્રધાનશ્રીને વ્યક્તિગત રજૂઆત કરીને ઑકટોબર મહિનામાં આ મુદત ફરીથી બે વર્ષ લંબાવી આપવા માટે ખૂબ રજૂઆત કરી. પરંતુ કેન્દ્રના માનનીય નાણામંત્રીશ્રીએ આ વાજબી માગણીને ધ્યાનમાં ન લીધી હોય એ રીતે એમણે આ માગણીને નકારી કાઢી છે અને એના કારણે, એ વાત તદ્દન સાચી છે કે કચ્છમાં ૪૦ હજાર કરોડ રૂપિયાના નવા ઉદ્યોગો જ્યારે પાઈપલાઈનમાં હોય ત્યારે આ પાઈપલાઈનમાં આવેલ ઉદ્યોગોને એમનું કાર્ય પૂરું કરવા માટે પણ આ મુદત લંબાવી આપવી જોઈએ. તો જ કચ્છને બેઠું કરવા માટેની આપણી રાજય સરકારની જે મથામણ છે એમાંથી કચ્છની પ્રજાને મોટો લાભ મળી શકે. મારે આપને એ પણ જણાવવું છે કે કેન્દ્રની જે એક્સાઈઝ ડ્યૂટીની પ્રોત્સાહન યોજના છે એની સાથે સાથે રાજ્ય સરકારે સેલ્સ ટેક્સ માટેની પણ માફી અને પ્રોત્સાહન યોજના દાખલ કરેલ હતી. રાજય સરકારે જ્યારે આ દાખલ કરેલ યોજના હતી ત્યારે આવા પાઈપલાઈનના કેસો માટે ગયા વર્ષે જ એક વર્ષ અગાઉ અને બીજા બે વર્ષ માટે એમ કુલ ત્રણ વર્ષની રાહત મળે એ પ્રમાણે વર્ષ ૨૦૦૭ સુધીની મુદત લંબાવી આપવાની જાહેરાત કરેલ છે. રાજય સરકાર કચ્છને બેઠું કરવા માટે ઔદ્યોગિક વિકાસને જ્યારે પ્રોત્સાહન આપવા માગે છે ત્યારે કેન્દ્ર સરકાર દ્વારા આ વસ્તુ થઈ શકી નથી એની ચિંતા છે. માનનીય સભ્યશ્રીએ જાણવા માગ્યું છે કે રાજય સરકારે કચ્છના ઔદ્યોગિક વિકાસ માટે અન્ય શું પગલાં ભર્યા? કચ્છનું ઈન્ફ્રાસ્ટ્રકચર ભૂકંપ પછી ખૂબ જ ખરાબ હાલતમાં આવી ગયું હતું એની અંદર રાજય સરકારે ઈન્ફ્રાસ્ટ્રકચરની સુધારણા માટે રસ્તા, રેલ્વે અને ઔદ્યોગિક વસાહત સ્પેશિયલ ઈકોનૉમિક ઝોનમાં આપણા ખાનગી સ્પેશિયલ ઈકોનૉમિક ઝોનને પ્રોત્સાહન આપીને દેશના સૌથી મોટા સ્પેશિયલ ઈકોનૉમિક ઝોનનું આયોજન કચ્છમાં કરી રહ્યા છીએ. કારણ કે એસ.ઈ.ઝેડમાં કેન્દ્ર સરકારની એક્સાઈઝ ડ્યૂટી વગેરેના એક્સટેન્શનની જરૂરિયાત પડશે નહીં. એટલે હવે આપણો મદાર કચ્છના વિકાસ માટે સ્પેશ્યલ ઈકોનૉમિક ઝોનના માધ્યમ મારફત આપણા રાજ્યનો

વિકાસ કરવાનો છે. આપણે સ્પેશ્યલ રેલવેને કહ્યું છે કે કચ્છને રેલવેથી જોડવા માટે ખાનગી કંપની દ્વારા બ્રોડગેજ રેલવે લાઈન જેમાં રાજ્ય સરકાર પણ ભાગીદાર બનીને આ રેલવે બ્રોડગેજ કરવા માટેનું આયોજન રાજ્ય સરકારે કર્યું છે.

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે કચ્છમાં જે મૂડીરોકાણ આવી રહેલ છે એ કયા કયા ઔદ્યોગિક ક્ષેત્રમાં થનાર છે.

**શ્રી અનિલભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કચ્છમાં જે નવું ઔદ્યોગિક મૂડીરોકાણ આવી રહેલ છે એ વિવિધ ક્ષેત્રમાં ખાસ કરીને મેટલાર્જિક, ઇલૅક્ટ્રોનિક્સ અને કોમ્યુનિકેસન આ એક એન્જિનિયરીંગ, કૅમીકલ, એગ્રો અને ફૂડ પ્રોસેસિંગ કચ્છ જેવા વિસ્તારમાં ઉદ્યોગોની પણ સ્થાપના થઈ રહી છે. ઈલેકટ્રોનિકસ ઈન્ફાસ્ટ્રકચર, સીરામીક ગ્લાસ અને સીરામીક ઉદ્યોગ પણ કચ્છની અંદર આવી રહ્યાં છે. એ રીતે કચ્છનું ઝડપી ઔદ્યોગીકરણ થઈ રહ્યું છે.

**શ્રી મુકેશ ભૈ. ગઢવી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે કેન્દ્ર સમક્ષ અવારનવાર રજૂઆત કરી છે. મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે જ્યારે જ્યારે એક્ષટેંશન માટે આપણે એપ્લાય કર્યું ત્યારે જે જે ઈન્ડસ્ટ્રીઝે ત્યાં તેનું સમય મર્યાદાની અંદર પ્રોડકશન ચાલુ કર્યુ છે કે કેમ? અને એના માટે જે કાંઈ પરફોમામાં રાજ્ય સરકારે ભલામણ કરવાની હતી એ નિયત સમય મર્યાદામાં ભલામણ કરી છે કે કેમ?

**શ્રી અનિલભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હાજી.

**જ્યોતિગ્રામ યોજના હેઠળ સતત વીજ પુરવઠા મળવા બાબત**

*૧૪૮૩૦ **શ્રી રાકેશ રાવ (માતર)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી (ઊર્જા)** જણાવવા કૃપા કરશે કે -

(૧) ફેબ્રુઆરી-૨૦૦૬ ની સ્થિતિએ રાજ્યના કેટલા જિલ્લાઓમાં જ્યોતિગ્રામ યોજના અન્વયે સતત વીજ પુરવઠો આપવાનું કામ પૂર્ણ થઈ ગયેલ છે, અને

(૨) ખેડા જિલ્લાના માતર તાલુકાના પરા વિસ્તારોમાં જ્યોતિગ્રામ યોજના અન્વયે ક્યાં સુધીમાં સતત વીજ પુરવઠો મળતો થઈ જશે?

**માનનીય મુખ્યમંત્રીશ્રી (ઊર્જા) :**

(૧) રાજ્યના તમામ જિલ્લાઓમાં જ્યોતિગ્રામ યોજના અન્વયે સતત વીજ પુરવઠો આપી શકાય તે માટેની કામગીરી પુરજોશમાં ચાલુ છે, તે પૈકી ૧૨ જિલ્લાઓમાં તમામ ગામોની કામગીરી પૂર્ણ થઈ ગયેલ છે તેમજ તા. ૧૨ ફેબ્રુઆરી-૨૦૦૬ સુધીમાં રાજ્યના કુલ ૧૫૭૧૬ ગામોને આ યોજનાનો લાભ પણ મળતો થઈ ગયેલ છે.

(૨) માતર તાલુકાના તમામ પરા વિસ્તારોમાં યોજના અન્વયે વીજ પુરવઠો આપવામાં આવતો હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી રાકેશ રાવ** : માનનીય અધ્યક્ષશ્રી, જ્યોતિગ્રામ યોજના એ ક્રાંતિકારી યોજના છે અને એના કારણે ગામડાના લોકોને સતત વીજ પુરવઠો મળે છે એ ખૂબ આનંદની વાત છે. પરંતુ મારે વિભાગનું એ તરફ થોડું ધ્યાન દોરવું છે કે સતત વીજ પુરવઠાના કારણે કેટલાક રૂરલ ફીડરોને અલગ કરી દેવાના કારણે પરા વિસ્તારની અંદર પુરતી લાઈટ-વીજ પુરવઠો મળતો નથી, જેના કારણે વિદ્યાર્થીઓનો અભ્યાસ બગડે છે અને ખેતરમાં ઝેરી જીવ-જંતુ, ચોરી-લૂંટફાટનો ભય પણ રહે છે તો મુશ્કેલી દૂર કરવા માટે વિભાગ શું કરવા માગે છે? નંબર-૨, એમણે મને કહ્યું છે કે માતર વિસ્તારના તમામ પરા વિસ્તારમાં વીજ પુરવઠો સતત આપવામાં આવે છે તો મારે એ જાણવું છે કે સંધાવા ૧-૨, હરિયાણા ફીડર ઉપર ક્યારથી વીજ પુરવઠો આપવામાં આવે છે?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જ્યોતિગ્રામ યોજનાના ઘણા બધા લાભો છે. ખેડા જિલ્લાની અંદર ૬૧૧ ગામડાને સંપૂર્ણપણે આપણે જ્યોતિગ્રામ જાહેર કર્યા છે અને ૨૪ કલાક વીજ પુરવઠો આપવામાં આવે છે. ખેડા જિલ્લાની અંદર પેટાપરાની સંખ્યા ઘણી વધારે છે. આજની તારીખે ૫૨૪ પેટાપરાના ખેડા જિલ્લાની અંદર આપણે કામો પૂરાં કર્યા છે. માતરની અંદર ૧૫ પેટાપરા તેમાં- લક્ષ્મીપૂરા, રતનપુર, નવી કૌશલ્યા, રહેમપૂરા ભાથાનુપૂરા, તૈયબપૂરા, પ્રકાશનગર, જેતપૂરા, મહાદેવપૂરા, સોનલપૂરા, વસણીપૂરા, ભરતપૂરા, સુતરીયા, જીવંતપુર, ડુંગરપુર આ બધા પેટાપરાના કામો સંપૂર્ણપણે પૂરાં થયેલા છે અને સભ્યશ્રીએ જે ચિંતા વ્યકત કરી કે જે પેટાપરાની અંદર લાઈટ નથી પહોંચી ત્યાં બને એટલી વહેલી લાઈટો અમે સંપૂર્ણપણે આખા રાજયમાં આપવાનું નક્કી કર્યુ છે અને ખેડા જિલ્લાની આગળ (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, આખા રાજ્યની અંદર સંપૂર્ણપણે પેટાપરાનું આપણે વીજળીકરણ કરવાનું આયોજન છે.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આ રાજયની જળહળતી જ્યોતિ ગ્રામ યોજનાનું ગૌરવ છે એનું અનુકરણ કરવા માટે બીજા રાજયોએ આપણી સરકાર પાસે માર્ગદર્શન માગ્યું છે કે કેમ ?

બીજો પ્રશ્ન એ છે કે, આજે જે જળહળતી જ્યોતિ ગ્રામ યોજનાની આટલી બધી હાઉસમાં વિપક્ષો ટીકા કરી રહ્યા છે તો એમને રાજકીય કોઈ નુકસાન આ યોજનાએ કર્યુ છે કે કેમ ?

**શ્રી સૌરભ પટેલ**: માનનીય અધ્યક્ષશ્રી, મને જાણ કરતાં આનંદ થાય છે કે, આખા દેશની અંદર દરેક રાજયની અંદર જ્યોતિ ગ્રામ યોજના માટે ચર્ચાઓ થાય છે, હું આપને દાખલો આપું કે, હમણાં જ મહારાષ્ટ્રના ઊર્જા મંત્રીશ્રીએ આખા ગુજરાતના જી.ઈ.બી. જે સંસ્થા છે એના ટોપ મોસ્ટ કર્મચારીઓ અને મેં જાતે મંત્રીશ્રીને આખી જ્યોતિ ગ્રામ યોજના વિશે ત્રણ કલાકનું પ્રેઝન્ટેશન આપ્યું હતું આ ઉપરાંત અનેક રાજયોની અંદર કેન્દ્ર સરકાર દ્વારા અમારી ટીમ રાજયે-રાજયે જઈ અને આ વિષયની અંદર જ્યોતિ ગ્રામનો સકસેશ વિષયની અમને માહિતી માગે છે, કેવી રીતે કર્યુ અમે એની સંપૂર્ણ વિગતો આપીએ છીએ અને આ અઠવાડિયામાં વર્લ્ડ બૅન્ક દ્વારા આયોજીત દરેક રાજયોને બોલાવીને ઊર્જા ક્ષેત્રે ગુજરાતે પ્રેઝેન્ટેશન આપ્યું અને એમાં જ્યોતિ ગ્રામ યોજના વિશે સંપૂર્ણપણે પ્રેઝન્ટેશન વર્લ્ડ બેન્ક દ્વારા આપવામાં આવ્યું.

બીજું, રાજકીય વિષયની વાત કરું તો રાજકીય નુકસાન કહીએ તો ચૂંટણીમાં બધા ઘરે બેસી ગયા એ નુકસાન થયું.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ એમ કહ્યું કે, આખા રાજયમાં જ્યોતિ ગ્રામને લીધે અમે લાઈટ આપીએ છીએ, આખા દેશમાં આપીએ તો મારે એટલું જ પૂછવું છે કે, ગુજરાતની પ્રજાને, ગુજરાતના ખેડૂતોએ અને લોકોએ કેટલી ફરિયાદ કરી કે અમને ચોવીસ કલાક નહીં પણ ચાર કલાક પણ લાઈટ મળતી નથી એવી કેટલી ફરિયાદો રાજય સરકાર પાસે આવી?

**અધ્યક્ષશ્રી** : નો, પ્લીઝ બેસો, નો પ્લીઝ, ડૉ.અનિલભાઈ.

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, જે સાબરકાંઠાના ગામડાઓ છે, આપે ચોવીસ કલાકની વાત કરી છે પણ ગામડાઓની પ્રાથમિક શાળાની પાસે લાઈટના થાંભલા મૂકી દેવામાં આવ્યા છે અને આખા ગામને ચોવીસ કલાક થ્રી ફેઈઝ લાઈટની જાહેરાતો કરવામાં આવે છે એવું છે. અમારા વિસ્તારમાં છે જ. મંત્રીશ્રીને વિનંતી છે કે, આની તપાસ કરે કારણ કે,દરેક ગામડામાં આ પરિસ્થિતિ છે તો દરેક ઘરને ચોવીસ કલાક થ્રી ફેઈઝ વીજળી આપવા માગો છો કે કેમ ?

**અધ્યક્ષશ્રી** : આપે કેટલી મુલાકાત લીધી? કયું ગામ છે? એનું નામ આપો, પ્લીઝ.

**ડૉ. અનિલ જોષીયારા** : મારા પ્રશ્નનો જવાબ આપે.

**અધ્યક્ષશ્રી** : નામ આપો.

**ડૉ. અનિલ જોષીયારા** : કંથાલીયા, ભીલોડા તાલુકાના તમામ આદિવાસી ગામોની હું વાત કરું છું.

**અધ્યક્ષશ્રી** : એમ નહીં, ડૉકટર એમાં તકલીફ હોય તો નામ આપો તો એનો ઉકેલ આવી શકે.

**ડૉ. અનિલ જોષીયારા** : મોટા ભાગના ગામોમાં.

**અધ્યક્ષશ્રી** : ગામો કહો, સ્પેસિફિક નામો આપો.

**ડૉ. અનિલ જોષીયારા** : કંથાલીયા, ચોરીમાળા, બાવળીયા, વિરપુર, ઝિંઝોલી, જેચરપૂરા.

**શ્રી સૌરભ પટેલ**: સભ્યશ્રીએ આજે પહેલીવાર ચિંતા વ્યક્ત કરી છે, એમનો પત્ર મળ્યો હોત તો તપાસ કરી લીધી હોત, આપ મને પત્ર આપો, હું વિગતવાર તપાસ કરી લઈશ.

**કલ્પસર યોજનાથી ગારીયાધાર તાલુકાને સિંચાઈનું પાણી મળવા અંગે**

*૧૫૨૪૩ **શ્રી કેશુભાઈ હી. નાકરાણી (શિહોર)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી (કલ્પસર)** જણાવવા કૃપા કરશે કે-

(૧) કલ્પસર યોજના દ્વારા ગારીયાધાર તાલુકાને સિંચાઈ માટે પાણી મળવાની શક્યતા છે કે નહીં, અને

(૨) જો હા, તો આ તાલુકાને કેવી રીતે સિંચાઈનું પાણી મળી શકે તેમ છે ?

**મુખ્ય મંત્રીશ્રી (કલ્પસર)**

(૧) કલ્પસર યોજનાના વિસ્તૃત શક્યતાદર્શી યોજનાકીય અહેવાલ બનાવવાની કામગીરી પ્રગતિમાં છે. ઉપરોક્ત કામગીરી પૂર્ણ થયે શક્યતા જાણી શકાશે.

(૨) ઉપર મુજબ.

**શ્રી કેશુભાઈ હી. નાકરાણી :** માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, આ શક્યતાદર્શી અહેવાલ કેટલા સમયમાં તૈયાર થશે?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રિ-ફિઝિબિલિટી રિપોર્ટના આધારે અને પૂર્ણ શક્યતાદર્શી રિપોર્ટ આપણે તૈયાર કરી રહ્યા છીએ. પૂર્વ શક્યતાદર્શીમાં આ યોજના શકય છે, ફિઝિબલ છે એ પ્રકારનું તારણ આવ્યા બાદ જ આપણે હવે પૂર્ણ શક્યતાદર્શી રિપોર્ટ તરફ આગળ વધી રહ્યા છીએ અને એ રિપોર્ટ ૨૦૦૭ સુધીમાં તૈયાર થઈ જશે.

**શ્રી મનસુખભાઈ લ. માંડવિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, કલ્પસર એક બહુહેતુક યોજના છે આ યોજના સાકાર થવામાં મોટાભાગની જમીનો પણ ઉપલબ્ધ છે, વિસ્થાપિતોનો પ્રશ્ન થવાનો નથી. બીજા રાજયની ભાગીદારી પણ નથી ત્યારે આ મહત્વપૂર્ણ યોજના સાકાર કરવા માટે કોઈ વર્ષવાર, તબકકાવાર આયોજન રાજય સરકારે કર્યું છે કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, પૂર્વ શકયતાદર્શી અહેવાલ ૨૦૦૭માં પૂર્ણ કરવામાં આવશે. બીજો તબકકો યોજનાને વાસ્તવિક સ્વરૂપ આપવા માટે વિગતવાર આલેખન, વિસ્તૃત વિવરણ, બાંધકામ પૂર્ણતા વગેરે માટે વૈશ્વિક નિવિદા તૈયાર કરીને યોજનાના બાંધકામ અંગેની કામગીરી ૨૦૦૯માં શરૂ કરીને ૨૦૧૮ સુધીમાં આ યોજના પૂર્ણ કરવાનું આયોજન છે.

**ડૉ. સી. જે. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે પ્રીફીઝીબીલીટી રિપોર્ટ પાછળ અંદાજે કેટલો ખર્ચ થયો?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : ૧૩.૧૬કરોડનો.

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે કલ્પસર યોજના પ્રોજેકટ ૧૯૭૩ની સાલથી ચાલુ થયો છે એ હકીકત ખરી છે? ૨૦૦૭માં રિપોર્ટ આવ્યે આગળ કાર્યવાહી થશે એવું મંત્રીશ્રીએ કહ્યું છે તો આ યોજનામાંથી લોકોને લાભ મળવાનો કયારે શરૂ થશે?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૭૩ની વાત સાચી નથી. ૧૯૯૮માં નેધરલેન્ડની મેસર્સ રોયલ હેસ્કોનીન કંપની દ્વારા આ કામના સરવેની શરૂઆત થઈ. પૂર્વ શકયતા દર્શી અહેવાલ ૧૯૯૬-૯૮ દરમિયાન લેવામાં આવ્યો અને આ શકયતા દર્શી અહેવાલ ૬ અભ્યાસ સાથે ૧૯૯૦માં તૈયાર થયો. લોકોને આનો લાભ ૨૦૧૮ સુધી કે એ પહેલા આની કામગીરી પૂર્ણ થશે એટલે મળશે. ૧૨ જિલ્લાના ખેડૂતોને સિંચાઈમાં, નવસાધ્ય કરવામાં આ બધી જ પ્રક્રિયામાં લાભ મળશે. ૨૦૦૯થી ૨૦૧૮ સુધીમાં કામગીરી પૂર્ણ થશે ત્યારે.

**શ્રી દિપસિંહ શં. રાઠોડ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગું કે ૨૦૦૫-૨૦૦૬ના વર્ષમાં કેટલી બજેટ જોગવાઈ થઈ હતી અને કુલ કેટલો ખર્ચ કલ્પસર યોજનામાં કરવામાં આવ્યો?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૬ જાન્યુઆરી સુધીમાં ૨૫.૦૧કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે.

**ડૉ. કનુભાઈ કળસરિયા** : માનનીય અધ્યક્ષશ્રી, દરિયાના તળીયે ભાવનગર અને દહેજ વચ્ચે પથ રેખા નકકી કરવાનો સરવે કરવામાં આવ્યો હતો એ કામગીરી પૂર્ણ થઈ ગઈ છે?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૭ના અંત સુધીમાં પૂર્ણ કરવામાં આવશે.

**શ્રી શિરીષકુમાર મ. શુકલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ કલ્પસર યોજના જે ક્ષેત્રમાં લાગુ પડે છે એ ક્ષેત્રમાં ઘણા ઉદ્યોગોએ એન.ઓ.સી. માગી છે એ એન.ઓ.સી. શરતી આપવા માગે છે કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : સૂચન છે.

## ઓ.એન.જી.સી. દ્વારા એસ.આર.પી. બટાલીયનોની માંગણી

*૧૫૧૮૧ **શ્રી શંકરભાઈ લ. ચૌધરી (રાધનપુર)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) ઓ.એન.જી.સી. દ્વારા રાજય સરકાર પાસે તેઓના યુનિટો અને ઈન્સ્ટોલેશનની સુરક્ષા માટે એસ.આર.પી. બટાલીયનની માગણી કરવામાં આવી હોવાની હકીકત ખરી છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શું છે?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :-**

(૧) હા જી.

(૨) વિગતો નીચે મુજબ છે.

(૧) આ બટાલીયનનો તમામ ખર્ચ ઓ.એન.જી.સી. દ્વારા ભોગવવામાં આવનાર છે,

(૨) આ બટાલીયનનું મુખ્ય મથક વડોદરા ખાતે રાખવામાં આવનાર છે,

(૩) આ બટાલીયન દ્વારા ઓ.એન.જી.સી.ના એકમોનું રક્ષણ વધુ સારી રીતે થઈ શકશે,

(૪) એમ.ઓ.યુ. વિચારણા હેઠળ છે.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ઓ.એન.જી.સી.એ પોતાના યુનિટોની સુરક્ષા માટે એસ.આર.પી.ની માગણી રાજય સરકાર પાસે કરી છે તો એમાં

આવર્તક અને બિન આવર્તક ખર્ચ કેટલો થશે અને કઈ કઈ બાબતનો ખર્ચ થનાર છે અને એસ.આર.પી.ની ટોટલી સ્ટેન્થ વધારવા માટે રાજય સરકારે કાંઈ વિચાર્યુ છે કે કેમ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, એસ.આર.પી.ની બટાલીયન સ્થાપવા માટે આવર્તક અને અનાવર્તક ખર્ચમાં આવર્તક ખર્ચ રૂ. ૨૦૬૨ લાખ લગભગ થતો હોય છે અને અનાવર્તક ખર્ચ રૂ.૭૩૪ લાખનો થતો હોય છે. પગારભથ્થા, દારૂગોળો, પ્રવાસ, પેટ્રોલનો આવર્તક ખર્ચમાં સમાવેશ થાય છે. હથિયાર, એસ.આર.પી.ના જવાનો માટે મેસનો પણ સમાવેશ થાય છે. સરકારે ૧૯૮૬ પછી પહેલી વાર જ એસ.આર.પી.ની સ્ટ્રેન્થમાં વધારો કરવાનો નિર્ણય કર્યો છે અને એ મુજબ કેવડિયા કૉલોની ખાતે એક બટાલિયનની સ્થાપના થઈ ગઈ છે. ભુટોડી દાહોદ ખાતે બીજી સ્થાપવાની કાર્યવાહી ગતિમાં છે. બીજી બે ઈન્ડિયાઈઝો બટાલિયન સ્થાપવાનો જે સૈદ્ધાંતિક નિર્ણય કરી નાખ્યો છે, જેમાંથી એકનું સ્થાન નક્કી થઈ ચૂક્યું છે. સાબરકાંઠા મોટેડી ગામમાં ઈડર તાલુકામાં અને ઓ.એન.જી.સી.ની જે બટાલિયન વડોદરા ખાતે સ્થપાવવાની છે.આમ ૫ જુદી જુદી જગ્યાએ એસ.આર.પી. બટાલિયન સ્થાપવાનું કામ આયોજનમાં છે.

**શ્રી વજુભાઈ પ. ડોડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસે જાણવું છે કે ઓ.એન.જી.સી. માટે સ્થપાનાર ખાસ એસ.આર.પી. બટાલિયન અંગે એમ.ઓ.યુ. કરવામાં આવનાર છે, તો તેની વિગત શું છે? આખી સ્થિતિ શું છે? બીજી વિગત જાણવી છે કે રાજયમાં આવેલ ઓ.એન.જી.સી. યુનિટ અને ઈન્સ્ટોલેશનની સુરક્ષા માટે હાલમાં શું વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે. એ પેટે રાજય સરકારને કેટલી આવક થનાર છે?

**શ્રી અમિત અ. શાહ** : ઓ.એન.જી.સી. જોડે જે એમ.ઓ.યુ. થનાર છે, તે આખરી તબક્કામાં છે, તેમાં આખે આખી બટાલિયન સ્થાપવા માટેનો, પગાર ભથ્થાં, મેડિકલ બિલ, એલ.ટી.સી., ટ્રાન્સપોર્ટેશનનો ખર્ચ બધો જ ઓ.એન.જી.સી.એ ઉઠાવવાનો છે. આ બાબતનો એમ.ઓ.યુ.માં સમાવેશ કર્યો છે. એનો ઓપરેશનલ કમાન્ડ, એકિઝક્યુટિવ ડાયરેકટર, સિકયોરિટી ઓ.એન.જી.સી.ના હાથમાં રહેવાનો છે, તેમ છતાં બટાલિયનનો સંપૂર્ણ કમાન્ડ ડી.જી.પી. ગુજરાત રાજયનો રહેવાનો છે. ટૂંક સમયમાં એમ.ઓ.યુ. સાઈન થવાની શક્યતા છે. હાલ ઓ.એન.જી.સી. યુનિટની સુરક્ષા બાબતમાં પ્રશ્ન પૂછયો છે, એમાં જ્યારે જ્યારે ઓ.એન.જી.સી.એ આપણી પાસે મદદ માગી છે, તે હયાત એસ.આર.પી. માંથી પૂરી પાડી છે અને એનો સંપૂર્ણ ખર્ચ ઓ.એન.જી.સી. દ્વારા ઉપાડવામાં આવે છે.

**શ્રી ભવાનભાઈ જી. ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, એસ.આર.પી.ની માગણી થાય ત્યાં સુધી સરકારે કેમ કોઈ પગલાં નથી લીધાં? પગલાં નહિ લેવાનાં કારણ શાં ?

**શ્રી અમિત અ. શાહ** : ભવાનભાઈ પ્રશ્ન નથી સમજ્યા. એસ.આર.પી.ની માગણી નથી થઈ.

**અધ્યક્ષશ્રી** : એ જેવું સમજ્યા હોય એવું પૂછે.

**શ્રી અમિત અ. શાહ** : ઓ.એન.જી.સી.એ પોતાના યુનિટની સુરક્ષા માટે ગુજરાત સરકાર સાથે એસ.આર.પી. એમના ખર્ચે સ્થાપવા માટેની માગણી કરી છે. ઓ.એન.જી.સી.ની સુરક્ષાની જવાબદારી ઓ.એન.જી.સી. ની હોય છે. ગુજરાત સરકારના એસ.આર.પી.ના જવાનોની સજ્જતા છે, એ જોતાં માગણી કરી કે એસ.આર.પી. ના જવાનો અમારા ખર્ચે આપો.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે ઓ.એન.જી.સી. દ્વારા રાજય સરકાર પાસે યુનિટના ઈન્સ્ટોલેશનની સુરક્ષા માટે જે બટાલિયન સ્થાપવામાં આવશે એ બટાલિયનમાં કેટલા ગુજરાતના યુવાનોને રોજગારી મળશે? આજની ચર્ચામાં એ ધ્યાન ઉપર આવ્યું કે જ્યારથી કેન્દ્રમાં યુ.પી.એ. ની સરકાર છે, ત્યારથી પીપાવાવનો ગેસ હોય કે કચ્છના એક્સાઈઝ હોલીડેની બાબત હોય બંનેમાં કેન્દ્રની સરકાર ફરી જાય છે. આ ઓ.એન.જી.સી. કેન્દ્ર સરકારનું સાહસ છે, એના સંદર્ભમાં ચિંતા કરી લેવી જોઈએ.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે હાલ ઓ.એન.જી.સી.એ એક બટાલીયન માટે માગણી કરી છે અને આ એમ.ઓ.યુ. થયા પછી બીજી પાંચની રિકવાયરમેન્ટ છે. આ એક બટાલીયનમાં ૧૨૦૦ ગુજરાતના જુવાનોને નોકરી મળવાની શકયતા છે. આમ, કુલ પાંચ બટાલીયનોમાં કુલ ૬ હજાર લોકોને નોકરી મળવાની શકયતા છે.

**ડૉ. કનુભાઈ કળસરિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આવી બીજી કોઈ સંસ્થાઓએ આવી બટાલીયનોની માંગણી કરી છે કે કેમ? તે પરત્વે સરકારનું શું આયોજન છે ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી બીજી કોઈ સંસ્થાએ આવી માગણી કરી નથી પણ બીજા રાજયોએ માગણી કરી છે. બિહાર, છત્તીસગઢ, દમણ, હરિયાણા, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, નવી દિલ્લી. આ બધાએ છેલ્લા ત્રણ વર્ષની અંદર આપણે ત્યાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી છે એટલે સરપ્લસ રહેલી એસ.આર.પી. બધી ત્યાં મોકલી છે અને તે પેટે આપણને લગભગ ૨૦ કરોડ રૂપિયાની આવક થઈ છે.

**શ્રી હરેશકુમાર ઈ. ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માંગું છું કે હાલમાં એસ.આર.પી.ની કેટલી બટાલીયન છે અને એમ.ઓ.યુ થયા પછી અને નવી ભરતી દરમ્યાન જે ગેપ પડવાની છે તે બાબતમાં સરકારે શી વિચારણા કરી છે ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે હાલ ૧૯૮૩ થી ૨૦૦૪ સુધી આપણી પાસે કુલ રાજયની અગિયાર બટાલીયનો હતી. ૨૦૦૫ પછી બીજી બે બટાલીયનો અસ્તિત્વમાં આવી છે અને બીજી બે સ્થાપવા તરફ જઈ રહયા છીએ, એક ઓ.એન.જી.સી.ની છે. આમ અગિયાર વત્તા પાંચ કુલ સોળ બટાલીયનો થશે.

**માલપુર અને મેઘરજ તાલુકામાં કુટિરજયોતિ અને પેટાપરા યોજનાના બાકી વીજ જોડાણ**

*૧૫૧૭૦ **શ્રીમતી ભીખીબેન ગિ. પરમાર (મેઘરજ)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે -

(૧) જાન્યુઆરી-૦૫ની સ્થિતિએ માલપુર અને મેઘરજ તાલુકાના કુટિરજયોતિ અને પેટાપરા યોજનામાં બી.પી.એલ. લાભાર્થીઓને રૂા.૫૦ ચલણથી ભરેલા છે તેમને વીજળીનો લાભ મળશે કે કેમ, અને
(૨) જો હા, તો કયારે ?

**માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉર્જા):**

(૧) કુટિરજયોતિ તથા પેટાપરા યોજનામાં બી.પી.એલ.લાભાર્થીઓ પાસેથી રૂા.૫૦ લેવામાં આવતા નથી.

**કુટિરજયોતિ યોજના**

| તાલુકાનું નામ | મળેલ અરજીઓ | કામગીરી પૂર્ણ થયેલ | પડતર અરજીઓ |
|---|---|---|---|
| મેઘરજ | ૨૬૭ | ૨૬૭ | -- |
| માલપુર | બિન આદિજાતિ વિસ્તાર હોઈ કુટિરજયોતિ અમલમાં નથી. | -- | -- |
| **પેટા પરા યોજના** | | | |
| તાલુકાનું નામ | પેટાપરાની સંખ્યા | કામગીરી પૂર્ણ થયેલ | પડતર કામગીરી |
| મેઘરજ | ૫૪ | ૫૪ | ૦૦ |
| માલપુર | ૪૬ | ૪૫ | એક |

(૨) માલપુર તાલુકાના એક પેટાપરાની કામગીરી માર્ચ-૨૦૦૬ દરમ્યાન પૂર્ણ કરવામાં આવશે.

**શ્રીમતી ભીખીબેન ગિ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું સૌ પ્રથમ તો સરકારશ્રીને અભિનંદન આપવા માગું છું અને આપના માધ્યમથી એ જાણવા માગું છું કે, માલપુર અને મેઘરજ તાલુકાના પેટાપરાને જયોતિગ્રામનો લાભ મળેલ નથી, તો આ જયોતિગ્રામનો લાભ પેટાપરાને સરકાર આપવા માગે છે કે કેમ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મેઘરજ તાલુકાની અંદર ૫૪ પેટાપરાં છે તે ૫૪ પૂરાં થઈ ગયાં છે. માલપુર તાલુકામાં ૪૬ પેટાપરામાંથી ૪૫ થઈ ગયા છે એકનું કામ માર્ચમાં પતી જશે. મારે માનનીય સભ્યશ્રીને વિનંતી કરવાની કે એમના ધ્યાનમાં કોઈ કામ બાકી હોય કુટિરજયોતિ યોજનાનું બાકી હોય કે પેટાપરાનું બાકી હોય મને નામ આપે હું તાત્કાલિક કામ પૂર્ણ કરાવીશ.

**શ્રી માધાભાઈ લા. બોરીચા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે કુટિરજયોતિ યોજના જયાં જયાં છે ત્યાં ત્યાં ઝૂંપડાઓનું વીજળીકરણ કરવા આપણે ૧.૫ પોઈન્ટ આપીએ છીએ પરંતુ ખરેખર પરિપત્રમાં સુધારો કરીને ગરીબી રેખાથી નીચે જે લોકો જીવતા હોય અને અત્યારે લાઈટ કનેકશન ધરાવતા ન હોય તેમને આપણે આ યોજનાનો લાભ આપવા માગીએ છીએ કે કેમ? આ પરિપત્રમાં સુધારો કરવા માગીએ છીએ કે કેમ જેથી અધિકારીઓ આ દિશામાં અમલીકરણ કરી શકે.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સૂચન છે.

**શ્રી બાલુભાઈ તંતી** : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપુ છું. પેટાપરાની અંદર જે ૧૫ વ્યકિતઓએ એક વીજ કનેકશનનો લાભ હોય એમને પેટાપરાની વ્યાખ્યામાં ગણવામાં આવે છે એમાં કંઈક ઓછું કરીને ૧૦-૧૨ વ્યકિતએ આપવા માંગે છે કે કેમ ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, વિચારવામાં આવશે.

### જુનાગઢ જિલ્લાના માળીયા મેંદરડા અને જુનાગઢ તાલુકાના ગામોને નર્મદાના પાણી આપવા અંગે

*૧૫૨૨૪ **શ્રી ભીખાભાઈ ગ. જોષી (માળિયા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

(૧) જુનાગઢ જિલ્લાના માળીયા મેંદરડા અને જુનાગઢ તાલુકાના કયા કયા ગામોને નર્મદાના પાણી તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ આપવામાં આવે છે, અને

(૨) જે પાણી આપવામાં આવે છે તે સમયસર આપવામાં આવે છે કે કેમ ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી :**

(૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ જુનાગઢ જિલ્લાના માળીયા મેંદરડા અને જુનાગઢ તાલુકાના કોઈ ગામને નર્મદાનું પાણી આપવામાં આવતું નથી.

(૨) પ્રશ્ન રહેતો નથી.

**શ્રી ભીખાભાઈ ગ. જોષી** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ગયા વર્ષે માનનીય મુખ્યમંત્રીશ્રી માંગરોળમાં ઉદ્‌ઘાટન કરવા આવ્યા હતા ત્યારે મોટા મોટા બોર્ડ માર્યા હતા "આવ્યું નર્મદાનું પાણી કરો વધામણાં". આજે માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે કે તમને નર્મદાનું પાણી આપવાનું નથી. તે દિવસે કયાંથી આવ્યું હતું. સાહેબ ઉદ્‌ઘાટનના દિવસે જ મહિ-પરિએજનું પાણી આવતું હતું. આજે તેઓએ જવાબ કાઢી નાંખ્યો.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે. નેકસ્ટ.

# અતારાંકિત પ્રશ્નો

## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### રાજ્યમાં વીજ મથકો અને વીજ ઉત્પાદન ક્ષમતા

૧૪૮૦૩ **શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા(ઉપલેટા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં કુલ કેટલા વીજ મથકો ક્યાં ક્યાં આવેલા છે, | (૧) અને (૨) : રાજ્યમાં આવેલ કુલ ૨૪ વીજ મથકોના સ્થળ અને તે દ્વારા ઉત્પન્ન થયેલ વીજળીની વિગત સામેલ પત્રક મુજબ |
| (૨) તા.૩૧.૧.૦૬ ની સ્થિતિએ દરેકમાં કુલ કેટલા મેગાવોટ વીજળી ઉત્પન્ન થાય છે, | |
| (૩) રાજ્યની માંગની સરખામણીમાં પૂરતી વીજળી ઉત્પન્ન થાય છે ખરી, અને | (૩) ના, જી |
| (૪) જો ના તો, વધારે વીજળી ઉત્પાદન માટે કોઇ યોજના સરકાર વિચારી રહી છે કે કેમ ? | (૪) હા, જી. |

**પ ત્ર ક**

તા. ૩૧-૧-૨૦૦૬ના રોજ રાજ્યમાં આવેલા વીજ મથકો તથા વીજ ઉત્પાદનની વિગતો.

| સ્થળ | વીજ મથકની સંખ્યા | બળતણ | સ્થાપિત ક્ષમતા (મે.વો.) | વીજ ઉત્પાદન લાખ યુનિટમાં |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| (અ) રાજ્ય સરકાર હસ્તકના વીજ | ૩ | (૧) કોલસો | ૮૫૦ | ૧૭૮.૯૫ |
| મથકો. (જી.એસ.ઈ.સી.એલ) | | (૨) હાઈડ્રો | ૩૦૦ | ૧૫.૩૮ |
| ૧. ઉકાઈ | | (૩) મીનીહાઈડ્રો | ૫ | ૦૧.૧૩ |
| ૨. ધુવારણ | ૨ | (૧) ઓઈલ | ૫૩૪ | ૫૧.૪૦ |
| | | (૨) ગેસ | ૧૦૭ | ૦૭.૯૭ |
| ૩. ગાંધીનગર | ૧ | (૧) કોલસો | ૮૭૦ | ૧૭૪.૧૪ |
| ૪. વણાંકબોરી | ૧ | (૧) કોલસો | ૧૪૭૦ | ૩૫૧.૭૫ |
| ૫. સિક્કા | ૧ | (૧) કોલસો | ૨૪૦ | ૫૨.૮૩ |
| ૬. પાનન્ધ્રો | ૧ | (૧) લિગ્નાઈટ | ૨૧૫ | ૩૨.૬૦ |
| ૭. ઉત્તરાણ | ૧ | (૧) ગેસ | ૧૩૫ | ૩૩.૮૪ |
| ૮. કડાણા | ૧ | (૧) હાઈડ્રો | ૨૪૦ | ૦૪.૦૯ |
| ૯. પાનમ | ૧ | (૧) હાઈડ્રો | ૨ | ૦૦.૦ |

| | | | | |
|---|---|---|---|---|
| **કુલ..** | **૧૨** | | | |
| **(બ) સ્વતંત્ર વીજ ઉત્પાદકો.** | | | | |
| **(I) ખાનગી વીજ ઉત્પાદકો.** | ૧ | (૩) કોલસો | ૪૦૦ | ૬૭.૯૨ |
| (૧) અમદાવાદ (ટોરેન્ટ પાવર સાબરમતી. એઈસી) વટવા | ૧ | (૨) ગેસ | ૧૦૦ | ૧૬.૦૮ |
| ૨. પગુથણ (જીપેક) | ૧ | (૧) ગેસ (જીપેક) | ૬૫૫ | ૧૪૫.૬૮ |
| ૩. હજીરા (એસ્સાર) | ૧ | (૧) ગેસ (એસ્સાર) | ૩૦૦ | ૯૫.૨૮ |
| **કુલ..** | **૪** | | | |
| **(II) રાજ્ય સરકાર હસ્તકના સાહસો** | ૧ | (૧) ગેસ | ૩૦૫ | ૧૦૭.૨૨ |
| (૧) વડોદરા, (જીઆઈપીસીએલ) | | (જીઆઈપીસીએલ) | | |
| (૨) માંગરોળ (જીઆઈપીસીએલ) | ૧ | (૧) લિગ્નાઈટ | ૨૫૦ | ૬૪.૫૬ |
| (૩) હજીરા (જીએસઈજીએલ) | ૧ | (૧) ગેસ | ૧૫૬ | ૩૪.૫૬ |
| (૪) અક્રીમોટા (જીએમડીસી) | ૧ | લિગ્નાઈટ | ૨૫૦ | ૧૮.૩૭ |
| કુલ .. | ૪ | | | |
| **(ક) બહુ રાજ્ય હસ્તકના વીજ મથકો.** | | | | |
| ૧. સરદાર સરોવર પાવર પ્રોજેક્ટ | ૧ | (૧) હાઈડ્રો. | રાજ્યનો હિસ્સો ૧૬૮ મે.વો. | ૫૨.૫૬ |
| **કુલ..** | **૧** | | | |
| **(ડ) કેન્દ્રના વીજ મથકો :** | | | રાજ્યનો હિસ્સો | |
| ૧. કાકરાપાર | ૧ | (૧) ન્યુક્લીયર | ૧૨૫ મે.વો. | ૩૨.૨૬ |
| ૨. ક્વાસ | ૧ | (૧) ગેસ | ૧૮૪ મે.વો. | ૧૩૦.૧૬ |
| ૩. ઝનોર | ૧ | (૧) ગેસ | ૨૩૪ મે.વો. | ૬૦.૭૫ |
| **કુલ ..** | **૩** | | | |
| **કુલ વીજમથકો** | **૨૪** | | | **૧૭૨૯.૪૬** |

-------------

## જામનગર જિલ્લાની પરમીટ-લીઝવાળી બોક્સાઇટની ખાણો

૧૪૮૨૪ **ડૉ. દિનેશ પરમાર (જામનગર(રુરલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧.૧.૦૬ ની સ્થિતિએ જામનગર જિલ્લામાં બોક્સાઇટની કુલ કેટલી પરમીટો/લીઝ ખાણ ઉત્ખનન માટે આપેલ છે, | (૧) મંજુર કરેલ લીઝ-૧૦૯<br>મંજુર કરેલ પરમીટ-એક પણ નહી |
| (૨) આ લીઝ ધારકો તેને આપેલી નિયત જગ્યા બહાર ઉત્ખનન કરે છે તે સરકાર જાણે છે, | (૨) કેટલાક કિસ્સામાં આ મુજબની રજૂઆત મળેલ છે. |
| (૩) આ માટે સરકારે શાં પગલાં લીધા, અને કેટલાની લીઝ પરમીટો રદ કરી, અને | (૩) છેલ્લા ૩ વર્ષમાં બોક્સાઈટના બિન અધિકૃત ખોદકામ/વહનના ૪૬ કેસો પકડવામાં આવેલ અને રૂા. ૨,૦૭,૯૨,૭૫૯/-નો દંડ કરવામાં આવેલ છે.<br>એક કેસમાં આઈ.પી.સી. ૩૭૯ હેઠળ પોલીસ કેસ કરવામાં આવેલ છે અને તેમાં એક ઈસમની પાસા હેઠળ ધરપકડ કરવામાં આવેલ<br>ત્રણ મોટા એકમોની ચકાસણી હાથ ધરેલ છે.<br>આજની તારીખે કોઈ લીઝ રદ કરવામાં આવેલ નથી. |
| (૪) આ કૃત્ય બેફામ ચાલુ હોવા છતાં સંબંધિત અધિકારી/કર્મચારીઓ ઉપર પગલાં નહીં લેવાના કારણો શું છે ? | (૪) જામનગર જિલ્લાના ભુસ્તરશાસ્ત્રી સામે નિયમોનુસાર પ્રાથમિક તપાસની કાર્યવાહી હાથ ધરેલ છે. |

-------------

## ભાવનગર જિલ્લામાં તત્કાલ વીજ જોડાણ યોજના અન્વયેની છેલ્લા તબક્કાની અરજીઓ

૧૫૧૬૬ **શ્રી મનસુખભાઈ લ. માંડવિયા (પાલીતાણા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં તત્કાલ વીજ યોજનાનો છેલ્લો તબક્કો ક્યારે ડિક્લેર થયો,

(૨) છેલ્લા તબક્કામાં કુલ કેટલી અરજી આવી,

(૩) કેટલા ક્નેક્શન રીલીઝ થયા, અને

(૪) બાકી રહેતા ક્નેક્શન ક્યારે રીલીઝ થશે?

**જવાબ**

(૧) તત્કાલ વીજ યોજનાનો છેલ્લો તબક્કો જુલાઈ-૨૦૦૪ માં નવી અરજી સ્વીકારવાની જાહેરાત કરીને ડિક્લેર કરેલ હતો.

(૨) ૭૦૦૩.

(૩) અને (૪) તે પૈકી પ્રથમ તબક્કામાં ૨૪૮૯ અરજીઓની ચકાસણી કરેલ તેમાંથી ૯૮૩ અરજીઓ રદ થયેલ તથા ૧૪૭૩ ક્નેક્શન આપી દીધેલ છે. અને ૧૫માં નાણાં ભરાયેલ નથી. અને નાણાં ભરપાઈ થયેલ ૧૮ અરજીઓની કામગીરી પ્રગતિમાં છે અને બાકીની અરજીઓમાં તબક્કાવાર આપવાનું આયોજન છે.

## અમદાવાદ શહેરમાં નોંધાયેલ ગુના

૧૫૨૦૭ **શ્રી જીતેન્દ્રકુમાર ઉ. વાઘેલા (શહેર કોટડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

અમદાવાદ શહેરમાં ડિસેમ્બર-૦૫ ની સ્થિતિએ એક વર્ષમાં જુદા જુદા પોલીસ સ્ટેશનોમાં કુલ કેટલા ગુના નોંધાયા ?

**જવાબ**

અમદાવાદ શહેરમાં ડિસેમ્બર-૦૫ ની સ્થિતિએ એક વર્ષમાં જુદા જુદા પોલીસ સ્ટેશનમાં નીચે જણાવ્યા મુજબ ગુના નોંધાયા છે.

| | પોલીસ સ્ટેશનનું નામ | ગુનાની સંખ્યા |
|---|---|---|
| ૧ | વેજલપુર | ૭૯૨ |
| ૨ | સેટેલાઈટ | ૧૫૧૬ |
| ૩ | એલીસબ્રીજ | ૧૩૫૩ |
| ૪ | નવરંગપુરા | ૧૩૫૯ |
| ૫ | ઘાટલોડીયા | ૭૬૦ |
| ૬ | સોલા | ૫૭૦ |
| ૭ | નારણપુરા | ૧૪૦૮ |
| ૮ | સાબરમતી | ૯૬૮ |
| ૯ | માધવપુરા | ૯૬૬ |
| ૧૦ | શાહપુર | ૫૬૭ |
| ૧૧ | કારંજ | ૭૩૦ |
| ૧૨ | કાલુપુર | ૩૭૩ |
| ૧૩ | શહેર કોટડા | ૧૦૬૩ |
| ૧૪ | ખાડીયા | ૨૮૮ |
| ૧૫ | ગાયકવાડ હવેલી | ૫૩૬ |
| ૧૬ | દરીયાપુર | ૨૫૮ |
| ૧૭ | શાહીબાગ | ૧૧૪૧ |
| ૧૮ | સરદારનગર | ૧૨૦૬ |
| ૧૯ | નરોડા | ૧૧૫૨ |
| ૨૦ | મેઘાણીનગર | ૮૪૫ |
| ૨૧ | ગોમતીપુર | ૯૦૦ |

| | | |
|---|---|---|
| ૨૨ | રખીયાલ | ૩૮૦ |
| ૨૩ | બાપુનગર | ૯૩૫ |
| ૨૪ | ઓઢવ | ૧૧૧૪ |
| ૨૫ | અમરાઈવાડી | ૧૯૯૦ |
| ૨૬ | કાગડાપીઠ | ૧૩૯૧ |
| ૨૭ | દાણીલીમડા | ૬૨૯ |
| ૨૮ | વટવા | ૧૫૪૩ |
| ૨૯ | મણીનગર | ૧૧૩૬ |
| ૩૦ | જી.આઈ.ડી.સી. | ૪૭૩ |
| ૩૧ | ડી.સી.બી. | ૮૪ |
| | કુલ | ૨૮૪૩૦ |

-------------

**મહેસાણા, પાટણ, બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં તત્કાલ વીજ જોડાણ યોજનાની મળેલ અરજીઓ**

૧૫૧૬૯ **શ્રી રણજિતસિંહ ન. ચાવડા (હિંમતનગર):માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા, પાટણ, બનાસકાંઠા અને સાબરકાંઠામાં જિલ્લાવાર તા.૩૧.૧૨.૦૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તત્કાલ વીજ જોડાણ યોજના હેઠળ કેટલી અરજીઓ આવી, | (૧) શુન્ય. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કર્યો, અને<br>(૩) બાકી અરજીઓનો નિકાલ કેટલા સમયમાં કરવા માંગો છો ? | (૨) અને (૩) અરજીઓ મળેલ ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી દ્વારા અન્ય રાજ્યોના અધિકારીઓને તાલીમ**

૧૪૧૨૪ **શ્રીમતી રમીલાબેન બે. બારા (ખેડબ્રહ્મા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી દ્વારા અન્ય રાજ્યોના અધિકારીઓને તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેલેન્ડર વર્ષ ૨૦૦૫ માં ક્યા કયા રાજ્યના કેટલા અધિકારીઓને તાલીમ આપવામાં આવી ? | (૨) |

| **અ.નં.** | **રાજ્યનું નામ** | **સંખ્યા** |
|---|---|---|
| ૧. | નવી દિલ્હી | ૮ |
| ૨. | આંધ્ર પ્રદેશ (એન.પી.એ.) | ૨૫ |
| ૩. | આસામ | ૨ |
| ૪. | મહારાષ્ટ્ર | ૧ |
| ૫. | ઉત્તરપ્રદેશ | ૨ |
| ૬. | ઓરીસ્સા | ૩ |
| ૭. | ચંદીગઢ | ૧ |
| | **કુલ** | **૪૨** |

-------------

## આણંદ જિલ્લાના પોલીસ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની તપાસ

૧૪૧૨૮ **શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પોલીસ વેલ્ફેરની ભાવનાને ધ્યાને લઇ રાજ્ય સરકારે પોલીસ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની સંપૂર્ણ તપાસણીનો મહત્વાકાંક્ષી કાર્યક્રમ હાથ ધરેલ હોવાની હકિક્ત ખરી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આણંદ જિલ્લામાં કુલ કેટલા પોલીસ કર્મચારી/અધિકારીઓ તા.૩૧.૧.૦૬ ની સ્થિતિએ ફરજ બજાવે છે અને તે પૈકી કેટલા પોલીસ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની તપાસ કરવામાં આવી છે ? | (૨) ફરજ બજાવતા કુલ ૧૨૭૧ કર્મચારી/ અધિકારીઓ પૈકી ૧૧૫૦ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની તપાસ કરવામાં આવી છે. |

-------------

## નવસારી જિલ્લાના પોલીસ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની તપાસ બાબત

૧૪૧૧૦ **શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પોલીસ વેલ્ફેરની ભાવનાને ધ્યાને લઇ રાજ્ય સરકારે પોલીસ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની સંપૂર્ણ તપાસણીનો મહત્વાકાંક્ષી કાર્યક્રમ હાથ ધરેલ હોવાની હકિક્ત ખરી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો નવસારી જિલ્લામાં કુલ કેટલા પોલીસ કર્મચારી/અધિકારીઓ તા.૩૧.૧.૦૬ ની સ્થિતિએ ફરજ બજાવે છે અને તે પૈકી કેટલા પોલીસ કર્મચારી/અધિકારીઓની આરોગ્યની તપાસ કરવામાં આવી છે ? | (૨) ફરજ બજાવતા બધા જ ૭૫૨ કર્મચારી/ અધિકારીઓની આરોગ્યની તપાસ કરવામાં આવી છે. |

## પાલનપુર આર.ટી.ઓ. ક્ચેરીની આવક

૧૪૧૧૫ **શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર (હાલોલ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વાહન વ્યવહાર) જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) વાહન વ્યવહાર ખાતાની પાલનપુર આર.ટી.ઓ. ક્ચેરીની છેલ્લા ત્રણ કેલેન્ડર વર્ષની તા.૩૧.૧૨.૦૫ ની સ્થિતિએ આવક કેટલી થઇ, અને

**જવાબ**

(૧)

| વર્ષ | આવક (રૂપિયામાં) |
|---|---|
| ૧ | ૨ |
| ૧ | ૨ |
| ૨૦૦૩ | ૧૧,૯૦,૦૬,૦૦૦/- (અગિયાર ક્રોડ નેવું લાખ છ હજાર) |
| ૨૦૦૪ | ૧૬,૨૩,૧૨,૦૦૦/- (સોળ ક્રોડ ત્રેવીસ લાખ બાર હજાર) |
| ૨૦૦૫ | ૧૭,૪૧,૩૯,૦૦૦/- (સત્તર ક્રોડ એક્તાળીસ લાખ ઓગણચાલીસ હજાર) |

(૨) જો આવક્માં ઘટાડો થયેલ હોય તો તેના કારણો ક્યા ક્યા છે ?

(૨) આવક્માં વધારો હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## સુરત શહેર અને જિલ્લાની વેચાણવેરાની આવક

૧૫૧૫૯ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ (ઓલપાડ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત શહેર અને જિલ્લામાં નાણાંકીય વર્ષ તા.૧.૩.૦૪ થી તા.૨૮.૨.૦૫ સુધીમાં સેલ્સટેક્ષની કેટલી આવક થઇ, તા.૧-૩-૦૫ થી તા.૩૧-૧૨-૦૫ સુધીમાં કેટલી આવક થઇ,

(૨) ઉપરોક્ત સમય દરમ્યાન સેલ્સટેક્ષ ચોરી અંગેના કેટલા ગુન્હા બનેલ છે, અને કેટલી વસુલાત આવી છે, અને

(૩) તા.૩૧-૧૨-૦૫ અંતિત સેલટેક્ષની કેટલી વસુલાત સુરતમાં બાકી છે ?

**જવાબ**

(૧) (રમક રૂ. ક્રોડમાં)

| સમયગાળો | સુરત શહેર | સુરત જિલ્લો | કુલ |
|---|---|---|---|
| તા. ૧-૩-૦૪થી ૨૮-૨-૦૫ | ૬૮૨.૫૫ | ૧૦૮.૬૪ | ૭૯૧.૧૯ |
| તા.૧-૩-૦૫ થી ૩૧-૧૨-૦૫ | ૬૭૫.૧૯ | ૧૦૯.૪૦ | ૭૮૪.૫૯ |

(૨) આ સમય દરમ્યાન ગુજરાત સેલ્સટેક્ષ કાયદા હેઠળ સેલ્સટેક્ષની ચોરી અંગેના ૬૯૬ કેસો બનેલ છે. કુલ રૂ. ૧૧.૬૯ ક્રોડની વસુલાત કરવામાં આવેલ છે.

(૩) સ્ટે સહિત, કાયદાકીય કેસોમાં સંકળાયેલા રૂા. ૧૭૩૩.૩૮ ક્રોડ સાથે, રૂ. ૧૯૯૨.૧૨ ક્રોડની વસુલાત બાકી છે.

## વીજ શુલ્ક પેટે રાજ્ય સરકારને મળેલ રકમ

૧૩૮૯૬ **શ્રી માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ ના નાણાકીય વર્ષમાં ડિસેમ્બર-૨૦૦૫ના અંતે રાજ્ય સરકારને રહેણાંક, ઉદ્યોગ અને કૃષિ વીજ અન્વયે વીજ શુલ્ક પેટે કેટલી રકમ મળી,

(૨) વીજ શુલ્ક પેટે કેટલી રકમ વસુલ કરવાની બાકી છે, અને

(૩) આ અન્વયે રહેણાંકના વીજ વપરાશકારોને વીજ શુલ્કમાં રાહત આપવા અંગે સરકાર દ્વારા શું આયોજન છે ?

**જવાબ**

(૧) સને ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ના નાણાંકીય વર્ષમાં ડિસેમ્બર-૨૦૦૫ના અંતે રાજ્ય સરકારને રહેણાંક, ઉદ્યોગ અને કૃષિ વીજ અન્વયે વીજ શુલ્ક પેટે નીચે મુજબની રકમ મળેલ છે.

(રૂા. ક્રોડમાં)

| વિગત | સને ૨૦૦૪-૦૫ | સને ૨૦૦૫-૦૬ (ડીસે.૦૫ના અંત સુધી) |
|---|---|---|
| રહેણાંક | ૪૭૩.૮૯ | ૪૦૯.૧૩ |
| ઉદ્યોગ | ૮૨૩.૩૩ | ૫૫૦.૩૩ |
| કૃષિ | વીજકર માફી | વીજકર માફી |

(૨) કોર્ટના સ્ટે સહિતના અન્ય કારણોને લીધે રૂા. ૩૬૯.૮૬ ક્રોડની રકમ બાકી રહેવા પામી છે.

(૩) હાલ કોઈ આયોજન નથી.

-------------

**મહેસાણા આર.ટી.ઓ.કચેરીની આવક**

૧૪૧૨૦ **શ્રી હર્ષદભાઈ ચુ. વસાવા (રાજપીપળા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વાહન વ્યવહાર) જણાવવા કૃપા કરશે કે-

**જવાબ**

(૧) વાહન વ્યવહાર ખાતાની મહેસાણા આર.ટી.ઓ. ક્ચેરીની છેલ્લા ત્રણ કેલેન્ડર વર્ષની તા.૩૧-૧૨-૦૫ ની સ્થિતિએ આવક કેટલી થઇ, અને

(૧)

| વર્ષ | આવક (રૂપિયામાં) |
|---|---|
| ૨૦૦૩ | ૧૮,૬૬,૭૯,૦૦૦/- (અઢાર કરોડ છાસઠ લાખ અગણ્યાએંશી હજાર) |
| ૨૦૦૪ | ૨૨,૭૯,૮૩,૦૦૦/- (બાવીસ કરોડ અગણ્યાએંશી લાખ ત્યાસી હજાર) |
| ૨૦૦૫ | ૨૩,૯૭,૧૫,૦૦૦/- (ત્રેવીસ કરોડ સત્તાણું લાખ પંદર હજાર) |

(૨) જો આવકમાં ઘટાડો થયેલ હોય તો તેના કારણો ક્યા ક્યા છે ?

(૨) આવકમાં વધારો હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**વડોદરાની આર.ટી.ઓ. ક્ચેરીની આવક**

૧૪૧૧૬ **શ્રી બાલુભાઈ તંતી (ધારી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વાહન વ્યવહાર) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) વાહન વ્યવહાર ખાતાની વડોદરા આર.ટી.ઓ. ક્ચેરીની છેલ્લા ત્રણ કેલેન્ડર વર્ષની તા.૩૧-૧૨-૦૫ ની સ્થિતિએ આવક કેટલી થઇ, અને

(૧)

| વર્ષ | આવક (રૂપિયામાં) |
|---|---|
| ૨૦૦૩ | ૫૪,૦૪,૦૨,૦૦૦/- (ચોપ્પન કરોડ ચાર લાખ બે હજાર) |
| ૨૦૦૪ | ૬૨,૬૬,૩૩,૦૦૦/- (બાસઠ કરોડ છાસઠ લાખ તેત્રીસ હજાર) |
| ૨૦૦૫ | ૬૮,૫૩,૯૪,૦૦૦/- (અડસઠ કરોડ ત્રેપન લાખ ચોરાણું હજાર) |

(૨) જો આવકમાં ઘટાડો થયેલ હોય તો તેના કારણો ક્યા ક્યા છે ?

(૨) આવકમાં વધારો હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**૨૪-ક્લાક વીજળી યોજના હેઠળના બાકી ગામો**

૧૪૪૮૮ **શ્રી હેમાજી દ. રાજપૂત (વાવ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ રાજ્યમાં જ્યોતિગ્રામ યોજના હેઠળ ગામડે ગામડે ૨૪ ક્લાક વીજળી સંબંધે કુલ કેટલા ગામોને વીજળી આપી છે,

(૧) ૧૫૫૮૨

(૨) કેટલાં ગામો બાકી છે, અને

(૨) ૨૪૮૩

(૩) બાકી છે તે ગામોને કેટલા સમયમાં વીજળી આપવામાં આવનાર છે ?

(૩) શક્ય તેટલા વહેલા.

**ભરૂચ જિલ્લામાં હથિયાર અંગેના પરવાના આપવા બાબત**

૧૩૯૯૩ **શ્રી છોટુભાઈ અ. વસાવા (ઝગડિયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) ભરૂચ જિલ્લામાં તા.૩૧.૧.૨૦૦૬ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં હથિયાર અંગેના કેટલા પરવાના આપવામાં આવ્યા, | (૧) કુલ-૧૮૯ |
| (૨) છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા હથિયાર અંગેના પરવાના આપવામાં આવ્યા નથી, અને | (૨) કુલ-૧૮૦ |
| (૩) આ પરવાના નહીં આપવાના શા કારણો છે ? | (૩) (૧) તપાસણી અધિકારીશ્રીઓ તરફથી પરવાનો આપવા ભલામણ/અભિપ્રાય નકારાત્મક હોવાના કારણે.<br>(૨) સ્વરક્ષણ હેઠળ પરવાનો મંજુર કરવા અંગે પુરતા અને સબળ કારણો ન હોવાથી.<br>(૩) અરજદાર સમાજમાં સારી પ્રતિષ્ઠા કે સારું ચારિત્ર્ય ધરાવતા ન હોવાના કારણે.<br>(૪) અરજદાર પોલીસ ગુન્હામાં સીધી કે આડકતરી રીતે સંડોવાયેલા હોવાના કારણે.<br>(૫) અરજદાર ફક્ત આર્થિક ઉપાર્જન તરીકે સિક્યુરીટી માટેની નોકરી મેળવવા માટે જ પરવાનો માંગતા હોવાથી.<br>(૬) અરજદારે સ્વરક્ષણ માટે હથિયાર જરૂરી હોવા અંગેના પ્રતીતિકર આધાર પુરાવા રજુ કરેલ ન હોવાથી.<br>(૭) અરજદાર સ્થાનિક જિલ્લાના સામાન્ય રહીશ નહીં હોવાથી.<br>(૮) અરજદાર પરવાનો મેળવવા સક્ષમ કે લાયક ન હોવાના કારણે.<br>(૯) અરજદારને અનેક મુદતો આપવા છતાં જાણી બુઝીને સુનાવણી માટે હાજર ન રહેવાના કારણે.<br>(૧૦) અરજદાર પાસે ખેતીની જમીન વિશેષ પ્રમાણમાં ન હોવાથી.<br>(૧૧) જે તે વિસ્તારમાં જંગલી જાનવરોનો ત્રાસ હોવાના આધાર પુરાવા રજુ કરેલ ન હોવાથી.<br>(૧૨) અભયારણ્યમાં આવતી જમીનો માટે જંગલખાતાનું પ્રમાણપત્ર રજુ કરેલ ન હોવાના કારણે અથવા આવા કિસ્સામાં જંગલ ખાતાના નકારાત્મક અભિપ્રાયના કારણે. |

-------------

**બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ મુકામે ગ્રોથ સેન્ટરનું ઉદ્દઘાટન અને કામગીરી**

૧૫૨૬૦ **શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ મુકામે ગ્રોથ સેન્ટરનું ખાત મુર્હુત થયા બાદ સ્થળ પર કોઇપણ જાતની કામગીરી આગળ વધી નથી તે હકીકત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તેનાં શાં કારણો છે, અને એ કારણોના નિવારણ માટે ક્યા પ્રકારની કાર્યવાહી ચાલુ છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**રાજ્યની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીને "નેશનલ રીસોર્સ સેન્ટર" નો એવોર્ડ**

૧૫૧૮૩ **શ્રી ઇશ્વરભાઇ ધ. મકવાણા (જોટાણા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) રાજ્યની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીને તેની ફોરેન્સીક સાયકોલોજીની નિપુણતાને ધ્યાને લઇ કેન્દ્ર સરકારે "નેશનલ રીસોર્સ સેન્ટર" તરીકે જાહેર કરેલ હોવાની વિગત સાચી છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે ? | (૨)કેન્દ્ર સરકાર દ્વારા રાજ્યના ફોરેન્સીક સાયકોલોજી વિભાગને જાહેર કરેલ "નેશનલ રીસોર્સ સેન્ટર" નું મુખ્યકાર્ય સાયન્ટીફીક ઇન્ટ્રોગેશન પધ્ધતિ વિષે ન્યાયાયલ/પોલીસ/ફોરેન્સીક સાયન્સના અધિકારીઓ જેવી તપાસ સંસ્થાઓને ન્યાયીક પુરાવા તરીકે જાણકારી આપવાનું છે. કેન્દ્ર સરકારે આ માટે રૂા.૩૮ લાખ મંજુર કરેલ છે. આ સેન્ટર અન્ય રાજ્યોને આ પ્રકારની સવલતો પૂરી પાડશે. |

-------------

**અમદાવાદ શહેરમાં વૃધ્ધોને રંજાડવાના નોંધાયેલા ગુના**

૧૫૨૪૫ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૧-૧-૨૦૦૫ થી તા.૩૧-૧૨-૨૦૦૫ સુધીના સમય ગાળામાં અમદાવાદ શહેરમાં વૃધ્ધોને રંજાડવાના અને મારી નાંખવાના કેટલા ગુનાઓ નોંધાયા છે, | (૧) ચાર ગુનાઓ નોંધાયા છે. |
| (૨) આ ગુનાઓનું પ્રમાણ વધવાના શા કારણો છે, અને | (૨) ચોરી અને લૂંટ કરવાના આશયથી આ ગુનાઓનું પ્રમાણ વધેલ છે. |
| (૩) એકલા રહેતા વૃધ્ધોને સલામતી પૂરી પાડવા અને તેમને લગતા ગુનાઓ રોકવા સરકારે શાં પગલાં લીધાં છે ? | (૩) એકલા રહેતા વૃધ્ધોની સલામતી માટે તથા આવા ગુનાઓ રોકવા માટે, વૃધ્ધોની માહિતી તૈયાર કરવા તથા તેમની સપ્તાહમાં એક-બે વાર મુલાકાત લેવા તથા તેમને ત્યાં નોકર કે ઘરઘાટી રાખેલ હોય તેની માહિતી રાખવા સ્થાનિક પોલીસને સૂચના આપવામાં આવી છે. તથા તેઓની પડોશમાં રહેતા પડોશીઓને તેમની દેખરેખ રાખવા વિનંતી કરવા માટે પણ જણાવેલ છે. શહેર પોલીસ દ્વારા આ પ્રકારના ગુનાઓ રોકવા શક્ય તમામ પ્રયાસો કરવામાં આવ્યા છે. |

-------------

**કચ્છ જિલ્લાના ગામોમાં જ્યોતિગ્રામ યોજનાનો અમલ**

૧૪૮૩૨ **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૧-૦૬ ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં કેટલા ગામોમાં જ્યોતિગ્રામ યોજના લાગુ કરવામાં આવી નથી, | (૧) અને (૨) : ૮૩ પત્રક મુજબ |
| (૨) આવા ક્યા ક્યા ગામો છે, અને | |
| (૩) કેટલા સમયમાં આ ગામોમાં જ્યોતિગ્રામ યોજનાનું કામ શરુ કરવામાં આવશે ? | (૩) બાકી રહેતા કુલ-૮૩ ગામોમાંથી ૬૪ ગામોમાં વસ્તી નથી અને ૧૯ ગામોમાં વીજજોડાણ હયાત નથી અને તે માટે માંગણી પણ નથી. આ અંગે માંગણી થયે તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવશે. |

**પ ત્ર ક**

તા.૩૧-૧-૦૬ ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં જ્યોતિગ્રામ યોજના હેઠળ આવરેલ ગામની વિગતો.

| ક્રમ | તાલુકાનું નામ | જ્યોતિગ્રામ યોજના લાગુ કરવામાં ન આવેલ ગામોની કુલ સંખ્યા | વસ્તી વગરના ગામો | વીજજોડાણ હયાત નથી તેવા ગામોની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧. | અબડાસા | ૧૭ | જોગીયાય, જનકોસા, રાગણવંધ, થાબાવંધ, વંધવાળીવંધ, ચાયેગાવંધ, ભાજીરવંધ, આધેજાવાદી વંધ, વંધટીમ્બો, દુજાવંધ, રાણપુર, વમોરીબુડીયા, ચાવડકા, ઇસાવાડી વંધ, મેરૂવંધ, સાલેમન વંધ. | કુલીવંધ |
| ૨. | અંજાર | ૫ | હમીરપર, સરખાન, લોહારીયા નાના | રાતા તળાવ, નાની નાગલપર |
| ૩. | ભચાઉ | ૪ | બાપુઆરી, પાસા | પીપરાપટ્ટી, રાજથાળી |
| ૪. | ભૂજ | ૧૭ | ખારોડ, મોડભાખરી, નાલીએરીટીમ્બો, સંગાડે ટીમ્બો, ઢોનસા, ખીતના, સદાઉરખાલ, કુલરા ટીમ્બો, ગોડસર, બાવડી, નભની, વંધસીલ, સકરાઇ ટીમ્બો, સાપર ટીમ્બો. | કુલી, જુનો ટીમ્બો, રાઇપાડો |
| ૫. | ગાંધીધામ | -- | -- | -- |
| ૬. | લખપત | ૨૦ | કરણપુર, ભુખેર, પ્રાણપર, ફતેપુર, પાના, ધુનાય, ગૃહસ્થની, ડેમણા, ધ્રાંગ, સરણનાની, રાતીપર, ભૂજપર, મણીયારા, એક્લીથુન. | ગુનાઉ, ચામરા, ચક્રાઇ, મોરી, મુડીયા, મેંગારપર. |
| ૭. | માંડવી | ૫ | ત્રાયા | માંડવી (આર) રાજપર, ઉન્ધોથ, ચંગડાઇ. |
| ૮. | મુંદ્રા | ૨ | સુખપર | ભરૂડીયા |
| ૯. | નખત્રાણા | ૧૩ | રાજદય, અજનસર, નાદાપર, ભુંજપનાની, રંગયાપાદર, ઉમરાપર, બાગપત, અકાન્ડા, રાતામીયા, વીરખલ, રાનારાનાના, ઓલગીયા, મથાલાપાદર | -- |
| ૧૦. | રાપર | -- | -- | -- |
| | કુલ :- | ૮૩ | ૬૪ | ૧૯ |

-------------

## રાજ્યમાં ઉર્જાની જરૂરીયાત અને ઉત્પાદન

૧૫૨૪૯ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૦૬ ની સ્થિતિએ રાજ્યની ઉર્જાની જરૂરીયાત કેટલા મેગાવોટ છે, અને

(૨) છેલ્લા ૨ વર્ષમાં કેટલા મેગાવોટનું ઉત્પાદન કરવામાં આવ્યું અને કઇ કઇ રીતે ?

**જવાબ**

(૧) ૯૧૮૫ મેગાવોટ.

(૨) છેલ્લા બે વર્ષમાં થયેલ વીજ ઉત્પાદન-મીલીયન યુનિટમાં.

| વર્ષ | થર્મલ- ગુ.વિ. બોર્ડ+જીએસઇ સીએલ | હાઇડ્રો ગુ.વિ. બોર્ડ + જીએસઇસીએલ | પ્રાઇવેટ | કુલ |
|---|---|---|---|---|
| ૨૦૦૩-૦૪ | ૨૪૭૩૪ | ૮૫૯ | ૧૩૬૩૪ | ૩૯૨૨૭ |
| ૨૦૦૪-૦૫ | ૨૭૧૫૬ | ૮૩૨ | ૧૬૩૩૧ | ૪૪૩૧૯ |

આ ઉપરાંત સેન્ટ્રલ સેક્ટરમાંથી નીચે પ્રમાણે શેર મળેલ છે.

૨૦૦૩-૦૪ - ૧૧૧૫૨ મીલીયન યુનિટ

૨૦૦૪-૦૫ - ૧૦૯૫૭ મીલીયન યુનિટ

-------------

**તત્કાલ વીજ જોડાણ યોજના હેઠળ બનાસકાંઠા જિલ્લાના બાકી જોડાણો**

૧૪૪૭૧ **શ્રી કાંતિલાલ ધ. કચોરિયા (પાલનપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તત્કાલ વીજ જોડાણ યોજના નીચે ખેતી વિષયક વીજ જોડાણ મેળવવા અંગેના કેટલા ફોર્મ પેન્ડીંગ હતા, | (૧) ૩૫૧૫ |
| (૨) એસ્ટીમેન્ટની રકમ ભરપાઇ થયા પછી પણ જોડાણ આપવામાં ન આવેલ હોઇ તેના કિસ્સા કેટલા, તાલુકાવાર શી વિગતો છે, અને | (૨) શુન્ય. |
| (૩) આવા બાકી માગણીદારોને વીજ ક્નેક્શન ક્યાં સુધીમાં ફાળવી આપવાનું સરકારનું આયોજન છે? | (૩) બાકી માંગણીદારોને આગામી નાણાંકીય વર્ષમાં તબક્કાવાર વીજ ક્નેક્શન આપવાનું આયોજન છે. |

-------------

**પીસાવાડા ખાતેથી ઓઇલનું ઉત્પાદન મેળવવા અંગે**

૧૫૨૧૨ **શ્રી ટપુભાઈ લીંબાસિયા (રાજકોટ-૧) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૧૩-૯-૦૪ બાદ પીસાવાડા ખાતે ગુજરાત રાજ્ય પેટ્રોલીયમ નિગમ લી. દ્વારા શારકામ કરેલી પીકે-૨ નંબરના કૂવામાંથી દરરોજ કેટલા બેરલ ઓઇલનું ઉત્પાદન કરવામાં આવે છે, | (૧) અંદાજે ૩૮૦ બેરલ. |
| (૨) તા.૩૧-૧૨-૦૫ની સ્થિતિએ કેટલા બેરલનું ઉત્પાદન થયું, અને | (૨) ૩૫૦૦૦ બેરલ. |
| (૩) ઉત્પાદન થયેલ ક્રુડ ઓઇલને કારણે રાજ્ય સરકારને કેટલી રકમનું ઓઇલ મળી શક્યું ? | (૩) રાજ્ય સરકારની માલિકીના જી.એસ.પી.સી. ને ૬૨૯.૮૬ લાખ જાન્યુઆરી-૦૬ સુધીમાં મળેલ છે. |

-------------

**પાટણ આર.ટી.ઓ. કચેરીની આવક**

૧૪૧૧૯ **શ્રી હીરાભાઈ ઓ. સોલંકી (રાજુલા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વાહન વ્યવહાર) જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વાહન વ્યવહાર ખાતાની પાટણ આર.ટી.ઓ. કચેરીની છેલ્લા ત્રણ કેલેન્ડર વર્ષની તા.૩૧-૧૨-૦૫ની સ્થિતિએ આવક કેટલી થઇ, અને | (૧)<br>**વર્ષ** — **આવક (રૂપિયામાં)**<br>૨૦૦૩ — ૬,૫૧,૯૭,૦૦૦/- (છ કરોડ એકાવન લાખ સત્તાણું હજાર)<br>**વર્ષ** — **આવક (રૂપિયામાં)**<br>૨૦૦૪ — ૭,૬૫,૯૭,૦૦૦/- (સાત કરોડ પાંસઠ લાખ સત્તાણું હજાર)<br>૨૦૦૫ — ૮,૨૮,૮૩,૦૦૦/- (આઠ કરોડ અઠ્ઠાવીસ લાખ ત્યાંસી હજાર) |
| (૨) જો આવકમાં ઘટાડો થયેલ હોય તો તેના કારણો ક્યા ક્યા છે ? | (૨) આવકમાં વધારો હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**રાજ્યમાં વીજ ઉત્પાદન અને માંગ**

૧૪૩૪૫ **શ્રી બળદેવજી ચં. ઠાકોર (કડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ૨૦૦૪-૦૫ના નાણાકીય વર્ષમાં રાજ્યમાં | (૧) ૪૪૩૧૯ મિ. યુનીટ. |

કુલ વીજ ઉત્પાદન કેટલું થયું,

(૨) આ વીજ ઉત્પાદન સામે વાર્ષિક કુલ કેટલી વીજળીની માંગ હતી,

(૨) સરેરાશ ૯૪૪૪ મે.વો. (મહત્તમ વીજ માંગ સમયે.)

(૩) વીજ ઉત્પાદન સામે વીજ માંગ વધારે હતી તે હકકીત સાચી છે, અને

(૩) હા.

(૪) જો હા, તો આ વધારાની વીજળી મેળવવા સરકારે કેટલી વીજળી શા ભાવે કોની કોની પાસેથી ખરીદી ?

(૪) આ વીજ ખાદ્ય પુરી કરવા માટે રાજ્ય સરકારે વર્ષ ૨૦૦૪-૦૫ દરમિયાન અલગ અલગ વીજ વેચાણકારો પાસેથી નીચે મુજબ વીજળીની ખરીદી કરેલ છે.

| **વેચાણકારનું નામ** | **ખરીદેલ વીજળી (મી.યુનિટ)** | **ભાવ રૂ.પેસા** |
|---|---|---|
| પી.ટી.સી. | ૭૫૭.૭૭ | ૨.૩૧ |
| છત્તીસગઢ | ૯૧.૦૦ | ૨.૬૨ |
| અદાણી | ૧.૮૦ | ૧.૮૪ |
| એન.ટી.પી.સી. એન.વી.વી.એન.એલ. | ૧૩૦.૨૨ | ૨.૩૨ |
| કુલ .. | ૯૮૦.૭૯ | ૨.૩૪ (સરેરાશ ભાવ) |

-------------

## નવસારી શહેર અને તાલુકાના નોંધાયેલ લૂંટ-ધાડ, બળાત્કાર અને ચોરીના બનાવો

૧૪૪૮૧ **શ્રીમતી ભારતીબેન ન. પટેલ (ચીખલી) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) છેલ્લા એક વર્ષમાં નવસારી શહેર અને તાલુકાવાર તા.૩૧-૧-૦૬ સુધીમાં લૂંટ-ધાડ, બળાત્કાર અને ચોરીના કેટલા બનાવો પોલીસ દફતરે નોંધવામાં આવ્યા, અને

**જવાબ**

(૧)

| **તાલુકાનું નામ** | **લૂંટ-ધાડ** | **બળાત્કાર** | **ચોરી** |
|---|---|---|---|
| નવસારી શહેર | ૧ | ૧ | ૩૦ |
| નવસારી રૂરલ | ૧ | ૧ | ૧૪ |
| જલાલપોર | - | ૧ | ૨૬ |
| ગણદેવી | ૨ | - | ૨૭ |
| ચીખલી | ૫ | - | ૩૩ |
| વાંસદા | ૧ | ૧ | ૧૭ |

(૨) તે અન્વયે કેટલા ઇસમોની ધરપકડ કરવામાં આવી ?

(૨)

| **હેડ** | **ધરપકડ કરેલ ઇસમોની સંખ્યા** |
|---|---|
| લૂંટ-ધાડ | ૩૧ |
| બળાત્કાર | ૦૭ |
| ચોરી | ૧૧૦ |

-------------

## ગુજરાત વિદ્યુત બોર્ડનું સાત વીજ કંપનીઓમાં વિભાજન

૧૪૪૮૬ **ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ(સાબરમતી)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) ગુજરાત વિદ્યુત બોર્ડને કઇ સાત વીજ કંપનીઓમાં વિભાજન કરવામાં આવેલ છે,

(૨) તે પૈકી વીજક્ષેત્રે લાંબાગાળાના સુધારા સારું કઇ કંપની સંયુક્ત સાહસ તરીકે અથવા ખાનગી સંસ્થા દ્વારા ચલાવવાનું આયોજન છે, અને

(૩) આ વીજ કંપનીના વિકાસ સારું કેટલું નવું મૂડી રોકાણ કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) ગુજરાત વિદ્યુત બોર્ડનું નીચે પ્રમાણેની સાત વીજ કંપનીઓમાં વિભાજન કરવામાં આવેલ છે :-

(અ) વીજ ઉત્પાદન માટે ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીસીટી કોર્પોરેશન લી.,

(બ) વીજ પ્રવહન માટે ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લી.,

(ક) વીજ વિતરણ માટે (૧) ઉત્તર ગુજરાત વીજ કંપની લી., (૨) દક્ષિણ ગુજરાત વીજ કંપની લી., (૩) મધ્ય ગુજરાત વીજ કંપની લી., અને (૪) પમિ ગુજરાત વીજ કંપની લી., તેમજ

(ડ) સંકલન તેમજ બાકી રહેતી અન્ય કામગીરી અને પાવર ટ્રેડીંગ માટે હોલ્ડીંગ કંપની તરીકે ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી.

(૨) અને (૩) : હાલના તબક્કે તે પૈકી કોઇપણ કંપનીને સંયુક્ત સાહસ તરીકે અથવા ખાનગી સંસ્થા દ્વારા ચલાવવાનું આયોજન નથી. આથી સંયુક્ત સાહસ તરીકે અથવા ખાનગી સંસ્થા દ્વારા ચલાવવાની વીજ કંપનીનું આયોજન ન હોઇ, તેવી કોઇ કંપનીમાં નવા મૂડીરોકાણનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

## રાજ્યમાં વીજ ખાદ્ય અને લીધેલા પગલાં

૧૩૯૬૬ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) નાણાકીય વર્ષ ૨૦૦૩-૦૪ અને ૨૦૦૪-૦૫ અને જાન્યુઆરી-૦૬ સુધીમાં રાજ્યમાં કુલ કેટલાં મેગાવોટ વીજ ખાદ્ય રહી,

(૨) આ વીજ ખાદ્ય પૂરી કરવા સરકારે ક્યારે અને ક્યા ક્યા સાથી રાજ્યો તેમજ કેન્દ્ર સરકાર પાસેથી શા ભાવે વીજળી ખરીદી, અને

(૩) ગુજરાતને પોતાની ઉત્પાદિત વીજળી શું ભાવે પડે છે?

**જવાબ**

(૧) મહત્તમ વીજ માંગના સમયે,
૨૦૦૩-૦૪ માં સરેરાશ ૧૯૦૦ મે.વો.
૨૦૦૪-૦૫ માં સરેરાશ ૨૦૫૦ મે.વો.
૨૦૦૫-૦૬ માં સરેરાશ ૧૪૭૫ મે.વો.
જાન્યુઆરી-૦૬ સુધીમાં ખાદ્ય રહી.

(૨) મહત્તમ વીજ માંગના સમયે વીજ ખાદ્ય પૂરી કરવા સરકારે વર્ષ ૨૦૦૩-૦૪, ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ (જાન્યુઆરી-૦૬ સુધી) દરમિયાન અલગ અલગ વીજ વેચાણકારો મારફત અલગ અલગ રાજ્યો પાસેથી સામેલ પત્રક મુજબ વિજળીની ખરીદ કરી હતી.

(૩) ૨૦૦૩-૦૪ રૂા.૧.૯૩ પ્રતિ યુનિટ
૨૦૦૪-૦૫ રૂા.૧.૯૪ પ્રતિ યુનિટ

**પ ત્ર ક**

| ક્રમ | વીજ વેચાણકારનું નામ | વર્ષ ૨૦૦૩-૦૪ | | | વર્ષ ૨૦૦૪-૦૫ | | | વર્ષ ૨૦૦૫-૦૬ (જાન્યુઆરી-૦૬) | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | મીલી. યુનિટ | રકમ રૂા. ક્રોડ | પ્રતિ યુનિટ | મીલી. યુનિટ | રકમ રૂા. ક્રોડ | પ્રતિ યુનિટ | મીલી. યુનિટ | રકમ રૂા. ક્રોડ | પ્રતિ યુનિટ |
| ૧ | પાવર ટ્રેડીંગ કોર્પો. | ૯૮૧.૮૩ | ૨૧૬.૮૯ | ૨.૨૧ | ૭૫૭.૭૭ | ૧૭૪.૮૨ | ૨.૩૧ | ૧૪૫.૧૨ | ૪૬.૯૨ | ૩.૨૩ |
| ૨ | છત્તીસગઢ | ૬૦૪.૦૦ | ૧૪૬.૭૩ | ૨.૪૩ | ૯૧.૦૦ | ૨૩.૮૫ | ૨.૬૨ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૩ | અદાણી | ૦.૯૦ | ૦.૧૯ | ૧.૯૨ | ૧.૮૦ | ૦.૩૬ | ૧.૮૪ | ૧૭.૭૯ | ૫.૯૦ | ૩.૩૫ |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | એનટીપીસી-એનવીવીએનએલ | ૨૧૧.૮૨ | ૪૩.૬૯ | ૨.૦૭ | ૧૩૦.૨૨ | ૩૦.૧૭ | ૨.૩૨ | ૨.૨૭ | ૦.૫૯ | ૨.૫૮ |
| | કુલ ... | ૧૭૯૮.૫૫ | ૪૦૭.૫૦ | ૨.૨૭ | ૯૮૦.૭૯ | ૨૨૯.૨૨ | ૨.૩૪ | ૧૬૫.૧૮ | ૫૩.૪૧ | ૩.૨૩ |

કેન્દ્ર સરકારના જુદા જુદા સાહસોમાંથી લાંબાગાળા માટે વીજળી ફાળવણી માટેના કરાર થયા છે અને તે અંતર્ગત નીચે પ્રમાણે વીજળીની ખરીદી કરવામાં આવેલ છે.

| ક્રમ | વીજ વેચાણકરનું નામ | વર્ષ ૨૦૦૩-૦૪ | | | વર્ષ ૨૦૦૪-૦૫ | | | વર્ષ ૨૦૦૫-૦૬ (જાન્યુઆરી-૦૬) | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | મીલી. યુનિટ | રકમ રૂા. ક્રોડ | પ્રતિ યુનિટ | મીલી. યુનિટ | રકમ રૂા. ક્રોડ | પ્રતિ યુનિટ | મીલી. યુનિટ | રકમ રૂા. ક્રોડ | પ્રતિ યુનિટ |
| ૧ | કેન્દ્ર સરકારનાં સાહસો | ૧૧૧૫૨.૦૦ | ૧૮૨૮.૧૬ | ૧.૬૪ | ૧૦૯૫૭.૦૦ | ૧૬૫૯.૦૪ | ૧.૫૧ | ૯૮૧૬.૦૦ | ૧૬૩૬.૧૯ | ૧.૬૭ |

તે ઉપરાંત વધુમાં જરૂરિયાત મુજબ સમય અને સંજોગોને ધ્યાનમાં રાખી, લોડ મેનેજમેન્ટ દ્વારા વીજ ગ્રાહકોને ઓછામાં ઓછી અસુવિધા પડે તે રીતે વીજ ખાધ દૂર કરવાનો પ્રયત્ન કરેલ છે.

-------------

**અમદાવાદ શહેર અને જિલ્લામાં પોટાના કાયદા હેઠળ કરવામાં આવેલ કેસો**

૧૪૮૧૩ **શ્રી સાબીરભાઈ અ. ખેડાવાલા(જમાલપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ શહેર અને જિલ્લામાં જાન્યુઆરી-૨૦૦૬ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોટાનાં કાયદા હેઠળ કેટલા લોકોની સામે કેસો કરવામાં આવ્યા છે,

(૨) કેટલા લોકોની અટકાયત કરવામાં આવેલ છે, અને

(૩) આ અટકાયત કરાયેલમાંથી પોટાના બોર્ડ તરફથી કેટલાની અટકાયતને માન્ય રાખવામાં આવેલ છે અને કેટલાને બોર્ડે મુક્ત કરવાની ભલામણ કરી છે ?

**જવાબ**

(૧) ૧૭૮

(૨) ૧૧૪

(૩) ૯૯ અટકાયતીઓને માન્ય રાખવામાં આવેલ છે. અને ૧૫ અટકાયતીઓને મુક્ત કરવાની ભલામણ કરેલ છે.

-------------

**સુરત આર.ટી.ઓ. કચેરીમાં જપ્ત થયેલા વાહનોના નિકાલ અંગે**

૧૫૨૩૭ **શ્રીમતી ભાવનાબેન હે. ચપટવાલા (સુરત શહેર (પશ્ચિમ): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વાહન વ્યવહાર) જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) સુરત આર.ટી.ઓ. કચેરી ખાતે તા.૩૧-૧૨-૦૫ની સ્થિતિએ કેટલી ઓટોરીક્ષાઓ અને બીજા વાહનો જપ્ત કરેલા પડેલા છે,

(૨) આ વાહનો કેટલા સમયથી પડેલા છે, અને

**જવાબ**

(૧) ૧૦ (દસ) ઓટોરીક્ષાઓ અને બીજા ૫૫ (પંચાવન) વાહનો જપ્ત કરેલાં પડેલાં છે.

(૨)

| વર્ષ | વાહનોની સંખ્યા |
|---|---|
| ૨૦૦૫ | ૯ |
| ૨૦૦૪ | ૯ |
| ૨૦૦૩ | ૧૦ |
| ૨૦૦૨ | ૨ |
| **વર્ષ** | **વાહનોની સંખ્યા** |
| ૨૦૦૧ | ૫ |
| ૨૦૦૦ | ૭ |
| ૧૯૯૯ | ૧૦ |
| ૧૯૯૮ | ૧ |
| ૧૯૯૭ | ૩ |
| ૧૯૯૬ | ૩ |

| | |
|---|---|
| ૧૯૯૫ | ૧ |
| ૧૯૯૪ | ૧ |
| ૧૯૯૩ | ૧ |
| ૧૯૯૨ | ૧ |
| ૧૯૯૦ | ૧ |
| ૧૯૮૯ | ૧ |
| **કુલ :-** | **૬૫** |

(૩) તેના નિકાલ માટે સરકારે શી કાર્યવાહી કરેલ છે ?

(૨) મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ની કલમ ૨૦૦ ની પેટા કલમ (૧) અન્વયે ગુનાઓના દંડની વસુલ કરવાપાત્ર માંડવાળ ફીની રકમ વસુલાત માટે વાહન માલિકોને નોટીસો પાઠવવામાં આવેલ છે.

-------------

**હીરા વિકાસ બોર્ડ દ્વારા થયેલ કામગીરી**

૧૫૨૩૦ **શ્રી દોલતભાઈ પરમાર (વડગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ડિસેમ્બર-૨૦૦૫ની સ્થિતિએ રાજ્ય સરકારે હીરા વિકાસ બોર્ડ ક્યારે અને ક્યાં બનાવેલું છે,

(૧) ગુજરાત હીરા વિકાસ બોર્ડની રચના તા.૧૬-૧-૯૦ ના રોજ કરેલ છે. આ બોર્ડની કચેરી ગાંધીનગર ખાતે ઉદ્યોગભવનમાં આવેલ છે.

(૨) આ બોર્ડ દ્વારા એક વર્ષમાં શું કામગીરી કરવામાં આવી,

(૨) વર્ષ દરમ્યાન હીરા વિકાસ બોર્ડ દ્વારા જુદા જુદા સાત સમારોહ મહોત્સવ અન્વયે યોજાયેલ વેચાણ-સહ- પ્રદર્શન કાર્યક્રમમાં ભાગ લીધો. એક જનજાગૃતિ કાર્યક્રમ કર્યો તથા એક તાલીમ સંસ્થા ઉભી કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. સુરત, ભાવનગર ખાતે તાલીમ કેન્દ્રોમાં તાલીમ આપવામાં આવે છે.

(૩) ડિસેમ્બર-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ બોર્ડ માટે કુલ કેટલી જોગવાઇ અને ખર્ચ કરવામાં આવ્યું, અને

(૩)

| વર્ષ | જોગવાઇ | કરેલ ખર્ચ |
|---|---|---|
| ૨૦૦૪-૦૫ | ૨૧૪,૦૦,૦૦૦ | ૭૬,૬૦,૦૦૦ |
| ૨૦૦૫-૦૬ | ૩૯૪,૦૦,૦૦૦ | ૪૯,૪૩,૦૦૦ |

(૪) આ બોર્ડને સઘન બનાવવા માટે રાજ્ય સરકાર શું કરવા માંગે છે ?

(૪) બોર્ડની કામગીરી સઘન બનાવવા માટે રાજ્યના વિવિધ ડાયમંડ ક્લસ્ટર્સમાં તાલીમ કેન્દ્રો, ડાયમંડ પાર્ક્સ, રત્નકલાકારોના વિકાસ માટે યોજનાઓ તેમજ માર્કેટીંગ અને પ્રમોશનની યોજનાઓ અંગેની સઘન કામગીરી બોર્ડ મારફત હાથ ધરવા સરકારનું આયોજન છે.

-------------

**સિમેન્ટ કંપનીઓ પાસેથી લેવાનો થતો વેચાણ વેરો**

૧૪૩૦૩ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧.૧૨.૦૫ની સ્થિતિએ રાજ્યની કઇ કઇ મોટી સીમેન્ટ કંપનીઓ પાસેથી ક્યારથી કેટલો વેચાણવેરો વસુલ કરવાનો બાકી છે, અને

(૧) પત્રક મુજબ.

(૨) બાકી નીકળતો વેચાણવેરો વસુલ કરવા સરકારે શી કાર્યવાહી કરી ?

(૨) શક્ય વસુલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા અને જમીન મહેસુલ કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે.

**પ ત્ર ક**

| એકમનું નામ | વર્ષ | બાકી રકમ રૂા. લાખમાં |
|---|---|---|
| એસોસીએટેડ સીમેન્ટ કું. | ૯૫/૯૬/૯૭/૯૮, ૨૦૦૦/૦૧ | ૩.૨૯ |
| એલ.એન્ડ ટી. જે.ડી.આઇ.ઓઇલ ફીલ્ડ પ્રોજેક્ટ | ૯૫/૯૬ થી ૯૭/૯૮ | ૪.૧૫ |
| કાશી વિશ્વનાથ સિમેન્ટ | ૯૯/૨૦૦૦ | ૯.૮૨ |
| બાલારામ સિમેન્ટ | ૯૧/૯૨ થી ૦૧/૦૨ | ૨૨૮૭.૬૧ |
| રાધાકિશન સિમેન્ટ | ૮૫/૮૬ થી ૯૪/૯૫ | ૨૧૫.૯૬ |
| હનુમાન સિમેન્ટ પ્રા.લી. | ૨૦૦૦/૦૧ | ૩૬.૫૫ |
| સોમાની સિમેન્ટ કંપની | ૯૨/૯૩ થી ૯૬/૯૭ | ૭૭૩.૨૧ |
| મહાકાળી સિમેન્ટ | ૯૫/૯૬ થી ૯૯/૦૦ | ૧૫.૨૭ |
| પંચમહાલ સિમેન્ટ કંપની લી. | ૯૧/૯૨ થી ૯૫/૯૬ | ૧૦૬૨.૭૦ |
| સેવાલીયા સિમેન્ટ વર્કસ. | ૮૮/૮૯, ૧-૪-૮૯ થી ૩૧-૭-૮૯, ૧-૮-૮૯ થી ૩૧-૩-૯૩ | ૪૫૩.૩૮ |
| વી.કી.સિમેન્ટ પ્રા.લી. | ૯૨/૯૩ થી ૯૭/૯૮, ૩૧-૮-૯૮ થી ૩૧-૮-૦૩ | ૨૧.૬૯ |
| સંદીપ સિમેન્ટ પ્રા.લી. | ૯૩/૯૪ થી ૯૯/૦૦, ૩૧-૫-૯૭ થી ૩૧-૫-૦૧ | ૮૬.૬૬ |
| અલ્ટ્રાટેક સિમેન્ટ લી. | ૯૬/૯૭ થી ૨૦૦૧/૦૨ | ૬૭૪૫.૮૯ |
| ગુજરાત અંબુજા સિમેન્ટ લી. | ૧૯૮૭ થી ૩૦-૬-૨૦૦૦ | ૧૬૫.૦૧ |
| ગજ અંબુજા સિમેન્ટ કંપની | ૯૩/૯૪ થી ૨૦૦૧/૦૨ | ૯૫૭.૨૩ |
| ગુજરાત હાઇટેક ઇન્ડ. | ૮૭/૮૮ થી ૮૮/૮૯ | ૫૦૪.૭૦ |
| ગુજરાત સિધ્ધિ સિમેન્ટ કંપની | ૯૫/૯૬ થી ૨૦૦૦/૦૧ | ૮૫૪૯.૯૪ |
| કામદાર સિમેન્ટ કંપની | ૮૫/૮૬ થી ૮૭/૮૮ | ૧૨૧.૧૮ |
| સૌરાષ્ટ્ર સિમેન્ટ લી. | ૯૦/૯૧ થી ૨૦૦૦/૦૧ | ૪૩૪૪.૭૩ |
| એચ.એમ.પી. સિમેન્ટ કંપની | ૯૦/૯૧ થી ૨૦૦૦/૦૧ | ૪૪૫૯.૧૧ |
| ગુજરાત હિમાલીયા સિમેન્ટ કંપની | ૧૯૮૮ થી ૯૨/૯૩ | ૧૩૧.૮૫ |
| અજમેરા સિમેન્ટ પ્રા.લી. | ૯૭/૯૮, ૯૮/૯૯ | ૩.૭૦ |
| સરદાર સિમેન્ટ પ્રા.લી. | ૯૩/૯૪, ૯૫/૯૬ થી ૯૮/૯૯ | ૪૩૫.૬૩ |
| કાંગારૂ સિમેન્ટ પ્રા.લી. | ૨૦૦૦/૦૧ | ૧૪.૦૨ |
| પટેલ એન્ડ લાલકા સિમેન્ટ લી. | ૨૦૦૧/૦૨ | ૨૧.૮૭ |
| સુવિન સિમેન્ટ પ્રા.લી. | ૯૩/૯૪ થી ૯૬/૯૭ | ૧૮૪.૮૩ |
| ગાયત્રી સિમેન્ટ એન્ડ કેમીકલ | ૮૪/૮૫ અને ૯૦/૯૧ | ૩.૭૧ |
| શક્તિ સિમેન્ટ | ૮૫/૮૬ | ૧.૩૫ |
| જ્યુપીટર સિમેન્ટ કંપની | ૮૫/૮૬ | ૬૫૮.૦૦ |
| દ્વારકા સિમેન્ટ | ૮૮/૮૯ | ૫૨.૬૭ |
| જે.કે. સિમેન્ટ પ્રા.લી. | ૧૯૮૪ થી ૨૮-૨-૯૩ | ૪.૪૫ |
| સાંધી ઇન્ડ લી. | ૨૦૦૧-૦૨ | ૪.૪૧ |

-------------

**જ્યોતિગ્રામ યોજના અંતર્ગત વડોદરા જિલ્લામાં બાકી ગામો**

૧૫૨૩૫ **શ્રી શંકરભાઈ વી. રાઠવા (છોટાઉદેપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જ્યોતિગ્રામ યોજના અંતર્ગત વડોદરા જિલ્લામાં ડિસેમ્બર-૨૦૦૫ની સ્થિતિએ કેટલા ગામ બાકી રહી ગયા છે, અને | (૧) ૭૭૨ |
| (૨) બાકી રહી ગયેલા ગામોનું કામ ક્યારે પૂર્ણ કરવામાં આવશે ? | (૨) શક્ય તેટલા વહેલા. |

-------------

**મહેસાણા જિલ્લાના પોલીસ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની તપાસ બાબત**

૧૪૧૨૭ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ(શહેરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પોલીસ વેલ્ફેરની ભાવનાને ધ્યાને લઇ રાજ્ય સરકારે પોલીસ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની સંપૂર્ણ તપાસણીનો મહત્વાકાંક્ષી કાર્યક્રમ હાથ ધરેલ હોવાની હકીક્ત ખરી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો મહેસાણા જિલ્લામાં કુલ કેટલા પોલીસ કર્મચારી/અધિકારીઓ તા.૩૧.૧.૦૬ ની સ્થિતિએ ફરજ બજાવે છે અને તે પૈકી કેટલા પોલીસ કર્મચારી/અધિકારીઓની આરોગ્યની તપાસ કરવામાં આવી છે ? | (૨) ફરજ બજાવતા ૧૩૯૭ કર્મચારી/અધિકારીઓ પૈકી ૧૩૧૨ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની તપાસ કરવામાં આવી છે. |

-------------

**વલસાડ જિલ્લાના તાલુકાવાર નોંધાયેલ ખૂન, લૂંટ, ચોરી અને બળાત્કારના કેસો**

૧૪૮૨૫**શ્રી છનાભાઈ કો. ચૌધરી(ધરમપુર): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧.૧૨.૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં તાલુકાવાર કેટલા ખૂન-લૂંટ-ચોરી અને બળાત્કારના કેસો નોંધાયા છે,

(૧)

| **તાલુકાનું નામ** | **ખૂન** | **લૂંટ** | **ચોરી** | **બળાત્કાર** |
|---|---|---|---|---|
| વલસાડ | ૧૧ | ૧૭ | ૩૧૨ | ૮ |
| પારડી | ૩૬ | ૨૯ | ૪૭૯ | ૨ |
| ઉમરગામ | ૧૨ | ૩૧ | ૧૮૬ | ૮ |
| ધરમપુર | ૨ | ૨ | ૩૧ | ૧ |
| કપરાડા | ૯ | ૫ | ૧૭ | ૦ |

(૨) તે અન્વયે કેટલા ઇસમોની ધરપકડ કરવામાં આવી, અને

(૨)

| **તાલુકાનું નામ** | **ખૂન** | **લૂંટ** | **ચોરી** | **બળાત્કાર** |
|---|---|---|---|---|
| વલસાડ | ૨૧ | ૫૩ | ૨૧૯ | ૭ |
| પારડી | ૮૧ | ૭૮ | ૩૩૭ | ૪ |
| ઉમરગામ | ૧૯ | ૭૭ | ૧૬૧ | ૧૨ |
| ધરમપુર | ૨ | ૫ | ૫૦ | ૧ |
| કપરાડા | ૨૧ | ૧૫ | ૨૭ | ૦ |

(૩) ચોરાયેલ માલ પૈકી કેટલો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો ?

(૩) ચોરીમાં કુલ રૂા.૮૦,૧૯,૫૦૧/- તથા લૂંટમાં કુલ રૂા.૪૪,૫૩,૬૩૮/- નો મુદ્દામાલ જપ્ત કરેલ છે.

-------------

**ઇજ્જુ શેખની ધરપકડ અંગે**

૧૫૧૭૫ **શ્રી વજુભાઈ પ. ડોડિયા (વિરમગામ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં અંધાધૂંધી ફેલાવવા માટે વલસાડ અને પોરબંદરના સાગરકાંઠા ઉપર બહારથી હથિયારો લાવનાર ઇજ્જુ શેખની તાજેતરમાં પોલીસે ધરપકડ કરી હોવાની હકીક્ત સાચી છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ આરોપી અન્ય ક્યા ક્યા ગુન્હામાં સંડોવાયેલ છે, | (૨) હથિયાર અને દારૂગોળાની હેરાફેરી તેમજ ત્રાસવાદ પ્રવૃત્તિના ગુનામાં સંડોવાએલ છે. |
| (૩) તેણે ગુજરાતમાં કેટલા અને ક્યા ક્યા શસ્ત્રોની ગેરકાયદેસર આયાત કરેલ છે, અને | (૩) ૧૫૦ જેટલા અતિ આધુનિક હથિયારો જેમાં હેન્ડ ગ્રેનેડ બોમ્બ તથા પિસ્તોલનો સમાવેશ થાય છે. |
| (૪) તેની સામે શાં પગલાં ભરવામાં આવ્યા ? | (૪) આરોપીની ધરપકડ ક્ર્યા બાદ કાયદેસરની કાર્યવાહી ગતિમાં છે. |

-------------

**સરદાર સરોવર યોજનાના વિસ્થાપિતોના પુનઃ સ્થાપન અંગે**

૧૫૧૭૩ **શ્રી અમીત ચાવડા (બોરસદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) નર્મદા વિસ્થાપિતોમાંથી ઘણા લોકોએ સરકાર દ્વારા ફાળવેલ જમીન-મકાનોનો કબ્જો લેવાનો ઇનકાર કરેલ છે તે હકીક્ત સત્ય છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો શા કારણોસર ? | (૨) કેટલા અસરગ્રસ્તો પુનઃવસનની પ્રક્રિયામાં સહકાર આપતા નથી. જેથી થયેલ નિર્ણય અનુસાર જમીન/મકાનોની એક્તરફી ફાળવણી કરવામાં આવે છે. |

-------------

**જુનાગઢ જિલ્લાના પોલીસ સ્ટેશનોમાં કેડરવાઇઝ ખાલી જગ્યાઓ**

૧૪૪૩૩ **શ્રી ગોવિંદભાઈ વ. પરમાર (તલાલા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જુનાગઢ જિલ્લામાં દરેક કેડરમાં તા.૩૧.૧૨.૨૦૦૫ ની સ્થિતિએ પોલીસ સ્ટેશન દીઠ કેટલી જગ્યાઓ ખાલી છે, | (૧) સામેલ પત્રક મુજબ. |
| (૨) આ જગ્યાઓ શા માટે ખાલી છે, અને | (૨) વહીવટી કારણોસર. |
| (૩) આ ખાલી જગ્યાઓ પર કેટલા સમયમાં નિમણૂંક આપવાનું શું આયોજન કરેલ છે ? | (૩) વહીવટી અનુકૂળતા પ્રમાણે. |

**પત્રક**

**જુનાગઢ જિલ્લા પોલીસ દળનું તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ પોલીસ સ્ટેશનની કેડર વાઇઝ ખાલી જગ્યા દર્શાવતુ પત્રક**

| અ.નં. | પોલીસ સ્ટેશનનું નામ | પો. ઈન્સ. | પો. સ. ઈન્સ. | હે.કો. | પો.કો. |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧. | "એ" ડીવી. જુનાગઢ | ૧ | ૧ | ૨ | ૧૬ |
| ૨. | "બી" ડીવી. જુનાગઢ | - | - | ૨ | - |
| ૩. | જુનાગઢ તાલુકા | - | - | ૨ | ૩ |
| ૪ | ભેસાણ | - | - | ૮ | ૯ |
| ૫. | બિલખા | - | - | ૪ | ૩ |
| ૬. | મેંદરડા | - | - | ૫ | ૬ |
| ૭. | વિસાવદર | - | - | ૪ | ૬ |
| ૮. | કેશોદ | - | ૧ | ૧ | ૪ |
| ૯. | વંથલી | - | - | ૧ | ૬ |
| ૧૦. | માણાવદર | - | - | ૨ | ૯ |
| ૧૧. | બાંટવા | - | - | ૩ | ૬ |
| ૧૨. | વેરાવળ સીટી | - | ૧ | ૨૭ | ૪૬ |
| ૧૩. | પ્ર. પાટણ | - | ૧ | - | ૩ |
| ૧૪. | તાલાલા | - | - | ૭ | ૧૦ |
| ૧૫. | સુત્રાપાડા | - | ૧ | - | - |
| ૧૬. | ગીરગઢડા | - | - | ૩ | ૨ |
| ૧૭. | ઉના | - | ૧ | ૪ | ૫ |
| ૧૮. | કોડીનાર | - | - | ૫ | ૩ |
| ૧૯. | માંગરોળ | - | - | ૧૦ | ૧૧ |
| ૨૦. | શીલ | - | - | ૩ | ૬ |
| ૨૧. | ચોરવાડ | - | - | ૧ | ૪ |
| ૨૨. | માળીયા હાટીડા | - | - | ૫ | ૭ |
| ૨૩. | મહીલા પોલીસ સ્ટેશન | - | ૨ | - | ૧ |

| કુલ | ૧ | ૮ | ૯૯ | ૧૬૬ |
|---|---|---|---|---|

--------------

**અક્રેડીટેશન કાર્ડ માટેની અરજીઓ**

૧૪૮૨૭ **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી (અમરેલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (માહિતી) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા. ૩૧ જાન્યુઆરી, ૨૦૦૬ ની સ્થિતિએ વર્ષ ૨૦૦૩-૦૪, ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ દરમ્યાન નવા એક્રેડીટેશન કાર્ડ મેળવવા કુલ કેટલી અરજીઓ મળેલ છે,

(૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને

(૩) કેટલી પડતર છે, તેમજ પડતર રહેવાનાં કારણો શાં છે ?

**જવાબ**

(૧)
વર્ષ ૨૦૦૩-૦૪ - ૧૦૪
વર્ષ ૨૦૦૪-૦૫ - ૨૮
વર્ષ ૨૦૦૫-૦૬ - ૭૩
કુલ ૨૦૫

(૨) ૩૪

(૩) પ્રવર્તમાન નિયમો અનુસાર અરજીઓની ચકાસણીની કાર્યવાહી ચાલુ હોવાથી ૧૧૦ અરજીઓ પડતર છે.

-------------

**રાજ્યની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી દ્વારા અન્ય રાજ્યોને ફોરેન્સીક સહાયતા પૂરી પાડવા બાબત**

૧૪૧૨૫ **શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગુજરાત રાજ્યની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી દ્વારા અન્ય રાજ્યોને ફોરેન્સીક સહાયતા પૂરી પાડવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો કેલેન્ડર વર્ષ ૨૦૦૫ માં ક્યા ક્યા રાજ્યોને કેટલા કેસમાં આવી સહાયતા પૂરી પાડવામાં આવેલ છે, અને

(૩) આવી સહાયતા પેટે કેટલી રકમની આવક થઇ છે ?

**જવાબ**

(૧) હા, જી

(૨)

| અ.નં. | રાજ્યનું નામ | સંખ્યા |
|---|---|---|
| ૧. | નવી દિલ્હી | ૧૭ |
| ૨. | ઉત્તરપ્રદેશ | ૩ |
| ૩. | આંધ્રપ્રદેશ | ૧ |
| ૪. | રાજસ્થાન | ૧ |
| ૫. | મહારાષ્ટ્ર | ૨ |
| ૬. | પમિ બંગાળ | ૨ |
| ૭. | (કેન્દ્ર શાસિત) દમણ/ સેલવાસ/દીવ/ચંદીગઢ | ૮૨ |
| ૮. | જમ્મુ કાશ્મીર | ૧ |
| | કુલ | ૧૦૯ |

(૩) રૂા. ૫,૦૩,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ લાખ ત્રણ હજાર પુરા)

-------------

**સેટેલાઇટ દ્વારા થતી ડીઝાસ્ટર મેનેજમેન્ટની કામગીરી**

૧૪૮૦૭ **ડૉ. માયાબેન સુ. કોડનાની(નરોડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં વિજ્ઞાન પ્રોદ્યોગિકી વિભાગ દ્વારા સેટેલાઇટના ઉપયોગથી ડીઝાસ્ટર મેનેજમેન્ટમાં કઇ કઇ પધ્ધતિઓથી મદદ મેળવાય છે, અને

**જવાબ**

(૧) (અ) સેટેલાઈટ દ્વારા લેવાયેલ તસવીરોથી પુરાના હેઠળના વિસ્તારની એકત્રિત માહિતી મેળવાય છે અને જરૂરી પગલા લેવા જે તે કચેરીને માહિતી મોકલાય છે.

(બ) કુદરતી આપત્તિ જેવી કે દુષ્કાળમાં ખેતી જ્યાં જ્યાં અસર પામી છે, તેની વાસ્તવિક્તા જાણી સંબંધિત ખાતાઓને માહિતી નકશા સ્વરૂપે પુરી પાડવામાં આવે છે.

(ક) સેટેલાઈટ તરફથી મળેલ ડેટા ઉપરથી ધરતીકંપ પ્રાત પુનઃ વસનની કામગીરીમાં સેટેલાઈટથી લીધેલ તસવીરનો ઉપયોગ કરાય છે.

(૨) તા.૩૧.૧.૦૬ ની સ્થિતિએ રાજ્યમાં કઇ કઇ સંસ્થાઓ આ કાર્યમાં કાર્યરત છે ?

(૨) હાલ ભાસ્કરાચાર્ય ઈન્સ્ટીટયુટ ફોર સ્પેસ એપ્લીકેશન એન્ડ જીઓ-ઈન્ફોર્મેટીક્સ (બાયસેગ) આ પ્રકારની કામગીરી કરે છે.

-------------

**સુરત શહેરમાં ચાલતા વિડિયો થિયેટરો ઉપર દરોડા**

૧૪૮૩૫ **શ્રી ધીરૂભાઈ હ. ગજેરા (સુરત શહેર (ઉત્તર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧.૧.૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત શહેરમાં ચાલતા વિડિયો થિયેટરો પૈકી કેટલા કેટલા થિયેટરોમાં બિભત્સ ફિલ્મો બતાવવામાં અંગે પોલીસ દ્વારા રેડ પાડવામાં આવી અને કેટલા કેસો પકડાયા, અને

(૨) તેની સામે ક્યા પ્રકારની કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧) સુરત શહેરમાં તા.૩૧.૧.૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પોલીસ દ્વારા ૬ થિયેટરોમાં રેડ કરી ૬ કેસ કરવામાં આવેલ છે.

(૨) ૬ કેસોમાં ૨૯૧ આરોપીઓની ધરપકડ કરી નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરવામાં આવેલ છે.

**ખેડા જિલ્લાના પોલીસ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની તપાસ બાબત**

૧૪૧૨૯ **શ્રી મહેશભાઈ સો. ભુરિયા (ભા.જ.પ.) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પોલીસ વેલ્ફેરની ભાવનાને ધ્યાને લઇ રાજ્ય સરકારે પોલીસ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની સંપૂર્ણ તપાસણીનો મહત્વાકાંક્ષી કાર્યક્રમ હાથ ધરેલ હોવાની હકીક્ત ખરી છે, અને

(૨) જો હા, તો ખેડા જિલ્લામાં કુલ કેટલા પોલીસ કર્મચારી/અધિકારીઓ તા.૩૧.૧.૦૬ ની સ્થિતિએ ફરજ બજાવે છે અને તે પૈકી કેટલા પોલીસ કર્મચારી/અધિકારીઓની આરોગ્યની તપાસ કરવામાં આવી છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ફરજ બજાવતા ૧૪૫૯ કર્મચારી/અધિકારીઓ પૈકી ૧૩૦૧ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની તપાસ કરવામાં આવી છે.

-------------

**જ્યોતિગ્રામ યોજના હેઠળ આવરી લેવાયેલ વલસાડ જિલ્લાના ગામો**

૧૪૦૬૬ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જ્યોતિગ્રામ યોજના હેઠળ વલસાડ જિલ્લામાં તા.૩૧.૧૨.૦૫ સુધીમાં તાલુકાવાર કેટલા ગામોને આવરી લેવામાં આવ્યા, અને

(૨) બાકી રહેતા કેટલા ગામોને કેટલા સમયમાં આવરી લઇ કાર્ય પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨)

તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં વલસાડ જિલ્લામાં જ્યોતિગ્રામ યોજના હેઠળ આવરેલ ગામની વિગત

| જિલ્લાનું નામ | તાલુકાનું નામ. | કુલ ગામ | જ્યોતિ ગ્રામ હેઠળ આવરેલ ગામની સંખ્યા | બાકી રહેલ ગામની સંખ્યા |
|---|---|---|---|---|
| વલસાડ | ધરમપુર | ૧૦૭ | ૭૫ | ૩૨ |
| | કપરાડા | ૧૨૮ | ૧૧૨ | ૧૬ |
| | પારડી | ૭૬ | ૫૭ | ૧૯ |
| | ઉમરગામ | ૫૦ | ૪૪ | ૦૬ |
| | વલસાડ | ૮૯ | ૬૧ | ૨૮ |
| | કુલ | ૪૫૦ | ૩૪૯ | ૧૦૧ |

બાકી રહેતા ૧૦૧ ગામોને માર્ચ-૦૬ સુધીમાં આવરી લેવાનું આયોજન છે.

## ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી દ્વારા ખાનગી સંસ્થા અને વ્યક્તિઓને સેવા પૂરી પાડવા બાબત

૧૪૧૨૨ **શ્રી આર. સી. પટેલ (જલાલપોર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી દ્વારા ખાનગી સંસ્થા અને વ્યક્તિઓને સેવા પૂરી પાડવામાં આવે છે કે કેમ, અને | (૧) રાજ્યની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી દ્વારા ખાનગી સંસ્થા અને વ્યક્તિઓને સેવા પુરી પાડવામાં આવતી નથી. પરંતુ રાજ્યમાં પેટ્રોલીયમ નિપજોનું (સોલ્વન્ટ વિગેરે) ઉત્પાદન કરતી કંપનીઓ તથા ડીલરોને તેની પ્રોડકટનું લાયસન્સ મેળવતા પહેલા એફ.એસ.એલનું પરીક્ષણ પ્રમાણપત્ર મેળવવાનું ફરજીયાત બનાવવામાં આવેલ છે. આ ઉપરાંત જાહેર તથા ખાનગી ક્ષેત્રની સંસ્થાઓના સીક્યોરીટી અધિકારી/વીજીલન્સ અધિકારી/બેન્ક ઓફીસરને ફી લઈ તાલીમ આપવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. પરંતુ વ્યક્તિઓને સેવા પુરી પાડવામાં આવતા નથી. |
| (૨) જો હા, તો કઇ કઇ પ્રકારની સેવાઓ પૂરી પાડવામાં આવે છે અને તે પેટે કેટલી ફી લેવામાં આવે છે ? | (૨) ૧. રાજ્યમાં પેટ્રોલીયમ નિપજોનું (સોલવન્ટ વગેરે) ઉત્પાદન કરતી કંપનીઓ તથા ડીલરોને તેની પ્રોડકટનું લાયસન્સ મેળવતા પહેલા એફ.એસ.એલનું પરીક્ષણ પ્રમાણપત્ર મેળવવાનું ફરજીયાત બનાવવામાં આવેલ છે. જેમાં આવી કંપનીઓ પાસેથી રૂા. ૨૦૦૦/-ની ફી લઇ વિગતવાર અહેવાલ આપવામાં આવે છે.<br>૨. જાહેર ક્ષેત્રની સંસ્થાઓના સીક્યોરીટી અધિકારી-વીજીલન્સ અધિકારી-બેન્ક ઓફીસરને પ્રિવેન્શ અને ડીટેશન ઓફ ક્રાઈમના વિષય પર પાંચ દિવસની તાલીમ આપવામાં આવેલ છે. જે તાલીમ પેટે અધિકારી દીઠ<br>રૂા. ૫૦૦૦/-ની ફી રાખવામાં આવેલ છે. |

-------------

## વડોદરા શહેરમાં યોજાયેલ લોકદરબાર કાર્યક્રમો

૧૪૧૧૪ **શ્રી વેચાતભાઈ હ. બારિયા (પાવી-જેતપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પ્રજા અને પોલીસ વચ્ચે વિશ્વાસ, સહકાર અને માહિતીના આદાન-પ્રદાનની ભાવના વધે તે માટે તમામ જિલ્લાઓમાં લોક દરબાર યોજવાનું શરુ કરવામાં આવ્યું છે, તે વાત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧.૧૨.૦૫ સુધીમાં વડોદરા શહેરમા કેલેન્ડર વર્ષ ૨૦૦૪ અને ૨૦૦૫ માં કેટલા લોક દરબાર યોજવામાં આવેલ છે? | (૨) |

| વર્ષ | યોજાયેલ લોક દરબાર |
|---|---|
| ૨૦૦૪ | ૯૦ |
| ૨૦૦૫ | ૧૨૮ |

-------------

### જ્યોતિગ્રામ યોજના હેઠળ આવરી લેવાયેલ જામનગર જિલ્લાના તાલુકા દીઠ ગામો

૧૪૮૦૨ **શ્રી રણછોડભાઈ ચ. ફળદુ (કાલાવડ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડિસેમ્બર-૨૦૦૫ની સ્થિતિએ જામનગર જિલ્લામાં તાલુકા દીઠ કેટલા ગામો જ્યોતિગ્રામ યોજના હેઠળ જોડવામાં આવ્યા, અને | (૧) ૫૫૫ (તાલુકાવાર ગામોની સંખ્યા સામેલ પત્રક મુજબ) |
| (૨) બાકી રહેતા ગામોને કેટલા સમયમાં જોડવામાં આવશે ? | (૨) શક્ય તેટલા વહેલા. |

પત્રક

ડીસેમ્બર-૨૦૦૫ની સ્થિતિએ જામનગર જિલ્લામાં જ્યોતિગ્રામ યોજના હેઠળ જોડવામાં આવેલ તાલુકાદીઠ ગામોની સંખ્યા નીચે મુજબ છે.

| અનું. નંબર | તાલુકાનું નામ | ગામોની સંખ્યા |
|---|---|---|
| ૧. | ભાણવડ | ૪૩ |
| ૨. | ધ્રોલ | ૩૪ |
| ૩. | જામજોધપુર | ૫૨ |
| ૪. | જામનગર | ૯૩ |
| ૫. | જોડીયા | ૫૦ |
| ૬. | કાલાવડ | ૮૪ |
| ૭. | કલ્યાણપુર | ૫૧ |
| ૮. | ખંભાળીયા | ૬૫ |
| ૯. | લાલપુર | ૫૦ |
| ૧૦. | ઓખામંડળ | ૩૩ |
| | કુલ... | ૫૫૫ |

-------------

### રાજ્યની બિનકર મહેસૂલી આવક

૧૪૦૫૧ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જાન્યુઆરી-૨૦૦૬ની સ્થિતિએ રાજ્ય સરકારની બિનકર મહેસૂલના હેડ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ માં કુલ કેટલી આવકો પ્રાપ્ત થઇ, | (૧) નાણાકીય વર્ષ ૨૦૦૪-૦૫માં બિનકર મહેસૂલના હેડ હેઠળ રૂા. ૩૦૯૦.૫૦ કરોડ અને ૨૦૦૫-૦૬માં જાન્યુઆરી ૨૦૦૬ સુધીમાં અંદાજીત રૂા. ૨૬૨૧.૭૯ કરોડની આવકો પ્રાપ્ત થયેલ છે. |
| (૨) આમાંથી વ્યાજ પ્રાપ્તિ અને એડવાન્સ અને અન્ય બિનકર મહેસૂલ હેઠળ કેટલી આવક પ્રાપ્ત થઇ, અને | (૨) આમાંથી વ્યાજ પ્રાપ્તિ પેટે સને ૨૦૦૪-૦૫માં રૂા.૪૬૯.૭૩ કરોડની આવક થયેલ છે. અને બિનકર મહેસૂલ આવક પેટે રૂા. ૨૬૨૦.૭૭ કરોડની આવક થયેલ છે. જ્યારે જાન્યુઆરી-૨૦૦૬ સુધીમાં અંદાજીત રૂા. ૧૮૯.૦૨ કરોડની વ્યાજ પ્રાપ્તિ પેટે આવક અને `એડવાન્સ અને અન્ય બિનકર મહેસૂલ હેઠળ અંદાજીત મહેસૂલી આવક રૂા. ૨૪૩૨.૭૭ કરોડ પ્રાપ્ત થયેલ છે. |
| (૩) આ અંગે વર્ષ ૨૦૦૪-૦૫ માં અને વર્ષ ૨૦૦૫-૦૬ માં કેટલી રકમોના અંદાજ રાખવામાં આવ્યા હતાં ? | (૩) આ અંગે વર્ષ ૨૦૦૪-૦૫માં રૂા. ૨૭૨૯.૯૩ કરોડ અને વર્ષ ૨૦૦૫-૦૬માં રૂા. ૩૪૭૨.૦૩ કરોડ રકમોના અંદાજ રાખવામાં આવ્યા હતા. |

## પોલીસ દળમાં ભરતી કરવા અંગે

૧૫૧૭૯ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પોલીસ દળને વધુ અસરકારક બનાવવા માટે રાજ્ય સરકાર જુદા જુદા સંવર્ગોમાં ભરતી કરવા માંગે છે કે કેમ, અને

(૨) જો હા, તો ક્યા ક્યા સંવર્ગમાં કેટલા કર્મચારીઓની ભરતી કરવામાં આવનાર છે ?

**જવાબ**

(૧) હા.

(૨) જરૂરિયાત અને નીતિ નિયમો મુજબ.

-------------

## તત્કાલ વીજ યોજના હેઠળ મળેલ જુનાગઢ જિલ્લાની અરજીઓ

૧૪૬૯૬ **શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧મી ડિસેમ્બર-૨૦૦૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જુનાગઢ જિલ્લામાં તત્કાલ વીજ યોજના હેઠળ વીજ જોડાણ માટેની કેટલી અરજી સરકારને મળી તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો, અને

(૨) બાકી રહેતા વીજ જોડાણો ક્યાં સુધી આપવામાં આવશે ?

**જવાબ**

(૧) જુનાગઢ જિલ્લામાં તત્કાલ વીજ યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં ૯૧૨૦ અરજીઓ મળી, તે પૈકી ૪૦૪૬ અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે.

(૨) પૈસા ભરપાઈ થયેલ પડતર ૬૯ કેસોમાં સત્વરે,

- પૈસા ભરવાના બાકી ૨૧ કેસોમાં પૈસા ભરપાઈ થયેથી નિયત સમયમર્યાદામાં,
- તથા ૪૯૮૪ કેસોમાં આગામી વર્ષમાં તબક્કાવાર વીજ જોડાણ આપવાનું આયોજન છે.

-------------

## વલસાડ જિલ્લાના કુટિર ઉદ્યોગની મંજુર થયેલ અરજીઓ

૧૪૪૭૮ **શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ (પારડી) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧.૧૨.૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં વલસાડ જિલ્લામાં કુટિર ઉદ્યોગ માટેના લાભાર્થીઓની તાલુકાવાર કેટલી અરજીઓ આવી,

(૨) કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, અને

**જવાબ**

(૧) તા.૩૧.૧૨.૨૦૦૫ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં નીચે મુજબની અરજીઓ તાલુકાવાર આવી.

| તાલુકાનું નામ | યોજના | |
|---|---|---|
| | શ્રી બાજપાઈ બેન્કેબલ યોજના | વડાપ્રધાનશ્રીની રોજગાર યોજના |
| વલસાડ | ૯૨૨ | ૫૯૫ |
| પારડી | ૭૨૬ | ૪૩૮ |
| ઉમરગામ | ૩૨૨ | ૨૭૪ |
| ધરમપુર | ૩૩૮ | ૨૪૬ |
| કપરાડા | ૨૪૦ | ૧૪૦ |

(૨) નીચે મુજબની અરજીઓ બેન્કો દ્વારા મંજુર કરવામાં આવી.

| તાલુકાનું નામ | યોજના | |
|---|---|---|
| | શ્રી બાજપાઈ બેન્કેબલ યોજના | વડાપ્રધાનશ્રીની રોજગાર યોજના |
| વલસાડ | ૫૫૪ | ૩૪૯ |
| પારડી | ૪૨૩ | ૨૨૩ |
| ઉમરગામ | ૧૦૨ | ૧૬૫ |

| | | |
|---|---|---|
| ધરમપુર | ૨૧૫ | ૧૩૨ |
| કપરાડા | ૯૫ | ૩૯ |

(૩) કેટલી અરજીઓ નામંજુર કરવામાં આવી?

(૩) નીચે મુજબની અરજીઓ બેન્કો દ્વારા નામંજુર કરવામાં આવી.

| તાલુકાનું નામ | યોજના | |
|---|---|---|
| | શ્રી બાજપાઈ બેન્કેબલ યોજના | વડાપ્રધાનશ્રીની રોજગાર યોજના |
| વલસાડ | ૧૦૯ | ૧૬૮ |
| પારડી | ૧૪૪ | ૧૪૪ |
| ઉમરગામ | ૮૮ | ૬૦ |
| ધરમપુર | ૭૭ | ૭૨ |
| કપરાડા | ૫૮ | ૭૦ |

-------------

**કેન્દ્રીય કરવેરા પેટે રાજ્યને થયેલ આવક**

૧૩૮૧૯ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

કેન્દ્રીય કરવેરા પેટે રાજ્ય સરકારને સને ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ના નાણાકીય વર્ષમાં તા.૩૧.૧.૦૬ સુધીમાં કેટલી આવક ક્યારે ક્યારે મળી?

**જવાબ**

કેન્દ્રીય કરવેરા પેટે રાજ્ય સરકારને સને ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ના નાણાકીય વર્ષમાં તા.૩૧.૧.૦૬ સુધીમાં થયેલ આવક આ સાથેના પત્રક મુજબ છે.

**પત્રક**

વર્ષ ૨૦૦૪-૨૦૦૫

| **ક્રમ** | **તારીખ** | **રકમ (રૂા. કરોડમાં)** |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | તા. ૦૧-૦૪-૨૦૦૪ | ૧૫૮.૪૮ |
| ૨ | તા. ૩૦-૦૪-૨૦૦૪ | ૧૫૮.૪૮ |
| ૩ | તા. ૦૧-૦૬-૨૦૦૪ | ૧૫૮.૪૮ |
| ૪ | તા. ૦૧-૦૭-૨૦૦૪ | ૧૫૮.૪૮ |
| ૫ | તા. ૦૨-૦૮-૨૦૦૪ | ૧૬૫.૭૯ |
| ૬ | તા. ૦૧-૦૯-૨૦૦૪ | ૧૬૫.૭૯ |
| ૭ | તા. ૦૧-૧૦-૨૦૦૪ | ૧૬૫.૭૯ |
| ૮ | તા. ૦૧-૧૧-૨૦૦૪ | ૧૬૫.૭૯ |
| ૯ | તા. ૦૧-૧૨-૨૦૦૪ | ૧૬૫.૭૯ |
| ૧૦ | તા. ૦૧-૦૧-૨૦૦૫ | ૧૬૫.૭૯ |
| ૧૧ | તા. ૦૨-૦૧-૨૦૦૫ | ૧૬૫.૭૯ |
| ૧૨ | તા. ૦૩-૦૧-૨૦૦૫ | ૧૬૫.૭૯ |
| ૧૩ | તા. ૦૩-૧૨-૨૦૦૫ | ૧૨૯.૫૧ |
| ૧૪ | તા. ૨૧-૦૩-૨૦૦૫ | ૧૨૯.૫૫ |
| | એકંદરે કુલ... | ૨૨૧૯.૩૦ |

**પત્રક**

વર્ષ ૨૦૦૫-૨૦૦૬

| **ક્રમ** | **તારીખ** | **રકમ (રૂા. કરોડમાં)** |
|---|---|---|
| **૧** | **૨** | **૩** |
| ૧ | તા. ૦૧-૦૪-૨૦૦૫ | ૨૪૨.૨૪ |
| ૨ | તા. ૦૧-૦૫-૨૦૦૫ | ૨૪૨.૨૪ |
| ૩ | તા. ૦૧-૦૬-૨૦૦૫ | ૨૪૨.૨૪ |
| ૪ | તા. ૦૧-૦૭-૨૦૦૫ | ૨૪૨.૨૪ |

| | | |
|---|---|---|
| ૫ | તા. ૦૧-૦૮-૨૦૦૫ | ૨૪૨.૨૪ |
| ૬ | તા. ૦૧-૦૯-૨૦૦૫ | ૨૪૨.૨૪ |
| ૭ | તા. ૦૩-૧૦-૨૦૦૫ | ૨૪૨.૨૪ |
| ૮ | તા. ૦૨-૧૧-૨૦૦૫ | ૨૪૨.૨૪ |
| ૯ | તા. ૦૧-૧૨-૨૦૦૫ | ૨૪૨.૨૪ |
| ૧૦ | તા. ૦૨-૦૧-૨૦૦૬ | ૨૪૨.૨૪ |
| | એકંદરે કુલ... | ૨૪૨૨.૪૦ |

-------------

**ભૂકંપ પછી કચ્છ જિલ્લામાં ઓછું ટેક્ષ માફી તથા ઉદ્યોગમાં થયેલ ઓછું રોકાણ**

૧૪૪૮૨ **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧.૧.૨૦૦૬ની સ્થિતિએ ભૂકંપ પછી કેન્દ્ર સરકાર દ્વારા એક્સાઇઝ માફી અને રાજ્ય સરકારની સેલ્સટેક્ષ માફી કે ડીફર્ડ પેમેન્ટની સગવડ હોવા છતાં કચ્છ જિલ્લામાં ધાર્યુ રોકાણ થયેલ નથી તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો ધાર્યુ રોકાણ ન આપવાના કારણો,

(૩) જો ના, તો તા.૩૧.૧૨.૨૦૦૫ સુધીમાં ઉત્પાદન શરુ કરેલ એકમોની રોકાણની વિગત શી છે, અને

(૪) રાજ્ય સરકાર ક્યાં સુધી આવનાર નવા ઉદ્યોગને ૨૦૧૦ સુધીની વેચાણ વેરા માફી જાહેર કરી ઉદ્યોગોને કચ્છમાં રોકાણ કરવા પ્રોત્સાહન આપશે ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉદ્દભવતો નથી.

(૩) કચ્છ જિલ્લામાં ઉદ્યોગો દ્વારા કુલ રૂા. ૪૦,૬૨૧ કરોડના મુડીરોકાણ સાથે ૬૩૫ ઉદ્યોગોએ દરખાસ્તો (એલઓઆઈ/એલઓપી/આઈઈએમ) દાખલ કરેલ છે. જે પૈકી રૂા. ૭૯૪૬ કરોડના ૧૮૦ પ્રોજેક્ટો ઉત્પાદનમાં ગયેલ છે. ૩૨,૦૦૪ કરોડના ૪૦૯ પ્રોજેક્ટ અમલીકરણ નીચે છે.

(૪) વેચાણવેરા પ્રોત્સાહન અંગેના તારીખ : ૯-૧૧-૨૦૦૧ના ઠરાવ તથા તેમાં વખતો વખત થયેલ સુધારાથી દર્શાવેલ અસરકારક પગલાં ઔદ્યોગિક એકમે તારીખ ૩૧-૧૨-૦૫ સુધીમાં લીધા હોય તો આવા ઔદ્યોગિક એકમો પાઈપલાઈન કેસ તરીકેની તારીખ ૩૧-૧૨-૨૦૦૭ સુધીમાં ઉત્પાદનમાં જઈ શકશે અને આવા એકમે કરેલ મુડી રોકાણના આધારે ઉત્પાદન તારીખથી ૫, ૭ અને ૧૦ વર્ષ માટે વેચાણવેરાના પ્રોત્સાહનને પાત્ર બનશે.

-------------

**આંધપ્રદેશ નજીક કૃષ્ણા ગોદાવરી બેઝિન ખાતે કુદરતી ગેસના કુવાઓની કામગીરી અંગે**

૧૩૮૨૨ **શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આંધપ્રદેશ નજીક દરીયામાં કૃષ્ણા ગોદાવરી બેઝિન ખાતે ગુજરાતે શોધેલા કુદરતી ગેસનું પ્રારંભિક ઉત્પાદન ક્યારથી શરુ થવાની શક્યતાઓ છે,

(૨) તા.૩૧.૧૨.૦૫ સુધીમાં કુલ કુવાઓ પૈકી કેટલા કુવાઓનું ખોદકામ પૂર્ણ થયેલ છે, અને

(૩) આ કુવામાંથી કેટલો ગેસ મળવાની સંભાવના છે ?

**જવાબ**

(૧) સને ૨૦૦૮

(૨) ૩(ત્રણ)

(૩) ૨૦ ટ્રિલિયન ક્યુબીક ફીટ

-------------

**સરદાર સરોવર બંધનું બાંધકામ બંધ હોવા અંગે**

૧૩૮૭૯ **શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા (રખિયાલ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સરદાર સરોવર નર્મદા યોજનાનું બંધનું બાંધકામ છેલ્લા કેટલા સમયથી બંધ થયેલ છે, | (૧) તા. ૧૬-૩-૨૦૦૪ના રોજ ૧૧૦.૬૪મી. સુધી બાંધકામ કરવાની નર્મદા નિયંત્રણ પ્રધિકરણ (એનસીએ) તરફથી મંજુરી મળતાં તા.૩૦-૬-૨૦૦૪ સુધીમાં આ કામ પૂર્ણ કરવામાં આવેલ છે. ત્યારબાદ ૧૨૧.૯૨ મી. સુધી બાંધકામ માટે મંજુરી પડતર રહેતાં આગળ બાંધકામ કરી શકાયું નથી. |
| (૨) આ બાંધકામ થવાનાં શાં કારણો છે, અને | (૨) ત્રણે રાજ્યોએ પુનર્વસનની કામગીરી પૂરી કરેલ છે. નર્મદા કંટ્રોલ ઓથોરીટી દ્વારા ચકાસણી કરાવાઈ રહેલ હોઇ તે પુર્ણ થયેથી બંધની ઊંચાઈ વધારવાની મંજુરી મળે તેમ છે. |
| (૩) આ બંધનું ડેમ સાઇટનું મુખ્ય બંધનું બાંધકામ ક્યારે પુનઃ શરુથવાનો અંદાજ છે ? | (૩) એન. સી. એ. દ્વારા મંજુરી મળેથી મુખ્ય બંધનું બાંધકામ તુરંત શરૂ કરવામાં આવશે. |

-------------

**રાજ્યમાં સ્થપાયેલ નવી ઓદ્યોગિક વસાહતો**

૧૪૮૧૦ **શ્રી સિધ્ધાર્થ મા. પરમાર (રાજકોટ ગ્રામ્ય):માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧.૧.૦૬ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં રાજ્યમાં કુલ કેટલી નવી જી.આઇ.ડી.સી. બનાવવામાં આવેલ છે અને ક્યા ક્યા જિલ્લામાં બનાવવામાં આવેલ છે? | છેલ્લા ૩ વર્ષમાં ૧૯ વસાહતોનું નિગમે આયોજન કરેલ, તે પૈકી સુરત જિલ્લામાં સુરત એપરલ પાર્ક હાલમાં કાર્યરત છે. અને અમદાવાદ જિલ્લામાં અમદાવાદ ખાતે એપેરલ પાર્કમા પાયાની સુવિધાઓ વિકસીત થયેલ છે. |

-------------

**રાજકોટ આર.ટી.ઓ. ક્ચેરીની આવક**

૧૪૧૧૮ **શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ (અંકલેશ્વર) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વાહન વ્યવહાર) જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) વાહન વ્યવહાર ખાતાની રાજકોટ આર.ટી.ઓ. ક્ચેરીની છેલ્લા ત્રણ કેલેન્ડર વર્ષની તા.૩૧.૧૨.૦૫ની સ્થિતિએ આવક કેટલી થઇ, અને

**જવાબ**

(૧)

| વર્ષ | આવક (રૂપિયામાં) |
|---|---|
| ૨૦૦૩ | ૪૫,૪૯,૩૩,૦૦૦/- (પિસ્તાળીસ ક્રોડ ઓગણ પચાસ લાખ તેત્રીસ હજાર) |
| ૨૦૦૪ | ૫૬,૨૩,૪૦,૦૦૦/- (છપ્પન ક્રોડ ત્રેવીસ લાખ ચાળીસ હજાર) |
| ૨૦૦૫ | ૬૧,૪૬,૯૭,૦૦૦/- (એક્સઠ ક્રોડ છેતાળીસ લાખ સત્તાણું હજાર) |

(૨) જો આવકમાં ઘટાડો થયેલ હોય તો તેના કારણો ક્યા ક્યા છે ?

(૨) આવકમાં વધારો હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**ધંધુકા અને વલ્લભીપુર તાલુકા કમાન્ડ વિસ્તારની કચેરીઓ બંધ થવા અંગે**

૧૫૨૨૧ **શ્રી સુનીલ બા. ઓઝા (ભાવનગર શહેર (દક્ષિણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ધંધુકા અને વલ્લભીપુર તાલુકામાં આવેલ નર્મદા યોજનાની કચેરી બંધ કરવાના કારણે તે તાલુકાના (કમાન્ડ વિસ્તારના) ખેડૂતો પારાવાર હાલાકીમાં મુકાયા છે તે સરકાર જાણે છે, અને | (૧) ધંધુકા અને વલ્લભીપુર તાલુકામાં કામ કરતી કચેરીઓની કામગીરીનું પુનઃગઠન કરવામાં આવેલ છે જેના કારણે અમુક કચેરીઓ બંધ થયેલ છે. પરંતુ આના કારણે કમાન્ડ વિસ્તારના કોઈ ખેડૂતો હાલાકીમાં મૂકાયા નથી. |
| (૨) જો હા, તો આ કચેરીઓ પુનઃ કાર્યરત કરવા સરકાર શા પગલાં લેવા માંગે છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**રાજ્યમાં થયેલ સામુહિક આત્મહત્યાના બનાવો**

૧૪૮૨૧ **શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં સામુહિક આત્મહત્યાની ઘટનાઓની સંખ્યા કેટલી છે, અને | (૧) તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં સામુહિક આત્મહત્યાના ૧૯ બનાવો બનેલ છે. |
| (૨) તેના કારણો શોધવા અને તેના ઉપાય માટે સરકારે શું પગલાં ભર્યા ? | (૨) સામુહિક આત્મહત્યાના બનાવો મુખ્યત્વે અચાનક થતા સામાજિક પ્રશ્નોને કારણે બનતા હોવાનું જણાયું છે. આવા બનાવો ન બને તે માટે લોકોમાં જાગૃતિ લાવવાના પ્રયાસો કરવામાં આવે છે, જેમાં શહેરો/જિલ્લાઓમાં લોક દરબાર યોજી લોકોના પ્રશ્નોના સ્થળ ઉપર નિકાલ કરવાના પ્રયાસો કરવામાં આવે છે. |

-------------

**આણંદ આર.ટી.ઓ.ની આવક**

૧૪૧૦૭ **શ્રી વિષ્ણુભાઇ પટેલ (ઉમરેઠ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વાહન વ્યવહાર) જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ વાહન વ્યવહાર ખાતાની આણંદ આર.ટી.ઓ. કચેરીની છેલ્લા ત્રણ કેલેન્ડર વર્ષની આવક કેટલી થઇ, અને

**જવાબ**

(૧)

| વર્ષ | આવક (રૂપિયામાં) |
|---|---|
| ૨૦૦૩ | ૮,૮૨,૮૦,૦૦૦/- (આઠ કરોડ બ્યાસી લાખ એંશી હજાર) |
| ૨૦૦૪ | ૧૭,૦૨,૨૫,૦૦૦/- (સત્તર કરોડ બે લાખ પચીસ હજાર) |
| ૨૦૦૫ | ૧૮,૪૬,૦૬,૦૦૦/- (અઢાર કરોડ છેતાળીસ લાખ છ હજાર) |

(૨) જો આવકમાં ઘટાડો થયેલ હોય તો તેના કારણો ક્યા ક્યા છે?

(૨) આવકમાં વધારો હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

## બારડોલી અને માંડવી પોલીસ સ્ટેશનનું મંજૂર થયેલ મહેકમ

૧૪૮૧૯ **શ્રી અનિલકુમાર મો. પટેલ (બારડોલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ સુરત જિલ્લાના બારડોલી અને માંડવી પોલીસ સ્ટેશનનું સંવર્ગવાર મંજૂર મહેકમ કેટલું છે,

**જવાબ**

(૧)

| સંવર્ગ | બારડોલી પો.સ્ટે. | માંડવી પો.સ્ટે. |
|---|---|---|
| પો.સ.ઈ. | ૧ | -- |
| પો.સ.ઈ. | ૧ | ૨ |
| હે.કો. | ૨૫ | ૪૫ |
| પો.કો. | ૫૪ | ૩૮ |

(૨) મંજૂર થયેલું મહેકમ પૈકી બારડોલી તથા માંડવી પોલીસ સ્ટેશનના આઉટ પોલીસ ચોકીમાં કેટલી ઘટ છે, અને

(૨) સાત

(૩) આ ઘટ પુરવા સરકારશ્રી શી કાર્યવાહી કરવા માંગે છે ?

(૩) વહીવટી અનુકૂળતા પ્રમાણે.

-------------

## કચ્છ, સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લાના અગરિયાઓને મકાન બનાવી આપવા અંગે

૧૫૧૯૮ **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય મીઠા ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) કચ્છ, સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લાના ઘર વિહોણા અગરિયાઓ માટે કેન્દ્ર પુરસ્કૃત અને રાજ્ય સરકારની આર્થિક સહાયથી મકાન બનાવવાની યોજના તૈયાર કરવામાં આવી છે તે હકીક્ત સાચી છે.

**જવાબ**

(૧) હા, રાજ્યના તમામ મીઠું ઉત્પન્ન કરતા જિલ્લાઓ માટે આ સ્કીમ અમલમાં છે.

(૨) જો હા, તો આ યોજનાની શી વિગતો છે,

(૨) નમક મજદૂર આવાસ યોજના કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારના ઉપક્રમે સંચાલિત યોજના છે. આ અન્વયે સોલ્ટ વર્કસમાં કામ કરતાં અગરિયાઓને ૨૨.૨ ચો.મીટરના મકાન રૂા. ૬૦,૦૦૦/-ની કિંમતનું વિના મુલ્યે આપવાની જોગવાઈ છે. જે પૈકી રૂા. ૪૫,૦૦૦/- કેન્દ્ર સરકાર દ્વારા અને રૂા. ૧૫,૦૦૦/- રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવે છે.

(૩) ડીસે. ૨૦૦૫ની સ્થિતિએ કેટલા અગરીયાઓને મકાન બાંધી આપવામાં આવ્યા છે, અને

(૩) ડિસે.-૨૦૦૫ની સ્થિતિએ કુલ ૪૧૭ આવાસોનું બાંધકામ પુર્ણ કરેલ છે. જે પૈકી કચ્છ, સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાં ૩૪૧ આવાસો છે જ્યારે સમગ્ર રાજ્યમાં કુલ ૧૨૧૯ આવાસોનું બાંધકામ પ્રગતિમાં છે તે પૈકી કચ્છ, સુરેન્દ્રનગર અને રાજકોટમાં ૩૮૬ આવાસો છે.

(૪) બાકી રહેલા કેટલા અગરિયાઓને ક્યાં સુધીમાં મકાન બાંધી આપવામાં આવશે ?

(૪) આ યોજના હેઠળ ભારત સરકાર દ્વારા જેમ જેમ આવાસોને મંજુરી મળશે તે પ્રમાણે મકાન બાંધવામાં આવશે.

-------------

## ભાવનગરની આર.ટી.ઓ. ક્ચેરીની આવક

૧૪૧૧૭ **ડૉ.કનુભાઇ કળસરિયા (મહુવા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વાહન વ્યવહાર) જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) વાહન વ્યવહાર ખાતાની ભાવનગર આર. ટી. ઓ. ક્ચેરીની છેલ્લા ત્રણ કેલેન્ડર વર્ષની તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ આવક કેટલી થઇ, અને

**જવાબ**

(૧)

| વર્ષ | આવક (રૂપિયામાં) |
|---|---|
| ૨૦૦૩ | ૨૧,૮૪,૪૪,૦૦૦/- (એક્વીસ ક્રોડ ચોર્યાસી લાખ ચુમ્માલીસ હજાર) |
| ૨૦૦૪ | ૨૬,૦૯,૫૫,૦૦૦/- (છવ્વીસ ક્રોડ નવ લાખ પંચાવન હજાર) |
| ૨૦૦૫ | ૨૬,૩૭,૯૪,૦૦૦/- (છવ્વીસ ક્રોડ સાડત્રીસ લાખ ચોરાણું હજાર) |

(૨) જો આવક્માં ઘટાડો થયેલ હોય તો તેના કારણો ક્યા ક્યા છે ?

(૨) આવક્માં વધારો હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

## માંડલ, દેત્રોજ અને વિરમગામ તાલુકાના ગામોના તળાવોને નર્મદાના પાણીથી ભરવા બાબત

૧૪૬૯૪ **શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ (માંડલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) માંડલ, દેત્રોજ અને વિરમગામ તાલુકાના ગામોના તળાવો નર્મદાના પાણીથી ભરવાનું આયોજન છે કે કેમ, અને

**જવાબ**

(૧) નહેરોના કામો તબક્કાવાર પૂર્ણ થતા યોજનામાં પાણીની ઉપલબ્ધી અને માગણીને અનુલક્ષીને નર્મદાના સિંચાઈ વિસ્તારમાં આવતા તળાવો ભરી શકાશે.

(૨) જો હા, તો કેટલા સમય દરમ્યાન આયોજન હાથ ધરાશે ?

(૨) વર્ષ ૨૦૦૬-૨૦૦૭થી તબક્કાવાર.

------------

## ક્ચ્છ જિલ્લામાં તાલુકાવાર નોંધાયેલ ગુનાઓ

૧૪૭૦૨ **શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ (મુંદ્રા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ક્ચ્છ જિલ્લામાં તાલુકાવાર પોલીસ સ્ટેશનોમાં તા. ૩૧-૩-૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન કુલ કેટલા મારામારીના, બળાત્કારના, લૂંટ તથા ઘરફોડ તથા ખૂનના, ચોરીના ગુન્હાઓ નોંધાયા છે, અને

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | મારા-મારી | બળાત્કાર | લુંટ | ઘરફોડ | ખુન | ચોરી |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | ભુજ | ૭૯ | ૩ | ૧૦ | ૬૯ | ૪ | ૧૪૯ |
| ૨. | માંડવી | ૧૬ | ૧ | ૨ | ૨૯ | ૨ | ૧૬ |
| ૩. | મુંદ્રા | ૨૧ | ૨ | -- | ૧૨ | ૩ | ૬ |
| ૪. | નખત્રાણા | ૧૨ | -- | ૧ | ૭ | -- | ૧૬ |
| ૫. | લખપત | ૭ | -- | ૧ | ૩ | -- | ૬ |
| ૬. | અબડાસા | ૧૧ | -- | -- | ૭ | ૨ | ૫ |
| ૭. | અંજાર | ૨૭ | ૧ | ૨ | ૧૯ | ૩ | ૩૪ |
| ૮. | ગાંધીધામ | ૯૩ | ૩ | ૧૦ | ૮૬ | ૬ | ૧૩૧ |
| ૯. | ભચાઉ | ૩૬ | ૧ | ૬ | ૧૯ | ૩ | ૨૯ |
| ૧૦. | રાપર | ૪૧ | -- | ૧ | ૨૩ | ૪ | ૧૯ |
| | કુલ | ૩૪૩ | ૧૧ | ૩૩ | ૨૭૪ | ૨૮ | ૪૦૯ |

(૨) તે પૈકી કેટલા ગુન્હાઓમાં તહોમતદારો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી ?

(૨) ૬૧૯ (છસો ઓગણીસ)

------------

**અમદાવાદ જિલ્લામાં યોજાયેલ લોક દરબાર કાર્યક્રમો**

૧૪૧૧૨ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પ્રજા અને પોલીસ વચ્ચે વિશ્વાસ, સહકાર અને માહિતીના આદાન પ્રદાનની ભાવના વધે તે માટે તમામ જિલ્લાઓમાં લોક દરબાર યોજવાનું શરૂ કરવામાં આવ્યું છે, તે વાત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં અમદાવાદ જિલ્લામાં કેલેન્ડર વર્ષ ૨૦૦૪ અને ૨૦૦૫માં કેટલા લોક દરબાર યોજવામાં આવેલ છે ? | (૨) વર્ષ — યોજેલ લોક દરબાર<br>૨૦૦૪ — ૧૦૧<br>૨૦૦૫ — ૫૬ |

-------------

**રાજ્ય સરકાર દ્વારા નવી બસો ખરીદવા અંગે**

૧૫૧૭૭ **શ્રી ગણપતભાઈ વે. વસાવા (માંગરોળ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વાહન વ્યવહાર) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) એસ. ટી. નિગમની સેવાઓ વધુ અસરકારક અને વ્યાપક બને તે માટે રાજ્ય સરકાર નવી બસોની ખરીદી કરવા માગે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ક્યારે અને કેટલી બસો ખરીદ કરવા માગે છે ? | (૨) વર્ષ ૨૦૦૫-૦૬માં ૨૦૦ સીએનજી અને ૧૦૦૦ ડીઝલ બસો ખરીદ કરવા આયોજન કરેલ છે. જે પૈકી ૧૯૫ સીએનજી અને ૨૫૭ ડીઝલ બસો સંચાલનમાં મુકી છે.<br>વર્ષ ૨૦૦૬-૦૭માં આશરે ૧૦૦૦ બસો ખરીદ કરવા આયોજન કરેલ છે. |

-------------

**રાજ્યમાં સ્પેશ્યલ ઇકોનોમિક ઝોનની કેન્દ્ર સરકાર દ્વારા મંજૂરી અને તેની કાર્યવાહી અંગે**

૧૩૮૨૫ **શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં સ્પેશ્યલ ઇકોનોમિક ઝોનની કેન્દ્ર સરકાર દ્વારા કેટલા વિસ્તારો માટે મંજૂરી આપવામાં આવી, | (૧) કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતમાં કુલ ૧૧ સ્પેશ્યલ ઈકોનોમિક ઝોનની મંજુરી આપવામાં આવી, જે પૈકી ૨ ઝોન કાર્યાન્વિત છે. |
| (૨) સ્પેશ્યલ ઇકોનોમીક ઝોનના વિકાસ માટે રાજ્ય સરકારે કેવા પ્રકારના પ્રોત્સાહનો ક્યારે જાહેર કર્યા? | (૨) રાજ્ય સરકારે ગુજરાત એક્ટ નં. ૧૧/૨૦૦૪ થી પ્રસિધ્ધ કરેલ સ્પેશ્યલ ઈકોનોમિક ઝોન એક્ટ, ૨૦૦૪માં જાહેર કર્યા મુજબ વિવિધ પ્રકારના પ્રોત્સાહનો અપાય છે, જેમાં ઝોનના પ્રોસેસીંગ એરીયાની અંદર થતા વેચાણ અને વ્યવહારોને વેચાણવેરો, સ્ટેમ્પ ડયુટી, રજીસ્ટ્રેશન ફી, ખરીદ વેરો, મનોરંજન વેરો, વિગેરે તમામ ટેક્ષ, સેસ લેવી, ફી વિગેરેમાંથી મુક્તિ, ડોમેસ્ટિક ટેરીફ એરીયામાંથી પ્રોસેસીંગ એરીયાના એકમોને અપાતા ઈનપુટ ઉપર વેચાણવેરો અને અન્ય વેરામાંથી મુક્તિ, વિકાસકારને અપાતી સવલતો, ઝોનના પ્રોસેસીંગ એરીયાના એકમોને ૧૦ વર્ષ માટે વીજળી શુલ્કમાંથી મુક્તિ, ઉદાર શ્રમ નીતી વગેરે મુખ્ય છે. |

-------------

## સુરત શહેરના પોલીસ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની તપાસ બાબત

૧૪૧૩૧ **શ્રી કાંતિભાઈ ભા. તડવી (સંખેડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પોલીસ વેલ્ફેરની ભાવનાને ધ્યાને લઇ રાજ્ય સરકારે પોલીસ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની સંપૂર્ણ તપાસણીનો મહત્વાકાંક્ષી કાર્યક્રમ હાથ ધરેલ હોવાની હકીક્ત ખરી છે, અને

(૨) જો હા તો, સુરત શહેરમાં કુલ કેટલા પોલીસ કર્મચારી/ અધિકારીઓ તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ ફરજ બજાવે છે અને તે પૈકી કેટલા પોલીસ કર્મચારી/ અધિકારીઓના આરોગ્યની તપાસ કરવામાં આવી છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ફરજ બજાવતા કુલ ૨૭૫૩ કર્મચારી/ અધિકારીઓ પૈકી ૨૬૪૬ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની તપાસ કરવામાં આવી છે.

------------

## બેચરાજીમાંથી પસાર થતી નર્મદા કેનાલોમાંથી પાણી આપવા બાબત

૧૪૮૦૯ **શ્રી માલજીભાઈ દે. દેસાઈ (ચાણસ્મા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

નર્મદા મેઇન કેનાલ બેચરાજી ચાણસ્મા વિસ્તારમાંથી પસાર થાય છે. તેનું કામ પણ પૂર્ણ થયું છે હવે તેમાંથી નાની કેનાલો (સબ કેનાલો) મારફ્ત ખેડૂતોને પાણી આપવાનું આયોજન સરકાર કેટલા સમયમાં કરવા માગે છે?

**જવાબ**

બેચરાજી ચાણસ્મા વિસ્તારમાંથી પસાર થતી નાની કેનાલો મારફ્ત ખેડૂતોને જૂન ૨૦૦૬ થી શરૂ કરી તબક્કાવાર ૨૦૦૭-૦૮ સુધીમાં સંપૂર્ણ કમાન્ડ વિસ્તારમાં પાણી આપવાનું આયોજન છે.

-------------

## ગાંધીનગર જીલ્લામાં ઉદ્યોગો સ્થાપવા કરવામાં આવેલ એમ.ઓ.યુ.

૧૪૮૧૬ **ડૉ. સી. જે. ચાવડા (ગાંધીનગર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગાંધીનગર જિલ્લામાં નવીન ઉદ્યોગ સ્થાપવા માટે તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કોઇ એમ.ઓ.યુ. થયેલ છે કે કેમ,

(૨) જો હા, તો કોના દ્વારા કેટલી રકમનું ક્યા ઉદ્યોગ માટે અને ક્યા સ્થળની પસંદગી કરી છે, અને

(૩) હાલ ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) (૨) અને (૩) ગાંધીનગર જિલ્લામાં નવીન ઉદ્યોગ સ્થાપવા માટે તારીખ : ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ૩૧-એમ.ઓ.યુ/જાહેરાતો થયેલ છે. આ અંગે દરેક પ્રોજેકટ અંગે કેટલી રકમના, ક્યા ઉદ્યોગો, ક્યા સ્થળ અને હાલ ક્યા તબક્કે છે તેની વિગતો આ સાથે પરિશિષ્ટ-૧ મુજબ રાખેલ છે.

## પરિશિષ્ટ-૧

### ગાંધીનગર જિલ્લામાં એમ.ઓ.યુ./જાહેરાતોની વિગત દર્શાવતું પત્રક.

(૧) ઉત્પાદનમાં ગયેલ પ્રોજેકટો

| નં. | એકમનું નામ | સ્થળ | પ્રોડકટ | મૂડીરોકાણ (રૂા. કરોડમાં) |
|---|---|---|---|---|
| ૧ | દીપ કિરણ ફૂડ પ્રા.લિ. | ક્લોલ, ગાંધીનગર | ફૂડ પ્રોસેસીંગ | ૨.૫૩ |
| ૨ | એપેક્ષ ઈન્ટરનેશનલ | ઈન્ફોસીટી, ગાંધીનગર | કોલ સેન્ટર | ૩.૫૦ |
| ૩ | નેટ્રીક્યુ ટેલીસર્વીસીસ | ઈન્ફોસીટી, ગાંધીનગર | કોલ સેન્ટર | ૨.૫૦ |
| ૪ | વોઈસ ટેલ | ઈન્ફોસીટી, ગાંધીનગર | કોલ સેન્ટર | ૫.૦૦ |
| ૫ | હેલો સર્વિસીસ | ઈન્ફોસીટી, ગાંધીનગર | કોલ સેન્ટર | ૩.૦૦ |
| ૬ | નોબ ટેલ ઈન્ફો સીસ્ટમ પ્રા. લિ. | ઈન્ફોસીટી, ગાંધીનગર | કોલ સેન્ટર | ૨.૫૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૭ | રીક્રીએટ સોલ્યુસન એન્ડ પ્રોફાઈલ ટેક | ઈન્ફોસીટી, ગાંધીનગર | સોફટવેર આઉટસોર્સીંગ | ૧.૨૫ |
| ૮ | ટીક્સ ઈન્સ્ટ્રુમેન્ટ એન્ડ બી.પી.ઓ. | ઈન્ફોસીટી, ગાંધીનગર | બી.પી.ઓ. | ૧.૦૦ |
| ૯ | કર્ણાવતી મેડિકલ એન્ડ એજ્યુકેશન ટ્રસ્ટ | ગાંધીનગર | ફાર્માસ્યુટીકલ એન્જિનિયરીંગ | ૧૨૦.૦૦ |
| ૧૦ | કલ્પતરુ પાવર ટ્રાન્સમીશન લિ. | ઈલેકટ્રોનીક એસ્ટેટ ગાંધીનગર, | ટ્રાન્સમીશન લાઈન ટાવર | ૩૫.૦૦ |
| ૧૧ | નેશનલ ઈન્સ્ટીટયૂટ ઓફ ડિઝાઈન | ગાંધીનગર | એજ્યુકેશન | ૧૯.૦૦ |
| ૧૨ | ઓસ્વાલ ઈન્ડસ્ટ્રીઝ | ઓચ્ચ, કલોલ, ગાંધીનગર | ઈન્ટસ્ટ્રીયલ વાલ્વ | ૫.૦૯ |
| ૧૩ | એરેક્ષ ઈન્ડસ્ટ્રીઝ લિ. | છત્રાલ, કલોલ, ગાંધીનગર. | વુવન લેબલ્સ | ૧૨.૦૦ |
| | કુલ મૂડીરોકાણ | | | ૨૧૨.૩૭ |

## (૨) અમલીકરણ હેઠળના પ્રોજેકટોની યાદી

| નં. | એકમનું નામ | સ્થળ | પ્રોડકટ | મૂડીરોકાણ (રૂા. કરોડમાં) |
|---|---|---|---|---|
| ૧ | એલાઈડ કોમ્પ્યુટર્સ ઈન્ટરનેશનલ લિ.. | ઈન્ફોસીટી, ગાંધીનગર | કોમ્પ્યુટર હાર્ડવેર | ૫૦.૦૦ |
| ૨ | ઈફેકટીવ ટેલી સર્વિસ | ઈન્ફોસીટી, ગાંધીનગર | બી.પી.ઓ. | ૧૦.૦૦ |
| ૩ | કોમમ્પ્યુ બીટસ બ્રિટીશ ટેલીકોમ ફેસિલિટીસ મેનેજમેન્ટ | ઈન્ફોસીટી, ગાંધીનગર | બી.પી.ઓ. | ૫.૦૦ |
| ૪ | કન્વર્ઝ લેબ્સ કોર્પોરેશન | ગાંધીનગર | સોફટવેર ડેવલોપમેન્ટ | ૧૫.૦૦ |
| ૫ | કોબ્રુવેન્ટ વેન્ચર્સ એલએલસી | ગાંધીનગર | સોફટવેર ડેવલોપમેન્ટ | ૬૦.૦૦ |
| ૬ | ઉગમ સોલ્યુસન | ગાંધીનગર | સોફટવેર ડેવલોપમેન્ટ | ૬૦.૦૦ |
| ૭ | સાયબેજ | ગાંધીનગર | સોફટવેર ડેવલોપમેન્ટ | માહિતી મળેલ નથી |
| ૮ | નીમીષા કન્સ્ટ્રકશન | ગાંધીનગર | રોયલ ઓરીઅન્ટ | ૧૬૪.૦૦ |
| ૯ | ટોરન્ટ ગ્રુપ | ગાંધીનગર | સ્કાયસ્કેપર બિલ્ડિંગ | ૧૦૦.૦૦ |
| ૧૦ | બેન્ક ઓફ ઈન્ડિયા | ગાંધીનગર | હેરીટેજ | ૦.૨૫ |
| ૧૧ | યુનાઈટેડ એજ્યુકેશન ફાઉન્ડેશન | ગાંધીનગર | ઈન્ટરનેશનલ સ્કૂલ | ૭૦.૦૦ |
| ૧૨ | અંબે એનાર્જી | અડાલજ, ગાંધીનગર | ટાઉનશીપ | ૩૦૦.૦૦ |
| ૧૩ | આકાશ સિરામિક પ્રા.લિ. | માણસા, ગાંધીનગર. | વેટ્રીફાય ટાઈલ્સ | ૨૦.૦૦ |
| ૧૪ | સિન્ટેક્ષ ઈન્ડસ્ટ્રીઝ લિ. | કલોલ, ગાંધીનગર | -ટેક્ષટાઈલ<br>-કેપેટીવ પાવર પ્રોજેકટ | ૭૫.૦૦<br>૫૫.૦૦ |
| ૧૫ | સાકાર ગ્લેઈઝ ટાઈલ્સ પ્રા.લિ. | માણસા, ગાંધીનગર. | વેટ્રીફાય ટાઈલ્સ | ૭.૪૮ |
| | કુલ મૂડીરોકાણ | | | ૯૯૧.૭૩ |

## (૩) પડતા મૂકાયેલ પ્રોજેકટો

| નં. | એકમનું નામ | સ્થળ | પ્રોડકટ | મૂડીરોકાણ (રૂા. કરોડમાં) |
|---|---|---|---|---|

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | વર્લ્ડ વેલ્ફેર ઓર્ગેનાઈઝેશન. | ગાંધીનગર | આયુર્વેદિક સેન્ટર | ૨૦.૦૦ |
| ૨ | હીલદીપ ફાર્મ | ગાંધીનગર. | સ્ટાર હોટલ્સ | ૧૦.૦૦ |
| ૩ | નારાયણી ફાર્મ પ્રા. લિ. | ગાંધીનગર. | મલ્ટીક્યુસી રેસ્ટોરન્ટ | ૫.૦૦ |
| | | | **કુલ પ્રોજેકટો** | **૩૫.૦૦** |
| | | | **કુલ પ્રોજેકટો** | **કુલ-૧૨૩૯.૧૦** |

-------------

**રાજ્યનો વિકાસ દર**

૧૫૨૨૬ **શ્રી ગોવાભાઈ હ. રબારી (ડીસા) : માનનીય આયોજન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યનો સને ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬માં વિકાસ દર તા. ૩૧-૧-૦૬ સુધીમાં કેટલો રહ્યો, અને | (૧) વર્ષ ૨૦૦૩-૨૦૦૪માં હાંસલ થયેલ ૧૫.૧૨ ટકાનો ખુબ ઉંચો વિકાસ દર જાળવી રાખી તે ઉપરાંત વર્ષ ૨૦૦૪-૨૦૦૫માં ૫.૧૫ ટકાનો વિકાસ દર રહેલ છે. વર્ષ ૨૦૦૫-૦૬માં આગોતરા અંદાજ મુજબ વર્ષ ૨૦૦૩-૦૪ અને વર્ષ ૨૦૦૪-૦૫માં હાંસલ થયેલ વિકાસ દર ઉપરાંત ૧૦.૯૫ ટકા વિકાસ દર રહેવાનો અંદાજ છે. |
| (૨) આ વિકાસ દરમાં કેટલો વધારો કે ઘટાડો જણાયો? | (૨) વર્ષ ૨૦૦૪-૨૦૦૫માં હાંસલ થયેલ વિકાસ દર ઉપરાંત વર્ષ ૨૦૦૫-૦૬માં આગોતરા અંદાજ મુજબ ૧૦.૯૫ ટકાનો વધારો જણાયો છે. |

**ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી દ્વારા ન્યાયાધીશો અને એડવોકેટોને તાલીમ**

૧૪૧૨૩ **પ્રો. વસુબેન ન. ત્રિવેદી (જામનગર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી દ્વારા ન્યાયાધીશો અને એડવોકેટો માટે કોઇ પ્રકારના તાલીમ કોર્ષ યોજવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેલેન્ડર વર્ષ ૨૦૦૫માં કેટલા ન્યાયાધીશો અને એડવોકેટોએ તાલીમી કોર્ષમાં હાજરી આપેલ છે? | (૨) ન્યાયાધીશો-૧૧૫<br>એડવોકેટો-૫ (પાંચ) |

-------------

**રાજ્ય સરકારનું દેવું**

૧૪૦૦૧ **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ (લીંબડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નાણાં) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્ય સરકારનું તા. ૩૧-૧-૦૬ના રોજ કેટલું દેવું છે, | (૧) અંદાજે રૂપિયા ૬૪૮૫૭.૪૨૮૪ ક્રોડ. |
| (૨) તા. ૩૧-૩-૦૫ના રોજ કેટલું દેવું હતું, | (૨) અંદાજે રૂપિયા ૫૭૫૦૯.૮૧૬૯ ક્રોડ |
| (૩) તા. ૩૧-૩-૦૫ થી તા. ૩૧-૧-૦૬ સુધીમાં કેટલું દેવું વધેલ છે, | (૩) અંદાજે રૂપિયા ૭૩૪૭.૬૧૧૫ ક્રોડ |
| (૪) દેવું વધવાના કારણો શા છે, અને | (૪) રાજ્ય સરકારને કેન્દ્ર સરકાર તરફથી નાની બચત ના રોકાણો સામે ૧૦૦ ટકા લોન આપવામાં આવે છે. આ રકમ રાજ્ય સરકારે અનેક વખત |

રજુઆતો કરી હોવા છતાં ફરજિયાતપણે લેવી પડે છે. આ દેવામાં તેનો હિસ્સો રૂ. ૩૬૮૯૩.૮૬ કરોડ છે. આ ઉપરાંત રાજ્યની વિવિધ વિકાસ યોજના માટે લેવામાં આવતી લોનો ના કારણોસર દેવામાં વધારો થાય છે.

(૫) નાણાંકીય વર્ષ ૨૦૦૫-૦૬માં રાજ્ય સરકારે કેટલું વ્યાજ ચુકવ્યું ?

(૫) નાણાકીય વર્ષ ૨૦૦૫-૦૬માં જાન્યુઆરી-૨૦૦૬ સુધીમાં સરકારે અંદાજે રૂપિયા ૪૮૩૭.૫૬૭૩ કરોડ વ્યાજ ચુકવ્યુ છે.

-------------

**જુનાગઢ જિલ્લાના કેશોદ તથા વંથલી તાલુકાના ખેડૂતોના કૂવાઓનું વીજળી કરણ કરવા અંગે**

૧૫૨૫૨ **શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જુનાગઢ જિલ્લાના કેશોદ તથા વંથલી તાલુકામાં તા. ૩૧મી ડિસેમ્બર-૨૦૦૫ની સ્થિતિએ કુલ કેટલા ખેડૂતોની કૂવાના વિજળી કરણ કરવા માટેની સામાન્ય માંગણી છે, અને

(૨) તે પૈકી ૩૧મી માર્ચ-૨૦૦૬ સુધીમાં કેટલા ખેડૂતોની સામાન્ય કૂવાના વિજળી કરણની માંગણીઓ સંતોષવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાના કેશોદ તાલુકામાં ૨૬૧૬ અરજીઓ તથા વંથલી તાલુકામાં ૧૬૬૫ અરજીઓ કૂવા વીજળીકરણની સામાન્ય યોજના હેઠળ પડતર છે.

(૨) કેશોદ તાલુકામાં ફાળવવામાં આવેલ ૧૬ કૂવાનાં લક્ષ્યાંક સામે ડીસેમ્બર-૨૦૦૫ સુધીમાં ૯ કૂવાનું વિજળીકરણ કરવામાં આવેલ છે. બાકી રહેલ ૭ કૂવાનું વિજળીકરણ માર્ચ-૨૦૦૬ સુધીમાં કરવાનું આયોજન છે જ્યારે વંથલી તાલુકો ડાર્કઝોન હોઈ ચાલુ વર્ષે કોઈ આયોજન નથી.

-------------

**દાહોદ જિલ્લાના પોલીસ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની તપાસણી બાબત**

૧૪૧૧૧ **શ્રી કાળુભાઇ હી. માલીવાડ (લુણાવાડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પોલીસ વેલ્ફેરની ભાવનાને ધ્યાને લઇ રાજ્ય સરકારે પોલીસ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની સંપૂર્ણ તપાસણીનો મહત્વાકાંક્ષી કાર્યક્રમ હાથ ધરેલ હોવાની હકીક્ત ખરી છે, અને

(૨) જો હા, તો દાહોદ જિલ્લામાં કુલ કેટલા પોલીસ કર્મચારી/ અધિકારીઓ તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ ફરજ બજાવે છે અને તે પૈકી કેટલા પોલીસ કર્મચારી/ અધિકારીઓની આરોગ્યની તપાસ કરવામાં આવી છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ફરજ બજાવતા ૬૩૬ કર્મચારી/અધિકારીઓ પૈકી ૬૦૫ કર્મચારીઓ/અધિકારીઓના આરોગ્યની તપાસ કરવામાં આવી છે.

-------------

**કલોલના કાંસમાં નર્મદાનું પાણી આપવા અંગે**

૧૫૧૮૫ **ડૉ. અતુલ કે. પટેલ (કલોલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

કલોલ તાલુકાના પાણીના કાંસમાં નર્મદાનું પાણી ક્યારે આપવામાં આવશે ?

**જવાબ**

નર્મદા મુખ્ય નહેરમાંથી ઉદવહન થકી પિયત ધરોઈ પાઈપ લાઈન મારફતે નારદીપુર, સરઢવ કાંસ, ઈસ્ટન કાંસ, સઘન-કાંસમાં પાણી વહેવડાવી શકાય તેમ છે. સુજલામ સુફલામ યોજનાના નેટવર્ક પ્લાનીંગમાં તેનું આયોજન વિચારેલ છે.

-------------

**ઉમરગામ તાલુકામાં ક્વોરી ઉદ્યોગના પરવાના**

૧૪૭૦૧ **શ્રી શંકરભાઈ મં. વારલી (ઉમરગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકામાં તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં ક્વોરી ઉદ્યોગમાં કેટલા પરવાના છેલ્લા બે વર્ષમાં આપવામાં આવ્યા, અને | (૧) એક પણ નહિ. |
| (૨) આવા પરવાના નીતિ નિયમ પ્રમાણે ફાળવાયા નથી તે હકીક્ત સરકાર જાણે છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**ભાવનગર ખાતે આવેલા "આલ્કોક એશ ડાઉન" ખાતે જહાજ બનાવતા થયેલ નફો**

૧૩૯૪૩ **શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ (ગઢડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર ખાતે આવેલ "આલ્કોક એશ ડાઉન" ખાતે સને૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ના નાણાંકીય વર્ષમાં તા.૩૧-૧-૦૬ સુધીમાં કેટલા નવા જહાજો બાંધવામાં આવ્યા, અને | (૧) |
| (૨) તેનાથી સરકારને કેટલો નફો થયો ? | (૨) મે. આલ્કોક એશડાઉન (ગુજરાત) લીમીટેડ, ભાવનગરે સને ૨૦૦૪-૦૫ માં રૂા. ૩૮.૭૩ લાખ ચોખ્ખો નફો કરેલ છે. જ્યારે ૨૦૦૫-૦૬માં તા.૩૧-૧૦-૨૦૦૫ સુધીમાં કુલ નફો રૂા. ૧૭૮.૩૦ લાખ (કામચલાઉ) તથા ઘસારા બાદનો નફો રૂા. ૧૪૯.૪૧ લાખ (કામચલાઉ) થવા જાય છે. |

| | ૨૦૦૪-૦૫ | ૨૦૦૫-૦૬ |
|---|---|---|
| બાંધકામ કરીને સોંપાયેલ જહાજ | ૦૧ | ૦૨ |
| -બાંધકામ હેઠળના જહાજ | ૦૬ | ૧૧ |

------------

**બોટાદ અને લીંબડી કેનાલમાં બરવાળા અને રાણપુર તાલુકાના ગામોનો સમાવેશ**

૧૫૨૦૩ **શ્રી ભરતભાઈ પંડયા (ધંધૂકા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા, યોજના આધારિત બોટાદ કેનાલ અને લીંબડી કેનાલમાં બરવાળા અને રાણપુર તાલુકાના કેટલા ગામોનો સમાવેશ થશે, | (૧) નર્મદા યોજનાની બોટાદ કેનાલ અને લીંબડી કેનાલ દ્વારા, બરવાળા તાલુકાના ૨૧ ગામોનો અને રાણપુર તાલુકાના ૨૪ ગામોનો સમાવેશ થશે. |
| (૨) કેટલા હેક્ટર જમીનને સિંચાઇ માટે આવરી લેવાશે, અને | (૨) બરવાળા તાલુકાની ૧૩૬૫૧ હેક્ટર અને રાણપુર તાલુકાની ૧૫૮૮૦ હેક્ટર જમીનને સિંચાઈ માટે આવરી લેવાશે, અને |
| (૩) ધંધુકા, રાણપુર અને બરવાળા તાલુકાના ગામડાઓને સિંચાઇના પાણીનો લાભ ક્યારથી મળશે ? | (૩) ધંધુકા રાણપુર અને બરવાળા તાલુકાના ગામડાઓને સને ૨૦૦૭-૨૦૦૮ થી સિંચાઈના પાણીનો લાભ મળતો થાય તેવું આયોજન છે. |

-------------

**સુરત શહેરમાં યોજાયેલ લોક દરબાર કાર્યક્રમો**

૧૪૧૧૩ **શ્રી જયંતિલાલ રા. કવાડિયા (હળવદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પ્રજા અને પોલીસ વચ્ચે વિશ્વાસ, સહકાર અને માહિતીના આદાન પ્રદાનની ભાવના વધે તે માટે તમામ જિલ્લાઓમાં લોક દરબાર યોજવાનું શરૂ કરવામાં આવ્યું છે, તે વાત સાચી છે, અને | (૧) હાજી |
| (૨) જો હા, તો તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં સુરત | (૨) વર્ષ યોજાયેલ લોક દરબાર |

| | | |
|---|---|---|
| શહેરમાં કેલેન્ડર વર્ષ ૨૦૦૪ અને ૨૦૦૫માં કેટલા લોક દરબાર યોજવામાં આવેલ છે ? | ૨૦૦૪ | ૭૯ |
| | ૨૦૦૫ | ૮૪ |

-------------

**રાજુલા તાલુકાના પીપાવાવ બંદરના વિકાસ માટેનું આયોજન**

૧૩૮૯૫ **શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના પીપાવાવ બંદરના વિકાસ માટે સરકારે શી કાર્યવાહી કરેલ છે, અને | (૧) "બુટ નિતિ" અંતર્ગત પીપાવાવ બંદરના વિકાસ માટે મે. એ.પી. મુલર મર્કસ કંપનીને એપ્રિલ-૨૦૦૫માં મંજુરી આપેલ છે. |
| (૨) આગામી વર્ષ માટે બંદરના વિકાસલક્ષી કઇ કઇ કામગીરી કરવાનું સરકારનું આયોજન છે ? | (૨) વિકાસકાર કંપની દ્વારા વર્ષ ૨૦૦૬-૦૭માં અંદાજે રૂા. ૬૦૦/- કરોડના ખર્ચે ડ્રેજીંગ અને જેટીનું આધુનીકરણ કરવાનું આયોજન છે. |

-------------

**વેટના અમલમાં થયેલ વિલંબના કારણો**

૧૪૮૩૧ **શ્રી રાકેશ રાવ (માતર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નાણાં) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ રાજ્યમાં વેટનો અમલ થયો નથી તે વાત સાચી છે, અને | (૧) હા જી. |
| (૨) જો હા, તો વેટના અમલમાં વિલંબ થવા પાછળ શાં કારણો જવાબદાર છે ? | (૨) મોટા ભાગના રાજ્યોમાં વેટનો અમલ શરૂ થાય ત્યારબાદ જ રાજ્યમાં વેટ લાગુ પાડવાનો નિર્ણય લેવામાં આવેલ હતો. |

-------------

**રાજકોટ શહેરના પોલીસ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની તપાસ**

૧૪૧૩૦ **શ્રી કેશુભાઈ હી. નાકરાણી (શિહોર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પોલીસ વેલ્ફેરની ભાવનાને ધ્યાને લઇ રાજ્ય સરકારે પોલીસ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની સંપૂર્ણ તપાસણીનો મહત્વાકાંક્ષી કાર્યક્રમ હાથ ધરેલ હોવાની હકીકત ખરી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો રાજકોટ શહેરમાં કુલ કેટલા પોલીસ કર્મચારી/ અધિકારીઓ તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ ફરજ બજાવે છે અને તે પૈકી કેટલા પોલીસ કર્મચારી/ અધિકારીઓના આરોગ્યની તપાસ કરવામાં આવી છે ? | (૨) ફરજ બજાવતા બધા જ ૧૩૦૬ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની તપાસ કરવામાં આવી છે. |

-------------

**પોલીસ દળના આધુનિકરણ માટે થયેલ ખર્ચ**

૧૫૧૮૨ **શ્રી શંકરભાઈ લ. ચૌધરી (રાધનપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પોલીસ દળના આધુનીકરણ માટે નાણાંકીય વર્ષ ૨૦૦૩-૦૪ અને ૨૦૦૪-૦૫માં વર્ષ વાર કુલ કેટલી રકમ ખર્ચવામાં આવી છે, અને | (૧) (૧) વર્ષ-૨૦૦૩-૨૦૦૪માં રૂા. ૧,૧૯,૭૦,૪૮,૮૯૯/<br>(૨) વર્ષ-૨૦૦૪-૨૦૦૫માં રૂા. ૧,૩૧,૮૭,૭૨,૪૮૪/ |
| (૨) આ રકમ કઇ કઇ બાબતો માટે વર્ષ વાર કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) યાદી આ સાથે સામેલ છે. |

**યાદી**

**હોમગાર્ડ અને પોલીસ મહાનિદેશકની કચેરી વર્ષ-૨૦૦૩-૨૦૦૪.**

| ક્રમ | સાધનનું નામ | રકમ. રૂા. માં |
|---|---|---|
| ૧ | વેપનરી | ૯૫,૫૨,૯૫૪ |
| ૨ | મોબીલીટી | ૧૨,૩૪,૬૯,૬૨૨ |
| ૩ | ઈક્વીટમેન્ટ ઓફ ઈન્ટેલીજન્સ | ૩,૫૬,૪૯,૫૭૮ |
| ૪ | ઈક્વીપમેન્ટસ-કોમ્પ્યુટર. ઓટોમેશન (હોમગાર્ડ) | ૩,૯૨,૩૧,૦૪૯ |
| ૫ | ઈ.પી.એ.બી.એક્સ. સીસ્ટમ | ૪૮,૭૪,૫૭૫ |
| ૬ | ટ્રેનીંગ ઈક્વીપમેન્ટસ | ૩,૨૫,૭૩,૨૩૧ |
| ૭ | ઈક્વીપમેન્ટસ ફોર પોલીસ સ્ટેશન | ૧,૧૮,૪૮,૫૨૮ |
| ૮ | ચેતક ક્માન્ડો (આર્મ યુનિટ) | ૮,૫૮,૬૭૭ |
| ૯ | સી.એમ. સીક્યુરીટી (આર્મ યુનિટ) | ૨,૨૨,૬૭,૦૭૪ |
| ૧૦ | કોમ્યુનીકેશન | ૨૦,૧૮,૬૧૧ |
| | કુલ:-- | ૨૮,૨૩,૪૩,૮૯૯ |

**હોમગાર્ડ અને પોલીસ મહાનિદેશકની કચેરી વર્ષ-૨૦૦૪-૨૦૦૫.**

| ક્રમ | સાધનનું નામ | રકમ. રૂા. માં |
|---|---|---|
| ૧ | વેપનરી | ૨,૦૪,૨૦,૦૦૦ |
| ૨ | મોબીલીટી | ૧૨,૯૮,૫૯,૫૭૭ |
| ૩ | ઈક્વીટમેન્ટ (ડીજીપી કુલ) | ૧,૨૫,૦૮,૧૧૮ |
| ૪ | ઈક્વીપમેન્ટસ-કોમ્પ્યુટર. ઓટોમેશન (હોમગાર્ડ) | ૧,૫૩,૭૭,૬૧૫ |
| ૫ | ટ્રેનીંગ ઈક્વીપમેન્ટસ | ૩૪,૫૨,૦૭૭ |
| ૬ | કોમ્પ્યુટરાઈઝેશન | ૧,૭૫,૦૮,૨૪૬ |
| ૭ | કોમ્યુનીકેશન | ૩,૧૦,૨૫,૭૪૮ |
| | કુલ:-- | ૨૩,૦૧,૫૧,૩૮૧ |

**પોલીસ હાઉસીંગની કચેરી વર્ષ-૨૦૦૩-૨૦૦૪.**

| ક્રમ | સાધનનું નામ | રકમ. રૂા. માં |
|---|---|---|
| ૧ | રહેણાંક મકાનો | ૬૬,૭૮,૩૧,૦૦૦ |
| ૨ | બિન રહેણાંક મકાનો | ૧૨,૬૦,૦૦,૦૦૦ |
| ૩ | કરાઈ પોલીસ અકાદમી | ૭,૫૦,૦૦,૦૦૦ |
| | કુલ:-- | ૮૬,૮૮,૩૧,૦૦૦ |

**પોલીસ હાઉસીંગની કચેરી વર્ષ-૨૦૦૪-૨૦૦૫.**

| ક્રમ | સાધનનું નામ | રકમ. રૂા. માં |
|---|---|---|
| ૧ | રહેણાંક મકાનો | ૭૩,૮૯,૭૦,૦૦૦ |
| ૨ | બિન રહેણાંક મકાનો | ૨૮,૫૯,૩૯,૦૦૦ |
| ૩ | કરાઈ પોલીસ અકાદમી | ૨,૫૦,૦૦,૦૦૦ |
| | કુલ:-- | ૧,૦૪,૯૯,૦૯,૦૦૦ |

**ફોરેન્સીક સાયન્સની કચેરી વર્ષ-૨૦૦૩-૨૦૦૪.**

| ક્રમ | સાધનનું નામ | રકમ. રૂા. માં |
|---|---|---|
| ૧ | યાદી સામેલ છે. | ૪,૫૮,૭૪,૦૦૦ |

**ફોરેન્સીક સાયન્સની કચેરી વર્ષ-૨૦૦૪-૨૦૦૫.**

| ક્રમ | સાધનનું નામ | રકમ. રૂા. માં |
|---|---|---|

૧ યાદી સામેલ છે. ૩,૮૭,૧૨,૧૦૩

**પોલીસ મહાનિદેશક (હોમગાર્ડઝ સહીત), પોલીસ હાઉસીંગ અને એફ.એસ.એલ. નો કુલ સરવાળો**

| | ૨૦૦૩-૨૦૦૪ | ૨૦૦૪-૨૦૦૫ |
|---|---|---|
| તમામ | રૂા. ૧,૧૯,૭૦,૪૮,૮૯૯ | રૂા. ૧,૩૧,૮૭,૭૨,૪૮૪ |

**નિયામક, ન્યાય સહાયક વિજ્ઞાન ખાતા દ્વારા પોલીસદળ આધુનિકરણ યોજના હેઠળ ખરીદાયેલ સાધન-સામગ્રીની યાદી**
**વર્ષ ૨૦૦૩-૨૦૦૪**

| ક્રમ | સાધન સામગ્રીનું નામ તથા જથ્થો | ખર્ચની વિગત રૂા. |
|---|---|---|
| ૧ | સાયબર ક્રાઈમ ઈન્વેસ્ટીગેશન સીસ્ટમ-૧ | ૨૧૮૮૮૨૫ |
| ૨ | કોલ્ડ સ્ટોરેજ-૨ | ૪૨૭૩૫૦ |
| ૩ | કોમ્પ્યુટર એન્ડ લેનસીસ્ટમ અને સર્વર | ૧૬૧૭૦૧૦ |
| ૪ | કોમ્પ્યુટરાઈઝડ ઓટોમેટીક ફીંગર પ્રિન્ટ સીસ્ટમ (સોફટવેર એન્ડ એસોસીએટેડ હાર્ડવેર્સ)-૧ | ૧૧૯૪૨૩૨૮ |
| ૫ | સ્ટેન્ડસ, ઓપરેશનલ ચેર્સ એન્ડ માઈનોર એસેસરીઝ ફોર ઈક્વીપમેન્ટસ અને કોમ્પ્યુટર્સ | ૭૯૯૪૯૫ |
| ૬ | આઈ.સી.પી. એમીસન સ્પેક્ટ્રોગ્રાફ-૧ | ૨૯૩૫૦૦૦ |
| ૭ | યુ.વી. સ્પેક્ટ્રોફોટોમીટર-૧ | ૪૩૧૦૦૦ |
| ૮ | એર કોમ્પ્રેસર્સ-૨ | ૨૦૯૭૯૦ |
| ૯ | એફ.ટી.આઈ.આર. એસેસરીઝ | ૩૦૯૦૦૦ |
| ૧૦ | ઝેરોક્ષ ક્રમ પ્રિન્ટર-૧ | ૧૬૬૦૭૩ |
| ૧૧ | પ્રોફાઈલર પ્લસ કીટસ ફોર એસટીઆર એનાલીસીસ (૫ x ૧૦૦) | ૭૩૩૦૦૦ |
| ૧૨ | ક્વોન્ટી બ્લોટ હયુમન ડી.એન.એ.આઈડેન્ટીફીકેશન (૨ x ૪૮૦) | ૪૬૦૦૦ |
| ૧૩ | એસેસરીઝ ફોર એક્ઝીસ્ટીંગ ડીએમસી કમ્પેરીઝન માઈક્રોસ્કોપ | ૬૫૫૦૦૦ |
| ૧૪ | બેલેસ્ટીક ડેટા એક્વીઝીશન સીસ્ટમ (બીડીએએસ)-૧ | ૧૧૪૦૦૦૦૦ |
| ૧૫ | ડીજીટલ (સ્ટીલ) એસએલઆર કેમેરા વીથ કોમ્પ્યુટર સીસ્ટમ-૧ | ૮૧૦૬૨૦ |
| ૧૬ | એડીશનલ એમ્લીફાયર્સ-૮ | ૨૨૬૭૨૦ |
| ૧૭ | એડીશનલ ઈલેક્ટ્રોકેપ કમ્પલીટ સીસ્ટમ ફોર બ્રેઈન ફીંગર પ્રિન્ટીંગ-૧ | ૯૨૫૬૦ |
| ૧૮ | એમએટી લેબ વીથ વેવલેટ એનાલીસીસ ટુલ બોક્ષ ફોર બ્રેઈન ફીંગર પ્રિન્ટ | ૪૨૨૭૩૯ |
| ૧૯ | કલર ઝેરોક્ષ-૧ | ૭૮૩૦૦૦ |
| ૨૦ | તમામ પ્રયોગશાળાઓ માટે જુદી જુદી કેપેસીટીવાળા યુ. પી. એસ. બેટરી સાથે | ૧૨૮૪૬૯૬ |
| ૨૧ | ડીહયુમીડીફાયર-૧ | ૬૪૦૫૦ |
| ૨૨ | એર કોમ્પ્રેસર્સ-૨ | ૪૯૬૦૦ |
| ૨૩ | એન.એ.બી.એલ. તાલીમ અને બુક્સ | ૬૪૮૭૮૫ |
| ૨૪ | નાના સાધન સામગ્રી, એસેસરીઝ તમામ પ્રયોગશાળા માટે | ૬૭૯૧૯૦ |
| ૨૫ | વાહનો | ૪૩૬૫૧૯ |
| ૨૬ | બાકી ચુકવણા | ૬૫૧૫૬૫૦ |
| | કુલ : | ૪૫૮૭૪૦૦૦ |

**ડાયરેકટોરેટ ઓફ ફોરેન્સીક સાયન્સ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર**
**વર્ષ ૨૦૦૪-૨૦૦૫**

| અનુ. નં. | આઈટમનું નામ | ખર્ચ રૂા. માં |
|---|---|---|
| ૧ | ઓટોમેટીક ફ્લેશ પોઈન્ટ એપરેટ્સ | ૫૩૯૩૬.૦૦ |
| ૨ | એસેસરીઝ ફોર અક્ષરે ફ્લ્યુરેસેન્શ સ્પેક્ટ્રો મીટર | ૨૫૭૬૮.૦૦ |
| ૩ | જીસી ફોર ધ ડેટરમીનેશન ઓફ એરોમેટીક કોન્ટેન ઈન ગેસોલીન | ૧૫૪૦૭૫.૦૦ |
| ૪ | ૬-પેન કોમ્પ્યુટરાઈઝ પોલીગ્રાફ | ૨૨૬૭૨.૦૦ |
| ૫ | કોમ્પ્યુટરાઈઝ સ્પીચ લેબ હાર્ડવેર | ૨૨૯૦૦.૦૦ |
| ૬ | કંપાઉન્ડ ફોરેન્સીક માઈક્રોસ્કોપ વીથ પ્રોઝેક્શન એન્ડ કમ્પેરીઝન ફેસેલીટી | ૨૦૩૮૫૯.૦૦ |
| ૭ | હાઈરીઝોલેશન વીડીયો સ્પેક્ટ્રલ કમ્પેરેટર | ૧૩૯૩૧૦.૦૦ |

| | | |
|---|---|---|
| ૮ | સ્ટીરીઓઝુમ માઈક્રોસ્કોપ | ૫૭૦૩૯.૦૦ |
| ૯ | ગેસ ક્રોમેટોગ્રાફ વીથ હેડ સ્પેસ સેમ્પલર | ૯૯૯૮૭.૦૦ |
| ૧૦ | બાઈનોક્યુલર રીસર્ચ માઈક્રોસ્કોપ વીથ ફોટોગ્રાફી એટેચમેન્ટ | ૧૪૪૪૧૪.૦૦ |
| ૧૧ | એલ.સી.એમ.એસ. | ૩૩૧૯૭૨.૦૦ |
| ૧૨ | સ્ટીરીઓ માઈક્રોસ્કોપ વીથ ફોટોગ્રાફી એટેચમેન્ટ | ૩૩૩૮૨.૦૦ |
| ૧૩ | ઓટોમેટીક રીફેક્ટ્રો મીટર | ૬૭૬૨.૦૦ |
| ૧૪ | ઓરબીટલ શેક્રસ | ૪૦૯૭.૦૦ |
| ૧૫ | યુ. વી. સ્પેક્ટ્રો ફોટોમીટર | ૧૧૦૦૦૦.૦૦ |
| ૧૬ | જી.સી.એમ.એસ. | ૩૮૮૯૭૮.૦૦ |
| ૧૭ | ઓટોમેટીક વીસ્કોસીટી મેઝરમેન્ટ સીસ્ટમ | ૬૧૪૩૪.૦૦ |
| ૧૮ | ટેન્સાઈલ ટેસ્ટીંગ મશીન | ૪૧૭૬૦.૦૦ |
| ૧૯ | જીસી વીથ કેપેલરી કોલમ્સ એફઆઈડી/એફપીડી. (બાયબેક-૧ નંબર) | ૪૮૬૨૫૦.૦૦ |
| ૨૦ | એફ.ટી.આઈ.આર. | ૨૨૯૧૨૦.૦૦ |
| ૨૧ | સોલ્વન્ટ સોલ્વન્ટ એક્ષસ્ટ્રેશન સીસ્ટમ | ૧૭૦૯૮૫.૦૦ |
| ૨૨ | મોઈશ્ચર બેલેન્સ | ૫૫૫૦.૦૦ |
| ૨૩ | આર્યન એક્ષ્ચેન્જ ક્રોમેટોગ્રાફી | ૯૨૩૦૮.૦૦ |
| ૨૪ | એસેસરીઝ ફોર વોઈસ સ્પેક્ટ્રોગ્રાફ (ડીએસપી સોનોગ્રાફ-૫૫૦૦) | ૧૨૭૭૧.૦૦ |
| ૨૫ | અપગ્રેડેશન ઓફ સ્પેક્ટ્રા ફીઝીક્સ એચ.પી.એલ.સી. વીથ રેપીડ સ્કેન ડીટેક્ટર એન્ડ બાર સ્પેક સોફટવેર. | ૨૩૦૦૦.૦૦ |
| ૨૬ | યુ.વી. સ્પેક્ટ્રોફોટોમીટર | ૬૭૬૦૦.૦૦ |
| ૨૭ | એફ.ટી. રામન સ્પેક્ટ્રોસ્કોપી સીસ્ટમ | ૫૮૬૨૪૦૦.૦૦ |
| ૨૮ | બેલેસ્ટીક બોરોસ્કોપ | ૫૬૨૬૪.૦૦ |
| ૨૯ | ગેસ ક્રોમેટોગ્રાફ વીથ ડીટેલ હાઈડ્રોકાર્બન એનેલાઈઝર (ડીએચએ) | ૨૧૭૬૦૦૦.૦૦ |
| ૩૦ | કંપાઉન્ડ કમ્પેરીઝન માઈક્રોસ્કોપ | ૩૩૯૫૦૦૦.૦૦ |
| ૩૧ | ગેસ ક્રોમેટોગ્રાફી વીથ ટીસીડી/એફઆઈડી (બાયબેક) | ૧૧૯૦૫૬૦.૦૦ |
| ૩૨ | કોમ્પ્યુટર પ્રિન્ટર્સ એસેસરીઝ | ૧૩૫૯૨૮.૦૦ |
| ૩૩ | એન.એ.બી.એલ. નીમાન્સઝ એમ.ઓ.યુ. | ૧૧૩૭૩૨.૦૦ |
| ૩૪ | સાયબર ક્રાઈમ ઈનવેસ્ટી ગેશન સીસ્ટમ | ૬૦૦૦૦.૦૦ |
| ૩૫ | કોમ્પ્યુટેરાઈઝડ ઓટોમેટીક ફીંગર પ્રીન્ટ સીસ્ટમ (સોફટવેર એન્ડ હાર્ડવેર) | ૩૧૦૦૦૦૦.૦૦ |
| ૩૬ | આઈ.સી.પી. એમીશન સ્પેક્ટ્રોગ્રાફ | ૨૬૦૦૦૦૦.૦૦ |
| ૩૭ | યુ.વી. સ્પેક્ટ્રોમીટર | ૪૨૦૦૦.૦૦ |
| ૩૮ | એફ.ટી.આઈ.આર. એસેસરીઝ | ૧૯૦૦૦.૦૦ |
| ૩૯ | ઓટો ડીસ્ટેલેશન એપરેર્ટસ પોર પેટ્રોલીયમ પ્રોડક | ૧૯૫૦૦૦૦.૦૦ |
| ૪૦ | પ્રોફાઈલર પલ્સ કીટસ ફોર એસટીઆર એનાલીસીસ | ૪૩૦૦૦.૦૦ |
| ૪૧ | કોફાઈલર કીટસ ફોર એસટીઆર એનાલીસીસ | ૨૬૦૦૦.૦૦ |
| ૪૨ | કોન્ટેટી બ્લોટ હયુમન ડીએનએ આઈડેન્ટફીકેશન | ૩૦૦૦.૦૦ |
| ૪૩ | એસેસરીઝ ફોર એકઝીસ્ટીંગ ડીએમસી કમ્પેરીઝન માઈક્રોસ્કોફ | ૩૬૦૦૦.૦૦ |
| ૪૪ | બેલેસ્ટીક ડેટા એકવીટેશન સીસ્ટમ | ૧૧૩૦૭૩૫.૦૦ |
| ૪૫ | કલર ઝેરોક્ષ | ૮૦૦૦૦.૦૦ |
| ૪૬ | નાની સાધન-સામગ્રી અને એસેસરીઝ | ૨૬૭૨૮.૦૦ |
| ૪૭ | ઈમ્યોનો ઈલેકટ્રોસીસ એપરેટસ | ૪૮૫૦૦૦.૦૦ |
| ૪૮ | બેલેસ્ટીક બોરોસ્કોપ | ૪૦૩૦૦૦.૦૦ |
| ૪૯ | ગેસ ક્રોમેટો વીથ ડીટેલ હાઈડ્રોકાર્બન એનાલાઈઝર | ૨૩૮૭૮૪.૦૦ |
| ૫૦ | અપગ્રેડેશન એકઝીટગ જીસીએમએચ. | ૮૬૬૦૦૦.૦૦ |
| ૫૧ | હાઈડ્રોજન જનરેટરવીથ બાઈબેક | ૬૨૨૦૦૦.૦૦ |
| ૫૨ | એરકોમ્પ્રેશર ફોર ઝીરો એર | ૮૩૮૭૬.૦૦ |
| ૫૩ | મલ્ટી મીડીયા પ્રોજેકટ વીથ લેપટોપ-૨ | ૪૮૪૦૦૦.૦૦ |
| ૫૪ | પોલીગ્રાફ-બાઈબેક-૧ | ૬૩૩૦૦૦.૦૦ |

| | | |
|---|---|---|
| ૫૫ | યુપીએસ-૩ | ૪૩૪૧૦૦.૦૦ |
| ૫૬ | ઓટોમેટીક વીસ્કોમીટર-૨ | ૧૯૮૩૦૦૦.૦૦ |
| ૫૭ | ઓટોમેટીક ફ્લેસપોઈન્ટ મેઝરમેન્ટ એપરેટસ-૨ | ૧૦૧૨૦૦૦.૦૦ |
| ૫૮ | સ્ટીરીઓ માઈક્રોસ્કોપ | ૧૩૦૦૦૦.૦૦ |
| ૫૯ | વીડીયો કેમેરા | ૪૩૫૦૦.૦૦ |
| ૬૦ | કોપી પીન્ટર-૨ | ૬૮૬૧૫૪-૦૦ |
| ૬૧ | માઈક્રો ડીસ મેમ્બરેટર | ૨૫૮૦૦૦.૦૦ |
| ૬૨ | અલ્ટ્રાપ્યોર વોટર પ્યોરીફીકેશન સીસ્ટમ | ૨૨૫૦૦૦.૦૦ |
| ૬૩ | કરન્સી એન્ડ ડોક્યુમેન્ટ વેરીફીકેશન સીસ્ટમ | ૩૯૨૫૦૦૦.૦૦ |
| ૬૪ | ડીજીટલ રીફેક્ટરો મીટર વીથ ડેન્શીટી મેઝરમેન્ટ ફેશીલીટી | ૧૧૯૮૦૦૦.૦૦ |
| ૬૫ | ડીજીટીલ કેમેરા વીથ ઝુમ ફેસીલીટી-૪ | ૮૧૯૮૦.૦૦ |
| ૬૬ | મોઈશ્ચર બેલેન્શ | ૧૪૯૦૦૦.૦૦ |
| ૬૭ | ઝેરોક્ષ/સ્કેનર-૪ | ૪૨૮૪૦૦.૦૦ |
| ૬૮ | લાઈન પ્રિન્ટર-૩ | ૪૦૩૨૦૦.૦૦ |
| ૬૯ | કોમ્પ્યુટર વીથ કલર મોનીટર એન્ડ પ્રિન્ટર, એક્ષપેન્ડર ઓફ કોમ્પ્યુટર લેસર પ્રિન્ટ-૧૮ | ૧૧૧૦૫૩૬.૦૦ |
| ૭૦ | એરકન્ડીશર્નસ | ૧૩૨૨૯૭.૦૦ |
| | **કુલઃ-** | **૩૮૭૧૨૧૦૩.૦૦** |

-------------

**માલપુર અને મેઘરજ તાલુકામાં જ્યોતિગ્રામ યોજનાથી વંચિતોનો સમાવેશ કરવા અંગે**

૧૫૧૭૧ **શ્રીમતી ભીખીબેન ગિ. પરમાર (મેઘરજ): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) માલપુર અને મેઘરજ તાલુકામાં જ્યોતિગ્રામ યોજનામાં સમાવેશ કરવામાં રહી ગયેલ હોય અને જેમને કાયદેસરના જોડાણ હોય તેવા લાભાર્થીઓને જ્યોતિગ્રામનો લાભ મળશે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) પેટાપરાને જ્યોતિગ્રામનો લાભ આપેલ નથી તેમના માટે શું આયોજન કરેલ છે? | (૨) વીજળીકરણ થયેલ પેટાપરાઓમાં જ્યોતિગ્રામનો લાભ બાકી હોય તેવા પેટાપરાઓને શક્ય તેટલા વહેલા જ્યોતિગ્રામનો લાભ આપવાનું આયોજન છે. |

-------------

**મોટા ઉદ્યોગો પાસેથી વેચાણવેરાની બાકી વસુલાત**

**૧૫૨૨૫ શ્રી ભીખાભાઇ ગ.જોષી (માળીયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (નાણાં)** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| રાજ્ય સરકાર દ્વારા મોટા ઉદ્યોગ પાસેથી તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ વેચાણવેરા પેટે કુલ કેટલી રકમ વસુલ કરવાની બાકી છે ? | સ્ટે સહિત કાયદાકીય કેસોમાં સંકળાયેલા રૂા. ૩૨૨૪.૮૪ કરોડ સાથે રૂ. ૩૬૧૦.૪૯ કરોડની વસુલાત બાકી છે. |

-------------

**વર્ગ-૧માંથી વર્ગ-૧માં બઢતી આપવાના ઠરાવનો અમલ**

૧૫૨૪૮ **ડૉ. દિનેશ પરમાર (જામનગર (રુરલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં વર્ગ-૧માંથી વર્ગ-૧માં બઢતી આપવા અંગેના સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૯-૧૦-૨૦૦૫ના ઠરાવનો અમલ કઇ તારીખથી કરવાનો થાય છે, | (૧) તા. ૨૯-૧૦-૦૫થી |
| (૨) આ ઠરાવનો અમલ પાશ્ચાદ્વર્તી અસરથી કરવાનો થાય છે કે કેમ, | (૨) ના, જી. |
| (૩) આ ઠરાવ વર્ગ-૧ના અધિકારીઓને | (૩) આ ઠરાવ અન્યાયકર્તા નથી, પરંતુ આ અંગે, |

| | |
|---|---|
| અન્યાયકર્તા છે તેવી કોના કોના તરફથી ફરિયાદો સરકારને તા. ૩૧-૧-૨૦૦૬ સુધીમાં મળી છે, અને | (૧) માન. ધારાસભ્ય સુ.શ્રી રમીલાબેન બારા (ખેડબ્રહ્મા)<br>(૨) માન. વિરોધપક્ષના નેતાશ્રીના કાર્યાલય તરફથી શ્રી કે. સી. પટેલની નામજોગ પરંતુ સરનામા વિનાની રજુઆત.<br>(૩) માન. ધારાસભ્યશ્રી હર્ષદભાઈ વસાવા(રાજપીપળા) તરફથી રજુઆતો મળેલ છે. |
| (૪) આ ઠરાવને પાછો ખેંચવા કે સ્થગિત કરવા સરકારનું શું આયોજન છે? | (૪) આ ઠરાવ યોગ્ય છે. માટે તે પાછો ખેંચવા કે સ્થગિત કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**કલ્પસર યોજનાનું કામ**

૧૫૧૬૮ **ડૉ. દિનેશ પરમાર (જામનગર (રુરલ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (કલ્પસર) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧ ડિસેમ્બર "૦૫ની સ્થિતિએ કલ્પસર યોજનાનું કામ ક્યા તબક્કે છે, અને | (૧) તા. ૩૧ મી ડીસેમ્બર-૦૫ની સ્થિતિએ કલ્પસર યોજનાના વિસ્તૃત શક્યતાદર્શી યોજનાકીય અહેવાલ બનાવવા અંગેની કામગીરી પ્રગતિમાં છે. |
| (૨) નાણાંકીય વર્ષ ૨૦૦૫-૦૬ની ૩૧મી ડિસેમ્બર-૦૫ની સ્થિતિએ કેટલું ખર્ચ થયું ? | (૨) રૂા. ૮૯.૩૩ લાખ. |

-------------

**રાજ્યમાં વેટના અમલ બાબત**

૧૫૨૧૧ **ડૉ. દિનેશ પરમાર (જામનગર (રુરલ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નાણાં) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સમગ્ર રાજ્યમાં વેટનો અમલ ક્યારથી કરવામાં આવશે, | (૧) રાજ્યમાં તા. ૧-૪-૨૦૦૬ થી વેટનો અમલ કરવા અંગે રાજ્ય સરકારે સૈધાંતિક નિર્ણય કરેલ છે. |
| (૨) વેટના અમલથી રાજ્ય સરકારને કેટલી આવક થશે, અને<br>(૩) ક્યા ક્યા ક્ષેત્રમાંથી આવક થશે ? | (૨) અને (૩) વેરાની આવકો અંગે હાલના તબક્કે અંદાજ કરવો મુશ્કેલ છે. |

-------------

**સુરત શહેર અને જિલ્લામાં ગો-હત્યાના બનાવો**

૧૫૧૬૦ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ (ઓલપાડ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત શહેર અને જિલ્લામાં તા. ૧-૧-૨૦૦૫ થી તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં ગો હત્યાના કેટલા ગુન્હા નોંધવામાં આવેલ છે, | (૧) સુરત શહેરમાં તા. ૧-૧-૨૦૦૫થી તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં ગો હત્યાનો ૧ (એક) ગુન્હો નોંધાયેલ છે, જ્યારે સુરત (ગ્રામ્ય) જીલ્લામાં તા. ૧-૧-૨૦૦૫થી તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં ગો હત્યાના ૫ (પાંચ) ગુન્હા નોંધાયેલ છે. |
| (૨) જે પૈકી કેટલા ઇસમોની સામે ફરિયાદ દાખલ થયેલ છે, | (૨) સુરત શહેરમાં ૩ (ત્રણ) ઈસમો સામે ફરીયાદ દાખલ થયેલ છે, જ્યારે સુરત (ગ્રામ્ય) જીલ્લામાં ૨૩ (ત્રેવીસ) ઈસમો સામે ફરીયાદ દાખલ થયેલ છે. |
| (૩) કેટલાની અટક કરવામાં આવી અને કેટલાની બાકી છે, અને | (૩) સુરત શહેરમાં ૩ (ત્રણ) ઈસમોની અટક કરવામાં આવેલ છે, જ્યારે સુરત (ગ્રામ્ય) જીલ્લામાં ૨૩ (ત્રેવીસ) ઈસમોની અટક કરવામાં આવેલ છે. બંને કેસોમાં કોઈ અટક કરવાની બાકીમાં નથી. |
| (૪) નોંધાયેલ ગુન્હા પૈકી કેટલા કેસોનો કોર્ટમાં નિકાલ થયેલ છે ? | (૪) નોંધાયેલ કુલ-૬ (છ) ગુન્હાઓ પૈકી કોઈપણ કેસનો કોર્ટમાં નિકાલ થયેલ નથી. |

-------------

**જી.ઇ.બી. પાસેથી લોન અને વ્યાજ પેટેની બાકી વસુલાત**

૧૩૮૯૭ **શ્રી માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર દ્વારા ગુજરાત વિદ્યુત બોર્ડને તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં આપવામાં આવેલ લોન પેટે કેટલી રકમ વસુલ કરવાની થાય છે, | (૧) તા. ૩૧-૧૨-૦૫ ની સ્થિતીએ રૂા. ૩૦૯૩.૫૫ ક્રોડની બાકી નીકળતી લોન પૈકીની રૂા. ૧૬૨૮.૭૧ ક્રોડની (સીપીએસયુ) જવાબદારી નાણાંકીય પુનર્ગઠન યોજના હેઠળ રાજ્ય સરકારે સ્વીકારેલ હોઈ, હવે રૂા. ૧૪૬૪.૮૪ ક્રોડની રકમ લોન પેટે વસુલ કરવાની બાકીમાં છે. |
| (૨) તેના ઉપરનું વ્યાજ કેટલું લેવાનું થાય છે, અને | (૨) બાકી રહેતી રૂા. ૧૪૬૪.૮૪ ક્રોડની લોનનું વ્યાજ રૂા. ૧૧૫.૯૬ ક્રોડ થાય છે, પરંતુ બાકીની લોન પૈકીની રૂા. ૮૪૨ ક્રોડની લોનના વ્યાજની રૂા. ૭૮.૧૯ ક્રોડની વિલંબીત ચુક્વણી રાજ્ય સરકારે મંજુર કરેલ હોઈ, તા. ૩૧-૧૨-૨૦૦૫ ની સ્થિતિએ રૂા. ૩૭.૭૭ ક્રોડનું વ્યાજ ચુક્વવાપાત્ર થાય છે. |
| (૩) રાજ્ય સરકાર દ્વારા આ લોન તથા વ્યાજની રકમ માફ કરવામાં આવશે તેવી જાહેરાત અન્વયે રાજ્યની પ્રજાને વિજ ભાવમાં લાભ મળશે કે કેમ ? | (૩) વીજદરો નક્કી કરવા સારૂં આવક અને ખર્ચને ધ્યાનમાં લઈ વાર્ષિક મહેસુલ જરૂરિયાત (Annual revenue Requirement) વીજ નિયમન આયોગ સમક્ષ રજુ કરવામાં આવે છે. જેના આધારે વીજ નિયમન આયોગ, જાહેર સુનાવણી રાખી ન્યાયીક, તાર્કીક તથા પારદર્શક પધ્ધતિથી વીજદર નક્કી કરવાની કાર્યવાહી કરે છે. |

-------------

**નવી બસો ખરીદવા બાબત**

૧૪૧૯૫**શ્રી બાલુભાઈ તંતી(ધારી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વાહન વ્યવહાર) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) એસ. ટી. નિગમની બસોની સ્થિતિ સુધારવા નવી બસો ખરીદવા સરકાર પ્રયત્નશીલ છે કે કેમ, અને | (૧) હા જી, |
| (૨) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ એલ.પી.જી. બસો ખરીદવા સરકાર દ્વારા કેટલું ફંડ ફાળવેલ છે ? | (૨) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ સરકાર દ્વારા એલ.પી.જી.બસો નહીં પરંતુ સી.એન.જી. બસો ખરીદવા રૂપિયા ૩૧/- ક્રોડનું ફંડ એસ.ટી. નિગમને ફાળવેલ છે. |

-------------

**કચ્છ સિવાયના જિલ્લાઓમાં ઉદ્યોગો સ્થાપવા થયેલ એમ.ઓ.યુ.**

૧૫૨૬૧ **શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના કચ્છ સિવાયના જિલ્લાઓમાં ઉદ્યોગો સ્થાપવા થયેલ એમ.ઓ.યુ. ના કિસ્સામાં ઉદ્યોગ સાહસિકોને જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ ન થતાં ઉદ્યોગોની સ્થાપના માંડી વાળવામાં આવેલ છે તે હકીક્ત સાચી છે,અને | (૧) ના,જી. ઉદ્યોગ સાહસિકોને જરૂરી તમામ સુવિધાઓ નિયમોનુસાર ઉપલબ્ધ કરવામાં આવેલ છે. |
| (૨) જો ના, તો જાન્યુઆરી-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યા જિલ્લામાં કેટલી મૂડી રોકાણના કેટલા ઉદ્યોગો સ્થપાયા ? | (૨) આ સાથેના પરિશિષ્ટ-૧ મુજબ. |

**પરિશિષ્ટ-૧**

**જિલ્લાવાર વર્ષ ૨૦૦૪ અને ૨૦૦૫માં મળેલ પ્રોજેક્ટ દરખાસ્તો અને ઉત્પાદનમાં આવેલ પ્રોજેક્ટોની વિગતો દર્શાવતું પત્રક**

(રકમ રૂા. કરોડમાં)

| જિલ્લો | મધ્યમ અને મોટા એકમોની મળેલ દરખાસ્તોની સંખ્યા (IEM+LOI+LOP | મુડીરોકાણ | ઉત્પાદનમાં આવેલ પ્રોજેકટોની સંખ્યા. | મૂડી રોકાણ |
|---|---|---|---|---|
| અમદાવાદ | ૧૧૨ | ૯૪૨ | ૨૩ | ૫૬૩ |
| આંણદ | ૭ | ૫૬ | ૫ | ૬૧ |
| ભરૂચ | ૧૩૨ | ૧૭૯૧૯ | ૨૭ | ૪૫૫૭ |
| દાહોદ | ૦ | ૦ | ૦ | ૦ |
| ડાંગ (આહવા) | ૦ | ૦ | ૦ | ૦ |
| ગોધરા | ૧૭ | ૧૩૯ | ૬ | ૧૭ |
| ખેડા | ૮ | ૬૦ | ૫ | ૩૮ |
| નર્મદા | ૦ | ૦ | ૦ | ૦ |
| નવસારી | ૧૦ | ૩૭ | ૨ | ૧૨ |
| સૂરત | ૪૦૭ | ૧૩૭૦૧ | ૮૪ | ૧૩૭૬ |
| વડોદરા | ૭૮ | ૧૯૫૦૨ | ૧૭ | ૯૩૦ |
| વલસાડ | ૧૫૩ | ૨૬૯૫ | ૪૫ | ૧૩૩ |
| બનાસકાંઠા | ૩ | ૯ | ૧ | ૭ |
| ગાંધીનગર | ૪૮ | ૪૭૯ | ૧૮ | ૧૨૫ |
| મહેસાણા | ૩૬ | ૩૧૮ | ૮ | ૨૪ |
| પાટણ | ૨ | ૧૩ | ૧ | ૪ |
| સાબરકાંઠા | ૧૫ | ૧૬૯ | ૭ | ૫૬ |
| અમરેલી | ૮ | ૧૬૮૯ | ૩ | ૧૮૧ |
| ભાવનગર | ૨૩ | ૧૧૪૫ | ૧૧ | ૫૩ |
| જામનગર | ૩૪ | ૮૩૯૪ | ૧૫ | ૨૬૨૭ |
| જૂનાગઢ | ૬ | ૧૨૩૪ | ૧ | ૧ |
| પોરબંદર | ૩ | ૨૫૧૩ | ૧ | ૩ |
| રાજકોટ | ૫૮ | ૪૩૮ | ૩૫ | ૩૭૬ |
| સુરેન્દ્રનગર | ૧૬ | ૭૦૭૦ | ૮ | ૧૧૩ |
| કચ્છ | ૩૬૬ | ૩૧૮૨૮ | ૧૩૭ | ૫૫૫૫ |
| **કુલ.....** | **૧૫૪૨** | **૧૧૦૩૫૦** | **૪૬૦** | **૧૬૮૧૨** |

-------------

**આતંકવાદી ઘટનાઓ અટકાવવા માટે સ્પેશીયલ ઓપરેશન ગ્રુપની રચના**

૧૫૧૮૪ **શ્રી ઇશ્વરભાઇ ધ. મકવાણા (જોટાણા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં, આતંકવાદી ઘટનાઓ ના બને તે માટે, તકેદારીના પગલા રૂપે રાજ્ય સરકારે અદ્યતન તાલીમ, શસ્ત્ર અને સાધન સામગ્રી અને વાહનોથી સુસજ્જ એવા સ્પેશીયલ ઓપરેશન ગ્રુપની જીલ્લા/શહેરવાર રચના કરવાનો નિર્ણય કરેલ હોવાની હકીક્ત ખરી છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ ગ્રુપની રચના ક્યાં થનાર છે, અને | (૨) અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ શહેર તથા તમામ જિલ્લાઓમાં. |
| (૩) તેની તાલીમ શસ્ત્ર અને સાધન સામગ્રી અને વાહનોની શી વ્યવસ્થા ગોઠવવામાં આવનાર છે ? | (૩) સબંધિત અધિકારીઓને વ્યવસ્થા ગોઠવવા માટે સૂચના આપવામાં આવેલ છે. |

-------------

**બાજપાઇ સ્વરોજગાર યોજના હેઠળ અમદાવાદ શહેરની મંજૂર થયેલ અરજીઓ**

૧૫૨૪૬ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બાજપાઇ સ્વરોજગાર યોજના હેઠળ તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ શહેરમાં કેટલી અરજીઓ આવી, | (૧) ૬૧૧૯ |
| (૨) તે પેકી કેટલી અરજીઓ બેન્કોએ મંજૂર કરી છે, | (૨) ૧૯૯૩ |
| (૩) કેટલા લોકોને નાણાં ચૂકવવામાં આવેલ છે, અને | (૩) ૧૯૯૩ |
| (૪) જે અરજીઓ ના મંજૂર કરવામાં આવી છે તેના કારણો શાં છે ? | (૪) (૧) ધંધો પોષણક્ષમ ન હોવાથી<br>(૨) અરજદાર તેમજ તેમના કુંટુબની વ્યક્તિ મુદતવીતી બાકીદાર હોવાથી<br>(૩) ધંધાની જાણકારી ન હોવાથી<br>(૪) જરૂરી દસ્તાવેજો રજુ ન કરેલ હોવાથી<br>(૫) બેન્કો ધ્વારા અગાઉ ધિરાણ કરેલ રકમની વસુલાત ઓછી થવાથી વગેરે |

-------------

**જ્યોતિગ્રામ યોજના હેઠળ અપૂરતો વીજ પુરવઠો મળવા અંગે ફરિયાદ**

૧૪૮૩૪ **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ કચ્છ જિલ્લાના ગામોમાં જ્યોતિગ્રામ યોજના હોવા છતાં વિજ પુરવઠો ન મળતો હોવા અંગેની કેટલી ફરિયાદો જિલ્લા અને રાજ્ય કક્ષાએ મળી, | (૧) કોઈ નહિ. |
| (૨) વિજ પુરવઠો ન મળવાના કારણો શા છે, અને | (૨) જ્યોતિગ્રામ ફીડરમાં ક્ષતિ ઉદ્‌ભવતા/આકસ્મીક વીજવિક્ષેપ થાય તો તેનું દુરસ્તીકરણ કરવામાં આવે તે સમયે તેમજ સમયાંતરે વીજ લાઈનનું સમારકામ કરવામાં આવે ત્યારેજ વીજ-પુરવઠો મળતો નથી. |
| (૩) ૨૪ કલાક વિજ પુરવઠો મળે તે માટે શાં શાં પગલા લેવામાં અને આયોજન કરવામાં આવ્યા છે ? | (૩) જ્યોતિગ્રામ ફીડર, એલ.ટી.લાઈન, ટ્રાન્સફોર્મર વિગેરેનું આયોજનબધ્ધ સમારકામ સમયાંતરે હાથ ધરવામાં આવે છે અને આકસ્મીક ક્ષતિ સમયે તાત્કાલિક દુરસ્તીકરણ હાથ ધરીને તુરત વીજ-પુરવઠો પુર્વવત કરવા પગલાં લેવામાં આવે છે. |

-------------

**આર.ટી.ઓ. કચેરીઓમાં જિલ્લાવાર ખાલી જગ્યાઓ**

૧૫૨૫૧ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વાહન વ્યવહાર) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં જિલ્લાવાર આર.ટી.ઓ. કચેરીઓમાં વર્ગ-૧ થી વર્ગ-૪ સુધીના કર્મચારીઓની તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ કુલ કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૧) રાજ્યમાં જિલ્લાવાર આર.ટીઓ. કચેરીઓમાં વર્ગ-૧ થી વર્ગ-૪ના કર્મચારીઓની તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ નીચે મુજબ જગ્યાઓ ખાલી છે. |

| અ.નં. | ક્ચેરીનું નામ | ખાલી જ્ગ્યાની સંખ્યા |
|---|---|---|
| ૧. | વાહન વ્યવહાર ક્મિશનરશ્રીની ક્ચેરી, ગાંધીનગર | ૨૭ |
| ૨. | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની ક્ચેરી, અમદાવાદ | ૬૧ |
| ૩. | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની ક્ચેરી, મહેસાણા. | ૨૦ |
| ૪. | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની ક્ચેરી, રાજકોટ | ૩૩ |
| ૫. | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની ક્ચેરી, ભાવનગર | ૨૨ |
| ૬. | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની ક્ચેરી, સૂરત | ૧૧ |
| ૭. | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની ક્ચેરી, વડોદરા | ૩૨ |
| ૮. | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની ક્ચેરી, નડિયાદ | ૧૩ |
| ૯. | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની ક્ચેરી, પાલનપુર | ૧૩ |
| ૧૦. | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની ક્ચેરી, હિંમતનગર | ૦૮ |
| ૧૧. | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની ક્ચેરી, જામનગર | ૧૩ |
| ૧૨ | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની ક્ચેરી, જૂનાગઢ | ૧૧ |
| ૧૩. | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની ક્ચેરી, ભૂજ | ૧૨ |
| ૧૪. | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની ક્ચેરી, સુરેન્દ્રનગર | ૦૩ |
| ૧૫. | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની ક્ચેરી, અમરેલી | ૦૬ |
| ૧૬. | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની ક્ચેરી, વલસાડ | ૧૮ |
| ૧૭. | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની ક્ચેરી, ભરૂચ | ૦૫ |
| ૧૮. | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની ક્ચેરી, ગોધરા | ૦૫ |
| ૧૯. | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની ક્ચેરી, ગાંધીનગર | ૦૮ |
| ૨૦. | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની ક્ચેરી, બારડોલી | ૦૮ |
| ૨૧. | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની ક્ચેરી, દાહોદ | ૧૩ |
| ૨૨. | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની ક્ચેરી, પાટણ | ૦૨ |
| ૨૩. | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની ક્ચેરી, નવસારી | ૦૧ |
| ૨૪. | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની ક્ચેરી, પોરબંદર | ૦૩ |
| ૨૫. | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની ક્ચેરી, રાજપીપળા | ૦૧ |
| ૨૬. | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની ક્ચેરી, આણંદ | ૧૩ |
| | **કુલ :-** | **૩૬૨** |

(૨) આ જ્ગ્યાઓની ભરતી સરકાર ક્યારે કરવા માગે છે?

(૨) ભરવાપાત્ર જ્ગ્યાઓની ભરતી જેમ બને તેમ જલદીથી.

-------------

**પોલીસ દળ માટે ચલાવવામાં આવતી તાલીમ સંસ્થાઓ**

૧૪૧૨૬ **શ્રી કાંતિલાલ ધ. કચોરિયા (પાલનપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્ય સરકાર દ્વારા પોલીસ દળ માટે કઇ કઇ તાલીમી સંસ્થાઓ ચલાવવામાં આવે છે, અને | (૧)૧ ગુજરાત પોલીસ અકાદમી, કરાઈ, ગાંધીનગર<br>૨ પોલીસ તાલીમ સ્કુલ,વડોદરા<br>૩ પોલીસ તાલીમ મહાવિદ્યાલય, જૂનાગઢ<br>૪ રાજ્ય અનામત પોલીસ તાલીમ કેન્દ્ર, ચોકી (સોરઠ), જિલ્લો : જૂનાગઢ |
| (૨) આ તાલીમી સંસ્થાઓને અદ્યતન બનાવવા માટે ચાલુ નાણાંકીય વર્ષમાં તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ કેટલી રકમ ફાળવવામાં આવી છે? | (૨) રૂા. ૩૦૮.૮૬ લાખ. |

-------------

**રાજ્યમાં કૌટુંબિક આત્મહત્યાના બનાવો**

૧૫૨૧૩ **શ્રી ટપુભાઈ લીંબાસિયા (રાજકોટ-૧) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષમાં બે કે તેથી વધુ વ્યક્તિઓના કૌટુંબિક સામુહિક આત્મહત્યાના પ્રયાસના બનાવો કેટલા બન્યા, | (૧) તા. ૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કૌટુંબિક સામુહિક આત્મહત્યાના પ્રયાસના નીચે મુજબના બનાવો બનેલ છે.<br>વર્ષ — બનાવ<br>૨૦૦૩ — ૦૯<br>૨૦૦૪ — ૨૩<br>૨૦૦૫ — ૧૮ |
| (૨) આ આત્મહત્યાના બનાવમાં કુલ કેટલા માનવીઓના મૃત્યુ થયા, અને | (૨) આ આત્મહત્યાના બનાવમાં કુલ ૧૩૬ માનવીઓના મૃત્યુ થયેલ છે. |
| (૩) આ મૃત્યુ આંકમાં મહિલાઓની સંખ્યા કેટલી અને બાળકોની સંખ્યા કેટલી ? | (૩) આ મૃત્યુમાં મહિલાઓ અને બાળકોની સંખ્યા નીચે મુજબ છે.<br>મહિલાઓ — ૪૮<br>બાળકો — ૫૮ |

-------------

**અલંગ શીપયાર્ડ ખાતે જી.આઇ.ડી.સી. નહીં બનાવવા અંગે**

૧૫૨૪૧ **શ્રી હીરાભાઈ ઓ. સોલંકી (રાજુલા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં અલંગ શીપ યાર્ડ ખાતે જી.આઇ.ડી.સી. ન બનાવવા માટે આખરી નિર્ણય લેવાયેલ છે તે વાત સાચી છે, | (૧) "આખરી નિર્ણય લેવાની પ્રક્રિયા ગતિમાં છે " |
| (૨) જો હા, તો આ જમીન મૂળ ખેડૂત ખાતેદારોને પરત આપવાની કામગીરી કેટલા સમયથી ચાલુ છે, અને | (૨) "પ્રશ્ન ઉપસ્થિત થતો નથી."" |
| (૩) આ કામગીરી ક્યારે પૂર્ણ થશે ? | (૩) "પ્રશ્ન ઉપસ્થિત થતો નથી." |

-------------

**કડી તાલુકામાં જુગાર અંગે પાડવામાં આવેલ દરોડા**

૧૪૩૪૬ **શ્રી બળદેવજી ચં. ઠાકોર (કડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧.૧.૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કડી તાલુકામાં કેટલી જગ્યાએ જુગાર અંગે દરોડા પાડવામાં આવ્યા, | (૧) ૪૮ |
| (૨) કેટલા ગુનેગારો પકડાયા અને કેટલી રકમ જપ્ત કરવામાં આવી, | (૨) ૬૦૫ ગુનેગારો પકડાયા અને રૂા. ૫૯૮૨૪૩/-ની રકમ જપ્ત કરવામાં આવી. |
| (૩) આ સંબંધમાં જુગાર રમતા લોકો પાસેથી પોલીસ દ્વારા હપ્તા ઉઘરાવવા અંગેની કોઇ ફરિયાદ સરકારને મળેલ છે કે કેમ, અને | (૩) ના, જી. |
| (૪) જો હા, તો સરકારે તા.૩૧.૧.૦૬ની સ્થિતિએ શાં પગલાં ભર્યા ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**અમદાવાદ શહેરમાં નવા પોલીસ સ્ટેશનો માટે માંગણી**

૧૪૪૮૭ **ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ (સાબરમતી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧.૧૨.૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેરમાં નવા પોલીસ સ્ટેશન ખોલવાની કેટલી માંગણીઓ સરકારને મળી છે, | (૧) એક. |
| (૨) આ માંગણીઓમાં રાણીપ તેમજ વાડજ પોલીસ સ્ટેશન શરુ કરવાની માંગણી છે કે કેમ, અને | (૨) હા. |
| (૩) જો હા, તો રાણીપ અને વાડજ પોલીસ સ્ટેશન ક્યારથી કાર્યરત થશે ? | (૩) વિચારણા હેઠળ છે. |

-------------

**રાજ્યનું કુલ જાહેર દેવું અને વ્યાજની ચૂક્વણી**

૧૩૯૬૭ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧.૧૨.૦૫ના રોજ રાજ્યનું કુલ જાહેર દેવું કેટલું છે, અને | (૧) અંદાજે રૂપિયા ૬૪૧૬૬.૩૦૦૧ કરોડ |
| (૨) આ માટે નાણાકીય વર્ષ ૨૦૦૪-૦૫ માં અને ૨૦૦૫-૦૬ માં જાન્યુઆરી-૦૬ સુધીમાં કેટલી રકમની વ્યાજની ચૂક્વણી કરવામાં આવી ? | (૨) ૨૦૦૪-૦૫માં રૂપિયા ૫૩૬૧.૮૫૨૩ કરોડ અને એપ્રિલ-૦૫ થી જાન્યુઆરી-૦૬ સુધીમાં રૂપિયા ૪૮૩૭.૫૬૭૩ કરોડના વ્યાજની ચુક્વણી કરવામાં આવી છે. |

-------------

**વાજપાઇ યોજના હેઠળ અમદાવાદ શહેરના બેરોજગારો માટે મંજૂર થયેલ લોન**

૧૪૮૧૪ **શ્રી સાબીરભાઈ અ. ખેડાવાલા (જમાલપુર) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વાજપાઇ સ્વરોજગાર યોજના અન્વયે અમદાવાદ શહેરમાંથી તા.૩૧.૧.૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા શિક્ષિત બેરોજગારોએ લોન સહાય માટે જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં કેટલી અરજીઓ કરી છે, | (૧) ૯૩૪૨ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે, | (૨) બેન્કો ધ્વારા મંજુર કરેલ અરજીઓ ૪૧૧૫ |

અને

(૩) તે પૈકી તા.૩૧.૧.૨૦૦૬ની સ્થિતિએ ખરેખર કેટલા લાભાર્થીઓને આ યોજના હેઠળ લોન સહાય ચૂકવવામાં આવી છે ?

(૩) ૪૧૧૫

-------------

**સુરત શહેરમાં માટીની રોયલ્ટી ચોરીના બનાવો**

૧૫૨૩૮ **શ્રીમતી ભાવનાબેન હે. ચપટવાલા (સુરત શહેર (પશ્ચિમ): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત શહેરમાં તા.૩૧.૧.૦૬ની સ્થિતિએ છેલ્લા બે વરસમાં ગેરકાયદેસર માટી ખોદીને વેંચી મારવાની કેટલી ફરિયાદ મળી,

(૨) તે પૈકીની કેટલી ફરિયાદ માટે પગલાં ભરવામાં આવ્યા,

(૩) રોયલ્ટી ચોરી માટે કેટલો દંડ કરવામાં આવ્યો, અને

(૪) ક્યા શિક્ષાત્મક પગલાં ક્યા ઇસમો સામે ભરવામાં આવ્યા ?

**જવાબ**

(૧) ૨(બે)

(૨) બન્ને ફરીયાદો પર પગલાં ભરવામાં આવેલ છે.

(૩) રૂા. ૧૫,૦૦૦/-

(૪) સ્થળ તપાસ દરમ્યાન બિન અધિકૃત માટી ખનિજના વહન કરતા ૯ ટ્રેકટરો પકડાતાં અને કસુરદારોએ કેસ સમાધાન સ્વીકારતા એમ.એમ.ડી.આર. એકટ, ૧૯૫૭ની કલમ ૨૩ એ (૧) હેઠળ કસુરદારો પાસેથી રોયલ્ટી સહિતની ખનિજ કિંમત રૂા. ૧૫,૦૦૦/- દંડ પેટે વસુલ કરવામાં આવેલ છે (પત્રક સામેલ છે.)

**પત્રક**

| **ક્રમ** | **કસુરદારનું નામ** | **વસુલ કરવામાં આવેલ રકમ (રૂપિયા)** |
|---|---|---|
| ૧ | કરૂભાઈ ભીમજીભાઈ મસાર | ૧,૫૦૦ |
| ૨ | બહાદુરભાઈ જોગડાભાઈ ભાભર | ૧,૫૦૦ |
| ૩ | રાજેશભાઈ ઘેલચંદ્ર દુબે | ૩,૦૦૦ |
| ૪ | ગુલાબસિંહ પારસનાથ રાજપુત | ૧,૫૦૦ |
| ૫ | શેલેષભાઈ મગનભાઈ પટેલ | ૧,૫૦૦ |
| ૬ | વિષ્ણુભાઈ અમૃતભાઈ પટેલ | ૧,૫૦૦ |
| ૭ | ગુલાબસિંહ પારસનાથ રાજપુત | ૧,૫૦૦ |
| ૮ | વિષ્ણુભાઈ અમૃતભાઈ પટેલ | ૧,૫૦૦ |
| ૯ | ભાસ્કરભાઈ ગોપાલભાઈ પાટીલ | ૧,૫૦૦ |
| | **કુલ** | **૧,૫૦૦૦** |

-------------

**માહિતી ખાતા દ્વારા તેયાર થયેલ ટેલી ફિલ્મો**

૧૪૩૦૪ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (માહિતી) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ડિસેમ્બર-૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં માહિતી ખાતા દ્વારા શેને લગતી, ક્યા પ્રકારની કુલ કેટલી ટેલી ફિલ્મો તેયાર કરવામાં આવી, અને તેનું પ્રસારણ કોના મારફતે ક્યારે ક્યારે કરવામાં આવ્યું,

**જવાબ**

(૧) ટેલી ફિલ્મો તેયાર કરાવવામાં કે પ્રસારિત કરવામાં આવેલ નથી.

અને

(૨) આ ટેલી ફિલ્મો પાછળ કેટલો ખર્ચ થયો ? — (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી દ્વારા અન્ય રાજ્યોના કર્મચારીઓને તાલીમ**

૧૪૧૦૮ **શ્રી શંકરભાઈ વી. રાઠવા (છોટાઉદેપુર) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) રાજ્યની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી દ્વારા અન્ય રાજ્યોના કર્મચારીઓને તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને — (૧) હા જી

(૨) જો હા, તો કેલેન્ડર વર્ષ ૨૦૦૫ માં ક્યા રાજ્યના કેટલા કર્મચારીઓને તાલીમ આપવામાં આવી?

| **અ.નં.** | **રાજ્યનું નામ** | **સંખ્યા** |
|---|---|---|
| ૧. | નવી દિલ્હી | ૮ |
| ૨. | આંધ્રપ્રદેશ (એન.પી.એ.) | ૨૫ |
| ૩. | આસામ | ૨ |
| ૪. | મહારાષ્ટ્ર | ૧ |
| ૫. | ઉત્તરપ્રદેશ | ૨ |
| ૬. | ઓરીસ્સા | ૩ |
| ૭. | ચંદીગઢ | ૧ |
| | **કુલ** | ૪૨ |

-------------

**વોન્ટેડ આરોપી હાજી ઇસ્માઇલ પોલીસ સાથેની ઝપાઝપીમાં ઠાર થવા અંગે**

૧૫૧૭૬ **શ્રી વજુભાઈ પ. ડોડિયા (વિરમગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) કુખ્યાત દાણચોર અને વોન્ટેડ આરોપી હાજી ઇસ્માઇલ તાજેતરમાં પોલીસ સાથેની ઝપાઝપીમાં ઠાર મરાયેલ હોવાની હકીકત ખરી છે કે કેમ, અને — (૧) હા, જી.

(૨) જો હા, તો આ દાણચોર ક્યા ક્યા અને કેટલા ગુન્હામાં સંડોવાયેલ હતો ? — (૨) ટાડા એકટ, એક્સપ્લોઝીવ એક્ટ, એક્પ્લોઝીવ સબસ્ટન્સ એકટ અને હથિયાર ધારા વિગેરે ગુનામાં સંડોવાયેલ હતો, કસ્ટમના દાણચોરીના ૫ કેસમાં, એનડીપીએસ એકટ હેઠળના કેસમાં તથા ડી.સી.બી. બાન્દ્રા મુંબઈ આર્મ્સ એકટના કેસમાં વોન્ટેડ હતો.

-------------

**રાજ્ય સરકારનું જાહેર દેવું**

૧૫૧૭૪ **શ્રી અમીત ચાવડા (બોરસદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) જાન્યુઆરી-૦૬ની સ્થિતિએ રાજ્ય સરકારનું જાહેર દેવું કેટલું છે, અને — (૧) અંદાજે રૂપિયા ૬૪૮૫૭.૪૨૮૪ કરોડ

(૨) સરકાર દ્વારા દેવાની ભરપાઇ કરવા શું આયોજન થયેલ છે ? — (૨) લોનોની પાક્યા તારીખે ચુક્વણી કરવામાં આવે છે.

-------------

**વેરાવળ તાલુકાના પ્રભાસ પાટણના પોલીસ સ્ટેશનનું મકાન સુવિધાવાળું કરવા બાબત**

૧૪૪૩૪ **શ્રી ગોવિંદભાઈ વ. પરમાર (તલાલા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા.૩૧.૧૨.૨૦૦૫ની સ્થિતિએ વેરાવળ તાલુકાના પ્રભાસ પાટણનું રાજાશાહી વખતનું પોલીસ સ્ટેશનનું મકાન જર્જરીત હાલતમાં અને પુરતી સુવિધા વગરનું છે, તેની સરકારને જાણ છે, — (૧) હા, જી.

(૨) જો હા, તો પુરતી સુવિધાવાળું પોલીસ સ્ટેશન — (૨) હા, જી.

બનાવવા આયોજન કરેલ છે,

(૩) જો હા, તો કેટલા સમયમાં કરવા વિચારણા છે, અને

(૩) જેમ બને તેમ વેળાસર

(૪) આ પોલીસ સ્ટેશન બનાવવામાં અંદાજીત કેટલો ખર્ચ થાય તેમ છે ?

(૪) અંદાજીત રૂા. ૨૫/- લાખ.

----------

## રાજ્યનું જાહેર દેવું

૧૪૮૨૮ **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી (અમરેલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ડિસેમ્બર ૨૦૦૫ની સ્થિતિએ રાજ્ય સરકારનું કુલ જાહેર દેવું કેટલું થયું છે,

(૨) આમાંથી આંતરિક દેવું અને બાહ્ય દેવું કેટલું છે, અને

(૩) આ દેવું ચૂકવવા માટે રાજ્ય સરકારે ક્યારે કોને કેટલું વ્યાજ ચૂકવ્યું છે ?

**જવાબ**

(૧) અંદાજે રૂપિયા ૬૪૧૬૬.૩૦૦૧ કરોડ

(૨) આંતરીક દેવું અંદાજે રૂપિયા ૫૨૭૦૭.૧૮૪૮ કરોડ જ્યારે બાહ્ય દેવું શૂન્ય છે.

(૩) એપ્રિલ-૦૫ થી જાન્યુઆરી-૦૬ સુધીમાં નીચે મુજબ વ્યાજની ચુકવણી કરવામાં આવી છે.

| | |
|---|---|
| નાણાંકિય સંસ્થાઓ | રૂા. ૧૦૧.૧૧૮૩ કરોડ |
| જાહેર બજારની લોન | રૂા. ૧૦૫૦.૩૭૨૮ કરોડ |
| નેશનલ સ્મોલ સેવીંગ ફંડ | રૂા. ૨૬૧૦.૩૪૩૩ કરોડ |
| કેન્દ્ર સરકારની લોન | રૂા. ૧૦૦૬.૫૧૨૭ કરોડ |
| સી.પી.એસ.યુ. બોન્ડ | રૂા. ૬૯.૨૨૦૨ કરોડ |

-------------

## મહેસાણા જિલ્લામાં ખૂન અને લૂંટના પકડવાના બાકી ગુનેગારો

૧૪૪૬૮ **શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ૩૧-૧૨-૨૦૦૫ના અંતે મહેસાણા જિલ્લામાં ખૂન અને લૂંટના ગંભીર કિસ્સાઓમાં કેટલા ગુનેગારોને શોધવાના તથા પકડવાના બાકી છે,

(૨) તાલુકાવાર કેટલી સંખ્યામાં પકડવાના બાકી છે, અને

(૩) બાકીના ગુનેગારો પકડવા સરકાર શી કાર્યવાહી કરવા માંગે છે ?

**જવાબ**

(૧) મહેસાણા જિલ્લામાં ખૂનના ગંભીર કિસ્સાઓમાં ગુનેગારોના નામ નમુદ ન હોઇ શોધવાના બાકી છે અને ૬ ગુનેગારોને પકડવાના બાકી છે.

લૂંટના કિસ્સાઓમાં ગુનેગારોના નામ નમુદ ન હોઇ શોધવાના બાકી છે. અને ૭ ગુનેગારોને પકડવાના બાકી છે.

(૨) તાલુકાવાર નીચે મુજબની સંખ્યામાં પકડવાના બાકી છે.

| **તાલુકાનું નામ** | **ખૂન** | **લૂંટ** |
|---|---|---|
| કડી | ૩ | ૧ |
| મહેસાણા | ૩ | ૧ |
| વિસનગર | -- | ૨ |
| વિજાપુર | -- | ૩ |
| ખેરાલુ | -- | -- |
| વડનગર | -- | -- |
| સતલાસણા | -- | -- |
| બેચરાજી | -- | -- |
| ઉંઝા | -- | -- |
| **કુલ** | **૬** | **૭** |

(૩) બાકીના ગુનેગારોને પકડવા તેમના વતનમાં તપાસ કરવામાં આવેલ છે. તેમજ સી.આર.પી.સી.ક. ૭૦ મુજબ વોરંટ કઢાવવામાં આવેલ છે.અને લાગતા વળગતા પોલીસ સ્ટેશનમાં યાદીઓ આપવામાં આવેલ છે.

-------------

**રાજ્યમાં કુદરતી ગેસનું ઉત્પાદન**

૧૪૮૦૮ **ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં વર્ષ દીઠ તા.૩૧.૧.૦૬ની સ્થિતિએ કેટલું કુદરતી ગેસ ઉપલબ્ધ થયું કઇ કઇ જગ્યાએ કેવી રીતે?

**જવાબ**

રાજ્યમાં ગેસનું ઉત્પાદન મુખ્યત્વે મહેસાણા, અમદાવાદ, ખેડા, ખંભાત, ભરૂચ અને સુરતમાં આવેલા ગેસક્ષેત્રોમાંથી છેલ્લા બે વર્ષમાં નીચે જણાવ્યા મુજબ થયેલ છે.

(૧) (૧-૨-૦૪ થી ૩૧-૧-૦૫)
૨૪૪૮.૯૬ મિલિયન ઘનમીટર

(૨) (૧-૨-૦૫ થી ૩૧-૧-૦૬)
૨૫૯૩.૫૪ મિલિયન ઘનમીટર

-------------

**સરકારની માલિકીના હેલીકોપ્ટરો**

૧૪૮૩૬ **શ્રી ધીરૂભાઈ હ. ગજેરા (સુરત શહેર (ઉત્તર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧.૧.૦૬ની સ્થિતિએ રાજ્ય સરકાર પાસે કેટલા હેલીકોપ્ટર છે અને તેની કિંમત કેટલી છે,

(૨) છેલ્લા બે વર્ષમાં નિભાવણી માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો,

(૩) તેનો ઉપયોગ ક્યા ક્યા મંત્રીશ્રીએ ક્યારે અને ક્યા કારણોસર કર્યો છે, અને

(૪) તેનાથી સરકારને ક્યા પ્રકારના લાભ થયા છે?

**જવાબ**

(૧) એક હેલિકોપ્ટર છે, તેની કિંમત રૂા. ૫,૦૬,૨૦,૧૩૩/- છે.

(૨) વર્ષ-૨૦૦૩-૦૪માં રૂા. ૩,૫૭,૫૧,૮૩૭ અને વર્ષ-૨૦૦૪-૦૫માં રૂા. ૪,૮૧,૮૧,૮૮૦ નો ખર્ચ કરવામાં આવ્યો.

(૩) જાન્યુઆરી-૨૦૦૪થી ડિસે. ૦૫ અંતિત ૨ વર્ષ દરમ્યાન (૧) માન. મુખ્ય મંત્રીશ્રી
(૨) માન. મંત્રીશ્રી કૃષિ અને સહકાર
(૩) માન. રા. ક. મંત્રીશ્રી ગૃહ અને વાહન વ્યવહાર
(૪) માન. મંત્રીશ્રી શિક્ષણ અને
(૫) માન. મંત્રીશ્રી માર્ગ અને મકાન, શહેરી વિકાસ દ્વારા સરકારી કામ અર્થે હેલિકોપ્ટરનો ઉપયોગ આ સાથે સામેલ પત્રક મુજબ કરવામાં આવેલ છે.

(૪) કુદરતી આફતો તેમજ સરકારી કામો માટે જે તે સ્થળે ઝડપથી પહોંચીને, સ્થળ નિરીક્ષણ કરીને પરિસ્થિતિ મુજબનો યોગ્ય જરૂરી નિર્ણય લઇ તેના અમલ માટેના અસરકારક પગલા સમય મર્યાદામાં લઇ શકાયેલ છે.

**પત્રક**

હેલિકોપ્ટરમાં તા. ૧-૧-૨૦૦૪ થી ૩૧-૧૨-૨૦૦૫ દરમિયાન મંત્રીશ્રીઓએ કરેલ પ્રવાસની વિગત દર્શાવતું પત્રક

| અ. નં. | મંત્રીશ્રીનું નામ | તારીખ | પ્રવાસનું કારણ |
|---|---|---|---|
| ૧. | માન. મુખ્ય મંત્રીશ્રી | ૧૮-૧-૦૪, ૨૧-૧-૦૪, ૧-૨-૦૪ ૯-૨-૦૪, ૧૧-૨-૦૪, ૧૪-૨-૦૪, ૧૭-૨-૦૪, ૧૮-૨-૦૪, ૨૧-૨-૦૪, ૨૨-૨-૦૪, ૨૬-૨-૦૪, ૩૦-૫-૦૪, ૧૨-૬-૦૪, ૧૪-૬-૦૪, ૧૫-૬-૦૪, | સરકારી કામ અંગે. |

| | | | |
|---|---|---|---|
| | | ૧૬-૬-૦૪, ૨-૭-૦૪, ૧૮-૭-૦૪, ૨૪-૭-૦૪, ૪-૮-૦૪, ૬-૮-૦૪, ૭-૮-૦૪, ૧૧-૮-૦૪, ૧૨-૮-૦૪, ૧૪-૮-૦૪, ૧૫-૮-૦૪, ૧૭-૮-૦૪, ૧૩-૯-૦૪, ૧૬-૯-૦૪, ૧૯-૯-૦૪, ૨૬-૯-૦૪, ૩૦-૯-૦૪, ૮-૧૧-૦૪, ૯-૧૧-૦૪, ૨૦-૧૧-૦૪, ૨૮-૧૨-૦૪, ૨-૧-૦૫, ૪-૧-૦૫, ૧૬-૧-૦૫, ૨૦-૧-૦૫, ૨૩-૧-૦૫, ૨૫-૧-૦૫, ૨૬-૧-૦૫, ૩૦-૧-૦૫, ૧-૨-૦૫, ૧૨-૨-૦૫, ૨૭-૨-૦૫, ૫-૩-૦૫, ૩-૪-૦૫, ૮-૪-૦૫, ૧૪-૪-૦૫, ૧૮-૪-૦૫, ૨૧-૪-૦૫, ૨૩-૪-૦૫, ૨૪-૪-૦૫, ૧૦-૫-૦૫, ૧૨-૫-૦૫, ૧૩-૫-૦૫, ૨૨-૫-૦૫, ૨-૬-૦૫, ૧૩-૬-૦૫, ૧૬-૬-૦૫, ૧૭-૬-૦૫, ૩૦-૬-૦૫, ૧-૭-૦૫, ૨-૭-૦૫, ૧૭-૭-૦૫, ૭-૮-૦૫, ૧૫-૮-૦૫, ૨૦-૮-૦૫, ૨૧-૮-૦૫, ૨૮-૮-૦૫, ૨૯-૮-૦૫, ૭-૯-૦૫, ૮-૯-૦૫, ૯-૯-૦૫, ૧૦-૯-૦૫, ૧૧-૯-૦૫, ૧૫-૯-૦૫, ૧૧-૧૧-૦૫, ૨૫-૧૧-૦૫, ૨૭-૧૧-૦૫, ૧-૧૨-૦૫, ૧૫-૧૨-૦૫, ૧૬-૧૨-૦૫, ૧૭-૧૨-૦૫, ૧૮-૧૨-૦૫ અને ૨૪-૧૨-૦૫. | |
| ૨ | માન. મંત્રીશ્રી, કૃષિ અને સહકાર | ૪-૭-૦૪, | સરકારી કામ અંગે. |
| | | ૧૦-૮-૦૪ ના રોજ માન. મંત્રીશ્રી, અને વાહન-વ્યવહાર અને માન.મંત્રીશ્રી, પાણી-પુરવઠા જળસંપત્તિ પણ પ્રવાસમાં હતા. | |
| | | ૧૬-૮-૦૪ ના રોજ માન.મંત્રીશ્રી, ગૃહ અને વાહન-વ્યવહાર, માન. મંત્રીશ્રી, આયોજન અને નાણા અને માન. મંત્રીશ્રી, નાગરિક ઉડ્ડયન, કુટીર ઉદ્યોગ, મીઠા ઉદ્યોગ પણ પ્રવાસમાં સાથે હતા. | çßÀëßí ÀëÜ |
| | | ૮-૯-૦૪ ના રોજ માન. મંત્રીશ્રી, ગૃહ અને વાહન-વ્યવહાર, માન. મંત્રીશ્રી, આયોજન અને નાણા અને માન. મંત્રીશ્રી, નાગરિક ઉડ્ડયન, કુટીર ઉદ્યોગ, મીઠા ઉદ્યોગ પણ પ્રવાસમાં સાથે હતા. | |
| ૩ | માન. મંત્રીશ્રી, ગૃહ અને વાહન-વ્યવહાર | ૨૪-૯-૦૪. | સરકારી કામ અંગે. |
| ૪ | માન. મંત્રીશ્રી, શિક્ષણ | ૧૯-૧-૦૫. | સરકારી કામ અંગે. |
| ૫ | માન. મંત્રીશ્રી, માર્ગ અને મકાન, શહેરી વિકાસ. | ૩-૭-૦૫. | સરકારી કામ અંગે. |

-------------

## રાજ્યમાં ૬૬ કે.વી. મંજૂર થયેલા સબસ્ટેશનો

૧૫૧૬૩ **શ્રી મહેશભાઈ સો. ભુરિયા (લીમડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) રાજ્યમાં ૬૬ કે.વી. સબસ્ટેશન મંજુર કરવા માટેની કેટલી દરખાસ્ત તા.૩૧.૧.૦૬ની સ્થિતિએ સરકાર પાસે પડતર છે,<br>(૨) જાન્યુઆરી-૦૬ની સ્થિતિએ કેટલા સબસ્ટેશન મંજુર કરવામાં આવ્યા, | (૧) અને (૨)<br>તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ દશમી પંચવર્ષીય યોજના અન્વયે વર્ષ ૨૦૦૨-૦૩ થી ૨૦૦૬-૦૭ સુધીમાં રાજ્યમાં ૬૬ કે.વી. ના ૧૭૮, સબસ્ટેશનો સ્થાપવાનું આયોજન કરવામાં આવેલ છે. તે પેકી ૧૦૭ સબ સ્ટેશનો કાર્યરત કરવામાં આવેલ છે. |
| (૩) મંજુર કરેલ પેકી કેટલાનું કામ શરુ કરવામાં આવ્યું,<br>(૪) મંજુર કરેલ પેકી બાકી કામ ક્યારે શરુ કરવામાં આવશે, અને | (૩) અને (૪)<br>બાકી ૭૧ સબસ્ટેશનો પેકી ૬૦ સબસ્ટેશનોની કામગીરી શરૂ કરવામાં આવેલ છે, તથા બાકી રહેતા ૧૧ સબસ્ટેશનો નું કામ જુદા જુદા કારણો જેવા કે જમીન મેળવવાની કાર્યવાહી, નાણાંકીય આયોજન તથા આર્થિક તેમજ તાંત્રિક ચકાસણી વિગેરેની કામગીરી પુરી થયા બાદ શરૂ કરવામાં આવશે. |
| (૫) ઉપરોક્ત પેકી દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના લીમડી સબસ્ટેશનનું કામ મંજુર કરી ક્યારે શરુ કરવામાં આવશે? | (૫) મંજૂર થયેલ સબસ્ટેશનોની યાદીમાં સમાવેશ થયેલ ન હોવાથી શરૂ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## વલસાડ જિલ્લાના ઓદ્યોગિક વિસ્તારમાં એપેરલ પાર્ક બનાવવા બાબત

૧૪૦૬૭ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| રાજ્ય સરકાર દ્વારા વલસાડ જિલ્લાના વાપી ઓદ્યોગિક વિસ્તારમાં એપેરલ પાર્ક બનાવવાની કાર્યવાહી તા.૩૧.૧.૦૬ ની સ્થિતિએ ક્યા તબક્કે છે ? | વાપી વસાહત નજીક આવેલ ડુંગરા મુકામે ગારમેન્ટ ઝોન વિક્સાવવામાં આવેલ છે. જેમાં પાયાની સુવિધાઓ ઉપલબ્ધ છે. અને ૫૦,૩૦૩ ચો.મી. નો વિસ્તાર ધરાવતા કુલ ૩૬ પ્લોટોની ફાળવણી કરવામાં આવેલ છે.<br>આ ઉપરાંત વાપી ઓદ્યોગિક વસાહત નજીક આવેલ મોજે ખડકી, તા. પારડી, જિ. વલસાડ અને મોજે મોતીવાડા તા. પારડી, જિ. વલસાડ ખાતે અલગ ૨ ટેક્ષટાઇલ પાર્ક ઉભા કરવાનું આયોજન છે. |

-------------

## મેંગેનીઝના જથ્થાની લીઝ આપવા અંગે

૧૫૧૯૩ **શ્રી વેચાતભાઈ હ. બારિયા (પાવી-જેતપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) હાલોલ (શિવરાજપુર) જેતપુરપાવી (પાનીમાઇન્સ) માં મેગેનીંઝનો જથ્થો આવેલ છે, તે શું સરકાર જાણે છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેના ઉત્ખન્ન અંગેની કોઇ નીતિ બનાવી છે કે કેમ, | (૨) ખનિજો, અંગેની ઉચ્ચ સત્તાધારી સમિતિની તા. ૧૮-૬-૦૪ની બેઠકમાં મેગેનીંઝઓર ખનિજનો વિકાસ મે. ગુજરાત ખનીજ વિકાસ નિગમ મારફત હાથ ધરાય તે માટે આયોજન કરવાનો નિર્ણય લેવામાં આવેલ છે. તદઅનુસાર ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ તા. ૨૧-૪-૦૫ના ક્રમાંક : એમસીઆર-૧૦-૨૦૦૪-૩૦૬૫-છ, થી મેગેનીંઝઓર ખનિજ ગુજરાત ખનિજ વિકાસ નિગમ લિ. માટે અનામત જાહેર |

(૩) સ્થાનિક લોકોને આ ઉદ્યોગમાં જોડવા લીઝ આપવા માંગો છો કે કેમ, અને
(૪) તેની કોઇ યોજના છે કે કેમ હા, તો ક્યા પ્રકારની?

કરવામાં આવેલ છે.
(૩) અને (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**રાજ્ય દ્વારા કેન્દ્ર સરકારને પરત ચૂકવણી**

૧૪૦૫૨ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જાન્યુઆરી-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા કેટલી રકમોની પરત ચૂકવણી કેન્દ્રને કરવામાં આવી અને કેટલી રકમોની માર્કેટ લોનોની પરત ચૂકવણી કરવામાં આવી,

(૨) આ બંને માટે કુલ કેટલી રકમની વ્યાજની ચૂકવણી કરવામાં આવી, અને
(૩) રીઝર્વ બેંકને સાધનોપાય પેશગીઓની પરત ચૂકવણી માટે આ સમયગાળામાં કુલ કેટલી રકમો ચૂકવવામાં આવી અને ક્યારે ?

**જવાબ**

(૧) જાન્યુઆરી-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારની લોનો માટે રૂા.૫૨૪૮.૦૩ કરોડ અને માર્કેટ લોનો માટે રૂા. ૪૬૫.૪૫ કરોડ પરત ચૂકવણી કરવામાં આવી.

(૨) આ બંને લોનો માટેના વ્યાજની ચૂકવણી પેટે કુલ રૂા. ૩૨૩૩.૦૪ કરોડની ચુકવણી કરવામાં આવી.
(૩) પત્રકમાં દર્શાવ્યા મુજબ.

**પત્રક**

| સાધનોપાય પેશગીની પરત ચૂકવણી | |
|---|---|
| | (રૂપિયા હજારમાં) |
| ફેબ્રુઆરી-૨૦૦૪ | ૧,૨૩,૩૦૦ |
| માર્ચ-૨૦૦૪ | ૧,૨૧,૮૭,૧૦૦ |
| એપ્રિલ-૨૦૦૪ | ૫૫,૦૩,૪૦૦ |
| મે-૨૦૦૪ | ૫૨,૩૧,૯૦૦ |
| જુન-૨૦૦૪ | ૨૧,૮૯,૪૦૦ |
| જુલાઇ-૨૦૦૪ | ૧૪,૮૮,૦૦૦ |
| ઓગષ્ટ-૨૦૦૪ | ૪,૨૬,૬૦૦ |
| સપ્ટેમ્બર-૨૦૦૪ | ૧૨,૫૮,૦૦૦ |
| ઓક્ટોબર-૨૦૦૪ | ૫,૭૭,૫૦૦ |
| નવેમ્બર-૨૦૦૪ | ૧૫,૭૩,૦૦૦ |
| જાન્યુઆરી-૨૦૦૫ | ૭,૪૩,૭૦૦ |
| ફેબ્રુઆરી-૨૦૦૫ | ૪૭,૦૫,૬૦૦ |
| માર્ચ-૨૦૦૫ | ૭૦,૨૮,૧૦૦ |
| | **સરવાળો : ૪,૩૦,૩૫,૬૦૦** |

-------------

**રાજ્ય અનામત પોલીસ દળની નવી બટાલીયનો બનાવવા અંગે**

૧૫૧૮૦ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર દ્વારા રાજ્ય અનામત પોલીસ દળ (એસ.આર.પી.) ની સ્ટ્રેન્થ વધારવા, વધારાની બટાલીયન સ્થાપવામાં આવી રહી હોવાની વાત સાચી છે કે કેમ, અને
એચબી.-૮૮૮-૧૯
(૨) જો હા, તો રાજ્ય સરકાર આવી કેટલી બટાલીયનો કઇ જ્યાએ અને ક્યારે સ્થાપવા માંગે છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨)

| અ.નં. | બટાલીયનનું સ્થળ | સ્થાપના |
|---|---|---|
| ૧ | કેવડીયા કોલોની, | જુથ-૧૪ તરીકે હાલ |

| | | |
|---|---|---|
| | જિ. નર્મદા | શરૂ થઇ ગયેલ છે. |
| ૨ | ભુટોડી, જિ. દાહોદ | સને ૨૦૦૬-૦૭માં શરૂ કરવામાં આવનાર છે. |
| ૩ | ઓ. એન. જી. સી., વડોદરા | |
| ૪ | મુડેટી, જિ. સાબરકાંઠા | ઇન્ડિયા રીઝર્વ બટાલીયન તરીકે શરૂ કરવા વિચારણા હેઠળ છે. |

-------------

**રાજ્યના દેવામાં થયેલ વધારો**

૧૪૬૯૭ **શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ડિસેમ્બર-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારના દેવામાં કેટલો વધારો થયો,

(૨) તેના કારણો શું છે,

(૩) આ દેવાઓ પાછળ રાજ્ય સરકારે તા.૩૧.૧૨.૨૦૦૫ની સ્થિતિએ ચાલુ નાણાકીય વર્ષમાં વ્યાજ પેટે કેટલી રકમની ભરપાઇ કરી, અને

(૪) વધતા જતા દેવાને કારણે શું એ વાત સાચી છે કે, રાજ્યની મોટાભાગની અંદાજપત્રીય રકમ તેની પાછળ ખર્ચાઇ જાય છે ?

**જવાબ**

(૧) ડિસેમ્બર-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યના દેવામાં અંદાજે રૂપિયા ૧૭૩૦૧.૬૨ કરોડનો વધારો થયો છે.

(૨) રાજ્ય સરકારને કેન્દ્ર સરકાર તરફથી નાની બચતના રોકાણો સામે ૧૦૦ ટકા લોન આપવામાં આવે છે. આ રકમ રાજ્ય સરકારે અનેક વખત રજુઆતો કરી હોવા છતાં ફરજિયાત પણે લેવી પડે છે. ઉપરોક્ત વધારામાં તેનો હિસ્સો રૂા. ૧૬૬૬૬.૭૧ કરોડ છે. ઉપરાત રાજ્યની વિવિધ વિકાસ યોજનાઓ માટે લેવામાં આવતી લોનોના કારણોસર દેવામાં વધારો થયો છે.

(૩) ડિસેમ્બર-૦૫ સુધીમાં ચાલુ નાણાંકીય વર્ષમાં રૂપિયા ૪૫૯૩.૨૨૬૯ કરોડના વ્યાજની ચુકવણી કરવામાં આવી છે.

(૪) ના જી.

-------------

**વાહન વ્યવહાર વિભાગમાં ફરજ બજાવતા ઇન્સ્પેકટર (ભિલાડ) સામે પગલાં**

૧૪૪૭૯ **શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ (પારડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વાહન વ્યવહાર) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વાહન વ્યવહાર વિભાગમાં ફરજ બજાવતાં આર.ટી.ઓ. ઇન્સ્પેકટર ભિલાડ ઉપર તા.૧૮.૬.૨૦૦૫ ના રોજ રૂા.૧૦૦/- ની લાંચ લેવાના આરોપસર ગુન્હો નોંધાયેલ હોવા છતાં આજ દિન સુધી ફરજ મોકુફીના પગલાં શા માટે લેવામાં આવેલ નથી, અને

(૨) સામાન્ય વહીવટ વિભાગ દ્વારા લાંચ લેવાના આરોપ થયેલ હોય તેવા કર્મચારી ઉપર ફરજ મોકુફીના પગલાં કુલ ૩૦ દિવસની અંદર લેવા બાબત પરિપત્ર નં.પરચ / ૧૧૯૮ / યુઓ / ૧૬૬૯ /ત. એ. સચિવાલય, ગાંધીનગર તા.૧૯.૩.૨૦૦૪ હોવા છતાં આર.ટી.ઓ. ઇન્સ્પેકટર ઉપર શા માટે પગલાં લેવામાં આવેલ નથી ?

**જવાબ**

(૧) અને (૨)

આ કેસમાં હકીક્તો અને સંજોગો જોઇને સરકારે સંબંધિત અધિકારીને ફરજ મોકુફી ઉપર નહિ ઉતરવાનો નિર્ણય કરેલ છે અને ખાતાકીય તપાસ હાથ ધરવા નિર્ણય કરેલ છે.

-------------

## કેન્દ્ર સરકારને થયેલ સર્વિસ ટેક્ષની આવકમાંથી રાજ્ય સરકારને મળેલ રકમ

૧૩૮૨૦ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

સર્વિસ ટેક્સમાંથી કેન્દ્ર સરકારને થયેલ આવકમાંથી સને ૨૦૦૫-૦૬ ના નાણાકીય વર્ષમાં તા. ૩૦-૬-૦૫ સુધીમાં રાજ્ય સરકારને કેટલી રકમ ક્યારે મળી ?

**જવાબ**

સર્વિસ ટેક્સમાંથી કેન્દ્ર સરકારને થયેલ આવકમાંથી સને ૨૦૦૫-૦૬ ના નાણાકીય વર્ષમાં તા.૩૦-૦૬-૨૦૦૫ સુધીમાં રાજ્ય સરકારને નીચે મુજબ રકમ મળેલ છે.

| | | રૂા. કરોડમાં |
|---|---|---|
| (૧) | તા. ૧લી એપ્રિલ-૦૫ | ૧૩.૫૩ |
| (૨) | તા. ૧લી મે-૦૫ | ૧૩.૫૩ |
| (૩) | તા. ૧લી જૂન-૦૫ | ૧૩.૫૩ |

-------------

## બજેટમાં વિકેન્દ્રીત જિલ્લા આયોજન અંગેની જોગવાઇ

૧૪૪૮૩ **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય આયોજન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં બજેટમાં વિકેન્દ્રીત આયોજન અન્વયે ૭ ટકા રકમની ફાળવણીનાં ધોરણો રાજ્યની વાર્ષિક યોજનાની રકમમાંથી રાખવામાં આવતા નથી તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો આગામી વર્ષે ૨૦૦૬-૦૭ માં વિકેન્દ્રીત આયોજન અન્વયે વાર્ષિક યોજનાની રકમમાંથી ૭ ટકા રકમ ફાળવવા વિભાગ ગંભીરતા કે હકારાત્મક અભિગમ દાખવવા માંગે છે કે કેમ, અને

**જવાબ**

(૧) અને (૨)

રાજ્યની વાર્ષિક યોજના રાજ્યની નાણાકીય ઉપલબ્ધિ અંગેના સાધનો, વિકાસનો અભિગમ, વ્યૂહ આશયો, અગ્રતા અને વિકાસના અન્ય સદરોની જરૂરિયાતોને ધ્યાને લઇને તેયાર કરવામાં આવે છે. વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળની પાયાની જરૂરિયાતોના કામોનો અન્ય સદરોમાં પણ સમાવેશ થતો હોવાથી નિયત ટકાવારીની ફાળવણી કરવાને બદલે વિકાસલક્ષી અભિગમ રાખીને વિકેન્દ્રિત જિલ્લા આયોજનની પંચવર્ષિય યોજનાની જોગવાઇમાં ઉત્તરોત્તર વધારો કરવામાં આવ્યો છે.

(૩) જો ના, તો ૨૦૦૩-૦૪, ૨૦૦૪-૨૦૦૫, ૨૦૦૫-૦૬ ની વાર્ષિક યોજનાની રકમ સામે વિકેન્દ્રીત આયોજન માટે વર્ષવાર કેટલી રકમ મંજુર કરવામાં આવી?

(૩) (રૂા. કરોડમાં)

| વર્ષ | વાર્ષિક યોજનાની રકમ | વિકેન્દ્રિત જિલ્લા આયોજન માટેની રકમ |
|---|---|---|
| ૦૩-૦૪ | ૭૮૬૦.૦૦ | ૧૮૮.૮૫ |
| ૦૪-૦૫ | ૮૬૦૯.૭૯ | ૧૬૬.૧૯ |
| ૦૫-૦૬ | ૧૧૦૦૦.૦૦ | ૧૮૮.૮૫ |

-------------

## સરદાર સરોવર યોજના અંતર્ગત કેવડીયા વિદ્યુત કેન્દ્રની કામગીરી તથા સંબંધિત રાજ્યોએ ચૂક્વેલ રકમ

૧૩૮૨૩ **શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સરદાર સરોવર યોજના અંતર્ગત કેવડીયા વિદ્યુત કેન્દ્ર હાલ ક્યા તબક્કે છે, અને આ જળવિદ્યુત કેન્દ્ર દ્વારા કેટલા મેગાવોટ વિજળી ઉત્પન્ન થશે,

**જવાબ**

(૧) સરદાર સરોવર યોજના અંતર્ગત કેવડીયા કોલોની ખાતે બે જળવિદ્યુત મથકો છે.

(૧) નદીતળ ભૂગર્ભ જળવિદ્યુત મથક અને

(૨) નહેર આમુખ જળવિદ્યુત મથક નદીતળ ભુગર્ભ જળ વિદ્યુત મથક બે એકમો બાંધકામના તબક્કે છે અને પૂર્ણ થયેલ ચાર વિદ્યુત એકમો કાર્યરત છે. જ્યારે નહેર આમુખ જળવિદ્યુત મથક પુર્ણ પણે કાર્યરત છે. નહેર આમુખ જળવિદ્યુત મથક દ્વારા કુલ ૨૫૦ મેગાવોટ અને નદીતળ જળવિદ્યુત મથક દ્વારા કુલ ૧૨૦૦ મેગાવોટ વીજળી, ઉત્પન્ન થશે.

(૨) હાલમાં આ વિજ મથક કાર્યરત છે કે કેમ,

(૨) નહેર આમુખ વિજ મથક સંપૂર્ણપણે કાર્યરત છે. જ્યારે નદી તળ ભૂગર્ભ જળ વિદ્યુત મથક અંશતઃ

કાર્યરત છે. આ વિદ્યુત મથકના ૨૦૦ મેગાવોટના એક એવા છ એકમો પૈકી ચાર એકમો કાર્યરત છે. જ્યારે બાકીના બે એકમોની બાંધકામની કાર્યવાહી પ્રગતિમાં છે.

(૩) આ વિજ મથકથી ક્યા ક્યા રાજ્યોને કેટલી વિજળી આપવાની થાય છે, અને

(૩) સરદાર સરોવર યોજનાના વીજ મથકમાંથી ઉત્પન્ન થતી વીજળીની ત્રણ રાજ્યો વચ્ચે વહેંચણી કરવાની થાય છે. જેમાં મધ્યપ્રદેશ રાજ્યને ૫૭ %, મહારાષ્ટ્ર રાજ્યને ૨૭%, અને બાકી રહેતી ૧૬% વિજળી ગુજરાત રાજ્યના ભાગે આવે છે.

(૪) વિજળી મેળવનાર સંબંધિત ક્યા ક્યા રાજ્યોએ ખર્ચ પેટે કેટલી રકમ તા.૩૧.૧.૦૬ સુધીમાં રાજ્ય સરકારને ચુકવી ?

(૪) વિજળી મેળવનારા ભાગીદાર રાજ્યો પાસેથી સરદાર સરોવર યોજના ઉપર થયેલ ખર્ચ પેટે તા. ૩૧-૧-૨૦૦૬ સુધીમાં નીચે મુજબ રકમ મળેલ છે.

| અ. નં. | રાજ્યનું નામ | મળેલ રકમ રૂા. કરોડમાં |
|---|---|---|
| ૧. | મધ્યપ્રદેશ | ૧૫૯૪.૦૦ |
| ૨ | મહારાષ્ટ્ર | ૫૮૩.૩૯ |
| | **કુલ** | **૨૧૭૭.૩૯** |

-------------

**રાજ્યમાં ઓદ્યોગિક મૂડી રોકાણ અન્વયે થયેલા એમ.ઓ.યુ.**

૧૩૮૮૦ **શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા (રખિયાલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ૨૦૦૩-૦૪ અને ૨૦૦૪-૦૫ના નાણાકીય વર્ષમાં રાજ્યમાં ઓદ્યોગિક મૂડી રોકાણ માટે કેટલી રકમના એમ.ઓ.યુ. સાઇન થયા,

(૨) આ થયેલ એમ.ઓ.યુ. માં કેટલી રકમનું વિદેશી મૂડી રોકાણ થયું,

(૩) કુલ બંને વર્ષોમાં થયેલ એમ.ઓ.યુ. માંથી કેટલું મૂડી રોકાણ થયું, કેટલા લોકોને રોજગારી પૂરી પાડવામાં આવનાર છે, અને

(૪) આ એમ.ઓ.યુ. માં ભારત બહારનાં કેટલા બિન નિવાસી ભારતીયો દ્વારા કેટલા રૂપિયાનું રોકાણ ડિસેમ્બર, ૨૦૦૫ સુધીમાં થયું ?

**જવાબ**

(૧) સને ૨૦૦૩-૦૪ અને ૨૦૦૪-૦૫માં વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમીટ-૨૦૦૩ અને ૨૦૦૫ દરમ્યાન રાજ્યમાં ઓદ્યોગીક મૂડીરોકાણ માટે કુલ રૂા. ૧,૭૨,૨૨૮ કરોડની જાહેરાતો/એમ.ઓ.યુ. સાઇન થયા.

(૨) કુલ રૂા. ૪,૬૫૬.૫૦ કરોડના વિદેશી મૂડી રોકાણના એમ.ઓ.યુ. / જાહેરાત થયેલ છે.

(૩) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમીટ-૨૦૦૩ અને ૨૦૦૫ માં મળીને કુલ્લે રૂા. ૧,૫૪,૫૪૪ કરોડનાં પ્રોજેક્ટો ઉત્પાદનમાં આવી ગયેલ છે અથવા અમલીકરણના વિવિધ તબક્કામાં છે.

આ તમામ પ્રોજેક્ટો પૂર્ણ રીતે કાર્યરત થાય ત્યારબાદ રોજગારી અંગેની વિગતો પ્રાપ્ત કરી શકાશે.

આ એમ.ઓ.યુ. માં ભારત બહારના કુલ્લે ૩૯ બિનનિવાસી ભારતીયો દ્વારા રૂા. ૮૨૯૬.૩૩ કરોડના મૂડી રોકાણના એમઓયુ/જાહેરાતો થયેલ છે.

-------------

**ભરૂચ જિલ્લા ઉદ્યોગ કેન્દ્રને મળેલ શિક્ષિત બેરોજગાર માટેની લોન અરજીઓ**

૧૫૨૩૨ **શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ (અંકલેશ્વર ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ડિસેમ્બર-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શિક્ષિત બેરોજગારો માટેની લોન યોજના અન્વયે જિલ્લા ઉદ્યોગ કેન્દ્રને ભરૂચ જિલ્લામાંથી કુલ કેટલા અરજી પત્રો મળ્યા,

**જવાબ**

(૧) ડિસેમ્બર-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શિક્ષિત બેરોજગારો માટેની લોન યોજના અન્વયે નીચે મુજબની અરજીઓ આવી

| યોજનાનું નામ | મંજુર થયેલ |
|---|---|
| શ્રી વાજપાઇ બેન્કેબલ યોજના | ૨૧૪૮ |
| વડાપ્રધાનશ્રીની રોજગાર યોજના | ૧૩૩૭ |

| | |
|---|---|
| વડાપ્રધાનશ્રીની રોજગાર યોજના | ૧૩૩૭ |
| **કુલ** | **૩૪૮૫** |

(૨) તે પૈકી કુલ કેટલા કિસ્સાઓમાં બેંકોને જરૂરી ભલામણ કરવામાં આવી, અને

(૨) નીચે મુજબની અરજીઓ બેન્કોને ભલામણ કરવામાં આવી

| યોજનાનું નામ | અરજીપત્રોની સંખ્યા |
|---|---|
| શ્રી વાજપાઇ બેન્કેબલ યોજના | ૧૩૦૭ |
| વડાપ્રધાનશ્રીની રોજગાર યોજના | ૮૩૬ |
| **કુલ** | **૨૧૪૩** |

(૩) આ પૈકી કેટલા કિસ્સામાં બેંક દ્વારા લોન આપવામાં આવી?

(૩) નીચે મુજબ બેન્કો દ્વારા લોન આપવામાં આવી

| યોજનાનું નામ | મંજુર થયેલ લાભાર્થી સંખ્યા |
|---|---|
| શ્રી વાજપાઇ બેન્કેબલ યોજના | ૮૫૭ |
| વડાપ્રધાનશ્રીની રોજગાર યોજના | ૪૨૩ |
| **કુલ** | **૧૨૮૦** |

-------------

## નર્મદા, જળસંપત્તિના કર્મચારીઓને તાલીમના અભાવે પેન્શન ન મળવા અંગે

૧૫૨૨૨ **શ્રી સુનીલ બા. ઓઝા (ભાવનગર શહેર (દક્ષિણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા, જળસંપત્તિ વિભાગના તા.૨૯.૧.૯૦ ના ઠરાવ મુજબ કારકુન, મિસ્ત્રી તથા કેનાલ ઇન્સ્પેકટરની જગ્યા પર કામ કરતાં કર્મચારીઓને જરૂરી તાલીમ ૧-વર્ષના ગાળામાં પૂર્ણ કરવાની શરતે વર્ક આસીસ્ટન્ટની જગ્યા પર બઢતી આપ્યા પછી કચેરી દ્વારા જ તાલીમ પર ન મોકલવાના કારણે હવે તેવા કર્મચારીઓના નિવૃત્તિ પેન્શન ઘોંચમાં પડવાની કેટલી ફરિયાદો જાન્યુઆરી-૦૬ ની સ્થિતિએ સરકારને મળી છે, અને

(૨) સરકાર આવા કેસોના નિકાલ માટે શા પગલાં લેવા માંગે છે ?

**જવાબ**

(૧) ૨૪ (ચોવીસ)

(૨) નિતિવિષયક બાબત હોઇ, સરકારશ્રીની વિચારણા હેઠળ છે.

-------------

## બારડોલી તથા માંડવી પોલીસ સ્ટેશન હેઠળ નોંધાયેલ ચોરી, લૂંટફાટ તથા ખૂન અંગેના બનાવો

૧૪૮૨૦ **શ્રી અનિલકુમાર મો. પટેલ (બારડોલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧.૧૨.૦૫ની સ્થિતિએ બારડોલી તથા માંડવી પોલીસ સ્ટેશનમાં ચોરી, લૂંટફાટ તથા ખૂન અંગેના કેટલા બનાવો છેલ્લા બે વર્ષમાં થયા,

(૨) બનેલા બનાવો પૈકી કેટલા કેસોમાં પોલીસ ગુનેગારોને પકડી શકી, અને

(૩) ન પકડાયેલ ગુનેગારોને પકડવા માટે સરકારે શી કાર્યવાહી કરી છે?

**જવાબ**

(૧) ચોરી લૂટફાટ ખૂન
૮૧ ૧૦ ૧૩

(૨) પકડાયેલ ગુનેગારોના કેસોની સંખ્યા
૩૧ ૫ ૧૩

(૩) ન પકડાયેલ આરોપીઓને અંગત બાતમીદારો દ્વારા પકડવાની તજવીજ કરી તેમજ સી.આર.પી.સી. ૭૦ મુજબ કાર્યવાહી કરવામાં આવે છે.

-------------

## કચ્છ જિલ્લામાં વિવિધ ગુના

૧૫૨૦૦ **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં ડિસેમ્બર-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખૂન, લૂંટ, અપહરણ, બળાત્કાર તથા બાળ અપહરણના કેટલા ગુન્હા નોંધાયા,

(૨) પોલીસ તંત્ર દ્વારા કેટલા ગુન્હા ડીટેકટ થયા તથા કેટલા ગુન્હા અનડીટેકટ રહ્યા છે, અને

(૩) ગુન્હાનું પ્રમાણ ઘટાડવા પોલીસ તંત્ર શું નોંધનીય કામગીરી કરી રહયું છે ?

**જવાબ**

(૧)

| ક્રમ | પ્રકાર | નોંધાયેલ ગુન્હા |
|---|---|---|
| ૧. | ખૂન | ૩૫ |
| ૨. | લૂંટ | ૩૩ |
| ૩. | અપહરણ | ૨૮ |
| ૪. | બળાત્કાર | ૦૯ |
| ૫. | બાળઅપહરણ | ૧૭ |
| | કુલ | ૧૨૨ |

(૨) ૯૯ ગુન્હા ડીટેક્ટ થયા તથા ૨૩ ગુન્હા અનડીટેક્ટ રહ્યા છે.

(૩) ગુન્હાનું પ્રમાણ ઘટાડવા પોલીસતંત્ર દ્વારા નાઇટ પેટ્રોલીંગ, દિવસે પેટ્રોલીંગ, હાઇવે પર પેટ્રોલીંગ, મોટર સાયકલ પર હેન્ડસેટ સાથે પેટ્રોલીંગ જેવા પગલાં લેવામાં આવેલ છે. તેનું ચેકીંગ તથા મોનીટરીંગ પણ કરવામાં આવે છે. વધુમાં પ્રજાના પ્રશ્નો જાણ ગુન્હા અટકાવવા માટે પ્રય કરવામાં આવે છે.તથા શંકાસ્પદ ઇસમો સામે સી.આર.પી.સી. ૧૦૯ હેઠળ કેસ મુક્વામાં આવેલ છે. તથા શંકાસ્પદ પરપ્રાંતિય માણસોના બી. રોલ ભરવામાં આવેલ છે.

-------------

## ધારાસભ્યોની રજુઆતોના નિકાલ માટે સરકાર દ્વાર અપાયેલ સૂચનાઓ

૧૪૭૦૩ **શ્રી ગોપાલભાઈ ગા. ઘુઆ (મુંદ્રા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) રાજ્યના ધારાસભ્યો તરફથી મળતી રજુઆતોનો નિકાલ સમયસર થાય તે માટે સને ૨૦૦૩-૦૪ તથા ૨૦૦૪-૦૫ ના નાણાકીય વર્ષમાં સરકારે શું શું સૂચનાઓ આપી,

(૨) આપેલ સૂચનાઓનો અમલ કેટલા સમયમાં કરવામાં આવશે, અને

(૩) રાજ્ય સરકાર દ્વારા આ અંગેના પરિપત્રો બહાર પાડવામાં આવેલ છે કે કેમ?

**જવાબ**

(૧) આ અંગે સને ૨૦૦૩-૦૪ તથા ૨૦૦૪-૨૦૦૫ના નાણાંકીય વર્ષ દરમ્યાન સરકાર દ્વારા કોઈ નવી સૂચનાઓ બહાર પાડવામાં આવેલ નથી.

(૨) ઉપર (૧) ના સંદર્ભમાં પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) રાજ્ય સરકારે આ બાબતમાં વખતો વખત સૂચનાઓ બહાર પાડેલ છે. જેના આધારે છેલ્લે તા. ૩૦/૪/૧૯૯૯ના પરિપત્રથી સંકલિત સૂચનાઓ બહાર પાડેલ છે, જે હાલ અમલમાં છે.

-------------

## ચોટીલા-સાયલા તાલુકામાં નોંધાયેલ ખૂન અને બળાત્કારના કેસ

૧૪૩૭૨ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા અને સાયલા તાલુકામાં તા.૧.૧.૨૦૦૫ થી તા.૩૧.૧.૨૦૦૬ સુધીમાં કેટલાં ખૂન અને બળાત્કારના કેસો નોંધાયા,

(૨) તે પેકી કેટલાં ગુન્હા - કેસોમાં આરોપી પકડાયા,

**જવાબ**

(૧)

| અ.નં. | તાલુકાનું નામ | નોંધાયેલ કેસો | |
|---|---|---|---|
| | | ખૂન | બળાત્કાર |
| (૧) | ચોટીલા | ૪ | ૨ |
| (૨) | સાયલા | ૬ | ૧ |

(૨) કુલ ૧૦ કેસોમાં ૨૨ આરોપીઓ પકડાયા છે

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| કેટલા આરોપી પકડાયા નથી, | તથા ૩ કેસોમાં ૩ આરોપીઓ પકડાયા નથી. |
| (૩) કેટલા કેસોમાં ચાર્જશીટ કોર્ટમાં રજુ કરવામાં આવેલ છે, અને | (૩) ૯ કેસોમાં ચાર્જશીટ કોર્ટમાં રજૂ કરવામાં આવેલ છે. |
| (૪) કેટલા કેસોનો નિર્ણય આવેલ છે ? | (૪) એક પણ નહીં. |

-------------

**એસ.ટી. નિગમની બસો સી.એન.જી. થી ચલાવવા અંગે**

૧૫૧૭૮ **શ્રી ગણપતભાઈ વે. વસાવા (માંગરોળ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વાહન વ્યવહાર) જણાવવા કૃપા કરશે કે-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્ય સરકારે એસ.ટી. નિગમની બસો સી.એન.જી. મારફત ચલાવવાની યોજના બનાવી હોવાની વાતમાં તથ્ય છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ માટે શું આયોજન વિચારેલ છે? | (૨) એસ. ટી. નિગમે આ માટે ૨૦૦ સી.એન.જી. બસોને સંચાલનમાં મુક્વાનું આયોજન હાથ ધરેલ છે, તે પૈકી ૧૯૫ સી.એન.જી. બસો સંચાલનમાં મુક્વામાં આવેલી છે. |

-------------

**ગ્લોબલ ઇન્વેસ્ટર સમીટમાં થયેલા એમ.ઓ.યુ.**

૧૩૮૨૬ **શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્ય સરકાર દ્વારા તાજેતરમાં ગ્લોબલ ઇન્વેસ્ટર સમીટ ૨૦૦૫-૦૬ માં તા.૩૧.૧.૦૬ની સ્થિતિએ કેટલા અને ક્યા ક્યા પ્રકારના એકમો માટે કેટલા રૂપિયાના એમ.ઓ.યુ. કરવામાં આવ્યા, અને<br>(૨) આનાથી કેટલા જિલ્લામાં કેટલું મૂડી રોકાણ થશે? | (૧) અને (૨) નાણાંકીય વર્ષ ૨૦૦૫-૦૬માં રાજ્ય સરકાર દ્વારા કોઈ ગ્લોબલ ઈન્વેસ્ટર સમીટ-૨૦૦૫-૦૬ યોજવામાં આવેલ નથી. આ કારણે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**રાજ્યનું જાહેર દેવું**

૧૪૮૧૭ **ડૉ. સી. જે. ચાવડા (ગાંધીનગર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| તા.૩૧.૧૨.૨૦૦૫ની સ્થિતિએ રાજ્ય સરકારનું જાહેર દેવું કેટલી રકમનું છે ? | અંદાજે રૂપિયા ૬૪૧૬૬.૩૦૦૧ કરોડ. |

-------------

**બનાસકાંઠા જિલ્લાના ડેમોમાં નર્મદાના પાણી નહીં આપવાનો નિર્ણય**

૧૫૨૨૮ **શ્રી ગોવાભાઈ હ. રબારી (ડીસા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં આવેલા ડેમોમાં નર્મદા યોજનાના પાણી નહીં આપવાનો સરકારે ક્યારે નિર્ણય ક્યોં, અને | (૧) સરકારે આવો કોઈ નિર્ણય કરેલ નથી. |
| (૨) તેના કારણો શાં છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**રાજ્યના આઇ.પી.એસ. અધિકારીઓની બદલીઓ બાબત**

૧૪૦૦૩ **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ (લીંબડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧.૧૨.૦૫ની સ્થિતિએ રાજ્યના કેટલાક આઇ.પી.એસ. પોલીસ અધિકારી ૪ વર્ષ, ૫ વર્ષ અગર છ વર્ષથી એક જ જગા પર હોવા છતાં તેમની બદલી થઇ નથી તે વાત સાચી છે, | (૧) તા. ૩૧/૧૨/૨૦૦૫ની સ્થિતિએ એક જ જગ્યાએ ફરજ બજાવતા આઈપીએસ અધિકારીઓ<br>ચાર વર્ષ--શૂન્ય<br>પાંચ વર્ષ--શૂન્ય<br>છ વર્ષ--એક |
| (૨) આ બદલીઓ ક્યારે થનાર છે, અને | (૨) વહીવટી અને જાહેર હિતની જરૂરીયાતના |

| | |
|---|---|
| (૩) અધિકારીઓને એક્જ જગા પર રાખવાના શાં કારણો છે ? | (૩) સમયે વહીવટ અને જાહેર હિતમાં |

-------------

**અમદાવાદ-સરખેજ-હાઈ-વે ઉપર ચાલતા હોટલો, ઢાબા અને રેસ્ટોરન્ટ ઉપર ગેરકાયદેસર ચાલતાં કૃત્યો-ધંધા અંગે રેડ પાડવા અંગે**

૧૩૯૪૪ **શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ (ગઢડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ-સરખેજ હાઈવે ઉપર સરખેજ ચોકડીથી ગાંધીનગર સુધી હોટલો, ઢાબા અને રેસ્ટોરન્ટો ઉપર ગેરકાનુની કૃત્યો-ધંધા ચાલી રહ્યા છે તે હકીકતથી સરકાર વાકેફ છે, | (૧) આવી કોઈ હકીક્ત ધ્યાન ઉપર આવેલ નથી. |
| (૨) જો હા, તો પોલીસ રેડ કેટલી વખત ડિસેમ્બર--૦૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પાડવામાં આવી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**ભાવનગર જિલ્લાના ડેમો અને તળાવોમાં ચોમાસા દરમ્યાન વધારાનું પાણી આપવા અંગે**

૧૫૨૪૪ **શ્રી કેશુભાઈ હી. નાકરાણી (શિહોર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧.૧.૨૦૦૬ની સ્થિતિએ નર્મદા નદીનું ચોમાસા દરમ્યાન અવાર નવાર વધારાના પાણી દ્વારા ભાવનગર જીલ્લાના ક્યા ક્યા ડેમો અને તળાવો ભરવાનું સરકાર દ્વારા આયોજન કરવામાં આવેલ છે, અને | (૧) ભાવનગર જીલ્લાના કાલુભાર, રંઘોળા, હણોલ, રજાવળ, ખારો, શેત્રુંજી, બગડ, રોજકી, માલણ, નિકોલ બંધારા, માલણબંધારા એમ કુલ ૧૧ જળાશયો ભરવાનું આયોજન છે. |
| (૨) કેટલા સમયમાં ? | (૨) આ સુચિત આયોજનના આર્થિક અને તાંત્રિક પાસાઓનો અભ્યાસ કરી તાંત્રિક અને આર્થિક દ્રષ્ટિએ યોજના પોષણક્ષમ જણાયે નાણાકીય ઉપલબ્ધતા ને ધ્યાને લઈને કામો પૂર્ણ થયેથી ડેમો અને તળાવો ભરી શકાશે. |

-------------

**પાસાના કાયદા હેઠળ અટકાયતમાં લેવાયેલ વ્યક્તિઓ**

૧૫૨૫૭ **ડૉ. દિનેશ પરમાર (જામનગર (રુરલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ૨૦૦૫-૦૬ના વર્ષમાં તા. ૩૧.૧.૨૦૦૬ની સ્થિતિએ પાસામાં કેટલા વ્યક્તિઓની અટકાયત કરવામાં આવી, | (૧) કુલ--૧૪૫૫. |
| (૨) તે પૈકી કેટલાને સજા થઈ, અને | (૨) ૫૬૭ અટકાયત હેઠળ ચાલુ છે. |
| (૩) કેટલા છુટી ગયા અને ક્યા કારણોસર છુટી ગયા? | (૩) ૮૫૬ જ્યુડીશીયલ કસ્ટડી, એક ગુનામાં કરેલ અટકાયત, અને જાહેર વ્યવસ્થા ખોરવાતી ન હોવાના કારણસર. |

-------------

**સુરત એરપોર્ટ માટે થયેલ ખર્ચ**

૧૫૧૬૧ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ (ઓલપાડ) : માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) સુરતમાં ડિસેમ્બર-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં એરપોર્ટ માટે વર્ષવાર કેટલા નાણાં મંજુર કરવામાં આવેલ અને કેટલો ખર્ચ કરવામાં આવેલ હતો, અને

**જવાબ**

(૧)

| **વર્ષ** | **જોગવાઈ** | **વર્ષ** |
|---|---|---|
| ૨૦૦૩-૦૪ | ૨૨૦ લાખ | ૩૪.૪૩ લાખ. |
| ૨૦૦૪-૦૫ | ૭૦ લાખ | ૧૮૩.૧૯ લાખ. |
| ૨૦૦૫-૦૬ | ૧૦૦ લાખ | ૬.૯૨ લાખ. |

(ડિસે. ૦૫ સુધીમાં)

(૨) એરપોર્ટ માટે કેટલી જમીન સંપાદન કરવામાં આવેલ અને કેટલી જમીન સંપાદન માટે અનામત રાખવામાં આવેલ છે ?

(૨) એરપોર્ટ માટે તા. ૩૦-૯-૦૩ના રોજ ભારત સરકારની એરપોર્ટ ઓથોરીટી ઓફ ઈન્ડીયા સાથે થયેલ એમ.ઓ.યુ. મુજબ કુલ ૩૧૨.૬૭ હે. જમીન એરપોર્ટ ઓથોરીટી ઓફ ઈન્ડીયાને આપવામાં આવેલ છે. તથા ભવિષ્યના વિસ્તરણને ધ્યાનમાં રાખીને ૫૨૫ હેક્ટર જમીન અનામત રાખવામાં આવેલ છે.

-------------

**રાંધણગેસના સબસીડીવાળા બાટલાઓ ઉપર રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવતો વેરો**

૧૩૮૯૮ **શ્રી માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર દ્વારા રાંધણગેસના સબસીડીવાળા ગેસ સીલીન્ડર દીઠ કેટલા ટકા વેચાણવેરો લેવામાં આવે છે,

(૨) તે અન્વયે સને ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ના નાણાંકીય વર્ષમાં તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં વેચાણવેરા પેટે કેટલી આવક સરકારને મળી, અને

(૩) રાજ્ય સરકાર દ્વારા રાંધણગેસના આ સબસીડીવાળા ગેસ સીલીન્ડર ઉપર લેવાતો વેચાણવેરો માફ કરવા માંગે છે કે કેમ ?

**જવાબ**

(૧) ૧૪ ટકાના દરે.

(૨) ૨૦૦૪-૦૫માં રૂા. ૯૭.૬૮ કરોડ અને ૨૦૦૫-૦૬માં તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં રૂા. ૭૫.૪૪ કરોડ.

(૩) હાલના તબક્કે કોઈ વિચારણા નથી.

-------------

**સિંગલ ફેઈઝ વિજ ક્નેક્શન માટે અલગ ટ્રાન્સફોર્મર આપવાની યોજના**

૧૪૪૭૨ **શ્રી કાંતિલાલ ધ. કચોરિયા (પાલનપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) પાલનપુર તાલુકામાં ખેતી વિષયક સીંગલ ફેઈઝ વિજ ક્નેક્શન માટે અલગ ટ્રાન્સફોર્મર આપવા અંગેની યોજના તા. ૩૧-૦૧-૨૦૦૬ની સ્થિતિએ ચાલુ છે કે કેમ,

(૨) જો હા, તો તા. ૩૧-૦૧-૨૦૦૬ સુધીમાં પાલનપુર તાલુકાના કેટલા ગામોને સદરહુ યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે, અને

(૩) બાકી રહેલ ગામોને ક્યાં સુધીમાં ઉપરોક્ત યોજના હેઠળ આવરી લેવાનું સરકાશ્રીનું આયોજન છે?

**જવાબ**

(૧) ખેતી વિષયક હેતુ માટે સીંગલ ફેઈઝ વિજ ક્નેક્શન આપવા માટેની કોઈ યોજના અમલમાં નથી, પરંતુ ખેતરોમાં વસવાટ કરતા છુટાછવાયા ઘરોના ગૃહવપરાશ માટે સ્પેશ્યલ ડીઝાઈન ટ્રાન્સફોર્મર દ્વારા વીજપુરવઠો આપવામાં આવે છે.

(૨) પાલનપુર તાલુકામાં ૩૦ ફીડરો ઉપર સ્પેશ્યલ ડીઝાઈન ટ્રાન્સફોર્મર મૂકીને ૫૯ ગામોને આવરી લીધેલ છે.

(૩) શક્ય એટલા વહેલા.

-------------

**નર્મદા યોજનાના વધારાના બાંધકામને મંજુરી ન મળવા અંગે**

૧૫૨૧૪ **શ્રી ટપુભાઈ લીંબાસિયા (રાજકોટ-૧) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) નર્મદા યોજનાનું વધારાના બાંધકામની મંજુરી નહી મળવા પાછળના કારણો શું છે,

(૨) ઝડપી મંજુરી મળે અથવા બાંધકામ કરી શકાય તે માટે સરકાર તરફથી શું પગલાં લેવાઈ રહયા છે,

**જવાબ**

(૧) ત્રણેય રાજ્યોને પુનઃવસનની કામગીરી પૂરી કરેલ છે. પણ નર્મદા કંટ્રોલ ઓથોરીટી દ્વારા વિવિધ પ્રકારની ચકાસણી કરાઈ રહેલ હોઈ, હજુ સુધી મંજુરી મળેલ નથી.

(૨) બંધની મુખ્ય છલતીની ઉંચાઈ ૧૧૦.૬૪ મી. થી ૧૨૧.૯૨ મી. સુધી વધારવા માટે રાજ્ય સરકાર સઘ ન અને સતત પ્રયત્ન શીલ છે, નર્મદા કંટ્રોલ ઓથોરીટીના પર્યાવરણ પેટા જૂથ દ્વારા તા. ૬.૧.૦૫ના ૪૧મી બેઠકમાં ઉંચાઈ વધારવા માટે બહાલી આપેલ છે. આજ પ્રકારની મંજુરી નર્મદા કંટ્રોલ ઓથોરીટીના પુનઃવસન પેટા જૂથ દ્વારા મેળવવાની બાબત પ્રગતિ

હેઠળ છે. આ માટે સરકારશ્રી દ્વારા પુનઃવસન પેટા જૂથ અને નર્મદા કંટ્રોલ ઓથોરીટીની મીટીંગોમાં રજૂઆત કરવામાં આવે છે. આ ઉપરાંત માનનીય મુખ્ય મંત્રીશ્રી તેમજ મુખ્ય સચિવશ્રી પણ સંબંધિત રાજ્યોનો મુખ્ય મંત્રીશ્રી તથા મુખ્ય સચિવશ્રીઓ સાથે વારંવાર ચર્ચા કરી પુનઃવસન કાર્ય વેગવાન બનાવવા આગ્રહ પૂર્વક અનુરોધ કરેલ છે.

| | |
|---|---|
| (૩) વધારાના કેટલા ફૂટની બાંધકામની મંજુરી માંગવામાં આવી, અને | (૩) નર્મદા કંટ્રોલ ઓથોરીટી દ્વારા બાંધકામ ના મંજુર થયેલ કાર્યક્રમ મુજબ, પર્યાવરણ અને પુનઃવસનની બાબતો ચકાસીને દરેક તબક્કે બંધનું બાંધકામ આગળ વધારવા મંજુરી અપાય છે. બાંધકામ કાર્યક્રમ મુજબ હવે પછીનો તબક્કો ૧૧૦.૬૪મી. થી ૧૨૧.૯૨ મી. ઉંચાઈ એટલેકે ૩૭ ફૂટ ઉંચાઈ વધારવાનો છે. |
| (૪) વધારાની બાંધકામની મંજુરી મળવાથી ગુજરાતમાં કેટલા એકર ખેતીની જમીનને પીયતનો વધારાનો લાભ આપી શકાય તેમ છે ? | (૪) વધારાના બાંધકામની મંજુરી મળવાથી ગુજરાતમાં સને-૨૦૦૬-૦૭માં આશરે ૭.૭૦ લાખ એકર પીયત વિસ્તારને પીયતનો લાભ આપી શકાશે. |

-------------

## નર્મદા યોજનાના વિસ્થાપિતોનું પુનઃસ્થાપન

૧૩૯૬૮ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડિસેમ્બર-૦૫ની સ્થિતિએ નર્મદા યોજનાના કેટલા વિસ્થાપિતોનું પુનઃસ્થાપન કરવામાં આવ્યું, | (૧) ડિસેમ્બર-૦૫ની સ્થિતિએ નર્મદા યોજનાના કુલ ૧૧,૫૬૬ વિસ્થાપિતોનું પુનઃસ્થાપન કરવામાં આવ્યું. |
| (૨) આ વિસ્થાપિતો ક્યા ક્યા રાજ્યના હતા તથા ડિસેમ્બર--૦૫ સુધી ક્યા ક્યા સેક્ટર માટે કેટલી સહાય આપવામાં આવી, | (૨) આ વિસ્થાપિતો ગુજરાત, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્ર રાજ્યના હતા. ડિસેમ્બર--૦૫ સુધી નિર્વાહ ભથ્થા પેટે રૂા. ૪.૨૨ કરોડ, ઉત્પાદકીય સાધન ખરીદવા સહાય પેટે રૂા. ૪.૪૪ કરોડ અને આવાસીય પ્લોટની કરવામાં આવેલ ફાળવણી ઉપર મકાન બાંધકામ સહાય રૂા. ૪૦.૩૯ કરોડ આપવામાં આવી. |
| (૩) ડિસેમ્બર--૦૫ની સ્થિતિએ કુલ કેટલા ગામોના કેટલા લોકોનો પુનઃવસવાટ કરાવાનો બાકી છે, અને | (૩) ડિસેમ્બર--૦૫ની સ્થિતિએ કુલ--૨૨૫ ગામોના ૮,૨૮૩ લોકોનો પુનઃવસવાટ કરવાનો બાકી છે. |
| (૪) આ પુનઃવસવાટની પ્રક્રિયા રાજ્ય સરકાર ક્યારે પૂર્ણ કરવા માંગે છે ? | (૪) ભાગીદાર રાજ્યો તરફથી અસરગ્રસ્તોની યાદીઓ પ્રાપ્ત થાય તે મુજબ પુનઃવસવાટ કરાવવામાં આવશે. |

-------------

## સુરત શહેરમાં સી.એન.જી. સ્ટેશનો

૧૫૨૩૯ **શ્રીમતી ભાવનાબેન હે. ચપટવાલા (સુરત શહેર (પશ્ચિમ): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત શહેરમાં વાહનો માટે સી.એન.જી. સરળતાથી ઉપલબ્ધ થઈ શકે તે માટે સરકારનું શું આયોજન છે, | (૧) સરકારના આયોજનના ભાગરૂપે ગુજરાત ગેસ કંપની દ્વારા સુરત શહેરમાં વાહનો માટે પર્યાપ્ત સી.એન.જી. સ્ટેશનોની સ્થાપના કરેલ છે. જી.એસ.પી.સી. દ્વારા પણ સુરત જીલ્લામાં એક સી.એન.જી. સ્ટેશનની સ્થાપના કરવામાં આવેલ છે. આ ઉપરાંત ભવિષ્યમાં પણ સી.એન.જી.ની માંગને લક્ષમાં લઇ વધુને વધુ સી.એન.જી. સ્ટેશનો સ્થાપવા રાજ્ય સરકારે ગુજરાત ગેસ કંપની અને જી.એસ.પી.સી.ને |

| | |
|---|---|
| | જણાવેલ છે. |
| (૨) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ કેટલા સી.એન.જી. સ્ટેશનો કાર્યરત છે, અને | (૨) તા. ૩૧-૧-૨૦૦૬ સુધીમાં સુરત શહેરમાં કુલ-૧૦ સી.એન.જી. સ્ટેશનો કાર્યરત છે. |
| (૩) શહેરની જરૂરીયાત પ્રમાણે ભવિષ્યનું શું આયોજન છે? | (૩) શહેરની જરૂરીયાત પ્રમાણે આગામી ૬(છ) માસમાં ગુજરાત ગેસ કંપની દ્વારા વધારાના ૧૦ સી.એન.જી. સ્ટેશનો કાર્યરત કરવાનું આયોજન છે. |

-------------

**એ.સી.બી. ટ્રેપમાં પકડાયેલ પોલીસ અધિકારીઓ**

૧૪૩૦૫ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડિસેમ્બર-૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન કેટલા પોલીસ અધિકારીઓ જિલ્લાવાર એ.સી.બી.ની ટ્રેપમાં પકડાયા. | (૧) |

| | જિલ્લાનું નામ | પકડાયેલ પોલીસ અધિકારીઓની સંખ્યા. |
|---|---|---|
| (૧) | અમદાવાદ શહેર-૧ | |
| (૨) | મહેસાણા-- | ૧ |
| (૩) | રાજકોટ-- | ૧ |
| (૪) | ભુજ-- | ૧ |
| (૫) | વડોદરા શહેર-- | ૧ |
| (૬) | વડોદરા ગ્રામ્ય | ૧ |
| (૭) | ગોધરા-- | ૧ |
| (૮) | સુરત--શહેર | ૧ |
| (૯) | આણંદ-- | ૨ |
| (૧૦) | વલસાડ-- | ૧ |
| | **કુલ--** | **૧૧** |

| | |
|---|---|
| (૨) પકડાયેલ અધિકારીઓ સામે ક્યા પ્રકારના પગલા લેવાયા, અને | (૨) પકડાયા બાદ તાત્કાલિક અસરથી જાહેર હિતમાં સંબંધિત અધિકારીઓની દુરના સ્થળે બદલી કરવામાં આવેલ છે તેમજ ફરજમોકુફી હેઠળ મુકવાની કાર્યવાહી કરવામાં આવેલ છે. |
| (૩) તે પૈકીના કેટલાને પુનઃનોકરીમાં લેવાયા. | (૩) એક પણ નહી. |

-------------

**પોરબંદર આર.ટી.ઓ કચેરીની આવક**

૧૪૧૦૯ **શ્રી શંકરભાઈ વી. રાઠવા (છોટાઉદેપુર)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વાહન વ્યવહાર) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વાહન વ્યવહાર ખાતાની પોરબંદર આર.ટી.ઓ. કચેરીની છેલ્લા ત્રણ કેલેન્ડર વર્ષની તા. ૩૧/૧૨/૦૫ની સ્થિતિએ આવક કેટલી થઈ, અને | (૧) |

| વર્ષ | આવક (રૂપિયામાં) |
|---|---|
| ૨૦૦૩ | ૯,૧૧,૭૯,૦૦૦/-(નવક્રોડ અગિયાર લાખ અગણ્યાએંશી હજાર) |
| ૨૦૦૪ | ૧૦,૪૬,૩૨,૦૦૦/-(દસ ક્રોડ છેંતાળીસ લાખ બત્રીસ હજાર) |
| ૨૦૦૫ | ૧૦,૯૮,૯૫,૦૦૦/-(દસ ક્રોડ અઠ્ઠાણું લાખ પંચાણું હજાર) |

| | |
|---|---|
| (૨) જો આવકમાં ઘટાડો થયેલ હોય તો તેના કારણો ક્યા ક્યા છે? | (૨) આવકમાં વધારો હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

## અમદાવાદ આર.ટી.ઓ. ક્ચેરીની આવક

૧૪૧૨૧ **શ્રી ગોવિંદભાઈ વ. પરમાર (તલાલા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વાહન વ્યવહાર) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વાહન વ્યવહાર ખાતાની અમદાવાદ આર.ટી.ઓ. ક્ચેરીની છેલ્લા ત્રણ કેલેન્ડર વર્ષની તા. ૩૧/૧૨/૦૫ની સ્થિતિએ આવક કેટલી થઈ, અને | (૧) વર્ષ — આવક (રૂપિયામાં)<br>૨૦૦૩ — ૯૩,૮૩,૬૦,૦૦૦/-(ત્રાણુ ક્રોડ ત્યાસી લાખ સાઈઠ હજાર)<br>૨૦૦૪ — ૧૦૭,૪૯,૩૦,૦૦૦/-(એક્સો સાત ક્રોડ ઓગણપચાસ લાખ ત્રીસ હજાર)<br>૨૦૦૫ — ૧૧૪,૮૨,૯૩,૦૦૦/-(એક્સો ચૌદ ક્રોડ બ્યાસી લાખ ત્રાણું હજાર) |
| (૨) જો આવક્માં ઘટાડો થયેલ હોય તો તેના કારણો ક્યા ક્યા છે ? | (૨) આવક્માં વધારો હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

## કેદીઓના મંજૂર કરાયેલ પેરોલ

૧૪૪૭૦ **શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડિસેમ્બર-૨૦૦૫ના અંતે છેલ્લા એક વર્ષમાં કેટલા કેદીઓના પેરોલ મંજૂર કરવામાં આવ્યા, અને | (૧) ૧૬૧૩ |
| (૨) કેટલા કેદીઓ પેરોલ બાદ હાજર થયા? | (૨) ૧૫૬૩ |

-------------

## નર્મદા યોજના હેઠળની જીલ્લાવાર કેનાલો

૧૪૮૩૭ **શ્રી ધીરૂભાઈ હ. ગજેરા(સુરત શહેર (ઉત્તર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા યોજના હેઠળ રાજ્યમાં ક્યા ક્યા જીલ્લામાં કેટલા કી.મી. કેનાલ બાંધવામાં આવનાર છે. | (૧) ૧૫ જીલ્લાઓ (નર્મદા, વડોદરા, ભરૂચ, પંચમહાલ, ખેડા, આણંદ, ગાંધીનગર, અમદાવાદ, મહેસાણા, સુરેન્દ્રનગર, પાટણ, બનાસકાંઠા, ભાવનગર, રાજકોટ અને ક્ચ્છ)માં ૮૫૮૯૮ કી.મી. કેનાલ બાંધવાનું આયોજન છે. (જીલ્લાવાર વિગત પત્રક-૧ મુજબ છે.) |
| (૨) આ પેકી કેટલા જીલ્લામાં કેટલા કી.મી.નું બાંધકામ પૂર્ણ કરવામાં આવેલ છે, અને | (૨) ૧૪ જીલ્લામાં ૧૦૪૭૦ કી.મી.નું બાંધકામ પૂર્ણ કરવામાં આવેલ છે. જીલ્લાવાર વિગત સામેલ પત્રક-૨ મુજબ છે. |
| (૩) તે પેકી તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા કી.મી.નું બાંધકામ પૂર્ણ કરેલ છે. | (૩) ૪૨૭૧ કી.મી.નું બાંધકામ પૂર્ણ કરેલ છે. (જીલ્લાવાર વિગત સામેલ પત્રક-૩ મુજબ છે.) |

### પત્રક-૧

ગુજરાત રાજ્યના વિવિધ જીલ્લામાં સરદાર સરોવર યોજનાની બાંધવામાં આવનાર નહેરોની કુલ લંબાઈની વિગત દર્શાવતું પત્રક

| અ.નં. | જીલ્લો | નહેરોની કુલ લંબાઈ કી. મી.માં. | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | મુખ્ય નહેર | શાખા નહેર | વિશાખા નહેર | પ્ર શાખા | પ્ર પ્ર શાખા | કુલ લંબાઈ |
| ૧ | નર્મદા | ૧૦ | ૧૪ | ૫૧ | ૧૫૬ | ૬૨૫ | ૮૫૬ |
| ૨ | વડોદરા | ૭૪ | ૪૭૫ | ૫૯૮ | ૨૬૮૪ | ૭૨૭૫ | ૧૧૧૦૬ |
| ૩ | ભરૂચ | ૦ | ૧૫૨ | ૪૩૬ | ૧૭૯૯ | ૩૮૪૭ | ૬૨૩૪ |
| ૪ | પંચમહાલ | ૫૯ | ૧૬ | ૧૩ | ૪૮ | ૧૨૦ | ૨૫૬ |
| ૫ | ખેડા | ૫૮ | ૪૫ | ૫૯ | ૪૧૦ | ૯૩૯ | ૧૫૧૧ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૬ | આણંદ | ૦ | ૦ | ૦ | ૦ | ૪ | ૪ |
| ૭ | ગાંધીનગર | ૫૭ | ૨૩ | ૩૧ | ૧૧૫ | ૩૩૪ | ૫૬૦ |
| ૮ | અમદાવાદ | ૧૦ | ૪૦૯ | ૮૪૯ | ૩૮૫૯ | ૮૬૯૩ | ૧૩૮૨૦ |
| ૯ | મહેસાણા | ૫૨ | ૧૧૫ | ૧૬૫ | ૬૩૮ | ૧૪૭૯ | ૨૪૪૯ |
| ૧૦ | સુરેન્દ્રનગર | ૦ | ૪૬૭ | ૧૧૭૩ | ૩૪૨૧ | ૧૭૩૧૫ | ૨૨૩૭૬ |
| ૧૧ | પાટણ | ૩૭ | ૧૯૦ | ૩૦૨ | ૨૫૨૮ | ૫૪૨૩ | ૮૪૮૦ |
| ૧૨ | બનાસકાંઠા | ૧૦૧ | ૧૩૨ | ૬૦૭ | ૧૮૫૯ | ૪૭૯૬ | ૭૪૯૫ |
| ૧૩ | ભાવનગર | ૦ | ૮૪ | ૧૨૨ | ૬૩૬ | ૩૩૬૧ | ૪૨૦૩ |
| ૧૪ | રાજકોટ | ૦ | ૮૫ | ૧૩૩ | ૩૦૧ | ૮૯૯ | ૧૪૧૮ |
| ૧૫ | કચ્છ | ૦ | ૨૫૩ | ૪૧૦ | ૧૨૪૭ | ૩૨૨૦ | ૫૧૩૦ |
| | કુલ | ૪૫૮ | ૨૪૬૦ | ૪૯૪૯ | ૧૯૭૦૧ | ૫૮૩૩૦ | ૮૫૮૯૮ |

## પત્રક-૨
## ગુજરાત રાજ્યના વિવિધ જીલ્લામાં સરદાર સરોવર યોજનાની પૂર્ણ થયેલ નહેરોની વિગત દર્શાવતું પત્રક

| અ.નં. | જીલ્લો | નહેરોની પૂર્ણ થયેલ લંબાઈ કી. મી.માં. | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | મુખ્ય નહેર | શાખા નહેર | વિશાખા નહેર | પ્ર શાખા | પ્ર પ્ર શાખા | કુલ લંબાઈ |
| ૧ | નર્મદા | ૧૦ | ૧૪ | ૫૧ | ૧૫૬ | ૨૦૭ | ૪૩૮ |
| ૨ | વડોદરા | ૭૪ | ૪૭૫ | ૫૩૯ | ૨૦૦૮ | ૨૧૪૮ | ૫૨૪૪ |
| ૩ | ભરૂચ | ૦ | ૧૫૨ | ૩૧૩ | ૧૦૪૫ | ૩૯૭ | ૧૯૦૭ |
| ૪ | પંચમહાલ | ૫૯ | ૧૬ | ૧૩ | ૨૭ | ૧૬ | ૧૩૧ |
| ૫ | ખેડા | ૫૮ | ૪૫ | ૩૭ | ૨૭૦ | ૩૮૨ | ૭૯૨ |
| ૬ | આણંદ | ૦ | ૦ | ૦ | ૦ | ૪ | ૪ |
| ૭ | ગાંધીનગર | ૫૭ | ૨૩ | ૨૩ | ૮૭ | ૯૯ | ૨૮૯ |
| ૮ | અમદાવાદ | ૧૦ | ૩૦૧ | ૩૯ | ૨૧૬ | ૪૩૩ | ૯૯૯ |
| ૯ | મહેસાણા | ૫૨ | ૧૧૦ | ૩૭ | ૧૬ | ૩૩ | ૨૪૮ |
| ૧૦ | સુરેન્દ્રનગર | ૦ | ૨૧૯ | ૦ | ૦ | ૦ | ૨૧૯ |
| ૧૧ | પાટણ | ૩૭ | ૬૫ | ૦ | ૦ | ૦ | ૧૦૨ |
| ૧૨ | બનાસકાંઠા | ૨૮ | ૪ | ૦ | ૦ | ૦ | ૩૨ |
| ૧૩ | ભાવનગર | ૦ | ૨૩ | ૦ | ૦ | ૦ | ૨૩ |
| ૧૪ | રાજકોટ | ૦ | ૪૨ | ૦ | ૦ | ૦ | ૪૨ |
| ૧૫ | કચ્છ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | કુલ | ૩૮૫ | ૧૪૮૯ | ૧૦૫૨ | ૩૮૨૫ | ૩૭૧૯ | ૧૦૪૭૦ |

## પત્રક-૩
તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સરદાર સરોવર યોજનાની નહેરોનું પૂર્ણ થયેલ બાંધકામની વિગત દર્શાવતું પત્રક

| અ.નં. | જીલ્લો | નહેરોની પૂર્ણ થયેલ લંબાઈ કી. મી.માં. | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | મુખ્ય નહેર | શાખા નહેર | વિશાખા નહેર | પ્ર શાખા | પ્ર પ્ર શાખા | કુલ લંબાઈ |
| ૧ | નર્મદા | ૦ | ૦ | ૦ | ૦ | ૧૯૭ | ૧૯૭ |
| ૨ | વડોદરા | ૦ | ૦ | ૨૬ | ૨૯૩ | ૧૭૩૭ | ૨૦૫૬ |
| ૩ | ભરૂચ | ૦ | ૦ | ૨ | ૫૧ | ૩૫૫ | ૪૦૮ |
| ૪ | પંચમહાલ | ૦ | ૦ | ૦ | ૨૦ | ૧૬ | ૩૨ |
| ૫ | ખેડા | ૦ | ૦ | ૧૯ | ૧૬૦ | ૩૮૨ | ૫૬૧ |
| ૬ | ગાંધીનગર | ૦ | ૦ | ૨૦ | ૩૨ | ૯૦ | ૧૪૨ |
| ૭ | અમદાવાદ | ૦ | ૨૧ | ૨૮ | ૧૪૮ | ૪૨૯ | ૬૨૬ |
| ૮ | મહેસાણા | ૦ | ૧૨ | ૩૭ | ૧૬ | ૩૩ | ૯૮ |
| ૯ | સુરેન્દ્રનગર | ૦ | ૩૨ | ૧૫ | ૦ | ૦ | ૪૭ |
| ૧૦ | પાટણ | ૦ | ૬૫ | ૦ | ૦ | ૦ | ૬૫ |
| ૧૧ | બનાસકાંઠા | ૨૮ | ૪ | ૦ | ૦ | ૦ | ૩૨ |
| ૧૨ | ભાવનગર | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૧૩ | રાજકોટ | ૦ | ૨ | ૦ | ૦ | ૦ | ૨ |
| | કુલ | ૨૮ | ૧૩૭ | ૧૪૭ | ૭૨૦ | ૩૨૩૯ | ૪૨૭૧ |

-------------

## રાજ્યમાં નવરચિત જીલ્લાઓમાં લોકલ ફંડ નિરીક્ષકની ક્ચેરીઓ શરુ કરવા અંગે

૧૫૧૬૪ **શ્રી મહેશભાઈ સો. ભુરિયા** (લીમડી) :**માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના નવરચિત જિલ્લાઓમાં લોક્લ ફંડ નિરીક્ષકશ્રીની કેટલી નવી ક્ચેરીઓ શરૂ કરવામાં આવી,

(૨) જો શરૂ ન કરવામાં આવી હોય તો ક્યારે શરૂ કરવામાં આવશે,

(૩) દાહોદ જિલ્લામાં ૧૦૦થી વધારે ઉપાડ અધિકારીશ્રીઓ

**જવાબ**

(૧) રાજ્યના નવરચિત જિલ્લાઓમાં લોક્લ ફંડ નિરીક્ષકશ્રીની નવી ક્ચેરી શરૂ કરવામાં આવેલ નથી.

(૨) આનુષાંગિક કાર્યવાહી પૂર્ણ થયેથી.

(૩) તમામ કામગીરી સબંધિત ક્ચેરી મારફ્તે

તેમજ ૨૦૦૦ ઉપરાંત પેન્શનરો આવેલ છે અને જિલ્લાના તમામ પ્રાથમિક શિક્ષકો તથા વર્ગ-૩ અને ૪ના તમામ કર્મચારીઓની પગાર ચકાસણી, પી. એફ. મંજુરી અને પંચાયતનું તમામ પ્રિ ઓડીટ વગેરે તમામ કામગીરી માટે હાલ પંચમહાલ જિલ્લા ખાતેની એલ.એફ. ક્ચેરીએ જવું પડે છે તે વાત સાચી છે, અને

લોક્લ ફંડ ક્ચેરી પંચમહાલ ધ્વારા કરવામાં આવે છે. તેથી કર્મચારીઓને લોક્લ ફંડ ક્ચેરીમાં જવાનું હોતું નથી.

(૪) જો હા, તો લોકોની આ હાડમારી ક્યારે દુર કરવામાં આવશે?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**વલસાડ જિલ્લામાં જી.આઈ.ડી.સી.માં જમીન ગુમાવનાર ખેડૂતોને પ્લોટ આપવા બાબત**

૧૪૦૬૮ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વલસાડ જીલ્લાની વાપી જી.આઈ.ડી.સી.માં જમીન ગુમાવનાર ખેડૂતોને સરકારના ધારાધોરણ મુજબ પ્લોટ આપવાની કાર્યવાહી તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૨) કેટલા સમયમાં આવા પ્લોટ આપવામાં આવશે?

**જવાબ**

(૧) વલસાડ જીલ્લાની વાપી જી.આઈ.ડી.સી.માં કુલ : ૧૩૯ જમીન ગુમાવનાર ખેડૂતોને નિગમના ધારા ધોરણ મુજબ ૬૬.૬૧૯ ચો.મી. વાણિજ્ય પ્લોટનું વિતરણ કરવામાં આવેલ છે.

(૨) નિગમ ધ્વારા દૈનિક વર્તમાનપત્રમાં જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવેલ, તે મુજબ તા. ૩૧-૧૦-૯૩ સુધીમાં જમીન ગુમાવનાર ખેડૂતો પાસેથી પ્લોટ મેળવવાની આવેલ અરજીઓના કિસ્સાઓમાં નિર્ણય લેવામાં આવેલા. ત્યારબાદ મળેલી અરજીઓના કિસ્સાઓમાં જમીન માલિકોને વાણિજ્ય પ્લોટ ફાળવવાની બાબત હાથ પર છે.

-------------

**માળીયા કેનાલમાં બ્રીક્સ (ઈંટો)ની લાઈનીંગ કરવા અંગે**

૧૫૧૮૯ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સૌરાષ્ટ્રમાં નર્મદા આધારીત પાણી પહોંચાડવા માટે માળીયા કેનાલમાં બ્રીક્સ (ઈંટો)થી લાઈનીંગ કરવામાં આવી છે કે કેમ, અને

(૨) જો હા, તો એવી જ રીતે અન્ય બ્રાન્ચ કેનાલોમાં બ્રીક્થી લાઈનીંગ કરવાનું આયોજન છે કે કેમ?

**જવાબ**

(૧) હા જી.

(૨) અન્ય કામોમાં નથી.

-------------

**વલસાડ જિલ્લા પોલીસ સ્ટેશનમાં કર્મચારીઓની ઘટ**

૧૪૪૮૦ **શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ (પારડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જાન્યુ.-૦૬ની સ્થિતિએ વલસાડ જિલ્લા પોલીસ સ્ટેશનમાં કર્મચારીઓની ઘટ કેટલી છે, મંજુર થયેલ કુલ મહેક્મ કેટલું છે, અને

(૨) આ ઘટ પૂરવા માટે સરકારનું શું આયોજન છે?

**જવાબ**

(૧) કુલ - ૧૪૬ કર્મચારીઓની ઘટ છે.
કુલ - ૬૬૭ મંજૂર મહેક્મ છે.

(૨) વહીવટી અનુકુળતા પ્રમાણે.

-------------

**રાજ્ય સરકારને થયેલ ક્રુડ ઓઈલની રોયલ્ટીની આવક**

૧૩૮૨૧ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિક્લ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારને કેન્દ્ર સરકાર તરફથી હાલ ક્યા દરે ક્રુડ ઓઈલ રોયલ્ટી મળે છે, અને

(૨) સને ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ના નાણાકીય

**જવાબ**

(૧) ક્રુડ ઓઈલ રોયલ્ટી આંતરરાષ્ટ્રીય ભાવના આધારે નક્કી કરેલ વેલ હેડ કિંમતના ૨૦ ટકાના દરે મળે છે.

(૨) (રૂા. કરોડમાં)

| | |
|---|---|
| વર્ષમાં તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ રાજ્ય સરકારને કુડ ઓઈલ રોયલ્ટી પેટે કેટલી રકમ કેન્દ્ર સરકાર તરફથી મળી ? | ૧૦૭૬.૯૧<br>૧૦૮૫.૩૬ (તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ) |

-------------

**એસ્સાર સ્ટીલ કંપની પાસેથી વેચાણવેરાની બાકી વસુલાત**

૧૩૮૨૪ **શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) એસ્સાર સ્ટીલ કંપની પાસે વેચાણવેરાની કુલ કેટલી રકમ તા. ૩૧-૧-૦૬ સુધીમાં વસુલ કરવાની બાકી છે, અને તેના કારણો શા છે,

(૨) આ રકમ વસુલ કરવા રાજ્ય સરકારે શી કાર્યવાહી કરી, અને

(૩) કેટલી રકમ ક્યારે વસુલ કરી ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૦૬ સુધીમાં એસ્સાર સ્ટીલ કંપની પાસે વેરો, વ્યાજ તથા દંડ સાથે કુલ રૂ. ૧૩૧૭.૪૭ કરોડની રકમ તે કંપનીએ ન ચૂકવવાને કારણે બાકી છે.

(૨) રૂ. ૮.૯૫ કરોડની વસુલાત માટે વેચાણવેરા ટ્રિબ્યુનલનો મનાઈ હુકમ છે. રૂા. ૧૩૦૮.૫૨ કરોડની વસુલાત માટે ગુજરાત હાઈકોર્ટમાં કેસ પડતર છે.

(૩) ગુજરાત હાઈકોર્ટના આદેશ અનુસાર એકમે નીચે મુજબની રકમો ભરપાઈ કરેલ છે.

| ક્રમ | રકમ રૂા. | તારીખ |
|---|---|---|
| ૧ | ૬૨,૦૦,૦૦,૦૦૦/- | ૧૬-૧૧-૨૦૦૫ |
| ૨ | ૧૩,૦૦,૦૦,૦૦૦/- | ૨૯-૧૧-૨૦૦૫ |

**કલ્પસર પ્રભાગ ધ્વારા શક્યતા દર્શી રીપોર્ટ અંગે થયેલ ખર્ચ બાબત**

૧૩૮૮૧ **શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા (રખિયાલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (કલ્પસર) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કલ્પસર પ્રભાગમાં ક્યા વર્ષમાં રૂા. ૮૨ કરોડની બજેટ જોગવાઈ શક્યતા દર્શી રીપોર્ટ માટે ફાળવવામાં આવી,

(૨) આ ફાળવેલ બજેટમાંથી ચાલુ નાણાકીય વર્ષમાં જાન્યુઆરી-૦૬ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) ફાળવેલ બજેટ મુજબનું શક્યતા દર્શી રીપોર્ટ સહિતનું તમામ કામ કેટલા સમયમાં પૂર્ણ થવા અંદાજ છે?

**જવાબ**

(૧) ૮૪ કરોડની વહીવટી મંજુરી મળેલ છે. રૂા. ૮૨ કરોડની બજેટ જોગવાઈ કોઈ પણ વર્ષ માટે ફાળવવામાં આવી નથી.

(૨) ચાલુ નાણાકીય વર્ષમાં જાન્યુઆરી-૦૬ સુધીમાં રૂા. ૧૦૭.૪૯ લાખનો ખર્ચ થયેલ છે.

(૩) શક્યતાદર્શી અહેવાલની કામગીરી વર્ષ ૨૦૦૭ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

-------------

**ભરૂચ જિલ્લામાં તત્કાળ વીજજોડાણ માટેની અરજીઓ**

૧૫૨૩૩ **શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ (અંકલેશ્વર ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર તત્કાલ વીજ જોડાણ યોજના હેઠળ કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલા કનેક્શનો અપાયા, અને

(૩) બાકીનાને તાલુકાવાર ક્યાં સુધીમાં આપવામાં આવશે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં તત્કાલ વીજજોડાણ યોજના હેઠળ અરજીઓ નોંધવાની જાહેરાત આપેલ ન હોઈ અરજીઓ મળેલ નથી.

(૨) અને (૩)
પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**ખડસલીયા ગામે સ્થપાઈ રહેલા વીજ મથકની કામગીરી**

૧૫૨૨૩ **શ્રી સુનીલ બા. ઓઝા (ભાવનગર શહેર (દક્ષિણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ઘોઘા તાલુકાના ખડસલીયા ગામે સ્થપાઈ રહેલાં વીજળી મથકની તા. ૧-૨-૨૦૦૬ની સ્થિતિએ શું

**જવાબ**

(૧) ૨૫૦ મે.વો. ક્ષમતાનો સૂચિત પાવર પ્રોજેક્ટ ઘોઘા તાલુકાના ખડસલીયા ગામે નહી, પરંતુ પડવા

પ્રગતિ છે, અને

ગામ ખાતે સ્થાપિત થઈ રહેલ છે, અને તે અંગે ગુજરાત પાવર કોર્પો. લિ. તથા નિરમા કેમીકલ્સ વર્કસ લિ. સાથે તા. ૬-૧૦-૦૫ના રોજ સમજૂતિ કરારો થયા છે. હાલના તબકકે શેર હોલ્ડર્સ એગ્રીમેન્ટ (મૂડી રોકાણ કરાર) સરકારશ્રીની વિચારણા હેઠળ છે.

(૨) તે ક્યાં સુધીમાં ઉત્પાદનમાં આવવાની ધારણા છે?

(૨) મૂડી રોકાણ કરાર થયે, ૩૬ માસમાં કાર્યાન્વિત કરવાનું આયોજન છે.

-------------

**કચ્છ જિલ્લામાં મીઠા ઉદ્યોગ તથા અગરિયાઓના પ્રશ્નો**

૧૫૨૦૧ **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ)** : **માનનીય મીઠા ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ડિસેમ્બર-૨૦૦૫ની સ્થિતિએ કચ્છ જિલ્લાના મીઠા ઉદ્યોગ તથા અગરીયા સંબંધી ક્યા ક્યા પ્રશ્નો સરકાર પાસે પડતર છે,

(૨) આ પ્રશ્નો ડિસેમ્બર-૦૫ની સ્થિતિએ કઈ સ્થિતિએ છે, અને

(૩) તેના ઉકેલ માટે સરકારે શા પ્રયાસ ર્ક્યા છે?

**જવાબ**

(૧)-(૨) અને (૩) રાજ્ય સરકારે માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી (ઉદ્યોગ)ના અધ્યક્ષપણા હેઠળ મીઠા ઉદ્યોગના અને અગરીયાના પ્રશ્નો માટે નીમેલી એમ્પાવર કમિટિમાં પ્રશ્નોના નિકાલ કરવામાં આવે છે. આથી હાલના તબકકે કોઈ પ્રશ્નો પડતર નથી.

-------------

**કચ્છ તાલુકાના ખેતી પાકના રક્ષણ માટે હથિયારોની માંગણી**

૧૪૭૦૪ **શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ (મુંદ્રા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૨-૦૩, ૨૦૦૩-૦૪ અને ૨૦૦૪-૦૫ છેલ્લા ૩ નાણાકીય વર્ષમાં કચ્છ જિલ્લામાં તાલુકાવાર કેટલા ખેડૂતોએ ખેતી પાકના રક્ષણ માટે હથિયાર, દેશી બંદુકની માંગણી કરેલ છે,

(૨) કેટલી માંગણી મંજુર થઈ, અને

**જવાબ**

(૧) છેલ્લા ૩ નાણાકીય વર્ષમાં કચ્છ જિલ્લાના તાલુકાવાર નીચે મુજબ કુલ - ૨૫૦ ખેડૂતોએ ખેતી પાકના રક્ષણ માટે દેશી બંદુકની માંગણી કરેલ છે.

| તાલુકાનું નામ | પાક રક્ષણ માટે દેશી બંદુકની માંગણી કરેલ વર્ષ | | |
|---|---|---|---|
| | ૨૦૦૨-૦૩ | ૨૦૦૩-૦૪ | ૨૦૦૪-૦૫ |
| ભુજ | ૨૨ | ૧૯ | ૨૭ |
| માંડવી | ૧૦ | ૦૯ | ૧૦ |
| મુન્દ્રા | ૦૪ | ૦૩ | ૦૫ |
| નખત્રાણા | ૨૮ | ૦૧ | ૦૯ |
| અબડાસા | ૧૧ | ૦૩ | ૧૦ |
| લખપત | ૦૧ | ૦૦ | ૦૦ |
| અંજાર | ૦૬ | ૦૧ | ૦૭ |
| ગાંધીધામ | ૦૩ | ૦૧ | ૦૨ |
| ભચાઉ | ૦૨ | ૧૧ | ૧૬ |
| રાપર | ૦૪ | ૧૦ | ૧૫ |
| કુલ : | ૯૧ | ૫૮ | ૧૦૧ |

(૨) છેલ્લા ૩ નાણાકીય વર્ષમાં કચ્છ જિલ્લામાં નીચે મુજબ કુલ ૮૦ માંગણીઓ મંજુર કરવામાં આવેલ છે.

| તાલુકાનું | પાક રક્ષણ માટે દેશી બંદુકની મંજુર | | |
|---|---|---|---|
| | ૨૦૦૨-૦૩ | ૨૦૦૩-૦૪ | ૨૦૦૪- |
| ભુજ | ૦૪ | ૦૬ | ૦૭ |

| | | | |
|---|---|---|---|
| ભુજ | ૦૪ | ૦૬ | ૦૭ |
| માંડવી | ૦૨ | ૦૧ | ૦૬ |
| મુન્દ્રા | ૦૧ | ૦૦ | ૦૧ |
| નખત્રાણા | ૦૦ | ૦૦ | ૦૩ |
| અબડાસા | ૦૨ | ૦૦ | ૦૫ |
| લખપત | ૦૦ | ૦૦ | ૦૦ |
| અંજાર | ૦૪ | ૦૦ | ૦૧ |
| ગાંધીધામ | ૦૩ | ૦૧ | ૦૦ |
| ભચાઉ | ૦૨ | ૦૦ | ૧૫ |
| રાપર | ૦૩ | ૦૩ | ૧૦ |
| કુલ : | ૨૧ | ૧૧ | ૪૮ |

(૩) ના, મંજુર થયેલ માંગણીના શાં કારણો છે?

(૩) ના મંજુર થવાના કારણો.

(૧) તપાસણી અધિકારીશ્રીઓ તરફથી પરવાનો આપવા ભલામણ/અભિપ્રાય નકારાત્મક હોવાના કારણે.

(૨) પાક રક્ષણ હેઠળ પરવાનો મંજૂર કરવા અંગે પૂરતા અને સબળ કારણો ન હોવાથી.

(૩) અરજદાર પોલીસ ગુન્હામાં સીધી કે આડક્તરી રીતે સંડોવાયેલા હોવાના કારણે

(૪) અરજદાર પાસે ખેતીની જમીન વિશેષ પ્રમાણમાં ન હોવાથી.

(૫) જે તે વિસ્તારમાં જંગલી જાનવરોનો ત્રાસ હોવાના આધાર પુરાવા રજુ કરેલ ન હોવાથી.

(૬) અભયારણ્યમાં આવતી જમીનો માટે જંગલ ખાતાનું પ્રમાણપત્ર રજુ ન કરવાના કારણે અથવા આવા કિસ્સામાં જંગલ ખાતાના નકારાત્મક અભિપ્રાયના કારણે.

-------------

**ચોટીલા અને સાયલા તાલુકાના પેટાપરાઓનું વિજળીકરણ**

૧૪૩૭૩ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા અને સાયલા તાલુકાનાં ક્યા ક્યા ગામોએ પેટાપરામાં વિજળીકરણની માંગણી આવેલ છે,

(૨) આવેલ માંગણીઓ પૈકી કેટલાં પેટાપરામાં વિજળીકરણ થયેલ છે, અને

(૩) બાકી રહેલા પેટાપરામાં કેટલા સમયમાં વિજળીકરણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) જીલ્લા વિકાસ અધિકારીની યાદીમાં દર્શાવેલ તમામ પેટાપરાઓનું વિજળીકરણ થઈ ગયેલ છે.

(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**ભરૂચ, વાગરા તથા આમોદ તાલુકાને નર્મદા યોજનામાંથી સિંચાઈનું પાણી આપવા અંગે**

૧૩૮૨૭ **શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા યોજનામાંથી ભરૂચ, વાગરા તથા આમોદ તાલુકાને સિંચાઈ માટે કેટલો લાભ મળશે,

**જવાબ**

(૧) નર્મદા યોજનાની નહેરોમાંથી ભરૂચ તાલુકાની ૪૨૪૪૮ હેક્ટર, વાગરા તાલુકાની ૪૩૩૯૪ હેક્ટર તથા આમોદ તાલુકાની ૩૧૪૦૦ હેક્ટર પિયત વિસ્તારને સિંચાઈનો લાભ મળશે.

(૨) ડિસેમ્બર-૦૫ની સ્થિતિએ આ વિસ્તારની નહેરોના કામો ક્યા તબક્કે છે, અને

(૨) શાખા નહેરોના કામો પૂર્ણ થયેલ છે. વિશાખા નહેરોના કામો ભરૂચ તથા આમોદ તાલુકામાં પૂર્ણ

| | |
|---|---|
| | થયેલ છે. અને વાગરા તાલુકામાં બાંધકામના તબકકે છે. પ્રશાખા તથા પ્રપ્રશાખાના કામો ભરૂચ આમોદ અને વાગરા તાલુકામાં બાંધકામના તબકકે છે. |
| (૩) આ કામો કેટલા સમયમાં પૂરા કરવાનું આયોજન છે? | (૩) વિશાખા, પ્રશાખા તથા પ્રપ્રશાખાના કામો તબકકાવાર જુન-૨૦૦૬થી જુન-૨૦૦૮ સુધીમાં પૂરા કરવાનું આયોજન છે. |

-------------

# તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

### બર્ડ ફલુના ઘાતક રોગના ભયને કારણે ઉભી થયેલી પરિસ્થિતિ અંગે

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ ૧૧૬ અન્વયે નીચે જણાવેલી તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું અને તે અંગે તેમને નિવેદન કરવાની વિનંતી કરું છું.

માનીય અધ્યક્ષશ્રી, "તાજેતરમાં સુરત જિલ્લામાં 'બર્ડ ફલુ' નામના ઘાતક રોગના કારણે એક વ્યકિતનું શંકાસ્પદ સ્થિતિમાં મૃત્યુ થયા પછી ઉભી થયેલી ગંભીર સ્થિતિને પહોંચી વળવા, લોકમાનસમાંથી બર્ડ ફલુના ભયનું વાતાવરણ દૂર કરવા અને રાજયના નાગરિકોના આરોગ્યની કાળજી લેવા રાજય સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં."

**શ્રી અશોક ભટ્ટ (આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મહારાષ્ટ્ર રાજયના નંદુરબાર જિલ્લાના નવાપુર વિસ્તારમાં પોલ્ટ્રી ફાર્મમાં મોટા પ્રમાણમાં મરઘીઓના મૃત્યુ થયાના સમાચાર મળતાં મહારાષ્ટ્ર સરકારે બર્ડ ફલુની સંભાવના માટે સેમ્પલ લઈને તેને તપાસ અર્થે હાઈ સિકયોરીટી એનીમલ લેબોરેટરી, ભોપાલ ખાતે લોહીના નમૂનાઓ મોકલ્યા હતા. આ નમૂનાઓને તપાસતાં બર્ડ ફલુ (અવિયન ઈન્ફલુએન્ઝા) એચ-૫ એન-૧ વાયરસના સ્ટ્રેઈન પોઝિટિવ નિદાન થતાં મહારાષ્ટ્ર-ગુજરાતની સરદહના સુરત જિલ્લાના ૧૦ કીલોમીટર વિસ્તારની પરિધિમાં આવેલાં ગામોમાં બર્ડ ફલુનો રોગચાળો ફાટી ન નીકળે તે માટે ગુજરાત સરકારના આરોગ્ય વિભાગે સમય સૂચકતા વાપરી આગોતરા પગલાં લીધાં છે. એવિયન ઈન્ફલુએન્ઝા (બર્ડ ફલુ) માટે જિલ્લા કક્ષાના આરોગ્ય અધિકારીશ્રીને અમદાવાદ, સોલા ખાતે તા. ૨૪-૧૨-૨૦૦૫ ના રોજ તાલીમ આપી આ રોગ અટકાયતી પગલાં માટેની તમામ માર્ગદર્શક સૂચનાઓ આપવામાં આવી હતી અને આ અંગેનું સાહિત્ય જિલ્લા કક્ષાના અધિકારીઓને મોકલવામાં આવ્યું હતું. આ અંગેની તમામ માહિતી ગુજરાતના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની વેબસાઈટ ઉપર પણ મૂકવામાં આવેલ છે.

ગુજરાત સરકારે પશુપાલન વિભાગના અગ્ર સચિવશ્રીના અધ્યક્ષસ્થાને આરોગ્ય કમિશનરશ્રી અને ચીફ કન્ઝર્વેટિવ ઓફ ફોરેસ્ટ એમ ત્રણ સભ્યોની સમિતિની રચના કરી છે જે વખતો વખત આ બાબતે પરામર્શ કરે છે.

એવિયન ઈન્ફલુએન્ઝા માટે સમાચાર મળતાં જ નીચે મુજબના તાત્કાલિક પગલાં લેવામાં આવેલ છે.

(૧) આરોગ્ય વિભાગના અગ્ર સચિવશ્રીએ તા.૧૮-૨-૦૬ના રોજ વ્યારા ખાતે અસરગ્રસ્ત વિસ્તારની મુલાકાત લઈ સ્થળ ઉપર જાત માહિતી મેળવી હતી અને આ રોગ અટકાયત માટેનાં જરૂરી તમામ સૂચનો જિલ્લા કલેકટરશ્રી અને ઉચ્ચ અધિકારીશ્રીઓને આપેલ હતાં.

(૨) તા.૧૯-૨-૦૬ ના રોજ માનનીય આરોગ્ય મંત્રીશ્રી તથા કમિશનરશ્રી, આરોગ્યએ સ્થળ ઉપર મુલાકાત લીધી અને માનનીય આરોગ્ય મંત્રીશ્રી અશોકભાઈ ભટ્ટના અધ્યક્ષસ્થાને એક તાકીદની બેઠક મળેલ. જેમાં કલેકટરશ્રી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી અને આરોગ્ય તંત્રના અધિકારીશ્રીઓને વિશ્વ આરોગ્ય સંસ્થાના બતાવેલા માર્ગદર્શક સિધ્ધાંતો પ્રમાણે સતર્કતા રાખવા આદેશ આપ્યો અને સુરત કલેકટરશ્રીએ તુરત જ જિલ્લા આરોગ્ય તંત્ર અને અન્ય વિભાગોની એક સંયુકત બેઠક બોલાવી બર્ડ ફલુને રોકવા માટેના તમામ પગલાંઓ યુધ્ધના ધોરણે શરૂ કરેલ. વ્યારા ખાતેની રેફરલ હોસ્પિટલમાં બર્ડ ફલુ રોગની સારવાર માટે અલાયદો વોર્ડ અને ઘનિષ્ઠ સારવાર કેન્દ્ર શરૂ કરવામાં આવ્યાં.

(૩) કમિશનરશ્રી (આરોગ્ય) એ કલેકટરશ્રી, સુરતને તા.૧૮-૨-૦૬ના રોજ પત્રથી અસરગ્રસ્ત વિસ્તારમાં નજર રાખવા સુચના આપેલ છે.

(૪) ૧૦ કીલોમીટરની પરિધિમાં આવેલ ૨૭ ગામોમાં :

* ૧૩ મેડીકલ ઓફિસરશ્રી, ૬૧ પેરા મેડીકલ સ્ટાફ સાથેની ટીમો, ૧૬ વાહનો અને ત્રણ એમ્બ્યુલન્સ કામગીરીમાં કાર્યરત છે. સર્વેલર દરમ્યાન બર્ડ ફ્લુના ચિહ્નો/લક્ષણો ધરબાવતો એક પણ દર્દી મળેલ નથી.
* આ ટીમો દ્વારા ૩૬૫૭૨ ની વસતિ આવરી લઈ ૭૪૩૫ ઘરોની મુલાકાત લઈ તાવના ૨૫૯, શરદીના ૮૧, માથાના દુખાવાના ૧૫૯, ઝાડાના ૪૯ અને કન્જન્કટીવાઈટીસ જેવા લક્ષણો ધરાવતાં ૫ કેસોને શોધવામાં આવેલ. જેમને સ્થળ ઉપર સારવાર આપવામાં આવેલ છે.
* પોલ્ટ્રીમાં કામ કરતાં અને પક્ષીઓના સંસર્ગમાં આવેલ ૨૦૭ વ્યકિતઓને તપાસી સારવાર આપેલ છે.

(૫) સુરત જિલ્લાના ઉચ્છલ તાલુકાના ઉચ્છલ ગામની આજુબાજુમાં બર્ડ ફ્લુનો ચેપ ફેલાવાની શકયતા હોઈ ૧૦ કિલોમિટર વિસ્તારના ગામોમાં ચેપ ન ફેલાય તે માટે આગોતરા પગલાં લેવા માટે કલેકટરશ્રી, સુરતે તા.૧૯-૨-૦૬ના પત્રથી જાહેરનામું બહાર પાડેલ છે. જેનાથી સંવેદનશીલ વિસ્તારમાંથી કોઈ પણ મરઘાં આપણા રાજયમાં આવી ન શકે તેની કાળજી લેવામાં આવી છે.

(૬) કમિશનરશ્રી, આરોગ્ય દ્વારા તા.૨૧-૨-૦૬ના રોજ ડીનશ્રી, મેડીકલ કોલેજ તમામને એવિયન ઈન્ફલુએન્ઝા (બર્ડ ફ્લુ) ના અટકાયતી પગલાં માટે એક રેપીડ રીસ્પોન્સ ટીમ તમામ મેડીકલ કોલેજમાં તૈયાર રાખવા સૂચના કરેલ છે. આ રેપીડ રીસ્પોન્સ ટીમમાં મેડીસીન, પીડીયાટ્રીક્સ, માઈક્રોબાયોલોજી અને પી.એસ.એમ. વિભાગના આસીસ્ટન્ટ પ્રોફેસર કે તેનાથી ઉચ્ચ કક્ષાના અધિકારીઓનો જ સમાવેશ કરવા સૂચના આપેલ છે.

(૭) ભારત સરકારશ્રી તરફથી આ રોગ માટે નીચે મુજબની સહાય મળેલ છે :

| | |
|---|---|
| * ટેબલેટસ ટેમીકલુ | ૧૯૦૦ |
| * માસ્ક | ૧૦૦૦ |
| * પર્સનલ પ્રોટેકિટવ ઈકવીપમેન્ટ કીટ | ૧૦૭૫ |

(૮) ગુજરાત રાજય સરકાર દ્વારા પર્સનલ પ્રોટેકિટવ ઈકવીપમેન્ટ કીટ-૫૦૦ નંગ પૂરા પાડેલ છે.

(૯) સામાન્ય લોક માનસમાં આ અંગે ભય ન ફેલાય અને સ્વચ્છતા અંગેની માહિતી પણ પૂરતા પ્રમાણમાં પહોંચાડી શકાય તે માટે લોક સહયોગ પણ મેળવવામાં આવી રહ્યો છે.

(૧૦) ગુજરાત રાજયના ઉચ્છલ ગામના આજુબાજુના વિસ્તારમાં આજ દિન સુધી બર્ડ ફ્લુ રોગથી કોઈ માનવ મૃત્યુ થયેલ નથી.

ભારત સરકારશ્રી તરફથી નેશનલ ઈન્સ્ટિટયુટ ઓફ કોમ્યુનિકેબલ ડિસિઝિસ દિલ્હીના એડિશનલ ડાયરેકટર જનરલ ઓફ હેલ્થ સર્વિસીસ અને અન્ય નિષ્ણાત અધિકારીશ્રીઓ તેમજ કમિશનરશ્રી, આરોગ્ય એ તા.૨૧-૨-૦૬ ના રોજ મુલાકાત લઈ રોગ અટકાયતી પગલાં માટે જરૂરી માર્ગદર્શન કરેલ છે અને ગુજરાત સરકારના આરોગ્ય વિભાગ દ્વારા લેવાયેલ પગલાંઓ અંગે સંતોષ વ્યકત કરેલ છે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા દિવસોથી મહારાષ્ટ્ર અને ગુજરાતની સરહદ ઉપર આવેલ કેટલાક ગામડાઓમાં બર્ડ ફ્લુ નામનો મહામારી રોગ ફેલાવાના ભયના કારણે કેટલાક ગ્રામ્ય વિસ્તારના લોકોમાં ભય ફેલાયો છે. બીજુ એના કારણે ઘણાં બધા પક્ષીઓ પણ મરી રહ્યાં છે. વાયરસના કારણે આ રોગ ફેલાતો હોવાના કારણે રાજયમાં હજુ પણ વધુ વિસ્તારોમાં આ રોગ ફેલાવાનો ભય છે ત્યારે આની દવા છે એ ખૂબ મોંઘી છે, તો રાજય સરકારે આની વેકસીન અને દવા માટે શું આયોજન કરેલ છે? બીજુ કેન્દ્ર સરકારે આનો અભ્યાસ કરવા માટે ટીમ મોકલી છે એજ પ્રમાણે રાજય સરકાર આના માટે કોઈ ધારાસભ્યશ્રીઓની ટીમ બનાવીને એનો અભ્યાસ કરવા માટે મોકલવા માગે છે કે કેમ? પુણેના નેશનલ ઈન્સ્ટિટયુટ ઓફ વાયરોલોજીએ ૧૨ વ્યકિતઓને આ બર્ડ ફ્લુનો ચેપ હોવાનો નિર્દેશ કર્યો છે એમાં આપણા રાજયની કેટલી વ્યકિતઓ છે? એ જાણવા માગુ છું.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, સૌથી પહેલી વસ્તુ એ છે કે, મહારાષ્ટ્રના નવાપુર ગામમાં બર્ડ ફ્લુ એચ-૫ એન-૧ વાયરસ મળી આવતાં એવિયન ઈન્ફલુએન્ઝા ન ફેલાય તે માટે રાજય સરકારે જે પગલાં ભર્યા એ પશુપાલન વિભાગ, આરોગ્ય વિભાગ, જિલ્લા કલેકટરશ્રી, જિલ્લા વિકાસ અધિકારીશ્રીની એક સંયુકત ટીમે પ્રયાસો કર્યા અને જે સતર્કતા બતાવી એના પરિણામે આજ સુધી આપણે ચોક્કસપણે કહી શકીએ કે રાજયમાં બર્ડ ફ્લુના આતંકને આવતો રોકી શકયા છીએ. હમણાં જ મળતા સમાચાર પ્રમાણે હેલ્થ મિનિસ્ટરે ૯૫ શંકાસ્પદ કેસો એમાં ગુજરાત, મહારાષ્ટ્રના હતા બર્ડ ફ્લુના જે વાયરલ તપાસ માટે મોકલ્યા હતા એ એન.આઈ.સી.ડી.ને મોકલ્યા હતા એમાં બર્ડ ફ્લુ મળેલ નથી. એમાં ગુજરાતના ૬૪ કેસોના સેમ્પલ આપણે મોકલ્યા હતા. સૌથી પહેલા પશુપાલન વિભાગ, ભારત સરકાર તરફથી હાઈ સિકયોરિટી એનીમલની અંદર નવાપુરમાં જે પોઝિટિવ કેસો મળ્યા છે એ અંગેની જાહેરાત કરતાંની સાથે જ રાજય સરકારે એકશન પ્લાન તૈયાર કર્યો, જે એકશન પ્લાન ડબલ્યુ. એચ.ઓ.અને ભારત સરકારે જે તૈયાર કર્યો છે એના કરતા પણ આપણે ઘનિષ્ઠ એકશન પ્લાન તૈયાર કરી શકયા

છીએ અને પરિણામે માત્ર અપણે જ નહીં, દિપક ગુપ્તા, એડિશનલ સેક્રેટરી અને શીવલાલ, એન.આઈ.સી.ડી.ના ડાયરેકટરે પણ ગુજરાતની મુલાકાત લીધી ત્યારે એણે પણ ગુજરાત સરકારે લીધેલ પગલાંને દેશની અંદર સૌથી સતર્કતાના પગલાં છે એ રીતે આવકાર્યુ છે. પગલાં શું હતાં એ આપને કહું, ડબલ્યુ.એચ.ઓ. એ કહ્યું કે, જયાં આગળ એક પણ કેસ મળી આવે એના ૧૦ કિલોમિટરના એરિયાને સતર્ક એરિયા ઝોન જાહેર કરવો. એટલે પહેલા ત્રણ કિલોમિટરની અંદર એક પગલાં અને બીજા ત્રણ કિલોમિટરની અંદર બીજા પ્રકારના પગલાં. પશુપાલન વિભાગે મહારાષ્ટ્ર સરહદથી ૧૦ કિલોમિટરના એરિયાની અંદર ૭૭૧૫૭ મરઘીઓનું કિલિંગ કર્યુ. એક એક પોલ્ટ્રીની તપાસ કરી અને બેકયાર્ડની અંદર પણ તપાસ કરી અને આટલા પક્ષીઓને ત્યાં દાટી દેવામાં આવ્યાં. મહારાષ્ટ્રની સરહદથી ત્યાંના મરઘાં અને બતકો આપણે ત્યાં ન આવે તે માટે પ્રવેશબંધી ફેલાવવામાં આવી. રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ તરફથી પણ આ ૧૦ કિલોમિટરના એરિયાની અંદર જુદી જુદી ૧૩ ટીમોને મોકલવામાં આવી. ગઈકાલ સુધી ૧૩ ટીમોએ ૧૧૩૮૪ મકાનો, ૨૭ ગામોમાં ૬૪૨૦૯ વ્યક્તિઓની તપાસ કરી અને આ તપાસ એટલી ઘનિષ્ઠ હતી કે એમાં સામાન્ય તાવ આવ્યો હોય તો પણ એની અમે તપાસ કરી તો એમાં સામાન્ય માંદગીના કેસો ૮૩૨ મળ્યા, તાવના કેસો ૪૬૩ મળ્યા અને સળેખમના કેસો ૧૬૭ મળ્યા, માથું દુ:ખવાના ૩૧૮ કેસો મળ્યા અને ડાયેરિયાના ૭૧ કેસો મળ્યા અને આંખ આવવાના ૬ કેસો મળ્યા. આવી રીતે ૬૪૨૦૯ વ્યક્તિઓની તપાસ કર્યા પછી ૯ કેસોમાં આપણને એવું લાગ્યું એની જરા સતર્કતા રાખવાની જરૂર છે તે માટે એ કેસો વ્યારાની હોસ્પિટલમાં લાવવામાં આવ્યા અને એમાંથી ૬૪ પ્રકારના જુદા જુદા લોહીના અને ગળફાના નમૂનાઓ પુના મોકલવામાં આવેલા છે એમાંથી આજે સવારે જે રિપોર્ટ આવ્યો છે એમાં ૯૫ પૈકી ૬૪ની અંદર આપણને બર્ડફ્લુ મળેલ નથી. આ પ્રકારની સતર્કતાના પગલાં લેવાયાં છે. આ બર્ડફ્લુ અંગે રાજ્ય સરકારે જે પગલાં ભર્યા તેને કારણે તેની અંદર સૌથી પહેલા સુરત મેડિકલ કોલેજના પી.એસ.એમ. વિભાગના વડાઓને અને ફિઝીશીયનોને મોકલવામાં આવ્યા, વ્યારા ખાતે આપણે જે રેફરલ હોસ્પિટલ કરી છે એમાં જીવનરક્ષાના ખૂબ સાધનો આપણે વસાવ્યા છે અને પરિણામે ક્યારેક એવી પરિસ્થિતિ પેદા થાય છે તે માટે કેવા પ્રકારના પગલાં લઈ શકાય તે માટે પ્રયત્નો કર્યા જે પ્રશ્ન કુંવરજીભાઈએ પૂછ્યો છે તેની અંદર સૌથી વધારે અગત્યની જરૂરિયાત વેક્સીનની હોય છે. રાજ્યના પશુપાલન વિભાગે ૪૬૦૦૦ વેક્સીનો પ્રાપ્ત કરી અને એ બાકીના સાત કિલોમિટરની અંદર આપવાનું કામ કર્યુ છે. જે દર્દીઓ મળ્યા તેના માટે પહેલાં તબક્કે આપણે ૧૯૦૦ ટેમીફ્લુ ટેબલેટ્સ મળી. ગઈકાલે મોડીરાત્રે પણ વિમાનમાર્ગે ૫૦૦૦ ટેમીફ્લુ ટેબલેટ્સ આપણને મળી છે. પ્રોટેક્ટીવ ડ્રેસ જેને આપણે માસ્ક કહીએ છીએ. પર્સનલ પ્રોટેક્ટીવ ઈક્વીપમેન્ટ કીટ જે આપણા અધિકારીઓ, કર્મચારીઓ, કર્મયોગીઓ ગયા એમને ૧૦૭૫ પ્રોટેક્ટીવ ડ્રેસ સાથે મોકલ્યા અને ૧૦૦૦ માસ્ક પણ ત્યાં આપવામાં આવ્યા. આમ પર્સનલ પ્રોટેક્ટીવ ઈક્વીપમેન્ટ કીટ મારફતે આપણા તરફથી પૂરેપૂરી તપાસ કરવામાં આવી. તબીબી વિભાગના તજજ્ઞો અને પશુપાલન વિભાગના તજજ્ઞો, એમણે બન્ને જગ્યાએ જઈને પૂરેપૂરી તપાસ કરી અને એના કારણે એડિશનલ ડાયરેક્ટર જનરલ ઓફ હેલ્થ સર્વિસ અને કેન્દ્ર સરકારની જે ટીમ આવી એમણે રાજ્ય સરકારના પગલાંથી સંતોષ વ્યક્ત કર્યો.

રાજ્ય સરકારના આરોગ્ય વિભાગે બીજું એ કર્યુ કે આ પ્રકારના રોગ ન ફેલાય તે માટે એક તાલીમ સને ૨૦૦૫માં કરી હતી અને એના પરિણામે સમગ્ર રાજ્યની અંદર આપણે આ કર્યુ. અત્યારે રાજ્ય સરકારના ૧૩ મેડિકલ ઓફિસરો, ૬૧ પેરા મેડિકલ સ્ટાફ, ૧૬ વાહનો સહિતની મોટી ટીમો કામ કરી રહી છે અને એજ રીતે પશુપાલન વિભાગની ટીમો પણ કામ કરી રહી છે. આ બન્નેના સંયુક્ત પ્રયાસોને કારણે ગુજરાતની અંદર બર્ડફ્લુના આતંકને આવતો અટકાવવામાં આપણે સફળ થયા છીએ અને કેન્દ્ર સરકારે આપણે લીધેલાં એક એક પગલાંને આવકારેલ છે. કેન્દ્ર સરકારના આરોગ્ય મંત્રીશ્રી સાથે પણ મારી સીધી વાતચીત થઈ છે અને એમને મેં કહ્યું છે કે હજી પણ અમારે આ રોગને સંપૂર્ણ રોકવા માટે ૫૫ મોબાઈલ હોસ્પિટલ જોઈએ છીએ અને કેટલાક રેપીડ લેબોરેટરી ટેસ્ટના સાધનો પણ જોઈએ છીએ દવાઓ તો એમણે પૂરી પાડી છે. વેક્સીન એમણે પૂરાં પાડેલ છે, પરંતુ આપણા આદિવાસી વિસ્તારના ગામડાઓની અંદર અંતર્ગત જવા માટે અત્યારે આપણી પાસે ૧૬ વાહનો કામ કરે છે પરંતુ કદાચ વધારે જરૂર પડે તો એ કરી ગઈકાલે મહારાષ્ટ્ર સરકારના આરોગ્ય સચિવશ્રીએ પણ ગુજરાતના વ્યારાની મુલાકાત લીધી હતી અને તેમણે ગુજરાત સરકારને વિનંતી કરી કે અમે કદાચ ના પહોંચી વળીએ તો તમે આ અંગેની આ વ્યારા હોસ્પિટલમાં અમને સેવાઓનો લાભ આપશો? રાજય સરકાર પોતાની આરોગ્ય સેવાઓ અને પશુપાલન સેવાઓ માટે કોઈ સરહદો નકકી કરી જ નથી. તે સરહદની પેલે પાર જઈને પણ મહારાષ્ટ્રની સરકારને પણ મદદ કરવા તૈયાર છે.

**શ્રી ધનસુખભાઈ ના. પટેલ**: માનનીય અધ્યક્ષશ્રી, બર્ડ ફલુના રોગ સામે રાજય સરકારને જે જાગૃતિના પગલાં લઈને સુરત જિલ્લામાં આ રોગને અટકાવવા માટેના જે ભગીરથ પ્રયત્ન કર્યા છે તે માટે હું હ્રદયપૂર્વક અભિનંદન આપું છું સરકારની જાગૃતતાના કારણે સુરત જિલ્લામાં આ રોગ પ્રવેશી શકયો નથી પણ હું પ્રશ્ન પૂછવા માંગુ છું કે, સુરત જિલ્લો, નવાપુર અને ઉચ્છલ તાલુકા જે બોર્ડર ઉપર આવેલાં છે ઉચ્છલ તાલુકાના કેટલાંક માણસો નવાપુર અને મહારાષ્ટ્ર જિલ્લામાં મજૂરી કામે જાય છે અને મજૂરી કામે જવાથી કયાંય બર્ડ ફલુ રોગમાં સપડાયેલાં છે અને એવા ઈસમોનાં જે મરણ થયેલાં છે એવા મરણ પામેલાં વ્યકિતઓના વારસદારોને સહાય આપવા માગો છો કે કેમ?

**શ્રીમતી ભાવનાબેન હે. ચપટવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, સૌપ્રથમ સરકારને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું કે સુરત જિલ્લામાં આ રોગ પ્રવેશી શકયો નથી, પરંતુ હું માનનીય મંત્રીશ્રીને એટલું પૂછવા માંગુ છુંકે, આમાં કેટલાં પક્ષીઓના મૃત્યુ થયાં છે અને સરકાર શું રાહત આપવા માગે છે? અને કેટલાં મનુષ્યોમાં આ રોગનાં ચિન્હો જણાઈ આવેલાં છે.?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં જે આંકડો આપ્યો તે આંકડા પ્રમાણે દાટી દેવામાં આવ્યા છે અને તેને પક્ષી દીઠ જે સહાય આપવામાં આવી છે તેમાં poultry માલિકોને અને farm owners આપવામાં આવવાનું શરૂ થઈ ગયું છે.

**ડૉ. નીમાબેન બી. આચાર્ય**: માનનીય અધ્યક્ષશ્રી, આ બર્ડ ફલુ ફેલાવાની જે દહેશત ઉભી થઈ, શંકા ઉભી થઈ અને તેના રિસ્પોન્સની અંદર ગંભીરતા સમજીને જે ત્વરિતતાથી જે એકશન લેવામાં આવ્યા તેને માટે હું અધિકારીગણ અને સમગ્ર ડિપાર્ટમેન્ટને ખૂબ ખૂબ અભિનંદન આપું છું કારણકે આ એટલી ગંભીર બાબત છે કે આવા આદિવાસી વિસ્તારની અંદર જે લોકોને આ રોગ લાગુ પડે તો તેના પરિણામો ખૂબ ગંભીર આવે અને આખા ગુજરાતમાં આવો રોગ ફેલાઈ શકે અને એટલા માટે મેં આ અભિનંદન આપ્યાં છે. મારે માત્ર એટલો જ પ્રશ્ન પૂછવો છે કે જે આ tamiflue tablets છે તે tamiflue tablets ખરેખર prophylic યુઝ માટે તેની requirement ની ગણતરી કેટલી કરવામાં આવી છે નંબર.૧ અને જે કર્મચારીઓ જે મેડિકલ અને paramedical સ્ટાફ જે વિસ્તારની અંદર કામ કરી રહયો છે તે લોકોને prophylically આ tamiflue tablets આપણે ખવડાવવા માગીએ છીએ કે કેમ?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રકારના પગલાં લેવામાં આવ્યા છે તે બાબતમાં tamiflue tablets ની બાબતમાં મેં કહયું કે આપણી પાસે ૧૯૦૦ જ પહેલાં હતી, બે હજાર મંગાવી પહેલા તબકકામાં, બીજી પાંચ હજાર લીધી છે અને જે કર્મચારીઓ કામ કરી રહયા છે તેને સુરક્ષિત વસ્ત્રો અને સુરક્ષિત anti-viral tablets આપવામાં આવી છે અને પૂરેપૂરા સુરક્ષાનાં પગલાં લેવામાં આવ્યા છે અને પરિણામે એમ કહી શકાય કે સુરત જિલ્લાની અંદર કે ગુજરાતની અંદર કોઈપણ ભાગમાં આજે Avian Influenza નો આપણે પ્રવેશ કરવા દીધો નથી.

**ડૉ. માયાબેન સુ. કોડનાની**: માનનીય અધ્યક્ષશ્રી, બર્ડ ફલુનો જે હાઉ ચારે બાજુ ફેલાયેલો છે અને માનનીય આરોગ્ય મંત્રીશ્રીના માર્ગદર્શનમાં જે પ્રમાણેની ગુજરાત સરકારે તકેદારી રાખી છે તે ખરેખર અભિનંદનને પાત્ર છે, પરંતુ આ હાઉના કારણે ચારે બાજુ બર્ડ ફલુ ફેલાય ગયો છે, ફેલાય ગયો છે ત્યારે નવાપુરમાં જયારે પહેલાં શરૂઆત થઈ ત્યારે તરતજ નવાપુરમાંથી અવર-જવર બંધ કરવાની જરૂર હતી તે થઈ નહોતી.એ સમયે નવાપૂરામાંથી પણ ઘણા લોકો બહાર નીકળી ગયા હતા. બાઉન્ડ્રી સીલ કરવાની જરૂર હતી, તે વખતે મહારાષ્ટ્ર સરકારે કરી નહોતી. એ વખતે મહારાષ્ટ્ર સરકારે જે તકેદારી લેવાની જરૂર હતી એ લેવાઈ નહોતી, પરંતુ ગુજરાત સરકારે ખૂબ સારી તકેદારી લીધી છે, એ ખરેખર અભિનંદનને પાત્ર છે. માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને બર્ડ ફલ્યુનો જે હાઉ છે, હવે જયારે ગુજરાતમાં આટલી સુંદર કામગીરી થઈ છે, ત્યારે આ હાઉ ન ફેલાય અને મિડિયા દ્વારા પણ વધારે પડતો એનો પ્રચાર ન થાય એના માટે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે તેઓ શું કરવા માગે છે?

**શ્રી અશોક ભટ્ટ** : સૌ પ્રથમ હું કહીશ કે ગુજરાત સરકારે લીધેલાં પગલાં વેબસાઈટ ઉપર મૂકયાં છે. મિડિયા, માધ્યમોને પણ પૂરી માહિતી આપી છે કે આપણે લીધેલાં પગલાં અસરકારક છે. ભારત સરકારની બંને ટીમોએ ગુજરાતના લીધેલાં પગલાંની સરાહના કરી છે. હવે નવું પગલું આપણે જે લઈ રહ્યા છીએ, એ સુરતની મેડિકલ કોલેજના પી.એસ.એમ. દ્વારા અને રાજય સરકારે લીધેલાં પગલાં અને પ્રાપ્ત કરેલ સફળતાની એક ડોકયુમેન્ટરી પણ ભારત સરકારને મોકલી આપીએ છીએ કે સફળ પગલાં આ પ્રમાણે લેવાય. મહારાષ્ટ્ર સરકારને પણ આ પ્રકારની કન્સલ્ટન્સી જોઈતી હશે તો રાજય સરકાર આપશે.

**અધ્યક્ષશ્રી** : નેકસ્ટ. (અંતરાય) પ્લીઝ. ૧૧૬ માં બે પ્રશ્નો હોય, છતાં આટલો બધો સમય આપ્યો છે. નો, નો. નેકસ્ટ.

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

### ગુજરાત સ્ટેટ ફાયનાન્સિયલ સર્વિસિસ લિમિટેડનો અહેવાલ

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત સ્ટેટ ફાયનાન્સિયલ સર્વિસિસ લિમિટેડનો સન ૨૦૦૪-૨૦૦૫ નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લંઉ છું.

**હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ અને સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**સામાન્ય વહીવટ વિભાગની અધિસૂચના**

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા (સામાન્ય વહીવટમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૦૫ ના માહિતીના અધિકાર બાબતના અધિનિયમ અન્વયેની સામાન્ય વહીવટ વિભાગની તા.૫-૧૦-૨૦૦૫ની અધિસૂચના ક્રમાંક: જીએસ-૩૦-૨૦૦૫-વીએચએસ-૧૦૦૫-૨૬૬૪-આરટીઆઈસેલને સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લંઉ છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની અધિસૂચના**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૧૯૭૨ ના ગુજરાત આવશ્યક સેવા જાળવવા બાબતના અધિનિયમ હેઠળ જનતા માટે વિદ્યુત ઉત્પાદન, પ્રવહન અને વિતરણ કરતા નિર્દિષ્ટ ઉદ્યોગોના તમામ રોજગારોને આવશ્યક સેવા જાહેર કરતી ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની તા. ૨૫-૧૦-૨૦૦૫ની અધિસૂચના ક્રમાંક:જીએચયુ-૨૦૦૫(૧૦૭)-જીઈબી-૧૦-૦૫-૭૦૯.ક ને સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૧૫૦૬ના અનુસંધાને વધારાની માહિતી**

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા (કલ્પસરમંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, હું તા. ૨૧/૩/૨૦૦૩ના રોજ (બીજી બેઠકમાં) સભાગૃહમાં રજૂ થયેલા માનનીય સભ્યશ્રી ભરતભાઈ સોલંકીના "કલ્પસર યોજનાનો ખર્ચ" વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫૦૬ (અગ્રતાક્રમ-૬) ના અનુસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લંઉ છું.

**માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**સભાગૃહના મેજ ઉપર મૂકાયેલાં અનુમતિ મળેલાં વિધેયકો**

**સચિવશ્રી :** માનનીય અધ્યક્ષશ્રી, હું અગિયારમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલાં અને જેને રાજયપાલશ્રીની અનુમતિ મળી છે, તેવાં સન ૨૦૦૫ ના વિધેયક ક્રમાંક- ૩૦, ૩૧ અને ૩૨ ને સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લંઉ છું.

**અનુમતિ મળેલાં વિધેયકો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

# ખર્ચના પૂરક પત્રકની રજૂઆત

**શ્રી નરેન્દ્રભાઈ મોદી (મુખ્યમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૦૫-૨૦૦૬ ના નાણાકીય વર્ષ માટેના ખર્ચના પૂરક પત્રકને રજૂ કરવાની રજા લંઉ છું.

**સન ૨૦૦૫-૨૦૦૬ ના નાણાકીય વર્ષ માટેનું ખર્ચનું પૂરક પત્રક રજૂ કરવામાં આવ્યું.**

**અધ્યક્ષશ્રી** : નેકસ્ટ.

# અંદાજપત્રની રજૂઆત

## સન ૨૦૦૬-૨૦૦૭ ના વર્ષ માટેના અંદાજપત્રની રજૂઆત

**શ્રી નરેન્દ્રભાઈ મોદી (મુખ્યમંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહ સમક્ષ ગૌરવ અને આનંદસભર લાગણીઓ સાથે વર્ષ ૨૦૦૬-૦૭નું અંદાજપત્ર રજૂ કરવા હું ઉપસ્થિત થયો છું.

**વિકાસનો વ્યૂહ**

માનનીય અધ્યક્ષશ્રી, અસામાન્ય પડકારોના આ યુગમાં આ અંદાજપત્ર દ્વારા ગુજરાતને નવી દિશા સાથે નવી સદીનો વિકાસ સંદેશ આપવો છે. આપણે વિકાસ પથને વૈશ્વિક પડકારોના પરિપ્રેક્ષ્યમાં અંકિત કરવાની જરૂર છે. આજે

ગુજરાત અને ભારત વિશ્વના ફલક ઉપર એક મહત્ત્વના પરિબળ તરીકે ઊભરી રહ્યાં છે અને તેના પ્રકાશમાં ભાવિ આયોજન અને સંકલ્પનાઓનો એક આલેખ સભાગૃહ સમક્ષ રજૂ કરવા માગું છું.

ભૂતકાળમાં દરેક સરકારે વિકાસ માટે નાના મોટા પ્રયાસો કર્યા છે. પરંતુ આ સરકારે વિકાસની હરણફાળ ભરવાનો પ્રયાસ કર્યો છે. એક જમાનો હતો જ્યારે પીવાના પાણી માટે હેન્ડપંપ નાખીએ, દુષ્કાળમાં રસ્તા માટે માટીકામ કરાવીએ કે તળાવ ઊંડાં કરાવીએ એને વિકાસ ગણવામાં આવતો હતો. આજે સમય જુદો છે. આજે માટીકામ નહીં પણ પેવર રોડની અપેક્ષા છે, હેન્ડપંપ નહીં પણ ઘરમાં નળ અને નળમાં પણ માત્ર પાણી જ નહીં, ગેસ પણ જોઇએ છે. પ્રત્યેક ગુજરાતી ગ્લોબલ ગુજરાતનાં સ્વપ્નાઓ આંખમાં આંજીને ઊભો છે ત્યારે એની અપેક્ષાઓ સમજીને વિકાસની એક નવી ઊંચાઇ હાંસલ કરવાનો અમારો સંકલ્પ છે. અમે વિકાસનાં નવાં સીમાચિહ્નો નક્કી કરી રહ્યા છીએ. માનનીય અધ્યક્ષશ્રી, **જ્યારે ક્રાન્તિ અને મોટાં પરિવર્તનો આકાર પામે છે ત્યારે સ્થાપિત થયેલી વ્યાખ્યાઓ કાલબાહ્ય બની જતી હોય છે.** અમે વિકાસની વ્યાખ્યાને પરંપરાના પીંજરામાંથી મુક્ત કરીને આજના વિશ્વ સાથે ગુજરાતને ગૌરવભેર પ્રસ્થાપિત કરવા વિકાસના આયામો, પ્રાથમિક્તાઓ, વિકાસના માપદંડોને યુગપ્રભાવક ઊંચાઇ પ્રાપ્ત કરી શકે તે રીતે નવેસરથી વ્યાખ્યાયિત કરી રહ્યા છીએ.

**ગુજરાતનો વિકાસ ૨૧ મી સદીની સમૃદ્ધિનો પાયો રચનારો હોય,**

**વિકાસ ઇંટ પથ્થરોના ભવનોથી ઉપર ઊઠીને લોકેચ્છાઓની પરિપૂર્તિ માટે હોય,**

**લોક સમર્થન આપણા વિકાસવિશ્વનો ધબકાર હોય,**

**લોકભાગીદારી વિકાસના રાજમાર્ગનું પ્રથમ પગથિયું હોય,**

**વિકાસનો માર્ગ વંચિતોના ઘર સુધી પહોંચે તેવી આયોજના હોય,**

**વિકાસમાં સર્વાંગીપણાંની સુગંધ હોય,**

**સમ્યક્ રીતે વિસ્તરતું વિકાસનું પોત હોય,**

**એની વૈવિધ્યસભર છટાઓ હોય,**

**વિકાસ ટુકડાઓમાં નહીં પણ એક અખંડ, કાયમી અને પરિણામકારી વ્યવસ્થાઓનો પોષક હોય,**

**વિકાસની અવધારણામાં આવનારા સમયનાં એંધાણ હોય,**

**વિજ્ઞાન અને ટેક્નોલોજીનો સુભગ સમન્વય વિકાસ યાત્રાની છડી પોકારતો હોય,**

એવી એક **વિકાસ યાત્રા**માં સામેલ થવા અને તેને આગળ વધારવા માટે આ સભાગૃહના સન્માનનીય સભ્યશ્રીઓના માધ્યમથી કરોડો ગુજરાતીઓને સામેલ કરવા ઊભો થયો છું.

**વિકાસ આંકડાઓની માયાજાળ નહીં પણ જનસામાન્યની અનુભૂતિ હોય,**

**વિકાસના પ્રત્યેક ડગમાંથી આવતીકાલનો પંથ ફૂટે એવી ગતિ અને દિશા નક્કી કરવાનો આ સમય છે,**

**વિકાસ બીજાં રાજ્યો સાથે માત્ર સ્પર્ધા માટે નહીં પણ ગુજરાતનો સામાન્ય માણસ એના જીવન-ધોરણ થકી વિશ્વના કોઇપણ વિકસિત દેશના નાગરિક સાથે સરખામણીમાં ઊભો રહી શકે તેવો હોય,**

**દુનિયાના વિકસિત દેશોની સમૃદ્ધિ ગુજરાતની ધરતી પર ઊતરી આવે તેવા સહિયારા પુરુષાર્થનો પ્રતિઘોષ વિકાસની આ પગદંડી ઉપર સંભળાય એવો અમારો પ્રયાસ છે.**

લોકશાહીમાં વિકાસની વાત જનમતની એરણે કસાયેલી હોય તે આવશ્યક છે. તાજેતરમાં **સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીઓનાં પરિણામ દ્વારા ગુજરાતના નાગરિકોએ આ સરકારની વિકાસ યાત્રાને મંજૂરીની મહોર મારી છે.** શહેરી વિસ્તાર હોય કે ગ્રામ્ય વિસ્તાર હોય, આદિવાસી પટ ટો હોય કે માછીમારોનો વિસ્તાર હોય, પાંચ કરોડ ગુજરાતીઓએ ગુજરાતની આ વિકાસ યાત્રાને ઐતિહાસિક સમર્થન પૂરું પાડયું છે. માનનીય અધ્યક્ષશ્રી, નાગરિકોના આશીર્વાદ અમને વિકાસના માર્ગ પર મક્કમ મને જવાની શક્તિ આપે છે. અમારી સરકાર, આ ક્ષણે આ સમર્થન માટે, લોકભાગીદારી માટે ગુજરાતના નાગરિક ભાઇ- બહેનોનો ઋણ સ્વીકાર કરે છે.

મહાનગ્રંથ વેદનો સંદેશ છે કે,

**સહનાવવતુ સહનો ભુનક્તુ,**

**સહવીર્યમ્ કરવાવહે,**

**તેજસ્વીનાવધિતમસ્તુ મા વિદ્વિષાવહે......**

આપણે સાથે મળીને કામ કરીએ, સાથે મળીને શક્તિ પ્રાપ્ત કરીએ, સાથે મળીને વિકાસ કરીએ, આપણી સૌની તેજસ્વિતામાં વૃદ્ધિ થાય.

આપણે વિકાસને પક્ષાપક્ષીથી પર બનાવવો છે. વિકાસનો યશ કેવળ સત્તા પક્ષને જ નહીં પણ બધા જ રાજકીય પક્ષોને, બધા જ નાના- મોટા કાર્યકર્તાઓને, ત્યાગ અને બલિદાનની ગાંધીજી, સરદાર પટેલ અને રવિશંકર મહારાજે પ્રબોધેલી સેવાભાવનાથી રાત-દિવસ સેવામાં રત એવાં સંગઠનોને, મારા સાથી કર્મયોગીઓને અને **આપણા સૌના આરાધ્ય પાંચ કરોડ ગુજરાતીઓ**ને, વિકાસની પ્રત્યેક યશકલગી માટે, પ્રત્યેક સિદ્ધિ માટે, પ્રગતિના પ્રત્યેક સોપાન માટે **યશના ભાગીદાર** ગણું છું.

આપણે દારૂણ દુષ્કાળના દિવસો પણ જોયા છે. ધરતી ધ્રુજી ત્યારે મોત અને વિનાશનું તાંડવ પણ આપણે જોયું છે. પૂર જોયાં છે, ચક્રવાતની લપડાક પણ ખાધી છે. અકસ્માતોની કરૂણાંતિકા પણ અનુભવી છે પણ આજે મને ગૌરવથી કહેવા દો, આ બધામાંથી આપણે પાર ઊતર્યા છીએ. **પ્રત્યેક આપત્તિને આપણે અવસરમાં પરિવર્તિત કરી છે**. આપત્તિમાં ખભેખભા મીલાવીને આપણા ભાઇભાંડુનાં આંસુ લૂછવામાં પાછા પડયા નથી અને જગત આખાયે નોંધ લેવી પડે એવું પ્રજાકીય પીઠબળ આપણને મળ્યું છે.

**માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે નીતિ સ્પષ્ટ હોય અને નિયત સાફ હોય ત્યારે ઇશ્વરનો પણ આપણને સાથ મળતો હોય છે. કુદરત પણ સાનુકૂળ બનતી હોય છે.**

વિકાસમાં લોકભાગીદારી લોકશાહીની સાચી ભાવનાનું પ્રતિબિંબ બની રહેતી હોય છે. **લોકો માટે, લોકો થકી વિકાસના માહાત્મ્યને** અમે સ્વીકાર્યું છે તે જ રીતે સરકારમાં કામ કરતા સાથીઓના વિરાટ કાફલાને **કર્મયોગી** બનાવી વિકાસ તથા લોકશાહી અનુરૂપ કાર્યસંસ્કૃતિ માટે આયોજનબદ્ધ પ્રયાસ કર્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, પ્રજાભિમુખ કાર્યસંસ્કૃતિ અને **લોકભાગીદારી કેવા કીર્તિમાન સ્થાપિત કરે** છે તે શહેરી વિકાસ વર્ષમાં જનસહયોગથી એક લાખ જેટલાં દબાણ હટે અને સુજલામ સુફલામ જેવી કલ્યાણ યોજનામાં ખેડૂતોની સંમતિથી જમીન સંપાદન થાય તેવાં અનેક શ્રેષ્ઠ ઉદાહરણોની હારમાળા જોવા મળે છે.

**રાજ્યનો વિકાસદર**

મને જણાવતાં આનંદ થાય છે કે, દશમી પંચવર્ષીય યોજનાના પ્રથમ ચાર વર્ષ, અર્થાત્ ૨૦૦૨-૦૩ થી ૨૦૦૫-૦૬ના ગાળા દરમિયાન, રાજ્યના ઘરગથ્થુ ઉત્પાદનનો સરેરાશ **વાર્ષિક વૃદ્ધિ દર** ૯.૭ ટકા થશે. યોજનાના છેલ્લા વર્ષ ૨૦૦૬-૦૭ના અંતે ઉદ્યોગ તથા સેવા ક્ષેત્રે સાતત્યપૂર્ણ વિકાસની તકો તેમજ કૃષિક્ષેત્રે રાજ્ય સરકારે લીધેલાં વિવિધ પ્રભાવી પગલાંઓને આધારે દશમી પંચવર્ષીય યોજના માટેના આયોજન પંચ દ્વારા નક્કી કરાયેલા ૧૦.૨ ટકા વૃદ્ધિ દરના લક્ષ્યાંકને ગુજરાત સિદ્ધ કરશે તેવી મને શ્રદ્ધા છે.

**રાજ્યની વાર્ષિક યોજના**

વર્ષ ૨૦૦૬-૦૭ માટેની વાર્ષિક યોજનાનું કદ રૂા. ૧૨૫૦૩.૫૦ કરોડ નક્કી કરવામાં આવેલ છે જેની સદરવાર ફાળવણી આ પ્રમાણે છે.

( રૂા. કરોડમાં )

| ક્રમ | સદર | જોગવાઇ |
|---|---|---|
| ૧. | કૃષિ અને સંલગ્ન સેવાઓ | ૫૯૦.૮૨ |
| ૨. | ગ્રામીણ વિકાસ | ૫૧૯.૯૧ |
| ૩. | સિંચાઇ અને પૂરનિયંત્રણ | ૩૮૮૭.૨૦ |
| ૪. | ઊર્જા | ૧૦૨૦.૭૩ |
| ૫. | ઉદ્યોગ અને ખનિજ | ૩૮૭.૫૦ |
| ૬. | વાહનવ્યવહાર | ૧૨૧૬.૫૨ |
| ૭. | સંદેશાવ્યવહાર | ૧૯.૫૭ |
| ૮. | વિજ્ઞાન, પ્રૌદ્યોગિકી અને પર્યાવરણ | ૧૨૪.૨૩ |
| ૯. | સામાન્ય આર્થિક સેવાઓ | ૩૦૩.૨૫ |
| ૧૦. | સામાજિક સેવાઓ | ૪૪૨૬.૨૪ |
| ૧૧. | સામાન્ય સેવાઓ | ૭.૫૩ |
| | **કુલ** | **૧૨૫૦૩.૫૦** |

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૧૯૯૭-૯૮માં રાજ્યની વાર્ષિક યોજનાનું કદ રૂા. ૪૫૦૦ ક્રોડ હતું, જે આજે ત્રણ ગણું થવા જાય છે. જ્યારે વર્ષ ૨૦૦૬-૦૭ની વાર્ષિક યોજનામાં માત્ર સામાજિક સેવાઓ જેવી કે, આરોગ્ય, શિક્ષણ, પીવાનું પાણી, આવાસ, સમાજ કલ્યાણ, મહિલા બાળવિકાસ વગેરે માટે રૂા. ૪૪૨૬.૨૪ ક્રોડ જેવી માતબર રકમની ફાળવણી કરવામાં આવી છે.

**નર્મદા યોજના** માટે રૂા. ૨૬૦૦ ક્રોડ, **સુજલામ સુફલામ યોજના** માટે રૂા.૧૪૧૯.૭૧ ક્રોડ મળી રૂા. ૪૦૧૯.૭૧ ક્રોડ જેટલી રકમ ખેડૂતોને સિંચાઇ માટે તથા રાજ્યના લોકોને પીવાનું શુદ્ધ પાણી ઉપલબ્ધ કરવાના હેતુ અર્થે ફાળવી છે. **ગ્રામવિકાસ**ની યોજનાઓ માટે રૂા. ૫૧૯.૯૧ ક્રોડની રકમ ફાળવેલી છે. રાજ્યના **રસ્તાઓ**ના વિકાસ અને **વાહનવ્યવહાર**ની સગવડ પૂરી પાડવા રૂા. ૧૨૧૬.૫૨ ક્રોડની ફાળવણી કરી છે. ઊર્જા પેટાસદરે વર્ષ ૨૦૦૬-૦૭માં
રૂા. ૧૦૨૦.૭૩ ક્રોડની ફાળવણી કરેલ છે.

**કૃષિ**

રાજ્યના કૃષિવિભાગ અને કૃષિવૈજ્ઞાનિકોને ખેતર સુધી લઇ જવાના **કૃષિ મહોત્સવ** માધ્યમથી થયેલ સફળ પ્રયોગે કૃષિક્ષેત્રે નવી આશા જન્માવી છે. જળસંચય, જળસિંચન, ટપક સિંચાઇ, સોઇલ હેલ્થ કાર્ડ, એગ્રો પ્રોસેસિંગ દ્વારા મૂલ્યવૃદ્ધિ જેવા વિવિધ આધુનિક વૈજ્ઞાનિક પ્રયાસોથી રાજ્યને બીજી **હરિયાળી ક્રાંતિ**નું નેતૃત્વ કરવા માટે તૈયાર કરવાની અમારી નેમ છે. આધુનિક વિજ્ઞાનને ધ્યાને રાખી **સોઇલ ટુ સેટેલાઇટ અને લેન્ડ ટુ લેબ**ના અભિગમ સાથે કૃષિ યુનિવર્સિટીને ખેડૂત પરિવાર અને કૃષિ જગતનું અવિભાજ્ય અંગ બનાવ્યું છે. ગુજરાતના **કૃષિ મહોત્સવ**નો પ્રયોગ કૃષિક્ષેત્રે વિકાસ ઇચ્છતાં રાજ્યો માટે અભ્યાસનો વિષય બનેલ છે. નાના ખેડૂતો, આદિવાસી ખેડૂતોનો **વાડી પ્રોજેક્ટ** એક સફળ પ્રયોગ છે. **રતન જ્યોત**ની ખેતીમાં ગુજરાતના કિસાનોને જોડીને બાયોફ્યુઅલ દ્વારા વિદેશી હૂંડિયામણ બચાવવાની દિશામાં કાર્યરત છીએ. આ માટે રાજ્ય **બાયોફ્યુઅલ મિશનની** રચના કરવામાં આવશે.

કૃષિ મહોત્સવ દરમિયાન માત્ર ૩૦ જ દિવસમાં ૬૩,૮૩૪ જળસંચયનાં કામો કરવામાં આવેલાં છે. પરિણામે, પાણીના તળ ખૂબ ઊંચાં આવ્યાં છે.

**માઇક્રો ઇરીગેશન**ની નીતિ અપનાવી, ગુજરાત ગ્રીન રીવોલ્યુએશન કંપની સ્થાપી છે. જે દ્વારા ડ્રીપ ઇરીગેશન અને સ્પ્રીંક્લર પદ્ધતિને વધુ વેગ મળ્યો છે.

નાના, સીમાંત, અનુસૂચિત જાતિ અને અનસૂચિત જનજાતિના ત્રણ લાખ ખેડૂતોને કૃષિ, બાગાયત અને પશુપાલન મારફત આગામી કૃષિ મહોત્સવ દરમિયાન **વિનામૂલ્યે કીટ** આપવાનું આયોજન છે. જે માટે રૂા. ૩૯ ક્રોડની જોગવાઇ સૂચવી છે.

ઇસબગુલ, કેરી, કેળાં, તલ, જીરૂ વગેરે જેવા મહત્ત્વના પાકોમાં ઓદ્યોગિક ગૃહ દ્વારા એગ્રો પ્રોસેસિંગ થકી મૂલ્યવૃદ્ધિ થાય તેવા પ્રયાસો કરવામાં આવશે, જેનાથી રાજ્યમાં રોજગારીની ઘણી તકો ઉપલબ્ધ થશે.

**કૃષિ અને બાગાયત** માટે રૂા. ૨૦૫.૯૧ ક્રોડની જોગવાઇ છે. જે પૈકી અનુસૂચિત જનજાતિના ખેડૂતો માટે રૂા. ૧૬.૧૩ ક્રોડ અને અનુસૂચિત જાતિના ખેડૂતો માટે રૂા. ૮.૧૫ ક્રોડની જોગવાઇ છે.

**સહકાર**

સહકારી આંદોલનમાં ગુજરાતનો દબદબો હંમેશા આખા દેશે સ્વીકાર્યો છે. કમનસીબે સહકારના આત્માને પીંખી નાખવા માટે અનેક હિતજૂથો દ્વારા પ્રયાસો થયા છે. આવા ભયાનક વાવાઝોડામાંથી સહકારી ક્ષેત્ર અને સહકારી આત્માને બચાવવા રાજ્ય સરકારે નીતિ વિષયક અનેક નિર્ણયો લીધા, આકરાં પગલાં લીધાં અને કાયદાકીય સુધારા કર્યા. **રાજ્યની ૩૦ ટકા પ્રજા જ્યારે ૫૮,૦૦૦ કરતાં વધુ સહકારી મંડળીઓ સાથે પ્રવૃત્ત છે** ત્યારે સહકારી પ્રવૃત્તિનો વ્યાપ દૂધ જેવી જીવન જરૂરિયાત ચીજવસ્તુઓથી શરૂ થઇ પાણી અને નાણા પહોંચાડવા સુધી પ્રસર્યો છે. સૌરાષ્ટ્રમાં પશુપાલન ઉદ્યોગને મહત્ત્વ આપવામાં પહેલ કરીને એન.ડી.ડી.બી.ના સહયોગથી જૂનાગઢની વર્ષોથી બંધ પડેલ ડેરીને ચાલુ કરીને તથા કચ્છ, સૌરાષ્ટ્રની ડેરીઓને અને અન્ય ડેરીઓને સમૃદ્ધ કરવાની દિશામાં યોજનાબદ્ધ રીતે આગળ વધી રહ્યા છીએ.

**ખેતબજાર ઉત્પન્ન સમિતિઓ આધુનિક બને, ઇન્ફર્મેશન ટેક્નોલોજીનો લાભ ખેડૂતને મળે**, ખેડૂત આધુનિક વિજ્ઞાનની મદદથી **છેલ્લામાં છેલ્લા કૃષિ ભાવ/ વલણોથી જાણકાર** થાય અને તેને પૂરું વળતર મળે તેવું માળખું ઊભું કરવાની દિશામાં અમે પ્રયશીલ છીએ આ ઉપરાંત, એ.પી.એમ.સી. એક્ટમાં જરૂરી સુધારા કરવાના છીએ. સહકારી ક્ષેત્ર

દ્વારા ઉત્પાદનને વિશ્વબજારમાં સ્થાન મળે તે બાબતના અમારા પ્રયાસ છે. સહકારી ક્ષેત્રમાં મહિલાઓના પ્રાધાન્યને રાજ્ય સરકાર પ્રોત્સાહન આપવા માગે છે.

**જળ વ્યવસ્થાપન**

ગુજરાતની ઓળખ શ્વેત ક્રાંતિ સાથે જોડાયેલી છે. સતત અછતમાં જીવતું ગુજરાત, આજે જળ ક્રાંતિને કારણે ગુજરાત પાણીદાર બન્યું છે. જળસંચય અને જળસિંચનમાં આધુનિક ટેક્નોલોજી અને લોકભાગીદારીનો સુભગ સંયોગ કરીને ગુજરાતે આ સિદ્ધિ મેળવી છે. ધરોઇ ડેમની જળ વિતરણ માટેની **પાર્ટીશીપેટરી ઇરીગેશન મેનેજમેન્ટ**ની(PIM) પદ્ધતિ સમગ્ર દેશ માટે અભ્યાસનો વિષય બનેલ છે. તે જ રીતે કચ્છમાં પીવાના પાણીના પ્રબંધનમાં WASMO દેશ માટે મોડેલરૂપ બનેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, પાંચ વર્ષ પહેલાં ૪૦૫૪ ગામોમાં ટેન્કરથી પાણી પહોંચાડવામાં આવતું હતું તે સંખ્યા ઘટીને આજે માત્ર ૧૨૫ થવા પામી છે. પાણી પુરવઠાની વિવિધ યોજનાઓ માટે **રૂા. ૮૪૨ કરોડની** જોગવાઇ સૂચવાઇ છે.

**સુજલામ સુફલામ યોજના** જળ વ્યવસ્થાપન ક્ષેત્રે ગુજરાત દ્વારા કરવામાં આવી રહેલ અનોખો ઉપાય છે. **૩૩૭ કિલોમીટર** લાંબી **સુજલામ સુફલામ** સ્પ્રેડીંગ કેનાલ એક મહત્ત્વનું સીમાચિ□ છે. **ચેકડેમ, બોરીબંધ, ખેતતલાવડી, કોઝવે ઇત્યાદિ જેવાં વોટર સ્ટ્રકચર્સ અસ્તિત્વમાં આવેલ** હોવાથી તેમજ નદીઓના આંતરજોડાણને કારણે વિપુલ પ્રમાણમાં ભૂગર્ભ જળ રિચાર્જ થતાં, કૃષિ ઉત્પાદનમાં લાભ થયો છે.

ભારતમાં અનેક અર્થશાસ્ત્રીઓ અને જળ વ્યવસ્થાપનના તજજ્ઞોએ **નદીઓનું એકીકરણ**(રીવર લીન્કીંગ) સૂચવ્યું છે. ગુજરાતે નદીઓનું એકીકરણ કરી, જળ ક્રાંતિના ઇતિહાસમાં એક નવું પ્રકરણ ઉમેર્યું છે.

માતૃગયા તીર્થ તરીકે પ્રસિદ્ધ સિદ્ધપુર ખાતે **સરસ્વતી-નર્મદા મહાસંગમ**નું ભગીરથ કામ અમારી સરકારે પૂરું કરીને ભારતના સાંસ્કૃતિક જીવનને મહિમાવંત કર્યું છે.

**સરદાર સરોવર**

માનનીય અધ્યક્ષશ્રી, સરદાર સરોવર બંધ એ કોઇ એક પક્ષનો કે કોઇ એક સરકારનો એજન્ડા નથી, સૌએ સાથે મળી અનેક અવરોધ વચ્ચે આ મહત્ત્વાકાંક્ષી યોજનાને આગળ વધારી છે. સૌના સહયોગથી નર્મદા કન્ટ્રોલ ઓથોરીટી, બંધની ઉંચાઇ ૧૨૧.૯૨ સુધી લઇ જવા માટે મંજૂરી આપશે અને તેનું બાંધકામ તુરત જ હાથ ધરવામાં આવશે તે ઉપરાંત શાખા, પ્રશાખાના કામને પ્રાથમિક્તા આપવામાં આવી છે. આમ, આ મહત્ત્વાકાંક્ષી યોજના પૂરી થતાં આપણા સૌનું સ્વપ્ન સાકાર થશે.

માનનીય અધ્યક્ષશ્રી, આ બંધના નિર્માણના ઇતિહાસમાં અત્યાર સુધીની **સૌથી** મોટી **રૂા. ૨૬૦૦ કરોડની ફાળવણી** કરી આ અતિમહત્ત્વના કામને અમે સર્વોચ્ચતા આપી છે.

**ગ્રામીણ વિકાસ**

ગામડું ભારતનો આત્મા છે. ગામડાનો સર્વાંગીણ વિકાસના ધ્યેય સાથે બહુઆયામી યોજનાઓ દ્વારા થયેલ વિકાસ ગામડામાં અનુભવી શકીએ છીએ. **ગોકુળગ્રામ** દ્વારા આંતરમાળખાકીય સુવિધા, **જ્યોતિગ્રામ** દ્વારા જીવન ધોરણમાં ઉદ્યમશીલતા, **ઇ-ગ્રામ** દ્વારા આધુનિક્તા, **વિશ્વગ્રામ** દ્વારા વિશ્વની સાથે અનુસંધાન, **સમરસગ્રામ** દ્વારા સંવાદિતાની અને **તીર્થગ્રામ** દ્વારા **'**એક જન એક મન**'**ની અનુભૂતિ થાય.

ઇ- ગ્રામ બનાવવા માટે પછાત અને આદિવાસી વિસ્તારોને પ્રાધાન્ય અપાયું છે. ભવિષ્યમાં ઇ- ગ્રામ પંચાયત, **ઇ- સર્વિસ કેન્દ્ર** તરીકે ઊભરી આવશે. ઇ- ગ્રામ માટે રૂા. ૩૦ કરોડની જોગવાઇ સૂચવાયેલી છે.

વર્ષ ૨૦૦૬-૦૭ દરમિયાન અન્ય યોજનાઓ સાથે સંપૂર્ણ ગ્રામીણ રોજગાર યોજનાનું સંકલન કરી, અંદાજે **૧૯૧ કરોડ માનવ દિનની રોજગારી** ઊભી કરવામાં આવશે. વિવિધ **ગ્રામ્ય આવાસ** યોજનાઓ હેઠળ **૮૨,૩૮૮ નવા આવાસ** અને ૧૦,૮૬૦ આવાસ સુધારણાનું આયોજન છે. જે માટે રૂા. ૧૨૬.૩૦ કરોડ જોગવાઇ સૂચવી છે. સ્વર્ણ જયંતિ રોજગાર યોજના હેઠળ અત્યાર સુધી ૬૦,૩૬૪ જૂથોની રચના થયેલી છે. નેશનલ રૂરલ એમ્પ્લોયમેન્ટ ગેરન્ટી યોજના હેઠળ રાજયના ૬ જિલ્લાઓને આવરી લેવાયા છે. તેની અમલવારી માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે અને તે માટે જરૂરી નાણાકીય જોગવાઇ પણ સૂચવેલ છે. **ગ્રામ વિકાસ**ના વિવિધ કાર્યક્રમો માટે રાજ્ય સરકારના હિસ્સાની કુલ **રૂા. ૩૧૫.૯૬ કરોડની** જોગવાઇ સૂચવેલ છે.

સમગ્ર ગુજરાતમાં ટોટલ સેનીટેશનનો મહત્ત્વાકાંક્ષી કાર્યક્રમ હાથ ધર્યો છે અને "દેવાલય પહેલાં શૌચાલય"નો મંત્ર ઘરે ઘરે ગૂંજતો કરવાનો પ્રય છે.

**અવિકસિત વિસ્તારોનો વિકાસ**

રાજ્ય સરકારે બધા તાલુકાઓના આર્થિક અને ઓદ્યોગિક વિકાસનું ઝીણવટભર્યું સર્વેક્ષણ કરાવ્યું છે અને તેના અંતે કેટલાક તાલુકાઓ જે વિકાસની હરોળમાં છેલ્લે ઊભા છે તેમના ઝડપી વિકાસ માટે વિવિધ વિભાગો દ્વારા જે વિશેષ લક્ષ આપી કાર્યવાહી હાથ ધરાશે તે ઉપરાંત ખાસ કાર્યક્રમો હાથ ધરવાનું આયોજન છે. આ માટે **રૂા.૩૦ કરોડની ખાસ જોગવાઇ** સૂચવેલ છે.

**વંચિતોનો વિકાસ**

"જનસેવા તે પ્રભુસેવા" એ આપણી સાંસ્કૃતિક પરંપરા છે તેથી અમારી સરકારે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, આર્થિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના પ્રજાજનોના વિકાસ માટે સંકલિત પ્રયાસો કર્યા છે.

ગરીબી રેખા હેઠળનાં કુટુંબોની ધોરણ- ૮ માં અભ્યાસ માટે બહારગામ જનાર અનુસૂચિત જનજાતિ, અનુસૂચિત જાતિ અને વિક્સતી જાતિની કુલ **૪૮,૩૩૩ કન્યાઓ**ને વિનામૂલ્યે **સાઈકલ** અપાશે, જે માટે રૂા. ૭.૨૫ કરોડની જોગવાઇ સૂચવી છે.

અનુસૂચિત જનજાતિ, અનુસૂચિત જાતિ અને વિક્સતી જાતિના કુલ **૪૯,૬૩,૦૦૦ વિદ્યાર્થીઓને બે જોડ ગણવેશ** માટે પ્રત્યેક્ને રૂા. ૧૫૦ આપવા અર્થે **રૂા. ૭૪.૭૮ કરોડની** જોગવાઇ સૂચવી છે.

અનુસૂચિત જનજાતિ, અનુસૂચિત જાતિ અને વિક્સતી જાતિના જુદી જુદી કક્ષામાં ભણતા **૭૩,૦૮,૪૦૪ વિદ્યાર્થીઓ**ને પ્રવર્તમાન યોજના હેઠળ **શિષ્યવૃત્તિ** અપાશે, જે માટે **રૂા.૧૪૫.૫૬ કરોડની** જોગવાઇ સૂચવી છે.

**અનુસૂચિત જાતિની કન્યાઓ** માટે જૂનાગઢ અને મહેસાણા ખાતે **કન્યા છાત્રાલય** બાંધવામાં આવશે.

રાજ્યની ગૌરવસમી ગુજરાત પેટર્ન યોજના હેઠળ આદિવાસી વિસ્તારમાં રસ્તા, સિંચાઇ, આવાસો, રોજગારીની તકો ઊભી કરવાની યોજનાઓ અને શાળાના ઓરડા જેવી માળખાકીય સુવિધાને પ્રાધાન્ય આપવામાં આવશે.

આદિજાતિ કુટુંબોને વૈવિધ્યીકરણ દ્વારા વધુ વળતર આપતા પાકો તરફ વાળવાનો અભિગમ છે. વર્ષ ૨૦૦૬-૦૭ દરમિયાન **૧૨,૦૦૦** જેટલી જમીનને આવરી લઇ **વાડી યોજના**નો કાર્યક્રમ હાથ ધરાશે. સુગંધિત ઘાસની ખેતી, ટિસ્યુ કલ્ચર, **મશરૂમ ઉત્પાદન, જેટ્રોફા** અને દુધાળાં ઢોર જેવી યોજનાનો લાભ પણ ઉપલબ્ધ થશે.

રાજકોટ, હિંમતનગર, પોરબંદર, નડિયાદ, સુરેન્દ્રનગર, ભરૂચ, અમરેલી અને વલસાડ જિલ્લા મથકે **ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવનો**નું નિર્માણ વેળાસર પૂર્ણ કરવામાં આવશે.

ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ દ્વારા **બેન્કેબલ યોજના**, **માનવ ગરિમા યોજના** અને રાષ્ટ્રિય અનુસૂચિત જાતિ ધિરાણ અને વિકાસ નિગમની યોજના હેઠળ અનુસૂચિત જાતિના **૨૪,૬૦૦ લાભાર્થીઓ**ને આવરી લેવાશે તેમજ ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમની યોજના હેઠળ વિક્સતિ જાતિના **૮૬૦૦ લાભાર્થીઓ**ને આવરી લેવાશે.

અનુસૂચિત જનજાતિ કલ્યાણ માટે આયોજન સદરે રૂા. ૧૭૦.૯૬ કરોડ, વિક્સતી જાતિ કલ્યાણ માટે રૂા. ૧૯૦.૨૫ કરોડની જોગવાઇ છે. અનુસૂચિત જાતિ કલ્યાણ માટે રૂા. ૧૧૨.૦૪ કરોડની જોગવાઇ છે, જે પૈકી રૂા. ૧૭.૫૦ કરોડ સફાઇ કામદારો અને તેમના આશ્રિતોના પુનઃસ્થાપન માટે સૂચવેલ છે. અનુસૂચિત જનજાતિ, અનુસૂચિત જાતિ તથા વિક્સતિ જાતિ કલ્યાણની વિવિધ પ્રવર્તમાન યોજનાઓનો લાભ પણ મળશે.

**સમાજ સુરક્ષા**

સમાજ સુરક્ષા માટે ગત વર્ષની રૂા. ૩૪.૭૪ કરોડ આયોજન હેઠળની જોગવાઇ સામે ચાલુ વર્ષે **રૂા. ૬૩.૯૩ કરોડની** જોગવાઇ સૂચવાયેલ છે. **બાળગૃહ, ભિક્ષુકગૃહ** અને **વિકલાંગો**ની સંસ્થાઓમાં માળખાગત સુવિધાઓ વધારવા રૂા. ૧.૬ કરોડની જોગવાઇ છે. વિકલાંગોની હાલની સંસ્થાઓમાં **૨,૦૦૦** વધુ બાળકોને સમાવી લેવા રૂા. ૨.૮૨ કરોડની જોગવાઇ સૂચવી છે.

**વન**

અમારી સરકાર, વનનું રક્ષણ અને વનનું સંવર્ધન એમ બંને મોરચે સંકલ્પબદ્ધ રીતે વનની વૃદ્ધિ થાય તે માટે પ્રયશીલ છે. **સરહદ વિસ્તારે વનીકરણનો વિકાસ, પુનિત વન, નક્ષત્ર વન, આરાધ્ય નવગ્રહના વન** વિકાસ સાથે ડેમ સાઇટ ઉપર પણ વન સંપત્તિનો વિકાસ થાય તે દિશામાં અમે પ્રયશીલ છીએ. વનક્ષેત્રે **રૂા. ૧૬૧.૪૪ કરોડની** જોગવાઇ પેકી રૂા. ૫૨.૭૫ ક્રોડ આદિજાતિ વિસ્તાર પેટાયોજના માટે અને રૂા. ૬ ક્રોડ ખાસ અંગભૂત યોજના હેઠળ સૂચવાયેલ છે. વનક્ષેત્રે **૧૦૮ લાખ માનવદિન** ઉત્પાદિત કરી, **રોજગારી**ની તકો ઊભી કરવાનું આયોજન છે.

**શિક્ષણ**

માનનીય અધ્યક્ષશ્રી, આજના યુગમાં એ બાબત સર્વસ્વીકૃત છે કે **વિકાસ** અને **શિક્ષણ સહધર્મી** છે. શિક્ષણનો વ્યાપ અને ગુણવત્તા વિકાસનો મજબૂત પાયો રચે છે. શિક્ષણમાં પણ પ્રાથમિક શિક્ષણનું મહત્ત્વ ઘણું ઊંચું છે. સમૃદ્ધ ગુજરાતનું સ્વપ્ન સાકાર કરવા માટે શિક્ષણને, શિક્ષણની ગતિને, ભૂતકાળના બીબાઢાળ પ્રયાસોમાંથી બહાર કાઢીને ખૂબ સારાં પરિણામો મેળવવામાં આપણે સફળ થયા છીએ. **વિદ્યાસહાયકો**ની ભરતી, **શાળાના ઓરડા**ઓ અને અન્ય માળખાકીય સુવિધાઓ, **શાળા પ્રવેશોત્સવ, કન્યા કેળવણી રથયાત્રા, વિદ્યાલક્ષ્મી બોન્ડ, વિદ્યાર્થીઓનું આરોગ્ય પરીક્ષણ, વિદ્યાર્થીઓનો વીમો,** શિક્ષણ એ જ એક ધર્મ બને તે હેતુથી શિક્ષકોને કર્મયોગી તાલીમ જેવા અનેકવિધ પ્રયાસોનું સુખદ ફળ ગુજરાતને નસીબ થયું છે. શાળામાં સો ટકા ભરતી અને ડ્રોપ આઉટના ઝીરો રેશિયાના લક્ષ્યાંક સાથે શિક્ષણક્ષેત્રે ખૂબ મોટું બીડું ઉપાડયું છે અને સોના સહિયારા પ્રયાસોથી ડ્રોપ આઉટ રેશિયામાં ધરખમ ઘટાડો પણ થયો છે. વર્ષ ૨૦૦૦-૦૧માં ધોરણ-૧ થી ૫ માં ડ્રોપ આઉટ રેશિયો ૨૦.૫૦ ટકા હતો જેમાં ઉત્તરોત્તર ધરખમ ઘટાડા સાથે **૨૦૦૫-૦૬માં તે ૫.૧૩ ટકા** સુધી લઇ આવ્યા છીએ. એ જ પ્રમાણે **ધોરણ- ૧ થી ૭ માટે** વર્ષ ૨૦૦૦-૦૧માં ડ્રોપ આઉટ રેશિયો ૩૭.૧૫ ટકા હતો તે ઘટીને વર્ષ ૨૦૦૫-૦૬માં **૧૧.૮૨ ટકા થવા પામ્યો છે**.

શિક્ષણમાં લોકભાગીદારીનું નવું સીમાચિન્હ એટલે **સાક્ષરદીપ યોજના.** બી.એડ. અને પી.ટી.સી.ના વિદ્યાર્થીઓની જહેમત અને ખંતને કારણે સાક્ષરદીપ યોજના દીવાદાંડીરૂપ બની છે. ૧૫ વર્ષથી વધુ ઉંમરના નિરક્ષર નાગરિકોને સાક્ષર બનાવવાની આ યોજનાએ ખૂબ જ ટૂંકા ગાળામાં **૧૫ લાખ નાગરિકોને સાક્ષર** બનાવ્યા છે. તે પેકી નવ લાખ મહિલાઓ સાક્ષર બનેલ છે. આ યોજના આગામી વર્ષ ૨૦૦૬-૦૭માં પણ ચાલુ રહેશે.

ગુજરાત આજે દેશમાં ઓદ્યોગિક વિકાસની ધુરા સંભાળી રહેલ છે ત્યારે **ટેક્નીકલ શિક્ષણ**નું મહત્ત્વ અનેકગણું વધી જાય છે. એકવીસમી સદીમાં **ઇન્ફર્મેશન ટેક્નોલોજી, બાયોટેક્નોલોજી** અને **નેનોટેક્નોલોજી** ક્ષેત્રે ગુજરાતની શિક્ષણ સંસ્થાઓ સમગ્ર દેશનું ધ્યાન ખેંચી રહેલ છે. યુનિવર્સિટીના કાર્યક્ષેત્રમાં પણ આધુનિક્તા, વેજ્ઞાનિક્તાને મહત્ત્વ આપીને રાજ્યની અને દેશની આવશ્યક્તાની દિશામાં આગળ વધવાનો વ્યૂહ અપનાવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, માળખાકીય સુવિધાઓ ઉપરાંત આધુનિક સ્પર્ધાત્મક યુગમાં ટકવું હોય તો ગુણવત્તાયુક્ત શિક્ષણની ઉપેક્ષા ન થઇ શકે તે હેતુથી **આગામી દિવસોમાં શિક્ષણ પાછળ થતો ખર્ચ, અપાતી ગ્રાન્ટને ગુણવત્તાના ધોરણો સાથે જોડવામાં આવશે.** શિક્ષક પણ શિક્ષણ જગતના આગેવાનોની એરણે કસાય તે હેતુથી શિક્ષણની ગુણવત્તા અને **શાળાઓનું થર્ડ પાર્ટી ઇન્સ્પેક્શન** અને **શાળાના ગ્રેડીંગની આગવી પ્રથા પ્રારંભ કરવાની સરકારની નેમ છે**. વાલીઓ પોતાનાં સંતાનોને શિક્ષણક્ષેત્રે જરૂરી અદ્યતન માહિતી અને ઉપલબ્ધ તકો અંગેની વિગતો મેળવી શકે તે માટે શિક્ષણ વિભાગ દ્વારા **કોલ સેન્ટર**નો પ્રારંભ કરવામાં આવશે.

પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચત્તર અને ટેક્નીકલ શિક્ષણ માટે **રૂા. ૬૩૧ કરોડની** જોગવાઇ સૂચવી છે.

**મધ્યાહ્ન ભોજન યોજના**નો વ્યાપ વધારીને **૮૦૦ જેટલી વધુ શાળાઓ**ને તેનો લાભ મળે તે માટે વ્યવસ્થા કરવામાં આવશે. મધ્યાહ્ન ભોજનની ગુણવત્તામાં સુધારો થાય તે માટે નક્કર પગલાં ભરવામાં આવશે. આ યોજના હેઠળ **રૂા.૨૩૧.૬૪ કરોડ**ની જોગવાઇ સૂચવવામાં આવી છે.

**સાયન્સ અને ટેક્નોલોજી**

અગાઉની સદીઓમાં માનવ જીવનની વિકાસ યાત્રામાં જે બાબતોના વિકાસ માટે ૧૦૦ વર્ષ લાગતાં હતા તેને હવે ૧૦ વર્ષ લાગે છે તેનું મુખ્ય કારણ છે સાયન્સ અને ટેક્નોલોજી. વિકાસ ઇચ્છતા સોએ સાયન્સ અને ટેક્નોલોજી સાથે કદમ મિલાવવા જ રહ્યા. જે સમાજ પ્રયોગશીલ હોય છે તે આ પરિવર્તનોને ઝડપથી સ્વીકારી શકે છે. સાયન્સ અને ટેક્નોલોજી શિક્ષણમાં અને શેક્ષણિક કારકિર્દીમાં વ્યવસાય તરીકે અને વ્યવસાયિક કારકિર્દીમાં જે રીતે મહત્ત્વ ધરાવે

છે તે રીતે શાસનને સુશાસનમાં પરિવર્તિત કરવા માટે પણ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. જેમ વિજ્ઞાનનું મહત્ત્વ છે તેમ વૈજ્ઞાનિક દૃષ્ટિકોણનું મહત્ત્વ છે તેથી વિકસતા વિજ્ઞાનની સાથે જનમાનસને સતત પ્રશિક્ષિત કરવું જોઇએ. ગાંધીનગરને આંગણે આકાર લઇ રહેલ સાયન્સ સીટી માનવ મનને વૈજ્ઞાનિક રીતે ઘડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી રહ્યું છે. વિજ્ઞાનની મદદથી અમેરિકાના કેટરીના અને રીટા જેવી આપત્તિમાં ગાંધીનગરના યુવાનોએ માર્ગદર્શન આપવાનું કામ સફળતાપૂર્વક કરી બતાવ્યું છે.

**સ્વાગત ઓન લાઇન, ટેલી-ફરિયાદ, ઇ-ધરા, ઇ-ગવર્નન્સ, જી-સ્વાન નેટવર્ક** જેવાં આયોજનોએ ગામડાં સુધી નવી આશા જન્માવી છે. **એજ્યુસેટ** દ્વારા શિક્ષણમાં ક્રાન્તિ લાવી શકાય તેવી શક્તિ રહેલી છે. તે જ રીતે માછીમારોને પણ દરિયામાં કામ કરવા માટે **સેટેલાઇટ દ્વારા દરિયામાં માર્ગદર્શન** આપી શકાય તેવા કાર્યક્રમો વિચાર્યા છે.

જી-સ્વાન નેટવર્કની ક્ષમતા વધારી તેની બેન્ડવીડથના કાર્યક્ષમ ઉપયોગ દ્વારા જિલ્લા કક્ષાએથી **તાલુકા કક્ષા સુધી**ની કચેરીઓ માટે **વીડીયો કોન્ફરસીંગ**ની સુવિધા ઉપલબ્ધ કરાશે.

ઇ-ગવર્નન્સને સુચારુબનાવવા માટે સચિવાલય ખાતે **અતિઆધુનિક ડેટા સેન્ટર**ની સ્થાપના કરાશે.

ભાસ્કરાચાર્ય ઇન્સ્ટિટયૂટ ઓફ સ્પેશ એપ્લિકેશન એન્ડ જીઓઇન્ફોમેટિક સેન્ટર (બાયસેગ) દ્વારા રાજ્યના દરેક ગામડાની સેટેલાઇટ ઇમેજ ઉપર **માઇક્રો વોટર શેડ વિસ્તારો અંકિત કરી નક્શા અથવા સીડી દરેક ગામડાંને ઉપલબ્ધ કરાશે.**

ઇન્ફર્મેશન ટેક્નોલોજી, બાયોટેક્નોલોજી, નેનોટેક્નોલોજીના માહાત્મ્યને સ્વીકારીને તે ક્ષેત્રોમાં ઔદ્યોગિક મૂડીરોકાણ આકર્ષવા માટે વિશ્વની શ્રેષ્ઠ આધુનિક માળખાકીય સવલતો ઉપલબ્ધ થાય તેવો અમારો પ્રય છે. માનનીય અધ્યક્ષશ્રી, **આઇ.ટી. માટે, ઇન્ફર્મેશન ટેક્નોલોજી માટે, SEZ - સ્પેશીયલ ઇકોનોમીક ઝોન**નું આયોજન વિચારેલ છે. એક્વીસમી સદી જ્ઞાનની સદી છે ત્યારે ગુજરાતમાં **નોલેજ કોરીડોર**નું નિર્માણ વિકાસને વેગ આપશે.

સાયન્સ અને ટેક્નોલોજીનું મહત્ત્વ સ્વીકારીને ભવિષ્યમાં શિક્ષિત લોકોની રોજગારીમાં આ ક્ષેત્રના મહત્ત્વપૂર્ણ પ્રદાનને ધ્યાને લઇ **રૂા. ૯૧.૨૪ કરોડની** જોગવાઇ સૂચવી છે.

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ**

દેશમાં સૌ પ્રથમવાર **પંચ્યાસી લાખથી વધારે બાળકોની આરોગ્યની તપાસ**, સંભાળ અને તેમાં પણ ચાર હજાર જેટલા બાળકોની ગંભીર માંદગીમાં ઘનિષ્ઠ સારવારના કરેલ કામને યુનિસેફ અને વિશ્વ આરોગ્ય સંસ્થાએ બિરદાવેલ છે.

રાજ્યમાં દર્દીઓને સુદૃઢ તબીબી સેવા પૂરી પાડવા હયાત **વોર્ડોના નવીકરણ** તેમજ સુવિધા માટે **રૂા. ૧૫ કરોડની** જોગવાઇ સૂચવી છે.

રાજ્યમાં પાંચ લાખ કરતાં વધુ મોતિયાના ઓપરેશનો સાથે સમગ્ર દેશમાં ગુજરાત પ્રથમ સ્થાને રહેલ છે. નેત્રયજ્ઞ, નેત્રદાન, દેહદાન, રક્તદાન જેવી આરોગ્યની પ્રવૃત્તિઓને લોકઆંદોલનનું સ્વરૂપ મળ્યું છે, તેને પ્રોત્સાહન આપવા અમારી સરકાર કૃતનિયી છે.

રાજ્યના દશ જિલ્લાઓમાં રહેતા અંદાજે ૬ લાખ આદિવાસીઓની સેવામાં **સીકલ સેલ એનીમીયા પ્રોજેક્ટ** અમલમાં મૂકેલ છે.

**લેપ્ટોસ્પાયરોસીસ** રોગના પ્રતિકાર માટે દક્ષિણ ગુજરાતની હોસ્પિટલોમાં જરૂરી વિશેષ સુવિધાઓ ઉપલબ્ધ કરાઇ છે.

**જાહેર આરોગ્યની પ્રવૃત્તિઓ**- યોજનાઓ માટે આયોજન સદરે **રૂા. ૨૩૯. ૯૮ કરોડની** જોગવાઇ સૂચવાઇ છે.

મેડિકલ કોલેજો સુદૃઢ કરવા તથા તેને **સંલગ્ન હોસ્પિટલોમાં ગુણવત્તાસભર તબીબી સુવિધાઓ** પૂરી પાડવા **રૂા. ૧૩૭.૪૭ કરોડની** જોગવાઇ આયોજન સદરે સૂચવી છે.

## વિરામનો સમય રદ કરવા બાબત

**શ્રી અશોક ભટ્ટ (વૈધાનિક અને સંસદીય બાબતોમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૦-૩૦ થી ૧૧-૦૦ રિશેષનો સમય છે. માનનીય મુખ્યમંત્રીશ્રીના અંદાજપત્ર પરના બન્ને પ્રવચનો પૂરા થાય ત્યાં સુધી રિશેષનો સમય રદ કરીએ.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, સંમત છીએ.

**અધ્યક્ષશ્રી** : સંમત છે. આગળ ચાલો.

**શ્રી નરેન્દ્રભાઈ મોદી (મુખ્યમંત્રીશ્રી):**

### મહિલા અને બાળ વિકાસ

માનનીય અધ્યક્ષશ્રી, કોઇ પણ સમાજ નર અને નારીના ભેદભાવ ઉપર ટકી શકે નહીં. મારે આ સભાગૃહને સાથે રાખીને ગુજરાતની **એક ગંભીર સમસ્યા તરફ ધ્યાન દોરવું છે. સ્ત્રીભ્રુણ હત્યા** થવાને કારણે સ્ત્રીઓની સંખ્યા ચિંતાજનક રીતે ઘટી રહી છે. આ સભાગૃહના સભ્યશ્રીઓને દરેકે દરેક સામાજિક સંસ્થાઓમાં જઇને એક આંદોલનનું વાતાવરણ ઊભું કરી બાળકીને જન્મતી અટકાવવાના હીન પ્રયો થાય નહીં તે માટેના મહાયજ્ઞમાં જોડાવવા માટે હું હાર્દિક અપીલ કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, એ જાણીને આપણને સૌને દુ:ખ થવું જોઇએ કે હાલ સ્ત્રી જન્મ દરનો રેશિયો એક હજારે નવસો વીસનો છે અને **છ વર્ષથી નાની ઉંમરના છોકરા- છોકરીઓમાં છોકરીઓનું પ્રમાણ ૧ હજારે ૮૭૮** છે. આ ચિંતાજનક પરિસ્થિતિને એક પડકાર તરીકે સ્વીકારીને સામાજિક જાગૃતિ અને લોકશિક્ષણના માધ્યમથી **નારી ગૌરવ**ના અમારા પ્રયાસોને એક વિશેષ દિશા આપવા માંગીએ છીએ.

**નિરાધાર વિધવા મહિલા પેન્શન યોજના** માટે **રૂા. ૫૯.૪૭ કરોડની** જોગવાઇ સૂચવેલ છે તે ઉપરાંત નિરાધાર વિધવા મહિલાઓ આત્મસન્માનથી જીવી શકે તે માટે વ્યવસાયિક કૌશલ્ય આપી, તાલીમ પૂર્ણ થયેથી **રૂા. ૩૦૦૦ની અસ્ક્યામતો** આપી **સ્વનિર્ભર** કરાશે. આ હેતુ માટે રૂા. ૭.૨૦ કરોડની જોગવાઇ સૂચવાઇ છે.

અપોષણને કારણે જેનો વિકાસ રૂંધાય છે તેવાં બાળકો તરફ વિશેષ ધ્યાન આપવાની આવશ્યક્તા છે. સમાજના ગરીબ વર્ગનાં આવાં બાળકોને જો પૂરતું પોષણ મળી રહે તો સ્વસ્થ બાળક દ્વારા સ્વસ્થ સમાજનું નિર્માણ થાય. એક અંદાજ પ્રમાણે **૨૭ લાખ કરતાં વધારે બાળકો**ની આવી કાળજી લેવાય તે જરૂરી બન્યું છે. સમાજના છેવાડાના માનવીને સુખને વરેલી અમારી સરકારે **પૂરક પોષણના કાર્યક્રમ માટે રૂા. ૭૮.૧૬ કરોડની** જોગવાઇ સૂચવી છે.

કુપોષિત હોય તેવી પ્રત્યેક આંગણવાડી કેન્દ્રોના વિસ્તારની ૧૦ કિશોરીઓને પૂરક પોષણનો લાભ આપવામાં આવશે અને **કિશોરી શક્તિ યોજના**ના અન્ય લાભો હેઠળ ૪ લાખ કિશોરીઓને આવરી લેવાશે. આંગણવાડી કેન્દ્રોનાં મકાનો માટે રૂા. ૫ કરોડ રૂપિયાની જોગવાઇ સૂચવી છે.

### યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ

ભારત વિશ્વમાં સૌથી યુવા દેશ છે. યુવા પ્રવૃત્તિને પ્રોત્સાહન અને સાંસ્કૃતિક વિરાસતની જાળવણી સાથે સરકારે યુવકો માટે સાહસિક પ્રવૃત્તિ, રમતગમતની પ્રવૃત્તિ અને ગુજરાતના ૧૬૦૦ કિલોમીટરના સમુદ્ર કિનારે તથા મોટાં જળાશયોમાં વોટર સ્પોર્ટસ માટે આયોજન કરેલ છે. ભૂતકાળમાં રાષ્ટ્રીય સ્તરે રમત-ગમત ક્ષેત્રે રાજયનું નજીવું પ્રદાન હતું. આજે આ ક્ષેત્રે રાજયે હરણફાળ ભરી છે. ગયા બે વર્ષમાં ગુજરાતના યુવાનોએ **૩૦૦ જેટલા ચંદ્રકો પ્રાપ્ત કરીને** રાજયનું નામ ઉજળું બનાવ્યું છે તેનું મુખ્ય કારણ **પસંદગીની પારદર્શક પદ્ધતિ છે. સાચા ખેલાડીઓને સ્થાન મળતાં ગુજરાતને અનેક એવોર્ડ મળ્યા છે.**

**સરદાર પટેલ રમત સંકુલ યોજના** હેઠળ ૧૧ જિલ્લાઓમાં **રમત સંકુલો**ના નિર્માણ માટે રૂા. ૭.૩૪ કરોડની જોગવાઇ કરેલ છે.

ગુજરાતના વિકાસને ઉત્સવો સાથે જોડીને ઉત્સવોમાં ગુજરાતની સાંસ્કૃતિક વિરાસતને વૈશ્વિક સ્થાન આપવાની શરૂઆત કરી છે. આ પ્રયાસોને કારણે રાજયમાં હજારો ક્લાક્સબીઓને પ્રોત્સાહન મળ્યું છે. **ગુજરાતના ઇતિહાસ અને અસ્મિતા તરફ ગૌરવની દૃષ્ટિથી જોવાનું વાતાવરણ પેદા થયેલ છે.** આપણા દેશના રાષ્ટ્રીય પર્વ પંદરમી ઓગસ્ટ અને છવ્વીસમી જાન્યુઆરી તથા ગુજરાતના સ્થાપના દિનને સાચા અર્થમાં **રાષ્ટ્રીય પર્વ બનાવવાનો પ્રય ક્ર્યો છે** અને લોકભાગીદારીના નવાં સીમાચિહ્ન પાર કરેલ છે.

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની સ્મૃતિમાં પોરબંદર ચોપાટી ખાતે **મહાત્મા ગાંધી મેમોરીયલ** બનાવવાનું નિયત કરેલ છે.

ગાંધીનગર સંસ્કૃતિ કુંજ ખાતે **૫ કરોડ રૂપિયાના ખર્ચે બહુહેતુક સાંસ્કૃતિક સંકુલ**નું નિર્માણ કરાશે.

રાજ્યનાં સંગ્રહાલયોના આધુનિકીકરણ માટે રૂા. ૧.૩૦ કરોડ અને પાટણ સંગ્રહાલયના નિર્માણ માટે રૂા. ૧.૦૯ કરોડની જોગવાઇ સૂચવાઇ છે.

**ગ્રંથાલય**

ગ્રંથાલયના કમ્પ્યુટરાઇઝેશનમાં ગુજરાત રાજ્ય મોખરાનું સ્થાન ધરાવે છે. માર્ચ - ૨૦૦૭ સુધીમાં રાજ્યનાં તમામ જિલ્લા ગ્રંથાલયોનું કમ્પ્યુટરાઇઝેશન પૂર્ણ કરી ગુજરાત રાષ્ટ્રીય કક્ષાએ પ્રથમ રાજ્ય બની રહેશે. ગ્રંથાલયના આધુનિકરણ અને કમ્પ્યુટરાઇઝેશન માટે રૂા. ૧.૫૫ કરોડની જોગવાઇ સૂચવાઇ છે.

**વીજ ઉત્પાદન**

માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર દેશમાં એવી પ્રથમ ઘટના હશે કે ખોટ કરતી સરકારી કંપનીને માત્ર ત્રણ વર્ષમાં ખોટમાંથી બહાર કાઢી નફો કરતી કરવામાં આવી હોય. **ગુજરાત વિદ્યુત બોર્ડની વર્ષ- ૨૦૦૦-૦૧ દરમિયાન રૂા. ૨,૫૪૨ કરોડ ખોટ હતી** તેમાં સતત **ઘટાડો કરી**, ગ્રાહકોને વધુ સારી વીજ સુવિધા આપવા અને ઊર્જા ક્ષેત્રના વિકાસ માટે કર્મચારીઓ અને ગ્રાહકોના પૂર્ણ સંતોષ સાથે ગુજરાત વિદ્યુત બોર્ડનું સાત કંપનીઓમાં વિભાજન કરીને, **એપ્રિલ-૨૦૦૫થી ડિસેમ્બર-૨૦૦૫ સુધીના નાણાકીય અહેવાલ મુજબ રૂા.૪૯ કરોડ નફો કરેલ છે જે માર્ચ ૨૦૦૬ ના અંતે રૂા. ૨૦૦ કરોડ થવાની ધારણા છે**.

જાહેર અને ખાનગી ક્ષેત્રની સહભાગીદારીથી પાવર જનરેશનના પાનન્ધ્રો, ધુવારણ, સરદાર સરોવર યુનિટ- ૫ અને ૬, માંગરોળ અને સૂરત એમ કુલ **૧૬૫૧ મેગાવોટની ક્ષમતા** તથા લિગ્નાઇટ આધારિત સૌરાષ્ટ્ર, કચ્છ અને દક્ષિણ ગુજરાતમાં અંદાજે **૨૦૦૦ મેગાવોટની ક્ષમતા**નો વધારો કરવાનું **આયોજન** છે.

પીપાવાવ પાવર પ્રોજેક્ટ માટે કુદરતી ગેસ પૂરો પાડવાની ખાતરીનું કેન્દ્ર સરકાર સમયસર પાલન કરી શકી ન હોવાથી પ્રોજેક્ટમાં વિલંબ થયેલ છે છતાં રાજ્ય સરકારે **પીપાવાવ** ખાતે **ગેસ આધારિત ૭૦૦ મેગાવોટ**ના પાવર પ્રોજેક્ટનું અમલીકરણ થાય તે માટે પ્રયાસો હાથ ધર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, વીજળીક્ષેત્રે કાયમી સુખદ સ્થિતિના નિર્માણના આયોજન માટે વીજ ઉત્પાદન અર્થે ઇંધણની ગેરન્ટી સૌથી મહત્ત્વની બાબત છે. અમારી સરકારે દૂરંદેશી વાપરી પહેલીવાર **કોલસાની ખાણોના પટ્ટા લઇ કોલસાનો અનામત જથ્થો** અંકે કરી લેવાનું નક્કી કર્યું છે. ગુજરાત અને મહારાષ્ટ્ર સાથે મળીને ઓરિસ્સામાં ૧૬ ચોરસ કિલોમીટર મહાનદી કોલ બ્લોક અને ૨૦ ચોરસ કિલોમીટર મછાકાટા કોલ બ્લોક એમ **બે કેપ્ટિવ માઇનીંગ બ્લોક મેળવ્યા છે**. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતે સૌ પ્રથમવાર કોલ માઇનીંગના ક્ષેત્રમાં પ્રવેશ કરીને વીજ ઉત્પાદનમાં એક **ઐતિહાસિક સિદ્ધિ** મેળવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહને સુખદ સમાચાર આપવા માગું છું કે રાજ્ય સરકાર અને વિદ્યુત ઉત્પાદન સાથે સંકળાયેલી તેની એજન્સીઓ અને કેન્દ્ર સરકાર સાથે મળીને કચ્છ જિલ્લાના મુન્દ્રા ખાતે ચાર હજાર મેગાવોટના અલ્ટ્રામેગા પાવર પ્રોજેક્ટનું નિર્માણ કરવાનું આયોજન છે. માનનીય અધ્યક્ષશ્રી, વીજ ઉત્પાદનના ગુજરાતના ઇતિહાસમાં **૪૦૦૦ મેગાવોટનો અલ્ટ્રામેગા પાવર પ્રોજેક્ટ** એક ઐતિહાસિક ઘટના બની રહેશે.

વીજ વહનની કામગીરી સંગીન બનાવવા અને સુધારણા લાવવા વર્ષ ૨૦૦૬-૦૭ માં ૬૦ નવાં સબસ્ટેશનો સ્થાપવાની વિચારણા છે.

ગુજરાતમાં લોકઅદાલતના પ્રયોગની સફળતા જોતાં વીજ ચોરીના બનાવોમાં તેમજ વીજભારની સ્વૈચ્છિક જાહેરાત યોજનાના આયોજન સાથે રાજ્ય સરકાર લોકઅદાલતને નિર્ણય કરવાની સત્તા આપવા માગે છે.

**જ્યોતિગ્રામ યોજના**

જ્યોતિગ્રામ યોજના એ માત્ર ગામડાને વીજળી આપવાની યોજના નથી પણ ગામના અર્થતંત્રને પુનઃજીવન આપવાની યોજના છે. વીજળી, પાણી અને સડકથી કોઇ ગામડું વંચિત રહે તે બાબત સમગ્ર દેશ માટે ચિંતાનો વિષય છે ત્યારે ગુજરાતે જ્યોતિગ્રામ દ્વારા વીજળીની, જળસંચય દ્વારા પાણીની અને કિસાન પથ દ્વારા સડકની સમસ્યા હલ કરવાનો પ્રયાસ કર્યો છે. ગુજરાતનાં ગામડાંઓમાં **જ્યોતિગ્રામ યોજનાને કારણે આરોગ્ય સેવા, શિક્ષણમાં આધુનિકતા, વૈજ્ઞાનિકતા સહિતના સુધારા અને ગ્રામીણ જીવનમાં સ્વરોજગારી ક્ષેત્રે ઘણી નવી તકો ઊભી થઇ છે**.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના કુલ ૧૮૦૨૭ ગામોને જ્યોતિગ્રામ યોજના હેઠળ આવરી લેવાના મહાઅભિયાન અન્વયે **ખૂબ જ ટૂંકા ગાળામાં ૧૫૦૦૦ થી વધુ ગામોને ૨૪ કલાક થ્રીફેઇઝ વીજળી પહોંચાડવાની એતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે**. આમ ગ્રામીણ જીવનમાં ગુણાત્મક પરિવર્તનના લક્ષવાળી આ યોજના માટે **રૂા. ૩૭૫ કરોડની** જોગવાઇ સૂચવી છે.

**પેટ્રોલિયમ**

અમારી સરકારના સાહસપૂર્ણ નિર્ણયોને કારણે દેશમાં પહેલીવાર પેટ્રોલિયમક્ષેત્રે રાજ્ય સરકારે સફળતાપૂર્વક પ્રવેશ ક્ર્યો અને ખૂબ જ ટૂંકાગાળામાં વૈશ્વિક સ્તરની સિદ્ધિઓ પ્રાપ્ત કરી, **આધુનિક વિજ્ઞાનની મદદથી ભારતનું સૌથી ઊંડું અને સૌથી ઊંચા તાપમાન સાથેનું સફળ શારકામ** કરીને વિપુલ માત્રામાં ગેસ સંશોધનક્ષેત્રે **કૃષ્ણા-ગોદાવરી બેઝીન દીનદયાળ પ્રોજેક્ટે** ગેસક્ષેત્રમાં એક **નવો ઇતિહાસ** રચ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, પેટ્રોલિયમક્ષેત્રની **આ સિદ્ધિ ગુજરાતના વિકાસની ઊર્જા બની રહેશે.**

ગુજરાત ગ્લોબલ પ્લેયર બને તે સ્વપ્ન સાકાર થાય તે દિશામાં એક મહત્ત્વનાં પગલાં તરીકે દરિયાપારના દેશોમાં ઓસ્ટ્રેલિયા અને સિરિયામાં સાત સંશોધન ઘટકો માટેની હરાજીમાં ભાગ લીધો છે. તે ઉપરાંત કતાર, લીબીયા, સાઉદી અરેબિયા અને યેમન જેવા દેશોમાં પણ સંભાવનાઓનો ક્યાસ કાઢવામાં આવી રહ્યો છે.

**ગેસ ગ્રીડ**

ગેસ આધારિત આર્થિક વિકાસને ધ્યાને લઇ અમારી સરકારે ઉદ્યોગો, ઊર્જા, પર્યાવરણની રક્ષા અને ઘરવપરાશ માટે બહુઆયામી ગેસ વિતરણનું નેટવર્ક ઊભું કર્યું છે. **૪૩૦ કિલોમીટર** જેટલી મુખ્ય લાઇનની કામગીરી **પૂર્ણ** કરી છે અને **૮૦૦ કિલોમીટર**ની પાઇપ લાઇનની કામગીરી **પૂરજોશમાં** ચાલી રહી છે. માનનીય અધ્યક્ષશ્રી, પ્રતિદિન ૧ કરોડ ૩૦ લાખ ઘન મીટર ગેસ પૂરો પડાય છે.

દેશમાં **ગાંધીનગર એકમાત્ર** એવું પહેલું પાટનગર બનશે જ્યાં ગેસ **ઘેર-ઘેર પાઇપલાઇનથી** મળે તેવા આયોજનનો પ્રારંભ કરેલ છે અને ગુજરાતમાં વધુમાં વધુ શહેરી કુટુંબો સુધી ઘરવપરાશનો ગેસ પહોંચશે જેનાથી દરેક ગરીબ-મધ્યમવર્ગના પરિવારોને આશીર્વાદરૂપ આર્થિક લાભ થશે.

**સી.એન.જી. (કોમ્પ્રેસ્ડ નેચરલ ગેસ)**

સી.એન.જી. આધારિત **એક લાખ વાહનો ફરતાં કરવાની નેમ** સાથે એક વર્ષમાં **૧૦૦ સ્ટેશનો** કાર્યરત થશે. આમ થવાથી પર્યાવરણમાં આમૂલચુલ પરિવર્તન આવશે.

**ઉદ્યોગ**

ઔદ્યોગિક વિકાસ એ દેશમાં આંતર રાજ્ય સ્પર્ધાનું ક્ષેત્ર બની રહયું છે. આ સ્પર્ધા વચ્ચે ગુજરાત પ્રથમ સ્થાને રહીને સૌથી વધુ ઔદ્યોગિક મૂડીરોકાણ મેળવી શક્યું છે. **વર્ષ ૨૦૦૫** દરમિયાન રૂા. ૭૯,૫૪૮ કરોડનાં આવેદનપત્રો (આઇ.ઇ.એમ.) ફાઇલ કરવામાં આવ્યાં છે જે **દેશના કુલ મૂડીરોકાણના ૨૨.૪૭ ટકા** જેટલું થાય છે અને ગુજરાતે દેશમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૦૩ અને ૨૦૦૫માં **ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમીટનાં** બે સફળ આયોજન થયાં છે. જેના થકી ત્રણસો ત્રણ પ્રોજેક્ટો માટે રૂા.૧,૭૨,૨૨૮ કરોડ દરખાસ્તો મળેલી હતી. તે પૈકી રૂા.૧,૫૪,૫૪૪ કરોડ મૂડીરોકાણ સાથે ૨૬૬ પ્રોજેક્ટ કાર્યાન્વિત થયા છે અથવા અમલીકરણના તબક્કામાં છે. આથી પ્રોત્સાહિત થઇને અમે ૨૦૦૭ માં ત્રીજું આવું રોકાણકારોનું શિખર સંમેલન **વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમીટ-૨૦૦૭** નું આયોજન કરવાના છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, **મને આજે એક એતિહાસિક નિર્ણયની જાહેરાત કરતાં આનંદ થાય છે** કે ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમની વસાહતોની જમીન જે ૯૯ વર્ષના ભાડાપટે ફાળવાયેલ છે તે **લીઝ હોલ્ડને બદલે ફ્રી હોલ્ડ જમીન તરીકે** વ્યાજબી પ્રીમિયમ સાથે તબદીલ કરવાનો નિર્ણય કરેલ છે. આથી નાના ઉદ્યોગકારોને માલિકી હક્ક મળશે.

**ગુજરાતનાં ગામડાંને ગ્રાહક મટી ઉત્પાદનના કેન્દ્રો** બનાવવાનું અમારું સુવિચારીત આયોજન છે. જેમાં રોજગારને વધુ અવકાશ હશે, **કૃષિ આધારિત ઉદ્યોગોને પ્રાથમિકતા** હશે અને **જ્યોતિગ્રામ યોજનાનો લાભ રાજ્યના ખૂણેખૂણે સ્વરોજગારીવાળા ઉદ્યોગોની જાળ પાથરવામાં પૂરક બનશે.**

કુદરતી રીતે જ ગુજરાત વિશ્વ બજારને અનુકૂળ છે. હજારો વર્ષોના દરિયાઇ વેપારે આ બાબત સિદ્ધ કરેલ છે. આધુનિક યુગમાં સ્પેશિયલ ઇકોનોમિક ઝોન (SEZ) દ્વારા વૈશ્વિક વેપારક્ષેત્રે ખૂબ ઊંચી ઉડાન ભરવાની નેમ સાથે આયોજન હાથ ધરેલ છે. અગિયાર SEZ દ્વારા ઉચ્ચ કક્ષાની માળખાકીય સુવિધાઓ સાથે **વૈશ્વિક સ્તરના ઉત્પાદનને** વેગ મળે તેવું આયોજન છે.

ઉદ્યોગોના વિકાસ અર્થે પૂર્વ જરૂરી સવલતોના વિકાસ માટે **રૂા. ૭૫ કરોડની** અને ટેક્ષટાઇલ ઉદ્યોગના વિકાસ માટે **રૂા. ૧૭.૭૦ કરોડની** જોગવાઇ સૂચવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમારી ઉદ્યોગ નીતિ રોજગારલક્ષી હોવાને કારણે કુટિર ઉદ્યોગનો વિકાસ અમારે માટે અગત્યની બાબત છે. કુટિર ઉદ્યોગની સફળતાનું સૌથી અગત્યનું પરિબળ તેનું માર્કેટિંગ છે તેથી કુટિર ઉદ્યોગના ઉત્પાદનને બજારમાં સુયોગ્ય સ્થાન મળે તે માટે અમે પ્રયશીલ છીએ. આ ક્ષેત્રમાં ૧,૨૦,૦૦૦ **લોકોને રોજગારી મળે તેવું આયોજન** છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમારી સરકાર ચોક્કસ ધ્યેયો સાથે કામ કરી રહી છે. અમારા આર્થિક આયોજનમાં :

**અર્થતંત્ર પ્રગતિલક્ષી છે,**
**પ્રગતિ વિકાસલક્ષી છે,**
**વિકાસ રોજગારલક્ષી છે,**
**રોજગાર ઉત્પાદનલક્ષી છે,**
**ઉત્પાદન ગુણવત્તાલક્ષી છે,**
**ગુણવત્તા નિકાસલક્ષી છે**
**અને નિકાસ સમૃદ્ધિલક્ષી છે.**
ગુજરાતને સમૃદ્ધ બનાવવાનો તથા વિકાસનો આ રાજમાર્ગ છે.

**બંદરો**

ગુજરાતનાં બંદરો એ ભારતની **સમૃદ્ધિના પ્રવેશ દ્વાર** છે.

અમે, બંદરોના વિકાસ અને તેનાથી આગળ વધીને બંદરો આધારિત વિકાસના મૂળભૂત પરિવર્તન સાથે બંદરોના વિકાસને પ્રાથમિક્તા આપી રહ્યા છીએ. આ ક્ષેત્રમાં કામ કરતી વિશ્વની ખ્યાતનામ કંપનીઓ માટે ગુજરાતનો દરિયા કિનારો મૂડીરોકાણના ક્ષેત્રે આકર્ષણનું કેન્દ્ર બનેલ છે.

ગુજરાત ઉપરાંત ઉત્તર ભારતનાં મહત્ત્વનાં ઔદ્યોગિક રાજ્યો આશરે એક તૃતીયાંશ જેટલા પ્રદેશની આયાત-નિકાસ ગુજરાતના બંદરો પરથી થાય છે. બંદરોના વિકાસમાં હાલ પર્યન્ત આશરે રૂા. ૧૩,૦૦૦ કરોડ જેટલું ખાનગી મૂડીરોકાણ થયું છે. માનનીય અધ્યક્ષશ્રી, બંદરોના વિકાસક્ષેત્રે ખૂબ જ પ્રયાસો થઇ રહ્યા છે ત્યારે અગત્યના મુદ્દાઓ આ સભાગૃહ સમક્ષ મૂક્વા માગું છું.

- ❖ **પીપાવાવ, મુન્દ્રા** અને **દહેજ બંદરો**ની સુવિધામાં વધારો **કેપ્ટિવ જેટીઓનું વિસ્તરણ** તેમજ દહેજ ખાતે આધુનિક શીપ બિલ્ડીંગ યાર્ડની યોજના માટે વર્ષ ૨૦૦૬-૦૭ માં **રૂા. ૧૩૭૦ કરોડનું** ખાનગી મૂડીરોકાણ
- ❖ **રૂા. ૧૪૫ કરોડના** ખર્ચે હયાત **નાનાં બંદરોના વિકાસ** માટે ગુજરાત મેરીટાઇમ બોર્ડ દ્વારા આયોજન
- ❖ યાત્રાળુઓની સુવિધા અને સલામતી વધારવા **ઓખાથી બેટદ્વારકા**ના પ્રવાસ માટે ૫ કરોડ રૂપિયાના ખર્ચે **પેસેન્જર જેટી**નું આયોજન
- ❖ **અલંગ**માં પાણી પુરવઠો, રસ્તા અને ટ્રાન્સપોર્ટનગરનું આયોજન
- ❖ **ભાવનગરમાં કોંક્રિટ જેટી**નું નવીકરણ
- ❖ ઓખા ખાતે **મત્સ્ય બંદર વિકાસ** માટે **રૂા. ૨૪ કરોડની** યોજનાઓ

માનનીય અધ્યક્ષશ્રી, મને એ જણાવતાં આનંદ થાય છે કે અમારી સરકારે બંદરો આધારિત રાજ્યનો વિકાસ કરવા માટે **ગુજરાત કોસ્ટલ એરિયા ડેવલપમેન્ટ બોર્ડ**ની રચના કરવાનો નિર્ણય કરેલ છે.

અમારી સરકારના બંદરોના વિકાસ માટેના સઘન પ્રયોને પરિણામે ૨૦૦૬-૦૭ દરમિયાન ૧૧૦ મિલિયન મેટ્રિક ટન ટ્રાફિક થશે.

**વાહન વ્યવહાર**

માનનીય અધ્યક્ષશ્રી, દેશમાં સૌ પ્રથમ બાયોફ્યુઅલ આધારિત બસો ચાલુ કરવાનું ગૌરવ ગુજરાતને પ્રાપ્ત થયું છે. **વધુ બસ, સારી બસ, સારી સેવા**ના અભિગમ સાથે ગત વર્ષની જેમ આ વર્ષે પણ નવી ૧૦૦૦ બસો ખરીદવામાં આવશે. જે પૈકી ૨૦૦ નવી બસો સી.એન.જી. આધારિત હશે. જે માટે **રૂા. ૧૧૫ કરોડની** જોગવાઇ સૂચવી છે.

કાર્યદક્ષતા અને પારદર્શિતા દ્વારા ખોટ કરતાં જાહેર સાહસને બચાવી શકાય છે અને તેની ઉત્પાદકતામાં વધારો કરી શકાય છે તેનું ઉદાહરણ ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ છે. આ નિગમ દ્વારા સંચાલનમાં કાર્યદક્ષતા વધારી, ખર્ચમાં કરકસર કરીને **વર્ષ ૨૦૦૧-૦૨** ની વાર્ષિક ખાધ **રૂા. ૩૮૨.૭૩ કરોડ** હતી તે **ઘટાડીને** વર્ષ ૨૦૦૫-૦૬ ના પ્રોજેક્ટેડ હિસાબ પ્રમાણે **રૂા. ૧૦૫.૭૨ કરોડ** રહેશે.

**શહેરી વિકાસ**

ગુજરાતમાં અંદાજે ૪૦ ટકા જનસંખ્યા શહેરોમાં વસે છે અને કુલ વસ્તીના અંદાજે ૫૦ ટકા લોકો શહેરી વિસ્તારો પર આધારિત હોય ત્યારે અમારી સરકારે આગામી દસકાઓનો વિચાર કરીને શહેરોનાં સુઘડ આયોજન, નાગરિક સુવિધાઓમાં આધુનિકતા અને નાગરિકોની ફરિયાદો પ્રત્યે સંવેદનશીલતા ઊભી થાય તેવા ધ્યેય સાથે ૨૦૦૫નું વર્ષ **શહેરી વિકાસ વર્ષ** તરીકે ઉજવ્યું છે. અમને એ વાતનો આનંદ છે કે આખા કાર્યક્રમને ભારે જનસમર્થન મળ્યું.

શહેરીકરણને કારણે ઉદ્‌ભવતા પ્રશ્નો પ્રત્યે ધ્યાન કેન્દ્રિત કરી શકાય તે માટે **ગુજરાત અર્બન મિશન**ની રચના કરી તેના આગામી સાત વર્ષના આયોજન સાથે શહેરોના નવીકરણ અને વિકાસ માટેની યોજનાનો અમલ કરાશે.

અમદાવાદને **મેગાસીટી** તરીકે વર્ગીકૃત કરાયેલ છે જ્યારે સૂરત, વડોદરા અને રાજકોટ **મિલિયન પ્લસ સીટી**માં આવે છે. **અમદાવાદ મેગાસીટી માટે રૂા. ૨૯.૫૦ કરોડની** અને સૂરત, વડોદરા અને રાજકોટ **મિલિયન પ્લસ સીટી** માટે **રૂા. ૪૦ કરોડની** જોગવાઇ સૂચવી છે.

નાનાં અને મધ્યમ શહેરોના માળખાકીય વિકાસ માટેની યોજના અંગે રૂા. ૯ કરોડની જોગવાઇ સૂચવાઇ છે તેમજ જીર્ણશીર્ણ મકાનમાં રહેતા ઝૂંપડાવાસીઓની સ્થિતિ સુધારવા માટે ૬ કરોડ રૂપિયાની જોગવાઇ સૂચવી છે.

જંગલોનાં લાકડાં બચાવવાના શુભ આશયથી અને પર્યાવરણની રક્ષા માટે શહેરોમાં ગેસ આધારિત સ્મશાન ગૃહ વિકસતાં હોય ત્યાં પ્રોત્સાહન અપાશે.

**રૂા. ૧૫ કરોડની** માતબર જોગવાઇ સાથે શહેરોના જીવનને હરિયાળું બનાવવા માટે વૃક્ષ ઉછેરનું અભિયાન લોકભાગીદારીથી હાથ ધરાશે.

**સાબરમતી રીવરફ્રન્ટ પ્રોજેક્ટ** આધુનિક નગર રચનાક્ષેત્રે ગુજરાતનું ઘરેણું બની રહ્યું છે તેની આ સફળતાને જોતાં **સૂરતમાં** પણ **તાપી રીવરફ્રન્ટ પ્રોજેક્ટ**નું આયોજન વિચારેલ છે.

**માર્ગ અને મકાન**

વિશ્વમાં વિકાસ પામેલા દેશોનો ઇતિહાસ એમ કહે છે કે ઉત્તમ રસ્તાઓનું માળખું આવા રાષ્ટ્રના વિકાસના રસ્તા બની રહ્યા છે. આપણે ત્યાં ગઇ અડધી સદી સુધી રસ્તાને માત્ર આવાગમનનું માધ્યમ માન્યું હતું. આવી વ્યૂહાત્મક ત્રુટિને કારણે આપણા પછી સ્વતંત્ર થયેલ દેશો કરતાં આપણે પાછળ રહી ગયા પણ **હવે અનુભવે રસ્તો જ વિકાસનો સાચો રસ્તો બતાવી રહ્યો છે.**

ગુજરાતના રસ્તા આ દિશામાં એક આગવી ઓળખ ધરાવે છે. આપણા રસ્તા સારા છે, મજબૂત છે, વિશાળ છે, સૌથી લાંબા છે તેની મરામત નિયમિત રીતે થાય છે અને તેને કારણે આપણા રસ્તા એ સાચા રસ્તાનો રસ્તો છે. એકવીસમી સદીના વિકાસનો રાજમાર્ગ એ આંતરમાળખાકીય સુવિધાઓ સુદ્રઢીકરણનો માર્ગ છે. **પ્રથમવાર સર્વગ્રાહી રીતે**

**રાષ્ટ્રીય ધોરીમાર્ગો, રાજ્યના ધોરીમાર્ગો અને ગ્રામ્ય માર્ગોની આંતરમાળખાકીય સુધારણાની વિચારણા** કરેલ છે. અને કારણે **હાઇસ્પીડ કોરીડોર** ઊભા કરવામાં ગુજરાત અગ્રેસર રહ્યું છે.

પહોળા માર્ગો અને મજબૂતીકરણની કામગીરી સાથોસાથ સલામતીનાં પગલા તરીકે ક્રેશ બેરીયર, રીટ્રોરીફ્લેક્ટીવ બોર્ડ, થર્મોપ્લાસ્ટીક રોડ માર્કીંગ, પેવ્ડશોલ્ડર્સ અને ધોરણો મુજબના જંક્શનની કામગીરી હાથ ધરેલ હોવાથી આધુનિક વાહનો માટે ઝડપ સાથે સલામતી ઉપલબ્ધ થઇ શકેલ છે. પરિણામે માર્ગોની પહોળાઇ, સપાટીની ગુણવત્તા અને માળખાકીય જોડાણ સંદર્ભે **ગુજરાત દેશમાં શ્રેષ્ઠ સ્થાન ધરાવતું રાજ્ય** ગણાય છે.

વિશ્વ બેન્ક સહાય રાજ્ય ધોરીમાર્ગ યોજના હેઠળ **૧૮૫૦ કિલોમીટરની** લંબાઇના ધોરીમાર્ગોની આધુનિકીકરણની યોજના આખરી તબક્કામાં છે.

ખાનગીકરણ દ્વારા **૧૬૬ કિલોમીટર** લંબાઇના ધોરીમાર્ગોને **રૂા. ૧૧૮ કરોડના** ખર્ચે પહોળા કરવાની કામગીરી હાથ ધરેલ છે. રેલવે સાથે સહભાગીદારી તથા ખાનગી રોકાણ દ્વારા **રૂા. ૧૫૧ કરોડના** ખર્ચે પંદર રેલ્વે ઓવર બ્રીજનાં બાંધકામનું આયોજન છે. આ ઉપરાંત, **૩૩૪ કિલોમીટર** લંબાઇના ત્રણ ધોરીમાર્ગોને **રૂા. ૧૨૧૦ કરોડના** ખર્ચે **ચાર માર્ગીય** કરવા માટે વાયેબીલીટી ગેપ ફંડીંગ યોજના હેઠળ વિચારણા ચાલી રહી છે.

**પ્રગતિ પથ, વિકાસ પથ** અને **કિસાન પથ** યોજનાઓ હેઠળ કુલ **રૂા.૪૩૨ કરોડના** ખર્ચે **૩૦૪૪ કિલોમીટર** લાંબા ધોરીમાર્ગોની સુધારણા, પહોળા કરવા અને ગ્રામ્ય માર્ગોની કામગીરી હાથ ધરાયેલ છે.

લાંબા, પહોળા અને આધુનિક રસ્તાઓનું આ સુગ્રથિત-વિશાળ માળખું ઊભું કરવાનો પ્રયાસ ગુજરાતના વિકાસની એતિહાસિક ઘટના તો છે જ પણ સાથેસાથે **રસ્તાઓની આ વિશાળ જાળ વિકાસની દિશા અને ગતિનાં દર્શન કરાવે છે.**

**પ્રવાસન**

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના આર્થિક વિકાસમાં પ્રવાસન ઉદ્યોગ પણ એક અગત્યનો ઉદ્યોગ બને તેવી અમારી કટિબદ્ધતા છે. આ ધ્યેય સાથે અમે ૨૦૦૬ ના વર્ષને **પ્રવાસન વર્ષ** તરીકે ઉજવવાનું નક્કી ક્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતને આ ઉદ્યોગનો વિકાસ કરવા માટે અનેક અનુકૂળતાઓ છે. ગુજરાતના આતિથ્યભાવની વિરાસત છે, સાંસ્કૃતિક પરંપરાઓ છે, ભવ્ય ભવનો છે, આધુનિક ખ્યાલોને પ્રતિબિંબિત કરતી નગરરચનાના એતિહાસિક અવશેષો છે, વિશાળ દરિયાકાંઠો અને સૌંદર્યસભર રણવિસ્તાર છે, પર્વતમાળાઓ અને તીર્થધામો છે.

અમે, ૨૦૦૬ના પ્રવાસન વર્ષે પ્રવાસન ક્ષેત્રનો વિકાસ વ્યૂહ ઘડયો છે જેમાં આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓને આકર્ષે તેવાં સ્થળો, દેશના અન્ય રાજ્યોને આકર્ષે તેવાં સ્થળો, ગુજરાતના નાગરિકોને સહેલગાહ માટે આકર્ષે તેવા સ્થળો અને જિલ્લામાં જ પરંપરાગત રીતે મહત્ત્વ ધરાવતાં ક્ષેત્રોના વિકાસનું આયોજન છે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રવાસન વર્ષ નિમિત્તે ઘડેલી કાર્યયોજના અને આયોજનોના મુખ્ય મુદ્દા આ માનનીય સભાગૃહ સમક્ષ રજૂ કરું છું.

- પ્રવાસધામોના આંતરમાળખાકીય **સગવડોને સુદૃઢ** બનાવાશે.
- પ્રવાસન વર્ષ દરમિયાન ગુજરાતમાં ઉપલબ્ધ તકો જેવી કે વિશાળ દરિયાકાંઠો, રણવિસ્તાર, પંખી સૃષ્ટિ, વન્ય સૃષ્ટિ વગેરે વિશે **પ્રચાર અને પ્રસારની ઝુંબેશ**નું રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ આયોજન કરવું.
- મેળાઓ અને **ઉત્સવોમાં વિશેષ** આયોજન દ્વારા પ્રવાસન પ્રવૃત્તિનો પ્રચાર કરાશે.
- રાજ્યના અગત્યના પર્યટનના સ્થળોને જોડતા રસ્તાને **પ્રવાસી પથ** તરીકે વિકસાવવા, ઉદાહરણ તરીકે દાંડી-ધોળાવીરા, શામળાજી-સાપુતારા, બહુચરાજી- મોઢેરા.
- રાજ્યના અગત્યનાં શહેરો તેમજ અન્ય મહત્ત્વનાં સ્થાનોએ **પ્રવાસી માહિતી કેન્દ્રો** શરૂ કરાશે.
- ગુજરાતના વિદ્યાર્થીઓમાં પ્રવાસન પ્રવૃત્તિ તરફ આકર્ષણ ઊભું થાય તે માટે **માય હોમ ગુજરાત**ની એક વિશેષ યોજના દ્વારા બાળકોને ગુજરાતનો સાક્ષાત્કાર કરાવવાનું આયોજન છે.
- કેનાલ ટુરિઝમ, ડેમ ટુરિઝમ, ડેઝર્ટ ટુરિઝમ, ઇકો ટુરિઝમ, હેલ્થ ટુરિઝમ, હેરિટેજ ટુરિઝમ જેવાં પ્રવાસનક્ષેત્રોનો આયોજનબદ્ધ રીતે વિકાસ કરાશે.

- શહેરી વિસ્તારમાં કોન્ફરન્સ ટુરિઝમના વિકાસ માટે **ક્ન્વેનશન સેન્ટર** જેવી અતિઆધુનિક આંતરમાળખાકીય સગવડો ઊભી કરાશે.

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં આનંદ થાય છે કે આ સભાગૃહના માનનીય સભ્યશ્રીઓ તથા માનનીય સંસદ સભ્યશ્રીઓ દ્વારા તાજેતરમાં ભારતનાં નવ રાજ્યોમાં પ્રવાસ કરવામાં આવ્યો. તેમણે બીજા રાજ્યોમાં જઇને એક સ્વરથી ગુજરાતની વાત કરી, ગુજરાતની પ્રગતિ અને પ્રવાસધામોની વિગતો આપી, ગુજરાતનું આતિથ્ય માણવા માટે જે તે રાજ્યના લોકોને ભાવભીનું આમંત્રણ આપ્યું હતું. આ પ્રયોથી ગુજરાત માટે આકર્ષણની એક આબોહવા ઊભી થઇ છે. તેની આપણે સહુએ સહર્ષ નોંધ લેવી ઘટે. માનનીય અધ્યક્ષશ્રી, **મેં અગાઉ જણાવ્યું હતું તેમ વિકાસ એ આપણા સૌનો સહિયારો પ્રયાસ છે.** આમાં પક્ષાપક્ષીથી ઉપર ઊઠીને ગુજરાતના વિકાસ માટે આ ક્ષેત્રમાં પણ અભૂતપૂર્વ પ્રગતિ થશે તેવો વિશ્વાસ છે.

**પ્રવાસનક્ષેત્ર**ને ભૂતકાળમાં ક્યારેય ન થઇ હોય તેવી માતબર **રૂા. ૧૦૦ કરોડની** જોગવાઇ આયોજન સદરે સૂચવાયેલ છે.

**શ્રમ અને રોજગાર**

આ સભાગૃહ જાણે છે કે, ગુજરાત આખા ભારતમાં ઓદ્યોગિક શાંતિ માટે જાણીતું છે. રાજ્ય સરકારે **શ્રમજીવીઓને લગતા કાયદાઓનું સરળીકરણ કરવામાં પહેલ દાખવી છે**. અમારી સરકારે સંવેદનશીલતા દાખવીને શ્રમિકોના હક્કને નુક્સાન ન થાય તેની કાળજી લઇને પોતાનાં ઉદ્યોગ ગૃહોનું તે પોતે જ ઇન્સ્પેક્શન કરે તેવી વિકેન્દ્રિત સશક્તીકરણની નીતિ અપનાવી તંત્રનો હસ્તક્ષેપ ઓછો કર્યો છે.

મીઠા ઉદ્યોગમાં કામ કરતા અગરિયાઓ માટે **નમક મજદૂર આવાસ યોજના** અંતર્ગત ૩૨૭૩ આવાસો મંજૂર થયેલ છે.

શ્રમ અને રોજગાર ક્ષેત્રમાં ગુજરાતે જે પરિપક્વતા હાંસલ કરી છે તેને પરિણામે ગુમાવવા પડતા માનવદિનમાં ગુજરાતનો આંક દેશમાં સૌથી નીચો છે.

વિકસતી જતી ટેક્નોલોજીએ અનેક નવાં વ્યાવસાયિક ક્ષેત્રોના અવસર ઊભા કર્યા છે તેને પહોંચી વળવા માટે ઉપયોગી અભ્યાસક્રમો અને તાલીમનો અભિગમ અપનાવ્યો છે. ઓદ્યોગિક ગુજરાતને માટે સુયોગ્ય માનવબળ મળી રહે તે માટે **ગુણવત્તા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે**. ઓદ્યોગિક આવશ્યક્તા અને વ્યાવસાયિક તાલીમના સુમેળ કરવાના ભાગરૂપે **ઇન્સ્ટિટયૂટ મેનેજમેન્ટ કમિટિ**ની રચના પાંત્રીસ ઓદ્યોગિક સંસ્થાઓમાં થયેલ છે અને વધુ પંદર ઓદ્યોગિક સંસ્થાઓમાં તેની રચનાની કાર્યવાહી હાથ ધરાયેલ છે.

**નાગરિક પુરવઠો**

નાગરિક પુરવઠામાં સરકારની પ્રાથમિક્તા ગરીબી રેખા હેઠળ જીવતા પરિવારોને ઘઉં અને ચોખા રાહત ભાવે મળે તે માટે **રૂા. ૧૧૦ કરોડની** જોગવાઇ સૂચવી છે. **અંત્યોદય અન્ન યોજના** હેઠળ અત્યંત ગરીબ કુટુંબોને પાંત્રીસ કિલોગ્રામ અનાજ આપવાની યોજના હેઠળ **રૂા. ૧૩ કરોડની** જોગવાઇ સૂચવી છે.

એનીમીયાને કારણે ગંભીર પ્રકારની બીમારી તથા માતાના મૃત્યુ દરના વધારાની મુશ્કેલીના નિવારણ માટે ખાદ્યતેલમાં **વિટામિન-એ** અને **વિટામિન-ડી** તથા ઘઉંના આટામાં **આયર્ન** અને **ફોલીક એસીડ**નું ફોર્ટીફીકેશન શરૂ કરેલ છે.

ગ્રાહકના હિતોનું રક્ષણ થાય તે માટે **આધુનિક ઇલેક્ટ્રોનીક્સ વજન કાંટા**ઓ વપરાશમાં લાવવા સમયબદ્ધ આયોજન અને કાયદાકીય જરૂરી સુધારા કરવાની દિશામાં કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**ગૃહ**

પોલીસ દળ **આધુનિકીકરણ** યોજનામાં **રૂા. ૧૩૯.૩૭ કરોડની** જોગવાઇ છે જે દ્વારા સલામતીનાં સાધનો, આધુનિક હથિયારો વસાવવાનો તથા ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી વગેરેને અતિઆધુનિક બનાવવાનું આયોજન છે. આ યોજના અંતર્ગત આગામી વર્ષમાં રાજ્યના બધાં જ પોલીસ સ્ટેશનને કમ્પ્યુટર, ફેક્સ, ઝેરોક્ષથી સજ્જ કરવાની

કાર્યવાહી પૂર્ણ કરવામાં આવશે. આ વર્ષે બધાં જ પોલીસ સ્ટેશનોને ક્નેક્ટીવીટીની સગવડ આપવાનું કામ પણ પૂર્ણ થશે.

માનનીય અધ્યક્ષશ્રી, **ગુજરાત સરકારના ગોવંશની રક્ષાના સંકલ્પને જ્યારે સુપ્રિમ કોર્ટ મંજૂરીની મહોર મારી છે ત્યારે વિવિધ પગલાં પૈકી એક નવું પગલું આ સરકારે વિચાર્યું છે. સ્થળાંતર થતું માંસ ક્યા પ્રકારનું છે તેની ચકાસણી તાત્કાલિક થઇ શકે અને ગોમાંસ** માલૂમ પડે તો કડક કાર્યવાહી કરાવી શકાય તે માટે **૬ નવી મોબાઇલ ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી વાન**ની સુવિધા ઊભી કરવામાં આવશે. જેથી ગોમાંસનું વહન અટકાવવા માટે સ્થળ ઉપર ચકાસણી થઇ શકશે.

પોલીસ આવાસ નિગમની કામગીરી વધુ સુદૃઢ અને ઝડપી થાય તે માટે આયોજન અને આયોજન બહાર મળી કુલ **રૂા. ૧૨૫.૬૯ કરોડની** જોગવાઇ સૂચવી છે. રૂા. ૧૫ કરોડના ખર્ચે રહેણાક તથા બિનરહેણાકનાં મકાનોની મરામત અને જાળવણી કરવાનું આયોજન કરાશે. અત્યારે **પોલીસ હાઉસીંગમાં ગુજરાત સમગ્ર ભારતમાં ૭૨ ટકા સેટીસફેક્શન રેશિયો** સાથે **ભારતમાં સર્વપ્રથમ** છે. **આ વર્ષે ૯૦ ટકા સેટીસફેક્શન રેશિયો**નો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આર્થિક ગુનાખોરી અને સાયબર ક્રાઇમ ભદ્રવર્ગમાં અવિશ્વાસનું વાતાવરણ ઊભું કરે છે. સાચા નાગરિકોની સાથે છેતરપિંડી ન થાય અને તેઓ આવા ગુનાખોરીના ભોગ ન બને તે માટે માળખાને વધુ વૈજ્ઞાનિક અને આધુનિક બનાવવામાં આવશે. રાજ્યના ૧૬૦૦ કિલોમીટર સમુદ્ર કિનારાની રક્ષા અર્થે **કોસ્ટલ સીક્યુરીટી** માટે એક કાર્ય યોજના કાર્યરત થશે.

ગત વર્ષે ૧૦૦ ટકા પોલીસ કર્મચારીઓની આરોગ્ય ચકાસણી પૂર્ણ કરવામાં આવી છે. આ વર્ષે પોલીસ કર્મચારીઓ અને એમનાં કુટુંબીજનોને હેલ્થ કાર્ડ પૂરું પાડવાની ૧૦૦ ટકા કામગીરી પૂર્ણ કરવામાં આવશે.

**ન્યાયતંત્ર**

હાઇકોર્ટમાં પડતર તથા નિકાલ થયેલ કેસોની સ્થિતિ તથા પ્રતિદિન સુનાવણી પર આવતા કેસોની વિગત જેમ ઉપલબ્ધ થઇ શકે છે તે જ રીતે તાબાની કોર્ટોમાં પણ કમ્પ્યુટરાઇઝેશન પૂર્ણ કરી જી-સ્વાન ક્નેક્ટીવીટીથી આ વિગતો ઉપલબ્ધ થાય તેવું આયોજન છે.

હાઇકોર્ટ, સરકારી વકીલની કચેરી તથા જિલ્લા અદાલતોના સરકારી વકીલની કચેરીઓને, તમામ અદાલતો, કાયદા વિભાગ તથા સરકારની અન્ય કચેરીઓ અને તમામ પોલીસ સ્ટેશનોને જી- સ્વાન ક્નેક્ટીવીટીથી સાંકળી કોર્ટ કેસોને લગતી જરૂરી માહિતી ઉપલબ્ધ થઇ શકે તેવું આયોજન છે. આ ઉપરાંત ચેરીટી તંત્રને પણ પૂર્ણ કમ્પ્યુટરાઇઝડ કરવાનું આયોજન છે.

**રાજ્યની બધી જેલો** અને **કોર્ટોને વીડિયો લીન્કેજ સિસ્ટમ**થી જોડવાનું આયોજન છે.

ફાસ્ટ ટ્રેક કોર્ટોને કાયાન્વિત કરવામાં **ગુજરાત અગ્રેસર રાજ્ય** છે.

માનનીય અધ્યક્ષશ્રી, અદાલતોમાં થયેલા કેસોના ભરાવાને ધ્યાનમાં રાખી **ઇવનીંગ કોર્ટ** શરૂ કરવાનું આયોજન છે. **સમગ્ર દેશમાં ઇવનીંગ કોર્ટ** શરૂ કરનાર **ગુજરાત પ્રથમ રાજ્ય** બનશે.

**જમીન દફતર કમ્પ્યુટરાઇઝેશન**

જમીન અથવા મહેસૂલી દફતરનું વ્યવસ્થાપન આજના સમયમાં દરેક નાગરિકને સ્પર્શતો પ્રશ્ન છે. અનેક આંટીઘૂંટીઓથી ભરેલી કાર્યવાહી અને પરંપરાઓ નાગરિકોને મુંઝવતી રહેતી હતી. અમારી સરકારે આખી પ્રક્રિયાને જમીન દફતરના વ્યવસ્થાપનને કમ્પ્યુટર સાથે જોડીને સરળ અને પારદર્શક બનાવી છે. પરિણામે લોકાભિમુખ વહીવટનો સંસ્પર્શ નાના અને સીમાંત ખેડૂતોને પણ થાય તેવી વ્યવસ્થા ગોઠવી દરેકે દરેક ખેડૂતના ૭/૧૨ અને ૮/અ એવા અગત્યના દસ્તાવેજનું કમ્પ્યુટરાઇઝેશન કર્યું અને તેની નકલો સરળતાથી ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થા કરી અને હવે તો ગામે ગામ કમ્પ્યુટરથી જ આવી નકલ મળે તેવા પ્રયો હાથ ધર્યા છે. આ પ્રયને શહેરમાં પણ વિસ્તારવાનું અમારું લક્ષ છે **અને એ માટે સિટી સર્વેના કામને પણ કમ્પ્યુટરાઇઝ કરીને આધુનિક સવલતો સાથે સજ્જ કરવામાં આવી રહ્યું છે.** રાજ્યના જમીનોના મૂલ્યાંકનોમાં પારદર્શિતા આવે તે હેતુથી જંત્રી આધારિત **જમીન મૂલ્યાંકન પદ્ધતિ** અને **જંત્રી**માં સુધારા- વધારાની પ્રક્રિયામાં વૈજ્ઞાનિક પદ્ધતિથી ફેરફાર થાય તેવા પ્રયો હાથ ધર્યા છે.

ભૂમિ ઉપયોગ માટે બૃહદ નીતિ આજની આવશ્યક્તા થઇ ગઇ છે કારણ કે, નર્મદા યોજના, સુજલામ સુફલામ યોજના, ડ્રીપ ઇરીગેશન, જળસંચય અને જળસિંચન જેવા સફળ કાર્યક્રમોના કારણે ગુજરાતની જમીનમાં ઉત્પાદક્તા વધે તેવું એક વાતાવરણ ઊભું થયું છે અને તે વાતાવરણનું ગુજરાતના સમગ્ર વિકાસમાં યથાયોગ્ય યોગદાન રહે તે માટે આ બૃહદ નીતિ ઘડવામાં આવી રહી છે.

બહુચર્ચિત સ્ટેમ્પ પેપર ગોટાળા પછી સ્ટેમ્પના ઉપયોગની બાબતમાં ફુલ પ્રુફ વ્યવસ્થાની આવશ્યક્તા ઊભી થઇ છે. **ઇ- સ્ટેમ્પીંગ સિસ્ટમ હેઠળ આ સમસ્યાને હલ કરવા માટેનો પ્રય થયો છે** અને ગાંધીનગર, વડોદરા, સૂરત માટે મંજૂરી અપાયેલ છે.

જમીન બાબતે ઊભા થતા ગૂંચવાડા, દાવપેચમાંથી સામાન્ય નાગરિકને બચાવવા માટે જમીન લે-વેચના તમામ **દસ્તાવેજોમાં ફોટા અને બાયોમેટ્રીક્સના ઉપયોગને સામેલ કરવાને કારણે** આ પ્રકારની ગેરરીતિઓ ઊભી કરનાર લોકોમાં એક પ્રકારનો ભય ઊભો થયો છે. આવી ગેરરીતિઓ રોકવામાં આ સરકારે અસરકારક પ્રયાસો કર્યા છે.

**પુનઃસ્થાપન અને આપત્તિ વ્યવસ્થાપન**

૨૬મી જાન્યુઆરી,૨૦૦૧માં આવેલ ગુજરાતમાં ભૂકંપ પછી હાથ ધરવામાં આવેલ **પુનઃવસવાટ અને પુનઃ નિર્માણની કામગીરી સમગ્ર એશિયામાં પુનઃ વસવાટ અને પુનઃનિર્માણ માટે એક મોડલ તરીકે ઓળખ મેળવેલ છે.** ગુજરાતમાં થયેલ પુનઃનિર્માણ અને પુનઃ વસવાટની કામગીરીનો અભ્યાસ કરીને મોડલ તરીકે અપનાવવા માટે બાંગ્લાદેશ, શ્રીલંકા, ઇરાન, અફઘાનિસ્તાન અને ભૂતાન જેવા દેશોનાં પ્રતિનિધિ મંડળોએ ગુજરાતની મુલાકાત લઇને આ કામગીરીની પ્રશંસા કરેલ છે. તામિલનાડુ, જમ્મુ અને કાશ્મીર જેવા આપત્તિગ્રસ્ત રાજ્યોમાંથી પ્રતિનિધિ મંડળોએ પણ મુલાકાત લીધેલ છે.

પુનઃનિર્માણ સાથે આપત્તિ વ્યવસ્થાપન માટે પણ નીતિનું ઘડતર, વૈધાનિક કાયદાઓનું ઘડતર, ક્ષમતાવર્ધન, શિક્ષણ અને પ્રચાર દ્વારા આપત્તિઓનું જોખમ ઘટાડવા વિશેષ ભાર મૂક્વામાં આવેલ છે.

- ભૂકંપ, વાવાઝોડું, પૂર જેવી છ **આપત્તિઓ, જોખમો અને સંભાવનાઓને સાંકળી લેતો દેશનો સૌ પ્રથમ એટલાસ** તૈયાર કરવામાં આવેલ છે.
- ભૂકંપના જોખમને પહોંચી વળવા માટે **સેસ્મીક માઇક્રોઝોનેશન** હાથ ધરવામાં આવી રહેલ છે.
- કુદરતી આપત્તિઓ સામે બાંધકામનાં યોગ્ય ધોરણો નિર્ધારિત કરવા માટે **રીવીઝન ઓફ બિલ્ડીંગ કોડ**નો અભ્યાસ પૂર્ણ કરેલ છે. તેના વિવેચન તથા હેન્ડબુક **દેશમાં સૌ પ્રથમ** વખત તૈયાર કરાયેલ છે.
- સુનામીની હોનારત પછી ગુજરાતે દેશમાં સૌ પ્રથમ સુનામીના વલણો, ઊભી થતી મુસીબતો અને તેને પહોંચી વળવાનો વિસ્તૃત અહેવાલ તૈયાર કર્યો છે.

આપત્તિ વ્યવસ્થાપન ક્ષેત્રે અદ્યતન તાલીમ આપવા **ગુજરાત ઈન્સ્ટિટયૂટ ઓફ ડિઝાસ્ટર મેનેજમેન્ટ** કાર્યરત થયેલ છે. આ સંસ્થા વિશ્વ કક્ષાના સંશોધિત અને અનુભવજન્ય તાલીમ કાર્યક્રમોનું આયોજન કરશે. વિશેષમાં ગુજરાતના ભૌગોલિક પરિપ્રેક્ષ્યમાં ધરતીકંપની સંભાવનાઓને ધ્યાનમાં રાખીને **ઇન્સ્ટિટયૂટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચ**ની સ્થાપના કરવામાં આવેલ છે. આ બન્ને સંસ્થાઓ વિશ્વ અને ભારતમા થયેલ પુનઃસ્થાપન અને પુનઃનિર્માણ માટે થયેલ કામોના આધુનિકીકરણનો ક્ષેત્રીય પરિસ્થિતિઓ સાથે વિનિયોગ કરશે.

પુનઃનિર્માણ અને આપત્તિ વ્યવસ્થાપન માટે આયોજન સદરે **રૂા.૬૫૬.૦૭ કરોડની** જોગવાઇ સૂચવી છે.

**સુ- રાજ્ય**

સ્વ-રાજ્ય, સુ- રાજ્ય બને તે માટે વહીવટી તંત્ર પ્રજાભિમુખ બને, કાર્ય સંસ્કૃતિ લોકોપયોગી બને અને **કાર્યનો અભિગમ પ્રો-એકટીવ હોય**, તેવા ઉમદા હેતુને પ્રાપ્ત કરવા માટે **માઇન્ડ સેટ બદલાય, તાલીમ મળે, સમૂહમાં કામ કરવાની ટીમ ભાવના વિકસે** તે હેતુથી શરૂ કરાયેલ **કર્મયોગી મહાઅભિયાન**ને અભૂતપૂર્વ સફળતા મળી છે. માનનીય અધ્યક્ષશ્રી, બે લાખ શિક્ષકો સહિત **૩.૭૨ લાખ કર્મયોગી**ને તાલીમ અપાયેલ છે. **૩૦૦૦ હજાર કરતા પણ વધુ કર્મયોગીઓએ વધારાના કોઇ વેતનની અપેક્ષા રાખ્યા વિના** ટ્રેનર તરીકે સેવાઓ આપી છે.

રાજ્યની મુખ્ય તાલીમ સંસ્થા **સ્પીપાને સ્વાયત્તતા** આપવામાં આવી છે. જેથી તેની **કામગીરીમાં ગુણાત્મક અને સંખ્યાની દૃષ્ટિએ વધારો થતાં કાર્યક્ષમતા વધી છે**. આયોજન અને આયોજન બહાર મળી તાલીમ માટે **રૂા. ૭.૧૭ કરોડની** જોગવાઇ સૂચવવામાં આવેલ છે.

**ગુજરાત સુવર્ણ જયંતિ મહોત્સવ-૨૦૧૦**

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૦માં ગુજરાતની સ્થાપનાને ૫૦ વર્ષ પૂર્ણ થશે, પાંચ દાયકાની આપણી પ્રગતિ યાત્રા ગુજરાતના અને દેશના વિકાસમાં સીમાચિન્હરૂપ બને તે માટે **સુવર્ણ જયંતિના ઉત્સવની ઉજવણીના આયોજનનો પ્રારંભ આ વર્ષથી જ કરવા માંગીએ છીએ.** માનનીય અધ્યક્ષશ્રી, પચાસ વર્ષમાં અનેક ક્ષેત્રોમાં થયેલ કીર્તિમાનોથી સુશોભિત ગુજરાતનો ઇતિહાસ યોગ્ય રીતે લખાય એનું સંશોધન થાય એના માટે અમારી સરકાર અત્યારથી જ આગોતરું આયોજન કરવા માંગે છે. **ગુજરાત અને સમગ્ર વિશ્વના તજજ્ઞો સાથે રહીને, ગુજરાતની આ અમૂલ્ય પ્રગતિ યાત્રાના** પડાવોનું અને **ભાવિની રૂપરેખા બતાવી** શકે **તેવા માનચિત્રોનું દસ્તાવેજીકરણ કરવાનો આ સમય** છે. અમારી સરકાર માને છે કે, આવા મોટા આયોજનનો ઉપયોગ ભાવિ વિકાસની રૂપરેખા દોરવા માટે નવી પેઢીને, નવા યુગના પડકારોથી પરિચિત કરાવવા માટે અને નાગરિકોની સામેલગીરીથી આગવા ગુજરાતના, સમૃદ્ધ ગુજરાતના, ગૌરવાન્વિત ગુજરાતના નિર્માણ માટે આ સભાગૃહના સૌ સભ્યશ્રીઓ જોડાય તેવું મારું નિમંત્રણ છે. આ **મહોત્સવના આયોજન માટે આ તબક્કે રૂા. ૧ કરોડની જોગવાઇ** સૂચવેલ છે.

**નાણાકીય વ્યવસ્થાપન**

રાજ્યની નવમી પંચવર્ષીય યોજના ૧૯૯૭-૨૦૦૨ના રૂા. ૨૮,૦૦૦ કરોડના કદની સામે ૧૦મી પંચવર્ષીય યોજનાનું કદ રૂા. ૪૭,૦૦૦ કરોડ નિયત કરાયેલ હતું. ભૂકંપ જેવી ભયાનક કુદરતી આફતના ખોળામાં વર્ષ ૨૦૦૨માં દશમી પંચવર્ષીય યોજનાનો જન્મ થયો અને તે પણ ૬૮ ટકા ઊંચા લક્ષ્યાંક સાથે. આર્થિક જગત સાથે સંકળાયેલા સૌએ ગુજરાતના આ મહત્ત્વાકાંક્ષી લક્ષ્યાંક સામે શંકાકુશંકા પ્રગટ કરી. ગુજરાતે આફતની ઉપરવટ જઇને બધી શંકાકુશંકાઓને ખોટી ઠરાવી. હું વિશ્વાસપૂર્વક આ સભાગૃહને કહેવા માગું છું કે **ગુજરાત રૂા.૪૭,૦૦૦ કરોડના લક્ષ્યાંકને સિદ્ધ કરીને રહેશે.**

અમારી સરકાર વેરાઓમાં ઉત્તરોત્તર ઘટાડો કરતી રહી છતાં મહેસૂલી ખર્ચમાં કરકસર, નાણાકીય શિસ્ત અને વિવેકપૂર્ણ આયોજનના પરિણામે આ સિદ્ધિ શક્ય બની છે. મહેસૂલી ખાધ ઘટાડવામાં આપણે મહત્વપૂર્ણ સિદ્ધિ પ્રાપ્ત કરી છે અને તેનાથી વિકાસ માટે નાણાકીય સ્ત્રોતો ઉપલબ્ધ થયા છે.

પાંચ વર્ષ પહેલાં વર્ષ ૨૦૦૧-૦૨માં રાજ્યની મહેસૂલી આવક જે રૂા. ૧૫૯૮૬.૦૬ કરોડ હતી તે વધીને વર્ષ ૨૦૦૫-૦૬ના સુધારેલ અંદાજોમાં રૂા. ૨૫૧૨૮.૫૪ કરોડ થઇ છે, જેની સામે મહેસૂલી ખર્ચ જે રૂા. ૨૨,૭૧૭.૬૦ કરોડ હતું તે રૂા. ૨૫,૪૬૩.૧૩ કરોડ થયેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, આ આંકડાઓ સ્પષ્ટ બતાવે છે કે આગળનાં ૫ વર્ષમાં **મહેસૂલી આવકમાં ૫૭ ટકા વધારા સામે મહેસૂલી ખર્ચમાં આ જ ગાળામાં માત્ર ૧૨ ટકાનો વધારો છે** જે રાજ્ય સરકારની નાણાકીય શિસ્ત અને સુદૃઢ નાણાકીય વ્યવસ્થાપન પરત્વે પ્રતિબદ્ધતાનાં દર્શન કરાવે છે.

રાજ્યની આવકના મુખ્ય સ્ત્રોત એવા વેચાણવેરાની આવક વર્ષ ૨૦૦૧-૦૨માં રૂા. ૫૮૫૭.૪૦ કરોડની હતી જે વર્ષ ૨૦૦૫-૦૬માં રૂા. ૧૦,૫૦૦ કરોડ થવાનો અંદાજ છે. માનનીય અધ્યક્ષશ્રી,પાંચ વર્ષના ટૂંકા ગાળામાં **વેચાણવેરાની આવક, વેરાના દરમાં ઘટાડા છતાં લગભગ બમણી થયેલ છે** તે સરકારની પારદર્શિતા, દૃઢતા અને વ્યવસ્થિત આયોજનને કારણે પ્રાપ્ત થયેલ છે.

વિવેકપૂર્ણ નાણાકીય વ્યવસ્થાપનને પરિણામે રાજ્ય સરકારને રિઝર્વબેંક પાસેથી ચાલુ નાણાકીય વર્ષમાં એકપણ વખત વેઇઝ એન્ડ મિન્સ ઍડવાન્સ કે ઓવરડ્રાફ્ટ લેવાની જરૂર ઊભી થઇ નથી.

રાજ્ય સરકારે ઘડેલ જાહેર નાણાકીય જવાબદારી ધારા હેઠળ આગામી વર્ષોમાં સિદ્ધ કરવા માટેનાં વિવિધ નાણાકીય લક્ષ્યાંકો નિર્ધારિત કરેલ છે. રાજ્ય સરકાર આ નાણાંકીય લક્ષ્યાંકો સિધ્ધ કરવા કટિબદ્ધ છે.

રાજ્યની નાણાકીય સ્થિતિ સધ્ધર છે છતાં રાજ્યના દેવા બાબતે ટીકાટિપ્પણી થતી રહી છે ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, હું એ સ્પષ્ટ કરવા માગું છું કે રાજ્યના કુલ **દેવાનો ૮ ટકા ભાગ કુદરતી આફતો જેવી કે ધરતીકંપ ઇત્યાદિ માટે અને ૭૩ ટકા લોન સરદાર સરોવર પ્રોજેક્ટ,** રસ્તાના બાંધકામો તેમજ પીવાનાં પાણીની સુવિધા જેવાં વિકાસ કામો માટે મેળવેલ છે. હું સન્માનનીય સભાગૃહના ધ્યાને એ બાબત મૂકીશ કે રાજ્ય સરકારે લીધેલી લોન મહદંશે રાજ્યના વિકાસની યોજનાઓ માટે ઉપયોગમાં લેવાઇ રહી છે અને આવી યોજનાઓ થકી ગુજરાતના અર્થતંત્રને વિકાસદરમાં વૃદ્ધિ કરે છે.

**૨૦૦૪-૦૫નો હિસાબ**

વર્ષ ૨૦૦૪-૦૫ ના સુધારેલ અંદાજમાં ચોખ્ખી લેવડ દેવડના કારણે રૂા. ૨૮.૮૨ ક્રોડની પુરાંત રહેવાની ધારણા હતી, પરંતુ ખરેખર વર્ષ ૨૦૦૪-૦૫ ના હિસાબમાં ચોખ્ખી લેવડ દેવડમાં રૂા. ૬૯.૩૬ ક્રોડની પુરાંત રહે છે.

**(રૂા.ક્રોડમાં)**

| | | **૨૦૦૪-૦૫ના સુધારેલ અંદાજ** | **૨૦૦૪-૦૫નો હિસાબ** |
|---|---|---|---|
| (૧) | **એકત્રિત ફંડ** | | |
| | મહેસૂલી આવક | ૨૦૨૦૫.૬૮ | ૨૦૨૬૪.૯૪ |
| | મહેસૂલી ખર્ચ | ૨૪૦૭૪.૯૨ | ૨૪૩૦૧.૮૦ |
| | મહેસૂલી હિસાબ પર ખાધ / પુરાંત | (-) ૩૮૬૯.૨૪ | (-) ૪૦૩૬.૮૬ |
| | મૂડી આવક | ૧૭૨૭૯.૩૦ | ૧૬૫૮૭.૧૦ |
| | લોન અને પેશગીઓ વગેરે સહિત મૂડી ખર્ચ | ૧૩૮૩૯.૫૭ | ૧૩૭૨૭.૩૪ |
| | મૂડી હિસાબ પર ખાધ / પુરાંત | (+) ૩૪૩૯.૭૩ | (+) ૨૮૫૯.૭૬ |
| | **સરવાળો (૧) એકત્રિત ફંડ (ચોખ્ખું)** | (-) ૪૨૯.૫૧ | (-) ૧૧૭૭.૧૦ |
| (૨) | **આકસ્મિક ફંડ (ચોખ્ખું)** | -- | (+) ૮૫.૪૮ |
| (૩) | **જાહેર હિસાબ (ચોખ્ખો)** | (+) ૪૫૮.૩૩ | (+) ૧૧૬૦.૯૮ |
| | **સરવાળો ચોખ્ખી લેવડ દેવડ (૧+૨+૩)** | (+) ૨૮.૮૨ | (+) ૬૯.૩૬ |

**૨૦૦૫-૦૬ના સુધારેલ અંદાજ**

વર્ષ ૨૦૦૫-૦૬ના અંદાજપત્રમાં રૂા.૧૪૩૮.૬૬ ક્રોડ મહેસૂલી ખાધ રહેવાની અને ચોખ્ખી લેવડ દેવડના કારણે રૂા.૮૭.૧૪ ક્રોડની પુરાંત રહેવાની ધારણા હતી, પરંતુ સુદૃઢ નાણાકીય વહીવટ, વેરાની અસરકારક વસૂલાત અને મહેસૂલી ખર્ચ પર નિયંત્રણને લીધે હવે મહેસૂલી ખાધ ઘટીને માત્ર રૂા. ૩૩૪.૫૯ ક્રોડ રહેવાની ધારણા છે અને હિસાબોની ચોખ્ખી લેવડ દેવડ રૂા.૫૬૫.૦૧ ક્રોડની પુરાંત દર્શાવે છે.

**(રૂા.ક્રોડમાં)**

| | | **૨૦૦૫-૦૬ના અંદાજ** | **૨૦૦૫-૦૬ના સુધારેલ અંદાજ** |
|---|---|---|---|
| (૧) | **એકત્રિત ફંડ** | | |
| | મહેસૂલી આવક | ૨૩૨૧૭.૪૧ | ૨૫૧૨૮.૫૪ |
| | મહેસૂલી ખર્ચ | ૨૪૬૫૬.૦૭ | ૨૫૪૬૩.૧૩ |
| | મહેસૂલી હિસાબ પર ખાધ / પુરાંત | (-) ૧૪૩૮.૬૬ | (-) ૩૩૪.૫૯ |
| | મૂડી આવક | ૧૨૩૩૮.૮૪ | ૧૦૮૦૫.૯૫ |
| | લોન અને પેશગીઓ વગેરે સહિત મૂડી ખર્ચ | ૧૧૦૪૬.૧૨ | ૯૭૫૬.૩૫ |
| | મૂડી હિસાબ પર ખાધ / પુરાંત | (+) ૧૨૯૨.૭૨ | (+) ૧૦૪૯.૬૦ |
| | **સરવાળો (૧) એકત્રિત ફંડ (ચોખ્ખું)** | (-) ૧૪૫.૯૪ | (+) ૭૧૫.૦૧ |
| (૨) | **આકસ્મિક ફંડ (ચોખ્ખું)** | -- | -- |
| (૩) | **જાહેર હિસાબ (ચોખ્ખો)** | (+) ૨૩૩.૦૮ | (-) ૧૫૦.૦૦ |
| | **સરવાળો ચોખ્ખી લેવડ દેવડ** (૧+૨+૩) | (+) ૮૭.૧૪ | (+) ૫૬૫.૦૧ |
| | | | |

**૨૦૦૬-૦૭નો અંદાજ**

અવિરત પ્રયાસ કરી મહેસૂલી ખાધ ઘટાડવાની સફળતા મેળવ્યા પછી વર્ષ ૨૦૦૬-૦૭માં રૂા.૬.૩૦ કરોડની મહેસૂલી પુરાંત દર્શાવે છે. મહેસૂલી પુરાંતની આ ઘટના વર્ષ ૧૯૯૪ના હિસાબો પછી પહેલીવાર શક્ય બનશે જ્યારે વર્ષ ૨૦૦૬-૦૭માં એકંદર પુરાંત રૂા.૨૭.૦૬ કરોડ છે.

**(રૂા.કરોડમાં)**

| **(૧)** | **એકત્રિત ફંડ** | **૨૦૦૬-૦૭ના અંદાજ** |
|---|---|---|
| | મહેસૂલી આવક | ૨૬૨૮૧.૮૫ |
| | મહેસૂલી ખર્ચ | ૨૬૨૭૫.૫૫ |
| | મહેસૂલી હિસાબ પર પુરાંત | (+) ૬.૩૦ |
| | મૂડી આવક | ૧૦૮૪૯.૩૨ |
| | લોન અને પેશગીઓ વગેરે સહિત મૂડી ખર્ચ | ૧૦૪૭૮.૫૬ |
| | મૂડી હિસાબ પર પુરાંત | (+) ૩૭૦.૭૬ |
| | **સરવાળો (૧) એકત્રિત ફંડ (ચોખ્ખું)** | (+) ૩૭૭.૦૬ |
| (૨) | **આકસ્મિક ફંડ (ચોખ્ખું)** | -- |
| (૩) | **જાહેર હિસાબ (ચોખ્ખો)** | (-) ૩૫૦.૦૦ |
| | **સરવાળો ચોખ્ખી લેવડ દેવડ (૧+૨+૩)** | (+) **૨૭.૦૬** |

માનનીય અધ્યક્ષશ્રી, હવે હું મારા પ્રવચનનો ભાગ- ખ રજૂ કરીશ.

**આદરણીય અધ્યક્ષશ્રી,**

સને ૨૦૦૬-૨૦૦૭ના વર્ષના અંદાજો અનુસાર એકંદર પુરાંત રૂપિયા ૨૭.૦૬ કરોડની રહેશે. ભૂતકાળની જેમ આર્થિક ક્ષેત્રના સીમાડા રાજય કે રાષ્ટ્ર પૂરતા સીમિત ન રહેતાં વૈશ્વિક બન્યા છે. પ્રભાવક પરિબળો અને પડકારોની માત્રાનું ફલક ખૂબ વિસ્તર્યુ છે તેને ઘ્યાને રાખી ગુજરાત આર્થિક સમૃદ્ધિ તરફ આગળ વધે તે હેતુથી ઓછામાં ઓછા કરબોજ સાથે વધુમાં વધુ સરળતા સાથે કરવેરાના માળખાને તર્કસંગત બનાવવા માટે અમારી સરકારે પગલાં લીધાં છે.

ઉપરોકત અભિગમને ઘ્યાને લઈને વધુ વેરાકીય રાહતો આપવાની અને કરમાળખામાં સરળીકરણ કરવા અંગેની ૨૦૦૬-૨૦૦૭ના વર્ષ માટેની કરવેરાની દરખાસ્ત હવે હું રજૂ કરું છું.

- **વેલ્યુ એડેડ ટેકસ**

મને જણાવતાં આનંદ થાય છે કે અમારી સરકાર વેલ્યુ એડેડ ટેકસનો અમલ તા.૧.૪.૨૦૦૬થી કરવાના આશય સાથે ગુજરાત વેલ્યુ એડેડ ટેકસ એકટ, ૨૦૦૩માં સુધારા કરવા અંગેનું બિલ વિધાનસભાના ચાલુ સત્રમાં રજૂ કરશે. વેટના અમલીકરણથી કરવેરાના વહીવટમાં પારદર્શકતા આવશે, કરવેરાના વિવાદ ઓછા થશે, તથા રાજયના વેપારઉદ્યોગની સ્પર્ધાત્મકતા વધશે. સામાન્ય રીતે કાયદાના મુસદ્દા સરકારી તંત્ર પૂરતા સીમિત રહેતા હોય છે. તેનાથી બહાર જઈને આપણે વેલ્યુ એડેડ ટેકસનો કાયદો અને નિયમો, વેબસાઈટ ઉપર મૂકેલ હતા. જુદા જુદા સંગઠનો જેવાં કે, કન્ફેડરેશન ઓફ ઈન્ડીયન ઈન્ડસ્ટ્રીઝ, ચેમ્બર ઓફ કોમર્સ, સેલ્સટેકસ પ્રેકિટસનર્સ તેમજ સેલ્સટેકસ બાર એસોસિએશન સાથે વિચારવિમર્શ કર્યો, સૂચનો આવકાર્યાં અને રાજયના હિતમાં અનેકવિધ સૂચનોને આમેજ કરીને, વેટનો કાયદો સર્વહિતકારી બને તે રીતે તૈયાર કરવા માટે પૂરતો પ્રયાસ કર્યો છે.

- **વેચાણવેરા સમાધાન યોજના**

વેટનો કાયદો તા.૧.૪.૨૦૦૬થી અમલમાં આવતાં ગુજરાત વેચાણવેરા કાયદો ૧૯૬૯ રદ થશે. વેટનો નવો કાયદો જયારે આવી રહયો છે ત્યારે સંધિકાળના સમયમાં વેચાણવેરાની બાકી વસૂલાત તથા બાકી આકારણી અંગેના, વર્ષોથી પડતર કેસો, હવે વધુ સમય સુધી પડતર ન રહે તે જોવું જરૂરી છે. વધુમાં વેપારીઓ, ઉદ્યોગકારો તથા સરકાર, વેટના અમલીકરણમાં વધુ સમય અને શકિત આપી શકે તે પણ અગત્યની બાબત છે. સરકારની કરવેરાની બાકી વસૂલાત ઝડપથી થાય તેવા હેતુથી પણ, વેચાણવેરા સમાધાન યોજના તેમજ, વેચાણવેરા સરળ આકારણી

યોજના લાવવાની, આથી હું ગૃહ સમક્ષ જાહેરાત કરું છું. વેચાણવેરા સમાધાન યોજના-૨૦૦૬, અન્વયે તા.૩૧.૧.૨૦૦૬ ના રોજ ગુજરાત વેચાણવેરા કાયદા તથા કેન્દ્રીય વેચાણવેરા કાયદા હેઠળ બાકી હોય તેવી વેરાની રકમો,તા.૩૧.૩.૨૦૦૬ સુધીમાં પૂરેપૂરી ભરપાઈ કરી આપવામાં આવે તો તે સંજોગોમાં, વ્યાજ તથા દંડમાં પૂરેપૂરી માફી આપવામાં આવશે. આ યોજના તા.૧.૩.૨૦૦૬થી તા.૩૧.૩.૨૦૦૬ દરમ્યાન અમલમાંરહેશે.

**વીજકર**

રાજયની જનતા ઉપરથી વીજકરનું ભારણ ઘટે, રાજયના વેપાર-ઉદ્યોગની સ્પર્ધાત્મકતા વધે તેમજ, તેનો ઝડપી વિકાસ થાય તેવા અભિગમને ધ્યાને લઈ, વીજકરના માળખાને સરળ અને તર્કસંગત બનાવવાનો અભિગમ સરકારે અપનાવેલ છે.

આ અભિગમના ભાગરૂપે, છેલ્લા ચાર વર્ષમાં અમારી સરકારે માત્ર વીજળી ઉપરના જુદા જુદા કરવેરામાં કુલ રૂપિયા ૬૨૯.૦૦ કરોડની માતબર રકમની રાહત આપી છે. વીજકરમાં વધુ રાહતો આપવાની આથી હું જાહેરાત કરું છું.

**રહેણાક અને શૈક્ષણિક ગ્રાહકો**

શહેરી વિસ્તારમાં આવેલ રહેણાક અને શૈક્ષણિક હેતુઓ માટેના વીજવપરાશની કેટેગરીમાં આવતા ગ્રાહકો પાસેથી મહિનાના ૪૦ યુનિટથી વધારે વપરાશ માટે, વીજકરનો દર હાલ ૩૫ ટકા છે. તે ઘટાડીને ૩૦ ટકા કરવાની મારી દરખાસ્ત છે. આ દર ઘટાડવાથી, રહેણાક તથા શૈક્ષણિક કક્ષાના અંદાજે ૭૦ લાખ જેટલા ગ્રાહકોને અંદાજે રૂપિયા ૬૫.૦૦ કરોડ જેટલી રાહત મળશે.

**રેસીડયુઅરી કક્ષાના ગ્રાહકો**

સમાજના અતિ સામાન્યવર્ગને વીજકરના દરમાં રાહત આપી, શાકભાજીના દ્ુકાનદારો, એસ.ટી.ડી. પી.સી.ઓ. ચલાવનાર, ખાનગી લાઈબ્રેરી, ઝેરોકસ મશીન ચલાવનાર, દરજી કામની દુકાન, ધોબી, પાનના ગલ્લા, બુકસ્ટોલ, જેવા નાના દ્ુકાનદ ારોને રાહત મળે અને સ્વરોજગારી માટેનું પ્રોત્સાહન મળે એવા હેતુથી આ કક્ષાના ગ્રાહકોને લાગુ પડતા ૩૫ ટકાના વીજકર દરને ઘટાડીને ૩૦ ટકા કરવાની મારી દરખાસ્ત છે. આના કારણે અંદ ાજે રૂપિયા ૪૭.૦૦ કરોડની રાહત આ મહેનતકશ વર્ગને મળશે.

**હૉલ,પ્રેક્ષકગૃહ, સિનેમા ઘર**

હૉલ, પ્રેક્ષકગૃહ તથા સિનેમા ઘર માટે હાલમાં ૩૫ ટકાનો વીજકર દર લાગુ પડે છે. રાજય સરકાર મનોરંજન જેવા ઉદ્યોગોના વિકાસને પ્રોત્સાહિત કરવા માગે છે. આ અભિગમના ભાગરૂપે તેમને લાગુ પડતા આ દરમાં ઘટાડો કરવાની જરૂરિયાત છે. આથી, આ દર ઘટાડીને તેને ૩૦ ટકા કરવાની મારી દરખાસ્ત છે.

**હોટલ અને રેસ્ટોરન્ટ**

પ્રવાસન ઉદ્યોગમાં, હોટલ-રેસ્ટોરન્ટનું સવિશેષ મહત્ત્વ છે. ૨૦૦૬ નું વર્ષ "પ્રવાસન વર્ષ" તરીકે ઉજવી રહ્યા છીએ ત્યારે, હોટલ અને રેસ્ટોરન્ટ ઉદ્યોગ પણ, પ્રવાસન વર્ષને સફળ બનાવવા માટે ભાગીદાર બને તેવા ઉમદા હેતુથી હાલનો વીજકર દર ૩૫ ટકાથી ઘટાડીને ૩૦ ટકા કરવાની દરખાસ્ત કરું છું.આમ, વિવિધ ક્ષેત્રોને લાગુ પડતા વીજકર દરમાં ઘટાડો કરવાની આ દરખાસ્તોથી અંદાજે ૮૩ લાખ લાભાર્થીઓને અંદાજે રૂપિયા ૧૨૦.૦૦ કરોડ જેટલી રાહતો મળશે. વીજકર દરના માળખામાં મહત્તમ દર ૩૫ ટકાથી ઘટીને હવે ૩૦ ટકા થશે. આમ, છેલ્લાં ચાર વર્ષના ટૂંકાગાળામાં માત્ર વીજકરને લગતી રૂપિયા ૭૫૦.૦૦ કરોડ જેટલી માતબર રાહત આપીને વિકાસની નિશ્ચિત દિશાનાં દર્શન સરકારે કરાવ્યાં છે.

**સ્ટેમ્પ ડયુટી**

સ્ટેમ્પ ડયુટીની બાબતમાં અમે ત્રિવિધ યોજનાઓ આ બજેટમાં લઈને આવ્યા છીએ. એક, સ્ટેમ્પ ડયુટીના દરમાં ઘટાડો, બીજું, સ્ટેમ્પ ડયુટીના જુદા જુદા દરોનાં કરમાળખાંનું સરળીકરણ તથા ત્રીજું, ભૂતકાળના તકરારી પ્રશ્નોના નિકાલ માટે સમાધાન યોજના.

**સ્ટેમ્પ ડયુટીના મૂળ દરમાં રાહત**

સ્થાવર મિલકતની તબદીલીના જુદા જુદા પ્રકારના લેખો ઉપર લેવામાં આવતી સ્ટેમ્પ ડયુટીના દર સંદર્ભે, રાજયના વેપાર-ઉદ્યોગ બહારની હરીફાઈમાં ટકી શકે, દેશવિદેશમાંથી નવા ઉદ્યોગોને ગુજરાત રાજયમાં આવવાનું પ્રોત્સાહન મળે, સામાન્ય અને મધ્યમ વર્ગના લોકો પરનું સ્ટેમ્પ ડયુટીનું ભારણ ઘટે તથા ગુજરાતનો સ્ટેમ્પ ડયુટીનો દર, દેશ-દુનિયાની સરખામણીમાં વધુ સ્વીકાર્ય અને તર્કસંગત બને તે ખૂબ જ જરૂરી છે. સ્થાવર મિલકતની તબદીલીના જુદાજુદા પ્રકારના લેખો અંગેના સ્ટેમ્પ ડયુટીના દરમાં ઘટાડો કરવાનો અમારી સરકારનો અભિગમ રહયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ અભિગમને ધ્યાને લઈને સ્ટેમ્પ ડયુટીનો હાલનો એકત્રિત દર ૮.૪૦ ટકા છે તે ઘટાડીને એકત્રિત દર ૬ ટકા કરવાની મારી દરખાસ્ત છે. આમ, એકત્રિત દરમાં ૨.૪૦ ટકાનો નોંધપાત્ર ઘટાડો થશે. આ ઘટાડાથી નાગરિકોને વાર્ષિક અંદાજે રૂપિયા ૯૫.૦૦ કરોડની રાહત થશે.

**સ્ટેમ્પ ડયુટીના દરોનું સરળીકરણ**

બોમ્બે સ્ટેમ્પ એકટ, ૧૯૫૮ હેઠળ, ૫૯ આટીર્કલ્સમાં ૨૭ જાતના દરો અમલમાં છે. આ દરોને કારણે વહીવટી ગુંચવણો, સ્ટેમ્પ ડયુટી ભરવાની મુશ્કેલી અને અર્થઘટનના પ્રશ્નોની ભરમાળ આપણે અનુભવીએ છીએ. આ સમસ્યાના નિવારણ માટે આ ૨૭ પ્રકારના જુદા જુદા દરોમાં યોગ્ય ફેરફાર કરીને તેમજ પુનઃગઠિત કરીને માત્ર ૯ જેટલા દરો કરવાની મારી દરખાસ્ત છે.

આ સુધારા - સરળીકરણને કારણે સામાન્ય જનતાને સ્ટેમ્પ ડયુટીના દરો સમજવામાં સરળતા થશે.અર્થઘટનના તથા કાયદાકીય - લિટિગેશનના પ્રશ્નો ઘટશે અને વહીવટમાં પારદર્શકતા આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે ગૌરવભેર કહેવું છે કે, સ્ટેમ્પ ડયુટી સંદર્ભે, એક સાથે, આટલા મોટા પ્રમાણમાં, દરોને સરળ અને તર્કસંગત બનાવવામાં આવી રહયા હોય તેવી ઘટના, ગુજરાતના સ્ટેમ્પ ડયુટીના ઈતિહાસમાં પ્રથમવાર બની રહી છે.

બોમ્બે સ્ટેમ્પ એકટ, ૧૯૫૮માં સુધારા કરતું બિલ, વિધાનસભાના ચાલુ સત્રમાં લાવવામાં આવશે.

**સ્ટેમ્પ ડયુટીની બાકી વસૂલાત અંગે એમ્નેસ્ટી યોજના**

સ્ટેમ્પ ડયુટી સંદર્ભે દસ્તાવેજો રજૂ થયા પછી, ખૂટતી સ્ટેમ્પ ડયુટીની રકમનું માંગણું લાંબા સમય પછી ઉપસ્થિત થાય છે. આવા કેસોમાં, સ્ટેમ્પ ડયુટીના કાયદ ાની કલમ-૩૨ - ક ના હુકમ અન્વયે, પક્ષકારો સ્વેચ્છાએ અને સમયસર, ખૂટતી સ્ટેમ્પ ડયુટીની રકમ ભરતા નથી. એપ્રિ્રલ-૨૦૦૦ પહેલાં નોંધાયેલા દસ્તાવેજો અંગે, બાકી વસૂલાતની એમ્નેસ્ટી યોજનાની આથી હું જાહેરાત કરું છું. આ અંગેની વિગતવાર યોજના વેળાસર જાહેર થશે.

**મનોરંજન કર**

માનનીય અધ્યક્ષશ્રી, મનોરંજન ક્ષેત્રે સિનેમા પ્રદર્શન વ્યવસાયને બળ મળે અને પ્રજાને ગુણવત્તાવાળું મનોરંજન મળી રહે તે હેતુથી, મનોરંજન કરના પ્રવર્તમાન ૫૦ ટકાના દરમાં ઘટાડો કરીને ૨૫ ટકા દર કરવાની મારી દરખાસ્ત છે. આ ઘટાડાને કારણે સિનેરસિયાઓને અંદાજે રૂપિયા૧૮.૦૦ કરોડની રાહત મળશે.

**વીડિયો ગૃહ ઉપરનો વેરો**

વીડિયો ગૃહ મનોરંજન માટેનું એક મહત્ત્વનું એકમ બન્યું છે. છેલ્લા ૧૫ વર્ષોથી વીડિયો ગૃહના દરોમાં ફેરફાર ન કરીને રાહત આપેલ છે. આગામી વર્ષે, વીડિયો ગૃહની બેઠક ક્ષમતાના આધારે, ઊચક માસિક દરોમાં લઘુતમ રૂપિયા ૩૦૦૦ થી મહત્તમ રૂપિયા ૮૦૦૦ સુધીના દરો કરવાની આથી હું દરખાસ્ત કરું છું.

**સુખ-સુવિધા કર**

રાજય સરકારે વર્ષ ૨૦૦૬ ને, "પ્રવાસન વર્ષ" તરીકે ઉજવવાનું જાહેર કરેલ છે. પ્રવાસન માટે પાયાની જરૂરિયાત એવા હોટલ ઉદ્યોગને પ્રોત્સાહન મળે તે માટે સુખ-સુવિધા કરના માળખામાં સરળીકરણ કરવાની જરૂર છે. તદ્અનુસાર હાલમાં વ્યકિતદીઠ લેવાતા કરને બદલે, રૂમદીઠ, રૂમની જાહેર કરેલ ટૅરિફ ઉપર, ઊચક કર લેવાની મારી દરખાસ્ત છે.

**સુખસુવિધા કરનું પ્રવર્તમાન માળખું નીચે મુજબ છે.**

| ક્રમ | વ્યકિતદીઠ દરરોજ રહેવાના ચાર્જ | કરનો દર |
|---|---|---|
| ૧ | રૂપિયા ૨૦૦ સુધી | કંઈ નહીં |

| | | |
|---|---|---|
| ૨ | રૂપિયા ૨૦૧ થી રૂપિયા ૪૦૦ સુધી | ૭.૫ ટકા |
| ૩ | રૂપિયા ૪૦૧ થી રૂપિયા ૬૦૦ સુધી | ૧૦ ટકા |
| ૪ | રૂપિયા ૬૦૦ થીવધુ | ૧૫ ટકા |

.

હાલના કરમાળખાને સરળ બનાવવાના હેતુથી તેમાં નીચે જણાવ્યા મુજબના ફેરફાર કરવાની મારી દરખાસ્ત છે.

| **ક્રમ** | **રૂમ દીઠ દરરોજ રહેવાનો ચાજ** | **ઓકયુપન્સી** | **કરના દર અંગેની દરખાસ્ત** |
|---|---|---|---|
| ૧ | રૂપિયા ૫૦૦ સુધી | - | કોઈ કર નહીં |
| ૨ | રૂપિયા ૫૦૧ થી રૂપિયા ૨૦૦૦ સુધીના રૂમ દીઠ | જાહેર કરેલ સરેરાશ ટેરીફની ૫૦ ટકા ઓકયુપન્સી મુજબ કરેલ એકત્રિત ચૂકવણી પર | ૫ ટકા |
| ૩ | રૂપિયા ૨૦૦૧ થી વધુ રૂમ દીઠ | જાહેર કરેલ સરેરાશ ટૅરિફની ૫૦ ટકા ઓકયુપન્સી મુજબ કરેલ એકત્રિત ચૂકવણી પર<br>અથવા<br>જાહેર કરેલ ટૅરિફની ખરેખર ઓકયુપન્સી મુજબની ચૂકવણી પર | ૮ ટકા<br><br><br>૧૨.૫ ટકા |

આમ હવે, રૂપિયા ૫૦૦ સુધીના રૂમ દીઠ, દરરોજ ચાર્જ લેતા નાના હોટલ ઉદ્યોગકારોએ, સુખસુવિધા કર આપવાનો થશે નહિ અને તેમને રાહત મળશે.

આ દરખાસ્તની વિશેષતા એ છે કે, રૂપિયા ૫૦૦થી રૂપિયા ૨૦૦૦સુધી, રૂમદીઠ દરરોજનો ચાર્જ લેતી, હોટલ કાર્યક્ષમરીતે કામ કરે, સારી ગુણવત્તાવાળી સેવા આપે અને તેના બધા જ રૂમો ભરેલા રહે તો, સુખ - સુવિધા કર વાસ્તવમાં ૫ ટકાથી ઘટીને ૨.૫ ટકા પડશે. તેવી જ રીતે રૂપિયા ૨૦૦૧થી વધુ રૂમદીઠ દરરોજ ચાર્જ લેતી હોટલના ૫૦ ટકા ઓકયુપન્સીના વિકલ્પમાં પણ વાસ્તવિક દર ૮ ટકાથી ઘટીને
૪ ટકા પડશે. આ વિશિષ્ટ પ્રકારનું પ્રોત્સાહન છે.

**મોટરવાહન વેરો**

મુંબઈ મોટરવાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ હેઠળ અંગત વપરાશનાં નોનટ્રાન્સપોર્ટ વાહનો જેવાં કે, મોપેડ,સ્કૂટર, મોટરસાઈકલ, ખાનગી જીપ, ઓટોરિકશા તથા ટેકસીકેબ ઉપર ઊચક વેરો લેવામાં આવે છે. દ્વિચક્રી વાહનો ઉપરના હાલના વેરાના દર વજનના આધારે ઊચક દરે નકકી કરવામાં આવેલ છે. આથી, મુંબઈ મોટર વાહન અધિનિયમ, ૧૯૫૮ માં સુધારો કરવાની તથા દ્વિચક્રી વાહનો માટે વાહનની કીંમતના ૬ ટકા પ્રમાણે વેરાનો દર નિયત કરવાની આથી હું દરખાસ્ત કરું છું. આ પ્રમાણે વાહનની કીંમતના ૬
ટકા પ્રમાણે વેરો લેવાથી ઓછી કીંમતવાળાં દ્વિચક્રી વાહનો, જે મુખ્યત્વે સામાન્ય અને મધ્યમ વર્ગના લોકો ખરીદે છે તેમને હાલના ઊચક વેરા કરતાં ઓછો વેરો ભરવાનો થશે અને તેમને અંદાજે રૂપિયા ૫.૦૦
કરોડની રાહત મળશે. સાથોસાથ, એકસૂત્રતા જળવાઈ રહે અને વિસંગતતા ઊભી ન થાય તે હેતુથી ટ્રાન્સપોર્ટ વાહનો સિવાયનાં પેટ્રોલથી ચાલતાં તમામ મોટરવાહનો ઉપર પણ વેરાનો દર ૬ ટકા કરવાની દરખાસ્ત કરું છું.

**વ્યવસાય વેરો**

ગુજરાત રાજય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર અધિનિયમ, ૧૯૭૬નો અમલ રાજયમાં તા.૧.૪.૧૯૭૬ થી થઈ રહેલ છે. આ કાયદાના અમલીકરણની સત્તા અને જવાબદારી વેચાણવેરા ખાતાને સુપરત કરવામાં આવેલ છે. સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓને, સ્થાનિક વિકાસનાં કામો માટે નાણાકીય ભંડોળની જરૂરિયાત રહે છે. વ્યવસાય વેરો ઉઘરાવવાની સત્તા અને જવાબદારી જો સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓને સોંપવામાં આવે તો સ્થાનિક સ્વરાજયની સંસ્થાઅ ોને કરવેરાનો એક નવો સ્રોત ઊભો થાય. સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ મિલકત વેરો, મ્યુનિસિપલ વેરો વગેરે ઉઘરાવે છે અને તે માટેનું વ્યવસ્થાતંત્ર પણ તેઓ પાસે છે. આ પશ્ચાદભૂમિકાને ધ્યાને રાખી,

સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ, અમુક અપવાદોને બાદ કરતાં, વ્યવસાયવેરો ઉઘરાવી શકે તેમજ પોતાની પાસે રાખી શકે તે પ્રકારનો સુધારો વ્યવસાયવેરાના હાલના કાયદામાં કરવાનો સંકલ્પ, અમારી સરકાર જાહેર કરે છે.

**પ્રવાસન વર્ષ અંગેની વિશેષ પ્રોત્સાહન યોજના**

રાજય સરકારે ૨૦૦૬ના વર્ષને પ્રવાસન વર્ષ તરીકે ઉજવવાનું નકકી કરેલ છે. જાણીતાં અને અગત્યનાં પ્રવાસન સ્થળોએ હોટલ ઉદ્યોગનો વધુ વિકાસ થાય તે અર્થે, આવાં સ્થળોએ, હોટલ ઉદ્યોગને પ્રવાસન વર્ષમાં, વિશેષ પ્રોત્સાહન આપવાની મારી દરખાસ્ત છે.

આ અંગેની યોજના સરકાર તરફથી તૈયાર કરવામાં આવી રહી છે. આ યોજનામાં નીચે મુજબની મુખ્ય બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

રાજયમાં પ્રવાસનના વિકાસ માટેની ખૂબ મોટી શકયતા ધરાવતા સ્થળોએ, સારી હોટલોનો વિકાસ કરવો અનિવાર્ય છે. આથી, ૨૦ રૂમથી વધારે રૂમની નવી હોટલ, સરકાર જે સ્થળ નકકી કરે તે સ્થળે કરવામાં આવે તેવી હોટલોને સહાય આપવાની દરખાસ્ત છે. તા.૧.૪.૨૦૦૬ પછી આવી નવી હોટલ કરવાનું શરુ કરેલું હોવું જોઈએ અને તા.૩૧.૧૨.૨૦૦૭ પહેલાં, તે વ્યાપારી ધોરણે કાર્યરત થઈ ગયેલી હોવી જોઈએ.

આ પ્રમાણેની શરતોનું પાલન કરે તેવી નવી હોટેલોને, નીચે મુજબની સહાય આપવાની દરખાસ્ત છે.

પાંચ વર્ષ માટે વીજકર અને લકઝરી ટેકસમાંથી સંપૂર્ણ મૂકિત.

જમીન ખરીદી સંદર્ભે ભરવાની થતી સ્ટેમ્પ ડયુટીમાંથી સંપૂર્ણ મૂકિત.

આ યોજના દ્વારકા, સોમનાથ, નળ સરોવર, ગીર, વેળાવદર, માંડવી-કચ્છ, ચાંપાનેર, ધોળાવીરા, લોથલ, જેવાં સ્થળો માટે લાગુ પડશે, જે અંગેની સ્થળોની આખરી યાદી હવે પછી બહાર પાડવામાં આવશે.

પ્રવાસન - હોટેલ ઉદ્યોગના વિકાસ અર્થે, પ્રવાસન વર્ષમાં જાહેર કરવામાં આવતી આ વિશેષ યોજનાને સુયોગ્ય પ્રતિસાદ મળશે તેવી સરકારને આશા છે.

આમ, જુદાં જુદાં ક્ષેત્રોમાં કરવેરાના ભારણમાં અંદાજે કુલ રૂપિયા ૩૪૧.૦૦ કરોડની રાહતો આપવાની મારી દરખાસ્ત છે. જેના પરિણામે સામાજિક અને આર્થિક ક્ષેત્રે તેના બહુવિધ લાભો પ્રાપ્ત થશે. અમારી સરકારના આ પ્રજાકીય અભિગમ અને આર્થિક વ્યૂહરચના થકી, સમગ્ર રાજયની પ્રજાને વિકાસની વિપુલ તકો સર્જતું, માનવીય સંવેદના ધરાવતું અર્થતંત્ર પ્રાપ્ત થશે તેવી મને શ્રદ્ધા છે.

**સમાપન**

સને ૨૦૦૬-૨૦૦૭ના વર્ષના અંદાજપત્રની આખરી પરિસ્થિતિ આ પ્રમાણે રહેશે:-

| | (રકમ રૂપિયા કરોડમાં) |
|---|---|
| અંદાજ અનુસારની પુરાંત | ૨૭.૦૬ |
| **કરવેરામાં સૂચિત રાહતો** | |
| વીજકર | ૧૨૦.૦૦ |
| સ્ટેમ્પ ડયુટી | ૧૯૫.૦૦ |
| મનોરંજન કર | ૧૮.૦૦ |
| સુખસુવિધા કર | ૩.૦૦ |
| મોટરવાહન વેરો | ૫.૦૦ |
| કુલ | ૩૪૧.૦૦ |
| **કરવેરામાં સૂચિત વધારો** | |
| મનોરંજન કર | ૨.૫૦ |
| મોટરવાહન વેરો | ૧૫.૦૦ |
| કુલ | ૧૭.૫૦ |
| અંદાજી એકંદર ખાધ | ૨૯૬.૪૪ |

રાજયનું કરવેરાનું માળખું સરળ અને તર્કસંગત બનવાને પરિણામે રાજયનું અર્થતંત્ર વધુ ચેતનવંતું બનશે, ટેકસ કોમ્પ્લાયન્સ વધશે, અને પરિણામે રાજયની વેરાકીય આવકોમાં વૃદ્ધિ થશે.વધુમાં, કરકસરયુકત વહીવટ,વેરાકીય

તેમજ બિનકરની આવકોની અસરકારક વસૂલાત તેમજ બિનવિકાસલક્ષી ખર્ચમાં ઘટાડો કરવા જેવાં અનેકવિધ પગલાંઓ ભરવાથી અંદાજપત્રમાં દર્શાવ્યા મુજબની એકંદર ખાધ વાસ્તવમાં રહેશે નહીં તેવી મારી શ્રદ્ધા છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના વિકાસની વાત હોય અને આ સભાગૃહનું ઐતિહાસિક અને પવિત્ર ફોરમ હોય ત્યારે ઘણું બધું કહી શકાય, અનેક વિષયો જે મારાં ગુજરાતી ભાઈબહેનોને સ્પર્શે છે, તેના વિકાસની અપેક્ષાને સંતોષે તેવી ક્ષમતાવાળા છે અને આ સભાગૃહના સન્માનનીય સભ્યશ્રીઓની ચિંતાના વિષયો છે. પણ તે બધાને સમયની મર્યાદાને કારણે પ્રવચનમાં આવરી લેવાનું સંભવ નથી. મેં જે વિષયો પર વાત કરી છે તે સિવાયના વિષયો કે વિભાગો જેનો ઉલ્લેખ પ્રવચનમાં નથી તે પણ ઓછા અગત્યના નથી. અંદાજપત્રમાં તેના વિશે પણ યથોચિત જોગવાઈઓ છે જ. **અમે સંકલ્પબદ્ધ છીએ કે, નાનામાં નાના નાગરિકનો વિકાસ થાય, તેને તેની ક્ષમતાનો ખ્યાલ આવે અને તેના પ્રયત્નોથી પણ ગુજરાતના વિકાસના આ રાજમાર્ગની રચના થાય.** અનેક નામી-અનામી ગુજરાતીઓ ગુજરાતના વિકાસ માટે મથી રહયા છે ત્યારે, આ સભાગૃહના માધ્યમથી એ સૌને **અભિનંદન આપું છું, શુભકામનાઓ આપું છું અને આર્થિક રીતે ઉન્નત, સમૃદ્ધ ગુજરાતના નિર્માણ માટેનો સંકલ્પ જાહેર કરું છું.**

**માનનીય અધ્યક્ષશ્રી, કવિ શ્રી નર્મદે કહયું છે તેમ,**

**"તે રંગ થકી પણ અધિક સરસ રંગ,થશે સત્વરે માત !**

**શુભ શકુન દીસે મધ્યાહ્ન શોભશે, વીતી ગઈ છે રાત,**

**જન ઘૂમે નર્મદા સાથ,**

**જય ! જય ! ગરવી ગુજરાત !"**

**આવો, આપણે સૌ સાથે રહી ભવ્ય ગુજરાતના નિર્માણ માટે સંકલ્પબદ્ધ થઈએ.**

માનનીય સભાગૃહની વિચારણા અર્થે હું આ અંદાજપત્ર રજૂ કરું છું.

**સન ૨૦૦૬-૨૦૦૭નું અંદાજપત્ર રજૂ કરવામાં આવ્યું.**

**સભાગૃહનું કામકાજ સવારના ૧૧-૫૩ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સોમવાર, તા. ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૦૬ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**સોમવાર, તા.૨૭મી ફેબ્રુઆરી, ૨૦૦૬**
**ફાલ્ગુન ૮, ૧૯૨૭ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી પ્રો.મંગળભાઈ પટેલ અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

**ભરૂચ જિલ્લામાં "ગુજરાત પેટર્ન" હેઠળ ફાળવેલ રકમ અને ખર્ચ**

***૧૩૮૪૦ શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા) : માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ડિસેમ્બર-૦૫ની સ્થિતિએ "ગુજરાત પેટર્ન" હેઠળ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી રકમો ભરૂચ જિલ્લાને ફાળવણી કરી છે,
(૨) કેટલો ખર્ચ કરવામાં આવ્યો,
(૩) આ સ્થિતિએ કેટલી બેઠકો પ્રગતિની સમીક્ષા માટે બોલાવવામાં આવી, અને
(૪) બાકી કામો પૂર્ણ કરવા કેવા પ્રકારનું આયોજન કરવામાં આવેલ છે?

**આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી :**

(૧) ડિસેમ્બર-૦૫ની સ્થિતિએ "ગુજરાત પેટર્ન" હેઠળ છેલ્લા બે વર્ષમાં ફાળવેલ રકમોની વિગત.

| ક્રમ | વર્ષ | ફાળવેલ રકમ (રૂા. લાખમાં) |
|---|---|---|
| (૧) | ૨૦૦૪-૦૫ | ૧૦૧૭.૨૦ |
| (૨) | ૨૦૦૫-૦૬ | ૭૫૧.૮૩ |

(૨) ડિસેમ્બર-૦૫ની સ્થિતિએ "ગુજરાત પેટર્ન" હેઠળ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં ફાળવેલ રકમ સામે થયેલ ખર્ચની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|
| (૧) | ૨૦૦૪-૦૫ | ૧૦૧૭.૧૧ |
| (૨) | ૨૦૦૫-૦૬ | ૫૮૭.૪૫ |

(૩) જિલ્લા કક્ષાએ માનનીય પ્રભારી મંત્રીશ્રી, કલેકટરશ્રી અને પ્રાયોજના વહીવટદારશ્રી દ્વારા પ્રગતિની સમીક્ષા બેઠક બોલાવવામાં આવે છે બેઠકોની વિગત વર્ષવાર નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | બેઠકોની વિગત |
|---|---|---|
| (૧) | ૨૦૦૪-૦૫ | ૧૪ |
| (૨) | ૨૦૦૫-૦૬ | ૫ |

(૪) બાકી કામો સત્વરે પૂર્ણ થાય તે માટે ક્ષેત્રિય કક્ષાએ લાઈન ડિપાર્ટમેન્ટ સાથે કલેકટરશ્રી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી અને પ્રાયોજના વહીવટદારશ્રી કક્ષાએથી બેઠકો બોલાવવામાં આવે છે. ક્ષેત્રિય કક્ષાએ તાબાના અધિકારીઓને ગુજરાત પેટર્નના કામો માટે તાલુકાઓનું લાયઝન પણ સુપ્રત કરવામાં આવેલ છે.

**શ્રીમતી રશીદા ઈ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આખા વર્ષમાં ફાળવેલ રકમ પૈકી કયા તાલુકામાં કેટલી ફાળવણી કરી? અને કેટલો ખર્ચ થયો, બીજું કે હાલમાં ફાળવવામાં આવતી કુલ ગ્રાન્ટના ૪ ટકા રકમના ધોરણે છૂટા છવાયા વિસ્તારો માટે ગ્રાન્ટ આપવાની જોગવાઈ છે. પરંતુ તે વસતિના પ્રમાણમાં ખૂબ ઓછું છે. પરિણામે પાયાની સુવિધાઓ આદિવાસી ફળિયામાં થઈ શકતી નથી. તો આ સંજોગોમાં આ ૪ ટકાનું ધોરણ છે એ સરકાર વધારવા માગે છે કે કેમ?

**શ્રી પ્રભાતસિંહ પ્ર. ચૌહાણ** : છૂટાછવાયા વિસ્તારો માટે જિલ્લાવાર ૪ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે તે વિચારણા હેઠળ છે.

**શ્રી માધુભાઈ જે. ભોયે** : માનનીય મુખ્યમંત્રીશ્રી અને આદિજાતિ મંત્રીશ્રીએ ગયા વખતે જાહેરાત કરેલી કે ૨૦૮ કરોડ રૂપિયા અને તેના પછી બીજી વખત ૪૦૯ કરોડ રૂપિયા ગુજરાત પેટર્નની અંદર આદિવાસી વિભાગોમાં વાપરવાના હતા.ગુજરાતમાં જે આદિવાસી વિસ્તારો છે તેનું આયોજન થાય છે તે આયોજન પ્રમાણે ખર્ચ થવો જોઈએ તે થતો નથી. અને ગ્રાન્ટ પાછી જાય છે.

**અધ્યક્ષશ્રી** : આ ભરૂચનો પ્રશ્ન છે, પ્રશ્ન ઉપર આવો.

**શ્રી માધુભાઈ જે. ભોયે** : માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રશ્ન પૂછયો છે તેના ઉપર જ કહું છું. જે ગ્રાન્ટ રાજય સરકાર ફાળવે છે તેમાં જિલ્લાવાર, તાલુકાવાર, ટકાવારી પ્રમાણે આયોજન થાય છે તે પ્રમાણે પૂરતી ગ્રાન્ટ મળતી નથી અને તેના કારણે આદિવાસી વિસ્તારોમાં કામો રહી જાય છે તે માટે રાજય સરકાર વધારે ગ્રાન્ટ ફાળવવા માગે છે કે કેમ?

**અધ્યક્ષશ્રી** : વધારે ગ્રાન્ટ ફાળવવા માગો છો કે કેમ?

**શ્રી પ્રભાતસિંહ પ્ર. ચૌહાણ** : આ એક જિલ્લા માટેનો મર્યાદિત પ્રશ્ન છે, આખા રાજયનો પ્રશ્ન નથી સાહેબ.

**શ્રી જગદીશ ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત સ્પષ્ટ પૂછવા માગું છું કે જે જિલ્લાવાર ગ્રાન્ટ ફાળવવામાં આવે છે, એમાં ૪ ટકાના ધોરણે આદિવાસી વિસ્તારોનો કયાંય વિકાસ થતો નથી. (અંતરાય) આપના સમયમાં માનનીય આઈ.કે. જાડેજા સાહેબ, સાંભળવાની તૈયારી રાખો, આપના સમયમાં આ ૪ ટકામાં આદિવાસી વિસ્તારોનો વિકાસ કરવા માગો છો, આ ચાર ટકામાં મોટી વસતિ અને મોટો વિસ્તાર છે તેમાં માત્ર ચાર ટકા ફાળવવામાં આવે છે તેમાં વધારો કરી અને આદિવાસી વિસ્તારોને ન્યાય આપવા માગે છે કે કેમ?

**શ્રી પ્રભાતસિંહ પ્ર. ચૌહાણ** : આ ગ્રાન્ટ ભારત સરકાર ફાળવે છે અને મર્યાદિત ચાર લાખ રૂપિયાની જ જિલ્લાવાર ફાળવણી હોય છે.

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગ્રાન્ટ ભારત સરકાર નથી ફાળવતી, ગુજરાત સરકાર ફાળવે છે અને ગુજરાત પેટર્નના પૈસા છે. ગુજરાત સરકારે ગયા વખતે ૨૦૦૫-૦૬માં ૪૧૪ કરોડ રૂપિયા ફાળવેલા અને તેના માટે ભરૂચ જિલ્લા માટે ૨૦૦૫-૦૬નું આયોજન કેટલા રૂપિયાનું કરવામાં આવેલું અને તેના માટે ડિસેમ્બર સુધીમાં ૭ કરોડ રૂપિયાનોખર્ચ ઓછો કેમ થયો છે અને તેની પાછળના કારણો શું છે?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૯૨ ટકાની વસતિ ગ્રામ્ય વિસ્તારમાં છે અને એટલા માટે ૯૬ ટકા પૈસા ગ્રામ્ય વિસ્તારમાં જ ફાળવેલા છે. છુટા છવાયા આદિવાસીઓની જે વસતિ છે તેમના માટે ૪ ટકાની ફાળવણી છે અને ૨૦૦૪-૦૫માં ૭૭૧ લાખની જોગવાઈ હતી તેની સામે મળેલી ગ્રાન્ટ ૧૦૧૭ લાખની હતી. અને એમાં વપરાયા છે ૧૦૧૭.૧૧ લાખ એટલે ૯૯.૯૯ ટકા પૈસા વપરાયા છે.

**ડૉ. અનિલ જોષીયારા** : ગ્રાન્ટ ફાળવવાનું આયોજન કેટલુ હતું? (અંતરાય)

**અધ્યક્ષશ્રી .** : માનનીય સભ્યશ્રી, આ બાજુ જોઈને પ્રશ્ન પૂછો.

**ડૉ. અનિલ જોષીયારા** : સન ૨૦૦૫-૨૦૦૬ના વર્ષમાં ગુજરાત પેટર્નમાં ભરૂચ જિલ્લાને કેટલા પૈસા ફાળવવામાં આવ્યા ?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : ૧૧૬૮.૩૩ કરોડની જોગવાઈ છે એમાં ૮૫૨.૩૮ લાખની ગ્રાન્ટ મળેલ છે અને આજની તારીખે ૬૫૦ લાખ રૂપિયા વપરાયેલ છે એટલે કે ૭૬ ટકા કામગીરી પૂર્ણ થઈ છે.

### જુનાગઢ જિલ્લામાં ખૂટતા સામૂહિક આરોગ્ય કેન્દ્રો બનાવવા અંગે

***૧૫૨૬૪ શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ)** : **માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં કુલ કેટલા સામૂહિક આરોગ્ય કેન્દ્રો આવેલા છે,

(૨) વસતિના ધોરણે ખૂટતા સામૂહિક આરોગ્ય કેન્દ્રો બનાવવાનું આયોજન છે, અને

(૩) જો હા, તો કયાં કયાં ?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી:**

(૧) ૧૫ (પંદર)

(૨) વસતિના ધોરણે હવે કોઈ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખૂટતું ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઉપર (૨) જોતાં પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી માધાભાઈ લા. બોરીચા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે પ્રવર્તમાન જોગવાઈ પ્રમાણે એક સામૂહિક આરોગ્ય કેન્દ્ર કેટલી વસતિએ પ્રસ્થાપિત કરવાનું ધોરણ છે અને જુનાગઢ જિલ્લામાં ૨૦૦૧ની વસતિ ગણતરી મુજબ કેટલી વસતિ છે?

**શ્રી અશોક ભટ્ટ** : સામૂહિક આરોગ્ય કેન્દ્ર ૨૦૦૧ની વસતિ ગણતરી પ્રમાણે ફાળવવામાં આવતા નથી. ૧૯૯૯ની વસતિને ધ્યાને રાખીને એક લાખની વસતિએ એક સામૂહિક આરોગ્ય કેન્દ્ર ફાળવવાની કેન્દ્ર સરકારની નીતિ છે. એ પ્રમાણે જુનાગઢ જિલ્લામાં કુલ ૧૫ ફાળવવામાં આવેલ છે. અત્યારે એક પણ વધારે ફાળવી શકાય તેમ નથી.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું કે ભારત સરકારની નીતિ મુજબ એક લાખની વસતિએ એક સામૂહિક આરોગ્ય કેન્દ્ર આપવામાં આવે છે. માનનીય મંત્રીશ્રી દ્વારા હું જાણવા માગું છું અને વિનંતી કરુ છું કે એક લાખની વસતિએ એક સામૂહિક આરોગ્ય કેન્દ્ર આપવાની જોગવાઈ છે તેના બદલે ૭૫ હજારની વસતિના ધોરણે એક સામૂહિક આરોગ્ય કેન્દ્ર આપવામાં આવે તેવી રાજય સરકાર ભારત સરકારને દરખાસ્ત કરવા માગે છે કે કેમ?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય સભ્યશ્રીનું સૂચન છે.

**શ્રી બાલુભાઈ તંતી** : ૧૯૯૯ની વસતિ ગણતરીને ધ્યાને લઈને ફાળવવામાં આવે છે એના બદલે ચાલુ તાજેતરની વસતિ ગણતરીને ધ્યાનમાં લઈને સામૂહિક આરોગ્ય કેન્દ્ર ફાળવવા માગે છે કે કેમ?

**શ્રી અશોક ભટ્ટ** : સૂચન છે. ભારત સરકારે જે નીતિ નક્કી કરેલ છે એને ફોલો કરીએ છીએ. તાજેતરની વસતિની વાત માનનીય સભ્યશ્રીએ કરી એ સૂચન તરીકે છે.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : જુનાગઢ જિલ્લામાં ૧૫ સામૂહિક આરોગ્ય કેન્દ્રો ફાળવવામાં આવેલ છે. તો નિયમ અનુસાર કેટ કેટલી જગ્યાઓ અને કેટલી સગવડો કરવામાં આવી છે.

**શ્રી અશોક ભટ્ટ** : એના માટે જુદો પ્રશ્ન પૂછવામાં આવે.

**ડૉ. સી. જે. ચાવડા** : જુનાગઢ જિલ્લામાં ૧૫ સામૂહિક આરોગ્ય કેન્દ્રો કામ કરે છે તે પૈકી છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા શરૂ કર્યા?

**શ્રી અશોક ભટ્ટ** : અત્યારે ૧૫ ચાલુ છે. છેલ્લા જોઈતા હોય તો બીજી નોટિસ આપે તો હું વિગતો આપીશ.

**<#SB / સુરત શહેરની સિવિલ હોસ્પિટલનો વહીવટ અને મરણના કિસ્સાઓ અંગે લીધેલ પગલાં**

***૧૪૮૭૨ શ્રી ધીરુભાઈ હ. ગજેરા (સુરત શહેર(ઉત્તર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સુરત સિવિલ હોસ્પિટલનો વહીવટ અયોગ્ય રીતે ચાલતા અને અપૂરતી સારવારના કારણે તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કયા કયા રોગને કારણે કેટલાં મરણ થયાં,
(૨) આ મરણ પાછળ કયા કયા ડોકટરો જવાબદાર છે અને
(૩) તેમની સામે કયા પ્રકારની કાર્યવાહી કરવામાં આવી?

**આરોગ્ય મંત્રીશ્રી:**

(૧) અયોગ્ય વહીવટના કારણે કે અપૂરતી સારવારના કારણે તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં એક પણ મૃત્યુ થયેલ નથી.
(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી ધીરુભાઈ હ. ગજેરા** : માનનીય અધ્યક્ષશ્રી સુરત સિવિલ હૉસ્પિટલમાં અયોગ્ય વહીવટના કારણે કેટલા મૃત્યુ નોંધાયા એવો મેં પ્રશ્ન પૂછયો છે. મને જવાબ આપવામાં આવ્યો છે કે અયોગ્ય વહીવટ કે અપૂરતી સારવારના કારણે કોઈ મૃત્યુ નોંધાયા નથી. હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ગત વર્ષમાં સુરત સિવિલ હૉસ્પિટલમાં કયા કયા રોગોમાં કેટલા મૃત્યુ નોંધાયા? બીજો પ્રશ્ન છે કે સુરત સિવિલ હૉસ્પિટલમાં ઑપરેશન થિયેટર, એમ્બ્યુલન્સ કાર્યરત છે કે કેમ? ઓપરેશન થિયેટર વાન આપવામાં આવી છે એ કેટલા સમયથી બંધ છે? માનનીય મંત્રીશ્રીના પ્રયત્નો ખૂબ સારા હશે પણ નીચે સુધી પરિણામ મળતું નથી અને આ ગરીબ લોકો સિવિલ હૉસ્પિટલમાં જતા હોય છે તો આ મોંઘવારીના દિવસોમાં આ સ્થિતિ સુધારવાની જરૂર છે.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, સુરત સિવિલ હૉસ્પિટલમાં ઇમરજન્સીમાં એટલે કે પહેલાં એક કલાકમાં જે પેશન્ટ દાખલ થયા તે અને આઉટડોર અને ઈનડોર પેશન્ટના મૃત્યુના દરના આંકડા હું આપી શકું તેમ છું અને રોગવાર માગ્યા છે. (અંતરાય) અયોગ્ય વહીવટના કારણે એક પણ મૃત્યુ થયું નથી એવું મેં કહ્યું છે. હવે હું વિગતો આપું છું, તેમણે માગી છે એટલે. (અંતરાય) એ હૉસ્પિટલમાં નોકરી કરી ચૂક્યા છે. સર્જરીમાં એક વર્ષમાં ૬,૨૭૮ પેશન્ટ દાખલ થયા અને તેના મૃત્યુનો દર ૪.૮૭ રહ્યો. દાખલ થયા પછી. ગાયનેકમાં ૭,૯૮૦ પેશન્ટ એક

વર્ષમાં દાખલ થયા. તેમાં મૃત્યુદર ૦.ર૬ રહ્યો. મૅડિસિનમાં ૯,૬૯૪ પેશન્ટ દાખલ થયા. તેમાં મૃત્યુનો દર ૬,૬૧ રહ્યો. ઓર્થોપેડીકમાં ર,૯પર પેશન્ટ દાખલ થયા તેમાં મૃત્યુનો દર ૦.૮૧ રહ્યો. પિડિયાટ્રીકસમાં ૪,૬૪૮ દાખલ થયા તેમાં મૃત્યુનો દર ૯.૬૦ રહ્યો. ઈ.એન.ટી.માં ૧,ર૯ર પેશન્ટ દાખલ થયા તેમાં મૃત્યુદર ર.૧૭ રહ્યો. ઓપ્થેલ્મોલોજી ર,૬૮ર પેશન્ટ દાખલ થયા તેમાં મૃત્યુદર ૦.૧૯ રહ્યો. સ્કીન અને વી.ડી.માં ૧૮ર પેશન્ટ દાખલ થયા અને તેમાં મૃત્યુદર ૧.૧૦નો રહ્યો. સાઈકિયાટ્રીકમાં..(અંતરાય)

**અધ્યક્ષશ્રી .** : ભીખાભાઈ, માહિતી આપે છે. તેમણે જે માહિતી માગી છે તે આપે છે. (અંતરાય)

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, તેમણે માહિતી માગી...

**અધ્યક્ષશ્રી** : ધીરુભાઈએ જે માહિતી માગી છે, તે માહિતી આપી રહ્યા છે.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, માહિતી આપવા તૈયાર છું. સાંભળવા તૈયાર થાય તો. મેં પહેલાં વિભાગવાર માહિતી આપી. માનનીય અધ્યક્ષશ્રી, હું સાઈકિયાટ્રીકની પણ માહિતી આપું. ૩૭૪ પેશન્ટ દાખલ થયા તેમાં મૃત્યુદર ૦.ર૭ થયો. (અંતરાય)

**અધ્યક્ષશ્રી .** : એમ નહીં, પ્રશ્નનો જવાબ આપે છે.

**શ્રી અશોક ભટ્ટ** : પછી ગોલ્ડન અવર્સ જે કહેવાય, હૉસ્પિટલમાં ઈમરજન્સી જે પેશન્ટ દાખલ થયા તેના ત્રણ વર્ષના આંકડા આપું છું. ઈમરજન્સીમાં ૦.૩૪, ૦.૩પ અને ૦.૩ર.

**અધ્યક્ષશ્રી .** : ધીરુભાઈને સંતોષ છે, અશોકભાઈ,

**શ્રી ધીરુભાઈ હ. ગજેરા** : ઑપરેશન થિયેટર વાન ચાલુ છે કે કેમ?

**અધ્યક્ષશ્રી** : પહેલાં તમારી પહેલી માહિતી પતે પછી બીજી માહિતી આપે.

**શ્રી ધીરુભાઈ હ. ગજેરા** : મારે માહિતી જોઈએ છે. એ ચાલુ છે કે કેમ ? સુરત સિવિલ હૉસ્પિટલની અંદર જે મશીનરી પ્રોવાઈડ કરેલી છે એ ચાલુ છે કે કેમ? બંધ છે કે કેમ ? અને બંધ હાલતમાં હોય તો એ ક્યારે ચાલુ કરવા માગે છે ?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, એક ઑપરેશન થિયેટર બંધ છે. ઇન્ફૅક્શન ન થાય એટલા માટે એ બંધ કરવામાં આવ્યું છે અને આવનારા દિવસોમાં આંખના ઑપરેશનો છે એ માટે જંતુરહિત કરવાની કાર્યવાહી ચાલુ છે આ એટલા પૂરતું બંધ છે.

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ કહ્યું છે કે, અપૂરતી સારવારના લીધે એકપણ દરદીના મૃત્યુ થયું નથી. સુરત સિવિલ હૉસ્પિટલની ઘણી ફરિયાદો આવી છે. છેલ્લા એક વર્ષમાં લેપ્ટોસ્પાયરોસીસ અને હડકવાની રસી ન મળવાના કારણે કેટલા માણસો મર્યા છે?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, એના માટે જુદી નોટિસ જોઈશે અને હું વિગતો આપીશ. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : અશોકભાઈ જો માહિતી હોય તો આપો. પ્લીઝ, શાંતિ રાખો.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, હડકવાની રસી ન મળવાના કારણે થયેલા મૃત્યુના ફિગર હજુ સુધી મારી પાસે નથી. એ મેળવીને આપીશ.

**અધ્યક્ષશ્રી** : અશોકભાઈ, એ ગૃહના ટેબલ પર મૂકી દેજો.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, જી.

## શહેરા અને લુણાવાડા તાલુકામાં જંગલની જમીન નિયમબદ્ધ કરવા અંગે

***૧પ૩૩૩ શ્રી હરેશકુમાર ઈ. ભટ્ટ (ગોધરા)** : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પંચમહાલ જિલ્લાના શહેરા અને લુણાવાડા તાલુકામાં સન ૧૯૮૦ પહેલાની કુલ કેટલા ગામના ખેડૂતોની જંગલની જમીન નિયમબદ્ધ કરી,

(ર) તે પૈકી કેટલા અને કયા ગામના કેટલા ખેડૂતોની સ્થળ પ્રશ્નના અભાવે જમીનો નિયમબદ્ધ કરી નથી, અને

(૩) આવા બાકી રહેલ ખેડૂતોને ક્યારે અને કેટલા સમયમાં જમીન નિયમબદ્ધ કરી આપવામાં આવશે?

**વન મંત્રીશ્રી :**

(૧) તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પંચમહાલ જિલ્લાના શહેરા અને લુણાવાડા તાલુકામાં કોઈ જ વ્યકિતને જંગલની જમીન નિયમબદ્ધ કરી આપેલ નથી.

(ર) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી હરેશકુમાર ઈ. ભટ્ટ:** માનનનીય અધ્યક્ષશ્રી, સૌથી પહેલાં તો સરકારને અને આ વિભાગને અભિનંદન આપવા માગું છું. (અંતરાય) હું એટલા માટે અભિનંદન આપવા માગું છું કે જે આદિવાસીઓનો જે ઠેકો લઈને

કોંગ્રેસવાળા બોલે છે, ૫૦ વર્ષથી વાતો કરે છે, એમના સમયમાં જેમને જમીન ફાળવવામાં આવી હતી એ કહું છું. (અંતરાય) હું સરકારને એટલા માટે અભિનંદન આપવા માગું છું કે, ગોધરા અને શહેરાના રોડ ઉપરની જમીનો હતી એ આદિવાસીઓ પાસેથી ત્રાહિત હિતોએ કબજો કરીને લઈ લીધી હતી. એ ૫૦ કરોડથી પણ વધારે કિંમતની જમીન આ સરકારે પાછી મેળવી છે અને એટલા માટે અભિનંદન આપું છું. ૧૯૮૦ પહેલાંના સમયમાં જમીનો આપવામાં આવી હતી એ જમીનો એમની પાસેથી પડાવી લીધી હતી. (અંતરાય). મારો પ્રશ્ન છે. હવે છેલ્લા ત્રણ વર્ષમાં કોઈ જમીન આપવામાં આવી નથી અને એવી જમીન આપવા માટે કેન્દ્ર સરકારમાં રાજય સરકારે દરખાસ્ત કરી છે કે કેમ ? એ હું જાણવા માગું છું.

**શ્રી જશવંતસિંહ સુ. ભાભોર** : માનનીય અધ્યક્ષશ્રી, વંચિતોના વિકાસને વરેલી આ સરકાર આદિવાસીઓને વર્ષો પછી પંચમહાલ જિલ્લામાં ૫૦૩૨ સનદો આપી છે. આખા ગુજરાત રાજયની અંદર ૩૪૨૪૮ સનદો આપી છે. માનનીય સભ્યશ્રીએ જે જાણવા માગ્યું છે એમાં ૨-૧૨-૦૫ના રોજ કેન્દ્ર સરકારને દરખાસ્ત મોકલી છે. એ મંજૂર થયે સનદો આપવામાં આવશે.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, પંચમહાલ જિલ્લાના આદિવાસી ખેડૂતોની વર્ષોથી જમીન નિયમબદ્ધ કરીને સનદો આપવામાં આવતી ન હતી. એ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી એમને જમીનની સનદો આપી છે એ બદલ અભિનંદન આપું છું. એટલા માટે કે, આ આદિવાસીઓ ૧૯૮૦ પહેલાંથી આ જમીન ખેડતા હતા. એમને ૧૯૮૦ પછી કયારેય સનદ આપવામાં નથી આવી અને નિયમબદ્ધ નથી થતી. આ કામ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યુ છે. એ માટે માનનીય મુખ્યમંત્રીશ્રી અને મંત્રીશ્રીને અભિનંદન આપું છું.

બીજી વાત કે જે આ ૧૯૯૫ પછી આ અરજીઓ કરવા માટેની જે સમયમર્યાદા નકકી કરી હતી એ સમયમર્યાદામાં કોઈપણ જાતનો ફેરફાર કરવા માગો છો કે કેમ? જો આ સમયમર્યાદાને કારણે ઘણા અભણ ખેડૂતો બાકી રહી ગયા છે જેના કારણે એ લોકોને સનદ મળી શકી નથી તો આ સમયમર્યાદામાં ફેરફાર કરીને અથવા ગમે ત્યારે ખેડૂત ૧૯૮૦ પહેલાની જમીનની અરજી આપે તો એને ગ્રાહ્ય કરીને સનદ આપવા માગો છો કે કેમ?

**શ્રી જશવંતસિંહ સુ. ભાભોર** : માનનીય અધ્યક્ષશ્રી, ૨-૧૨-૨૦૦૫ સુધીમાં જે અરજીઓ આવી હશે એના માટે વિચાર કરવામાં આવશે.

**શ્રી ભવાનભાઈ જી. ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં પંચમહાલ જિલ્લાના શહેરા અને લુણાવાડા તાલુકાના ૧૯૮૦ પહેલાની જમીનો નિયમબદ્ધ કરવા માટેની કુલ કેટલી અરજીઓ મળી હતી? આ અરજીઓ પૈકી કેટલી અરજીનો નિકાલ કરવામાં આવ્યો? રાજય સરકાર આ પેન્ડિંગ અરજીઓનો કયારેય નિકાલ કરવા માગે છે કે કેમ?

**શ્રી જશવંતસિંહ સુ. ભાભોર** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે વાત કરી છે ૩ વર્ષ પહેલા એક પણ સનદ નહોતી આપી પણ આપના વખતની આગળની બધી સનદો અમે આપી છે.

**શ્રી માધુભાઈ જે. ભોયે** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૮૦ સુધીની જમીન ૩૧-૧૦૨૦૦૬ સુધીમાં કેટલી આપવામાં આવી છે એ બાબતનો માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે કે ૧૯૯૨માં ૩૪ હજાર હેકટર જમીન ગુજરાતની અંદર જયારે ભારત સરકારની ભલામણ કરીને આપવામાં આવી હતી અને ત્યારબાદ બાકી રહેલી અરજીઓ છે એ માટે માનનીય મંત્રીશ્રીએ ભલામણ કરી છે કે કેમ અને કેટલા સમયમાં એ જમીન એ લોકોને મળશે એ હું આપના મારફત જાણવા માગું છું.

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૮૦ પહેલા જે ખેડૂત જમીન ખેડતા હતા એવા લોકોની ૨-૧૨-૨૦૦૫માં ૩૩૫૫ જેટલી અરજીઓ અમે કેન્દ્ર સરકારમાં મોકલાવી છે.

**શ્રી કાળુભાઈ હી. માલીવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી દ્વારા હું જાણવા માગું છું કે અત્યારે હાલની સરકારે મારા જે વિસ્તારની વાત છે ત્યારે આવા જે પ્રશ્નો છે એનો સ્થાનિક કક્ષાએ ઉકેલ આવે તાત્કાલિક ધોરણે થાય એ માટે કમિટી બનાવી છે. ગઈ કાલે જ મારા વિસ્તારમાં ડી.એફ.ઓ., આર.એફ.ઓ., સબ ડી.એફ.ઓ, હું પણ એમાં સાથે હતો, ગામની કમિટી તલાટી, સરપંચ, ડેલીગેટસ અને ફૉરેસ્ટના અધિકારીઓ આ બધા મળીને જે કોઈ પ્રશ્નો છે એનું હદનિશાન તાત્કાલિક કરીને આપે છે અને આવી જમીનો મળતી થઈ ગઈ છે.

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારે એક નવી ગાઈડલાઈન આપી છે એમાં ગ્રામ સમિતિ બનાવી છે. તાલુકા સમિતિ બનાવી છે અને જિલ્લા સમિતિ બનાવી છે. ૧૯૮૦ પહેલાથી જે કોઈ એ જમીન જે ખેડતા આવ્યા છે એના માટે તબકકાવાર ચકાસણી થશે અને એ પણ અમે કેન્દ્ર સરકારને મોકલીશું.

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ છેલ્લે છેલ્લે સ્વીકાર્યુ કે આ કેન્દ્ર સરકારે ૩-૧૧-૨૦૦૫ના રોજ યુ.પી.એ. સરકારે નિર્ણય કર્યો છે અને ૧૯૮૦ પહેલાની જે જમીન પૂરાવાના અભાવે નહોતી મળતી એ જમીન હવે મળવાપાત્ર થશે પણ મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે ગયા વખતે આપે વિધાનસભાના ફલોર ઉપર કહેલું કે પૂરાવો ન હોય તો જમીન મળવાપાત્ર નથી પણ હવે જ્યારે પૂરાવો ન હોય છતાં પણ ગામના બે વડીલ માણસને ડોકયુમેંટ તરીકે ગણવામાં આવે છે ત્યારે આવી કોઈ અરજીઓ શહેરા અને લુણાવાડા તાલુકામાંથી આવી છે કે કેમ?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, યુ.પી.એ.ની સરકારની વિલંબની વાત કરે છે, બાજપાઈજી જયારે વડાપ્રધાન હતા ત્યારે તો ૧૯૯૩ સુધીની જમીન આદિવાસીઓને આપવા માટેની વાત થઈ છે. જ્યારે આ વાત થઈ છે ત્યારે ગામની સમિતિ છે એ સમિતિમાં જો રજૂ કરે તો ચકાસણી કરીને આગળ મોકલાવીશું.

**અખંડાનંદ આયુર્વેદિક કૉલેજ અમદાવાદના સ્થળાંતર અંગે**

***૧૪૮૭૫ શ્રી રાકેશ રાવ (માતર)** : **માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં આવેલ અખંડાનંદ આયુર્વેદિક કૉલેજના સ્થળાંતરનો નિર્ણય રાજય સરકાર દ્વારા લેવામાં આવેલ છે કે કેમ,
(૨) આયુર્વેદિક કૉલેજના વિદ્યાર્થીઓ આ બાબતે આંદોલન કરી રહ્યા હોવાની હકીકતમાં શું તથ્ય છે,
(૩) કયા કારણોસર વિદ્યાર્થીઓ આંદોલન કરી રહ્યા છે, અને
(૪) રાજય સરકાર આ જગ્યાએથી કૉલેજ ખસેડીને આ જગ્યાનું શું કરવા માગે છે?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી :**

(૧) હા, જી પણ તે પછી આ અંગે પુન: વિચારણાને અંતે સ્થળાંતર નહિ કરવાનો નિર્ણય થયેલ છે.
(૨) ના, જી.
(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી રાકેશ રાવ** : માનનીય અધ્યક્ષશ્રી, મને પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે એ પ્રમાણે રાજય સરકારે પુન: વિચારણાને અંતે અખંડાનંદ આયુર્વેદિક કૉલેજનું સ્થળાંતર નહિ કરવાનો નિર્ણય લીધો છે. આ જવાબથી મને સંતોષ છે.

**ડૉ. માયાબેન સુ. કોડનાની** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે અખંડાનંદ આયુર્વેદિક કૉલેજના સ્થળાંતરનો નિર્ણય થયો હતો. માનનીય મંત્રીશ્રીએ પોતે જવાબમાં કહ્યું હતું કે નિર્ણય થયો હતો. તો કઈ જગ્યાએ સ્થળાંતર કરવાની વિચારણા થઈ હતી?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, નરોડા ખાતે કામદાર વીમા યોજનાની ટી.બી. હૉસ્પિટલ આવેલી છે. એનો અત્યારે ડોટ પ્રોગ્રામ અને બાકીના કાર્યક્રમો અમલી હોવાથી પૂર્ણ ઉપયોગ થતો નથી. એટલા માટે એ જગ્યા સ્થળાંતર કરવાનો નિર્ણય લેવામાં આવેલ હતો. પણ રજૂઆતો આવ્યા પછી આચાર્યશ્રીના અધ્યક્ષપદે એક કમિટી રચી હતી અને સ્થળાંતર રદ કરવાનો નિર્ણય લીધો હતો.

**ડૉ. માયાબેન સુ. કોડનાની** : નિર્ણય હાલ ભલે મોકૂફ રહ્યો હોય પણ આ નવી ઈ.એસ.આઈ. હૉસ્પિટલ છે ત્યાં નવી આયુર્વેદિક મૅડિકલ કૉલેજ શરૂ કરવા માગે છે કે કેમ?

**શ્રી અશોક ભટ્ટ** : સૂચન છે.

**ડૉ. દિનેશ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, સ્થળાંતર કરવા માટેનો નિર્ણય લેવાયેલ એમાં પ્રજામાંથી જે રિએકશન આવેલા એ ઉપરથી મોટા પાયે ભ્રષ્ટાચાર થયાની શંકાના લીધે આ બાબત ઊભી થયેલી. એના લીધે પ્રજાને ન્યાય આપવાના ઉદ્દેશથી આ નિર્ણય બંધ રાખવામાં આવ્યો છે કે કેમ?

**શ્રી અશોક ભટ્ટ** : ભ્રષ્ટાચારના કોઈ આક્ષેપો એમાં હતા નહિ. એનો જવાબ આપ્યો છે. કારણ કે ત્યાં અખંડાનંદ હૉસ્પિટલ ચાલુ રાખવાનો નિર્ણય છે. આજે પણ ચાલુ છે અને જગ્યા કોઈને પણ આપવાનો નિર્ણય લેવાયો નથી, લેવાવાનો નથી. હૉસ્પિટલ ચાલુ રાખવાનો નિર્ણય હતો. બીજી જગ્યાએ એટલા માટે હતું કે ત્યાં ૪૦ વર્ષથી જૂનું મકાન હતું. માનનીય સભ્યશ્રી જાણે છે કે ત્યાં આપણને હોસ્ટેલ ફેસિલિટી ન હતી, બાકીની ફેસિલિટી ન હતી એ અવેલેબલ થાય એટલા માટે અને બીજું કે કેન્દ્ર સરકાર તરફથી ત્રણ કરોડ રૂપિયા સમગ્ર અખંડાનંદ કૉલેજના વિસ્તૃતીકરણ માટે વાપરીને અમદાવાદ શહેરમાં અદ્યતન અને સરસ મજાનું આયુર્વેદિક સંશોધન કેન્દ્ર મળે એ માટે આ સ્થળાંતરનો નિર્ણય હતો, જે સ્થગિત કરવામાં આવેલ છે.

**ડૉ. દિનેશ પરમાર** : સ્થગિત કરવાના કારણો શું? આ આટલી પ્રોત્સાહક બાબત હતી તો સ્થગિત કરવાના કારણો શું?

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, બેસી જાવ, બધી વિગતવાર વાત કરી છે. (અંતરાય) અશોકભાઈએ બધી વિગતવાર વાત કરી છે.

**શ્રી નરેન્દ્રભાઈ મોદી** : માનનીય અધ્યક્ષશ્રી, મારા સાથી પક્ષના મિત્રો સાથે બેસીને નિર્ણય કરીને જણાવે કે તમે બદલવાના પક્ષમાં છો? આપ સૂચનો લઈને આવોને? (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : મારે એટલું જ પૂછવાનું છે કે આ જમીન ઉપર કોનો ડોળો હતો એટલો જવાબ આપી દો અને કોના કારણે આટલી બધી હો હા થયા પછી કર્યું? નિર્ણય લેવા માટેનાં કારણો શું હતાં? માત્ર જમીન આપી દેવી હતી એ કારણ હતું કે બીજું કોઈ કારણ હતું એની ગૃહને માહિતી આપે.

**શ્રી અશોક ભટ્ટ** : મેં સ્પષ્ટ જણાવ્યું છે કે અખંડાનંદ આયુર્વેદિક હૉસ્પિટલ ત્યાંથી નહિ બદલવાનો નિર્ણય છે અને હતો. કોઈનો પણ ડોળો હોય એવી સંભાવના પણ નથી. પરંતુ બદલવાનો નિર્ણય એટલા માટે કરવામાં આવ્યો હતો કે એક મોટી જગ્યા વપરાયા વિનાની હતી અને એ જગ્યાએ જઈએ તો ત્યાં વધારે સારી આયુર્વેદિક હૉસ્પિટલ બને એટલા માટે લીધો હતો. બીજું, કેન્દ્ર સરકારના ત્રણ કરોડ રૂપિયા મળવાના હતા. આચાર્યના અધ્યક્ષપદે જે સમિતિ રચાઈ છે અને એને પછી કેવી રીતે સંશોધાત્મક કેન્દ્ર ઊભું કરવું એનો નિર્ણય લેવાયો છે. આ બિલ્ડીંગ એટલા માટે ખસેડવું પડ્યું, કારણ કે તે ભૂકંપગ્રસ્ત બન્યું હતું. માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીને જણાવીશ કે એ જગ્યાએ કોઈનો ડોળો ન હતો. કોઈને આપવાનો પ્રશ્ન પણ નથી અને ભ્રષ્ટાચારનો કમળો કોઈને થયો હોય તો એ મટાડવા દવા આપવા તૈયાર છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, મને લાગે છે કે, અશોકભાઈને કોઈકે ભૂલથી હડકવાનું ઇંજૅક્શન આપ્યું હશે.મને લાગે છે કે જે વસ્તુ નથી એ ધરાર ભ્રષ્ટાચાર લઈ આવે છે.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, મને હડકવાનું ઇંજૅક્શન આપ્યું હશે તો મને કરડનારા પણ આ એજ હતા.

**અધ્યક્ષશ્રી** : આમાં બધા હડકવાના રોગીષ્ટ લાગે છે. હડકવા શા માટે બધા લોકોને લાગે છે?

------------------

**કચ્છ જિલ્લાના ઉદ્યોગોમાં ભરતીના નિયમોનો ભંગ થવા અંગે**

***૧૪૮૭૯ શ્રી છબીલભાઈ ના. પટેલ (માંડવી)** : **માનનીય રોજગાર મંત્રીશ્રી (રાજ્ય કક્ષા)** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં આવેલ ક્યા ક્યા ઉદ્યોગે સ્થાનિક ભરતીના નિયમોનો ભંગ કરેલ છે,

(૨) ક્યા ક્યા ઉદ્યોગો સામે આ બાબતે શાં પગલાં ભરવામાં આવ્યા છે, અને

(૩) ઉદ્યોગો આ નિયમોનું પાલન કરે તે માટે શી શી કાર્યવાહી કરવામાં આવી છે અને કરવામાં આવશે ?

**રોજગાર મંત્રીશ્રી (રાજયકક્ષા) :**

(૧) છેલ્લા બે વર્ષમાં સ્થાનિક ભરતીના ઠરાવનો ભંગ કરેલ હોય તેવા ઉદ્યોગોની યાદી પત્રક-"અ" મુજબ છે.

(૨) ખંડ (૧) માં જણાવેલ ઉદ્યોગો માટે પ્રોત્સાહિત હોય તેવા એકમો સામે જરૂરી પગલાં લેવા ઉદ્યોગ કમિશનરશ્રીને જણાવેલ તેમજ ભારત સરકારના જાહેર ઉપક્રમોમાં ઠરાવનું પાલન કરવા ભારત સરકારને અલગ રીતે અગ્ર સચિવશ્રી કક્ષાએથી જાણ કરી છે, જ્યારે બીન પ્રોત્સાહિત એકમો સામે પગલાં લેવાની ઠરાવમાં જોગવાઇ નથી.

(૩) (૧) મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષતામાં મોનીટરીંગ સમિતિની બેઠકમાં આ અંગે સમીક્ષા કરવામાં આવી છે. (૨) ઉદ્યોગ વિભાગ દ્વારા જે પ્રોત્સાહિત એકમો છે, તે પ્રોત્સાહિત એકમોએ હાલમાં ઠરાવની શરતો પૂર્ણ કરી છે. (૩) બીન પ્રોસ્તાહિત એકમો સામે સીધાં પગલાં લેવાની ઠરાવ મુજબ કોઇ જોગવાઇ નથી.
(૪) આમ છતાં, ઉદ્યોગોને સ્થાનિક રીતે પૂરતાં લાયક ઉમેદવારો મળી રહે તે માટે ઓદ્યોગિક તાલીમ કેન્દ્રો મારફત મેનેજમેન્ટ કમિટિની રચના કરી, નવાં નવાં વ્યવસાયોની તાલીમ શરૂ કરી છે તથા જે તે સ્થળોએ ઓદ્યોગિક ભરતી મેળાઓ યોજીને સ્થાનિક લોકોને રોજગારી મળી રહે તે માટે કાર્યવાહી કરી છે

**છેલ્લા બે વર્ષમાં સ્થાનિક ભરતીના ઠરાવનો ભંગ કરેલ હોય તેવા ઉદ્યોગો/એકમોની યાદી**
**પત્રક--અ.**

| ક્રમ | એકમનું નામ | બિન પ્રોત્સાહિત/પ્રોત્સાહિત |
|---|---|---|
| (૧) | અદાણી વીલીમર લીમીટેડ, મુ. ધ્રબ, તા. મુન્દ્રા | બિન પ્રોત્સાહિત |
| (૨) | કારગો મોટર્સ લી. નેશનલ હાઈવે, ગાંધીધામ | --""-- |
| (૩) | ક્નમ ઈન્ટરનેશનલ પ્રા.લી. કેએફટીઝેડ, ગાંધીધામ | --""-- |
| (૪) | ક્રાયસ્ટલ પોલીમર્સઈમ્પેક્ષ કે.એફ.ટી.ઝેડ. ગાંધીધામ | --""-- |
| (૫) | બોક્સ બોર્ડ ક્ન્ટેઈનર્સ કેઈએફટીઝેડ, ગાંધીધામ | --""-- |
| (૬) | લેબોરેટરી વિફોર ઈન્ડીયા લીમી. ગાંધીધામ | --""-- |
| (૭) | વઝીર પોલીમર્સ લી. ગાંધીધામ | --""-- |
| (૮) | પી.એસ.એલ.લી. નેશનલ હાઈવે, ગાંધીધામ | --""-- |

| | | |
|---|---|---|
| (૯) | ઈપ્કા લેબોરેટરી, કેઈએફટીઝેડ, ગાંધીધામ | --""-- |
| (૧૦) | એસ.જી.એસ. ઈન્ડીયા પ્રા.લી., ગાંધીધામ | --""-- |
| (૧૧) | મુન્દ્રા ઈન્ટરનેશનલ ક્ન્ટે. ટર્મીનલ લી. મુન્દ્રા | --""-- |
| (૧૨) | કારગીલ ઈન્ડીયા પ્રા.લી. ભીમાસર, તા. અંજાર | --""-- |
| (૧૩) | જી. વી. ટેક્ષટાઈલ્સ મેન્યુ ક્રુ. લીમી. ગાંધીધામ | --""-- |
| (૧૪) | રેનોક્ષ વાયર પ્રા.લી. ગાંધીધામ | --""-- |
| (૧૫) | ગોકુલ રીફાઈલ્સ એન્ડ સોલવેન્ટ લી. ગળપાદર | --""-- |
| (૧૬) | સિંધુ રીફ્રેશમેન્ટ કોર્પો. લી. આદિપુર | --""-- |
| (૧૭) | પી.એસ.એલ. કટીંગ ડિવીઝન ને.હા. ગાંધીધામ | --""-- |
| (૧૮) | જીંદાલ ઈન્ટરનેશનલ ગાંધીધામ | --""-- |
| (૧૯) | એક્ષલ એપરલ્સ એક્ષપોર્ટ લી. ગાંધીધામ | --""-- |
| (૨૦) | હરીયા એક્ષપોર્ટ લી. ગાંધીધામ | --""-- |
| (૨૧) | હિન્દુસ્તાન લીવર લી. ગાંધીધામ | --""-- |
| (૨૨) | પી.એસ.એલ. લી. મુ. નાની ચિરઇ | --""-- |
| (૨૩) | એક્ષલ એપરલ્સ એક્ષપોર્ટ લી. ગાંધીધામ | --""-- |
| (૨૪) | અદાણી પોર્ટ લી. મુન્દ્રા | --""-- |
| (૨૫) | એક્વાઝેલ કેમીક્લ પ્રા.લી. ગાંધીધામ | પ્રોત્સાહિત |
| (૨૬) | ટ્રેન્ડઝ મેન્યુ મુ. કોટડા, તા. અંજાર | --""-- |
| (૨૭) | પી.એસ.એલ. લી. વરસાણા | --""-- |
| (૨૮) | સોલારીસ કેમીક્લ મુ. ખાવડા, તા. ભૂજ | --""-- |
| (૨૯) | વેલસ્પન ઇન્ડીયા લી. મુ. વરસામેડી, જિ. ભૂજ | --""-- |
| (૩૦) | સાંઘી ઇન્ડસ્ટ્રીઝ, સાંઘીપુરમ, જિ. ભૂજ | પ્રોત્સાહિત |
| (૩૧) | કોટેશ્વર કેમફુડ ઈન્ડસ્ટ્રીઝ લી. ગાંધીધામ | --""-- |
| | **જાહેરક્ષેત્રના કેન્દ્ર સરકાર હસ્તકના એકમો :** | |
| (૩૨) | કંડલા પોર્ટ ટ્રસ્ટ, ગાંધીધામ | ---- |
| (૩૩) | ભારત પેટ્રોલીયમ કોર્પો. ઓફ ઈન્ડીયા, ગાંધીધામ | ---- |
| (૩૪) | ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશન લી. ગાંધીધામ | ---- |
| (૩૫) | સ્ટેટ ટ્રેડીંગ કોર્પોરેશન ઓફ ઈન્ડીયા લી. ગાંધીધામ | ---- |
| (૩૬) | ઈન્ડીયન એરલાઈન્સ, ભુજ. | ---- |
| (૩૭) | એરપોર્ટ ઓથોરીટી ઓફ ઈન્ડીયા, ભુજ. | ---- |
| (૩૮) | સેન્ટ્રલ વેરહાઉસ કોર્પોરેશન, કંડલા યુનિટ-૧ | ---- |
| (૩૯) | સેન્ટ્રલ વેરહાઉસ કોર્પોરેશન, કંડલા યુનિટ-૨ | ---- |
| (૪૦) | હિન્દુસ્તાન લીવર લી. ગાંધીધામ | ---- |

**શ્રી છબીલભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કચ્છની અંદર જબરજસ્ત ભૂકંપ આવ્યો એના પછી આટલી બધી ફેકટરીઓ આવી પણ એક નિયમ છે કે સ્થાનિક ૮૫ ટકા એમ્પ્લોયઝ ગુજરાતના સ્થાનિક હોવા જોઈએ તો સ્થાનિક નથી રાખ્યા એના માટે સરકાર કાંઈ કરવા માગે છે કે કેમ? જવાબમાં જણાવેલ છે કે આટલી ફેકટરીઓ ખ્યાલ રાખતી નથી તો કાંઈ કરવા માગો છો કે કેમ? કદાચ ચૂંટાયેલા પ્રતિનિધિઓને સાથે રાખીને કોઈ કમિટી બેસાડી આના ઉપર નિગરાની રાખવા માગો છો કે કેમ?

**શ્રી મુળુભાઈ હ. બેરા** : માનનીય અધ્યક્ષશ્રી, સ્થાનિક ભરતી બાબતની વાત છે. એમાં કચ્છના જે એકમો સ્થાનિક ભરતી માટેના જે નિયમો છે એમાં ૮૫ ટકા નથી જળવાતા, સરેરાશ ૭૦ થી ૮૪ ટકા નિયત ટકાવારી જળવાય છે. હજુ આ ઠરાવનો બરાબર અમલ થાય એના માટે રાજ્ય સરકારે એક એક્ઝિકયુશન સમિતિ બનાવી છે, એમાં મુખ્ય સચિવ એના અધ્યક્ષ તરીકે છે અને વારંવાર એ સમિતિ એની સમીક્ષા કરે છે.જિલ્લા કક્ષાએ પણ આ સમિતિ જે પ્રોત્સાહિત એકમો છે એમાં આ સ્થાનિક લોકોને રોજગારી મળે એના માટે જે નિયત કરેલ ટકાવારી છે એ જળવાય એના માટે જે નિયત કરેલ ટકાવારી છે એ જાળવે એના માટે મોનિટરિંગ કરે છે અને સ્થાનિક પ્રતિનિધિઓની જે વાત કરી છે એમાં સ્થાનિક પ્રતિનિધિ નહિ પણ હવે જે આઈ.ટી.આઈ. છે એમાં કુશળ કારીગર તૈયાર થાય છે એ કારીગરને સ્થાનિક નોકરી મળી રહે છે. જિલ્લામાં જ્યાં ઉદ્યોગો હોય એમાં એના માટે રાજ્યની કુલ ૩૫ જેટલી આઈ.ટી.આઈ.માં અમે એક અભ્યાસની સ્થાનિક સમિતિ બનાવી છે અને ઉદ્યોગોના પ્રતિનિધિને

પણ ચેરમેન તરીકે રાખીએ છીએ અને ત્યાં સ્થાનિક આઈ.ટી.આઈ. છે એમાંથી કારીગર મળી રહે એના માટે પ્રયત્નો કરી રહ્યાં છે.

**શ્રી છબીલભાઈ ના. પટેલ** : સાહેબ, વોચમેન હોય એ તો કમસેકમ ગુજરાતનો રાખે, આ તો વોચમેન અનસ્કીલ્ડ હોય એ પણ બહારના રાખવામાં આવે છે?

**શ્રી મુળુભાઈ હ. બેરા** : માનનીય અધ્યક્ષશ્રી,` કચ્છ જિલ્લાનો પ્રશ્ન પૂછ્યો છે એમાં જે એકમો જવાબમાં પણ આપ્યું છે કે કયા એકમો ટકાવારી નથી જાળવતા. જે એકમો પ્રોત્સાહિત છે એવા સાત એકમો હતા. આ સાતે સાત એકમોમાં અમે ઉદ્યોગ વિભાગને ભલામણ કરી હતી કે આવા એકમોને જે લાભ આપતા હોય એ લાભો અટકાવી દો, કેમ કે, પ્રોત્સાહિન આપવા છતાં જે સ્થાનિક રોજગારીની ટકાવારી જાળવતા નથી. ઉદ્યોગ વિભાગે અમને છેલ્લી માહિતી આપી છે એ સાત એકમોમાં ૮૫ ટકા સ્થાનિક લોકોને રોજગારી આપે છે.

**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા** : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર દ્વારા જ્યારે પ્રોત્સાહિત એકમો તરીકે કચ્છમાં સ્થાનિક રોજગાર મળે એ માટેનું ખાસ કરીને વિશેષ આયોજન કર્યુ છે તો હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, પ્રોત્સાહિત થયેલા કુલ એકમોએ કેટલા કુલ રોજગારોને સ્થાનિક ૮૫ ટકા પ્રમાણે અત્યાર સુધીમાં ભરતી કરેલા છે અને કેટલાક સ્થાનિક ઉમેદવારોને આ ટકાવારી પ્રમાણે ઘટે છે અને કમિટી બનાવી છે. પરંતુ એ માટે દંડની જોગવાઈ જેમણે જેમણે નથી કર્યુ એવા કોઈ એકમોને પ્રોત્સાહક જોગવાઈમાં કાપ મૂકીને કોઈ નિર્ણય કરીને આપે પ્રયોગ કર્યો છે ખરો?

**શ્રી મુળુભાઈ હ. બેરા** : માનનીય અધ્યક્ષશ્રી, એક તો આ ઠરાવમાં જે જોગવાઈ છે એમાં પ્રોત્સાહિત એકમો જે છે એ ઉદ્યોગ વિભાગના અથવા નાણા વિભાગની સેલ્સ ટેક્સની માફી વગેરે જેવા લાભો મેળવતા હોય અને જો એ સ્થાનિક રોજગારીની નિયત ટકાવારી ન જાળવે તો ઉદ્યોગ વિભાગને અમે ભલામણ કરીએ છીએ કે, આની આ ટકાવારી છે એ નથી જાળવતા તો એના લાભો બંધ કરો અને બિન-પ્રોત્સાહિત એકમો છે કે જે રાજય સરકારના કોઈ લાભો લેતા નથી, આજે જે આ પ્રશ્ન છે એમાં ૪૦માંથી ૨૪ બિન-પ્રોત્સાહિત છે એના માટે કોઈ શિક્ષાત્મક પગલા લેવાની કોઈ ઠરાવમાં જોગવાઈ નથી.

બીજું, સભ્યશ્રીએ જે કહ્યું છે એમાં કચ્છ જિલ્લામાં એના જે એકમો કુલ કેટલા છે એવું કહ્યું છે, કેટલી રોજગારી મળે છે? એની રોજગારીની જે સંખ્યા છે એ માહિતી મારી પાસે નથી પણ આખા રાજયમાં આ ઠરાવમાં શિક્ષાત્મક પગલા લેવાની જોગવાઈ છે છતાં પણ ૮૬ટકા રોજગારી છે એ સ્થાનિક લોકોને મળે છે અને એના માટે ઉચ્ચકક્ષાની સમિતિ છે એ રાજયના મોટા ઉદ્યોગો છે, મોટા એકમો છે એમાંથી ૨૮ની અમે મુલાકાત લીધી એમાંથી ૨૦ એકમો નિયત ટકાવારી જાળવે છે, ૨ એકમો બંધ છે અને ૬ એકમો નિયત ટકાવારી જાળવતા નથી.

**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા** : જ્યારે આપણને ખબર પડે કે પ્રોત્સાહિત એકમોમાંથી કોઈ એકમે આ જોગવાઈ જાળવી નથી અને માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે, બધે આવું ૮૫ ટકા છે, આ બંને સ્ટેટમેન્ટ જુદા પડે છે એટલે મારું કહેવું છે કે જેણે જોગવાઈનો અમલ નથી કર્યો અને પ્રોત્સાહિત એકમો છે એવા કોઈ ઉપર માત્ર કચ્છ જિલ્લાનો પ્રશ્ન છે એને લાગે વળગે છે ત્યાં સુધી કોઈના ઉપર કોઈપણ પ્રકારની શિક્ષાત્મક કાર્યવાહી થઈ છે કે કેમ અથવા જોગવાઈ છે કે કેમ ?

**શ્રી મુળુભાઈ હ. બેરા** : કચ્છ જિલ્લાનો પ્રશ્ન છે એમાં અમે જે ૪૦માંથી ૭ એકમો મેં હમણાં જવાબમાં પહેલાં પણ કહ્યું છે કે, સાત એકમો એવાં છે કે જે પ્રોત્સાહિત એકમો છે જે લાભ લે છે. આ એકમો નિયત ટકાવારી જાળવતા નહતા એટલા માટે અમે ઉદ્યોગ વિભાગને છેલ્લે ૯-૧-૨૦૦૬ના રોજ જાણ કરી, વારંવાર જાણ કરતા હોઈએ છીએ કે, આ જે એકમો લાભ લે છે તે નિયત ટકાવારી જાળવતા નથી એ સાત એકમો આજની તારીખે ૮૫ ટકા જે એની નિયત ટકાવારી જાળવવી જોઈએ એ જાળવે છે.

**અધ્યક્ષશ્રી** : મંત્રીશ્રી, એમનું એક જ કહેવું છે કે,એવું કોઈ એકઝામ્પલ છે, તમે જ્યાં પગલાં ભર્યા હોય? એટલું જ છે.

**શ્રી મુળુભાઈ હ. બેરા** : પ્રોત્સાહિત એકમો હતા.

**અધ્યક્ષશ્રી** : ઓ.કે.મહેન્દ્રભાઈ.

**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રીને બહુ સ્પષ્ટ એ વાત કરવી છે કે, એક નક્કી કરેલી નીતિ કે ૮૫ ટકા સ્થાનિક લોકોને રોજગારી મળે, જેનો આ ગૃહે ઠરાવ કર્યો, આમાં જવાબમાં પણ લખ્યું કે ૪૦ એકમોએ આવું નથી કર્યુ, પ્રોત્સાહિત , બિન-પ્રોત્સાહિતની પછી વાત પણ કુલ ૪૦ એકમોને નોટિસ આપી એનું પત્રક આપ્યું છે આનો અર્થ બહુ સ્પષ્ટ છે કે, ગુજરાતની અંદર ગુજરાતના યુવાનો કામ કરવા માટે સાહેબ, વિશ્વભરમાં ગુજરાતના લોકો એ મોટા-મોટા વૈજ્ઞાનિક બની શકે એટલી ક્ષમતા ધરાવતા હોય એટલી ક્ષમતા ધરાવતા હોય તો ગુજરાતના યુવાનો અહીંયા જે એકમો થાય એમાં કામ કરવા પણ લાયક ન હોય સાહેબ? આવું તો હોય જ નહીં અને એટલા માટે મારે બહુ સ્પષ્ટ આ સભાગૃહમાં માનનીય મંત્રીશ્રી પાસેથી ખાતરી એવી જોઈએ છે, એ આપવા માગતા હોય તો કે ગુજરાતમાં પ્રોત્સાહિત કે બિન-પ્રોત્સાહિત, કોઈપણ ઉદ્યોગ કરે એમણે કમ સે કમ સ્કીલ્ડ અને સૅમી સ્કીલ્ડ સુધી, ટોપ લેવલના ઍકિઝકયુટિવમાં આપણે ન માગણી કરીએ પણ બાકીની રૅન્ક

સુધીના કર્મચારીઓમાં માત્ર જે માત્ર ગુજરાતના ૮૫ ટકા લોકોને લેવા જોઈએ અને આનો આગ્રહ આપણી સરકારે કાયદાથી રાખવો જોઈએ અને એનું મોનિટરિંગ દર ત્રણ મહિને થાય, મારું એવું સૂચન છે કે, આપણી જેટલી એન્જિનિયરિંગ કૉલેજો એ એન્જિનિયરિંગ કૉલેજોમાં કૅમ્પસ ઈન્ટરર્વ્યૂ આવા ઉદ્યોગ એકમો દ્વારા ત્યાં જવા જોઈએ અને ત્યાંથી જ એમને સીધો રોજગાર મળવો જોઈએ અને આ લોકોને આવી રોજગારી મળે સ્કીલ લોકો જોઈએ તો એને કેવા પ્રકારના સ્કીલ લોકો જોઈએ છે, કઈ કેટેગરીના લોકો જોઈએ છે એનું માગણીપત્રક મૂકવું જોઈએ. એવા લોકોને તૈયાર કરવા વ્યવસ્થા ગોઠવીને, સંકલન કરીને માત્ર ગુજરાતીઓને રોજગારી મળે એના માટે તંત્ર કાંઈક ગોઠવણ કરવા માગે છે કે કેમ?

**શ્રી મુળુભાઈ હ. આયર બેરા** : માનનીય અધ્યક્ષશ્રી, તા.૧૯-૩-૯૫નો ઠરાવ છે. એમાં નિયત ટકાવારી જળવાઈ રહે, સ્થાનિક લોકોને રોજગારી મળે એમાં જયાં ટકાવારી નહોતી જળવાતી એવું સરકારના ધ્યાન ઉપર આવ્યું એ પછી ૨૦૦૦માં ઉચ્ચકક્ષાની સમિતિ બનાવી છે. સમિતિના ચેરમેન મુખ્ય સચિવ છે. એમાં ઉચ્ચકક્ષાના અધિકારીઓ છે અને એ વારંવાર સમીક્ષા કરે છે.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન ક્રમાંક: ૯.

## રાજયના દરેક તાલુકાઓમાં સામૂહિક આરોગ્ય કેન્દ્ર ફાળવવા અંગે

***૧૪૫૦૭ શ્રી કાંતિલાલ ધ. કચોરિયા (પાલનપુર)** : **માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) રાજયમાં તા.૩૧-૧૨-૦૫ની સ્થિતિએ કયા કયા તાલુકામાં સામૂહિક આરોગ્ય કેન્દ્ર અસ્તિત્વમાં નથી, અને

(૨) આવા તાલુકાને અગ્રીમતાના ધોરણે સામૂહિક આરોગ્ય કેન્દ્ર ફાળવવા અંગે સરકારે કરેલ આયોજનની વિગતો શી છે?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી:**

(૧)

| જિલ્લો | તાલુકાનું નામ |
|---|---|
| ૧.અમદાવાદ | ૧.માંડલ |
| | ૨. બરવાળા |
| ૨. સુરેન્દ્રનગર | ૧. લીંબડી |
| ૩. સાબરકાંઠા | ૧. વડાલી |
| ૪. બનાસકાંઠા | ૧. દાંતીવાડા |
| ૫. ભરુચ | ૧. અંકલેશ્વર |
| ૬. સુરત | ૧. ચોર્યાસી |
| | ૨. ઉંમરપાડા |
| ૭. ભાવનગર | ૧. પાલીતાણા |
| ૮. અમરેલી | ૧. અમરેલી |
| ૯. રાજકોટ | ૧. મોરબી |
| | ૨. રાજકોટ |
| ૧૦. કચ્છ | ૧. લખપત |

(૨) નવા સામૂહિક આરોગ્ય કેન્દ્ર સ્થાપવાની સર્વગ્રાહી વિચારણા કરવા સમયે આવા તાલુકા અંગે પણ વિચારણા કરવામાં આવશે.

**શ્રી કાંતિલાલ ધ. કચોરિયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે મારા મત વિસ્તાર દાંતીવાડા તાલુકાની કુલ વસ્તી કેટલી અને દાંતીવાડા તાલુકા માટે સામૂહિક આરોગ્ય કેન્દ્રની રજૂઆત કોના તરફથી અને કેટલી વખત આવી છે અને દાંતીવાડા તાલુકામાં વહેલામાં વહેલી તકે સામૂહિક આરોગ્ય કેન્દ્ર ચાલુ કરવા માગો છો કે કેમ?

**શ્રી અશોક ભટ્ટ** : નવા સામૂહિક આરોગ્ય કેન્દ્ર સ્થાપવાની સર્વગ્રાહી નીતિ અખત્યાર કરવામાં આવી રહી છે. કેન્દ્ર સરકાર સાથે પરામર્શ કરી રહ્યા છીએ. નિર્ણય લઈશું ત્યારે દાંતીવાડા તાલુકાને અગ્રતા એટલા માટે

આપીશું કારણકે બનાસકાંઠાના પછાત વિસ્તારમાં ખૂબ અગ્રતાની જરૂર છે. એ અંગે ધારાસભ્યશ્રી તરફથી રજૂઆત મળી છે. એટલે જે પ્રકારની જરૂરિયાત છે એ જોતાં અમે ત્યાં વિચારણા કરવાના છીએ.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા તો રાજય સરકારને અભિનંદન આપવા માગું છું કે આ વિષયની ચિંતા પરામર્શ સમિતિમાં પણ કરી છે. અમદાવાદ જિલ્લામાં ૧૧માંથી ૯ તાલુકામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રની વ્યવસ્થા છે. પરંતુ મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે અમદાવાદ જિલ્લામાં ૧૧માંથી ૯ તાલુકામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રની વ્યવસ્થા છે. માત્ર બે તાલુકા માંડલ અને બરવાળા પછાત તાલુકા છે તો પછાત તાલુકો હોવાના નાતે સામૂહિક આરોગ્ય કેન્દ્ર આપવા માગે છે કે કેમ?

**શ્રી અશોક ભટ્ટ** : જે તાલુકા અહીં બતાવવામાં આવ્યા છે એમાં સામૂહિક આરોગ્ય કેન્દ્ર નથી પણ ત્યાં રેફરલ હૉસ્પિટલ છે. એને બાદ કરતાં ૪-૫ તાલુકા રહે છે. માંડલ, બરવાળા, દાંતીવાડા રહે છે. હવે પછી આપવાનો નિર્ણય કરવામાં આવશે ત્યારે આ તાલુકાને અમે અગ્રિમતા આપવાના છીએ.

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે કોલમ-૧ મુજબ ૧૩ જેટલા જિલ્લાના તાલુકામાં સામૂહિક આરોગ્ય કેન્દ્ર નથી. મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે છેલ્લા ત્રણ વર્ષમાં રાજયની અંદર કેટલા નવા સામૂહિક આરોગ્ય કેન્દ્રો ખોલવામાં આવ્યા?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી એટલા માટે કે આપણે ૧૯૯૧ની વસ્તી ગણતરી પ્રમાણે ૨૭૧ મળવાપાત્ર હતા એમાંથી (અંતરાય) રાજયની અંદર મળવાપાત્ર ૨૭૧ સામુહિક આરોગ્ય કેન્દ્રો હતાં એને બદલે ૨૭૨ કાર્યન્વિત કરી શકયા છીએ. સમગ્ર દેશની અંદર ૧૦૦ ગામોએ એક સામૂહિક આરોગ્ય કેન્દ્ર છે. ગુજરાતમાં ૬૮ ગામે એક સામૂહિક આરોગ્ય કેન્દ્ર છે, એટલે આપણે ત્યાં બીજાં અન્ય રાજ્ય કરતાં વધારે વ્યવસ્થા સારી છે. સૌથી વધારે સામૂહિક આરોગ્ય કેન્દ્રો આપણે ત્યાં છે.

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ. તમારા મનમાં જે ઇચ્છા હોય તેવા પ્રશ્નના જવાબ ન મળે. તમે પહેલા સાંભળો અને એમાં કંઈક પૂરક પ્રશ્ન હોય તો પૂછો. સાંભળવાના જ નહિ એ કેમ ચાલે? પહેલા સાંભળો અને એમાંથી પૂરક પ્રશ્ન હોય તો પૂછો.

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** : આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે છેલ્લા ૩ વર્ષની અંદર રાજ્યની અંદર નવાં સામૂહિક આરોગ્ય કેન્દ્રો કેટલાં ખોલવામાં આવ્યાં?

**શ્રી અશોક ભટ્ટ** : એ જ સમજાવું છું કે ૨૭૧ (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, તમે પહેલાં સાંભળો.

**શ્રી અશોક ભટ્ટ** : સામૂહિક આરોગ્ય કેન્દ્ર શરૂ કરવા માટે વસ્તીનું ધોરણ છે. આપણે ત્યાં રાજ્યની વસ્તી સમગ્ર દેશની વસ્તી પ્રમાણે ૫ ટકા છે. આપણે ૮ ટકા જેટલા સામૂહિક આરોગ્ય કેન્દ્ર મેળવી શક્યા છીએ. તેમ છતાં પણ ગયા વર્ષે એક શરૂ કરી શક્યા છીએ.

## કપરાડા તાલુકામાં વન ઔષધિય સૅન્ટર અને ખર્ચ

***૧૪૦૬૯ શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં વન અને પર્યાવરણ વિભાગ દ્વારા વન ઔષધિય સૅન્ટર ક્યારે શરૂ કરવામાં આવ્યું, અને

(૨) તેની પાછળ તા. ૩૧-૧-૨૦૦૬ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**માનનીય વન મંત્રીશ્રી :**

(૧) વલસાડ જિલ્લામાં કપરાડા તાલુકામાં વલસાડ દક્ષિણ વન વિભાગ દ્વારા વનસ્પતિ વન પ્રોજેકટ હેઠળ નર્સરી-કમ-ડેમોન્સ્ટ્રેશન-કમ એકસપરિમેન્ટ સૅન્ટર જાન્યુઆરી-૨૦૦૫માં શરૂ કરવામાં આવેલ છે, જેને વન ઔષધિય ઉધાન તરીકે ઓળખવામાં આવે છે.

(૨) આ સૅન્ટર પાછળ તા. ૩૧-૧-૨૦૦૬ સુધીમાં કુલ રૂા. ૪૪,૬૮,૪૩૦/- નો ખર્ચ કરવામાં આવેલ છે.

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે વન ઔષધિય સૅન્ટર વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં શરૂ કરવામાં આવેલ છે, એમાં ૪૪ લાખ જેટલો ખર્ચ કરવામાં આવ્યો. એનું છેલ્લે ૨૬મી જાન્યુઆરીએ મહોત્સવ દરમ્યાન ઉદ્દ્યાટન કરવામાં આવેલ, પરંતુ પેમેન્ટ આપવાનું બાકી છે એ ક્યારે મળશે?

**શ્રી જશવંતસિંહજી સુ. ભાભોર** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત સભ્યશ્રીને જણાવવાનું કે એન.ડી.એ. ની અટલજી સરકારે પૂરા ગુજરાતની અંદર આદિવાસી વિસ્તારમાં સૌથી પહેલી વાર આ પ્રોજેક્ટ મંજૂર કર્યો હતો. સભ્યશ્રીને જણાવું છું કે ટૂંક સમયમાં નાણાં મળી જશે.

**શ્રી માધુભાઈ જે. ભોયે** : મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે નાણાં હજુ મળ્યા નથી. મંજૂરીની અપેક્ષાએ આ યોજના ચાલુ થઈ ત્યારે સ્થાનિક લોકો છે, જે લોકોએ મજૂરી કરી છે, તો તેઓને પૂરતી મજૂરીની ચૂકવણી કરવામાં આવી છે કે કેમ એ જાણવા માગું છું?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : આમાં જે વન ઔષધિય ઉધાનની વાત થઈ છે. એમાં ૪૪ લાખ રૂપિયાનો ખર્ચ થયો છે, અત્યાર સુધી એમાં ૨૫,૬૯,૦૦૦/- રૂપિયા કેન્દ્રમાંથી મળ્યા છે. કેન્દ્રમાંથી બીજા પૈસા આવે એટલે ચૂકવવામાં આવશે.

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે વન ઔષધિય સૅન્ટર માટે કેન્દ્ર સરકારનો કેટલો હિસ્સો છે. આ વન ઔષધિય સૅન્ટર ચાલુ કર્યા બાદ એના બાંધકામ પાછળ કેટલો ખર્ચ કર્યો? વન ઔષધિય છોડ રોપવામાં કેટલો ખર્ચ થયો? ટોટલ કેટલા છોડ રોપ્યા?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : આ ઉધાનની વાત છે અને પૂરા પૈસા કેન્દ્રના પ્રોજેક્ટમાંથી મંજૂર થયેલ એ જ પૈસા વાપરવામાં આવ્યા છે. આ કેન્દ્ર સરકારે મંજૂર કરેલ પ્રોજેક્ટ છે. આ આખો પ્રોજેક્ટ છે એમાં જુદા જુદા મોડેલો આવેલ છે. મોડેલ-૧ પ્રમાણે ૨૫૦૦ રોપાઓ ખુલ્લી જગ્યામાં રોપવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, એમ-૨માં ૨૦૦ રોપા ખુલ્લી જગ્યામાં રોપવામાં આવ્યા છે, એમ-૩માં ૧૦૦ રોપા ખુલ્લી જગ્યામાં રોપવામાં આવ્યા છે.

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, રોપા કરતાં બાંધકામ પાછળ ખર્ચ વધારે કર્યો છે. મારે એ જાણવુંછે કે બાંધકામ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો તે પ્રશ્ન છે. તેના લીધે આ પેમેન્ટ અટકી ગયું છે.

**અધ્યક્ષશ્રી** : બાંધકામ પાછળ કેટલો ખર્ચ થયો છે ?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આમાં જે ઉધાન થયો છે, તેમાં મેટલ રોડ થયેલ છે, તાર કંપાઉન્ડ થયેલ છે. કંપાઉન્ડમાં ચિંતન કેન્દ્ર બનાવેલ છે અને ૨૦ હેકટરમાં વાવેતર થયેલ છે. ત્યાં પાણીની વ્યવસ્થા કરવામાં આવેલ છે. આજે ત્યાં જે કંઈ વાવેતર થયેલ છે તે સ્થળ પર ઉપલબ્ધ છે.

**સિવિલ હૉસ્પિટલ નવસારી ખાતે ખાલી જગ્યાઓ**

***૧૫૩૩૮ શ્રી આર.સી. પટેલ (જલાલપોર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

(૧) નવસારી જિલ્લાની સિવિલ હૉસ્પિટલ ખાતે તા.૩૧-૧૨-૦૫ની સ્થિતિએ કેટલું મહેકમ મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી આ સ્થિતિએ કેટલી જગા ખાલી છે,

(૩) ડૉકટરોની ખાલી પડેલ જગાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે?

**આરોગ્ય મંત્રીશ્રી:**

(૧)

| સંવર્ગ | મંજૂર થયેલ જગ્યા |
|---|---|
| વર્ગ-૧ | ૧૪ |
| વર્ગ-૨ | ૧૨ |
| વર્ગ-૩ | ૭૮ |
| વર્ગ-૪ | ૬૨ |
| કુલ: | ૧૬૬ |

(૨)

| સંવર્ગ | મંજૂર થયેલ જગ્યા |
|---|---|
| વર્ગ-૧ | ૫ |
| વર્ગ-૨ | ૦ |
| વર્ગ-૩ | ૧૧ |
| વર્ગ-૪ | ૧૧ |
| કુલ: | ૨૭ |

(૩) સત્વરે.

**શ્રી આર.સી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે નવસારી જિલ્લા સિવિલ હૉસ્પિટલમાં આદિવાસી દર્દીઓ ખૂબ આવે છે. છેલ્લા કેટલાય સમયથી ડાઁકટરની જે જગ્યાઓ ખાલી છે તે જગ્યાઓ કયારે પૂરવા માગે છે. ફિઝિશિયન નથી, ગાયનેક નથી અને ઓર્થોપેડીક સર્જન નથી અને છેલ્લા પાંચેક વર્ષથી આર.એમ.ઓ. ક્લાસ-૧ની જગ્યા ખાલી છે તે ક્યારે પૂરવા માગો છો?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, તા. ૧૬-૯-૨૦૦૫ના રોજ ફિઝિશિયને રાજીનામું આપ્યું છે, એટલે ચાર્જ આપવામાં આવેલ છે. નિવાસી તબીબી અધિકારીએ તા. ૧-૭-૨૦૦૫ના રોજ રાજીનામું આપેલ છે. સ્ત્રીરોગ નિષ્ણાતે તા. ૧-૯-૨૦૦૫ના રોજ રાજીનામું આપ્યું છે, ઓર્થોપેડીક સર્જને રાજીનામું આપ્યું છે, આ સંજોગોમાં અમે તાત્કાલિક આ જગ્યાઓ ભરવા માટે ક્લાસ-૧ અને ૨ માટે દર મંગળવારે આરોગ્ય વિભાગમાં આવા તજજ્ઞોને નિમંત્રણ આપીએ છીએ અને તે જ દિવસે એપોઇન્ટમૅંટ આપવામાં આવે છે. તે એક પદ્ધતિ અપનાવવામાં આવી છે. આપણે નવસારી જિલ્લામાંથી જે લોકો નિવૃત્ત થયા છે અને રાજયમાંથી જે તબીબો નિવૃત્ત થયા છે, તેમને પત્રો લખ્યા છે તે રીતે કર્યુ છે. ત્રીજો પ્રયત્ન એ કર્યો છે ગુજરાત જાહેર સેવા આયોગને પત્રો લખીને માગણી મૂકીને જે વર્ગ-૧ અને ૨ની ખાલી જગ્યાઓ છે તે ભરવા માટે પ્રયત્નો કર્યા છે. નવસારી જિલ્લો એ સુરત મૅડિકલ કૉલેજ સાથે અને નજીક હોવાને લીધે ચોથો પ્રયત્ન કરી રહયા છીએ કે સુરત મેડિકલ કોલેજના જે તજજ્ઞો છે, તેમને ત્યાં મોકલીને કરીએ છીએ. ગાયનેકોલોજીસ્ટ માટે એ કરીએ છીએ કે સમગ્ર રાજયમાં ચિરંજીવી યોજના મૂકીને ખાનગી તજજ્ઞોનો પણ લાભ લેવો તે પ્રમાણે પણ પ્રયત્ન કરી રહયા છીએ. રાજયની અંદર તજજ્ઞો અને તબીબો મેળવવા માટે રાજય સરકારનો સતત પ્રયત્નો ચાલુ છે. તે પ્રયત્નોને પરિણામે આ ચાર પ્રયત્નોને પરિણામે જે તજજ્ઞો મળે છે તેમાં સૌથી પહેલાં છેવાડાના વિસ્તારમાં મૂકીએ છીએ અને ત્યારબાદ નસવારી જેવા સ્થાનો પર મૂકવાનો પ્રયત્ન કરેલ છે. હું આપના દ્વારા સભાગૃહના સૌ સભ્યોને વિનંતી કરીશ કે કોઈપણ તજજ્ઞ રાજયની સેવામાં જોડાવવા માંગતો હોય તો હું ચોવીસ કલાકમાં એપોઈન્ટમેન્ટ આપવા તૈયાર છું.

**શ્રી ધનરાજભાઈ કેલા** : માનનીય અધ્યક્ષશ્રી, લગભગ બધા જિલ્લાઓમાં તજજ્ઞ ડૉકટરોની ખાલી જગ્યાઓ પ્રમાણમાં ખૂબ છે. તેવા સમયે સરકારશ્રી પ્રાઈવેટ તજજ્ઞો છે તેને પાર્ટ ટાઈમ સેવા આપવા માગતા હોય તો સરકાર લેવા માગે છે કે કેમ? મહેનતાણું આપી પાર્ટ ટાઈમ પે કરીને રાખવા માગે છે કે કેમ?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી , એ પ્રમાણે પણ જો તજજ્ઞો અમને મળતા હશે તો લેવા તૈયાર છીએ. બીજો પ્રયત્ન પહેલીવાર આ રાજય સરકાર કરી રહી છે કે પી. જી. ડીપ્લોમાની અંદર રાજયમાં તબીબી સેવાઓમાં જે તજજ્ઞો છે અને તબીબી સેવાઓ વર્ગ બેના ડોકટરો છે તેમના માટે દશ ટકા બેઠકો રિઝર્વ રાખવામાં આવી છે. અને એ ડીપ્લોમા મેળવશે, એ પી.જી. ડીપ્લોમા પ્રાપ્ત કરશે અને એને પણ આપણે તજજ્ઞ સેવામાં લઈ લઈશું એટલે તજજ્ઞ સેવાઓની અંદર જે જગ્યાઓ ખાલી છે, તેમાં કલાસ- બે માટે પ્રયત્ન કરીએ છીએ એને દશ ટકા રિઝર્વેશન રાખીને અને એમાંથી લઈએ. બીજું, વર્ગ- બેના ડોકટરો જે છે એને છ મહિનાની ગાયનેક અને એનેસ્થેશિયાની ટ્રેનિંગના મેડિકલ કોલેજોમાં ખાસ અભ્યાસક્રમ કરીને પણ એમને મેળવવાનો પ્રયત્ન કરીએ છીએ, એટલે તજજ્ઞ સેવાઓમાં જે મુશ્કેલીઓ અન્ય રાજયોમાં પડે છે, એના કરતાં આપણા રાજયમાં ઓછી હોવા છતાં પણ એના માટે પૂરા સઘન અને ઘનિષ્ટ પ્રયત્નો આ રાજય સરકારે કર્યા છે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ એમના જવાબમાં કહ્યું કે વર્ગ-૧ અને વર્ગ-૨ની અંદર કોઈ ઉમેદવાર ઉપલબ્ધ નથી. હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, વર્ગ-૩ અને વર્ગ-૪ એમાં પણ બંનેમાં અગિયાર- અગિયાર જગ્યાઓ ખાલી છે તો વર્ગ-૩ અને ૪માં તો ઉમેદવારો ઉપલબ્ધ હોય છે તો એમાં ઈન્ટરવ્યુ કરીને આ જગ્યાઓ તાત્કાલિક કરવા માગો છો કે કેમ ?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, વર્ગ-૩ની, જે જગ્યાઓ ભરવા માટે રાજય સરકારે જે નવી નીતિ અપનાવી છે એના કારણે આપણે એમાં ભરી શકીશું, અને વર્ગ-૪ માટે ખાલી જગ્યાઓમાં આઉટસોર્સિંગ કરાવીને પણ કામ પૂરૂં કરીશું.

## અમદાવાદ શહેરની શાળાઓની હદમાં ગુટકાના વેચાણ પર પ્રતિબંધ અને લીધેલ પગલાં

***૧૪૮૬૪ શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) અમદાવાદ શહેરના હદમાં આવેલી શાળાઓ નજીક ગુટકાના વેચાણ ઉપર પ્રતિબંધની જાહેરાતો પછી તા. ૩૧-૧-૦૬ સુધીમાં કેટલી ગુટકાઓની હાટડીઓ છેલ્લા બે વર્ષમાં બંધ કરવામાં આવી, અને

(૨) આજે પણ આવી ગુટકાની હાટડીઓ શાળાઓની નજીક ચાલી રહી છે તે તાકીદે અટકાવવા સરકારે શાં પગલાં લીધાં ?

**આરોગ્ય મંત્રીશ્રી :**

(૧) અમદાવાદ શહેરની હદમાં આવેલી શાળાઓની નજીક ગુટકાના વેચાણ કરતી ગુટકાની હાટડીઓ બંધ કરાવવામાં આવેલ નથી.

(૨) શાળાઓની નજીક આવેલ ૧૨૭ ગુટકાની હાટડીઓને સીગારેટ એન્ડ ટોબેકો એક્ટ તથા તે અંગેના નિયમો ૨૦૦૪ અન્વયે જરૂરી બોર્ડ ન મૂકવા અંગે નોટીસો આપેલ છે, જુદી જુદી બ્રાન્ડના કુલ ૫૧૪૮ પાઉચનો નાશ કરેલ છે, તથા રૂા. ૮૪૭૫/-નો દંડ વસૂલ કરેલ છે.

**શ્રી મોહંમદફારુક હુ. શેખ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગું છું કે, જુદી જુદી બ્રાન્ડના ૫૧૪૮ પાઉચનો નાશ કરેલ છે અને ૮૪૭૫ રૂપિયાનો દંડ વસૂલ કરેલ છે, પણ એ પછી આપણે કોઈ કાર્યવાહી કરી છે કે કેમ? અને બીજું જે આપણા માનનીય મંત્રીશ્રીઓ અને ધારાસભ્યશ્રીઓ પણ ગુટકા ખાય છે એમને એ બંધ કરાવવાની તૈયારી છે કે કેમ?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ફારૂકભાઈનો હું આભાર માનું છું કે તેમણે જે સૂચન કર્યું છે, એ સૌ સ્વીકારે. માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં જે કોઈ પગલાં અત્યારે લેવામાં આવ્યાં છે તે પગલાં ઉપરાંત પણ અનેક પગલાંઓ લઈને આ કરીએ છીએ. ગુટકા ન ખાય એ માટે કેન્સર સોસાયટી દ્વારા શાળાઓની અંદર, ગામડાંની અંદર, ગ્રામસભાઓની અંદર પણ ગુટકા કેટલી ભયાનક છે, તે અંગેનાં પગલાં ભરાયાં છે અને એ પગલાંની અસર ઘણા મોટા પ્રમાણમાં થઈ છે.

**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગું છું કે, શાળાની આજુબાજુના ગલ્લાના પાઉચ નાશ કર્યા. પાઉચ માત્ર નાશ કરવા એટલું જ નહીં પણ કોઈ ગલ્લો રાખે જ નહીં એવા કોઈ ભારે દંડની જોગવાઈ કરવા માટે સરકાર વિચારે છે કે કેમ ?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી,માનનીય સભ્યશ્રીનું સૂચન છે, એ અંગે ગંભીરતાપૂર્વક વિચાર કરવામાં આવશે.

**ડૉ. કનુભાઈ કળસરિયા** : માનનીય અધ્યક્ષશ્રી, ધારાસભ્ય કે મંત્રીશ્રીઓના ગુટકાઓ ઉપર પ્રતિબંધ એ તો એની સ્વતંત્રતા ઉપર તરાપ કહેવાય, એ માનનીય મંત્રીશ્રી કદાચ ન કરે પણ વિધાનસભા સદસ્ય નિવાસમાં ગુટકાનું વેચાણ થાય છે એ બંધ કરવા માગે છે કે કેમ ?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, આ પણ એક સૂચન છે અને એ અંગે વિધાનસભા સચિવાલય સાથે પરામર્શ કરીને નિર્ણય કરીશું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગોરધનભાઈએ જે સૂચન કર્યું પણ ઘણી બાબતમાં સરકાર બહુ ઝડપથી પોતાનો નિર્ણય આપી દેતી હોય છે પણ જયારે આપણા બાળકોનો સવાલ છે ત્યારે બસો મીટરની અંદર કોઈ ગુટકા વેચતા હોય એને કાયમી ત્યાં કોઈને બેસવા નહીં દેવા જોઈએ અને એ પ્રકારનો નિર્ણય સરકારે લેવો જોઈએ તો એ નિર્ણય સરકાર લેવા માગે છે કે કેમ ?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, બાળકો માટે જે પ્રકારના સખતમાં સખત અને અસરકારક પગલાં લેવાં પડે તે લેવા આ સરકાર તૈયાર છે.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો
## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### મીરજાપુર કોર્ટ પુનઃ શરુ કરવા અંગે

૧૪૫૦૩ **શ્રીમતી રમીલાબેન રા. દેસાઈ (ખેરાલુ) :માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ શહેરની મીરજાપુર કોર્ટ ભૂકંપમાં ક્ષતિગ્રસ્ત થયેલ છે, | (૧) હા, જી. |
| (૨) આ કોર્ટ ક્યારથી બંધ કરવામાં આવેલ છે, | (૨) તા. ૯-૫-૨૦૦૧ થી |
| (૩) આ કોર્ટને કાર્યરત કરવા માટે સરકારે કોઇ સમય મર્યાદા નક્કી કરેલ છે, અને | (૩) આ કોર્ટ જુની હાઈકોર્ટમાં કાર્યરત છે. મીરજાપુર ખાતે સંપૂર્ણ રીતે બાંધકામ પૂર્ણ થાય ત્યારે કાર્યરત થશે. |
| (૪) જો હા, તો ક્યારે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

### ડાંગ જિલ્લાના સુબીર ગામ પાસે શબરી કુંભના આયોજનનો ખર્ચ

૧૫૩૫૪ **શ્રી છોટુભાઈ અ. વસાવા (ઝગડિયા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| બિન આદિવાસીઓ દ્વારા ડાંગ જિલ્લાના સુબીર ગામ પાસે ફેબ્રુઆરી ૨૦૦૬માં યોજવામાં આવેલ શબરી | શબરી કુંભના આયોજનમાં ટ્રાયબલ ગ્રાન્ટની કોઈ રકમ વાપરવામાં આવેલી નથી. |

કુંભના આયોજનમાં ટ્રાયબલ ગ્રાન્ટના કેટલા રૂપિયા સરકારે વાપર્યા ?

-------------

**શિહોર અને ગારિયાધાર આરોગ્ય કેન્દ્રમાં ખાલી જ્ગ્યાઓ**

૧૫૩૪૨ **શ્રી કેશુભાઈ હી. નાકરાણી (શિહોર) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) શિહોર અને ગારિયાધાર સામુહિક આરોગ્ય કેન્દ્રમાં સંવર્ગવાર કેટલું મહેકમ મંજૂર થયેલ છે,

(૨) તા.૧-૧-૨૦૦૬ની સ્થિતિએ કેટલી જ્ગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૩) આ ખાલી જ્ગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

**જવાબ**

(૧) સંવર્ગવાર મંજુર જ્ગ્યાઓ.

| સામુહિક આરોગ્ય કેન્દ્રનું નામ | વર્ગ-૧ | વર્ગ-૨ | વર્ગ-૩ | વર્ગ-૪ |
|---|---|---|---|---|
| (૧) શિહોર | ૧ | ૩ | ૧૩ | ૧૦ |
| (૨) ગારીયાધાર | ૧ | ૩ | ૧૩ | ૧૦ |

(૨) સંવર્ગવાર ખાલી જ્ગ્યાઓ.

| સામુહિક આરોગ્ય કેન્દ્રનું નામ | સંવર્ગ | ખાલી જ્ગ્યાની સંખ્યા | ક્યારથી ખાલી |
|---|---|---|---|
| (૧) શિહોર | વર્ગ-૧ | ૧ | ૬-૯-૦૩ |
| | વર્ગ-૩ | ૧ | ૬-૯-૦૪ |
| | વર્ગ-૪ | ૧ | ૧-૧-૯૯ |
| (૨) ગારીયાધાર | વર્ગ-૧ | ૧ | ૧૩-૭-૯૭ |
| | વર્ગ-૨ | ૧ | ૩૦-૧૧-૦૫ |
| | વર્ગ-૩ | ૫ | ૨-૫-૦૩ થી ૨૮-૪-૦૫ દરમ્યાન |
| | વર્ગ-૪ | ૧ | શરૂઆતથી |

(૩) સરકારશ્રીની પ્રવર્તમાન નીતિ, કાર્યભારણ અને લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી

-------------

**બેચરાજી તાલુકા મથકે ન્યાય કોર્ટ શરૂ કરવા અંગ**

૧૪૮૪૬ **શ્રી માલજીભાઈ દે. દેસાઈ (ચાણસ્મા) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

મહેસાણા જિલ્લામાં બેચરાજી તાલુકો રાજ્ય સરકારે અલગ તાલુકો બનાવ્યે લગભગ-૭ વર્ષ થયા છે, તાલુકાની જનતાને ન્યાય માટે મહેસાણા જવું પડે છે, તો બેચરાજી તાલુકાને સ્વતંત્ર ન્યાયકોર્ટ સરકાર કેટલા સમયમાં આપવા માગે છે?

**જવાબ**

નામદાર હાઈકોર્ટ દ્વારા બેચરાજીમાં સ્વતંત્ર કોર્ટ માટે અગ્રતા આપવાની દરખાસ્ત થયા બાદ અંદાજપત્રમાં નાણાંકીય જોગવાઈ થયેથી.

**ઝાલોદ તાલુકાના સંજેલી તેમજ રાજ્યના અન્ય આરોગ્ય કેન્દ્રોની તબદીલી અંગે**

૧૫૩૨૩ **શ્રી મહેશભાઈ સો. ભુરિયા ( લીમડી) :માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં ઝાલોદ તાલુકાના સંજેલી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને સરકાર સામુહિક આરોગ્ય કેન્દ્રમાં તબદીલ કરવા માગે છે કે કેમ,

(૨) જો હા, તો કેટલા સમયમાં, અને

(૩) રાજ્યમાં હાલ આવી કેટલી દરખાસ્ત પડતર છે?

**જવાબ**

(૧) ના, જી

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) એક પણ નહી.

-------------

**પાટણ જિલ્લાના આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર ખાલી જ્ગ્યાઓ**

૧૪૭૧૦ **શ્રી જોધાજી ગ. ઠાકોર (વાગડોદ) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) પાટણ જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર કેટલી જ્યાઓ કેટલા સમયથી તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ ખાલી છે, અને | (૧) પત્રક- અ મુજબ |
| (૨) આ ખાલી જ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે? | (૨) સરકારશ્રીની પ્રર્વતમાન નીતિ, કાર્યભારણ અને લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી બનતી ત્વરાએ જ્યાઓ ભરવામાં આવશે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની વર્ગ-૩ અને વર્ગ-૪ની જ્યાઓ ભરવા સંબંધિત જિલ્લા પંચાયત દ્વારા કાર્યવાહી કરવામાં આવે છે. |

**પત્રક-અ**

**(૧) તાલુકાવાર ખાલી જગાઓ**

| તાલુકાનું નામ | સંવર્ગ | ખાલી જગા | ક્યારથી ખાલી જગા |
| --- | --- | --- | --- |
| (૧) પાટણ | વર્ગ-૨ | ૧ | તા. ૨૯-૧૨-૦૪થી |
| | વર્ગ-૩ | ૧૨ | ૪/૯૮ થી ૭/૦૫ દરમ્યાન |
| | વર્ગ-૪ | ૧૮ | ૪/૯૨ થી ૧૦/૦૨ દરમ્યાન |
| (૨) સિધ્ધપુર | વર્ગ-૨ | ૧ | તા. ૯-૩-૦૪થી |
| | વર્ગ-૩ | ૫ | ૧૨/૦૧ થી ૧/૦૬ દરમ્યાન |
| | વર્ગ-૪ | ૫ | ૫/૯૨ થી ૪/૦૩ દરમ્યાન |
| (૩) ચાણસ્મા | વર્ગ-૨ | ૨ | તા. ૧૫-૦૨-૦૫થી તા. ૨૩-૬-૦૫ દરમ્યાન |
| | વર્ગ-૩ | ૭ | ૨/૦૫ થી ૭/૦૫ દરમ્યાન |
| | વર્ગ-૪ | ૧૫ | ૩/૯૫ થી ૬/૦૫ દરમ્યાન |
| (૪) હારીજ | વર્ગ-૨ | ૧ | તા. ૧-૪-૦૫થી |
| | વર્ગ-૩ | ૫ | ૩/૦૧ થી ૬/૦૫ દરમ્યાન |
| | વર્ગ-૪ | ૪ | ૩/૯૫ થી ૩/૦૨ દરમ્યાન |
| (૫) સમી | વર્ગ-૨ | ૨ | તા. ૧-૦૪-૦૫થી તા. ૧૦-૧૨-૦૫ દરમ્યાન |
| | વર્ગ-૩ | ૮ | ૩/૦૧ થી ૧૦/૦૫ દરમ્યાન |
| | વર્ગ-૪ | ૧૦ | ૩/૯૫ થી ૪/૦૫ દરમ્યાન |
| (૬) રાધનપુર | વર્ગ-૨ | ૦ | -- |
| | વર્ગ-૩ | ૪ | ૩/૨૦૦૦ થી ૫/૦૫ દરમ્યાન |
| | વર્ગ-૪ | ૪ | ૧/૦૪ થી ૫/૦૫ દરમ્યાન |
| (૭) સાંતલપુર | વર્ગ-૨ | ૧ | તા. ૧-૦૪-૦૫થી |
| | વર્ગ-૩ | ૫ | ૩/૦૧ થી ૮/૦૫ દરમ્યાન |
| | વર્ગ-૪ | ૭ | ૫/૮૯ થી ૩/૦૧ દરમ્યાન |

---------------

**માનસિંહજી હોસ્પિટલ પાલીતાણા ખાતે ડોકટરોનું સેટઅપ**

૧૫૩૧૮ **શ્રી મનસુખભાઈ લ. માંડવિયા (પાલીતાણા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) પાલીતાણા માનસિંહજી હોસ્પિટલમાં ડોકટરોનું સેટઅપ તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ કેટલું છે, | (૧) વર્ગ-૧ ૪<br>વર્ગ-૨ ૪ |
| (૨) કેટલી જ્યા ખાલી છે, અને | (૨) વર્ગ-૧ની ૨ જ્યા<br>વર્ગ-૨ ની ૨ જ્યા |
| (૩) ખાલી જ્યાઓ ક્યારે ભરાશે ? | (૩) સત્વરે. |

-------------

**ઉમરગામ તાલુકામાં દવાનો અપૂરતો જથ્થો**

૧૪૭૦૮ **શ્રી શંકરભાઈ મં. વારલી (ઉમરગામ) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકામાં આવેલ પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં દવાઓનો પૂરતો સ્ટોક ફાળવવામાં આવતો નથી તેવી કેટલી ફરિયાદો છેલ્લા એક વર્ષમાં તા. ૩૧-૧-૦૬ સુધીમાં સરકારને મળી, અને | (૧) એક પણ નહી. |
| (૨) દવાઓનો પુરતો સ્ટોક મળી રહે તે માટે સરકારે શું કાર્યવાહી કરી ? | (૨) દવાનો પુરતો સ્ટોક ઉપલબ્ધ છે. |

**અમદાવાદ શહેરની શાળાઓની હદમાં ગુટકાના વેચાણ પર પ્રતિબંધ અને લીધેલ પગલાં**

૧૪૮૬૪ **શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અમદાવાદ શહેરની હદમાં આવેલી શાળાઓ નજીક ગુટકાના વેચાણ ઉપર પ્રતિબંધની જાહેરાતો પછી તા.૩૧-૧-૦૬ સુધીમાં કેટલી ગુટકાઓની હાટડીઓ છેલ્લા બે વર્ષમાં બંધ કરવામાં આવી, અને | (૧) અમદાવાદ શહેરની હદમાં આવેલી શાળાઓની નજીક ગુટકાના વેચાણ કરતી ગુટકાની હાટડીઓ બંધ કરાવવામાં આવેલ નથી. |
| (૨) આજે પણ આવી ગુટકાની હાટડીઓ શાળાઓની નજીક ચાલી રહી છે તે તાકીદે અટકાવવા સરકારે શાં પગલાં લીધાં ? | (૨) શાળાઓની નજીક આવેલ ૧૨૭ ગુટકાની હાટડીઓને સીગારેટ એન્ડ ટોબેકો એક્ટ તથા તે અંગેના નિયમો ૨૦૦૪ અન્વયે જરૂરી બોર્ડ ન મુકવા અંગે નોટીસો આપેલ છે, જુદી જુદી બ્રાન્ડના કુલ ૫૧૪૮ પાઉચનો નાશ કરેલ છે. તથા રૂા. ૮૪૭૫/-નો દંડ વસુલ કરેલ છે. |

-------------

**નવસારી અને વલસાડ જિલ્લામાં જંગલની જમીનમાં રસ્તા તથા અન્ય બાંધકામ અન્વયે લીધેલ પગલાં**

૧૪૮૬૬ **શ્રી છનાભાઈ કો. ચૌધરી (ધરમપુર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) નવસારી અને વલસાડ જિલ્લામાં જંગલની રીઝર્વ જમીનમાં કેટલા રસ્તાના તેમજ અન્ય બાંધકામો તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં થયેલા છે, અને | (૧) નવસારી અને વલસાડ જિલ્લામાં જંગલની રીઝર્વ જમીનમાં રસ્તા તેમજ અન્ય બાંધકામો તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં થયેલ નથી. |
| (૨) આવા બાંધકામ કરનાર ઇસમો સામે સરકારે શાં પગલાં લીધાં ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**ભાવનગર શહેરની હૉસ્પીટલના વાહનો**

૧૫૩૦૫ **શ્રી સુનીલ બા. ઓઝા (ભાવનગર શહેર(દક્ષિણ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૫ ની સ્થિતિએ ભાવનગરની સરકારી જનરલ હોસ્પીટલમાં ઉપલબ્ધ વાહનો કેટલા, | (૧) ૭(સાત) |
| (૨) તે પૈકી હાલ કેટલા વાહનો કાર્યરત છે અને કેટલાં બિલ કાર્યરત, અને | (૨) બધા જ વાહનો કાર્યરત છે. |
| (૩) બિન કાર્યરત વાહનોની જગ્યાએ અન્ય વાહનો ક્યારે ફાળવવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**વનખાતામાં રોજમદારોના મૃત્યુ અન્વયે વારસદારોને ચૂકવેલ વળતરની સહાય**

૧૫૩૧૨ **શ્રી દોલતભાઈ પરમાર (વડગામ) :માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડીસેમ્બર-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વનખાતામાં કામ કરતા રોજમદારો ફરજ દરમ્યાન મૃત્યુ પામ્યા હોય એવા કેટલા કેસો નોંધાયા હતા, | (૧) આવો એકપણ કેસ નોંધાયેલ નથી |
| (૨) ક્યા ક્યા જિલ્લાઓમાં આ કેસો નોંધાયા હતા, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) રાજ્ય સરકારે મૃત્યુ પામેલ રોજમદારોના વારસદારોને કોઇ વળતર આપ્યું છે કે કેમ, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) જો હા, તો કેટલી રકમની સહાયો આપવામાં આવી? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**હડાળા રેન્જ-ધારી દ્વારા મકાનો તેમજ વાયરલેસ સેટના રીપેરીંગના ચૂકવણા અંગે**

૧૫૩૦૭ **શ્રી ભીખાભાઇ ગ.જોષી (માળીયા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભીમચાસ મુકામે ગાર્ડ ક્વાર્ટર તથા વાયરલેસ સેટ રૂમ રીપેરીંગના કામો હડાળા રેન્જ-ધારી અન્વયે છેલ્લે હાથ ધરવામાં આવ્યા, | (૧) ભીમચાસ મુકામે ગાર્ડ ક્વાટર્સ તથા વાયરલેસ રૂમ રીપેરીંગના કામો હડાળા રેન્જ દ્વારા છેલ્લે સને ૨૦૦૩-૦૪ના વર્ષમાં હાથ ધરવામાં આવ્યા. |
| (૨) આ કામોનું ચુકવણું ન કરવામાં આવ્યું હોય તો તેના કારણો શાં છે, અને | (૨) અંશત : ચુકવણું કરવામાં આવેલ છે. |
| (૩) કેટલા સમયમાં આ કામનું ચૂકવણું કરવામાં આવશે? | (૩) આ કામોની ચકાસણી પૂર્ણ થયે ટૂંક સમયમાં આખરી ચુકવણું કરવામાં આવશે. |

-------------

**કચ્છ જિલ્લામાં ગોશાળા માટે પશુ નિભાવ સબસીડી**

૧૫૨૮૭ **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| | જવાબ |
|---|---|
| (૧) સન ૨૦૦૬ના વર્ષમાં કચ્છ જિલ્લાના અછતગ્રસ્ત અને અર્ધ અછતગ્રસ્ત જાહેર થયેલા ભૂજ, લખપત, અબડાસા તથા નખત્રાણા તાલુકામાં આવેલી પાંજરાપોળો તથા ગૌશાળાને પશુ નિભાવ સબસીડી જાહેર કરવામાં આવી છે કે કેમ, | (૧) કચ્છ જિલ્લાના અછત/અર્ધ અછતગ્રસ્ત જાહેર થયેલ ૪ તાલુકામાં આવેલી પાંજરાપોળો તથા ગોશાળાઓને પશુ નિભાવ સબસીડી તા. ૧૦-૧-૦૬ની અસરથી જાહેર કરવામાં આવેલ છે. |
| (૨) જો હા, તો પશુ દીઠ કેટલી પશુ નિભાવ સબસીડી જાહેર થઈ છે, | (૨) પશુ દીઠ દૈનિક રૂા. ૧૦/-ના ધોરણે પશુ નિભાવ સબસીડી જાહેર કરાયેલ છે. |
| (૩) જો પશુ નિભાવ સબસીડી જાહેર કરવામાં ન આવી હોય તો તેના શા કારણો છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) આ પશુ નિભાવ સબસીડી કઈ તારીખ સુધીમાં જાહેર કરવાનું આયોજન છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**વાવ તાલુકામાં સર્જનની જગ્યા તેમજ અપૂરતો સ્ટાફ**

૧૪૧૯૨ **શ્રી હેમાજી દ. રાજપૂત (વાવ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| વાવ રેફરલ હોસ્પિટલમાં સર્જનની જગ્યા રદ કરેલ છે, તેના કારણો શું છે ? | આ જગ્યા રદ કરેલ નથી, પરંતુ થરા (જિ. બનાસકાંઠા) ખાતે તબદીલ કરેલ છે. |

-------------

**ગુજરાત અને મધ્યપ્રદેશના સિંહ અને વાઘની અદલાબદલી**

૧૪૮૩૯ **શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા (ઉપલેટા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગુજરાતના સિંહ અને મધ્યપ્રદેશના વાઘની અદલાબદલી કરવાની કોઈ દરખાસ્ત બંને રાજ્યોની | (૧) ના, જી. |

| | |
|---|---|
| વિચારણામાં છે તે હકિક્ત સાચી છે, અને | |
| (૨) જો હા, તો આ બાબતે વાતચીત કોઈ સ્તર પર થયેલી છે કે કેમ ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**સરકારી બોર્ડ નિગમોએ ભરવાનો થતો મહેસૂલ વેરો**

૧૪૦૫૩ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર(ભાદરણ) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) શું સરકારી બોર્ડ નિગમોએ મહેસૂલી વેરો ભરવાનો બાકી છે તે વાત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ક્યા ક્યા નિગમોએ કેટલો વેરો ડિસેમ્બર-૨૦૦૫ની સ્થિતિએ ભરવાનો બાકી છે, અને | (૨) કુલ ૩૧ બોર્ડ નિગમો પાસે રૂા.૨૯,૩૫,૫૭,૧૩૪ વેરો બાકી છે. (સામેલ પત્રક મુજબ) |
| (૩) આ અંગે રાજ્ય સરકારે છેલ્લા એક વર્ષમાં ક્યા ક્યા પગલાં લીધા ? | (૩) જમીન મહેસૂલ અધિનિયમની કલમ-૧૫૨ હેઠળ સંબંધિતો સામે નિયમાનુસાર કાયદાકીય કાર્યવાહી હાથ ધરી નોટીસો પાઠવેલ છે. |

**પત્રક**

| **અ.નં.** | **બોર્ડ નિગમનું નામ** | **કુલ બાકી રકમ રૂા.** |
|---|---|---|
| ૧. | જી.આઈ.ડી.સી. | ૧૯,૮૬,૪૧,૨૦૦ |
| ૨. | ગુજરાત હાઉસીંગ બોર્ડ | ૨,૨૩, ૧૫,૭૨૦ |
| ૩. | ગુજરાત ગ્રા. ગૃ.નિર્માણ બોર્ડ | ૩૩,૬૨,૭૭૫ |
| ૪. | ગુજરાત વિધુત બોર્ડ | ૨,૬૫,૭૫,૯૧૧ |
| ૫. | ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન (એસ.ટી.નિગમ) | ૪૪,૬૯,૩૫૫ |
| ૬. | ગુજરાત જળ સંપતિ નિગમ | ૫૦,૮૨૪ |
| ૭. | સરદાર સરોવર નર્મદા નિગમ | ૨૯,૧૫,૯૬૧ |
| ૮. | પ્રવાસન નિગમ | ૨,૩૫,૪૫૩ |
| ૯. | નાગરિક પુરવઠા નિગમ | ૨૭,૯૭,૪૧૧ |
| ૧૦. | ગુજરાત જાહેર આરોગ્ય અને પાણી પુરવઠા ગટરવ્યવસ્થા બોર્ડ | ૫૫,૮૮૧ |
| ૧૧. | ગુજરાત ખનિજ વિકાસ નિગમ | ૧,૪૫,૫૨,૨૮૭ |
| ૧૨. | ગુજરાત પેટ્રોનેટ કોર્પોરેશન, ગાંધીનગર | ૪,૨૭,૪૧૬ |
| ૧૩. | નાના ઉધોગ વસાહત | ૩,૩૫,૩૩૬ |
| ૧૪. | ગુજરાત વેર હાઉસીંગ કોર્પોરેશન | ૫૧,૮૮૬ |
| ૧૫. | ગુજરાત સ્લમકલીયરન્સ બોર્ડ | ૨૯,૮૭,૨૮૧ |
| ૧૬. | ડેરી વિસકા નિગમ | ૫,૦૭,૯૦૫ |
| ૧૭. | જમીન વિકાસ નિગમ | ૩૬,૨૫૩ |
| ૧૮. | ગુજરાત મેરીટાઈમ બોર્ડ | ૧૩,૩૧,૯૨૯ |
| ૧૯. | વડોદરા ઔધોગિક વિકાસ નિગમ | ૧,૧૭,૪૧૬ |
| ૨૦. | નર્મદા પુન: વસવાટ નિગમ | ૧,૦૪,૧૭૯ |
| ૨૧. | ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન | ૬,૧૭,૨૯૧ |
| ૨૨. | ગુજરાત ગ્રામ વિકાસ નિગમ | ૮૩,૫૯૫ |
| ૨૩. | ગુજરાત ઘેટાં ઉન વિકાસ નિગમ | ૧૩,૯૯૩ |
| ૨૪. | ખાદી ગ્રામોધોગ બોર્ડ | ૧૩૫૯ |
| ૨૫. | ગુજરાત ઉર્જા વિકાસ નિગમ | ૩,૫૯,૪૯૬ |
| ૨૬. | ગુજરાત પેટ્રોકેમિકલ્સ લિમિટેડ | ૯૯,૨૮,૫૫૦ |
| ૨૭. | ગુજરાત વન વિકાસ નિગમ | ૪,૨૩,૭૦૫ |
| ૨૮. | ગુજરાત રાજય બીજ નિગમ | ૫૦,૬૫૩ |
| ૨૯. | ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ | ૧૦,૦૩૮ |

| | | |
|---|---|---|
| ૩૦. | ગુજરાત રાજય પોલીસ આવાસ નિગમ | ૧૨,૧૨૦ |
| ૩૧. | જી.એચ.આર.ટી. | ૧,૪૫,૬૮૦ |
| ૩૨. | ગુજરાત સ્ટેટ માર્કેટિંગ કોર્પોરેશન | ૩૮,૨૬૯ |
| | કુલ બાકી | ૨૯,૩૫,૫૭,૧૩૪ |
| | | |

-------------

**રાજ્યમાં સરકાર સંચાલિત બ્લડ બેંકોને પુનઃ શરૂ કરવા અંગે**

૧૪૮૬૯ **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી (અમરેલી) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં વર્ષ ૨૦૦૫-૦૬માં તારીખ ૩૧-૧-૦૬ સુધીમાં સરકાર સંચાલિત કુલ કેટલી બ્લડ બેંકોને બંધ કરવામાં આવેલ છે, | (૧) બ્લડ બેંક બંધ કરવામાં આવેલ નથી. પરંતુ જરૂરિયાત પ્રમાણે સલામત બ્લડ દર્દીઓને હોસ્પિટલની નજીકથી મળી શકે તે માટે રેડક્રોસ બ્લડ બેંક સાથે સંચાલન વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે. |
| (૨) બંધ કરવાના કારણો શું છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તેને પુનઃ ચાલુ કરવા રાજ્ય સરકારનું શું આયોજન છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**સુરેન્દ્રનગરની સિવિલ હોસ્પિટલમાં ડોક્ટરોની ખાલી જગાઓ**

૧૪૦૦૫ **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ (લીંબડી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગરની સિવિલ હોસ્પિટલો તથા જાહેર આરોગ્ય કેન્દ્રોમાં તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ કેટલા ડોક્ટર-નર્સોની જ્ગ્યાઓ ખાલી છે, અને | (૧) |
| (૨) આ જ્ગ્યાઓ ક્યારે ભરવામાં આવનાર છે ? | (૨) સત્વરે. |

| જ્ગ્યા | હોસ્પીટલ | સા.આ. કેન્દ્ર |
|---|---|---|
| ડોક્ટર | ૧૮ | ૧૩ |
| નર્સ | ૧૯ | ૨૩ |

-------------

**પંચમહાલ જિલ્લામાં સ્વરોજગારી તાલીમ અને ગ્રાન્ટ અંગે**

૧૫૨૯૬ **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ (લીંબડી) :માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લાના ટ્રાયબલ સબ પ્લાન હેઠળ મળવાપાત્ર ગ્રાન્ટમાંથી સ્વરોજગારી તાલીમ માટેની ગ્રાન્ટમાંથી સન ૦૪-૦૫, તથા ૦૫-૦૬માં તા.૩૧-૧-૦૬ સુધીમાં વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે કે કેમ, | (૧) પંચમહાલ જિલ્લામાં ટ્રાયબલ સબ પ્લાન હેઠળ સ્વરોજગારી તાલીમની કોઇ યોજના નથી. પરંતુ ટ્રાયબલ સબ પ્લાન હેઠળના ગુજરાત પેટર્નની ગ્રાન્ટમાંથી સ્વરોજગારી તાલીમ માટે જિલ્લા આદિજાતિ વિકાસ મંડળે જુદા જુદા પ્રકારની તાલીમ આપવાનું આયોજન મંજુર કરેલ જે અન્વયે વર્ષ ૨૦૦૪-૦૫માં ૩૦૫ તાલીમાર્થીઓ માટે રૂા. ૯.૦૯ લાખની વહીવટી મંજુરી આપેલ છે.<br>સને ૨૦૦૫-૦૬ના વર્ષમાં (૩૧-૧-૦૬ સુધીમાં) સ્વરોજગારી તાલીમ માટે કોઇ વહીવટી મંજુરી આપેલ નથી. પરંતુ તા. ૮-૨-૦૬ના રોજ કુલ ૨૨૦ તાલીમાર્થીઓ માટે રૂા. ૩.૦૪ લાખની વહીવટી મંજુરી આપવામાં આવેલ છે. |
| (૨) વહીવટી મંજૂરી નહી આપવાને કારણે ગ્રાન્ટ હજી સુધી વપરાઇ નથી. તે હકીક્ત સાચી છે, અને | (૨) ના, ટ્રાયબલ સબ પ્લાન હેઠળ સ્વરોજગારી તાલીમ યોજના જેવી કોઇ ગ્રાન્ટ હોતી નથી. માટે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો હા, તો જવાબદાર સામે જરૂરી પગલાં ભરવા માંગો છો કે કેમ ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**અમદાવાદ શહેરમાં બેરોજગારોની સંખ્યા અને નોકરીની તકો**

૧૪૮૫૧ **શ્રી સાબીરભાઈ અ. ખેડાવાલા (જમાલપુર) : માનનીય રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ શહેરમાં તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રોજગાર વિનિમય કચેરીમાં કેટલા શિક્ષિત બેરોજગારોની નોંધણી કરવામાં આવી, | (૧) ૩૯,૫૮૦. |
| (૨) તે પૈકી કેટલા શિક્ષિત બે રોજગારોને નોકરીની તકો પૂરી પાડવામાં આવી, અને | (૨) ૩૪૨૫. |
| (૩) સરકાર શિક્ષિત બેરોજગારોને રોજગારોને રોજગાર આપવા માટે શું પગલાં ભરવા માગે છે ? | (૩) રાજ્ય સરકાર શિક્ષિત બેરોજગારોને રોજગાર આપવા માટે ઓદ્યોગિક વિસ્તારમાં ભરતીમેળા, લશ્કરી ભરતીમેળા, સ્વરોજગાર શિબિરો, શાળા-કોલેજોમાં કેરીયર કોર્નર, રોજગાર સહાય કેન્દ્રો અને ટૂંકાગાળાના તાલીમવર્ગો ચલાવે છે. |

-------------

**વઢવાણ તાલુકામાં બેરોજગારોની સંખ્યા અને રોજગારી**

૧૫૨૮૪ **શ્રી ધનરાજભાઈ કેલા (વઢવાણ) : માનનીય રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વઢવાણ તાલુકામાં તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ બેરોજગારોની સંખ્યા કેટલી, અને | (૧) ૮૯૬૫. |
| (૨) આવા બેરોજગારોને સરકારે રોજગારી આપવા માટે કોઇ ચોક્કસ પ્રકારના પગલાં લેવા વિચારણા કરેલ છે? | (૨) ઓદ્યોગિક વિસ્તારમાં ભરતીમેળા, લશ્કરી ભરતીમેળા, સ્વરોજગાર શિબિરો, શાળા-કોલેજોમાં કેરીયર કોર્નર, રોજગાર સહાય કેન્દ્રો અને ટુંકાગાળાના તાલીમ વર્ગો શરૂ કરવામાં આવેલ છે. |

-------------

**રાજુલા તાલુકામાં ખેત મજૂરોને જમીનની ફાળવણી**

૧૫૩૪૦ **શ્રી હીરાભાઈ ઓ. સોલંકી (રાજુલા) :માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧.૧૨.૦૫ની સ્થિતિએ અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના પીપાવાવ ખાતેની ફાજલ જમીન બક્ષીપંચના જમીન વિહોણા ખેતમજૂરોને ફાળવવા માટે કોઇ માંગણી આવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ જમીનમાં માંગણીદારોને ફાળવવા કાર્યવાહી હાથ ધરેલ છે કે કેમ, અને | (૨) હા, જી. |
| (૩) આ જમીન કેટલા સમયમાં ફળવાશે? | (૩) સ્થળ તપાસની કામગીરી પૂર્ણ થયા બાદ ફાળવણીની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. |

------------

**અમદાવાદ શહેરમાં પ્રદૂષણ ઘટાડવા અંગે**

૧૪૮૪૩ **ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા) :માનનીય પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ શહેરમાં વાયુ તેમજ જમીનનું પ્રદુષણ ઘટાડવા સરકારે એક્શન પ્લાન ઘડ્યો છે? | (૧) અમદાવાદ શહેરમાં વાયુનું પ્રદૂષણ ઘટાડવા માટે સરકારે એક્શન પ્લાન ઘડ્યો છે. |
| (૨) જોહા, તો એક્શન પ્લાન શું છે? | (૨) અમદાવાદ શહેરમાં વાયુનું પ્રદૂષણ ઘટાડવા માટેના એક્શન પ્લાનમાં મુખ્યત્વે સ્વચ્છ ઈંધણ તરીકે ક્લીનર ક્યુઅલ જેવા કે એલપીજી સીએનજીનો વપરાશ વધે તે અંગે જરૂરી માળખું પૂરું પાડવું, જાહેર વાહનવ્યવહારના સાધનો અર્થાત બસ, રીક્ષાને સીએનજી આધારિત કરવા, બસ આધારિત જાહેર વાહન વ્યવહારમાં વધારો કરવો, વાહનોના ધુમાડાની ચકાસણી માટેના સુધારેલ ધોરણો અનુસારની વ્યવસ્થા, બોઇલર- |

ચીમનીઓમાંથી નીકળતા ધુમાડાના નિયંત્રણ અંગેની વ્યવસ્થા તથા ઉદ્યોગોને ગેસ આધારિત કરવા, વાહનવ્યવહારનું યોગ્ય નિયમન, જાહેરમાં કચરો બાળવાની પ્રવૃત્તિને રોકવી, ઈંધણમાં ભેળસેળ થતી અટકાવવા અંગેનાં પગલાં, રસ્તાઓનું કાર્પેટીંગ, ફ્લાય ઓવર, પુલ વિગેરેનું નિર્માણ જેવા વિવિધ પગલાઓનો સમાવેશ થાય છે.

(૩) એક્શન પ્લાન પછી છેલ્લા વર્ષે તા. ૩૧-૧-૦૬ની સ્થિતિ પ્રદુષણનું પ્રમાણ પહેલાના વર્ષ કરતાં શું ફેરફાર નોંધાયો ?

(૩) જાન્યુઆરી-૨૦૦૬માં વિવિધ સ્થળોએ ચકાસવામાં આવેલ હવાની ગુણવત્તા (એમ્બીઅન્ટ એર ક્વોલીટી) જોતા હવામાં તરતા રજકણો (એસપીએમ)ના પ્રમાણમાં આંશિક ઘટાડો જોવા મળેલ છે.

-------------

## આણંદ અને ખેડા જિલ્લામાં રોજગાર વિનિમય કચેરીમાં બેરોજગારોની નોંધણી

**૧૩૮૩૪ શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ અને ખેડા જિલ્લામાં તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ રોજગાર વિનિમય કચેરીમાં કેટલાં શિક્ષિત કેટલાં અર્ધ શિક્ષિત બે રોજગારોની નોંધણી થઇ છે, અને

(૨) તે પૈકી કેટલા બેરોજગારોને તા. ૩૧-૧-૦૬ સુધીમાં છેલ્લા બે વર્ષમાં નોકરીઓ માટે ભલામણ કરવામાં આવી?

**જવાબ**

(૧)

| જિલ્લો | શિક્ષિત | અર્ધશિક્ષિત |
|---|---|---|
| આણંદ | ૨૩૯૨૮ | ૨૬૦૪ |
| ખેડા | ૩૨૯૬૩ | ૫૦૩૯ |

(૨)

| જિલ્લો | શિક્ષિત | અર્ધશિક્ષિત |
|---|---|---|
| આણંદ | ૧૦૦૦૪ | ૮૫૫૯ |
| ખેડા | ૧૧૭૯૧ | ૮૫૨૧ |

-------------

## જુનાગઢમાં વૃક્ષ ઉછેરની કામગીરી અંગે

**૧૫૩૩૬ શ્રી અંબાલાલ આ. રોહિત (સોજીત્રા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગુજરાત સરકારને તાજેતરમાં જુનાગઢમાં વૃક્ષ ઉછેરની સારી કામગીરી બદલ કોઇ એવોર્ડ મળેલ છે, અને

(૨) આ એવોર્ડનું નામ શું છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ઇન્દીરા પ્રિયદર્શીની વૃક્ષ મિત્ર એવોર્ડ.

-------------

## રાજ્યમાં ગુજરાત ન્યુ પેટર્ન યોજના અન્વયે ફાળવેલ રકમ અને કરેલ ખર્ચ

**૧૪૪૯૫ શ્રીમતી ભારતીબેન ન. પટેલ (ચીખલી) : માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ગુજરાત ન્યુ પેટર્ન યોજના હેઠળ રાજ્ય સરકારે કુલ કેટલી ગ્રાન્ટ સને ૨૦૦૪-૦૫, ૨૦૦૫-૦૬નાં વર્ષમાં તા. ૩૧-૧-૦૬ સુધીમાં ફાળવવામાં આવી, અને

(૨) કુલ કેટલી ગ્રાન્ટ વાપરવામાં આવી ?

**જવાબ**

(૧) રાજ્યમાં ન્યુ ગુજરાત પેટર્ન યોજના હેઠળ રાજ્ય સરકાર દ્વારા નીચે મુજબની વર્ષવાર ગ્રાન્ટ ફાળવવામાં આવી.

(જાન્યુઆરી-૦૬) (રૂપિયા લાખમાં)

| ક્રમ | વર્ષ | રકમ |
|---|---|---|
| ૧ | ૨૦૦૪-૦૫ | ૧૭૬૨૧.૪૩ |
| ૨ | ૨૦૦૫-૦૬ | ૧૮૨૨૦.૨૬ |

(૨) કુલ નીચે મુજબની ગ્રાન્ટ વાપરવામાં આવી.

(જાન્યુઆરી-૦૬) (રૂપિયા લાખમાં)

| ક્રમ | વર્ષ | રકમ |
|---|---|---|
| ૧ | ૨૦૦૪-૦૫ | ૧૭૫૮૦.૨૭ |
| ૨ | ૨૦૦૫-૦૬ | ૧૨૪૫૭.૯૮ |

-------------

**ધંધુકા રેફરલ હોસ્પિટલના રીપેરીંગ, સ્ટાફ તેમજ સાધન સામગ્રી અંગે**

**૧૫૨૯૧ શ્રી ભરતભાઈ પંડયા (ધંધૂકા) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ ધંધુકા રેફરલ હોસ્પિટલમાં રીપેરીંગ કામ કેટલા વર્ષથી ચાલે છે, અને | (૧) સામુહિક આરોગ્ય કેન્દ્ર ધંધુકાનું રીપેરીંગ કામ સપ્ટેમ્બર-૦૪થી ચાલતું હતું, જે હવે પૂર્ણ થયેલ છે. |
| (૨) આ હોસ્પિટલમાં તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ ખૂટતો સ્ટાફ તથા સાધન સામગ્રી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૨) લાયક ઉમેદવારો ઉપલબ્ધ થયેથી જગ્યાઓ ભરવામાં આવશે, જ્યારે જરૂરી સાધન સામગ્રી પુરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે. |

-------------

**લોલ તાલુકામાં નવા આરોગ્ય કેન્દ્રો શરૂ કરવા અંગે**

**૧૫૨૭૨ ડૉ.અતુલ કે. પટેલ (કલોલ) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| કલોલ તાલુકાના ખાખરીયા વિસ્તારમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ફક્ત હાજીપુરમાં એકજ છે તો તે વિસ્તારમાં બીજા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખોલવા માટે સરકારે શું આયોજન કરેલ છે? | કલોલ તાલુકામાં વસ્તીના ધોરણ મુજબ પુરતા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો છે. તેથી હાલ બીજા નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખોલવાનું સરકારનું કોઇ આયોજન નથી. |

-------------

**કુદરતી આપત્તિ ફંડમાં જમા થયેલ રકમ અને ખર્ચ**

**૧૪૪૯૩ શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ રાજ્યના કુદરતી આપત્તિ ફંડમાંથી ગત ત્રણ વર્ષમાં નિર્ધારિત ખર્ચ થયું નથી તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો કારણો શાં છે, | (૨) કુદરતી આપત્તિ રાહત ભંડોળ અને રાષ્ટ્રિય કુદરતી આપત્તિ ભંડોળમાંથી રાજ્ય સરકારે બનેલ આપત્તિઓ પ્રમાણે જરૂરીયાત મુજબનો ખર્ચ કર્યો છે.<br>(૧) વર્ષ ૨૦૦૩-૦૪માં ભારત સરકારની ફાળવણી કરતા રાજ્ય સરકારે વધુ ખર્ચ કરેલ છે.<br>(૨) વર્ષ ૨૦૦૪-૦૫માં કુદરતી આફતોની તીવ્રતા ઓછી હોવાથી ભારત સરકાર દ્વારા થયેલ ફાળવણી કરતા ઓછો ખર્ચ થયેલ છે.<br>(૩) વર્ષ ૨૦૦૫-૦૬માં તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા ફાળવેલ રૂા. ૪૧૫.૫૧ ક્રોડ સામે રૂા. ૩૩૨.૩૮ ક્રોડનો ખર્ચ થયેલ છે. અને કામગીરી ચાલુમાં છે. |
| (૩) જો ના, તો આ ફંડમાં સને ૨૦૦૩-૦૪, ૨૦૦૪-૦૫, ૨૦૦૫-૦૬માં આ સ્થિતિએ કેલેમીટી પુલમાં કેટલી રકમ જમા કરવામાં આવી, અને | (૩) આ ફંડમાં નીચે જણાવેલ છેલ્લા ત્રણ વર્ષમાં, વર્ષવાર કેલેમીટી પુલમાં કુલ રૂા. ૮૯૭.૭૫ ક્રોડની રકમ જમા કરવામાં આવી. |

| ક્રમ | વર્ષ | રકમ રૂા. ક્રોડમાં |
|---|---|---|
| ૧. | ૨૦૦૩-૦૪ | ૨૧૯.૨૫ |
| ૨. | ૨૦૦૪-૦૫ | ૨૫૧.૧૯ |
| ૩. | ૨૦૦૫-૦૬<br>(તા. ૩૧-૧૨-૦૫ | ૪૨૭.૩૧ |

ની સ્થિતિમાં)
કુલ : ૮૯૭.૭૫

(૪) આ સ્થિતિ સુધીમાં વર્ષવાર કેટલું ખર્ચ ક્યા ક્યા હેતુસર કરવામાં આવ્યું?

(૪) વર્ષવાર ખર્ચ (કરોડમાં)

| ક્રમ | વર્ષ | અછત | પુર | ધરતીકંપ | કુલં |
|---|---|---|---|---|---|
| ૧. | ૨૦૦૩-૦૪ | ૨૫૮.૦૨ | ૪૧.૦૭ | ૦.૩૬ | ૨૯૯.૪૫ |
| ૨. | ૨૦૦૪-૦૫ | ૪૦.૭૦ | ૧૩૩.૬૫ | -- | ૧૭૪.૩૫ |
| ૩. | ૨૦૦૫-૦૬ | ૧.૧૭ | ૩૩૨.૩૮ | -- | ૩૩૩.૫૫ |
| | કુલ : | ૨૯૯.૮૯ | ૫૦૭.૧૦ | ૦.૩૬ | ૮૦૭.૩૫ |

-------------

**રાજ્યમાં ફાસ્ટ ટ્રેક કોર્ટોની સંખ્યા અને કેસોના નિકાલ અંગે**

**૧૫૩૩૧ શ્રીમતી ભાવનાબેન હે. ચપટવાલા (સુરત શહેર (પશ્ચિમ) માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ કેટલી ફાસ્ટ ટ્રેક કોર્ટો કાર્યરત છે, અને | (૧) ૧૪૫ |
| (૨) આ સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આવી કોર્ટોમાં કેટલા કેસોનો નિકાલ કરવામાં આવ્યો ? | (૨) ૬૦૯૧૧ |

-------------

**રાજ્યના સરકારી દવાખાનાઓમાં હડકવા વિરોધી રસીના જથ્થા અંગે**

**૧૪૩૦૯ શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| રાજ્ય સરકાર હસ્તકના સરકારી દવાખાનાઓમાં હડકવા વિરોધી રસી પુરતા પ્રમાણમાં મળી રહે તે માટે સરકારે શું આયોજન કરેલ છે ? | રાજ્ય સરકાર હસ્તકના સરકારી દવાખાનાઓમાં હડકવા વિરોધી રસી પુરી પાડવા માટે ચાલુ નાણાંકીય વર્ષમાં રૂા. ૮.૫૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે. રૂા. ૮.૫૦ કરોડની જોગવાઈ સામે ૨.૯૦ લાખ ડોઝ સપ્લાય કરવાનો ઓર્ડર આપવામાં આવેલ છે તે પૈકી ઉપલબ્ધ રસીનું જરૂરીયાત મુજબ વિતરણ કરવામાં આવે છે.<br>સને ૨૦૦૬-૦૭ ના વર્ષ માટે રૂા. ૧૦.૫૦ કરોડની જોગવાઈ સુચવેલ છે. |

-------------

**વિજયનગર તાલુકાને કાયમી કોર્ટ આપવા અંગે**

**૧૪૧૭૫ શ્રીમતી રમીલાબેન બે. બારા (ખેડબ્રહ્મા) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| વિજયનગર તાલુકા મથકે કાયમી કોર્ટ આપવા અંગે રાજ્ય સરકારનું શું આયોજન છે ? | વિજયનગર તાલુકા મથકે કાયમી કોર્ટ સ્થાપવા વર્ષ ૨૦૦૬-૦૭ના અંદાજપત્રમાં નવી સેવા તરીકે નવી વડી અદાલતના પરામર્શમાં નાણાંકીય જોગવાઈ કરવામાં આવી છે. |

----------

**જુનાગઢ અને વેરાવળની કોર્ટોમાં અકસ્માત વળતરનાં પડતર કેસો**

**૧૪૪૩૬ શ્રી ગોવિંદભાઈ વ. પરમાર (તલાલા) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જુનાગઢ જિલ્લામાં જુનાગઢ, વેરાવળ કોર્ટોમાં તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ અકસ્માતના વળતરના કેટલા કેસો પેન્ડીંગ છે, | (૧) જુનાગઢ - ૭૩૭૬<br>વેરાવળ - ૧૮૮૬<br>ઉના - ૮૨૮<br>૧૦૦૯૦ |
| (૨) તે પૈકી પાંચ વર્ષ અને દસ વર્ષ ઉપરના કેટલા કેસો પેન્ડીંગ છે, અને | (૨) પાંચ વર્ષ ઉપરનાં: ૪૨૦૦<br>દશ વર્ષ ઉપરનાં : ૧૫૪૪ |

(૩) આ પેન્ડીંગ કેસોનો નિકાલ કેટલા સમયમાં થઈ શકે તેમ છે?

(૩) કેસોના નિકાલ માટે નિતિ સમયમર્યાદા આપવી શક્ય નથી પરંતુ નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા શક્ય તેટલા પગલાં ભરવામાં આવી રહયા છે તથા સમયાંતરે લોક અદાલતોનું પણ આયોજન કરવામાં આવે છે.

-------------

**વિરમગામ તાલુકામાં જમીન નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવાના પડતર કેસો**

**૧૪૫૦૪ શ્રી વજુભાઈ પ. ડોડિયા (વિરમગામ) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વિરમગામ તાલુકા જિલ્લા અમદાવાદના ગામોમાં નવી શરતમાંથી જૂની શરતમાં જમીન ફેરવવાના કેસો પડતર છે તે વાત સાચી છે, અને

(૨) જો હા, તો આ પેન્ડીંગ કેસોનો નિકાલ સરકાર ક્યારે લાવવા માંગે છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) સત્વરે.

-------------

**કચ્છ જિલ્લામાં મેલેરીયાના કેસો અને દર્દીઓના મૃત્યુ**

**૧૪૭૧૧ શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ (મુંદ્રા) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૩-૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લામાં મેલેરીયાના કેટલા કેસો તાલુકાવાર નોંધાયેલ,

(૨) કેટલા કેસોમાં સારવાર આપવામાં આવી, અને

(૩) કેટલા કેસોમાં સારવાર દરમિયાન દર્દીના મૃત્યુ થયા?

**જવાબ**

(૧) ૩૧-૩-૦૫ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં કુલ ૨૧,૨૦૦ મેલેરીયાના કેસો નોંધાયેલ. જેની તાલુકાવાર વિગત નીચે મુજબ છે :

| | |
|---|---|
| લખપત | ૯૧૭ |
| નખત્રાણા | ૨૯૯૩ |
| અબડાસા | ૯૦૪ |
| માંડવી | ૨૯૩૭ |
| મુન્દ્રા | ૮૪૬ |
| અંજાર | ૨૭૧૪ |
| ભચાઉ | ૨૫૭૫ |
| રાપર | ૪૪૩૭ |
| ભુજ | ૨૮૭૭ |

(૨) આ તમામ કેસોમાં સારવાર આપવામાં આવી.

(૩) ૨ (બે).

-------------

**રાજ્યમાં ૭/૧૨ અને ૮-અના ઉતારાની આવક**

**૧૫૩૨૫ શ્રી ધનસુખભાઈ ના. પટેલ (ઓલપાડ) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

કોમ્પ્યુટરાઈઝર ઉપર ૭/૧૨ અને ૮-અ અને નં.-૬ની નકલોની વેચાણની તા. ૩૧-૧૨-૨૦૦૫ સુધીમાં છેલ્લા એક વર્ષમાં સુરત જિલ્લામાં તાલુકાવાર કેટલી આવક થઈ?

**જવાબ**

તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં છેલ્લા એક વર્ષમાં સુરત જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબ આવક થઈ છે.

| અ. નં. | તાલુકાનું નામ | આવક રૂા. |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| (૧) | સીટી | ૦૨૦૯૪૦૦ |
| (૨) | ચોર્યાસી | ૧૧૪૫૦૨૫ |
| (૩) | પલસાણા | ૦૪૩૪૩૧૫ |
| (૪) | ઓલપાડ | ૦૭૭૪૩૮૦ |
| (૫) | કામરેજ | ૦૮૧૦૯૭૦ |
| (૬) | માંગરોળ | ૦૫૨૭૩૩૫ |

| | | |
|---|---|---|
| (૭) | ઉમરપાડા | ૦૧૧૪૪૧૦ |
| (૮) | માંડવી | ૦૪૩૭૪૯૫ |
| (૯) | વાલોડ | ૦૨૧૯૯૪૦ |
| (૧૦) | મહુવા | ૦૪૪૧૯૨૦ |
| (૧૧) | બારડોલી | ૦૬૦૮૩૩૦ |
| (૧૨) | વ્યારા | ૦૪૭૧૮૭૦ |
| (૧૩) | સોનગઢ | ૦૨૧૫૦૫૦ |
| (૧૪) | ઉચ્છલ | ૦૦૬૧૮૨૫ |
| (૧૫) | નીઝર | ૦૧૭૪૭૯૦ |
| | કુલ | ૬૬૪૭૦૫૫ |

-------------

## વિદેશી ગુજરાતીઓની મુલાકાત અને રોકેલ નાણા

**૧૫૩૦૨ શ્રી જગદીશ ઠાકોર (દહેગામ) : માનનીય બિન-નિવાસી ગુજરાતી પ્રભાગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્ય સરકારના પ્રયત્નોથી કેટલા વિદેશી ગુજરાતીઓ ગુજરાતની મુલાકાતે આવ્યા, અને

(૨) વિદેશથી આવેલા ગુજરાતીઓએ પોતાના વિસ્તાર અથવા ગુજરાતમાં પોતાના ખર્ચે કેટલા વિકાસના ક્યા વિસ્તારોમાં નાણા ખર્ચ્યા ?

**જવાબ**

(૧) ગુજરાતની મુલાકાતે આવતા, બિન-નિવાસી ગુજરાતીઓની સરકાર દ્વારા નોંધણી કરવી શક્ય જ નથી.

(૨) રાજ્ય સરકારે બિન-નિવાસી ગુજરાતીઓ વતન સેવા કરી શકે તેની માર્ગદર્શિકા ""વતન સેવા"" પ્રગટ કરી છે. જેમાંથી પ્રેરણા લઈ બિન-નિવાસી ગુજરાતીઓ પોતાના વતનમાં રોડ-રસ્તા, શાળાના મકાનો, પાણીની ટાંકીઓ, દવાખાનાઓ, પંચાયત ભવન વગેરે જન હિતના કાર્યોમાં લોક ભાગીદારીથી જોડાય છે.

-------------

## અબડાસા નખત્રાણા અને લખપત તાલુકાઓમાં ઘાસ ડેપો અને રાહત કામગીરી અંગે

**૧૫૩૨૭ શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા (અબડાસા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લાના અબડાસા-નખત્રાણા અને લખપત આ ત્રણ તાલુકામાં અછત રાહતની કેટલી કામગીરી તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ શરૂ કરવામાં આવેલ છે,

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ અબડાસા, નખત્રાણા અને લખપત તાલુકામાં નીચે મુજબની રાહત કામગીરી શરૂ થયેલ હતી.

(૧) અબડાસા તાલુકામાં ૭ ઘાસ ડેપો શરૂ કરવામાં આવેલ હતાં અને ૨૩ ગામોમાં ૪ ટેન્કર દ્વારા પીવાનું પાણી પુરું પાડવામાં આવેલ હતું. ૭ ઘાસ ડેપો મારફતે ૬૮,૦૦૦ કિ.ગ્રા. ઘાસનું વેચાણ કરવામાં આવેલ હતું.

(૨) નખત્રાણા તાલુકામાં ૯ ઘાસ ડેપો શરૂ કરવામાં આવેલ હતા અને ૬ ગામોમાં ૨ ટેન્કર દ્વારા પીવાનું પાણી પુરું પાડવામાં આવેલ હતું.

(૩) લખપત તાલુકામાં ૧૦ ઘાસ ડેપો કાર્યરત હતાં. અને તે પરથી ૭૭,૦૦૦ કિ.ગ્રા. ઘાસનું વિતરણ કરવામાં આવેલ હતું. ૫૫ ગામોમાં ૧૨ ટેન્કર દ્વારા પીવાનું પાણી પુરૂ પાડવામાં આવેલ હતું.

**પ્રશ્ન**

(૨) આ ત્રણેય તાલુકામાં કેટલા ઘાસ ડેપો ખોલવામાં આવ્યા છે,

**જવાબ**

(૨) આ ત્રણેય તાલુકાઓમાં અબડાસામાં ૭, નખત્રાણા ૯ અને લખપત-૧૦ મળી કુલ ૨૬ ઘાસ ડેપો ખોલવામાં આવેલ હતા.

**પ્રશ્ન**

(૩) અને કેટલી પાંજરાપોળને સબસીડી ચુકવવામાં આવે છે, અને

**જવાબ**

(૩) તાલુકાવાર નીચે જણાવેલ ગોશાળા/ પાંજરાપોળને સબસીડી ચૂકવવાની રહે છેઃ-

અબડાસા-૯ (મંજુરીની પ્રક્રિયા હેઠળ)

નખત્રાણા-૨ (બિલ રજૂ થયેથી ચૂકવણી કરવામાં આવશે.)
લખપત-૧ (બિલ રજૂ થયેથી ચૂકવણી કરવામાં આવશે.)

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૪) કેટલા કેમ્પ ખોલવામાં આવ્યા છે ? | (૪) આ ત્રણેય તાલુકાઓમાં કોઈ કેમ્પ ખોલવામાં આવેલ નથી. |

-------------

**વન્ય પ્રાણીઓના સંરક્ષણ અને વિકાસ અંગે કરેલ પ્રોજેક્ટની વિગતોની માહિતી**

**૧૫૩૦૯ શ્રી ગોવાભાઈ હ. રબારી (ડીસા) : માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વન્ય પ્રાણી સંરક્ષણ અને વન સંપત્તિમાં વિકાસ માટે જાપાન સરકાર પાસે ૯૫૦ કરોડનો સહાય પ્રોજેક્ટ રાજ્ય સરકારે ક્યારે કર્યો, અને | (૧) વન્ય પ્રાણી સંરક્ષણ અને વન સંપત્તિમાં વિકાસ માટે ગુજરાત સરકારશ્રીએ ભારત સરકારશ્રીના પર્યાવરણ અને વન મંત્રાલયને તા. ૮-૪-૨૦૦૪ ના પત્રથી ગુજરાત ફોરેસ્ટ્રી ડેવલપમેન્ટ પ્રોજેક્ટ રૂા. ૯૪૪/- કરોડનો મોકલવામાં આવેલ છે. |
| (૨) આ રકમ ક્યાં અને કેવી રીતે ખર્ચવામાં આવશે તેની વિગતો કઇ કઇ છે ? | (૨) આ રકમ સમગ્ર રાજ્યમાં વન વિકાસ અને વન્ય પ્રાણી સંરક્ષણને લગત કામગીરીના હેતુ માટે ખર્ચ કરવાનું પ્રોજેક્ટમાં આયોજન છે. |

-------------

**રાજ્યમાં તબીબી ક્ષેત્રે સ્થાનિક તબીબોની સંખ્યા**

**૧૪૮૪૮ શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૩-૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ગુજરાતની મેડિકલ કોલેજોમાંથી પાસ થઈને ગુજરાતની આરોગ્ય તબીબી સેવામાં સિવિલ, સી.એચ.સી. અને પી.એચ.સી. માં જોડાયેલ સ્થાનિક તબીબોની સંખ્યા કેટલી, | (૧) વર્ગ-૧ના તબીબો : ૨૪૯<br>વર્ગ-૨ના તબીબો : ૨૯૬ |
| (૨) પરપ્રાંતીય મેડીકલ કોલેજોમાંથી અભ્યાસ કરી ગુજરાત રાજ્યની તબીબી સેવામાં સિવિલ, સી.એચ.સી. અને પી.એચ.સી. માં જોડાયેલ પરપ્રાંતીય તબીબોની સંખ્યા કેટલી, અને | (૨) વર્ગ-૧ના તબીબો : ૨૪<br>વર્ગ-૨ના તબીબો : ૨૭૪ |
| (૩) તે પૈકી પંચમહાલ જિલ્લામાં કઈ કઈ જગ્યાએ અને કેટલા ? | (૩) **વર્ગ- ૧ :**<br>૧-(જનરલ હોસ્પિટલ)<br>૧-(સામુહિક આરોગ્ય કેન્દ્ર)<br>**વર્ગ- ૨:**<br>પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે : ૨૨<br>સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે : ૧૧<br>હોસ્પિટલ ખાતે : શૂન્ય |

-------------

**જેતપુર પાવી તાલુકામાં કોર્ટ**

**૧૫૨૮૧ શ્રી વેચાતભાઈ હ. બારિયા (પાવી-જેતપુર) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જેતપુર પાવી તાલુકામાં કાયમી કોર્ટ નથી તે સરકાર જાણે છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કાયમી કોર્ટ સ્થાપવા માંગો છો કે કેમ, | (૨) હા, જી. |
| (૩) સ્થાપવા માંગો છો તો ક્યારે, | |

(૪) આ અંગે કોઈ આયોજન છે, અને

(૩) અને (૪) : વડી અદાલત તરફથી ગુજરાત અને સિવિલ કોર્ટ અધિનિયમ ૨૦૦૫ની સંબંધિત કલમ હેઠળ સૂચિત અધિસૂચના અને કોર્ટ કાર્યરત તારીખ વડી અદાલત દ્વારા નક્કી થયેથી સ્થાપના થઈ શકશે.

(૫) ના, તો કેમ ?

(૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**ભરૂચ જિલ્લામાં પોસ્ટમોર્ટમની સુવિધા વધારવા આયોજન**

**૧૫૩૧૪ શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ (અંકલેશ્વર) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લાના અંકલેશ્વર અને હાંસોલ તાલુકાના ક્યા ક્યા આરોગ્ય કેન્દ્રો પર પોસ્ટમોર્ટમ કરવાની સુવિધા છે, અને

(૨) જિલ્લાના અન્ય આરોગ્ય કેન્દ્રમાં પોસ્ટમોર્ટમ થાય તે માટે સુવિધા ઉભી કરવા સરકારનું શું આયોજન છે?

**જવાબ**

(૧) પોસ્ટ મોર્ટમની સુવિધા

| તાલુકાનું નામ | આરોગ્ય કેન્દ્રનું નામ |
|---|---|
| (૧) અંકલેશ્વર | જીતાલી |
| | માંડવા-બુર્ઝગ, ખરોડ |
| (૨) હાંસોટ | હાંસોટ |

(૨) જિલ્લામાં સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે પોસ્ટમોર્ટમ સુવિધા ઉપલબ્ધ છે, જ્યારે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે જરૂરીયાતને ધ્યાને લઈ આયોજન કરવામાં આવશે.

-------------

**અમદાવાદ શહેર અને જિલ્લામાં જમીન મહેસૂલના વધારા અંગે**

**૧૪૪૯૦ ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ (સાબરમતી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ શહેર અને જિલ્લામાં જમીન મહેસૂલમાં તા. ૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં તબક્કાવાર કેટલા ટકાનો વધારો કરવામાં આવ્યો, અને

(૨) જમીન મહેસૂલ નિયત સમયમાં ન ભરનાર પાસે કેટલો દંડ વસુલ કરવામાં આવે છે ?

**જવાબ**

(૧) ખેતીની જમીન ઉપરનું જમીન મહેસૂલ તા. ૧-૮-૧૯૯૭ થી મોકુફ રાખવામાં આવેલ છે.

(૨) જમીન મહેસૂલ કાયદા અને નિયમો હેઠળની જોગવાઈઓ મુજબ જરૂરી કાર્યવાહી કરવામાં આવે છે.

-------------

**આદિજાતિ વિકાસ વિભાગને ફાળવેલ બજેટ**

**૧૫૩૪૭ ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૦૬ સુધીમાં આદિજાતિ વિકાસ વિભાગનું વર્ષ ૨૦૦૫-૨૦૦૬નું ગુજરાત પેટર્ન સહિત રકમ કુલ કેટલા બજેટની જોગવાઈ સામે કેટલી રકમ ફાળવવામાં આવેલ છે,

(૨) ગુજરાતના ટોટલ બજેટના કેટલા ટકા આદિજાતિ વિકાસ વિભાગનું બજેટ છે,

(૩) માર્ચ-૨૦૦૫ના બજેટ સત્રમાં જોગવાઈ અંદાજવામાં આવી હતી, તેનાથી કેટલું ઓછું ફાળવ્યું છે, અને

(૪) ઓછું બજેટ ફાળવવાના કારણો શા છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૦૬ સુધીમાં, આદિજાતિ વિકાસ વિભાગને વર્ષ ૨૦૦૫-૨૦૦૬માં ગુજરાત પેટર્ન સહિત કુલ રૂા. ૧૩૮૭.૪૨ કરોડની જોગવાઈ કરવામાં આવેલ જે સામે જાન્યુ. ૦૬ અંતિત રૂા. ૯૧૩.૭૦ કરોડની રકમ ફાળવવામાં આવેલ છે.

(૨) ગુજરાતના કુલ રૂા. ૧૧૦૦૦.૦૦ કરોડની જોગવાઈ સામે આદિજાતિ વિભાગ હેઠળ આદિજાતિ પેટા યોજના માટે રૂા. ૧૩૮૭.૪૨ કરોડનું બજેટ છે જે રાજ્યની કુલ જોગવાઈના ૧૨.૬૧ ટકા થવા જાય છે.

(૩) વર્ષ ૨૦૦૪-૦૫ માટે આદિજાતિ વિકાસ વિભાગનું કુલ બજેટ રૂા. ૮૨૧.૩૪ કરોડ અંદાજવામાં આવેલ હતું. તે પૈકી રૂા. ૮૨૧.૩૪ કરોડની ફાળવણી થયેલ છે. આમ પુર્ણ ફાળવણી થયેલ છે.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**ટંકારા પડધરી અને મોરબી તાલુકાઓમાં મામલતદાર કચેરીમાં મંજુર થયેલ મહેકમ અને ઘટ**

**૧૫૨૭૩ શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લાના ટંકારા, પડધરી અને મોરબી તાલુકામાં મામલતદાર ઓફિસમાં કુલ કેટલું મહેકમ મંજુર કરવામાં આવેલ છે, અને

(૨) ક્યા ક્યા વર્ગના કેટલા, અને તેમાં હાલમાં કેટલી જ્ગ્યાઓ ખાલી છે અને તે ભરવા સરકારનું શું આયોજન છે?

**જવાબ**

(૧) રાજકોટ જિલ્લાના ટંકારા, પડધરી અને મોરબી તાલુકામાં મામલતદાર ઓફિસમાં નીચે પ્રમાણેનું મહેકમ મંજૂર કરવામાં આવેલ છે.

**તાલુકાનું નામ**

| સંવર્ગનું નામ | ટંકારા | પડધરી | મોરબી |
|---|---|---|---|
| મામલતદાર | ૧ | ૧ | ૧ |
| ના.મામલતદાર | ૫ | ૬ | ૭ |
| સર્કલ ઓફિસર | ૧ | ૧ | ૧ |
| કેળવણી નિરીક્ષક | -- | ૧ | ૧ |
| ક્લાર્ક | ૨ | ૬ | ૧૦ |
| ટાઈપીસ્ટ (ગુ.) | -- | ૧ | ૧ |
| તલાટી | -- | -- | ૪ |
| પ્યુનકમ ડ્રાઈવર | ૧ | -- | ૧ |
| પટાવાળા | ૧ | ૩ | ૮ |
| કુલ | ૧૧ | ૧૯ | ૩૪ |

(૨) સંવર્ગવાર નીચે પ્રમાણેની જગાઓ ખાલી છે.

**તાલુકાનું નામ**

| સંવર્ગનું નામ | ટંકારા | પડધરી | મોરબી |
|---|---|---|---|
| મામલતદાર | -- | -- | -- |
| ના.મામલતદાર | ૨ | ૨ | ૧ |
| સર્કલ ઓફિસર | -- | -- | ૧ |
| ક્લાર્ક | -- | ૩ | ૨ |
| ટાઈપીસ્ટ | -- | ૧ | ૧ |
| તલાટી | -- | -- | -- |
| પ્યુનકમ ડ્રાઈવર | ૧ | -- | ૧ |
| પટાવાળા | ૧ | -- | ૪ |
| કુલ | ૪ | ૬ | ૧૦ |
| જ્ગ્યાઓ ભરવા માટેની વિચારણા કરવામાં આવશે. | | | |

-------------

**ગાંધીધામ રામબાગ હોસ્પિટલમાં ડોક્ટરોની ખાલી જ્ગાઓ**

**૧૪૮૪૧ ડૉ. નીમાબેન બ. આચાર્ય (અંજાર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ગાંધીધામ-રામબાગ હોસ્પિટલમાં ડોકટરની કેટલી જ્ગા તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ ખાલી છે,

(૧) ૨ (બે)

(૨) આ જ્ગાઓ ભરવા શું આયોજન છે, અને

(૨) દર મંગળવારે વોક ઈન ઈન્ટરવ્યુ યોજીને એડહોક ધોરણે તથા બોન્ડેડ ઉમેદવારોને નિમણૂંક આપીને.

(૩) અન્ય વર્ગ-૨ તથા વર્ગ-૩ની કઈ કઈ જ્ગાઓ ખાલી છે?

(૩) વર્ગ-૨ની કોઈ ખાલી નથી.
વર્ગ-૩ની નીચે મુજબની જ્ગ્યા ખાલી છે.

(૧) એક્સરે-ટેક્નીશીયન
(૨) લેબ. ટેક્નીશીયન -૨
(૩) હેડનર્સ
(૪) સ્ટાફનર્સ
(૫) સિનિ. ફાર્માસીસ્ટ
(૬) જુનિ. ફાર્માસીસ્ટ
(૭) એલ.એચ.વી.
(૮) એ.એન.એમ.
(૯) ફીમેલ હેલ્થ વર્કર

-------------

**કડી તેમજ થોળ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં સંવર્ગવાર ખાલી જગાઓ**

**૧૪૩૪૭ શ્રી બળદેવજી ચં. ઠાકોર (કડી) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ કડી સામુહિક આરોગ્ય કેન્દ્ર તથા થોળ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં વર્ગ-૧, વર્ગ-૨ અને વર્ગ-૩ના કેટલા કર્મચારી/અધિકારીઓની જ્ગ્યાઓ ખાલી છે, | (૧) વર્ગવાર ખાલી જગાઓ<br>**સા.આ.કેન્દ્રનું નામ — વર્ગ-૧ — વર્ગ-૨ — વર્ગ-૩**<br>(૧) કડી — ૪ — ૧ — ૨<br>(૨) થોળ — ૦ — ૦ — ૫ |
| (૨) ખાલી જ્ગ્યાઓ ક્યારે ભરવામાં આવશે, | (૨) સરકારશ્રીની પ્રવર્તમાન નીતિ, કાર્યભારણ અને લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી. |
| (૩) સામુહિક આરોગ્ય કેન્દ્ર કડીની કથળતી જતી સેવાઓ બાબતે સરકારને છેલ્લા બે વર્ષમાં કેટલી ફરીયાદો મળી, અને | (૩) ૪ (ચાર) |
| (૪) આ સેવાઓ સુધારવા સરકારે શું પગલાં ભર્યા? | (૪) આરોગ્ય સેવા સુધારવા અલગ-અલગ પ્રકારની તજજ્ઞ સેવા ઉપલબ્ધ કરી, તદ અનુસારનું ફર્નિચર, સાધનસામગ્રી ઉપલબ્ધ કરેલ છે, તથા ફરિયાદને આધારે તપાસ કરી સબંધિત અધિકારી/ કર્મચારીની અન્ય સ્થળે બદલી કરી છે. |

-------------

**સુરેન્દ્રનગર જિલ્લામાં ભારે વરસાદ તથા પુરના કારણે થયેલ નુકશાન અને ચુકવેલ રાહતો**

**૧૪૨૯૩ શ્રી મનહરલાલ મ. મકવાણા (દસાડા) :માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ૨૦૦૫-૦૬ના વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં ભારે વરસાદ-પુરના કારણે ક્યા ક્યા તાલુકામાં ક્યા ક્યા પ્રકારનું નુકશાન થયેલ છે, અને | (૧) સામેલ પત્રક "અ" મુજબ |
| (૨) તે અન્વયે કેટ કેટલી રાહતો તા. ૩૧-૧-૦૬ સુધીમાં ચુકવવામાં આવી ? | (૨) સામેલ પત્રક "બ" મુજબ |

**પત્રક-અ**

ચોમાસુ-૨૦૦૫ દરમ્યાન થયેલ નુકશાનની વિગત પત્રક વિધાનસભા પ્રશ્ન નં. ૧૪૨૯૩ની પુરક માહિતી (આંકડા લાખમાં)

| અનુ નં. | તાલુકાનું નામ | ઝૂંપડા | મકાન | મ.મા. સ્ટેટ વિભાગનું નામ | | પંચાયત (સિંચાઈ) હસ્તકનું નુકશાન | | | | ખેતીવાડી | સિંચાઈ રાજ્ય | મ.મા. પંચાયત રસ્તાનું નુકશાન | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | સ્ટ્રક્ચર | સર્ફેસ | જમીન વિકાસ નિગમ | સ.પ.જ.યો. હસ્તકના કામો | સિંચાઈ | સિંચાઈ લૉંગ ટર્મ રીપેરીંગ | | | | |
| ૧ | વઢવાણ | ૩.૧૪ | ૧૪૬.૧૯ | ૨૭.૫ | ૧૧૨.૯૫ | ૦ | ૦.૦૬ | ૬૮ | ૧૭૯.૫ | ૫.૫ | ૧૫.૪૦ | ૩૪૧.૬૭ | ૮૯૯.૯૧ |

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | લીંબડી | ૦.૮ | ૪૭.૯૯ | ૧૧૭.૬ | ૬૩૭.૨૫ | ૦.૯ | ૦.૦૦ | ૩૪ | ૫૫.૨ | ૮.૩૯ | ૦ | ૫૯૬.૮૦ | ૧૪૯૮.૯૩ |
| ૩ | ચોટીલા | ૦ | ૪.૧૮ | ૪૪.૨ | ૪૯૭.૧૯ | ૨.૫ | ૦.૩૫ | ૨૫.૯૦ | ૮૧.૨૫ | ૬.૬૫ | ૦ | ૯૦.૦૨ | ૭૫૨.૨૪ |
| ૪ | ધ્રાંગધ્રા | ૦ | ૦ | ૦.૫૭ | ૮૨.૦૪ | ૧.૧૫ | ૦.૧૦ | ૦.૦૦ | ૦ | ૦ | ૦ | ૨૮૬.૦૫ | ૩૬૯.૯૧ |
| ૫ | હળવદ | ૦ | ૦ | ૨૭.૮૫ | ૯૭.૫૬ | ૦.૦૦ | ૦.૦૫ | ૦.૦૦ | ૦ | ૩.૬ | ૨૩.૦૫ | ૨૩૮.૯૫ | ૩૯૧.૦૫ |
| ૬ | પાટડી | ૦ | ૨.૧ | ૬૭.૯૮ | ૨૧૫.૮ | ૧.૦૦ | ૦.૦૮ | ૦.૦૦ | ૦ | ૦ | ૦ | ૧૩૦.૪૨ | ૪૧૭.૩૮ |
| ૭ | લખતર | ૦.૩ | ૨૯.૮૯ | ૧૧૩.૫ | ૨૫૧ | ૦.૮૦ | ૦.૦૦ | ૪.૩૦ | ૦ | ૦ | ૦ | ૨૫૯.૪૪ | ૫૫૯.૨૩ |
| ૮ | સાયલા | ૦.૦૬ | ૪૦.૬૫ | ૩૨૦ | ૧૫૯.૬૮ | ૨.૬૦ | ૦.૦૦ | ૫૮.૫૦ | ૧૬૧ | ૫.૪૬ | ૩૩.૫ | ૧૪૦.૫૬ | ૯૨૨.૦૨ |
| ૯ | મુળી | ૦ | ૧.૮૧ | ૩૪.૬ | ૨૪૭ | ૨.૬૦ | ૦.૦૫ | ૫.૫૦ | ૨૭.૫ | ૫૮.૯૫ | ૧૫.૦૦ | ૨૩૪.૩૧ | ૬૨૭.૩૨ |
| ૧૦ | ચુડા | ૦ | ૫૯.૦૯ | ૧૬.૧ | ૧૫૧૯.૪૪ | ૩.૦૦ | ૩.૨૫ | ૪૭.૬૦ | ૮૫.૫ | ૧૨૬.૨૨ | ૨૭.૫ | ૨૫૦.૯૩ | ૨૧૩૮.૬૩ |
| | કુલ | ૪.૩ | ૩૩૧.૯ | ૭૬૯.૯ | ૩૮૧૯.૯૧ | ૧૪.૫૫ | ૩.૯૪ | ૨૪૩.૮૦ | ૫૮૯.૯૫ | ૨૧૪.૭૭ | ૧૧૪.૪૫ | ૨૫૬૯.૧૫ | ૮૬૭૬.૬૨ |

## પત્રક-બ

## વિધાનસભા પ્રશ્ન નંબરઃ ૧૪૨૯૩ માન. ધારાસભ્યશ્રી મનહરલાલ મક્વાણા (દસાડા) તરફથી પૂછાયેલ પ્રશ્નની પૂરક નોંધની વિગતનું પત્રક.

જિલ્લો : સુરેન્દ્રનગર

| અનુ નં. | તાલુકાનું નામ | માનવ મૃત્યુ સહાય | ઝૂંપડા સહાય | મકાન સહાય | ઘરવખરી | કેશડોલ્સ | પશુસહાય | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | વઢવાણ | ૧૧૫૦૦૦ | ૨૫૦૬૦૦ | ૧૬૦૩૦૦ | ૧૯૨૫૦૦ | ૮૫૧૨૫ | ૦ | ૮૦૩૫૨૫ |
| ૨ | લીંબડી | ૨૫૦૦૦ | ૬૦૧૫૦ | ૪૯૭૨૫ | ૧૮૭૫૦ | ૮૮૨૦ | ૦ | ૧૬૨૪૪૫ |
| ૩ | ધ્રાંગધ્રા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪ | હળવદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૫ | ચોટીલા | ૦ | ૦ | ૨૩૦૦૦ | ૦ | ૦ | ૮૦૦૦ | ૩૧૦૦૦ |
| | કુલ શહેરી | ૧૪૦૦૦૦ | ૩૧૦૭૫૦ | ૨૩૩૦૨૫ | ૨૧૧૨૫૦ | ૯૩૯૪૫ | ૮૦૦૦ | ૯૯૬૯૭૦ |
| ૧ | વઢવાણ | ૦ | ૦ | ૩૦૦૯૮૦૦ | ૯૩૭૫૦ | ૧૭૦૧૪૫ | ૦ | ૩૨૭૩૬૯૫ |
| ૨ | લીંબડી | ૨૫૦૦૦ | ૦ | ૫૦૮૫૦૦૦ | ૩૭૦૦૦૦ | ૨૮૫૦૦૦ | ૦ | ૫૭૬૫૦૦૦ |
| ૩ | લખતર | ૦ | ૧૧૫૦૦ | ૪૭૨૯૭૫ | ૨૬૨૫૦ | ૨૧૯૪૫ | ૦ | ૫૩૨૬૭૦ |
| ૪ | સાયલા | ૦ | ૫૯૦૦ | ૮૨૫૭૮૭ | ૧૦૦૦૦ | ૧૬૯૬૦ | ૦ | ૮૫૮૬૪૭ |
| ૫ | મુળી | ૦ | ૦ | ૧૫૧૦૫૧ | ૦ | ૦ | ૦ | ૧૫૧૦૫૧ |
| ૬ | ચોટીલા | ૦ | ૦ | ૩૦૫૧૦૦ | ૦ | ૦ | ૦ | ૩૦૫૧૦૦ |
| ૭ | ધ્રાંગધ્રા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૮ | હળવદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૯ | પાટડી | ૦ | ૦ | ૧૩૦૧૦૦ | ૦ | ૫૩૫૫ | ૬૦૦૦ | ૧૪૧૪૫૫ |
| ૧૦ | ચુડા | ૧૫૦૦૦ | ૦ | ૬૬૩૧૮૯૧ | ૧૦૯૩૭૫૦ | ૧૧૫૮૦૦ | ૦ | ૭૮૫૬૪૪૧ |
| | ગ્રામ્ય કુલ | ૪૦૦૦૦ | ૧૭૪૦૦ | ૧૬૬૧૧૭૦૪ | ૧૫૯૩૭૫૦ | ૬૧૫૨૦૫ | ૬૦૦૦ | ૧૮૮૮૪૦૫૯ |
| | એકંદર કુલ | ૧૮૦૦૦૦ | ૩૨૮૧૫૦ | ૧૬૮૪૪૭૨૯ | ૧૮૦૫૦૦૦ | ૭૦૯૧૫૦ | ૧૪૦૦૦ | ૧૯૮૮૧૦૨૯ |

-------------

## લો-યુનિવર્સિટીની સ્થાપના અને ખર્ચ

**૧૩૮૮૩ શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા (રખિયાલ) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં લો-યુનિવર્સિટી સ્થાપવાની જાહેરાત ક્યારે કરવામાં આવી, | (૧) તા. ૧૨મી માર્ચ-૨૦૦૩ના રોજ |
| (૨) આ યુનિવર્સિટી સ્થાપના માટે ડિસેમ્બર-૦૫ સુધીમાં કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૨) રૂા. ૩,૫૦,૦૯,૨૪૮/- |
| (૩) આ યુનિવર્સિટી ક્યારે કાર્યાન્વિત થનાર છે? | (૩) જુલાઈ-૦૪થી કાર્યાન્વિત થયેલ છે. |

-------------

## વિકસિત જમીનને હરાજીમાં જૂની શરતમાં ગણવા અંગે

**૧૫૨૭૯ શ્રી જયંતિલાલ ૨ા. કવાડિયા (હળવદ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસૂલ વિભાગ દ્વારા સરકારી જમીનોની વિકસિત જમીન તરીકે હરાજી કરવામાં આવે છે તેવી જમીનો હરાજીમાં ઉંચી બોલી-બોલી વ્યક્તિ જમીન ખરીદતો હોય | (૧) હા, જી. |

| | |
|---|---|
| છે તે વાત સાચી છે, | |
| (૨) જો હા, તો આવી જમીનોને રાજ્ય સરકાર દ્વારા નવીશરતમાં ગણવામાં આવે છે તે વાત સાચી છે, અને | (૨) હા, જી. |
| (૩) જો હા, તો આવી જમીનો ઉંચી બોલી-બોલી લેવાયેલ હોય તો તે જુની શરતમાં ગણવા માગો છો કે કેમ? | (૩) બાબત વિચારણા હેઠળ છે. |

-------------

**સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા સામુહિક આરોગ્ય કેન્દ્રમાં અપૂરતા સ્ટાફ અંગે**

**૧૪૩૭૫ શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા સામુહિક આરોગ્ય કેન્દ્રમાં તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ ક્યા સંવર્ગની કેટલી જ્યાઓ ખાલી છે, અને | (૧) સંવર્ગવાર ખાલી જગાઓ. |
| (૨) ખાલી જ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે? | (૨) સરકારશ્રીની પ્રવર્તમાન નીતિ, કાર્યભારણ તથા લાયકાત ધરાવતા ઉમેદવાર ઉપલબ્ધ થયેથી બનતી ત્વરાએ. |

| સંવર્ગનું નામ | ખાલી જ્યાની સંખ્યા |
|---|---|
| વર્ગ-૧ | ૧ |
| વર્ગ-૨ | ૧ |
| વર્ગ-૩ | ૧૦ |
| વર્ગ-૪ | ૧૦ |

-------------

**અમરેલી જિલ્લામાં ઈ-ધરા માટે ફાળવેલ કોમ્પ્યુટર અને ઓપરેટરની નિમણૂક**

**૧૪૧૯૯ શ્રી બાલુભાઈ તંતી (ધારી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં તાલુકા દીઠ કેટલા કોમ્પ્યુટર ઈ-ધરા માટે ફાળવવામાં આવેલ છે, | (૧) સમગ્ર રાજ્યમાં તાલુકા દીઠ એક-સરવર તથા એક-ક્લાયન્ટ ઈ-ધરા માટે ફાળવવામાં આવેલ છે. |
| (૨) કેટલા ઓપરેટર નિમણૂક કરેલ છે, | (૨) સમગ્ર રાજ્યમાં તાલુકા દીઠ બે ઓપરેટરની નિમણૂંક માટે જીલ્લાઓને મંજુરી આપેલ છે. |
| (૩) કોમ્પ્યુટર ચલાવવા જાણકારના અભાવે અમરેલી જિલ્લાના ધારી-બગસરા વિસ્તારના ખેડૂતોની જમીનની નોંધો બાકી રહેલ છે તે વાત સાચી છે, | (૩) ધારી તાલુકામાં કોઈ ખેડૂતોની જમીનની નોંધ બાકી રહેલ નથી. જ્યારે બગસરા તાલુકામાં જાન્યુઆરી-૦૬થી જાણકાર ઓપરેટર આવી ગયેલ હોઈ, નોંધ નિકાલની કાર્યવાહી થાય છે. |
| (૪) અત્યાર સુધીમાં કેટલી નોંધ દાખલ થયેલ છે, | (૪) ઈ-ધરા કેન્દ્ર ધારી ખાતે કુલ ૩૪૪૦ નોંધ જ્યારે બગસરા ખાતે કુલ ૧૪૨૧ નોંધોં દાખલ થયેલ છે. |
| (૫) કેટલી નોધનો નિકાલ થયેલ છે, અને | (૫) ઈ-ધરા કેન્દ્ર ધારી ખાતે કુલ ૩૦૭૦ નોંધો જ્યારે બગસરા ખાતે કુલ ૧૦૧૩ નોંધોંનો નિકાલ થયેલ છે |
| (૬) કેટલા સમયમાં આ નોંધોનો નિકાલ કરવા માગો છો? | (૬) સદરહુ બાકી નોંધોની મુદત પૂરી થયે તથા ૧૩૫-ડીની નોટીસો બજ્યેથી જેમ બને તેમ જલ્દીથી તેનો નિકાલ કરવામાં આવશે. |

-------------

**જુનાગઢ જિલ્લામાં શિક્ષિત અને અર્ધ શિક્ષિત બેરોજગારોની સંખ્યા**

**૧૩૮૩૮ શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના) : માનનીય રોજગાર મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ જુનાગઢ જિલ્લાના રોજગાર વિનિમય કચેરીમાં શિક્ષિત-અર્ધ શિક્ષિત અને આઈ. ટી. આઈ. પાસ થયેલ બેરોજગારોની કેટલી સંખ્યા નોંધાયેલ છે, | (૧) શિક્ષિત ... ૩૪૩૨૫<br>અર્ધશિક્ષિત ... ૫૦૮૧<br>આઈ.ટી.આઈ. પાસથયેલ ... ૪૪૬૬ |

| | |
|---|---|
| (૨) આ નોંધાયેલ બેરોજગારો પૈકી છેલ્લા એક વર્ષમાં કેટલાને ઈન્ટરવ્યુ કોલ મોકલવામાં આવ્યા છે, અને | (૨) ૪૦૩૮ |
| (૩) તે પૈકી કેટલાને નોકરીઓ મળી ? | (૩) ૨૮૫૫ |

------------

**ઘોઘંબા તાલુકામાં કોર્ટ શરૂ કરવા અંગે**

**૧૫૫૩૯ શ્રી ફતેસિંહ વ. ચૌહાણ (રાજગઢ) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| ઘોઘંબા તાલુકામાં કોર્ટ નથી તો નવી કોર્ટ ચાલુ કરવા માગે છે કે કેમ ? | વડી અદાલત તરફથી ઘોઘંબા તાલુકા મથકે કોર્ટ સ્થાપવા અગ્રતા માટે દરખાસ્ત થશે તો જરૂરી અંદાજપત્રીય જોગવાઈ થયેથી નવી કોર્ટ શરૂ કરી શકાશે. |

-------------

**દાહોદ જિલ્લાના ધાનપુર ખાતે કોર્ટ**

**૧૫૨૮૨ શ્રી બચુભાઈ ખાબડ (દેવગઢ બારિયા) :માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લામાં ધાનપુર નવરચિત ૯૦ ગામનો બન્યો છે તેને અલાયદી પાર્ટ ટાઈમ કોર્ટ આપવા માંગો છે કે કેમ, અને | (૧) વડી અદાલતે આ અંગે નિર્ણય લેવાનો હોય છે. |
| (૨) જો હા, તો ક્યારથી ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**ચોર્યાસી તાલુકાના બમરોલી ખાતે સરકારી પડતર જમીનમાં દબાણ**

**૧૪૧૮૩ શ્રી મનીષ ન. ગીલીટવાલા (સુરત શહેર (પૂર્વ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લાના ચોર્યાસી તાલુકાના બમરોલી (વડોદ) ખાતે સરકારી પડતર જમીનમાં મોટા પાયે દબાણો થયા છે તે હકીક્ત સાચી છે, અને | (૧) ના જી. |
| (૨) જો હા, તો આ દબાણો દુર કરવા સરકારે શા પ્રયાસો કર્યા ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**અદાલતોમાં કેસોના ભરાવા અંગે**

**૧૫૩૪૪ શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યની તમામ અદાલતોમાં હાલના તબક્કે ૩૪ લાખ ઉપરાંતના કેસોનો ભરાવો થયો છે તે હકીક્ત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કેસોના ભરાવાના સામાન્યતઃ શાં કારણો છે, અને | (૨) આ કેસોના ભરાવાના સામાન્યતઃ કારણો નીચે પ્રમાણે છે.<br>(અ) લોકોમાં પોતાના અધિકારો/હક્કો માટેની જાગૃતિ વધતી જતી હોઇ કેસોની સંખ્યામાં વધારો થયો છે.<br>(બ) ન્યાયની પ્રક્રિયામાં કુદરતી ન્યાયના સિધ્ધાંતને ધ્યાનમાં રાખીને બંને પક્ષકારોને સાંભળવાની વ્યાજબી તક પુરી પાડવાના કારણે સમય વ્યતિત થાય છે. જેને કારણે કેસોની સંખ્યામાં વધારો થાય છે.<br>(ક) જટીલ કાયદાકીય પ્રક્રિયાના કારણે કેસોનો ભરાવો થયેલ છે. |

| | |
|---|---|
| | (૬) ઘણા કિસ્સામાં આરોપીઓ/પક્ષકારોના નામ-સરનામા ખોટા હોવાને કારણે સમન્સ/વોરંટની બજવણી સમયસર થતી નથી. તેના કારણે કેસોનો ભરાવો થયેલ છે. |
| (૩) આ કેસોના ભરાવાનો ઝડપથી નિકાલ કરવા સરકારે શું પગલાં લેવાનું વિચાર્યુ છે? | (૩) (અ) આ કેસોના ભરાવાના ઝડપી નિકાલ કરવા માટેની કાર્યવાહી ગુજરાત હાઇકોર્ટ કરે છે.<br>(બ) ફાસ્ટ ટ્રેક કોર્ટોની સ્થાપના, ન્યાયમૂર્તિશ્રીઓ/ન્યાયાધીશોની ખાલી જગ્યાઓ ભરવા સહિતના તેમજ લોક અદાલતો દ્વારા પડતર કેસોના ઝડપી નિકાલ માટેના પગલાં ગુજરાત હાઇકોર્ટે ભર્યા છે. |

-------------

## ગાંધીનગર જિલ્લામાં ગોચર, સરકારી પડતર જમીનની ફાળવણીની પડતર અરજીઓ

૧૪૮૫૩ **ડૉ. સી. જે. ચાવડા (ગાંધીનગર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧.૧૨.૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં ગોચર સરકારી પડતર અને વાંધા-કોતરની કેટલી જમીનની ફાળવણી કરવામાં આવી, | (૧) હે. ૬૪-૫૪-૯૬ ચો.મી. |
| (૨) કઇ કઇ સંસ્થાઓને એજન્સીઓને સરકારે જમીન આપવામાં આવી, અને | (૨) ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી, ગર્વમેન્ટ એન્જીનીયરીંગ કોલેજ, સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગ, નર્મદા જળસંપત્તિ વિભાગ, ગુજરાત પેટ્રોલીયમ કોર્પો.લી. તથા ગુજરાત વિદ્યુત બોર્ડ. |
| (૩) ક્યા ક્યા અરજદારોની અરજીઓ કેટલા સમયથી હાલ પડતર છે ? | (૩) પત્રક મુજબ. |

**પ ત્ર ક**

ક્યા ક્યા અરજદારોની અરજીઓ કેટલા સમયથી પડતર છે.

| અ.નં. | અરજદારનું નામ | કેટલા સમયથી |
|---|---|---|
| ૧ | ગજ્જર જગદીશભાઇ પુનીભાઇ | ૬ માસ |
| ૨ | વાઘેલા ચીમનભાઇ કડવાજી | ૫ માસ |
| ૩ | સોલંકી વિનુભાઇ બોથાભાઇ | ૫ માસ |
| ૪ | આર.બી.રાઠોડ | ૫ માસ |
| ૫ | પ્રજાપતિ સવિતાબેન નારણભાઇ | ૫ માસ |
| ૬ | ગોવિંદભાઇ પી.સોલંકી | ૪ માસ |
| ૭ | સહયોગ અપંગ મંડળ | ૪ માસ |
| ૮ | નાજબીબી સુલેમાન શેખ | ૪ માસ |
| ૯ | પઠાણ ઇસુફમીયા સુલેમાન | ૨ માસ |
| ૧૦ | કરોલી કેળવણી મંડળ | ૨ માસ |
| ૧૧ | મોતીજી રામાજી સાંઠીયા | ૨ માસ |
| ૧૨ | સોની ઓમકપ્રકાશ રામદયાલ | ૨ માસ |
| ૧૩ | યશપાલસિંહ કુંપાવત | ૫ માસ |
| ૧૪ | સ્વામિનારાયણ સંસ્થા, ઝુંડાલ | ૫ માસ |
| ૧૫ | મહિતપસિંહ જાડેજા | ૬ માસ |
| ૧૬ | સરજીત પંકજ ગુપ્તા | ૨ માસ |
| ૧૭ | શ્રીમતિ આયેશા બેગમ | ૬ માસ |
| ૧૮ | પ્રહલાદજી મગનજી ઠાકોર | ૬ માસ |
| ૧૯ | બચુજી મગનજી ઠાકોર | ૬ માસ |
| ૨૦ | પ્રધાનજી મગનજી ઠાકોર | ૬ માસ |
| ૨૧ | મનોહરસિંહ હિંમતસિંહ વાઘેલા | ૬ માસથી નીચે |

| | | |
|---|---|---|
| ૨૨ | ચંદુજી બળદેવજી | ૬ માસ |
| ૨૩ | કાર્યપાલક ઇજનેરશ્રી, જા.આ.બાં.વિ. | ૬ માસ |
| ૨૪ | જીતેન્દ્ર સોલંકી | ૬ માસ |
| ૨૫ | રંગપુર સેવા સહકારી મંડળી | ૬ માસ |
| ૨૬ | પટેલ દિલીપભાઇ જોઇતારામ | ૬ માસ |
| ૨૭ | કાર્યપાલક ઇજનેરશ્રી, સુજલામ સુફલામ | ૬ માસ |
| ૨૮ | રામનગર ગ્રામ વિકાસ મંડળી | ૬ માસ |
| ૨૯ | દૂધ ઉત્પાદક સહકારી મંડળી, જેઠલજ | ૬ માસથી નીચે |
| ૩૦ | ઓ.એન.જી.સી. સાબરમતી | ૬ માસથી નીચે |
| ૩૧ | જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, ગાંધીનગર | ૬ માસ |

-------------

**સાગબારાના આદિવાસી ખેડૂતોના નામે જમીન કરવા અંગે**

**૧૫૩૫૫ શ્રી મહેશભાઈ છો. વસાવા (દેડિયાપાડા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાગબારા તાલુકામાં વસાવા સ્ટેટની જમીન જે તે સમયે સાગબારાના આદિવાસીઓને રાજાએ ખેડવા આપેલી, જે જમીન હાલમાં પણ આદિવાસીઓ ખેડ છે, તે જમીન આદિવાસીઓના ખાતે સરકાર ચડાવવા કોઇ આયોજન કરેલ છે, અને | (૧) જંગલ જમીન ઉપરના આદિવાસીઓના તેમજ જંગલમાં રહેતા લોકોના હકદાવાની ચકાસણીની કામગીરી ભારત સરકારના પર્યાવરણ અને વન મંત્રાલયના તા.૩-૧૧-૦૫ના પત્ર અને રાજ્ય સરકારના વન અને પર્યાવરણ વિભાગના તા.૧૯-૧૨-૦૫ના ઠરાવ અન્વયે શરૂ કરવામાં આવી છે. |
| (૨) જો હા, તો આદિવાસી ખેડૂતોને જંગલ ખાતું સતત પરેશાન કરે છે તો તે બાબતે મહેસૂલ ખાતું ક્યા પગલાં લેવા માંગે છે ? | (૨) જંગલ ખાતા તરફથી કોઇપણ આદિવાસી ખેડૂતને પરેશાન કરવામાં આવેલ નથી. |

-------------

**ડાંગ જિલ્લામાં આદિવાસીઓને જમીનના વેચાણ અને પડતર અરજીઓ**

**૧૩૮૯૯ શ્રી માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડાંગ જિલ્લામાં આદિવાસીઓની જમીન આદિવાસીઓને જ વેચાણ રાખવા માટે રાજ્ય સરકારે જિલ્લા પંચાયતને સત્તાઓ તબદીલ કરેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૧૨-૦૫ની સ્થિતિએ કેટલી અરજીઓ પડતરમાં છે, અને | (૨) ૧૪ |
| (૩) આ પડતર અરજીઓનો સત્વરે નિકાલ કરવા શી વ્યવસ્થા કરવામાં આવી ? | (૩) ૯ અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે. બાકી રહેલ ૫ અરજીઓ ચકાસણી હેઠળ છે. |

-------------

**બારડોલી તાલુકાના કડોદ ગામના સરકારી દવાખાનાને અપગ્રેડ કરવા અંગે**

**૧૪૮૫૬ શ્રી અનિલકુમાર મો. પટેલ (બારડોલી) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બારડોલી તાલુકાના કડોદ ગામના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને સામુહિક આરોગ્ય કેન્દ્રમાં રૂપાંતર કરવામાં આવ્યું છે, તે હકીકત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આ કેન્દ્ર ક્યારે ચાલુ કરવામાં આવશે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**પારડી તાલુકાના રોહિણા સામુહિક આરોગ્ય કેન્દ્રમાં પૂર્ણ સમયના ડૉક્ટર મુકવા અંગે**

**૧૪૪૯૮ શ્રી લક્ષ્મણભાઇ પટેલ (પારડી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લામાં પારડી તાલુકાના રોહિણા ખાતે | (૧) પૂર્ણ સમયના ડૉક્ટરોની સેવા ઉપલબ્ધ હોઇ |

| | |
|---|---|
| આવેલ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં તા.૩૧.૧.૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષથી પૂર્ણ સમયના ડોકટરના અભાવે રોહિણા તથા આજુબાજુના ૧૦ થી ૧૫ જેટલા ગામડાના દર્દીઓ રાત્રીના સમયે ડોકટરના અભાવે હાલાકી ભોગવી રહયા છે, તે બાબત સરકાર જાણે છે કે કેમ, | હાલાકીનો પ્રશ્ન રહેતો નથી. |
| (૨) જો હા, તો પૂર્ણ સમયના ડોકટર ક્યારે મુકવા માંગો છો, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ અંગે કોઇ કાર્યવાહી કરવામાં આવી હોય તો તે, ક્યારે કરી ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**કરજણ અને શિનોર તાલુકામાં નવી શરતની જમીન જુની શરતમાં ફેરવવાની પડતર અરજીઓ**

**૧૫૨૭૭ શ્રી નરેશકુમાર મી. કનોડિયા (કરજણ) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કરજણ અને શિનોર તાલુકામાં નવી શરતમાંથી જુની શરતમાં ફેરવવાની તા.૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ મળી છે, | (૧) ૨૦૫૭ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ થયેલ છે, | (૨) ૧૯૯૬ |
| (૩) કેટલી અરજીઓ બાકી છે, અને | (૩) ૬૧ |
| (૪) આ બાકી અરજીઓનો કેટલા સમયમાં નિકાલ થશે? | (૪) સત્વરે |

-------------

**મેડીકલ યુનિવર્સિટીની સ્થાપના**

**૧૪૭૦૫ શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્ય સરકાર દ્વારા મેડીકલ યુનિવર્સિટી સ્થાપવાની જાહેરાત ક્યારે કરવામાં આવી હતી,<br>(૨) જો હા, તો ક્યારે, અને | (૧) અને (૨) : સને ૨૦૦૩-૨૦૦૪ના બજેટ સત્રમાં મેડીકલ યુનિવર્સિટીની સ્થાપના અંગેની જાહેરાત કરવામાં આવી. |
| (૩) તે અંગે કોઇ કાર્યવાહી થયેલ છે ખરી? | (૩) આ બાબત રાજ્ય સરકારની સક્રિય વિચારણા હેઠળ છે. |

-------------

**ઉંઝા તાલુકામાં જમીન સંપાદન અને વળતર**

**૧૪૫૧૧ શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ડિસેમ્બર-૨૦૦૫ના અંતે મહેસાણા જિલ્લાના ઉંઝા તાલુકામાં રોડ/નહેર સંબંધે કેટલી જમીન સંપાદન કરવામાં આવી, | (૧) હે-૨૪૬-૫૨-૧૪ ચો.મી. |
| (૨) કેટલાનું વળતર ચૂકવાયું, અને | (૨) ૧૮૦૦ ખાતેદારોને વળતર ચુકવાયું. |
| (૩) વળતર ચૂકવવાના બાકી કેસો ક્યારથી છે અને કેટલા છે ? | (૩) ૨૦૦૦ના વર્ષથી ૬૪ કેસો. |

-------------

**વન વિભાગના આદિવાસીઓને કબજાની જમીન આપવા અંગે**

**૧૫૩૫૨ શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વન વિભાગમાં આદિવાસીઓને એમના કબજાની જમીનો આપવા કેન્દ્ર સરકારે કરેલ પરિપત્ર અંતર્ગત સૂચિત અભયારણ્યની જમીનોનો સમાવેશ કરવા રાજ્ય સરકારે કોઇ કાર્યવાહી કરેલ નથી તે હકીકત સાચી, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેના શું કારણો છે, અને | (૨) ભારત સરકારશ્રીની સૂચના મુજબ |

અભયારણ્યમાં આવેલી જમીનો નિયમબધ્ધ કરવાની હોતી નથી.

(૩) ના, તો કરેલ કાર્યવાહીની વિગતો શું છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**અમદાવાદ શહેરની બંધ મીલોના કામદારોના બાકી લેણાં**

**૧૫૨૧૦ શ્રી જીતેન્દ્રકુમાર ઉ. વાઘેલા (શહેર કોટડા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ શહેરની કઇ બંધ મીલોમાં કામદારોના બાકી લેણાં નિકળે છે, અને

(૨) તે બાકી લેણાં ક્યારે ચૂકવવામાં આવશે?

**જવાબ**

(૧) અમદાવાદ શહેરની ૩૭ બંધ મીલોના કામદારોના બાકી લેણાં નીકળે છે તે મીલો આ સાથેના પરિશિષ્ટ-૧ મુજબ છે.

(૨) બંધ મીલોના કામદારોના બાકી લેણાં લીક્વીડેટર દ્વારા મળી શકે છે. જ્યારે જે મીલો લીક્વીડેશનમાં ગયેલ નથી તેવી મીલોના કામદારોના લેણાં નાણાં માન્ય યુનિયન દ્વારા લેબર કોર્ટમાં વસુલાત અરજી દાખલ કર્યેથી લેબર કોર્ટના ચુકાદા મુજબ કામદારોને નાણાં ચૂકવવાના રહે છે.

**પરિશિષ્ટ-૧**

**અમદાવાદ શહેરની બંધ પડેલ સુતરાઉ કાપડની મીલો અંગેનું પત્રક**

| અનુ.નં. | મીલનું નામ | બંધ થયા તારીખ | લીક્વીડેશનમાં ગયેલની વિગત |
|---|---|---|---|
| ૧ | અભય મિલ્સ કું.લી. અમદાવાદ | ૧-૪-૧૯૮૪ | - |
| ૨ | અમદાવાદ એડવાન્સ મિલ્સ, અમદાવાદ | ૧૩-૩-૧૯૯૫ | - |
| ૩ | અમદાવાદ કોટન મેન્યુ. કું.લી. નં.૧ અમદાવાદ | ૭-૭-૧૯૮૪ | - |
| ૪ | અમદાવાદ જ્યુબીલી મિલ્સ, અમદાવાદ | ૯-૩-૧૯૮૭ | લીક્વીડેશન |
| ૫ | અમદાવાદ ન્યુ કોટન મિલ્સ, અમદાવાદ | ૧૦-૨-૧૯૯૫ | - |
| ૬ | અજીત મિલ્સ, અમદાવાદ | ૨૦-૧૧-૧૯૮૭ | લીક્વીડેશન |
| ૭ | અમૃતા મિલ્સ, અમદાવાદ | ૧૩-૧૧-૧૯૯૦ | લીક્વીડેશન |
| ૮ | અરૂણ મિલ્સ, અમદાવાદ | ૨૮-૧૧-૧૯૯૧ | લીક્વીડેશન |
| ૯ | આર્યોદય સ્પીનીંગ એન્ડ વીવીંગ મિલ્સ, અમદાવાદ | ૧૮-૧૧-૧૯૮૬ | લીક્વીડેશન |
| ૧૦ | આર્યોદય જીનીંગ મિલ્સ, અમદાવાદ | ૨૪-૯-૧૯૮૭ | લીક્વીડેશન |
| ૧૧ | બંસીદર સ્પીનીંગ એન્ડ વીવીંગ મિલ્સ, અમદાવાદ | ૨૫-૯-૧૯૮૫ | લીક્વીડેશન |
| ૧૨ | ભાલકીયા મિલ્સ, અમદાવાદ | ૮-૩-૧૯૮૨ | - |
| ૧૩ | ભારત સુર્યોદય મિલ્સ, અમદાવાદ | ૧૦-૧૧-૧૯૮૬ | લીક્વીડેશન |
| ૧૪ | કેલીકો મિલ્સ, અમદાવાદ | ૩૧-૧૦-૧૯૯૪ | લીક્વીડેશન |
| ૧૫ | કોમર્શીયલ મીલ, અમદાવાદ | ૨૮-૧૦-૧૯૮૫ | લીક્વીડેશન |
| ૧૬ | કોન્ટીનેન્ટલ મીલ, અમદાવાદ | ૨-૨-૧૯૯૨ | - |
| ૧૭ | માણેકચોક એન્ડ અમદાવાદ મેન્યુ કું.લી., અમદાવાદ | ૧-૫-૧૯૭૭ | - |
| ૧૮ | માર્સ્ડન મીલ, અમદાવાદ | ૧૯-૧૦-૧૯૮૨ | - |
| ૧૯ | ન્યુ ગુજરાત સિન્થેટીક નં.૧, અમદાવાદ | ૧૦-૮-૧૯૮૬ | લીક્વીડેશન |
| ૨૦ | ન્યુ ગુજરાત સિન્થેટીક નં.૨, અમદાવાદ | ૧૨-૯-૧૯૮૬ | લીક્વીડેશન |
| ૨૧ | ન્યુ રાજપુર મિલ્સ, અમદાવાદ | ૪-૩-૧૯૯૪ | લીક્વીડેશન |
| ૨૨ | મહેશ્વરી મિલ્સ લી., અમદાવાદ | ૪-૧૨-૧૯૯૯ | - |
| ૨૩ | નૂતન મિલ્સ, અમદાવાદ | ૨૦-૧-૧૯૯૨ | લીક્વીડેશન |
| ૨૪ | ઓમેક્ષ ઇન્વેસ્ટર્સ લી., અમદાવાદ | ૧૨-૯-૧૯૮૬ | લીક્વીડેશન |
| ૨૫ | પ્રસાદ મિલ્સ, અમદાવાદ | ૧૧-૧૨-૧૯૮૬ | લીક્વીડેશન |
| ૨૬ | રાયપુર મિલ્સ, અમદાવાદ | ૧૫-૭-૧૯૯૯ | - |

| | | | |
|---|---|---|---|
| ૨૭ | રૂસ્તમ મિલ્સ, અમદાવાદ | ૨૫-૬-૧૯૯૩ | લીક્વીડેશન |
| ૨૮ | શ્રી અંબિકા મિલ્સ, અમદાવાદ | ૧૮-૫-૧૯૯૪ | લીક્વીડેશન |
| ૨૯ | શ્રી અર્બુદા મિલ્સ, અમદાવાદ | ૧૪-૧૧-૧૯૯૪ | લીક્વીડેશન |
| ૩૦ | શ્રી રામક્રિષ્ન મિલ્સ, અમદાવાદ | ૩૧-૩-૧૯૮૭ | લીક્વીડેશન |
| ૩૧ | સ્ટાર ઓફ ગુજરાત, અમદાવાદ | | |
| ૩૨ | તરૂણ કોમર્શીયલ મિલ્સ, અમદાવાદ | ૭-૩-૧૯૮૪ | - |
| ૩૩ | ધી પટેલ મિલ્સ, અમદાવાદ | ૧૯-૧-૧૯૯૬ | લીક્વીડેશન |
| ૩૪ | વિજ્ય મિલ્સ, અમદાવાદ | ૨૦-૧-૧૯૮૮ | લીક્વીડેશન |
| ૩૫ | વિવેકાનંદ મિલ્સ, અમદાવાદ | ૧૩-૪-૧૯૮૭ | લીક્વીડેશન |
| ૩૬ | વાય.એસ.સિન્થેટીક્સ નં.૨, અમદાવાદ | ૨૦-૧૦-૧૯૯૪ | - |
| ૩૭ | ધી અમદાવાદ કેસરે હિંન્દ મિલ્સ કું.લી., અમદાવાદ | ૧૮-૫-૨૦૦૨ | - |

-------------

### ભરૂચ જિલ્લામાં આરોગ્ય કેન્દ્ર તેમજ સિવિલ હોસ્પિટલમાં સંવર્ગવાર ખાલી જગાઓ

**૧૩૮૪૧ શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧.૧૨.૦૫ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તથા સામુહિક આરોગ્ય કેન્દ્ર તથા સિવિલ હોસ્પિટલમાં સંવર્ગવાર કેટલી જ્ગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

**જવાબ**

(૧) સંવર્ગવાર ખાલી જ્ગ્યાઓ.

| | સંવર્ગનું નામ | ખાલી જ્ગા | ક્યારથી ખાલી |
|---|---|---|---|
| પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | વર્ગ-૨ | ૩ | ૨૦૦૪ થી ૨૦૦૫ દરમ્યાન |
| | વર્ગ-૩ | ૭૬ | ૧૯૮૮ થી ૨૦૦૫ દરમ્યાન |
| | વર્ગ-૪ | ૬૭ | ૧૯૮૮ થી ૨૦૦૩ દરમ્યાન |
| સામુહિક આરોગ્ય કેન્દ્ર | વર્ગ-૧ | ૦૫ | ૨૦૦૩ થી ૨૦૦૫ દરમ્યાન |
| | વર્ગ-૨ | ૩ | ૨૦૦૩ થી ૨૦૦૫ દરમ્યાન |
| | વર્ગ-૩ | ૩૩ | ૨૦૦૦ થી ૨૦૦૫ દરમ્યાન |
| | વર્ગ-૪ | ૨૨ | ૧૯૯૯ થી ૨૦૦૫ દરમ્યાન |
| ભરૂચ સિવિલ હોસ્પિટલ | વર્ગ-૧ | ૩ | ૨૦૦૦ થી ૨૦૦૫ |
| | વર્ગ-૨ | ૩ | છ માસ કરતાં વધુ સમયથી |
| | વર્ગ-૩ | ૮ | ૨૦૦૦ થી ૨૦૦૫ દરમ્યાન |
| | વર્ગ-૪ | ૨૦ | ૨૦૦૦ થી ૨૦૦૫ દરમ્યાન |

(૨) આ ઘટ પુરવા સરકારે શી કાર્યવાહી કરી?

(૨) (૧) વર્ગ-૧ તથા વર્ગ-૨ની જ્ગ્યાઓ નિયમિત તેમજ એડહોક ધોરણે ભરવા ઉપરાંત વોક-ઇન-ઇન્ટરવ્યુથી ભરવા પ્રયત્ન ક્ર્યા.

(૨) વર્ગ-૩ તથા વર્ગ-૪ની જ્ગ્યાઓ ભરવાની કાર્યવાહી ગતિમાં છે.

(૩) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની વર્ગ-૩ અને વર્ગ-૪ની જ્ગ્યાઓ ભરવા સંબંધિત જિલ્લા પંચાયત દ્વારા કાર્યવાહી કરવામાં આવે છે.

-------------

### જુનાગઢ જિલ્લામાં ગોશાળા માટે જમીનની માંગણી અંગે

**૨૧૮/page>૧૫૨૬૫ શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જુનાગઢ જિલ્લામાં તા.૩૧.૧૨.૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી ગોશાળાએ જમીન મળવા સરકારમાં માંગણી કરી છે, અને

(૨) એ પેકી કેટલી દરખાસ્તો મંજુર કરવામાં આવી?

**જવાબ**

(૧) ૨૧ (એક્વીસ)

(૨) ૨ (બે)

-------------

**રાજ્યમાં મેડીક્લ યુનિવર્સિટી શરુ કરવા અંગે**

**૧૪૮૭૩ શ્રી ધીરૂભાઈ હ. ગજેરા (સુરત શહેર (ઉત્તર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર "મેડીક્લ યુનિવર્સિટી" સ્થાપવા માંગે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલા સમયમાં યુનિવર્સિટી કાર્યરત કરવા માંગો છો ? | (૨) સક્રિય વિચારણા હેઠળ છે. |

-------------

**"પુનિત વન" નું આયોજનના સ્થળ અંગે**

**૧૫૩૩૪ શ્રી હરેશકુમાર ઈ. ભટ્ટ (ગોધરા) : માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ચાલુ વર્ષે વન મહોત્સવ દ્વારા "પુનિત વન" નું આયોજન કરવામાં આવેલ છે, અને | (૧) ના. જી, |
| (૨) જો હા, તો ક્યાં? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**વિયાગ્રાના વિતરણ ઉપર પ્રતિબંધ**

**૧૪૮૭૬ શ્રી રાકેશ રાવ (માતર) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧.૧.૦૬ની સ્થિતિએ રાજ્ય સરકારના આરોગ્ય વિભાગે "વિયાગ્રા" નામની કામોત્તેજક દવાના વિતરણની ગુજરાતમાં છુટ આપી હોવાની હકીક્ત ખરી છે, | (૧) ના, જી. આવી દવાના વિતરણ માટે રાજ્ય સરકારની પરવાનગી લેવાની હોતી નથી. |
| (૨) આ દવાની આડ અસરના કારણે યુવાનોમાં હ્રદય, કીડની અને અત્યંત ભયંકર બિમારીઓનો ભોગ બનવું પડતું હોવાની હકીક્ત ખરી છે, અને | (૨) આવું ધ્યાન પર આવેલ નથી, માત્ર સ્પેશ્યાલીસ્ટ તબીબની દેખરેખ તથા સલાહ મુજબ જ આ દવા લેવાની હોય છે. |
| (૩) જો હા, તો રાજ્ય સરકાર ગુજરાતમાં આ દવાના વિતરણ ઉપર પ્રતિબંધ મુક્વા માંગે છે કે કેમ? | (૩) આ દવાના વિતરણ ઉપર પ્રતિબંધ મુક્વાની સત્તા રાજ્ય સરકારને નથી. |

-------------

**ક્ચ્છ જિલ્લામાં ગોચરની જમીનની તબદીલી**

**૧૪૮૮૦ શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧.૧.૦૬ની સ્થિતિએ ક્ચ્છ જિલ્લામાં ક્યા ક્યા બિન વસવાટી ગામોની ગોચર જમીનો ગોચરમાંથી મહેસૂલ વિભાગમાં તબદીલ કરવાની કાર્યવાહી કરવામાં આવી છે, | (૧) આવી કાર્યવાહી કરવામાં આવી નથી. |
| (૨) ક્યા ક્યા ગામોની આ બાબતે કાર્યવાહી કરવામાં આવી નથી, અને | (૨) બગપાટ, પ્રાણપર, ઘુનાય, કારીતરાઈ, સારણ નાની અને જાના ગામોની. |
| (૩) અન્ય હેતુ માટે ગોચર જમીન છેલ્લા બે વર્ષમાં ક્યા ક્યા ગામ અને કેટલી જમીન ફાળવવામાં આવી છે? | (૩) પત્રક મુજબ |

**પત્રક**

**ગોચરની જમીન અન્ય હેતુ માટે નીચે મુજબ ફાળવેલ છે.**

| ક્રમ | ગામ | તાલુકો | જમીન ચો. મી. |
|---|---|---|---|
| ૧ | રાયધણપર | ભુજ | ૨૦૨ |
| ૨ | જખૌ | અબડાસા | ૪૨૨૬૦ |
| ૩ | નવીનાળ | મુદ્રા | ૯૩૪૮૩૯ |
| ૪ | લુણી | "" | ૭૩૯૩૮૦ |
| ૫ | સીરાશા | "" | ૪૦૬૯૧૫ |

| | | | |
|---|---|---|---|
| ૬ | બારોઈ | "" | ૨૦૨૩૫૦ |
| ૭ | ગોએરસમા | "" | ૨૭૦૧૫૧ |
| ૮ | ગુંદાલા | "" | ૮૯૬૩૮ |
| ૯ | મોખા | "" | ૪૧૯૦૬૩ |
| ૧૦ | મુંદરા | "" | ૪૭૯૭૯૮૩ |
| ૧૧ | ટુંડા | "" | ૮૫૩૮૯૧ |

-------------

**પાલનપુર ખાતે ટ્રોમા સેન્ટર શરૂ કરવા અંગે**

**૧૪૫૦૯ શ્રી કાંતિલાલ ધ. કચોરિયા (પાલનપુર) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાલનપુર સિવિલ હોસ્પીટલ ખાતે ટ્રોમા સેન્ટર ચાલુ કરવા અંગે સરકારે સૈધ્ધાંતિક નિર્ણય ક્યારે લીધેલ છે, | (૧) ૨૦૦૫-૨૦૦૬ના વર્ષમાં. |
| (૨) ઉપરોક્ત સેન્ટર ચાલુ કરવા સરકારે અત્યાર સુધીમાં કરેલ કાર્યવાહીની વિગતો શી છે, અને | (૨) આ સેન્ટર ચાલુ કરવા માટે ભારત સરકાર પાસેથી રૂા. ૧૫૦-૦૦ લાખની નાણાંકીય સહાય મેળવેલ છે. ટ્રોમા સેન્ટરના મકાનના બાંધકામ માટેના નકશા-અંદાજો તૈયાર કરવામાં આવેલ છે અને ઈમરજન્સી એમ્બ્યુલન્સવાન તથા સાધન સામગ્રી ખરીદ કરવાની પ્રક્રિયા ચાલું છે. |
| (૩) આ સેન્ટર ચાલુ કરવાનું સરકારનું આયોજન છે કે કેમ? | (૩) હા, જી. |

-------------

**મહુવા તાલુકામાં ખેડૂતોના પાકને નિલ ગાયો દ્વારા નુકશાન**

**૧૫૩૪૩શ્રી કેશુભાઈ હી.નાકરાણી (શિહોર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના ગુંદરણી ગામે નિલ ગાયનો અત્યંત ત્રાસ છે અને ખેડૂતોના ઉભા પાકને ભારે નુકશાન કરે છે, તે હકીક્ત સાચી છે, અને | (૧) ના જી. ગુંદરણી ગામના ખેડૂતો તરફથી આવી કોઈ રજૂઆત મળેલ નથી. |
| (૨) જો હા, તો આ નિલ ગાયોના ત્રાસમાંથી મુક્તી આપવા સરકાર શું પગલાં લેવા માંગે છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----

**વલસાડ જિલ્લાના સામુહિક કેન્દ્રો યુરોપીયન કમિશનને સોંપવા અંગે**

**૧૪૦૭૦ શ્રી જીતુભાઈ હ.ચૌધરી (મોટા પોંઢા) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| વલસાડ જિલ્લાના સામુહિક આરોગ્ય કેન્દ્ર યુરોપીયન કમિશનને સોંપવામાં આવેલ છે તે વાત સાચી છે? | ના જી. |

-------------

**નવસારી જિલ્લામાં આરોગ્ય કેન્દ્રોમાં ખાલી જગાઓ**

**૧૫૩૩૯ શ્રી આર.સી.પટેલ (જલાલપોર) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નવસારી જિલ્લામાં તા.૩૧.૧૨.૦૫ની સ્થિતિએ કેટલા સામુહિક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો આવેલા છે, | (૧) સામુહિક આરોગ્ય કેન્દ્ર - ૯<br>પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર - ૩૬<br>કોટેજ હોસ્પીટલ - ૧ |
| (૨) તેમાં કેટલું મહેકમ મંજૂર થયેલ છે, | (૨) કેન્દ્રનું નામ — મજુર મહેકમ<br>સામુહિક આરોગ્ય કેન્દ્ર — ૨૭ |

| | |
|---|---|
| | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ૯<br>કોટેજ હોસ્પીટલ ૬૫<br>સામુહિક આરોગ્ય કેન્દ્ર, ચીખલી ૭૦ બેડનું હોઈ, ત્યાં ૪૬નું મજુર મહેકમ છે. |
| (૩) તે પૈકી કેટલી જ્ગ્યા ખાલી છે, અને | (૩) ખાલી જ્ગ્યાઓ |

| સંવર્ગ | સા.આ.કેન્દ્ર | પ્રા.આ.કેન્દ્ર | કોટેજહોસ્પીટલ |
|---|---|---|---|
| વર્ગ-૧ | ૬ | ૦ | ૩ |
| વર્ગ-૨ | ૬ | ૪ | ૦ |
| વર્ગ-૩ | ૫૪ | ૭૫ | ૯ |
| વર્ગ-૪ | ૫૨ | ૧૦૧ | ૦ |

| | |
|---|---|
| (૪) આ જ્ગ્યાઓ ભરવા શું આયોજન છે ? | (૪) સરકારશ્રીની પ્રવર્તમાન નીતિ, કાર્યભારણ તથા લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી જ્ગાઓ ભરવા આયોજન છે. |

-------------

## ઉમરગામ તાલુકામાં સામુહિક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર ખાલી જ્ગાઓ

**૧૪૭૦૯ શ્રી શંકરભાઇ મં.વારલી (ઉમરગામ) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧.૧૨.૦૫ની સ્થિતિએ વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકામાં સામુહિક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો કેટલા આવેલા છે, | (૧) બે સામુહિક આરોગ્ય કેન્દ્ર તથા આઠ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર. |
| (૨) આ કેન્દ્રોમાં સંવર્ગવાર કેટલી જ્ગ્યા કેટલા સમયથી ખાલી છે, અને | (૨) સંવર્ગવાર ખાલી જ્ગ્યાઓની માહિતિ |

**સામુહિક આરોગ્ય કેન્દ્ર**

| **સંવર્ગ** | **ખાલી જ્ગા** | **કેટલા સમયથી ખાલી** |
|---|---|---|
| વર્ગ-૧ | ૨ | તા. ૧-૮-૦૪થી |
| વર્ગ-૨ | ૧ | તા. ૨૫-૭-૦૫થી |
| વર્ગ-૩ | ૮ | તા. ૧-૨-૦૦થી તા. ૩૧-૫-૦૧ના સમય દરમ્યાનથી |
| વર્ગ-૪ | ૮ | તા. ૧-૨-૦૦થી તા. ૩૧-૫-૦૫ના સમય દરમ્યાનથી |

**પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર**

| **સંવર્ગ** | **ખાલી જ્ગા** | **કેટલા સમયથી ખાલી** |
|---|---|---|
| વર્ગ-૨ | ૨ | તા. ૧-૯-૦૩થી તા. ૨૫-૧૦-૦૫ના સમય દરમ્યાનથી |
| વર્ગ-૩ | ૧૬ | તા. ૧-૮-૮૯થી તા. ૧૧-૯-૦૩ના સમય દરમ્યાનથી |
| વર્ગ-૪ | ૧૯ | તા. ૭-૯૪થી તા.૩૧-૭-૦૪ના સમય દરમ્યાનથી |

| | |
|---|---|
| (૩) આ સ્થિતિએ કેટલા સામુહિક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો બંધ છે ? | (૩) એક પણ નહીં. |

-------------

## નવસારી અને વલસાડ જિલ્લામાં સંવર્ગવાર ખાલી જગાઓ

**૧૪૮૬૭ શ્રી છનાભાઇ કો. ચોધરી (ધરમપુર) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નવસારી અને વલસાડ જિલ્લામાં તા.૩૧.૧૨.૦૫ની સ્થિતિએ સરકારી દવાખાનાઓમાં સંવર્ગવાર કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, | (૧) નવસારી અને વલસાડ જિલ્લામાં એક પણ સરકારી દવાખાના નથી |
| (૨) આવી ખાલી જગ્યાઓ સમયસર નહીં ભરવાના કારણો શાં છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) કેટલા સમયમાં આવી ખાલી જગ્યાઓ ભરવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

## વન વિભાગના રોજમદારોના લઘુત્તમ વેતનના પડતર કેસો

**૧૫૩૧૩ શ્રી દોલતભાઇ પરમાર** (વડગામ) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડિસેમ્બર-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં વન વિભાગમાં કામ કરતા રોજમદારોને લઘુત્તમ વેતન ન મળ્યું હોય એવી કેટલી ફરિયાદો મળી હતી, | (૧) ૧૦ (દસ) |
| (૨) આ અંગે રાજ્ય સરકારે શી કાર્યવાહી કરી, | (૨) આ અંગે તપાસ કરાવવામાં આવી છે. |
| (૩) ડિસેમ્બર-૨૦૦૫ની સ્થિતિએ કેટલા કેસો પડતર છે, અને | (૩) ૪ (ચાર) |
| (૪) ક્યા ક્યા કારણોસર ? | (૪) ૩ કેસમાં તપાસ અહેવાલ મળેલ નથી જ્યારે ૧ કેસ હજુ તપાસ હેઠળ છે. |

-------------

## કચ્છ જિલ્લામાં ઘાસ ડેપો શરૂ કરવાનું આયોજન

**૧૫૨૮૮ શ્રી શિવજીભાઇ ક. આહીર(ભૂજ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સન ૨૦૦૬ના વર્ષમાં કચ્છ જિલ્લામાં જાહેર કરવામાં આવેલ અછતગ્રસ્ત અને અર્ધ અછતગ્રસ્ત ભૂજ તથા નખત્રાણા તાલુકામાં કુલ કેટલા તથા કઇ કઇ જગ્યાએ ઘાસ ડેપો શરુ કરવાનું આયોજન છે, | (૧) ભુજ તાલુકામાં ૧૪ ઘાસ ડેપો શરૂ કરવાનું આયોજન છે.<br>(૧) ખારી (૨) ખાવડા (૩) ધ્રોબાણા (૪) ધોરાવર (૫) ભીરંડીયારા (૬) ભીટારા મોટા (૭) ગોરેવાલી (૮) દિનારા (૯) કુરન (૧૦) તુગા (૧૧) ઝુણા (૧૨) અંધો (૧૩) લુડીયા (૧૪) હોડકા<br>નખત્રાણા તાલુકામાં ૧૯ ઘાસ ડેપો શરૂ કરવાનું આયોજન છે.<br>(૧) રવાપર (૨) દેશલપર (ગું) (૩) લુડબાય (૪) ફુલાય (૫) નિરોણા (૬) તલ (૭) ભીમસર (૮) વંગ (૯) જતાવીરા (૧૦) નેત્રા (૧૧) ઉખેડા (૧૨) મથલ (૧૩) નરલનાની (૧૪) બીબર (૧૫) વિથોણ (૧૬) મંજલ (૧૭) કોટડા (૧૮) મંગવાણા (૧૯) નખત્રાણા |
| (૨) તે પૈકી તા.૩૧.૧.૨૦૦૬ની સ્થિતિએ કઇ કઇ જગ્યાએ ઘાસ ડેપો શરુ કરવામાં આવ્યા છે, | (૨) તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ<br>ભૂજ તાલુકામાં શરૂ કરાયેલ ઘાસ ડેપો<br>(૧) ખારી (૨) ખાવડા (૩) ધ્રોબાણા (૪) ધોરાવર (૫) ભીરંડીયારા (૬) ભીટારા મોટા (૭) ગોરેવાલી<br>નખત્રાણા તાલુકામાં શરૂ કરાયેલ ઘાસ ડેપો<br>(૧) રવાપર (૨) દેશલપર (ગુંતલી) (૩) લુડબાય (૪) |

ફુલાય (૫) નિરોણા (૬) તલ (૭) ભીમસર (૮) વંગ (૯) જતાવીરા

(૩) આ ઘાસ ડેપોમાં નિયમિત ઘાસ મળી રહે તે માટે શી વ્યવસ્થા થઇ છે, અને

(૩) આ ઘાસ ડેપોમાં નિયમિત ઘાસ મળી રહે તે માટે પ્રથમ જામનગર જિલ્લાના વનખાતાના ઘાસ ગોડાઉન પરથી જે તે ગોડાઉન પર જથ્થો મોકલવામાં આવે છે અને બીજી વ્યવસ્થા ભૂજ ખાતે સેન્ટ્રલ ઘાસ ડેપો ઉભો કરી બફર સ્ટોક તરીકે સંગ્રહ કરવામાં આવે છે.

(૪) બાકી રહેલી જગ્યાઓએ કઇ તારીખ સુધીમાં ઘાસ ડેપો શરુ કરવામાં આવનાર છે ?

(૪) બાકી રહેલી જગ્યાઓએ માસ્ટર પ્લાનમાં આયોજન કર્યા મુજબ તબક્કાવાર જે જે પોકેટ વિસ્તારમાં ઘાસ ડેપો ખોલવાની આવશ્યક્તા જણાશે તે તે વિસ્તારમાં ખોલવામાં આવશે.

-------------

## ગીર વિસ્તારમાં સિંહો તેમજ વન્ય પ્રાણીઓના મૃત્યુ

**૧૪૮૪૦ શ્રી પ્રવિણભાઇ મો.માકડીયા (ઉપલેટા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧.૧.૦૬ની સ્થિતિએ ગીર વિસ્તારમાં છેલ્લા બે વર્ષમાં સિંહ સહિતના કેટલા વન્ય પ્રાણીઓ ક્યા કારણોસર મૃત્યુ પામ્યાં, અને

(૧)

| | |
|---|---|
| સિંહ - | ૨૩ |
| અન્ય પ્રાણીઓ | ૫૭ |
| કુલ : | ૮૦ |

મૃત્યાના કારણો :-

(૧) બિમારી
(૨) આંતરિક લડાઈ
(૩) ઈજા
(૪) વૃદ્ધાવસ્થા/કુદરતી
(૫) માતા દ્વારા ત્યજી દેવાયેલા અશક્ત/જન્મથી નબળા બચ્ચાના કુદરતી મૃત્યુ.
(૬) વાહન અક્સ્માત
(૭) અક્સ્માતે કુવામાં પડવાથી
(૮) સર્પદંશ
(૯) ઈલેક્ટ્રીક શોક

(૨) ભવિષ્યમાં વન્ય પ્રાણીઓને બચાવવા શું પગલાં લેવામાં આવ્યા છે ?

**(૨) લીધેલ પગલાં :-**

(૧) વન ખાતાના ક્ષેત્રિય કર્મચારીઓ દ્વારા જંગલ વિસ્તારમાં તેમજ જંગલ સરહદની આજુબાજુના વિસ્તારમાં વન્ય પ્રાણીના સંરક્ષણ માટે સતત ફેરણું કરવામાં આવે છે.

(૨) ક્ષેત્રિય ફેરણા દરમિયાન અથવા મળેલ માહિતીના આધારે બિમાર વન્ય પ્રાણી કે અન્ય કોઈ માનવ સર્જીત કે કુદરતી આપત્તિમાં મુશ્કેલીમાં મુકાયેલા વન્ય પ્રાણીઓને બચાવની કામગીરી કરવામાં આવે છે, અને બિમાર વન્ય પ્રાણીની તજજ્ઞ પશુ ચિકિત્સક દ્વારા સારવાર કરવામાં આવે છે.

(૩) વન્ય પ્રાણીના સંરક્ષણ અને સંવર્ધન માટે વૈજ્ઞાનિક સંશોધનની કામગીરી કરવામાં આવે છે. અને જરૂરિયાત પ્રમાણે થયેલ સંશોધન મુજબ વ્યવસ્થાપનની કામગીરી કરવામાં આવે.

(૪) જંગલ ભાગ અંદર આવેલ ખુલ્લા અસુરક્ષિત કુવા/કુટિયાને સુરક્ષિત કરવાની કાર્યવાહી કરવામાં આવી છે.

(૫) વન્ય પ્રાણી ગેરધોરણે શિકાર કે હત્યાના બનાવો અટકાવવા માટે સતત પેટ્રોલીંગ કરવામાં આવે

છે. વન્ય પ્રાણી (સંરક્ષણ) ધારા ૧૯૭૨ અંતર્ગત વન્ય પ્રાણીઓને સંરક્ષિત જાહેર કરવામાં આવેલ છે.

(૬) પ્રાકૃતિક શિક્ષણ શિબિર તેમજ ઈકો ટુરીઝમ દ્વારા લો જાગૃતિના કામો કરી લોક સહકાર મેળવવામાં આવે છે.

-------------

## આણંદ જિલ્લામાં ભારે વરસાદ પુરના કારણે ચૂકવવાની બાકી સહાય

**૧૪૦૫૪ શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગત ચોમાસામાં ભારે વરસાદ પુરના કારણે આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલા મકાનોને નુકશાન થયેલ છે,

**જવાબ**

(૧) ગત ચોમાસામાં ભારે વરસાદ પુરના કારણે આણંદ જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબ મકાનોને નુકશાન થયેલ છે,

| ક્રમ | તાલુકાનું નામ | મકાનોને નુકશાન |
|---|---|---|
| ૧. | આણંદ (શહેર) | ૯૬ |
| ૨. | આણંદ (તાલુકો) | ૬૨૭૫ |
| ૩. | ઉમરેઠ | ૨૬૮૯ |
| ૪. | પેટલાદ | ૪૩૪ |
| ૫. | સોજીત્રા | ૪૪૭ |
| ૬. | બોરસદ | ૫૨૨ |
| ૭. | આંકલાવ | ૪૫૪૭ |
| ૮. | ખંભાત | ૩૭૪૯ |
| ૯. | તારાપુર | ૩૮૮૨ |
| | કુલ.. | ૨૨૬૪૧ |

(૨) તા.૩૧.૧.૦૬ સુધીમાં કેટલા અસરગ્રસ્તોને કેટલી સહાય ચૂકવવામાં આવી, અને

(૨) તાલુકાવાર નીચેની વિગતે અસરગ્રસ્તોને મકાન સહાયતા ચૂકવવામાં આવી છે,

| ક્રમ | તાલુકાનું નામ | મકાન | રકમ રૂા. |
|---|---|---|---|
| ૧. | આણંદ (શહેર) | ૬૩ | ૨૬૮૯૫૦ |
| ૨. | આણંદ (તાલુકો) | ૪૬૩૬ | ૧૯૩૧૯૬૧૪ |
| ૩. | ઉમરેઠ | ૨૩૩૧ | ૫૦૮૩૭૫૦ |
| ૪. | પેટલાદ | ૩૭૨ | ૧૩૩૧૫૫૦ |
| ૫. | સોજીત્રા | ૧૪૦ | ૮૪૨૦૦૦ |
| ૬. | બોરસદ | ૪૩૨ | ૧૨૦૯૨૭૭ |
| ૭. | આંકલાવ | ૨૧૦૩ | ૪૪૯૯૯૫૦ |
| ૮. | ખંભાત | ૩૫૦૦ | ૮૨૫૬૦૫૦ |
| ૯. | તારાપુર | ૮૬૦ | ૨૪૯૪૦૦૦ |
| | કુલ.. | ૧૪૪૩૭ | ૪૩૩૦૫૧૪૧ |

(૩) કેટલા અસરગ્રસ્તોને હજુ સહાય ચૂકવવાની બાકી છે?

(૩) સહાય ચૂકવવાની બાકી નથી.

-------------

## અતિવૃષ્ટિ દરમ્યાન કેન્દ્ર સરકાર તરફથી મળેલ સહાય અને જિલ્લાવાર કરેલ ખર્ચ

૧૪૮૭૦ **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી (અમરેલી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં વર્ષ ૨૦૦૫-૦૬ માં તા.૩૧.૧.૦૬ સુધીમાં અતિવૃષ્ટિમાં સહાય પેટે કેન્દ્ર સરકાર દ્વારા કેટલી રકમની ફાળવણી કરવામાં આવેલ છે, અને

(૨) તે પૈકી ક્યા ક્યા હેતુસર કેટલી રકમનું

**જવાબ**

(૧) રૂા. ૩૦૪.૩૧ કરોડ

(૨) જિલ્લાઓને થયેલ ફાળવણી સામે હેતુસર

જિલ્લાવાર ખર્ચ કરવામાં આવેલ છે ? ખર્ચની વિગતો પત્રકમાં સામેલ છે.

**તા.૩૧-૧૨-૦૫ની સ્થિતિએ જીલ્લાવાર તથા વહીવટી વિભાગોવાર અતિવૃષ્ટિના ખર્ચની માહિતી દર્શાવતુ પત્રક**
**(રૂા. લાખમાં)**

| અનું. | જીલ્લાનું નામ | રોકડ/મૃત્યુ/ઈજાસહાય | ઝૂંપડા મકાન સહાય | ઘરવખરી સહાય | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૩૨૮.૧૬ | | | ૩૨૮.૧૬ |
| ૨ | અમરેલી | ૪૫.૦૧ | ૧૩૪.૦૦ | | ૧૭૯.૦૧ |
| ૩ | આણંદ | ૨૧૨.૫૦ | ૨૦૫૦.૫૦ | ૩૦૦.૦૦ | ૨૫૬૩.૦૦ |
| ૪ | બનાસકાંઠા | ૧૦.૭૫ | | | ૧૦.૭૫ |
| ૫ | ભરૂચ | ૨૦૪.૦૮ | ૫૫.૪૪ | ૬.૦૮ | ૨૬૫.૬૦ |
| ૬ | ભાવનગર | ૨૬.૨૨ | ૬૫.૦૦ | ૦.૫૦ | ૯૧.૭૨ |
| ૭ | દાહોદ | - | - | - | - |
| ૮ | ડાંગ | ૫.૦૦ | - | - | ૫.૦૦ |
| ૯ | ગાંધીનગર | ૨૯.૬૦ | ૫૧.૭૫ | | ૮૧.૩૫ |
| ૧૦ | જામનગર | ૨.૦૦ | | | ૨.૦૦ |
| ૧૧ | જુનાગઢ | ૩૮.૦૧ | ૨૪.૬૭ | | ૬૨.૬૮ |
| ૧૨ | ખેડા | ૮૪૦.૧૭ | ૨૦૦૬.૨૫ | ૩૭૦.૪૩ | ૩૨૧૬.૮૫ |
| ૧૩ | કચ્છ | - | - | - | - |
| ૧૪ | મહેસાણા | ૨.૫૪ | ૨૭.૨૦ | | ૨૯.૭૪ |
| ૧૫ | નર્મદા | - | ૧૨.૦૦ | | ૧૨.૦૦ |
| ૧૬ | નવસારી | ૨૨૩.૦૦ | | ૧૦.૦૦ | ૨૩૩.૦૦ |
| ૧૭ | પંચમહાલ | ૨૨.૫૬ | | ૧૩.૦૦ | ૩૫.૫૬ |
| ૧૮ | પાટણ | - | ૧.૯૬ | | ૧.૯૬ |
| ૧૯ | પોરબંદર | ૧૬.૬૫ | | | ૧૬.૬૫ |
| ૨૦ | રાજકોટ | - | - | - | - |
| ૨૧ | સાબરકાંઠા | - | - | ૦.૩૫ | ૦.૩૫ |
| ૨૨ | સુરત | ૫૫૨.૧૪ | | ૧૦૦.૦૦ | ૬૫૨.૧૪ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૯૪.૦૦ | ૧૦૦.૦૦ | | ૧૯૪.૦૦ |
| ૨૪ | વડોદરા | ૧૩૬૦.૦૦ | ૧૨૩૦.૦૦ | ૩૦૯.૦૦ | ૨૮૯૯.૦૦ |
| ૨૫ | વલસાડ | ૯૩.૦૦ | ૩૭.૪૦ | | ૧૩૦.૪૦ |
| | કુલ | ૪૧૦૫.૩૯ | ૫૭૯૬.૧૭ | ૧૧૦૯.૩૬ | ૧૧૦૧૦.૯૨ |

-------------

**અમદાવાદ અને ગાંધીનગર શહેરમાં દર્દીઓની સંખ્યા અને વ્યવસ્થા**

૧૪૦૦૬ **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ (લીંબડી) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧.૧.૦૬ની સ્થિતિએ અમદાવાદ શહેર તથા ગાંધીનગર શહેરમાં દર્દીઓની સંખ્યાના પ્રમાણમાં હોસ્પિટલની વ્યવસ્થા ઓછી છે તે સરકાર જાણે છે,

(૨) જો હા, તો નવી હોસ્પિટલો વધારવાની સરકારની કોઇ યોજના છે કે કેમ, અને

(૩) આનો અમલ ક્યારે થનાર છે?

**જવાબ**

(૧) તા.૩૧.૧.૦૬ની સ્થિતિએ અમદાવાદ શહેર તથા ગાંધીનગર શહેરમાં દર્દીઓની સંખ્યાના પ્રમાણમાં હોસ્પિટલોની વ્યવસ્થા ઓછી નથી.

(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી

-------------

**હાલોલ મામલતદાર કચેરીમાં જમીન રેકર્ડનું કોમ્પ્યુટરાઇઝેશન**

૧૫૨૯૭ **શ્રી જયદ્રથસિંહજી ચં.પરમાર (હાલોલ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લાના હાલોલ મામલતદાર ઓફીસમાં જે લેન્ડ રેકર્ડ કોમ્પ્યુટરાઇઝ કરેલ છે તેમાં અમુક

**જવાબ**

(૧) ના. જી.

ગામોનું રેકર્ડ કોમ્પ્યુટરાઇઝ કરવાનું અધુરું કામ થયેલ છે તે હકીક્ત સાચી છે, અને

(૨) આ ગામોનું પુરેપુરું લેન્ડ રેકર્ડ ક્યાર સુધી કોમ્પ્યુટરાઇઝ કરવામાં આવશે ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**અમદાવાદ શહેરની સિવિલ હોસ્પિટલમાં રેશનકાર્ડની માંગણી અને ફી માફી**

૧૪૮૫૨ **શ્રી સાબીરભાઈ અ. ખેડાવાલા (જમાલપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં ફી માફી માટે ગરીબ લોકો પાસે પુરાવા તરીકે રાહતના રેશનકાર્ડની માંગણી કરવામાં આવે છે, જે સરકારે રદ કર્યા હોવાથી ગરીબ દર્દીઓ તે રજુ કરી શક્તા નથી અને માફી મેળવી શક્તા નથી તે વાત સાચી છે, અને | (૧) ના, જી |
| (૨) જો હા, તો ગરીબ દર્દીઓ ફી માફી મેળવી શકે તે માટે સરકારે શું વૈકલ્પિક વ્યવસ્થા કરેલ છે? | (૨) બી.પી.એલ કાર્ડ (રાહત કાર્ડ) ધરાવતા ન હોય તેવા ગરીબ દર્દીઓની આર્થિક સ્થિતિ અંગે તબીબી અધિક્ષક અને ઈન્ચાર્જ ડૉક્ટર પોતાની વિવેક બુધ્ધિથી નિર્ણય કરી સારવારમાં રાહત આપવામાં આવે છે. |

-------------

**સુરેન્દ્રનગર જિલ્લામાં વન્ય પ્રાણી દ્વારા ખેતીને નુક્શાન**

**૧૫૨૮૫ શ્રી ધનરાજભાઇ કેલા** (વઢવાણ) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧.૧.૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં વન્ય પ્રાણી નીલગાય તથા ઘુડખર દ્વારા ખેતીને નુક્શાન પહોંચાડે છે તેવી કેટલી ફરિયાદ મળી, અને | (૧) ૩૫૭ ફરીયાદો મળેલ છે. |
| (૨) તેને માટે સરકારે શાં પગલાં લીધા ? | (૨) સરકાર દ્વારા નીચે મુજબ પગલાં લેવામાં આવી રહ્યા છે.<br>૧. ખેડૂત પોતાના ખેતરમાં તારની વાડ બનાવે તો વર્ષ- ૨૦૦૫-૦૬ થી સરકારશ્રીના નિયમોનુસાર ૫૦ ટકા રકમ સહાય તરીકે આપવામાં આવે છે.<br>૨. અમરેલી, જામનગર અને પાટણ જિલ્લામાં રોઝને પકડવાના અખતરા કરવામાં આવેલા છે અને હાલ પણ પ્રયત્ન ચાલુ છે.<br>૩. બનાસકાંઠા જિલ્લાના દીયોદર તાલુકાના લવાણા ગામ તથા રાજકોટ જિલ્લાના જશદણ તાલુકાના ભડલા ગામમાં રોઝ જેવા પ્રાણીઓ માટે વાડા બનાવવાની કામગીરી પ્રગતિમાં છે.<br>૪. રોઝ ખેતીના પાકમાં નુક્શાન કરે ત્યારે સુગ પેદા કરે તેવા જૈવિક નિયત્રંણની દવા ખેતીનાં પાકમાં છાંટી રોઝને દુર રાખવાનાં પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. |

-------------

**ખાંભા તાલુકાના વાંગધ્રા ગામની જમીન ખાનગી વ્યક્તિના નામે કરવા અંગે**

૧૫૩૪૧ **શ્રી હીરાભાઈ ઓ.સોલંકી (રાજુલા) :માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અમરેલી જિલ્લાના ખાંભા તાલુકના વાંગધ્રા ગામે સર્વે નં.૧૮૨ ની સરકારી જમીન ખાનગી વ્યક્તિના | (૧) હા, જી. |

નામે કરવામાં સરકારના અધિકારીઓ સંડોવાયેલ છે તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો તેમની સામે કેવા પ્રકારની શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ છે ?

(૨) જો તેઓ સામેનો આરોપ સાબિત ઠરશે તો ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧ના નિયમ-૬ અંતર્ગત કોઈ એક શિક્ષા કરવામાં આવશે.

-------------

**ટેલી મેડીસીન્સથી રાજ્યના કેન્દ્રોના બાકી જોડાણ**

૧૪૮૪૪ **ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧.૧.૦૬ની સ્થિતિએ રાજ્યના કેટલા કેન્દ્રોને ટેલી મેડીસીન્સથી જોડવામાં આવ્યા છે, | (૧) એક પણ નહી. |
| (૨) જો જોડવામાં ના આવ્યા હોય તો ક્યારે જોડવામાં આવશે, અને | (૨) ટુંક સમયમાં |
| (૩) જો જોડયા હોય તો ક્યા ક્યા કેન્દ્રોને ક્યા કેન્દ્રો સાથે જોડયા છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી |

-------------

**ખેડા અને આણંદ જિલ્લાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં સંવર્ગવાર ખાલી જગાઓ**

૧૩૮૩૫ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧.૧૨.૦૫ની સ્થિતિએ ખેડા અને આણંદ જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર કેટલી જ્ગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને | (૧) પત્રક-અ તથા બ મુજબ |
| (૨) આવી ખાલી જ્ગ્યાઓ સત્વરે ભરવા સરકારે શું કાર્યવાહી કરી ? | (૨) (અ) વર્ગ-૨ની જ્ગ્યાઓ નિયમિત તેમજ એડહોક ધોરણે ભરવા માટે વોક ઈન ઈન્ટરવ્યુથી પ્રયત્ન કર્યા અને કરવામાં આવી રહયા છે.<br>(બ) વર્ગ-૩ અને વર્ગ-૪ની જ્ગ્યાઓ ભરવા સબંધિત જિલ્લા પંચાયત દ્વારા કાર્યવાહી કરવામાં આવે. |

**પત્રક-અ**

**ખેડા જિલ્લાનાં તાલુકાવાર સંવર્ગવાર પ્રા. આ. કેન્દ્રોની ખાલી જ્ગ્યાઓની વિગત દર્શાવતું પત્રક**

| અનં. | તાલુકાનું નામ | સંવર્ગ | જ્ગ્યાની સંખ્યા | કઈ તારીખથી |
|---|---|---|---|---|
| ૧ | ઠાસરા | વર્ગ-૨ | ૧ | ૭-૦૪ થી |
| | | વર્ગ-૩ | ૧૨ | ૧૨-૫-૮૮ થી ૧-૧૨-૦૩ દરમ્યાન |
| | | વર્ગ-૪ | ૮ | ૧-૬-૭૯ થી ૧૭-૧-૯૫ દરમ્યાન |
| ૨ | બાલાશિનોર | વર્ગ-૨ | ૧ | ૧-૪-૦૫ થી |
| | | વર્ગ-૩ | ૬ | ૧૨-૫-૮૫ થી ૮-૧૨-૨૦૦૫ દરમ્યાન |
| | | વર્ગ-૪ | ૨ | ૩૧-૫-૯૫ થી ૩૧-૬-૦૫ દરમ્યાન |
| ૩ | ખેડા | વર્ગ-૨ | ૦ | |
| | | વર્ગ-૩ | ૫ | ૧૨-૭-૮૫ થી ૨-૧૨-૦૪ દરમ્યાન |
| | | વર્ગ-૪ | ૩ | ૩૦-૯-૯૮ થી ૩૧-૧૦-૨૦૦૦ દરમ્યાન |
| ૪ | મહેમદાવાદ | વર્ગ-૨ | ૨ | ૩-૭-૦૫ થી ૩૦-૧૧-૦૫ દરમ્યાન |
| | | વર્ગ-૩ | ૯ | ૧-૯-૮૯ થી ૪-૯-૦૩ દરમ્યાન |
| | | વર્ગ-૪ | ૯ | ૧-૪-૯૮ થી ૬-૪-૦૧ દરમ્યાન |
| ૫ | મહુધા | વર્ગ-૨ | ૧ | ૩૦-૧૧-૦૫ થી |
| | | વર્ગ-૩ | ૭ | ૨૫-૧-૯૩ થી ૩૧-૧૦-૦૪ દરમ્યાન |

| | | | | |
|---|---|---|---|---|
| | | વર્ગ-૪ | ૭ | ૩૧-૭-૯૫ થી ૩૧-૭-૨૦૦૦ દરમ્યાન |
| ૬ | માતર | વર્ગ-૨ | ૦ | |
| | | વર્ગ-૩ | ૫ | ૨૩-૬-૮૮ થી ૧૧-૦૫ દરમ્યાન |
| | | વર્ગ-૪ | ૭ | ૩૦-૪-૦૯૫ થી ૩૦-૯-૦૫ દરમ્યાન |
| ૭ | નડીયાદ | વર્ગ-૨ | ૧ | ૩-૭-૨૦૦૫ થી |
| | | વર્ગ-૩ | ૬ | ૨૫-૧-૮૮ થી ૧-૯-૦૪ દરમ્યાન |
| | | વર્ગ-૪ | ૮ | ૧-૪-૯૫ થી ૩૦-૬-૦૫ દરમ્યાન |
| ૮ | વિરપુર | વર્ગ-૨ | ૦ | |
| | | વર્ગ-૩ | ૨ | ૧૮-૩-૯૧ થી ૮-૧૦-૯૧ દરમ્યાન |
| | | વર્ગ-૪ | ૨ | ૩૦-૩-૯૮ થી ૩૦-૯-૯૮ દરમ્યાન |
| ૯ | કપડવંજ | વર્ગ-૨ | ૦ | |
| | | વર્ગ-૩ | ૮ | ૩૦-૪-૮૯ થી ૫-૧૦-૦૩ દરમ્યાન |
| | | વર્ગ-૪ | ૧૨ | ૧૩-૩-૮૯ થી ૨૮-૩-૯૭ દરમ્યાન |
| ૧૦ | કઠલાલ | વર્ગ-૨ | ૦ | |
| | | વર્ગ-૩ | ૪ | ૧-૫-૯૦ થી ૧૧-૯-૨૦૦૦ દરમ્યાન |
| | | વર્ગ-૪ | ૮ | ૭-૨-૯૫ થી ૧૧-૯-૨૦૦૦ દરમ્યાન |

**પત્રક-બ**

**આણંદ જિલ્લાનાં તાલુકાવાર સંવર્ગવાર પ્રા. આ. કેન્દ્રોની ખાલી જ્ગ્યાઓની વિગત દર્શાવતું પત્રક**

| અનં. | તાલુકાનું નામ | સંવર્ગ | જગ્યાની સંખ્યા | કઈ તારીખથી |
|---|---|---|---|---|
| ૧ | આણંદ | વર્ગ-૨ | ૦ | |
| | | વર્ગ-૩ | ૧૦ | ૮-૦૧ થી ૮-૨૦૦૪ દરમ્યાન |
| | | વર્ગ-૪ | ૧૫ | ૮-૦૧ થી |
| ૨ | ઉમરેઠ | વર્ગ-૨ | ૦ | |
| | | વર્ગ-૩ | ૮ | ૮-૦૧ થી ૭-૨૦૦૪ દરમ્યાન |
| | | વર્ગ-૪ | ૬ | ૮-૦૧ થી ૧૨-૦૨ દરમ્યાન |
| ૩ | બોરસદ | વર્ગ-૨ | ૦ | |
| | | વર્ગ-૩ | ૮ | ૮-૦૧ થી |
| | | વર્ગ-૪ | ૧૩ | ૮-૦૧ થી |
| ૪ | આંક્લાવ | વર્ગ-૨ | ૦ | |
| | | વર્ગ-૩ | ૫ | ૮-૦૧ થી ૧-૧૦-૨૦૦૪ દરમ્યાન |
| | | વર્ગ-૪ | ૫ | ૮-૦૧ થી |
| ૫ | પેટલાદ | વર્ગ-૨ | ૦ | |
| | પેટલાદ | વર્ગ-૩ | ૯ | ૮-૦૧ થી ૭-૦૩ દરમ્યાન |
| | | વર્ગ-૪ | ૧૦ | ૮-૦૧ થી |
| ૬ | સોજીત્રા | વર્ગ-૨ | ૦ | |
| | | વર્ગ-૩ | ૨ | ૧૨-૨૦૦૦ થી ૮-૦૧ દરમ્યાન |
| | | વર્ગ-૪ | ૨ | ૮-૦૧ થી |
| ૭ | ખંભાત | વર્ગ-૨ | ૧ | ૯-૨૦૦૫ થી |
| | | વર્ગ-૩ | ૬ | ૮-૦૧ થી |
| | | વર્ગ-૪ | ૯ | ૮-૦૧ થી |
| | | | | |

-------------

**નવસારી જિલ્લામાં ગુજરાત ન્યુ પેટર્ન યોજના અન્વયે ફાળવેલ ગ્રાન્ટ અને ખર્ચ**

૧૪૪૯૬ **શ્રીમતી ભારતીબેન ન. પટેલ (ચીખલી) : માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નવસારી જિલ્લામાં ગુજરાત ન્યુ પેટર્ન યોજના હેઠળ સને ૨૦૦૪-૦૫, ૨૦૦૫-૦૬ના વર્ષમાં તા.૩૧.૧૨.૦૫ સુધીમાં કુલ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

**જવાબ**

(૧) નવસારી જિલ્લામાં ગુજરાત પેટર્ન યોજના હેઠળ વર્ષવાર તા.૩૧.૧૨.૦૫ સુધીમાં નીચે મુજબની ગ્રાન્ટ ફાળવવામાં આવી.

(ડીસે-૦૫) (રૂા. લાખમાં)

| ક્રમ | વર્ષ | રકમ |
|---|---|---|
| ૧ | ૨૦૦૪-૦૫ | ૧૬૪૨.૭૯ |

| | | |
|---|---|---|
| ૨ | ૨૦૦૫-૦૬ | ૧૪૭૬.૭૮ |

(૨) કેટલી ગ્રાન્ટ વાપરવામાં આવી ?

(૨) નવસારી જીલ્લામાં વર્ષવાર નીચે મુજબની ગ્રાન્ટ વાપરવામાં આવી.

(ડીસે-૦૫) (રૂા. લાખમાં)

| ક્રમ | વર્ષ | રકમ |
|---|---|---|
| ૧ | ૨૦૦૪-૦૫ | ૧૬૪૨.૭૯ |
| ૨ | ૨૦૦૫-૦૬ | ૯૧૩.૭૦ |

-------------

## રાપર અને ભચાઉ તાલુકામાં આરોગ્યની સંવર્ગવાર ખાલી જગાઓ

૧૪૪૯૪ **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં રાપર અને ભચાઉ તાલુકાનાં સામુહિક આરોગ્ય કેન્દ્ર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તેમજ પેટા દવાખાનાઓમાં વર્ગ-૧-૨-૩ અને ૪ ની કેટલીક જગ્યાઓ લાંબા સમયથી ખાલી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેનાં કારણો શાં છે, અને

(૩) જો ના, તો સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમની વિગતો શી છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) (૧) વર્ગ-૧ અને વર્ગ-૨ની જગ્યાઓ પર લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ નહી થવાને કારણે.

(૨) સામુહિક આરોગ્ય કેન્દ્રની વર્ગ-૩ અને વર્ગ-૪ની જગ્યાઓ, સરકારશ્રીની પ્રવર્તમાન નીતિ, વહીવટી કારણોસર તેમજ ભરતી પ્રક્રિયા ગતિમાં હોવાને કારણે.

(૩) પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તથા પેટા આરોગ્ય કેન્દ્રની વર્ગ-૩ અને વર્ગ-૪ની જગ્યાઓ ભરવા સબંધિત જિલ્લા પંચાયત દ્વારા કાર્યવાહી કરવામાં આવે છે.

(૩) ઉપરની હકીકતે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

## માનનીય મુખ્ય મંત્રીશ્રીના રાહત ફંડમાંથી રાજ્યમાં જિલ્લાવાર ચૂકવેલ સહાય

૧૫૩૩૨ **શ્રીમતી ભાવનાબેન હ.ચપટવાલા (સુરત શહેર(પશ્ચિમ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧.૧૨.૦૫ની સ્થિતિએ રાજ્યમાં હ્નદયરોગ, કેન્સર તથા અન્ય ગંભીર બિમારીઓમાં માન. મુખ્ય મંત્રીશ્રીના રાહત ફંડમાંથી આર્થિક અને નબળા વર્ગના કેટલા લોકોને છેલ્લા બે વર્ષમાં જિલ્લા વાઇઝ કેટલી સહાય આપવામાં આવી છે ?

**જવાબ**

તા. ૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ નીચે મુજબ સહાય આપવામાં આવી છે.

| વર્ષ | લોકોને | રકમ રૂા. |
|---|---|---|
| ૨૦૦૪ | ૮૦૩ | ૩.૧૪ ક્રોડ |
| ૨૦૦૫ | ૧૦૦૭ | ૪.૧૨ ક્રોડ |

(જીલ્લાવાઈઝ ચૂકવેલ સહાયની વિગત પત્રક "અ" માં સામેલ છે.)

**પત્રક-અ**

**માન. મુખ્યમંત્રીશ્રીના રાહત ફંડમાંથી સારવાર માટે આપેલ સહાયની જીલ્લા પ્રમાણે વિગત**

| અનું. | જીલ્લાનું નામ | વર્ષ-૨૦૦૪ | | વર્ષ-૨૦૦૫ | |
|---|---|---|---|---|---|
| | | કેસોની સંખ્યા | સહાયની રકમ રૂા. | કેસોની સંખ્યા | સહાયની રકમ રૂા. |
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** | **૬** |
| ૧ | અમદાવાદ | ૧૬૬ | ૬૬,૯૫,૦૦૦ | ૧૬૮ | ૭૬,૩૯,૪૩૬ |
| ૨ | અમરેલી | ૩૪ | ૧૪,૫૪,૦૦૦ | ૪૭ | ૨૦,૪૩,૫૦૦ |
| ૩ | આણંદ | ૧૧ | ૩,૦૯,૦૦૦ | ૩૩ | ૧૧,૯૬,૦૦૦ |
| ૪ | બનાસકાંઠા | ૨૪ | ૧૦,૧૨,૦૦૦ | ૫૯ | ૨૨,૫૨,૫૦૦ |
| ૫ | ભરૂચ | ૮ | ૨,૭૧,૦૦૦ | ૩૫ | ૧૪,૧૨,૦૦૦ |
| ૬ | ભાવનગર | ૫૩ | ૨૧,૮૩,૦૦૦ | ૫૨ | ૨૨,૨૯,૦૦૦ |
| ૭ | દાહોદ | ૬ | ૩,૪૧,૦૦૦ | ૪ | ૧,૬૮૦૦૦ |
| ૮ | ડાંગ | - | - | ૨ | ૬૯,૦૦૦ |
| ૯ | ગાંધીનગર | ૩૩ | ૮,૮૮,૦૦૦ | ૨૮ | ૧૦,૮૯,૦૦૦ |
| ૧૦ | જામનગર | ૨૦ | ૧૦,૨૦,૦૦૦ | ૨૬ | ૧૩,૭૯,૦૦૦ |
| ૧૧ | જુનાગઢ | ૫૮ | ૧૯,૭૭,૦૦૦ | ૫૦ | ૧૭,૭૬,૦૦૦ |
| ૧૨ | ખેડા | ૧૪ | ૬,૯૬,૦૦૦ | ૨૨ | ૮,૦૬,૦૦૦ |
| ૧૩ | કચ્છ | ૮ | ૩,૬૪,૦૦૦ | ૧૧ | ૭,૯૩,૦૦૦ |
| ૧૪ | મહેસાણા | ૪૨ | ૧૯,૪૯,૦૦૦ | ૨૯ | ૧૩,૪૯,૦૦૦ |
| ૧૫ | નર્મદા | - | - | ૨ | ૮૩,૦૦૦ |
| ૧૬ | નવસારી | ૧૬ | ૫,૪૫,૦૦૦ | ૨૮ | ૧૦,૩૦,૫૦૦ |
| ૧૭ | પંચમહાલ | ૯ | ૩,૮૧,૦૦૦ | ૧૦ | ૩,૮૯,૦૦૦ |
| ૧૮ | પાટણ | ૧૦ | ૩,૫૮,૦૦૦ | ૩૦ | ૧૧,૨૭,૦૦૦ |
| ૧૯ | પોરબંદર | ૯ | ૪,૦૫,૦૦૦ | ૮ | ૪,૩૦,૦૦૦ |
| ૨૦ | રાજકોટ | ૩૫ | ૧૫,૯૯,૦૦૦ | ૩૫ | ૧૮,૦૮,૦૦૦ |
| ૨૧ | સાબરકાંઠા | ૧૯ | ૮,૨૫,૦૦૦ | ૨૬ | ૮,૫૩,૦૦૦ |
| ૨૨ | સુરત | ૧૭૧ | ૫૬,૮૦,૦૦૦ | ૨૪૮ | ૯૨,૫૯,૦૦૦ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૧૭ | ૭,૦૮,૦૦૦ | ૧૮ | ૮,૦૭,૦૦૦ |
| ૨૪ | વડોદરા | ૩૦ | ૧૪,૧૯,૦૦૦ | ૨૧ | ૭,૧૫,૦૦૦ |
| ૨૫ | વલસાડ | ૧૦ | ૩,૪૮,૦૦૦ | ૧૫ | ૫,૬૪,૦૦૦ |
| | કુલ | ૮૦૩ | ૩,૧૪,૨૭,૦૦૦ | ૧૦૦૭ | ૪,૧૨,૬૬,૯૩૬ |

-------------

**રાજ્યમાં જિલ્લાવાર ડીપ્થેરીયાના કારણે બાળ દર્દીઓના મૃત્યુ**

૧૪૩૧૦ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ડીસેમ્બર-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન રાજ્યમાં જિલ્લાવાર કેટલા બાળ દર્દીઓના ડીપ્થેરીયાને કારણે મૃત્યુ થયા, અને

**જવાબ**

(૧)

| અ. નં. | જીલ્લા/કોર્પોરેશન | ૨૦૦૪ | ૨૦૦૫ |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૧ | ૦ |
| ૨ | અમરેલી | ૨ | ૦ |
| ૩ | બનાસકાંઠા | ૩ | ૧ |
| ૪ | વડોદરા | ૦ | ૧ |
| ૫ | ભાવનગર | ૧ | ૧ |
| ૬ | ભરૂચ | ૦ | ૩ |
| ૭ | જામનગર | ૧ | ૧ |
| ૮ | જુનાગઢ | ૦ | ૩ |
| ૯ | ખેડા | ૧ | ૦ |

| | | | |
|---|---|---|---|
| ૧૦ | પંચમહાલ | ૧ | ૧ |
| ૧૧ | રાજકોટ | ૫ | ૧ |
| ૧૨ | સાબરકાંઠા | ૦ | ૨ |
| ૧૩ | દાહોદ | ૧ | ૧ |
| ૧૪ | અમદાવાદ કોર્પોરેશન | ૪ | ૨ |
| ૧૫ | સુરત કોર્પોરેશન | ૦ | ૨ |
| ૧૬ | રાજકોટ કોર્પોરેશન | ૧ | ૧ |
| | **કુલ :** | **૨૧** | **૨૦** |
| બાકીના જિલ્લાઓમાં કોઈ બાળકનું ડીપ્થેરીયાથી મૃત્યુ થયેલ નથી. | | | |

(૨) ડીપ્થેરીયાની રસી પુરતા પ્રમાણમાં ઉપલબ્ધ થાય તે માટે રાજ્ય સરકારે શું કાર્યવાહી કરી ?

(૨) ડીપ્થેરીયાની રસીનો જથ્થો રાજ્ય કક્ષાએ પુરતા પ્રમાણમાં રાખવામાં આવેલ છે તેમજ જિલ્લા/કોર્પોરેશનમાં તેઓની માંગણી મુજબ ડીપ્થેરીયાની રસી અત્રેથી આપવામાં આવે છે.

-------------

## ખેડબ્રહ્મા અને વિજયનગર તાલુકામાં બાળમરણ

૧૪૧૭૬ **શ્રીમતી રમીલાબેન બે. બારા (ખેડબ્રહ્મા) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ખેડબ્રહ્મા અને વિજયનગર તાલુકામાં પ્રસુતિ વખતે બાળમરણ કેટલાં થયાં છે ;

**જવાબ**

(૧) સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા અને વિજયનગર તાલુકામાં છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન થયેલ માતા મરણ અને બાળમરણ નીચે મુજબ છે :

| તાલુકો | માતા મરણ (વર્ષ) | | | બાળમરણ (વર્ષ) | | |
|---|---|---|---|---|---|---|
| | ૦૩ | ૦૪ | ૦૫ | ૦૩ | ૦૪ | ૦૫ |
| ખેડબ્રહ્મા | ૩ | ૨ | ૪ | ૧૪૩ | ૯૫ | ૫૬ |
| વિજયનગર | ૦ | ૦ | ૦ | ૫૪ | ૨૩ | ૪૧ |

(૨) આ મરણ થવાના કારણો શાં છે, અને

(૨) માતા મરણના કારણો નીચે મુજબ છે :
પૂર્વપ્રસુતિ, રક્તસ્ત્રાવ, પ્રસુતિ પાત રક્ત સ્ત્રાવ
બાળ મરણ - ઓછું વજન, અપરિપક્વ પ્રસુતિ, ચેપ લાગવાથી, એસ્ફેક્ષિયા, કોન્જીનેટલ, ડીફોરમીટીજ અને ન્યુમોનિયાના કારણે થયેલ છે.

(૩) આ અંગે રાજ્ય સરકારે શા પગલાં લીધા છે?

(૩) - પ્રસુતિ પૂર્વે તમામ માતાઓની શારીરિક તપાસની સઘન વ્યવસ્થા ગોઠવી છે.
- સલામત પ્રસુતિ અને સંસ્થાકીય પ્રસુતિ વધે તે માટે સઘન પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે અને ૪ એફ.આર.યુ. જિલ્લામાં વિકસાવવામાં આવ્યા છે.
- ગરીબી રેખા હેઠળના કુટુંબોની સગર્ભાઓ સંસ્થાકીય પ્રસુતિનો લાભ લઈ શકે તે માટે જનની સુરક્ષા યોજના અને ચિરંજીવી યોજના અમલમાં મુકવામાં આવી છે અને સેવાઓ સઘન કરવામાં આવી છે.
- પ્રસુતિ અને પૂર્વપ્રસુતિ સેવા સંગીન કરી ચિરંજીવી યોજના હેઠળ ૪૪ તજજ્ઞ તબીબો સાથે કરાર કરવામાં આવ્યા છે અને આજ સુધીમાં ૬૬૮ ગરીબી રેખા હેઠળની બહેનોની પ્રસુતિ આ કેન્દ્ર ઉપર થયેલ છે.
- બેઝિક ઇમરજન્સી ઓપ્ટેનિક કેર અને કેર કોમ્પ્રેસીવ ઓપ્ટેનીક સેવાઓ સઘન કરવામાં આવી છે.
- ફીમેલ હેલ્થ વર્કરને પ્રસુતિ અંગેની ઓનજોબ તાલીમ આપવામાં આવી છે.
- મધરએનજીઓ અને ફીલ્ડ એનજીઓ દ્વારા છેવાડાના

લોકો સુધી સેવાઓ પહોંચાડવાનો પ્રયત્ન કરેલ છે.
- બ્લડ સ્ટોરેજની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવેલ છે.

-------------

**વિરમગામ તાલુકામાં જમીનની તબદીલી અંગે**

૧૪૫૦૬ **શ્રી વજુભાઈ પ. ડોડિયા (વિરમગામ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| વિરમગામ તાલુકાના નાના શાહપુર, ઘોડા તેમજ નળકાંઠાના કેટલાક ગામોમાં ૭/૧૨, ૮-અ માં ખેડૂતોના નામે સામેલ છે તેમ છતાં પ્રથમ કબ્જેદાર તરીકે નામદાર સરકાર ચાલે છે, આવા ખેડૂતોને જમીન તેમના નામે તબદીલ કરવા સરકારનું શું આયોજન છે ? | જિલ્લા કક્ષાએ કરવાના થતાં પરામર્શ અને રેકર્ડની ચકાસણીની પ્રક્રિયા પૂરી થયા બાદ નિયમાનુસાર આગળની કાર્યવાહી કરી શકાશે. |

-------------

**કચ્છ જિલ્લામાં સ્ટેમ્પ પેપરના વપરાશ અંગે**

૧૪૭૧૩ **શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ (મુંદ્રા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સને ૨૦૦૨-૨૦૦૩ અને ૨૦૦૪-૦૫, તા. ૩૧-૩-૦૫ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કચ્છ જિલ્લામાં તાલુકાવાર વેચાણ, ગીરો કે બક્ષીશના થયેલ દસ્તાવેજોમાં કેટલા સ્ટેમ્પ પેપર વપરાયેલ છે, | (૧) દસ્તાવેજના પ્રકાર મુજબ વપરાયેલ સ્ટેમ્પ પેપરની વિગત આ સાથે રાખેલ પત્રક-૧માં દશાવેલ છે. |
| (૨) રાજ્ય સરકારની ઓછી સ્ટેમ્પ વાપરવા બદલ દંડનીય રકમો વસૂલ કરવાની નીતિ શું છે, | (૨) મુંબઇ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ની કલમ ૩૨-ક (૩) હેઠળ રૂા. ૨૫૦/- અથવા ભરવાપાત્ર ખૂટતી રકમ એ બેમાંથી જે ઓછી હોય તેટલી રકમના દંડની જોગવાઈ છે. કલમ-૩૩ હેઠળ અટકાવેલા લેખોમાં કલમ-૩૯ (૧) (ખ) હેઠળ ઓછામાં ઓછા રૂા. ૫/- અથવા યોગ્ય ડ્યુટીની દસગણી રકમ અથવા યોગ્ય ડ્યુટીમાં જેટલી બાકી હોય તેની દસ ગણી રકમથી વધારે ન હોય તેટલી રકમનો દંડ થઈ શકે છે. |
| (૩) દંડનીય રકમો વસૂલ આવેલ હોય તો જિલ્લામાં તાલુકાવાર કેટલી આવેલ, અને | (૩) મુંબઇ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ની કલમ ૩૨-ક હેઠળ જિલ્લામાં તાલુકાવાર વસૂલ આવેલ દંડનીય રકમની વિગતો આ સાથે રાખેલ પત્રક-૨માં દશાવેલ છે. જ્યારે મુંબઇ સ્ટેમ્પ અધિનિયમની કલમ-૩૩ હેઠળ જિલ્લામાં તાલુકાવાર વસૂલ આવેલ દંડનીય રકમની વિગતો આ સાથે રાખેલ પત્રક-૩માં દર્શાવેલ છે. |
| (૪) તેનો અમલ થાય છે કે કેમ? | (૪) હા જી. |

**પત્રક - ૧**

| જિલ્લો | તાલુકાનું નામ | સને ૨૦૦૨-૦૩ | | | | | | સને ૨૦૦૩-૦૪ | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | વેચાણ | | ગીરો | | બક્ષીસ | | વેચાણ | | ગીરો | | બક્ષીસ | |
| | | દ.સં. | સ્ટે.ડ્યુટી | દ.સં. | સ્ટે.ડ્યુટી | દ.સં. | સ્ટે.ડ્યુટી | દ.સં. | સ્ટે.ડ્યુટી | દ.સં. | સ્ટે.ડ્યુટી | દ.સં. | સ્ટે.ડ્યુટી |
| કચ્છ | ભુજ | ૪૯૭૯ | ૩૨૧૫૬૪૧૦ | ૪૦ | ૬૬૮૧૦ | ૨૭ | ૧૩૮૯૩૦ | ૬૨૭૮ | ૪૩૮૧૩૭૨૦ | ૧૪ | ૨૫૮૭૫ | ૫૦ | ૩૧૦૯૨૦ |
| | અંજાર | ૫૨૬૫ | ૧૬૮૭૨૨૨૦ | ૩૫ | ૧૯૬૭૦ | ૧૫ | ૩૮૧૮૦ | ૫૩૨૪ | ૨૦૪૯૭૨૮૦ | ૧૦ | ૨૩૬૪૦ | ૨૧ | ૩૮૬૨૦ |
| | ગાંધીધામ | ૧૫૬૮ | ૯૩૪૬૦૦૦ | ૬ | ૬૦૫૦૦ | ૮ | ૩૪૦૦૦૦ | ૪૫૧૦ | ૫૦૬૪૯૦૦ | ૭૦ | ૫૦૭૦૦ | ૯ | ૯૬૫૦૦૦ |
| | ભચાઉ | ૨૫૬૬ | ૫૩૮૮૭૪૧ | ૧૧૬ | ૫૧૪૬૦ | ૧૧ | ૬૫૫૪૦ | ૨૦૩૯ | ૯૮૭૫૩૧૬ | ૧૯ | ૫૪૮૯૦ | ૩ | ૧૪૭૧૦ |
| | રાપર | ૧૫૬૩ | ૩૪૦૩૪૪૨ | ૭૪ | ૩૮૧૨૩૦ | ૩ | ૫૩૭૦ | ૧૫૭૫ | ૩૮૬૮૬૦૦ | ૫૦ | ૧૬૪૩૧૦ | ૪ | ૪૫૨૦ |
| | માંડવી | ૨૨૧૪ | ૨૩૦૫૦૨૦૦ | ૫ | ૪૭૩૦૦ | ૪૭ | ૧૬૬૨૦૦ | ૨૯૦૦ | ૩૪૪૪૫૩૦૦ | ૨ | ૧૬૮૦૦ | ૩૭ | ૧૭૦૩૦૦ |
| | મુન્દ્રા | ૧૧૦૧ | ૧૧૦૧૧૪૫૦ | ૨ | ૧૮૬૮૦ | ૨૮ | ૯૮૪૦૦ | ૧૯૧૫ | ૨૨૦૮૪૯૦૦ | ૨ | ૧૪૧૯૦ | ૨૧ | ૮૯૮૦૦ |
| | નખત્રાણા | ૪૯૫ | ૨૨૨૬૦૦૦ | ૧ | ૩૦૦૫ | ૨ | ૬૧૦ | ૧૧૯૨ | ૩૮૪૪૧૦૦ | ૧ | ૩૬૨૦ | ૧ | ૩૫૫ |
| | અબડાસા | ૯૮૭ | ૨૯૭૩૦૦૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૪૮૭ | ૧૬૦૮૨૦૦ | ૧ | ૧૧૩૦ | ૦ | ૦ |

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | લખપત | ૧૨૦ | ૩૫૫૨૦૫ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૨૬ | ૩૫૯૦૦૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | કુલ : | ૨૦૮૫૮ | ૧૦૬૭૮૨૬૬૮ | ૨૭૯ | ૬૪૮૬૫૫ | ૧૪૧ | ૮૫૩૨૩૦ | ૨૬૩૪૬ | ૪૫૪૬૧૩૧૬ | ૧૬૯ | ૩૫૫૨૫૫ | ૧૪૬ | ૧૫૯૪૨૨૫ |

| સને ૨૦૦૪-૦૫ | | | | | | | | કુલ | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| વેચાણ | | | | ગીરો | | બક્ષીસ | | વેચાણ | | ગીરો | | બક્ષીસ | |
| જિલ્લો | તાલુકાનું નામ | દ.સં. | સ્ટે.ડ્યુટી | દ.સં. | સ્ટે.ડ્યુટી | દ.સં. | સ્ટે.ડ્યુટી | દ.સં. | સ્ટે.ડ્યુટી | દ.સં. | સ્ટે.ડ્યુટી | દ.સં. | સ્ટે.ડ્યુટી |
| કચ્છ | ભુજ | ૬૯૩૦ | ૪૩૫૩૭૮૭૦ | ૧૭ | ૨૨૮૩૦ | ૨૮ | ૧૮૯૩૨૦ | ૧૮૧૮૭ | ૧૧૯૫૦૮૦૦૦ | ૭૧ | ૧૧૫૫૧૫ | ૧૦૫ | ૬૩૯૧૭૦ |
| | અંજાર | ૭૪૯૫ | ૨૩૪૦૯૫૪૧ | ૮ | ૦ | ૧૫ | ૨૩૮૫૨૦ | ૧૮૦૮૪ | ૬૦૭૭૯૦૪૧ | ૫૩ | ૪૩૩૧૦ | ૫૧ | ૩૧૫૩૨૦ |
| | ગાંધીધામ | ૫૭૩૫ | ૯૦૬૭૮૦૦ | ૨૦ | ૩૧૮૦૦ | ૨૦ | ૭૭૫૦૦૦ | ૧૧૮૧૩ | ૨૩૪૭૮૭૦૦ | ૯૬ | ૧૪૩૦૦૦ | ૩૭ | ૨૦૮૦૦૦૦ |
| | ભચાઉ | ૩૧૯૬ | ૧૧૨૩૮૨૦૦ | ૧૮ | ૩૧૦૦૧૯ | ૧૩ | ૬૦૫૬૯ | ૭૮૦૧ | ૨૬૫૦૨૨૫૭ | ૧૫૩ | ૪૧૬૩૬૯ | ૨૭ | ૧૪૦૮૧૯ |
| | રાપર | ૨૦૪૩ | ૪૫૭૨૨૫૦ | ૮૩ | ૨૭૨૪૧૫ | ૫ | ૨૧૦૧૦ | ૫૧૮૧ | ૧૧૮૪૪૨૯૨ | ૨૦૭ | ૮૧૭૯૫૫ | ૧૨ | ૩૦૯૦૦ |
| | માંડવી | ૪૪૦૦ | ૨૦૫૬૭૯૦૦ | ૩ | ૧૫૭૦૦ | ૨૮ | ૧૩૧૫૩૦ | ૯૫૧૪ | ૭૮૦૬૩૪૦૦ | ૧૦ | ૭૯૮૦૦ | ૧૧૨ | ૪૬૮૦૩૦ |
| | મુન્દ્રા | ૨૬૧૦ | ૧૨૩૮૦૬૦૦ | ૧ | ૫૯૦૦ | ૧૨ | ૫૬૩૭૦ | ૫૬૨૫ | ૪૫૪૭૬૯૫૦ | ૫ | ૩૮૭૭૦ | ૬૧ | ૨૪૪૫૭૦ |
| | નખત્રાણા | ૯૮૭ | ૧૬૪૦૪૦૦ | ૪ | ૨૭૦૦ | ૧ | ૫૫૦ | ૨૬૭૪ | ૬૯૯૦૫૦૦ | ૬ | ૯૪૨૫ | ૪ | ૧૫૧૫ |
| | અબડાસા | ૧૨૦૪ | ૪૧૨૬૩૦૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨૬૭૮ | ૮૭૦૭૫૦૦ | ૧ | ૧૧૩૦ | ૦ | ૦ |
| | લખપત | ૧૨૪ | ૩૫૮૫૦૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૩૭૦ | ૧૦૭૨૭૦૫ | ૦ | ૦ | ૦ | ૦ |
| | કુલ : | ૩૪૭૨૪ | ૧૩૦૮૯૯૩૬૧ | ૧૫૪ | ૬૬૧૩૬૪ | ૧૨૨ | ૧૪૭૨૮૬૯ | ૮૧૯૨૮ | ૩૮૩૧૪૩૩૪૫ | ૬૦૨ | ૧૬૬૫૨૭૪ | ૪૦૯ | ૩૯૨૦૩૨૪ |

-------------

**પત્રક - ૨**

**કલમ - ૩૨ ક હેઠળ આવેલ દંડની રકમ**

(રકમ રૂા. લાખમાં)

| તાલુકાનું નામ | વર્ષ ૨૦૦૨-૦૩ | વર્ષ ૨૦૦૩-૦૪ | વર્ષ ૨૦૦૪-૦૫ | કુલ |
|---|---|---|---|---|
| | રકમ | રકમ | રકમ | રકમ |
| ભૂજ | ૭.૬૭ | ૫.૩૭ | ૬.૦૩ | ૧૯.૦૭ |
| માંડવી | ૦.૯૮ | ૦.૮૬ | ૦.૯૭ | ૨.૮૧ |
| મુન્દ્રા | ૦.૨૩ | ૦.૧૩ | ૦.૧૫ | ૦.૫૧ |
| નખત્રાણા | ૦.૧૭ | ૦.૧૩ | ૦.૧૪ | ૦.૪૪ |
| અંજાર | ૧.૩૦ | ૧.૦૦ | ૧.૧૨ | ૩.૪૨ |
| ગાંધીધામ | ૨.૩૭ | ૨.૦૩ | ૨.૨૭ | ૬.૬૭ |
| ભચાઉ | ૬.૪૨ | ૪.૬૮ | ૫.૨૪ | ૧૬.૩૪ |
| રાપર | ૦.૪૬ | ૦.૨૬ | ૦.૩૧ | ૧.૦૩ |
| **કુલ :-** | **૧૯.૬૦** | **૧૪.૪૬** | **૧૬.૨૩** | **૫૦.૨૯** |

**પત્રક - ૩**

**કલમ - ૩૩ હેઠળ આવેલ દંડની રકમ**

(રકમ રૂા. લાખમાં)

| તાલુકાનું નામ | વર્ષ ૨૦૦૨-૦૩ | વર્ષ ૨૦૦૩-૦૪ | વર્ષ ૨૦૦૪-૦૫ | કુલ |
|---|---|---|---|---|
| | રકમ | રકમ | રકમ | રકમ |
| ભૂજ | - | ૫૦૦ | ૨૦૦ | ૭૦૦ |
| માંડવી | - | - | - | - |
| મુન્દ્રા | - | - | - | - |
| નખત્રાણા | - | - | - | - |
| અંજાર | ૬૦૦૦ | ૫૦૦ | - | ૬૫૦૦ |
| ગાંધીધામ | ૫૦૦ | ૧૨૦૦ | - | ૧૭૦૦ |
| ભચાઉ | ૨૦૦ | - | - | ૨૦૦ |

| | | | | |
|---|---|---|---|---|
| રાપર | - | - | - | - |
| **કુલ :-** | **૬૭૦૦** | **૨૨૦૦** | **૨૦૦** | **૯૧૦૦** |

-------------

**રાજ્યના આદિજાતિના વિદ્યાર્થીઓને સાયકલ વિતરણની સંખ્યા**

૧૫૩૨૬ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ (ઓલપાડ) : માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૪-૦૫ સન ૨૦૦૫-૦૬ ના વરસમાં તા. ૩૧-૧-૦૬ ની સુધીમાં આદિજાતિના વિદ્યાર્થીઓને કેટલી સાયકલ આપવામાં આવી, અને

(૨) તે પેકી સુરત જિલ્લામાં તાલુકાવાર કેટલા વિદ્યાર્થીઓની સંખ્યા હતી અને કેટલા વિદ્યાર્થીઓને આપવામાં આવી ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૦૪-૦૫ માં ૧૫૭૭૯ અને વર્ષ ૨૦૦૫-૦૬ માં તા. ૩૧-૧-૨૦૦૬ સુધીમાં ૧૫૪૭૩ એમ કુલ ૩૧૨૫૨ આદિજાતિ વિદ્યાર્થીનીઓને સાયકલ ખરીદવા માટે રૂા. ૧૫૦૦/- પ્રમાણે રોકડ સહાય આપવામાં આવી છે.

સને ૨૦૦૪-૦૫ અને સને ૨૦૦૫-૦૬માં આદિજાતિ વિદ્યાર્થીઓને સાયકલ આપવાની યોજના અમલમાં નથી.

(૨) સુરત જિલ્લામાં વર્ષ ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ માં તાલુકાવાર વિદ્યાર્થીનીઓની સંખ્યા એને તે પેકીની જે વિદ્યાર્થીનીઓને સાયકલ સહાય આપવામાં આવી, તેની વિગત આ પ્રમાણે છે.

| ક્રમ | તાલુકાનુ નામ | ૨૦૦૪-૦૫ | | ૨૦૦૫-૦૬(તા.૩૧-૧-૦૬ સુધીમાં) | |
|---|---|---|---|---|---|
| | | સહાય ચુકવવાપાત્ર વિદ્યાર્થીનીઓની સંખ્યા | સહાય ચુકવાયેલ વિદ્યાર્થીનીઓની સંખ્યા | સહાય ચુકવવાપાત્ર વિદ્યાર્થીનીઓની સંખ્યા | સહાય ચુકવાયેલ વિદ્યાર્થીનીઓની સંખ્યા |
| ૧ | નિઝર | ૯૭ | ૯૭ | ૯૭ | ૯૭ |
| ૨ | ઉચ્છલ | ૬૧ | ૬૧ | ૧૦૪ | ૧૦૪ |
| ૩ | સોનગઢ | ૩૧૮ | ૩૧૮ | ૩૩૫ | ૩૩૫ |
| ૪ | વ્યારા | ૬૨૬ | ૬૨૬ | ૭૧૭ | ૬૪૯ |
| ૫ | વાલોડ | ૧૮૮ | ૧૮૮ | ૨૧૯ | ૯૪ |
| ૬ | મહુવા | ૩૬૭ | ૩૬૭ | ૩૫૫ | ૩૫૫ |
| ૭ | બારડોલી | ૧૭૬ | ૧૭૬ | ૨૦૩ | - |
| ૮ | માંડવી | ૩૩૪ | ૩૩૪ | ૩૩૯ | ૩૦૧ |
| ૯ | માંગરોળ | ૧૯૧ | ૧૯૧ | ૨૦૪ | ૧૨૬ |
| ૧૦ | ઉમરપાડા | ૧૧૪ | ૧૧૪ | ૧૯૪ | ૧૯૪ |
| ૧૧ | કામરેજ | ૬૭ | ૬૭ | ૫૪ | ૫૪ |
| ૧૨ | પલસાણા | ૫૯ | ૫૯ | ૬૯ | ૬૯ |
| ૧૩ | ઓલપાડ | ૬૧ | ૬૧ | ૩૧ | ૧૯ |
| ૧૪ | ચોર્યાસી | ૭૧ | ૭૧ | ૫૮ | ૫૮ |
| | **કુલ :** | **૨૭૩૦** | **૨૭૩૦** | **૨૯૭૯** | **૨૪૫૫** |

-------------

**શાળાના બાળકોની આરોગ્ય તપાસ અને સંખ્યા**

૧૫૩૦૩ **શ્રી જગદીશ ઠાકોર (દહેગામ) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે .-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આરોગ્ય વિભાગ દ્વારા પ્રાથમિક શાળાના કેટલા બાળકોની તપાસ કરવામાં આવી, | (૧) ૭૬,૯૫,૦૧૯ |
| (૨) તે પેકી ગંભીર રોગો અને ઓપરેશન કરવા પડે | (૨) ૪,૩૪૯ |

તેવા બાળકોની સંખ્યા કેટલી, અને
(૩) આ માટે સરકારે શું આયોજન કર્યુ છે?

(૩) ગંભીર રોગો પેકીના હ્નદય, કિડની તથા કેન્સરના રોગ માટે રાજ્યની હોસ્પિટલોમાં તજજ્ઞ દ્વારા સંપૂર્ણ સારવાર આપવામાં આવે છે.
રાજ્યની હોસ્પિટલોમાં સારવાર શક્ય ન હોય તેવા બાળકોને રાજ્ય બહારની હોસ્પિટલોમાં વિના મુલ્યે સારવાર આપવામાં આવે છે.

-------------

## ભૂજ હોસ્પિટલમાં ખાલી જગાઓ

૧૫૩૨૮ **શ્રી નરેન્દ્રસિંહ મા.જાડેજા (અબડાસા): માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લાના મુખ્ય મથક ભૂજ ખાતે વડાપ્રધાનશ્રીના ફંડમાંથી તેયાર થયેલ જિલ્લા હોસ્પિટલમાં કેટલી જ્ગ્યાઓ તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ ખાલી છે, અને
(૨) તે જ્ગ્યાઓ ભરવા માટે વિભાગ દ્વારા શી કાર્યવાહી કરવામાં આવી છે ?

**જવાબ**

(૧) જી. કે. જનરલ હોસ્પિટલ, ભૂજ ખાતે તારીખ ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ નિષ્ણાત ડૉક્ટરોની ૨૫ તબીબી અધિકારીઓની ૧૬ ટેક્નીકલ સ્ટાફની ૧૪ અને નર્સીંગ સ્ટાફની ૧૦૦ જ્ગ્યાઓ ખાલી છે.
(૨) આ જ્ગ્યાઓ ભરવા માટે દર મંગળવારે કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ (તબીબી), ગાંધીનગરની કચેરી ખાતે નિષ્ણાત ડૉક્ટરો અને તબીબી અધિકારીઓ માટે વોક-ઈન-ઈન્ર્ટવ્યુ લેવામાં આવે છે. બાકીની જ્ગ્યાઓ માટે જી. કે. જનરલ હોસ્પિટલ સોસાયટી, ભૂજ દ્વારા અવારનવાર જાહેરખબર આપીને જ્ગ્યાઓ ભરવા પ્રયો કરવામાં આવે છે. આ રીતે લાયક ઉમેદવારો ઉપલબ્ધ થયેથી આ જ્ગ્યાઓ ભરવામાં આવશે.

-------------

## બિન નિવાસી ગુજરાતીઓને વિદેશ પ્રવાસ અને ખર્ચની મંજૂરી

૧૫૩૧૦ **શ્રી ગોવાભાઈ હ. રબારી (ડીસા) : માનનીય બિન નિવાસી ગુજરાતી પ્રભાગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સન ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ના વર્ષ દરમ્યાન તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ બિન નિવાસી ગુજરાતી પ્રભાગ એન. આર. જી. ફાઉન્ડેશનને કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, | (૧) સન ૨૦૦૪-૦૫ દરમ્યાન ૩૧.૦૦ લાખ અને સન ૨૦૦૫-૦૬ દરમ્યાન તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ રૂા. ૭૫.૦૦ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવી. |
| (૨) એન. આર. જી. ફાઉન્ડેશન તરફથી કોને કોને ક્યા ક્યા દેશોમાં પ્રવાસમાં આ વરસ દરમ્યાન મોકલવામાં આવ્યા, | (૨) કોઈ નહિ. |
| (૩) તે પેકી ક્યા ક્યા વિદેશી પ્રવાસને રાજ્ય સરકારે મંજૂરી આપી, | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) આ પ્રવાસ પાછળ કુલ કેટલો ખર્ચ થયો, અને | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૫) થયેલ વિદેશ પ્રવાસની ફળશ્રુતિ શું થઈ ? | (૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

## શહેરા અને લુણાવાડા તાલુકામાં આરોગ્યની સંવર્ગવાર ખાલી જ્ગ્યાઓ

૧૪૮૪૯ **શ્રી જેઠાભાઈ ઘે ભરવાડ (શહેરા): માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧.૧.૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પંચમહાલ જિલ્લાના શહેરા અને લુણાવાડા તાલુકામાં કેટલા સી. એચ. સી. અને કેટલા પી. એચ. સી.માં | (૧) પત્રક-અ તથા બ મુજબ. |

કેટલી અને કઈ કઈ જગ્યાઓ ક્યારથી ખાલી છે,

(૨) તે પૈકી ખાલી જગ્યાઓ ભરવા ક્યારથી અરજીઓ મળેલ છે, અને

(૨) શહેરા અને કોઠંબા સામુહિક આરોગ્ય કેન્દ્રની તબીબી અધિકારી, વર્ગ-૨ની ખાલી જગા ભરવા તા. ૨૨-૪--૦૫ તથા તા. ૨૫--૭-૦૫ના પત્રથી રજૂઆત મળેલ છે.

(૩) ખાલી જગ્યાઓ કેટલા સમયમાં અને ક્યારે ભરવામાં આવશે ?

(૩) સરકારશ્રીની પ્રર્વતમાન નીતિ, કાર્યભારણ તથા લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી બનતી ત્વરાએ.

**પત્રક-અ**

**(૧) તાલુકાવાર ખાલી જગાઓ.**

| અનં. | તાલુકાનું નામ | સામુહિક આરોગ્ય કેન્દ્રનું નામ | ખાલી જગા | ક્યારથી ખાલી |
|---|---|---|---|---|
| (૧) | શહેરા | વર્ગ-૧<br>વર્ગ-૩<br>વર્ગ-૪ | ૧<br>૪<br>૨ | તા. ૨૨-૬-૦૫ થી<br>તા. ૧૬-૭-૦૫ થી તા. ૩-૧-૦૬ દરમ્યાન<br>તા. ૧-૬-૮૯ થી તા. ૧-૧૦-૨૦૦૦ દરમ્યાન |
| | કોઠંબા | વર્ગ-૧<br>વર્ગ-૨<br>વર્ગ-૩<br>વર્ગ-૪ | ૧<br>૩<br>૬<br>૪ | તા. ૨૦-૨-૨૦૦૦થી<br>તા. ૧૬-૨-૦૫ થી તા. ૧૭-૧-૦૬ દરમ્યાન<br>તા. ૧-૩-૨૦૦૦ થી તા. ૩૧-૭-૦૫ દરમ્યાન<br>તા. ૧-૩-૨૦૦૦ થી તા. ૧૩-૭-૦૫ દરમ્યાન |
| (૨) | લુણાવાડા કોટેજ હોસ્પિટલ | વર્ગ-૧<br>વર્ગ-૨<br>વર્ગ-૩<br>વર્ગ-૪ | ૨<br>૧<br>૫<br>૩ | તા. ૪-૩-૦૩ થી તા. ૧૫-૧-૦૪ દરમ્યાન<br>તા. ૬-૯-૦૫ થી<br>તા. ૩૧-૧૨-૯૫ થી તા. ૧-૭-૦૫ દરમ્યાન<br>તા. ૧-૨-૯૯ થી તા. ૩૧-૧-૦૪ દરમ્યાન |

**પત્રક-બ**

**(૧) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં તાલુકાવાર ખાલી જગાઓ**

| તાલુકાનું નામ | સંવર્ગ | ખાલી જગ્યા | ક્યારથી ખાલી જગા |
|---|---|---|---|
| (૧) શહેરા | વર્ગ-૨<br>વર્ગ-૩<br>વર્ગ-૪ | ૨<br>૭<br>૩ | ૨-૦૫, ૩-૦૫<br>તા. ૨૮-૨-૯૦ થી તા. ૯-૯-૦૪ દરમ્યાન<br>તા. ૨૮-૨-૯૦ થી તા. ૧-૩-૯૫ દરમ્યાન |
| (૨) લુણાવાડા | વર્ગ-૨<br>વર્ગ-૩<br>વર્ગ-૪ | ૧<br>૫<br>૫ | તા. ૪-૨-૦૫ થી<br>ત્રણ અથવા વધુ વર્ષથી<br>તા. ૨૮-૨-૮૯ થી તા. ૧-૩-૯૫ દરમ્યાન |

-------------

**ભરૂચ જિલ્લામાં નવી શરતની જમીન જુની શરતમાં ફેરવવાની માંગણી અંગે**

૧૫૩૧૬ **શ્રી ઈશ્વરસિંહ ઠા.પટેલ (અંકલેશ્વર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે .-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ભરૂચ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નવી શરતની જમીનો જુની શરતમાં ફેરવવા માટે કેટલી માંગણીઓ આવી,

(૧)

| તાલુકાનું નામ | આવેલ માંગણીઓ |
|---|---|
| જંબુસર | ૦૦ |
| આમોદ | ૦૦ |
| વાગરા | ૭ |
| ભરૂચ | ૩૨ |
| અંકલેશ્વર | ૨૩૬ |
| હાંસોટ | ૯૭ |
| ઝઘડીયા | ૨૪ |
| વાલીયા | ૫ |
| કુલ : | ૪૦૧ |

(૨) આવેલ માંગણીઓમાંથી કેટલી માંગણીઓ પર શરત ભંગ થઇ છે,

(૨)

| તાલુકાનું નામ | શરત ભંગ થયેલ માંગણીઓ |
|---|---|
| જંબુસર | ૦૦ |
| આમોદ | ૦૦ |
| વાગરા | ૦૦ |
| ભરૂચ | ૦૦ |
| અંકલેશ્વર | ૧૧ |
| હાંસોટ | ૪૨ |
| ઝઘડીયા | ૦૦ |
| વાલીયા | ૦૦ |
| કુલ : | ૫૩ |

(૩) તે પૈકી કેટલી માંગણીઓનો નિકાલ કરવામાં આવ્યો ,

(૩)

| તાલુકાનું નામ | નિકાલ કરેલ માંગણીઓ |
|---|---|
| જંબુસર | ૦૦ |
| આમોદ | ૦૦ |
| વાગરા | ૫ |
| ભરૂચ | ૩૨ |
| અંકલેશ્વર | ૧૩૨ |
| હાંસોટ | ૦૦ |
| ઝઘડીયા | ૨૪ |
| વાલીયા | ૫ |
| કુલ : | ૧૯૮ |

(૪) બાકી માંગણીઓમાં વિલંબ થવાના શાં કારણ છે, અને

(૪) (૧) ખાતેદાર દ્વારા જમીન માલિકનો બોજો ભરપાઇ કરેલ ન હોવાથી.
(૨) ટેનન્સી તગાવીની રકમ બાકી હોવાથી.
(૩) રેકર્ડકીય ક્ષતિના કારણે.

(૫) કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે?

(૫) પૂર્તતા થયેથી તુરત જ.

-------------

**અમદાવાદની સિવિલ હોસ્પિટલને દવાનો અપૂરતો જથ્થો**

૧૪૪૯૧ **ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ (સાબરમતી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે .-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદની સિવિલ હોસ્પીટલને તારીખ ૧-૧-૨૦૦૫ થી ૩૧-૧૨-૦૫ સુધીમાં કેટલી રકમની દવાઓ પૂરી પાડવામાં આવે, અને | (૧) રૂા. ૪,૮૪,૫૭,૭૭૧/- ની રકમની દવાઓ પુરી પાડવામાં આવેલ છે. |
| (૨) વર્ષ દરમ્યાન પૂરી પાડેલ દવાઓનો સ્ટોક અપૂરતો હોવાથી આ સ્ટોક વધારવા સરકાર ગ્રાન્ટમાં વધારો કરવા માંગે છે કે કેમ? | (૨) વર્ષ દરમ્યાન પુરી પાડેલ દવાઓનો સ્ટોક પૂરતો હોવાથી ગ્રાન્ટમાં વધારો કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**દવાખાનાઓમાં હડકાયા કુતરાની રસી વિના મૂલ્ય આપવા અંગે**

૧૫૩૪૮ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગુજરાતના મોટાભાગના દવાખાનાઓમાં હડકાયા કુતરા માટેની રસી મળતી નથી તે સરકાર જાણે છે, | (૧) હા, જી. |
| (૨) આ રસી ન મળવાના કારણો શું છે, અને | (૨) ભારત સરકારે ન્યુરલ એન્ટી રેબીજ વેક્સીનને બદલે ટીસ્યુ કલ્ચર વેક્સીનનો ઉપયોગ કરવાની સૂચના આપતાં વડોદરા ખાતેનું વેક્સીન ઇન્સ્ટીટ્યુટ બંધ થતા આવી રસીની અછત ઉભી થયેલ છે. |
| (૩) આ આવશ્યક રસી સરકાર વિના મૂલ્યે આપવા માંગે છે કે કેમ ? | (૩) (૧) ગરીબીની રેખાની નીચેના પરિવારોને વિના મુલ્યે<br>(૨) ગરીબીની રેખા ઉપરના કુટુંબોને રાહત દરે ૩૦૦/- રૂા.ના બદલે પ્રતિ ડોઝ ૧૦૦/- લેખે આપવામાં આવે છે. |

-------------

**અમદાવાદ અને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં લેબોરેટરી ટેક્નીશીયનોની ખાલી જગાઓ**

૧૫૩૧૭ **ડૉ. દિનેશ પરમાર (જામનગર (રુરલ) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ સિવિલ હોસ્પિટલ અમદાવાદ તથા ગાંધીનગરમાં મેડિકલ લેબોરેટરી ટેક્નીશીયનની કુલ કેટલી જ્ગ્યાઓ કેટલા સમયથી ખાલી છે. | (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ લેબોરેટરી ટેક્નીશીયનોની સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે ૧૨ અને સિવિલ હોસ્પિટલ, ગાંધીનગર ખાતે ૧ જ્ગ્યા આશરે ૯ માસથી ખાલી છે. |
| (૨) આ જ્ગ્યાઓ ખાલી રહેવાના શું કારણો છે, | (૨) એડહોક ધોરણે નિમણૂંક પામેલ ઉમેદવારોને છૂટા કરવામાં આવતા, વય નિવૃત્તિ અને વહીવટી કારણોસર આ જ્ગ્યાઓ ખાલી રહેવા પામેલ છે. |
| (૩) આ જ્ગ્યાઓ ભરવા સરકારે કોઈ કાર્યવાહી કરી છે, | (૩) હા. |
| (૪) જો, હા, તો શું કાર્યવાહી કરી છે, અને | (૪) સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતેની ખાલી જ્ગ્યાઓ સંદર્ભે ગોણસેવા પસંદગી મંડળને માંગણીપત્રક મોકલી આપેલ છે. દરમ્યાન આ જ્ગ્યાઓની કામગીરી આઉટ સોર્સીંગથી લેવામાં આવી રહેલ છે. સિવિલ હોસ્પિટલ ગાંધીનગર ખાતેની ખાલી જ્ગ્યા સંદર્ભે ગોણ સેવા પસંદગી મંડળ તરફથી નામો ઉપલબ્ધ થયેલ છે. જે વિચારણામાં છે. |
| (૫) આ ખાલી જ્ગ્યાઓ સરકાર કેટલા સમયમાં ભરવા માંગે છે ? | (૫) આ જ્ગ્યાઓ બનતી ત્વરાએ ભરવામાં આવશે. |

-------------

## રાજકોટ જિલ્લામાં જમીન માપણીની પડતર અરજીઓ

૧૫૨૭૪ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લાની જિલ્લા જમીન દફ્તર નિરીક્ષક ક્ચેરીમાં તા. ૩૧-૧-૦૬ સુધીમાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં જમીન માપણી માટે કેટલી અરજીઓ આવી, અને | (૧) (see table below) |

| તાલુકાનું નામ | આવેલ અરજીઓ |
|---|---|
| રાજકોટ | ૮૦૨ |
| જસદણ | ૧૬૫ |
| કોટડા સાંગાણી | ૯૩ |
| લોધિકા | ૨૦૦ |
| મોરબી | ૨૦૭ |
| વાંકાનેર | ૧૬૭ |
| માળીયા | ૪૨ |
| ટંકારા | ૧૦૨ |
| પડધરી | ૯૯ |
| ગોંડલ | ૧૬૦ |
| જેતપુર | ૧૭૪ |
| ઉપલેટા | ૧૨૫ |
| ધોરાજી | ૧૧૨ |
| જામ-કંડોરણા | ૮૭ |
| કુલ : | ૨૫૩૫ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) તેમાંથી કેટલી અરજીઓનો નિકાલ કરેલ છે અને બાકી રહેતી અરજીઓના કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ? | (૨) ૨૩૪૩ અરજીઓનો નિકાલ કરેલ છે. બાકી રહેતી અરજીઓનો સત્વરે નિકાલ કરવામાં આવશે. |

## ગાંધીધામ કોર્ટને વધારાનું બજેટ ફાળવવા અંગે

૧૪૮૪૨ ડૉ. **નીમાબેન બ. આચાર્ય** (અંજાર) : **માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીધામમાં સીનીયર ડીવીઝન કોર્ટને સીટીંગમાંથી નિયમિત કરવા શું આયોજન છે, અને | (૧) હાલમાં કોઇ આયોજન કરેલ નથી. |
| (૨) આ માટે વધારાનું બજેટ ક્યારે ફાળવવામાં આવશે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

## કડી તાલુકાના થોળ ગામે ગેરકાયદેસર બાંધકામ

૧૪૩૪૮**શ્રી બળદેવજી ચં. ઠાકોર (કડી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કડી તાલુકાના થોળ ગામે એન.કે.પ્રોટીન્સ દ્વારા શરતભંગ કરી ગેરકાયદેસર બાંધકામ અંગેની સરકારને તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ફરિયાદો મળી, અને | (૧) એક પણ નહીં. |
| (૨) સરકારે શું પગલાં ભર્યા ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

## સુરેન્દ્રનગર જિલ્લામાં સાંથણી અન્વયે અપાયેલ જમીન પરત મેળવવા અંગે

૧૪૨૯૪ **શ્રી મનહરલાલ મ. મકવાણા (દસાડા) :માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં દલીતોને સાંથણીમાં આપેલ જમીનમાં કેટલા દલીતોને હેતુફેર કરી જમીન સરકારે તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ સુધીમાં પરત મેળવી, | (૧) - શૂન્ય - |
| (૨) આ જમીનો પરત લેવાના કારણો શાં છે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

અને

| | |
|---|---|
| (૩) કેટલા દલીતોને આ અન્વયે નોટીસો આપવામાં આવી છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

## સુરેન્દ્રનગર અને રાજકોટ જીલ્લામાં જમીન માપણીની બાકી અરજીઓ

૧૫૨૮૦ **શ્રી જયંતિલાલ રા. કવાડિયા (હળવદ) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર અને રાજકોટ જીલ્લાની જમીન દફતર નિરીક્ષકની કચેરીમાં તાલુકાવાર તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જમીનની માપણી માટે કેટલી અરજી આવી, | (૧) |

| સુરેન્દ્રનગર જીલ્લો | | રાજકોટ જીલ્લો | |
|---|---|---|---|
| તાલુકાનું નામ | અરજીની સંખ્યા | તાલુકાનું નામ | અરજીની સંખ્યા |
| વઢવાણ | ૨૨૭ | રાજકોટ | ૮૦૨ |
| મૂળી | ૧૧૦ | જસદણ | ૧૬૫ |
| ચોટીલા | ૧૨૩ | કોટડા સાંગાણી | ૯૩ |
| સાયલા | ૧૪૬ | લોધિકા | ૨૦૦ |
| લીંબડી | ૧૨૩ | મોરબી | ૨૦૭ |
| ચુડા | ૧૦૫ | વાંકાનેર | ૧૬૭ |
| લખતર | ૩૬ | માળીયા | ૪૨ |
| ધાંગધ્રા | ૧૩૫ | ટંકારા | ૧૦૨ |
| હળવદ | ૧૨૮ | પડધરી | ૯૯ |
| દસાડા | ૧૧૫ | ગોંડલ | ૧૬૦ |
| - | - | જેતપુર | ૧૭૪ |
| - | - | ઉપલેટા | ૧૨૫ |
| - | - | ધોરાજી | ૧૧૨ |
| - | - | જામ-કંડોરણા | ૮૭ |
| કુલ : | ૧૨૪૮ | કુલ : | ૨૫૩૫ |

| | |
|---|---|
| (૨) જો હા, તો કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો, અને | (૨) સુરેન્દ્રનગર જીલ્લામાં ૧૧૬૮ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો.<br>રાજકોટ જીલ્લામાં ૨૩૪૩ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો. |
| (૩) બાકી રહેતી અરજીઓનો કેટલા સમયમાં નિકાલ કરવા માંગો છો ? | (૩) બાકી અરજીઓનો નિકાલ સત્વરે કરવામાં આવશે. |

-------------

## સુરેન્દ્રનગર જિલ્લામાં લેબર અને સીવીલ કોર્ટોમાં ખાલી જગાઓ

૧૪૩૭૬ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં લેબર અને સિવિલ કોર્ટોમાં ક્યા ક્યા સંવર્ગની કેટલી જગ્યાઓ તા. ૩૧-૧-૨૦૦૬ના રોજ ખાલી છે, | (૧) પત્રક-અ મુજબ. |
| (૨) આ જગ્યાઓ ક્યારથી ખાલી છે, અને | (૨) પત્રક-અ મુજબ. |
| (૩) આ ખાલી જગ્યાઓ ક્યારે ભરવામાં આવશે? | (૩) સીવીલ કોર્ટમાં ખાલી જગ્યા બાબતે નામદાર વડી અદાલતનો વહીવટી અંકુશ હોઇ નામદાર વડી અદાલતે ભરવાની રહે છે. લેબર કોર્ટમાં ખાલી જગ્યા નામદાર વડી અદાલતના પરામર્શમાં વહીવટી પ્રક્રિયા શક્ય એટલી જલ્દી પૂર્ણ કરી ભરવામાં આવશે. |

**પત્રક-અ**

**તા. ૩૧-૧-૨૦૦૬ના રોજ લેબર કોર્ટ અને સીવીલ કોર્ટમાં ખાલી જ્ગ્યાની સંખ્યા.**

| લેબર કોર્ટ | | સીવીલ કોર્ટ | |
|---|---|---|---|
| સંવર્ગ | ખાલી જ્ગ્યાની સંખ્યા | સંવર્ગ | ખાલી જ્ગ્યાની સંખ્યા |
| વર્ગ-૩ | ૩ | વર્ગ-૨ | ૩ |
| વર્ગ-૪ | ૧ | વર્ગ-૩ | ૫ |
| | | વર્ગ-૪ | ૫ |
| કુલ :- | ૪ | કુલ :- | ૧૩ |

જવાબ-(૨)

| લેબર કોર્ટ | | | સીવીલ કોર્ટ | | |
|---|---|---|---|---|---|
| સંવર્ગ | ખાલી જ્ગ્યાની સંખ્યા | વર્ષ | સંવર્ગ | ખાલી જ્ગ્યાની સંખ્યા | વર્ષ |
| વર્ગ-૩ | ૧ | ૨૦૦૦ | વર્ગ-૨ | ૩ | ૨૦૦૪ |
| વર્ગ-૩ | ૨ | ૨૦૦૫ | વર્ગ-૩ | ૧ | ૨૦૦૫ |
| વર્ગ-૪ | ૧ | ૨૦૦૩ | વર્ગ-૩ | ૪ | ૨૦૦૬ |
| | | | વર્ગ-૪ | ૫ | ૨૦૦૬ |

-------------

**ધારી તેમજ બગસરા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં ડૉક્ટરો અને નર્સીંગ સ્ટાફની ઘટ**

૧૪૨૦૧ **શ્રી બાલુભાઈ તંતી (ધારી) :માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ધારી તેમજ બગસરા તાલુકાના ગ્રામ્ય દવાખાનઓ કેટલા દવાખાના ચાલુ છે,

**જવાબ**

(૧) ધારી તેમજ બગસરા તાલુકાના સામુહિક આરોગ્ય કેન્દ્ર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મળી કુલ નવ ગ્રામ્ય દવાખાનાઓ ચાલુ છે. જેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | સામુહિક આરોગ્ય કેન્દ્રની સંખ્યા | સામુહિક આરોગ્ય કેન્દ્રનું નામ |
|---|---|---|---|
| ૧ | ધારી | ૨ | ધારી ચલાલા |
| ૨ | બગસરા | ૧ | બગસરા |
| ૧ | ધારી | ૦૪ | જિરા ભાંડેર દલખાણિયા ગોપાલગ્રામ |
| ૨ | બગસરા | ૦૨ | માવજી જવા જુની હળીયાદ |

(૨) આ દવાખાનામાં નામ પ્રમાણે કેટલા ડૉક્ટર નર્સીંગ સ્ટાફ અને કર્મચારીની ગામ પ્રમાણે ઘટ છે, અને

(૨)

| સામુહિક આરોગ્ય કેન્દ્ર | ખાલી જ્ગ્યાની સંખ્યા | | |
|---|---|---|---|
| | ડૉક્ટર | નર્સીંગ સ્ટાફ | કર્મચારી |
| ધારી | ૨ | - | ૩ |
| ચલાલા | ૩ | - | ૧૪ |
| બગસરા | ૧ | - | ૨ |
| કુલ.. | ૬ | - | ૧૯ |

| ધારી તાલુકો પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો | ખાલી જ્ગ્યાની સંખ્યા (પેટર્ન મુજબ) | |
|---|---|---|
| | ડૉક્ટરો | કર્મચારીઓ |

| | | |
|---|---|---|
| ભાંડેર | ૧ | ૩ |
| જીરા | - | ૩ |
| દલખાણીયા | ૧ | ૨ |
| ગોપાલગ્રામ | - | ૩ |
| કુલ | ૨ | ૧૧ |
| | | |
| બગસરા તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો | ખાલી જગ્યાની સંખ્યા | |
| | ડૉક્ટરો | કર્મચારીઓ |
| માવજીજવા | ૧ | ૩ |
| જુનીહળીયાદ | ૦ | ૩ |
| કુલ | ૧ | ૬ |

(૩) આ ઘટ સરકાર કેટલા સમયમાં દૂર કરશે ?

(૩) (૧) તબીબી અધિકારી વર્ગ-૧ અને તબીબી અધિકારી વર્ગ-૨ની જગ્યા માટે જરૂરી લાયકાત ધરાવતા ઇચ્છુક ઉમેદવારો ઉપલબ્ધ થયેથી બનતી ત્વરાએ.

(૨) વર્ગ-૩ સંવર્ગ પૈકી પેરા મેડીકલ સંવર્ગની ખાલી જગ્યાઓ સરકારશ્રીની પ્રવર્તમાન નીતિ અનુસાર અને ભરતી એજન્સી તરફથી પસંદગી પામેલા ઉમેદવારોની ભલામણ મળતા બનતી ત્વરાએ.

(૩) વહીવટી સંવર્ગની સીનીયર ક્લાર્કની ખાલી જગ્યા માટે ફીડર કેડરમાંથી લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી, ફાજલ સેવામાંથી આ સંવર્ગના કર્મચારીઓ મળતા જગ્યા ભરી શકાશે.

(૪) વર્ગ-૪ સંવર્ગની ખાલી જગ્યાઓ સરકારની પ્રવર્તમાન નીતિ અને જરૂરિયાત મુજબ બનતી ત્વરાએ.

-------------

**કચ્છ જિલ્લામાં ઇકોનોમિક ઝોન સ્થાપવા ફાળવેલ જમીન બાબત**

૧૩૮૩૯ **શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં મુન્દ્રા અને તેની આસપાસના વિસ્તારોમાં અદાણી જૂથને સ્પેશયલ ઇકોનોમીક ઝોન સ્થાપવા કેટલી જમીન શા ભાવે ક્યારે આપવામાં આવી,

(૨) આ જમીન કઇ કઇ શરતોને આધીન આપવામાં આવી, અને

(૩) હાલ બજાર કિંમતે આ જમીનનો શો ભાવ ચાલે છે ?

**જવાબ**

(૧) કુલ-૨,૮૪,૦૫,૬૬૮ ચો.મી. જમીન જુદા જુદા વિસ્તાર પ્રમાણે રૂા. ૨-૫૦ પ્રતિ ચોરસ મીટર થી રૂા. ૨૫-૦૦ પ્રતિ ચોરસ મીટરના જુદા જુદા ભાવે તા. ૧૫-૭-૦૫ થી આપી છે.

(૨) નવી અવિભાજ્ય અને વિક્રિયાદિત નિયંત્રિત શરતે.

(૩) હાલ જુદા જુદા વિસ્તાર પ્રમાણે રૂા. ૪-૫૦ થી ૨૯-૧૬ પ્રતિ ચોરસ મીટરના જુદા જુદા ભાવ ચાલે છે.

-------------

**દેવગઢબારીયા સિવિલ હોસ્પિટલમાં ગાયનેક ડૉક્ટરની ખાલી જગા**

૧૫૨૮૩ **શ્રી બચુભાઈ ખાબડ (દેવગઢબારિયા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લાના દેવગઢબારીયા સિવિલ હોસ્પિટલમાં ગાયનેક ડૉક્ટરની જગ્યા ક્યારથી ખાલી છે, અને

**જવાબ**

(૧) તા. ૧૪-૧૦-૦૩ થી,

(૨) આ જગ્યા ક્યારે પુરવા માંગો છો ? — (૨) સત્વરે.

-------------

**સુરત ખાતેની જુની સીવીલ હોસ્પિટલને ડીસ્પેન્સરીમાં ફેરવવા અંગે**

૧૪૧૮૪ **શ્રી મનીષ ન. ગીલીટવાલા (સુરત શહેર(પૂર્વ) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત ખાતે આવેલ જુની સિવીલ હોસ્પિટલને ડીસ્પેન્સરીમાં ફેરવવાની કાર્યવાહી હાલ ક્યા તબક્કે છે, અને | (૧) અને (૨) જુની સિવીલ હોસ્પિટલ સુરતને ડીસ્પેન્સરી સાથેની આંખની હોસ્પિટલમાં ફેરવવામાં આવેલ છે, તદ્નુસાર વધારાના સ્ટાફ પેકી ૧૯ જણાના સ્ટાફને જરૂરીયાતમંદ હોસ્પિટલોમાં ફેરવેલ છે, અને બાકીના વધારાના સ્ટાફને અન્યત્ર ફેરવવાની કાર્યવાહી ગતિમાં છે. |
| (૨) કેટલા સમયમાં તે પૂર્ણ થશે ? | |

-------------

**નવા નિમણૂંક થયેલ એમ.બી.બી.એસ. ડૉક્ટરોને ગ્રામ્ય વિસ્તારમાં મૂક્વા અંગે**

૧૫૩૪૫ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નવા તેયાર થતા એમ.બી.બી.એસ. ડૉક્ટરોને એક વર્ષ ફરજિયાત ગ્રામ્ય વિસ્તારમાં સેવા માટે મૂક્વા તાજેતરમાં કેન્દ્ર સરકારે રાજ્ય સરકારને આદેશ ર્ક્યો છે તે વાત સાચી , અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આ અંગેની વિગતો શું છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**ગાંધીનગર જીલ્લામાં સરકારી ગોચર જમીન ઉપર દબાણો અંગે જમીન ફાળવણી**

**૧૪૮૫૪ ડૉ. સી. જે. ચાવડા (ગાંધીનગર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧/૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કલેક્ટરશ્રી ગાંધીનગર દ્વારા ગાંધીનગર જીલ્લામાં ક્યા ક્યા તાલુકામાંથી કેટલા ગામોમાંથી સરકારી ગોચર પડતર જમીન ઉપરથી દબાણો દૂર ર્ક્યા, | (૧) ગાંધીનગર જીલ્લામાં કોઈપણ તાલુકામાં સરકારી ગોચરની કોઈ જમીન નથી તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) દબાણ દૂર ક્યા બાદ આજ સર્વે નંબર પેકી કેટલી જમીન ક્યા ક્યા ગામમાં સંસ્થા, વેપારી પેઢી કે અન્યને ફાળવવામાં આવી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ક્યા હેતુ માટે ફાળવવામાં આવી ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**આદિવાસી વિસ્તારમાં આવાસની રકમમાં વધારો કરવા આયોજન**

૧૫૩૫૬ **શ્રી મહેશભાઈ છો.વસાવા (દેડિયાપાડા) :માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ટ્રાયબલ આવાસ નીચે સરકાર એક મકાન માટે કેટલી રકમ મંજૂર કરે છે, | (૧) રૂપિયા ૪૦,૦૦૦/- |
| (૨) આવી રકમ કેટલા સમયથી અપાય છે, અને | (૨) તા. ૧/૨/૨૦૦૨ થી |
| (૩) વધેલી મોંઘવારીમાં સરકાર ટ્રાયબલ આવાસ માટેની રકમમાં વધારો કરવા કોઈ આયોજન કરેલું છે કે કેમ ? | (૩) ના, જી. |

-------------

## વન ખાતામાં રોજમદારોની ભરતી

૧૩૯૦૧ **શ્રી માધુભાઈ જે.ભોયે (ડાંગ-વાંસદા):માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વન ખાતામાં જુના રોજમદારોને છૂટા કરીને નવા રોજમદારોની ભરતી કરવામાં આવી છે તે રાજ્ય સરકાર જાણે છે, | (૧) વન ખાતામાં નવા રોજમદારોની ભરતી કરવા માટે જુના રોજમદારોને છુટા કરેલાની વાત સાચી નથી. |
| (૨) જો હા, તો આ અંગેની વિગતો જણાવો, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો ના, તો આ અંગે તપાસ નિમવાનું આયોજન છે કે કેમ ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

## બારડોલી તાલુકામા સરકારી પડતર જમીનમાં ખેડાણ અને કરેલ કાર્યવાહી

૧૪૮૫૭ **શ્રી અનિલકુમાર મો. પટેલ (બારડોલી) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ સુરત જિલ્લાના બારડોલી તાલુકામાં સરકારી પડતર જમીનમાં ખેડાણ કરવામાં આવેલ હોય એવા કેટલા બનાવો છેલ્લા બે વર્ષ દરમ્યાન બન્યા, | (૧) કોઈ બનાવ બનેલ નથી |
| (૨) સરકારી પડતર જમીનમાં ખેડાણ કરવામાં આવેલ હોય તેવા ઈસમ સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આવી જમીનમાં ગેરકાયદેસર ખેડાણ કરવા છતાં કાર્યવાહી ન કરવામાં આવી હોય તો તેનું કારણ શું છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

## વલસાડ જિલ્લાની સિવિલ હોસ્પિટલમાં સંવર્ગવાર ખાલી જગાઓ

૧૪૪૯૯ **શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ (પારડી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વલસાડ જિલ્લાની સિવિલ હોસ્પિટલમાં સંવર્ગવાર જ્ગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

**જવાબ**

(૧)

| ક્રમ | સંવર્ગ | ક્યારથી ખાલી |
|---|---|---|
| ૧ | રેડીયોલોજીસ્ટ | ૧૯૯૮થી |
| ૨ | ફીઝીશીયન | તા. ૨૩-૬-૦૩ |
| ૩ | તબીબી અધિકારી (બે જ્ગ્યા) | તા. ૨૫-૭-૦૫ |
| ૪ | જુનીયર ક્લાર્ક | તા. ૨૮-૫-૦૫ |
| ૫ | એક્સરે આસી. | તા.૨૯-૧૨-૦૪ |
| ૬ | લેબ. ટેક્નીશીયન | તા. ૧૫-૩-૦૫ |
| ૭ | જુ.ફાર્માસીસ્ટ | તા. ૨૮-૪-૦૫ |
| ૮ | લેડી.હેલ્થ વીઝીટર | તા. ૧-૧-૦૨ |
| ૯ | ફીઝીયોથેરાપી | તા. ૨૩-૩-૨૦૦૦ |
| ૧૦ | વોર્ડ બોય | તા. ૨-૧૨-૦૨ |

(૨) ખાલી જ્ગ્યાઓ કેટલા સમયમાં સરકાર ભરવા માંગે છે ?

(૨) સત્વરે.

-------------

## વન મહોત્સવ અંગે

૧૫૨૯૯ **શ્રી નરેશકુમાર મી. કનોડિયા (કરજણ)** : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પ્રવર્તમાન વર્ષમાં ગુજરાત સરકારે વન મહોત્સવ ગાંધીનગર બહાર કર્યો છે તે વાત સાચી, | (૧) હા, જી |
| (૨) જો હા, ક્યા જિલ્લામાં, અને | (૨) બનાસકાંઠા જિલ્લામાં |
| (૩) આગામી વર્ષમાં ક્યા જિલ્લામાં વન મહોત્સવ કરવાના છો ? | (૩) આગામી વર્ષમાં **તારંગા** - મહેસાણા જિલ્લામાં વન મહોત્સવ કાર્યક્રમનુંઆયોજન છે. |

-------------

## ખાનગી મેડિક્લ કોલેજોમાં વધારે ફી લેવા અંગે

૧૪૭૦૬ **શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ)** : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખાનગી મેડીક્લ કોલેજોના ફીના ધોરણ અંગે. રચાયેલ શ્રી આર.જે. સમિતિ દ્વારા ફીનું કેટલું ધોરણ નક્કી કરવામાં આવ્યું, | (૧) શ્રી આર.જે. શાહ સમિતિ ધ્વારા આ સાથેના પત્રકમાં જણાવ્યાનુસાર ખાનગી મેડીક્લ કોલેજોના ફી ના ધોરણ નક્કી કરવામાં આવ્યા છે. |
| (૨) ચાલુ શૈક્ષણિક સત્રમાં તે ધોરણે ફી સબંધિત કોલેજો દ્વારા લેવામાં આવી છે, | (૨) મોટા ભાગની સંસ્થાઓ ધ્વારા નિયત દરોએ ફી લેવામાં આવી છે. |
| (૩) જો તે ધોરણ પ્રમાણે ફી ન લેવામાં આવી હોય તો તેવી કેટલી સંસ્થાઓ છે કે જેના દ્વારા વધારે ફી વસુલ કરવામાં આવી છે, અને | (૩) ત્રણ (૩) |
| (૪) તે માટે સરકાર દ્વારા શું પગલાં લેવામાં આવ્યા ? | (૪) બાબત ન્યાયાધિન છે. |

આર.જે. શાહ સમિતિ ધ્વારા નક્કી કરવામાં આવેલ ફી અંગેની વિગતો.

| ક્રમ | સંસ્થાનું નામ | વાર્ષિક ફી |
|---|---|---|
| ૧ | એન.એચ.એલ.મ્યુનિસિપલ મેડીક્લ કોલેજ અમદાવાદ | ૧.૪૦ લાખ |
| ૨ | સુરત મ્યુનિસિપલ ઈન્સ્ટીટયુટ ઓફ મેડીક્લ એજ્યુકેશન અને રીસર્ચ, સુરત | ૧.૩૫ લાખ |
| ૩ | પ્રમુખ સ્વામી મેડીક્લ કોલેજ, કરમસદ | ૧.૪૫ લાખ |
| ૪ | સી.યુ. શાહ મેડીક્લ કોલેજ, સુરેન્દ્રનગર | ૧.૩૦ લાખ |
| ૫ | શ્રીમતી બી.કે. શાહ મેડીક્લ ઈન્સ્ટીટયુટ એન્ડ રીસર્ચ સેન્ટર, પીપલીયા, વાઘ ોડીયા, વડોદરા | ૧.૩૦ લાખ |

-------------

## મહેસાણા જિલ્લામાં મિલ્કતોની બાકી તબદીલી

૧૪૫૧૨ **શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા)** : **માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડૂતો અને અન્ય લોકોની મિલ્કતો વેચાણ કે અન્ય રીતે તબદીલ કરવાની નોંધો પાડવાની સત્તા તલાટી પાસેથી લઈ કોમ્પ્યુટર દ્વારા મામલતદાર ક્યેરીમાં પાડવાનું ઠરાવેલ છે, | (૧) હા, જી |
| (૨) જો હા, તો સદર નોંધો મહેસાણા જિલ્લામાં કોમ્પ્યુટર સોફ્ટવેરના અભાવે પાડવાની મોટા પાયે બાકી છે, અને | (૨) કમ્પ્યુટરાઈઝેશન પધ્ધતિ દાખલ કર્યા બાદ ૩૩,૪૪૫ નોંધો દાખલ કરાઈ છે. ૩૧૬ નોંધો પાડવાની બાકી છે. |
| (૩) જો હા, તો આ અંગે સરકાર શું કરવા માંગે છે | (૩) બિન ખેતી સોફ્ટવેર, અનેઆઈસી ખાતે ડેવલપમેન્ટ હેઠળ છે. જે ૧ (એક) માસમાં પૂર્ણ થયે નોંધોની કામગીરી હાથ ધરાશે. |

ઐચબી-૯૦૫-૨૦

-------------

**બનાસકાંઠામાં સાપ જેવા ઝેરી પ્રાણીઓ તેમજ હડકવા નાથવા માટે રસીઓ ઉપલબ્ધ કરવા અંગે**

૧૫૩૫૩ **શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાપ જેવા ઝેરી પ્રાણીના કરડવાથી થતાં માનવ મૃત્યુ અને હડકવા નાથવા માટે બનાસકાંઠા જિલ્લામાં જાન્યુઆરી ૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા છ માસથી જરૂરી જીવન રક્ષક દવા તથા રસીઓ ઉપલબ્ધ નથી તે હકીક્ત સરકાર જાણે છે, અને

(૨) જો હા, તો સરકારે લીધેલ પગલાંની વિગતો શું છે?

**જવાબ**

(૧) સાપ જેવા ઝેરી પ્રાણીના કરડવાથી થતા માનવ મૃત્યુ અને હડકવા નાથવા માટે બનાસકાંઠા જિલ્લામાં જિલ્લામાં જરૂરી જીવન રક્ષક દવા તથા રસીઓ પુરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**કેશોદ, વંથલી અને માળીયા હાટીના તાલુકામાં તબીબી અધિકારીઓની ઘટ**

૧૫૨૬૬ **શ્રી માધાભાઇ લા. બોરીચા** (કેશોદ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ કેશોદ, વંથલી અને માળીયા-હાટીના તાલુકામાં કેટલા પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રો છે,

(૨) આ પૈકી કેટલા પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં તબીબી અધિકારીઓ અને સ્ટાફની ઘટ છે, અને

(૩) એ ઘટ ક્યાં સુધીમાં પુરવા આયોજન છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ કેશોદ, વંથલી અને માળીયા-હાટીના તાલુકામાં નીચે મુજબના પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્ર છે.

| તાલુકાનું નામ | સા.આ.કેન્દ્ર | પ્રા.આ.કેન્દ્ર |
|---|---|---|
| કેશોદ | ૧ | ૪ |
| વંથલી | ૧ | ૩ |
| માળીયા-હાટીના | ૧ | ૪ |

(૨) સામુહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં તબીબી અધિકારીઓ તથા સ્ટાફની નીચે મુજબની ઘટ છે.

સામુહિક આરોગ્ય કેન્દ્ર

| તાલુકાનું નામ | વર્ગ-૧ | વર્ગ-૨ | વર્ગ-૩ | વર્ગ-૪ |
|---|---|---|---|---|
| કેશોદ | -- | ૧ | ૩ | -- |
| વંથલી | ૧ | -- | ૧ | ૩ |
| મળીયા-હાટીના | ૧ | ૧ | ૨ | ૧ |

પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર

| તાલુકાનું નામ | વર્ગ-૨ | વર્ગ-૩ | વર્ગ-૪ |
|---|---|---|---|
| કેશોદ | ૧ | ૫ | ૧૧ |
| વંથલી | -- | ૨ | ૫ |
| માળીયા-હાટીના | ૨ | ૪ | ૧૧ |

(૩) રાજ્ય સરકારની પ્રવર્તમાન નીતિ અને જરૂરી લાયકાતવાળા તબીબો ઉપલબ્ધ થયેથી તેમજ વર્ગ-૩ અને વર્ગ-૪ની બાબતમાં ભરતી એજન્સી તરફથી યોગ્યતા ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થતાં બનતી ત્વરાએ.

-------------

**ગોધરા હત્યાકાંઠ અન્વયે પંચ સમક્ષ રજૂઆતો માટે વકીલોનું મહેનતાણું**

૧૪૮૭૭ **શ્રી રાકેશ રાવ (માતર) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૦૬ ની સ્થિતિએ ગોધરા હત્યાકાંડ માટે પોટા કોર્ટ તથા નાણાવટી શાહ પચ સમક્ષ રજૂઆતો કરવા રાજય સરકારે કેટલા વકીલોને રોકયા છે, | (૧) ૧. પોટા કોર્ટ - ૪<br>૨. નાણાવટી શાહ પંચ - ૪<br>કુલ : ૮ |
| (૨) આ વકીલોને આ સ્થિતિએ કેટલું મહેનતાણું ચૂકવવામાં આવ્યું છે, અને | (૨) ૧. પોટા કોર્ટ - રૂા. ૧,૫૪,૬૯,૦૦૦/-<br>૨. નાણાવટી શાહ પંચ રૂા. ૧૪,૬૯,૮૦૨/- |
| (૩) આ વકીલોની નિમણૂકો આપવા માટે વિભાગે કયા પ્રકારની કાર્યવાહી અપનાવી છે? | (૩) ગૃહ વિભાગ તરફથી વકીલોની નિમણૂક સંદર્ભમાં દરખાસ્ત મળ્યા બાદ સરકારશ્રીની મંજૂરી મેળવી નિમણૂક કરવામાં આવી છે. |

-------------

**વલસાડ જિલ્લામાં સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં ખાલી જગાઓ**

૧૪૦૭૧ **શ્રી જીતુભાઈ હ.ચૌધરી (મોટા પોંઢા): માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લામાં તાલુકાવાર સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર કેટલી જ્ગ્યાઓ તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ ખાલી છે, અને

**જવાબ**

(૧) તાલુકાવાર ખાલી જગાઓ.

| તાલુકાનું નામ | સંવર્ગ | | | |
|---|---|---|---|---|
| | વર્ગ-૧ | વર્ગ-૨ | વર્ગ-૩ | વર્ગ-૪ |
| ૧. વલસાડ | ૦૧ | ૦૦ | ૧૧ | ૦૬ |
| ૨. પારડી | ૦૨ | ૦૩ | ૧૪ | ૧૯ |
| ૩. ઉમરગામ | ૦૨ | ૦૧ | ૦૭ | ૦૯ |
| ૪. કપરાડા | ૦૨ | ૦૧ | ૧૨ | ૦૪ |
| ૫. ધરમપુર | ૦૨ | ૦૨ | ૧૦ | ૦૮ |

(૨) આ ખાલી જ્ગ્યાઓ સત્વરે ભરવા શું આયોજન છે ?

(૨) સરકારશ્રીની પ્રવર્તમાન નીતિ, કાર્યભારણ અને લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી બનતી ત્વરાએ જગાઓ ભરવાનું આયોજન છે.

-------------

**નવસારી જિલ્લામાં તાલુકાવાર ભારે વરસાદ અને પૂરના કારણે થયેલ નુકસાન તથા બાકી સહાય**

૧૪૮૬૮ **શ્રી છનાભાઈ કો.ચૌધરી (ધરમપુર) :માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૫-૦૬ના વર્ષમાં આવેલ ભારે વરસાદ અને પૂરના કારણે નવસારી જિલ્લામાં તાલુકાવાર કેટલું નુકસાન થયેલ છે, અને

**જવાબ**

(૧)

| | તાલુકો | થયેલ નુકસાન (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૧. | નવસારી | ૧૭૦૭.૪૪ |
| ૨. | જલાલપોર | ૧૪૧૭.૬૬ |
| ૩. | ગણદેવી | ૧૮૦૧.૯૯ |
| ૪. | ચીખલી | ૧૧૦૯.૧૦ |
| ૫. | વાંસદા | ૬૨૫.૧૫ |
| | કુલ : | ૬૬૬૧.૩૪ |

(૨) આ નુકસાન સામે અસરગ્રસ્તોને તા. ૩૧-૧-૦૬

(૨) તાલુકો ચૂકવેલ સહાયની

સુધીમાં કેટલી સહાય ચૂકવાઈ, અને

| | | વિગત (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૧. | નવસારી | ૧૨૮.૦૨ |
| ૨. | જલાલપોર | ૫૯.૦૩ |
| ૩. | ગણદેવી | ૮૮.૦૧ |
| ૪. | ચીખલી | ૦૮.૭૭ |
| ૫. | વાંસદા | ૫.૨૬ |
| | કુલ : | ૨૮૯.૦૯ |

(૩) બાકી સહાય કેટલા સમયમાં ચૂકવાશે ?

(૩) ગણદેવી ૧ વ્યક્તિને સહાય ચૂકવવાની બાકી છે, જે તેમના ગાર્ડીયન નક્કી થયેથી તાકીદે ચૂકવવામાં આવશે.

-------------

## કચ્છ જિલ્લામાં અછતગ્રસ્ત વિસ્તારમાં રાહતકામો

૧૫૨૮૯ **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં જાન્યુઆરી, ૨૦૦૬ની સ્થિતિએ જાહેર થયેલા અછતગ્રસ્ત અને અર્ધ અછતગ્રસ્ત ગામોમાં ભુજ અને નખત્રાણા તાલુકામાં કઈ કઈ જ્ગ્યાએ માનવ રોજગારી માટે રાહતકામો શરૂ કરવાનું આયોજન છે,

(૨) તે પૈકી કઈ કઈ જ્ગ્યાએ રાહતકામો શરૂ કરવામાં આવ્યા છે,

(૩) આ રાહતકામોમાં કેટલા અસરગ્રસ્તોને રોજગારી મળી રહી છે, અને

(૪) બાકી રહેલા ગામોમાં રાહતકામો કઈ તારીખ સુધીમાં શરૂ કરવામાં આવનાર છે ?

**જવાબ**

(૧) સરકારશ્રી દ્વારા વર્ષ ૨૦૦૫-૨૦૦૬ દરમ્યાન કચ્છ જિલ્લાના નખત્રાણા તાલુકાના ૯૧ ગામો અછતગ્રસ્ત તથા ૩૮ ગામો અર્ધ અછતગ્રસ્ત એમ મળીને કુલ ૧૨૯ તથા ભુજ તાલુકાના બન્ની વિસ્તારના ૧૪ ગામો અર્ધ અછતગ્રસ્ત જાહેર કરવામાં આવેલા છે. આ તાલુકાઓમાં તાલુકા રાહત સમિતિ દ્વારા નિર્ણય લેવાયેથી રાહતકામો શરૂ કરવામાં આવનાર છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) નખત્રાણા તાલુકામાં કોઈ અછત રાહત કામની મજૂરો તરફથી કે ગ્રામ પંચાયત તરફથી માંગણી નથી જે માંગણી આવ્યેથી રાહતકામ શરૂ થઈ શકશે. ભુજ તાલુકામાં અછત રાહતકામો શરૂ કરવાની માંગણી આવ્યેથી તાલુકા અછત રાહત સમિતિના નિર્ણયાનુસાર રાહતકામો શરૂ થઈ શકશે.

-------------

## આણંદ જિલ્લામાં ભારે વરસાદ અને પૂરના કારણે ઈસમોના મૃત્યુ અને સહાય

૧૪૦૫૫ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગત ચોમાસા દરમ્યાન આણંદ જિલ્લામાં ભારે વરસાદ અને પૂરના કારણે તાલુકાવાર કેટલા ઈસમોના મૃત્યુ થયા,

**જવાબ**

(૧) ગત ચોમાસા દરમ્યાન આણંદ જિલ્લામાં ભારે વરસાદ અને પૂરના કારણે કુલ-૩૩ ઈસમોના મૃત્યુ થયા હતા. તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| ક્રમ ૧ | તાલુકાનું નામ ૨ | મૃત્યુ થયેલ ઈસમોની સંખ્યા ૩ |
|---|---|---|
| ૧. | આણંદ | ૮ |
| ૨. | ઉમરેઠ | ૫ |
| ૩. | બોરસદ | ૮ |
| ૧ | ૨ | ૩ |
| ૪. | આંકલાવ | ૭ |
| ૫. | પેટલાદ | ૧ |
| ૬. | સોજીત્રા | ૦ |
| ૭. | ખંભાત | ૪ |

| | | |
|---|---|---|
| ૮. | તારાપુર | ૦ |
| | કુલ : | ૩૩ |

(૨) કેટલા ઈસમોને તે અન્વયે તા. ૩૧-૦૧-૦૬ સુધીમાં સહાયતા ચૂકવવામાં આવી, અને

(૨) તા. ૩૧-૦૧-૨૦૦૬ સુધીમાં સહાયતા નીચે મુજબ ચૂકવવામાં આવી છે.

| ક્રમ | તાલુકાનું નામ | સહાયતા ચૂકવેલ કેસોની સંખ્યા |
|---|---|---|
| ૧. | આણંદ | ૫ |
| ૨. | ઉમરેઠ | ૪ |
| ૩. | બોરસદ | ૨ |
| ૪. | આંકલાવ | ૨ |
| ૫. | પેટલાદ | ૦ |
| ૬. | સોજીત્રા | ૦ |
| ૭. | ખંભાત | ૨ |
| ૮. | તારાપુર | ૦ |
| | કુલ : | ૧૫ |

(૩) સહાયતા ચૂકવવામાં ભેદભાવ અને ગેરરીતિઓની કેટલી ફરિયાદો સરકારને મળી ?

(૩) તમામ કિસ્સામાં સરકારશ્રી દ્વારા નિયત થયેલ ધોરણ મુજબ સહાય ચૂકવવામાં આવેલ હોઈ સહાયતા ચૂકવવામાં ભેદભાવ અને ગેરરીતિઓની કોઈ ફરિયાદ મળેલ નથી.

-------------

## ૭/૧૨ અને ૮/અ ના હક્કપત્રની ફી અને આવક

૧૪૮૭૧ **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી (અમરેલી) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ૩૧ જાન્યુઆરી ૨૦૦૬ ની સ્થિતિએ જમીન મહેસુલ નિયમો ૧૯૨૧ હેઠળ ખેડુતોને ૭/૧૨, ૮(અ) તથા હક્કપત્રકના દાખલા માટે કેટલી ફી વસુલવામાં આવે છે.

(૨) અગાઉ લેવાતી ફીમાં કેટલો વધારો કરવામાં આવેલ છે, અને

(૩) તેનાથી રાજ્ય સરકારની વાર્ષિક આવકમાં કેટલો વધારો થયેલ છે ?

**જવાબ**

(૧) રાજ્યમાં તા.૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ રૂા. ૫/-ની ફી નક્કી નક્કી કરવામાં આવી છે અને તે પ્રમાણે ફી વસુલ કરવામાં આવે છે.

(૨) અગાઉ લેવામાં આવતી ફીમાં વધારો કરવામાં આવેલ નથી.

(૩) અગાઉ લેવામાં આવતી ફીમાં કોઇ વધારો કરવામાં આવેલ નથી જેથી રાજ્ય સરકારની વાર્ષિક આવકમાં વધારાનો પ્રશ્ન રહેતો નથી.

-------------

## હાલોલ ખાતેના સામુહિક આરોગ્ય કેન્દ્રમાં ઓર્થોપેડીક વિભાગ શરૂ કરવા અંગે

૧૫૨૯૮ **શ્રી જયદ્રથસિંહજી ચં.પરમાર (હાલોલ) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લાના હાલોલ ખાતેના સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ઓર્થોપેડીક વિભાગ શરૂ કરવા માંગો છો કે કેમ,

(૨) હાલોલ ઓદ્યોગિક સ્થળ હોય તેમજ ઘણી વખત અકસ્માતના કિસ્સામાં વડોદરા રીફર કરવા પડે છે તે વાત સાચી છે, અને

(૩) ક્યાર સુધી ઓર્થોપેડીક વિભાગ શરૂ કરવા માંગો છો?

**જવાબ**

(૧) ના, જી.

(૨) અકસ્માતમાં ગંભીર ઇજા પામેલા દર્દીઓ કે જેની સારવાર સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે શક્ય ન હોય તેવા કેસોને જ વડોદરા ખાતે રીફર કરવામાં આવે છે.

(૩) ઉપર (૧)ના સંદર્ભમાં પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

## રાજ્યમાં એઇડ્સના દર્દીઓ અને મળેલ સહાય

૧૪૮૪૫ **ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા) :માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમા રાજ્યમાં એઇડ્સના કેટલા દર્દીઓ મળ્યા, | (૧) ૨૮૮૩ |
| (૨) રોગને અટકાવવા સરકાર દ્વારા શું આયોજન છે, અને | (૨) ૧. લોકોને આ રોગ વિષે જાગૃત કરવા લોક માધ્યમો દ્વારા પ્રયો કરવામાં આવી રહ્યા છે.<br>૨. જોખમી વ્યવહારો ધરાવતાં જૂથોમાં સલામત વ્યવહારો અપનાવે તે માટે સ્વૈચ્છિક સંસ્થાઓ મારફત પ્રય કરવામાં આવી રહ્યાં છે.<br>૩. રાજ્યની સરકારી મેડીકલ કોલેજો અને જિલ્લા હોસ્પિટલોમાં કાઉન્સેલીંગ સેન્ટરો શરૂ કરવામાં આવ્યા છે.<br>૪. લોકોને સલામત લોહી મળી રહે તે માટે સરકારી અને સ્વૈચ્છિક સંસ્થા દ્વારા સંચાલિત કુલ-૫૭ બ્લડ બેંકોનું આધુનિકરણ કરવામાં આવ્યું છે.<br>૫. એઇડ્સના દર્દીઓને સારવાર આપવા માટે સરકારી હોસ્પિટલોના તબીબોને તાલીમ આપવામાં આવે છે અને દવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે છે.<br>૬. સરકારી મેડીકલ કોલેજો તેમજ જિલ્લા હોસ્પિટલોમાં જાતિય રોગોની સારવાર માટે જરૂરી સાધનો, દવાઓ તથા આર્થિક સહયોગ પૂરો પાડવામાં આવે છે.<br>૭. શાળાકીય એઇડ્સ શિક્ષણ કાર્યક્રમ હેઠળ સરકારી તેમજ ખાનગી શાળાઓના ધોરણ ૯ અને ૧૧ના બાળકોને એઇડ્સનું શિક્ષણ આપવામાં આવે છે.<br>૮. એચ.આઇ.વી./એઇડ્સ વિષે માહિતી મળી રહે તે માટે મુખ્ય શહેરોમાં નિઃશુલ્ક ટેલીફોન હેલ્પ લાઇન-૧૦૫૧ સેવા શરૂ કરવામાં આવી છે.<br>૯. બી. જે. મેડીકલ કોલેજ, અમદાવાદ ખાતેથી એઇડ્સના દર્દીઓને એન્ટીરીટ્રોવાઇરલ દવાઓ મળી રહે તે માટે એક સેન્ટર શરૂ કરવામાં આવ્યું છે. |
| (૩) કેન્દ્ર સરકાર તરફથી વાર્ષિક કેટલી સહાય મળે છે? | (૩) સને ૨૦૦૪-૦૫ના વર્ષમાં રૂા. ૧૫૫૭ લાખ અને સને ૨૦૦૫-૦૬ના વર્ષમાં રૂા. ૨૩૨૩.૨૧ લાખની ગ્રાન્ટ મળેલ છે. |

-------------

## ખેડા અને આણંદ જિલ્લામાં ફોજદારી તથા સિવિલના પડતર કેસો

૧૩૮૩૬ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા અને આણંદ જિલ્લામાં તા.૩૧.૧૨.૦૫ ની સ્થિતિએ ફોજદારી સિવિલ કેસોનો કેટલો ભરાવો થયેલ છે,

**જવાબ**

(૧) (અ) ખેડા જિલ્લો :

| | એપેલેટ કોર્ટો | તાબાની કોર્ટો |
|---|---|---|
| દિવાની કેસો | ૩૭૧૫૮ | ૯૫૧૭ |
| ફોજદારી કેસો | ૮૭૪ | ૧૦૩૫૬૩ |
| કુલ :- | ૩૮૦૩૨ | ૧૧૩૦૮૦ |

(બ) આણંદ જિલ્લો :-

| | એપેલેટ કોર્ટો | તાબાની કોર્ટો |
|---|---|---|
| દિવાની કેસો | ૧૦૧૧ | ૧૭૯૭૮ |
| ફોજદારી કેસો | ૨૬૨ | ૧૨૨૬૭૧ |
| કુલ :- | ૧૨૭૩ | ૧૪૦૬૪૯ |

(૨) તે પૈકી ત્રણ વર્ષ કે તેથી વધુ કેટલાં કેસો નિકાલ વગર પડતરમાં છે, અને

(૨) (અ) ખેડા જિલ્લો :

| | અપેલેટ કોર્ટો | તાબાની કોર્ટો |
|---|---|---|
| દિવાની કેસો | ૩૦૨૧૨ | ૬૧૬૪ |
| ફોજદારી કેસો | ૨૩૯ | ૫૦૦૧૮ |
| કુલ :- | ૩૦૪૫૧ | ૫૬૧૮૨ |

(બ) આણંદ જિલ્લો :

| | અપેલેટ કોર્ટો | તાબાની કોર્ટો |
|---|---|---|
| દિવાની કેસો | ૪૩૧ | ૧૧૯૩૯ |
| ફોજદારી કેસો | ૫૩ | ૭૭૫૪૦ |
| કુલ :- | ૪૮૪ | ૮૯૪૭૯ |

(૩) આવા કેસોનો સત્વરે નિકાલ લાવવા સરકારે શી વ્યવસ્થા કરી છે ?

(૩) (૧) પડતર કેસોના નિકાલ અંગેની કાર્યવાહી ગુજરાત હાઇકોર્ટ કરે છે.

(૨) ફાસ્ટ ટ્રેક કોર્ટોની સ્થાપના, ન્યાયમૂર્તિઓની ખાલી જગ્યાઓ ભરવા સહીતના લોક અદાલતો દ્વારા પડતર કેસોના ઝડપી નિકાલ માટેના પગલાં ગુજરાત હાઇકોર્ટે ભર્યા છે.

------------

## નવસારી જિલ્લામાં સરૈયા જંગલમાં વૃક્ષોના નુકશાનીનો અંદાજ

૧૪૪૯૭ **શ્રીમતી ભારતીબેન ન. પટેલ (ચીખલી) :માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નવસારી જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં તા.૩૧.૧.૦૬ સુધીમાં સરૈયા જંગલના ચોરાયેલ સાગના વૃક્ષોના થડ ૨ ફૂટ જમીનથી ઉંચા ઉભા છે, જેનો પંચક્યાસ થયેલ નુકશાનીનો અંદાજ સરકારને રજુ કરવામાં આવ્યો છે કે કેમ, અને

(૨) રજુ કરવામાં આવ્યો હોય તો નુકશાનીનો અંદાજ કેટલો ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ૨ ફૂટ જમીનથી ઉંચા અને ઉભા તેવા ૬૭ સાગી વૃક્ષોના ખૂંટમાંથી કપાયેલ માલની અંદાજીત નુકશાની રૂપિયા ૩૦,૦૦૦/- જેટલી થયેલ છે.

------------

## જસદણ વિસ્તારના વિછિંયા સામુહિક આરોગ્ય કેન્દ્રને ફાળવેલ એમ્બ્યુલન્સના રીપેરીંગ અંગે

૧૪૩૧૧ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજકોટ જિલ્લાના જસદણ વિસ્તારના વિછિંયા સામુહિક આરોગ્ય કેન્દ્રને ફાળવાયેલ એમ્બ્યુલન્સ અકસ્માત પછી રીપેરીંગ કરી ફરી દર્દીઓની સુવિધા માટે મુકાય તે માટે મળેલ રજુઆતોના અનુસંધાને તા.૩૧.૧૨.૦૫ સુધીમાં સરકારે શું કાર્યવાહી કરી ?

**જવાબ**

વિંછિયા સામુહિક આરોગ્ય કેન્દ્રને વૈકલ્પિક વ્યવસ્થા કરી, એમ્બ્યુલન્સ ફાળવેલ છે. તથા અકસ્માત ગ્રસ્ત વાહનને રીપેર કરવાની કાર્યવાહી હાથ પર છે.

------------

## અબડાસા તાલુકાના મુખ્ય મથકે સામુહિક આરોગ્ય કેન્દ્રમાં ખાલી જગાઓ

૧૫૩૨૯ **શ્રી નરેન્દ્રસિંહ મા.જાડેજા (અબડાસા) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લાના અબડાસા તાલુકાના મુખ્ય મથકે સામુહિક આરોગ્ય કેન્દ્રમાં મંજુર મહેકમ પ્રમાણે તા.૩૧.૧.૦૬ ની સ્થિતિએ કેટલી જગ્યાઓ ખાલી છે,

**જવાબ**

(૧) સંવર્ગવાર ખાલી જગ્યાઓ.

| | મંજુર | ખાલી |
|---|---|---|
| વર્ગ-૧ | ૧ | ૧ |
| વર્ગ-૨ | ૨ | ૦ |

| | | | |
|---|---|---|---|
| અને | વર્ગ-૨ | ૨ | ૦ |
| | વર્ગ-૩ | ૧૩ | ૬ |
| | વર્ગ-૪ | ૧૦ | ૩ |

(૨) તે જગ્યાઓ ક્યારે ભરવામાં આવશે ?

(૨) સરકારશ્રીની પ્રવર્તમાન નીતિ, કાર્યભારણ અને લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી.

------------

**શહેરા તાલુકામાં ફ્સ્ટ રેફરલ યુનિટ શરૂ કરવા અંગે**

૧૪૮૫૦ **શ્રી જેઠાભાઈ ઘે ભરવાડ (શહેરા):માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકામાં ફ્સ્ટ રેફરલ યુનિટ મંજુર કરવા માટે ક્યારથી માંગણીઓ આવેલ છે, | (૧) આરોગ્ય સેવાઓને સુદ્રઢ કરવા અલગ-અલગ તજજ્ઞ સેવાઓની જગ્યાઓ તબદીલ કરી ફાળવવા રજૂઆતો મળેલ છે. |
| (૨) તે પૈકી માંગણી મંજૂર થયેલ છે કે કેમ, અને | (૨) સરકારના તા.૫.૪.૦૫ના ઠરાવથી આદેશો કરેલ છે, પરંતુ હાલ આ આદેશો તા.૩૧.૩.૦૬ સુધી સ્થગિત કર્યા છે. |
| (૩) જો હા, તો ક્યારે અને કેટલા સમયમાં આ યુનિટ કાર્યરત કરવા માંગો છો ? | (૩) ઉપરની હકીક્તે હાલ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**ભિલોડા તાલુકામાં જમીન દફ્તરની વિગત કોમ્પ્યુટરાઇઝ કરવા અંગે**

૧૫૩૪૯ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠાના ભિલોડા તાલુકામાં જમીન દફ્તરનું અપ-ડેઇટ કર્યા વગર કોમ્પ્યુટરાઇઝેશન કરવાથી જમીન બાબતે ગુંચવણો વધી છે, તે સરકારના ધ્યાન પર છે, | (૧) સમગ્ર રાજ્યમાં મહેસૂલી રેકર્ડને પ્રથમ અદ્યતન કરી કોમ્પ્યુટરાઇઝ કરી અમલમાં મૂકેલ છે. તદઉપરાંત કોમ્પ્યુટરાઈઝેશન બાદ ખાતેદારોને વિના મુલ્ય નકલનું વિતરણ કરી ખાતેદારોના પ્રતિભાવ મેળવી કોમ્પ્યુટરાઇઝ રેકર્ડને શક્ય તેટલું ક્ષતિરહિત કરાયું છે. જેથી જમીન બાબતે ગુંચવણો વધ્યાનું ધ્યાને આવેલ નથી. |
| (૨) સરકાર કબજા હક્ક પ્રમાણે જમીન દફ્તર સુધારીને કોમ્પ્યુટરાઇઝ કરવા માંગે છે કે કેમ, અને | (૨) કબજાહક્ક પ્રમાણે એટલે કે પ્રત્યક્ષ કબજા મુજબનું રેકર્ડ રી-સરવે અથવા સરવે સેટલમેન્ટ દરમ્યાન જ થઇ શકે. |
| (૩) એના માટે શું આયોજન કરેલ છે ? | (૩) રી-સરવેની કામગીરી આયોજન હેઠળની યોજના અન્વયે ચાલી રહેલ છે. રી-સરવે જરૂરીયાતના ગામોમાં ક્રમવાર રી-સરવે હાથ ધરવાની વર્ષવાર કામગીરી ચાલુ જ છે. |

------------

**જામનગર સિવિલ હોસ્પિટલમાં મંજુર થયેલ મહેકમ**

૧૫૩૫૦ **ડૉ. દિનેશ પરમાર (જામનગર (રુરલ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સિવિલ હોસ્પિટલ જામનગર ખાતે તા.૩૧.૧.૨૦૦૬ની સ્થિતિએ મંજુર થયેલ મહેકમમાં કેટલી જગ્યાઓ ખાલી છે, અને

**જવાબ**

(૧) જામનગરની સિવિલ હોસ્પિટલની ખાલી જગ્યાની માહિતી.

| સંવર્ગ | મંજૂર જગ્યા | ખાલી જગા |
|---|---|---|
| વર્ગ-૧ | ૦૨ | ૦૧ |
| વર્ગ-૨ | ૨૦ | ૦૨ |
| વર્ગ-૩ | - | - |
| પેરામેડીકલ | ૮૩ | ૩૩ |
| ક્લેરીકલ | ૪૪ | ૧૨ |
| નર્સિંગ | ૩૮૯ | ૪૧ |
| વર્ગ-૪ | ૩૬૭ | ૫૯ |

| | | |
|---|---|---|
| વર્ગ-૪ | ૩૬૭ | ૫૯ |
| કુલ . | ૯૦૫ | ૧૪૮ |

(૨) અને આ જગ્યાઓ કેટલા સમયમાં ભરાશે ?

(૨) ઉપરોક્ત ૧૪૮ જગ્યાઓ ભરવા માટે કાર્યવાહી વિવિધ તબક્કે ગતિમાં છે.

------------

**રાજકોટ જિલ્લામાં નવી શરતમાંથી જુની શરતમાં જમીન ફેરવવા અંગે**

૧૫૨૭૫ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજકોટ જિલ્લાની અંદર ક્યા ક્યા તાલુકામાં જમીન નવી શરતમાંથી જુની શરતમાં ફેરવવા માટે તા.૩૧.૧.૨૦૦૬ સુધીમાં છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી અરજીઓ આવી,

(૧)

| તાલુકાનું નામ | આવેલ અરજીઓ |
|---|---|
| રાજકોટ શહેર | ૦૦ |
| રાજકોટ તાલુકા | ૯૨ |
| જસદણ | ૧૯૧ |
| લોધીકા | ૪૫ |
| કોટડા સાંગાણી | ૭૯ |
| ગોંડલ | ૧૧૨૨ |
| જેતપુર | ૪૭૦ |
| ધોરાજી | ૨૬૧ |
| ઉપલેટા | ૩૦૬ |
| જામકંડોરણા | ૨૧૮ |
| વાંકાનેર | ૧૦૧૦ |
| માળીયા મીંયાણા | ૬૫ |
| ટંકારા | ૩૬૦ |
| મોરબી | ૮૭ |
| પડધરી | ૩૦૭ |
| કુલ ... | ૪૬૧૩ |

(૨) તેમાંથી ક્યા ક્યા તાલુકામાં કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, કેટલી અરજી નામંજુર કરાયેલ છે,

(૨)

| તાલુકાનું નામ | મંજુર કરેલ અરજીઓ | નામંજુર કરેલ અરજીઓ |
|---|---|---|
| રાજકોટ શહેર | ૦૦ | ૦૦ |
| રાજકોટ તાલુકા | ૮૫ | ૧ |
| જસદણ | ૮૧ | ૯૧ |
| લોધીકા | ૪૪ | ૧ |
| કોટડા સાંગાણી | ૭૮ | ૧ |
| ગોંડલ | ૪૬૧ | ૬૫૬ |
| જેતપુર | ૨૧૩ | ૨૫૭ |
| ધોરાજી | ૫૦ | ૨૦૯ |
| ઉપલેટા | ૨૨૨ | ૬૫ |
| જામકંડોરણા | ૧૨૭ | ૯૧ |
| વાંકાનેર | ૪૯૫ | ૫૧૨ |
| માળીયા મીંયાણા | ૫૬ | ૦૯ |
| ટંકારા | ૨૯૪ | ૫૯ |
| મોરબી | ૮૨ | ૦૩ |
| પડધરી | ૧૮૭ | ૧૨૦ |
| કુલ ... | ૨૪૭૫ | ૨૦૭૫ |

(૩) કેટલી અરજીઓ હાલ પડતર છે, અને

(૩)

| તાલુકાનું નામ | પડતર અરજીઓ |
|---|---|

| | |
|---|---|
| રાજકોટ શહેર | ૦૦ |
| રાજકોટ તાલુકા | ૦૬ |
| જસદણ | ૧૯ |
| લોધીકા | ૦૦ |
| કોટડા સાંગાણી | ૦૦ |
| ગોંડલ | ૦૫ |
| જેતપુર | ૦૦ |
| ધોરાજી | ૦૨ |
| ઉપલેટા | ૧૯ |
| જામકંડોરણા | ૦૦ |
| વાંકાનેર | ૦૩ |
| માળીયા મીંયાણા | ૦૦ |
| ટંકારા | ૦૭ |
| મોરબી | ૦૨ |
| પડધરી | ૦૦ |
| કુલ ... | ૬૩ |

(૪) તેનો નિકાલ કેટલા સમયમાં કરવાનું આયોજન છે ?

(૪) સત્વરે.

------------

**કડી તાલુકાના મેડાઆદરજ ગામે ખેડૂતોને સંપાદીત જમીન પરત કરવા અંગે**

૧૪૩૪૯ **શ્રી બળદેવજી ચં. ઠાકોર (કડી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કડી તાલુકાના મેડાઆદરજ ગામે સિંચાઇ તળાવ વિકસાવવા માટે સંપાદિત જમીન ખેડૂતોને પરત આપવા અંગેની અરજી સરકારને મળેલ છે, અને

(૨) જો હા, તો આ સંપાદિત જમીન જે તે ખેડૂતોને સરકાર પરત આપવા માંગે છે કે કેમ ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) સંપાદિત જમીનો અંગેની કેટલીક વિગતોની ચકાસણી કર્યા બાદ, જમીન સંપાદન ધારાની જોગવાઇઓ ધ્યાને લઇ, જમીન પરત આપવા અંગે નિયામાનુસાર કાર્યવાહી કરવામાં આવશે.

------------

**સુરેન્દ્રનગર જિલ્લાની કોર્ટમાં નિકાલ વગરના પડતર કેસો**

૧૪૩૭૭ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા ૩૧-૦૧-૦૬ની સ્થિતિએ કેટલાં રેગ્યુલર સીવીલ દાવાઓ, એક્સીડન્ટ દાવાઓ અને ફોજદારી દાવાઓ નિકાલ વગરના બાકી છે,

(૨) બાકી દાવાઓ એક વર્ષથી વધુ સમયના કેટલાં છે, અને

(૩) બાકી કેસોના નિકાલ માટે સરકાર ક્યા પગલાં ભરવા માગે છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૦૧-૦૬ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં નીચે મુજબ પડતર દાવાઓ છે.

| | |
|---|---|
| રેગ્યુલર સીવીલ દાવાઓ | ૫૦૬૧ |
| એક્સીડન્ટ ક્લેઈમ દાવાઓ | ૬૧૮૫ |
| ફોજદારી દાવાઓ | ૩૦૬૭૨ |

(૨) ૩૬૭

(૩) ભારતનાં બંધારણની જોગવાઈઓ પ્રમાણે તાબાની અદાલતોનો અંકુશ નામદાર વડી અદાલતનો છે તેથી તાબાની અદાલતોમાં પડતર કેસોનાં ઝડપી નિકાલ માટે યોગ્ય પગલા નામદાર વડી અદાલત ધ્વારા લેવામાં આવે જ છે.

-------------

**સુરત શહેર અને જિલ્લામાં બોગસ ડીગ્રી ધારક ડૉક્ટરો**

૧૪૧૮૫ **શ્રી મનીષ ન. ગીલીટવાલા (સુરત શહેર (પૂર્વ) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં અને સુરત શહેરમાં બોગસ ડીગ્રી ધારક કેટલા ડૉક્ટરોની ધરપકડ કરવામાં આવી ? | સુરત જિલ્લામાં ૨૬ બોગસ ડીગ્રી ધારક ડૉક્ટરો અને સુરત શહેરમાં ૨૧ બોગસ ડીગ્રી ધારક ડૉક્ટરોની ધરપકડ કરવામાં આવેલ છે. |

-------------

**અમદાવાદ શહેરના અસારવા વિસ્તારના સરકારી દબાણો દૂર કરવા અંગે**

૧૫૩૪૬ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ શહેરમાં અસારવા વિસ્તારમાં ક્યા ક્યા સર્વે નંબરોની જમીન સરકારી છે અને તેમાં ગેરકાયદેસર દબાણો થયેલાં છે, | (૧) સ.નં. ૧૨૫ ટી.પી. ૩૦ના એફપી ૮૪,૧૭૩/૨, ૧૭૬, ૨૪૦, ૨૬૦, ૨૭૩,૨૯૦, ૩૫૪, ૫૪૫/૬, ૭૨૬, ૭૨૮. |
| (૨) આ ગેરકાયદેસર થયેલાં દબાણો કેટલા વખતથી છે, અને | (૨) જુદા જુદા દબાણો ૧૨ વર્ષથી ૫૦ વર્ષ સુધીના સમયથી છે. |
| (૩) આ દબાણો હટાવવા સરકારે કેવાં પગલાં લીધા છે ? | (૩) જમીન મહેસુલ કાયદાની કલમ-૬૧ હેઠળ કાર્યવાહી કરી છે. |

-------------

**આદિજાતિ વિભાગ ધ્વારા બારડોલી અને માંડવી તાલુકામાં આવાસની ચુકવવાની બાકી સહાય**

૧૪૮૫૮ **શ્રી અનિલકુમાર મો. પટેલ (બારડોલી) : માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લાના બારડોલી અને માંડવી તાલુકામાં અદિજાતિ વિભાગ મારફત આવાસ બાંધવા માટે ક્યા ક્યા ગામે કેટલા લોકોને સહાય આપવામાં આવી, | (૧) પત્રક-અ, પ્રમાણે |
| (૨) આપવામાં આવેલ સહાયથી કેટલા આવાસના કામ પૂર્ણ થયેલ છે, | (૨) બારડોલી તાલુકામાં ૧૦ આવાસ અને માંડવી તાલુકામાં ૧૯ આવાસ એમ કુલ મળી ૨૯ આવાસ . |
| (૩) પૂર્ણ થયેલ આવાસના લાભાર્થીને પૂરેપૂરી સહાય ચૂકવવામાં આવી છે કે કેમ, અને | (૩) પૂર્ણ થયેલ બારડોલી તાલુકાના ૧૦ લાભાર્થી પૈકી ૯ અને માંડવી તાલુકાના ૨૦ લાભાર્થી પૈકી ૧૯ને પૂરેપૂરી સહાય ચૂકવવામાં આવેલ છે. |
| (૪) સહાય ન ચૂકવવામાં આવેલ હોય તો તેનું શું કારણ છે.? | (૪) ગ્રાન્ટના અભાવે અને લાભાર્થીએ આવાસ પૂર્ણ કરેલાનું પ્રમાણપત્ર રજૂ નહીં કરવાથી. |

પત્રક-અ

૧. સુરત જિલ્લામાં તા. ૩૧-૦૧-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બારડોલી તાલુકામાં ૯ ગામોમાં ૧૪ ઈસમોને તેમજ માંડવી તાલુકામાં ૧૫ ગામોમાં ૨૦ ઈસમોને આવાસ બનાવવા માટે સહાય આપવામાં આવેલ છે.

| તાલુકો બારડોલી | | | તાલુકો માંડવી | | |
|---|---|---|---|---|---|
| **અ.નં.** | **ગામનું નામ** | **સહાય ચૂકવેલ ઈસમોની સંખ્યા** | **અ.નં.** | **ગામનું નામ** | **સહાય ચૂકવેલ ઈસમોની સંખ્યા** |
| ૧ | ૨ | ૩ | ૧ | ૨ | ૩ |
| ૧. | ભામૈયા | ૧ | ૧. | ઉટેવા | ૩ |
| ૨. | રૂવા ભમરમપુર | ૧ | ૨. | સરકુઈ | ૨ |
| ૩. | જુની કીકવાડ | ૧ | ૩. | જુના કાકરાપાર | ૧ |
| ૪. | તાજપોર | ૨ | ૪. | કાલીબેલ | ૧ |
| ૫. | અલ્લુ | ૨ | ૫. | બેડધા | ૧ |
| ૬. | કડોદ | ૨ | ૬. | ચુડેલ | ૧ |
| ૭. | પલસોદ | ૧ | ૭. | આંબા | ૧ |
| ૮. | ઈસરોલી | ૧ | ૮. | રેગામા | ૧ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૯. | છીત્રા | ૩ | ૯. | બોરીગાડા | ૧ |
| **કુલ** | **૯ ગામો** | **૧૪** | ૧૦. | કીમ ડુંગરા | ૩ |
| | | | ૧૧. | દધવાડા | ૧ |
| | | | ૧૨. | અરેઠ | ૧ |
| | | | ૧૩. | ગંગાપુર | ૧ |
| | | | ૧૪. | સોલી | ૧ |
| | | | ૧૫. | પાતાલ | ૧ |
| | | | **કુલ** | **૧૫ ગામો** | **૨૦** |

-------------

**વલસાડ જિલ્લામાં મામલતદાર ઓફિસોનું મહેકમ**

**૧૪૫૦૦ શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ (પારડી) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લાના મામલતદાર ઓફિસોનું તાલુકાવાર કુલ મહેકમ કેટલું, અને

(૨) જો મહેકમ ઓછું હોય તો સરકાર આ જ્ગ્યાઓ કેટલા સમયમાં ભરવા માગે છે.

**જવાબ**

(૧) આ સાથેના પત્રક-અ મુજબ

(૨) ખાલી રહેલ જ્ગ્યાઓ ક્રમશઃ ભરવા વિચારણા કરવામાં આવશે.

**પત્રક-અ**
**મંજુર થયેલ મહેકમ**

| **મામલતદાર કચેરી** | **નાયબ મામલતદાર** | **કારકુન** | **ટાઈપીસ્ટ** | **કારકુન-કમ-ટાઈપીસ્ટ** | **ડ્રાઈવર** | **પ્યુન-કમ-ડ્રાઈવર** | **પટાવાળા** |
|---|---|---|---|---|---|---|---|
| વલસાડ | ૮ | ૭ | ૧ | ૦ | ૦ | ૧ | ૯ |
| પારડી | ૭ | ૭ | ૧ | ૦ | ૦ | ૦ | ૮ |
| ઉમરગામ | ૬ | ૭ | ૧ | ૦ | ૦ | ૦ | ૭ |
| ધરમપુર | ૭ | ૬ | ૧ | ૦ | ૦ | ૧ | ૯ |
| કપરાડા | ૭ | ૨ | ૧ | ૦ | ૦ | ૦ | ૪ |
| કૃષિપંચ, વલસાડ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ |
| **કુલ** | **૩૭** | **૨૯** | **૫** | **૦** | **૦** | **૨** | **૩૮** |

**ખાલી રહેલ મહેકમ**

| **મામલતદાર કચેરી** | **નાયબ મામલતદાર** | **કારકુન** | **ટાઈપીસ્ટ** | **કારકુન-કમ-ટાઈપીસ્ટ** | **ડ્રાઈવર** | **પ્યુન-કમ-ડ્રાઈવર** | **પટાવાળા** |
|---|---|---|---|---|---|---|---|
| વલસાડ | ૦ | ૩ | ૧ | ૦ | ૦ | ૧ | ૪ |
| પારડી | ૦ | ૭ | ૧ | ૦ | ૦ | ૦ | ૩ |
| ઉમરગામ | ૦ | ૬ | ૧ | ૦ | ૦ | ૦ | ૩ |
| ધરમપુર | ૦ | ૪ | ૧ | ૦ | ૦ | ૦ | ૬ |
| કપરાડા | ૧ | ૨ | ૧ | ૦ | ૦ | ૦ | ૨ |
| કૃષિપંચ, વલસાડ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ |
| **કુલ** | **૧** | **૨૨** | **૫** | **૦** | **૦** | **૧** | **૧૯** |

-----------------

# તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

### અમદાવાદ રેલવે સ્ટેશન ઉપર આર.ડી.એકસ.પદાર્થ ફાટતાં પ્રજામાં ફેલાયેલ ભય અંગે.

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ ૧૧૬ અન્વયે નીચે જણાવેલી તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય મંત્રીશ્રી (ગૃહ)નું ધ્યાન દોરું છું અને તે અંગે તેમને નિવેદન કરવાની વિનંતી કરું છું.

"અમદાવાદ રેલવે સ્ટેશન ઉપર તા.૧૮-૨-૦૬ના રોજ મધરાતના આર.ડી.એકસ.પદાર્થ ફાટતાં અનેક મુસાફરોને નાની મોટી ગંભીર ઈજાઓ થઈ છે. રેલવેની મિલકતને પણ પારાવાર નુકસાન થયું છે અને પ્રજામાં ભય, ગભરાટ અને દહેશતની લાગણી ફેલાયેલ છે ત્યારે આવા ઘાતક હથિયારો લાવનારા ઈસમોની તાકીદે ધરપકડ કરી પ્રજામાં ફેલાયલ ભય, ગભરાટ અને દહેશતની લાગણી દૂર કરવા સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં."

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ કાલુપુર રેલવે સ્ટેશનના પ્લેટ ફોર્મ નં.૨-૩ ઉપર વચ્ચેના ભાગે તારીખ.૧૯-૨-૦૬ના કલાક ૧:૪૪ કલાકે જય અંબે એસ.ટી.ડી. બૂથ પાસે બોમ્બ વિસ્ફોટનો બનાવ બનવા પામેલ છે. આ બનાવ અંગેની ફરિયાદ શ્રી દિનેશભાઈ ગમીરાજી તેલી, રહે.નારણપૂરા, અમદાવાદ કે જેઓ સ્ટોલ પર નોકરી કરે છે, તેમના તરફથી બનાવની જાણ તે દિવસે સવારના ૦૭-૦૫ કલાકે પોલીસ કન્ટ્રોલ, અમદાવાદને આપવામાં આવી હતી.

૨. ઈ.પી.કો.કલમ-૩૦૭, ૩૨૬, ૩૨૪, ૧૨૦(બી) તથા પ્રિવેન્શન ઓફ ડેમેજ ટુ પ્રોપર્ટી એકટ, ૧૯૮૪ની કલમ-૩, ૪ તથા એકસપ્લોઝીવ એકટ-૧૯૦૮ની કલમ ૩, ૭ મુજબનો ગુનો, ઉપર બતાવેલ તારીખ, સમય અને જગ્યાએ કોઈ અજાણ્યા ઈસમ / ઈસમોએ ભય ફેલાવી, જાનહાનિ પહોંચાડવાના ઈરાદાથી બોમ્બ ધડાકો કરેલ હોવાનું જણાય છે.

૩. બનાવના સ્થળ પર એફ.એસ.એલ., બોમ્બ ડીસ્પોઝલ સ્કોવોડ, ડોગ સ્કવોડ મારફતે સઘન કાર્યવાહી હાથ ધરીને આરોપીઓને શોધી કાઢવાના પ્રયત્નો હાથ ધરવામાં આવેલા હતા. તથા રાજયના તમામ જિલ્લાઓ અને આજુબાજુના રાજયના રેલવે સ્ટેશનો ઉપર બનાવ અંગેની જાણ તુરત જ કરવામાં આવી હતી.

૪. આ બનાવમાં કુલ : ૨૫ ઈસમોને ઈજા થવા પામેલ છે. ઈજા પામેલ ૨૫ ઈસમો પૈકીના ત્રણ ઈસમોને ગંભીર પ્રકારની ઈજાઓ થઈ હતી અને તેમને ઈન્ડોર પેશન્ટ તરીકે સારવાર આપવાનું ચાલુ છે. આ ત્રણેય ઈસમો હાલ ભયમુકત છે. અન્ય ૨૨ ઈસમોને પ્રાથમિક સારવાર આપ્યા બાદ હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી હતી.

૫. તા.૧૯-૦૨-૦૬ ના રોજ બનેલ બોમ્બ વિસ્ફોટ બનાવમાં રેલવેની અંદાજે રૂપિયા ૬૦,૦૦૦/-ની મિલકતને નુકશાન થવા પામેલ છે.

૬. બોમ્બ વિસ્ફોટ બનાવના કારણે શરૂઆતમાં થોડા સમય માટે રેલવેના પ્રવાસીઓમાં ભય અને ગભરાટની લાગણી ફેલાઈ હતી, પરંતુ ત્યાર બાદ પરિરિસ્થિતિ રાબેતા મુજબની થઈ હતી. વર્તમાનપત્રોમાં આ બનાવ અંગે સમાચાર છપાતાં લોકોમાં ભય અને દહેશતની લાગણી સ્વભાવિક રીતે ફેલાવા પામેલ છે.

૭. બોમ્બ વિસ્ફોટ ઘટના બાદ રેલવે પોલીસ યુનીટના તમામ થાણાઓમાં રેલવે પ્લેટફોર્મ ઉપર, મુસાફર ખાનાઓમાં, આઉટ સીગ્નલ સુધીના સમગ્ર રેલવે પોલીસ વિસ્તારમાં ચાંપતો પોલીસ બંદોબસ્ત રાખવામાં આવેલ છે અને પોલીસ અધિકારીઓએ સઘન ચેકીંગની કાર્યવાહી તુરત જ ચાલુ કરી દીધેલ છે.

૮. અમદાવાદ રેલવે સ્ટેશન પરથી આવતી જતી દરેક ટ્રેનમાં જી.આર.પી. અને આર.પી.એફ.ની ચલિત ચોકી પેટ્રોલીંગની વ્યવસ્થા ગોઠવીને સઘન ચેકીંગ તુરત શરૂ કરવામાં આવેલ છે. દરેક રેલવે સ્ટેશન અને રેલવે યાર્ડ વિસ્તારમાં જી.આર.પી., આર.પી.એફ. અને એસ.આર.પી.ની ટૂકડીઓ બનાવીને ચૂસ્ત અને ચાંપતો બંદોબસ્ત ગોઠવી દેવામાં આવેલ છે.

૯. રેલવે ટ્રેન અને રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ પર તથા અગત્યની ટ્રેનો ઉપર સ્નીફર ડોગ, મેટલ ડીટેકટર અને વોકી ટોકી સેટની વ્યવસ્થા કરીને પોલીસ ચેકીંગની કામગીરી વધુ સઘન બનાવવામાં આવી છે.

૧૦. રેલવે ટ્રેનો અને પ્લેટ ફોર્મ તથા રેલવે ગાર્ડની જગ્યાઓમાં કોઈ શકમંદ વસ્તુ મળી આવે તો પેસેન્જરો દૂર કરીને વિસ્તારને તુરત જ કોર્ડન કરવામાં આવે છે અને સબંધિત અધિકારીઓને તેની જાણ કરીને તથા સ્નીફર ડોગ, બોમ્બ ડીસ્પોઝલ સ્કવોડની મદદ લઈને જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

૧૧. રેલવે યાત્રીઓને પણ શંકાસ્પદ ચીજ વસ્તુઓને નહીં અડકવા અને આવી ચીજ વસ્તુ નજરે પડે તો તેની જાણ પોલીસ ખાતાને કરવા પણ જાહેર જનતાના લોકોને પબ્લીક એનાઉન્સમેન્ટ દ્વારા સૂચિત કરવામાં આવે છે.

૧૨. આ બોમ્બ બ્લાસ્ટ બનાવ સંદર્ભમાં એફ.એસ.એલ.ના અધિકારીઓના પૃથકરણ અને નિષ્ણાંત અભિપ્રાય તથા મળેલ માહિતી આધારે સમગ્ર બનાવ / ઘટનાની બાબતમાં અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચે જુદી જુદી ટીમો મુંબઈ અને ગુજરાતના જુદા જુદા શહેરોમાં રવાના કરીને ઉંડાણપૂર્વકની તપાસ હાથ ધરી છે.
૧૩. રાજયના આઈ.બી.પ્રભાગ તરફથી રેલવે પોલીસ તંત્રને જાહેર જગ્યાઓએ આતંકવાદી બનાવો / ઘટનાઓ બનવા ન પામે તે અંગે અગાઉથી મળેલ માહિતી આધારે સતર્ક કરવામાં આવેલ છે.
૧૪. રાજયનું ગુપ્તચર તંત્ર દેશના અન્ય ગુપ્તચર તંત્ર સાથે સંપર્કમાં રહીને, આતંકવાદી કૃત્યોમાં સડોવાયેલ હોઈ તેવી સંસ્થા અને તેના સભ્યો પર ચાંપતી નજર રાખવા સતત પ્રયત્નશીલ છે.
૧૫. પ્રજામાં ફેલાયેલ ભય, ગભરાટ, દહેશતની લાગણી દૂર કરવા માટે રેડ એલર્ટ જાહેર કરવામાં આવેલ છે અને અફવાઓ ન ફેલાય તે માટે તકેદારીના પગલાંઓ લેવાયેલ છે અને મહત્વના સ્થળોએ / જગ્યાઓએ તાત્કાલિક અસરથી પોલીસ બંદોબસ્ત ગોઠવી પોલીસ પોઈન્ટ અને પેટ્રોલીંગ શરૂ કરી દેવામાં આવેલ છે.
૧૬. આતંકવાદી કૃત્ય / પ્રવૃતિ સામે રક્ષણ માટે અગમ ચેતીના પગલાં લેવા તથા તે પછીની પરિસ્થિતિમાં લેવા પાત્ર પગલાં અંગે આઈ.બી. તંત્ર પોલીસને માર્ગદશર્ન આપી રહેલ છે. આતંકવાદી વિરોધી દળને સુદ્રઢ બનાવવામાં આવી રહેલ છે.

સામાન્ય પ્રજામાં ભય અને દહેશતની તથા અસલામતીની લાગણી દૂર કરવા માટે રાજય સરકારે ઉપર મુજબના અસરકારક પગલાંઓ લીધેલ છે.

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, એમના જવાબ મુજબ અમદાવાદ રેલવે સ્ટેશન ઉપર ૧૯-૨-૦૬ના રોજ રાત્રે, મોડી રાત્રે ૧-૪૪ કલાકે બોમ્બ વિસ્ફોટ થવા પામ્યો હતો એની ફરિયાદ બીજા દિવસે સવારે ૭-૦૫ કલાકે પોલીસ કન્ટ્રોલ અમદાવાદને આપવામાં આવી. તો ત્યાં સુધીમાં રાજયના ગૃહ વિભાગ દ્વારા કયા કયા પગલાં ભરવામાં આવ્યા હતા ? પ્રશ્ન બીજો, મંત્રીશ્રીએ જવાબમાં આપ્યું છે કે કોઈ અજાણ્યા ઈસમોએ ભય ફેલાવી જાનહાનિ કરવાના ઈરાદાથી બોમ્બ ધડાકો કરેલ હોવાનું જણાયેલ છે. તો માનનીય મંત્રીશ્રી પાસેથી મારે એટલું જાણવું છે કે આ ઈસમો સરકારી હતા કે બિન-સરકારી ? અને પ્રશ્ન ત્રીજો, રાજયના આઈ.બી.પ્રભાગ તરફથી રેલવે પોલીસ તંત્રને જાહેર જગ્યાએ આતંકવાદી બનાવ / ઘટના બનવા ન પામે એ અંગે અગાઉથી માહિતી આધારે સતર્ક કરવામાં આવેલ છે. તો આ બનાવ બન્યો એ પહેલાં આઈ.બી. વિભાગ તરફથી સરકારને કોઈ માહિતી આપવામાં આવી હતી કે કેમ ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી જે વાત કરે છે કે સવારે ૭-૦૫ કલાકે, એ તો ટેકનિકાલિટીની વાત છે. જેવો બોમ્બ વિસ્ફોટ થયો અને એની ત્રણ જ મિનિટમાં તંત્ર સતર્ક થઈને કામે લાગ્યું હતું. તુરત જ રેલવે પોલીસ, અમદાવાદ પોલીસ કમિશનરશ્રી પોતે, ફાયર બ્રીગેડના અધિકારીઓ બધા ત્યાં પહોંચી ગયા હતા. માનનીય કાયદા મંત્રીશ્રી અશોકભાઈ અને હું પણ તુરત જ ઘટના સ્થળે ગયા હતા અને પછી હોસ્પિટલની પણ મુલાકાત લીધી હતી અને આના તાત્કાલિક ફોલઅપ માટે આખા એરિયાને સીઝ કરી કોઈ પૂરાવાનો નાશ ન થાય એ માટે વૈજ્ઞાનિક રીતે બનાવની સંપૂર્ણ તપાસ કરવાની મોકળાશ રહે એ માટે એ જગ્યાને સીઝ કરી એફ.એસ.એલ.ની ટીમ પણ દોઢ કલાકમાં ત્યાં પહોંચાડવાનો પ્રયત્ન કર્યો હતો અને સંપૂર્ણ ગંભીરતાથી રાજય સરકારે આની તપાસ હાથ ધરી છે.

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, મેં માનનીય મંત્રીશ્રીને પૂછયું હતું કે, આ જે ઈસમો હતા કે જેણે ભય ફેલાવી જાનહાનિ પહોંચાડવાના ઈરાદાથી બોમ્બ ધડાકો કર્યો છે એ ઈસમો સરકારી હતા કે બિન-સરકારી ? અને માનનીય મંત્રીશ્રીએ એમના જવાબમાં આપ્યું છે કે, આ બનાવ બન્યા પછી આઈ.બી. વિભાગ દ્વારા સતર્કતા માટેના પગલાંની જાહેરાત કરી છે. તો આ બનાવ બન્યો એ પહેલા આઈ.બી. વિભાગ દ્વારા રાજય સરકારને આવો બનાવ બનવા અંગે માહિતગાર કરવામાં આવી હતી કે કેમ ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, બનાવ બન્યા પહેલા સેન્ટ્રલ આઈ.બી. કે સ્ટેટ આઈ.બી. તરફથી આવી કોઈ સૂચનાઓ પ્રાપ્ત થયેલ નથી. બનાવ બન્યા પછી બીજી બધી જગ્યાએ તકેદારી રાખવા માટે આઈ.બી. વિભાગનું કામ છે કે બાકીના રેલવે સ્ટેશનોને સતર્ક કરવામાં આવેલ છે એ માહિતી આ નિવેદનમાં આપી હતી. જયાં સુધી કોણે બોમ્બ ફોડયો તે હજુ પકડાવાના બાકી છે એટલે ઈસમો કોણ હતા એ કહી શકાય નહીં.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો છે એમાં મારે એક તો એ પૂછવું છે કે, આમાં કુલ ૨૫ ઈસમોને ઈજા થયેલ છે, એમાંથી ત્રણને ગંભીર પ્રકારની ઈજા થયેલ છે. તો માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે, આ ત્રણ ગંભીર પ્રકારની ઈજા પામેલા ઈસમો છે એને ખાસ કોઈ વળતર ચૂકવવા માગો છો કે કેમ ?

બીજુ છેલ્લા કેટલાક સમયથી અમદાવાદ શહેરમાં પણ લગભગ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ તૂટી પડી છે ત્યારે છેલ્લા ત્રણ માસમાં અમદાવાદમાં લગભગ ૯ ખૂનો થયા છે તેને આજે પણ ડિટેકટ કરી શકાયા નથી. ત્યારે હું એ જાણવા માગું છું કે, છેલ્લે આ બોમ્બ વિસ્ફોટ થયો એમાં આતંકવાદીઓનું કૃત્ય હોય એવું અનુમાન થઈ રહ્યું છે ત્યારે આ બોમ્બ વિસ્ફોટમાં શંકાસ્પદ વ્યકિતઓ તરીકે કોઈની આજ સુધીમાં ધરપકડ કરવામાં આવી છે કે કેમ ?

**શ્રી અમિત અ. શાહ** : આ ઘટના રેલવે સ્ટેશન પર બની હતી અને રેલવેએ એનું વળતર ચૂકવવાની કાર્યવાહી કરી છે ત્રણેય લોકોને આ એક વાત અને ત્રણ લોકોની અટક કરવામાં આવી છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, અમદાવાદ રેલવે સ્ટેશન પરના આ ધડાકાથી માત્ર અમદાવાદ નહિ પણ ગુજરાતની પ્રજા પણ ચિંતિત છે. આતંકવાદી માનસિકતા ધરાવતા આ રાષ્ટ્ર વિરોધી તત્ત્વોને પકડવા માટે કેન્દ્ર સરકાર દ્વારા રદ કરાયેલ 'પોટા' ના સ્થાને અન્ય કોઈ કાયદો અસ્તિત્વમાં છે કે નહિ? આપણે જ આ સભાગૃહમાં આવી માનસિકતાવાળા લોકોને પકડવા માટે 'ગુજકોક'નો કાયદો બનાવ્યો હતો એને હજી સુધી કેમ મંજૂરી નથી મળી? અને મારે એ જાણવું છે કે, જ્યારે 'પોટા'નો કાયદો હતો ત્યારે આવા મોટા પ્રમાણના ગુનાઓ આપણે પકડી શકતા હતા તો અત્યારે આપણે આવા પ્રકારના ગુનાના ગુનેગારોને પકડવા માટે આપણને કોઈ અવરોધ ઊભો થાય છે કે કેમ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય સભ્યશ્રીએ જે ચિંતા વ્યક્ત કરી છે એની જોડે હું પણ સહમત છું. સમગ્ર દેશ અને દુનિયાની અંદર દિવસે દિવસે જુદા જુદા કારણોસર આતંકવાદ વધતો જાય છે એ વખતે આખી દુનિયા આતંકવાદને નાબૂદ કરવા માટે કડક કાયદા નવા નવા ઘડી રહી છે. આપણા જ દેશમાં કમનસીબે જે કાયદો અસ્તિત્વમાં હતો એ મતબેન્કના રાજકારણને લીધે 'પોટા'ના કાયદાને રદ કરવામાં આવ્યો અને મારું એવું ચોક્કસ માનવું છે કે 'પોટા'ના કાયદાને રદ કરવાથી આ દેશની અંદર આતંકવાદી ઘટનાને કેન્દ્ર સરકારે ખુલ્લું નિમંત્રણ આપ્યું છે અને કેવળ મતોના રાજકારણને ધ્યાનમાં રાખીને આ 'પોટા' રદ કર્યો છે. ગુજરાત જેવા સરહદી રાજ્યની અંદર આ કાયદો એટલી પ્રાસંગિકતા હતો એ વખતે આ કાયદો રદ થયો છે. બીજી વાત જે માનનીય સભ્યશ્રીએ કરી છે કે 'ગુજકોક'નો કાયદો આ ગૃહે પસાર કરીને ૨૦૦૪ની સાલથી મોકલાવ્યો છે એ પછી મુખ્યમંત્રીશ્રી કક્ષાએ, ગૃહમંત્રી કક્ષાએ, સચિવશ્રી કક્ષાએ પાંચ-પાંચ વાર રજૂઆતો કરી છે, પરંતુ રાજકીય કારણોસર ઓરમાયું વર્તન રાખીને 'ગુજકોક'ના કાયદાને મંજૂરી મળતી નથી તો કઈ રીતે આ આતંકવાદીની ઘટનાને રોકવાની છે? આજ પ્રકારનો કાયદો, આ કાયદો ભારત સરકારે ગુજરાત સરકારને મોકલાવેલ છે (અંતરાય) આ કાયદો, પરેશભાઈ સાંભળો, દરેક વાતમાં રાજકીય અવલોકન ના કરો. આ 'ગુજકોક'નો કાયદો ભારત સરકારે રાજ્ય સરકારને મોકલાવ્યો હતો કે આ રાજ્યની વિધાનસભા મંજૂર કરીને કેન્દ્ર સરકારની મંજૂરી માટે મોકલે, રાજ્યની વિધાનસભાએ મંજૂર કરીને મોકલી દીધો હતો, પરંતુ કેન્દ્ર સરકારની અંદર સરકાર બદલાતા મંજૂરી નથી મળતી. મધ્યપ્રદેશની અંદર આ પ્રકારનો કાયદો અસ્તિત્વમાં છે, રાજસ્થાનમાં અસ્તિત્વમાં છે તો ગુજરાતના લોકોને કેન્દ્ર સરકાર શું આતંકવાદીઓના શિકાર બનાવવા માગે છે? આ રાજ્ય સરકારે પસાર કરેલો કાયદો છે જો સાથી પક્ષના મિત્રોને સહેજ પણ • (XXX) હોય તો એમણે બધાએ સાગમટે જવું જોઈએ.

**અધ્યક્ષશ્રી** : આ (XXX) શબ્દને હું કાર્યવાહીમાંથી દૂર કરું છું. (અંતરાય) મેં આ શબ્દ દૂર કરેલ છે. (અંતરાય) પ્લીઝ મેં (XXX) શબ્દને કાર્યવાહીમાંથી દૂર કર્યો છે.

વિરોધપક્ષના સભ્યશ્રીઓએ "ગૃહની માફી માગે" ના સૂત્રોચ્ચાર ચાલુ કર્યા.

(આ તબકકે બન્ને પક્ષના સભ્યશ્રીઓ સામસામે આક્ષેપ કરવા લાગ્યા)

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, આનાથી તો ગુજરાતની પ્રજાને ઘણો જ અન્યાય થયો છે. (સતત અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, મને લાગે છે કે અહીંયાં પણ પોટાનો કાયદો લઈ આવવો પડશે. બોલવા જ ના દેવાના હોય તૌ.

**અધ્યક્ષશ્રી** : આપના જ સભ્યો છે, પ્લીઝ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, નહીં, સામે પક્ષેથી પણ.

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, પ્લીઝ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : પ્રશ્ન મર્યાદિત છે (અંતરાય) દિલ્હીમાં તમારું કોઈએ માન્યું નથી (અંતરાય) રાજયમાં માત્રને માત્ર રામ મંદિરના નામે બનાવ્યા, શબરીના નામે બનાવ્યા, ૩૭૦ મી કલમના નામે બનાવ્યા, કેટલાયે લોકોને બનાવ્યા અને પોટોના કાયદાને નામે હેરાન કરવાના છે? તમારું માનતા નથી, રાજધર્મ બજાવવાની સલાહ સરકારે માની નથી, તમે અમને સલાહ ના આપશો. (અંતરાય)

માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન ખૂબ મર્યાદિત હતો અને એમાં એટલી જ વાત છે કે ગુનેગારો પકડાયા છે કે નહી અને પોટાનો કાયદો અને ગુજકોટના કાયદાની જે વાત થઈ તો પોટોનો કાયદો હોય તો જ ગુનેગારો પકડાય અને બાકી ના પકડાય? આખા દેશમાં આની પહેલાં કોઈ કાયદો નહોતો તો ત્યારે પણ નહોતા પકડાતા? મારી વાત એટલી જ છે કે ગુજકોટના કાયદાનો સવારે લઈને આવે અને સાંજે પાસ કરવો એવો કાયદો કોઈ સરકાર પાસ કરી શકે નહીં અને એના કારણે તમારો આ ગુજકોટનો કાયદો પસાર થતો નથી, એના માટે ત્રણ દિવસની

• (XXX) માનનીય અધ્યક્ષશ્રીના આદેશ અનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

નોટિસ આપવી જોઈએ, ચર્ચા થવી જોઈએ, એના માટેના સુધારા મૂવ થવા જોઈએ એ થયું નથી એના લીધે આ કાયદો પાસ થતો નથી. બીજું આ જે ઘટના બની એ ઘટનામાં જે અધિકારીઓ તપાસ કરતા હતા એમણે એમ કહયું કે જે આતંકવાદીઓએ ટાઈમર મૂકયું હોય એમાં ભૂલ કરી ગયા અને એના કારણે આ ટાઈમર જે બોંબ ત્યાં ફૂટવાનો હતો એ અહીં આગળ ફૂટયો. તો આ રીતે ગુજરાતની પ્રજાને ગેરમાર્ગે દોરવાની જરૂર નથી. આતંકવાદીઓ ગૃહમંત્રીશ્રીને પૂછીને ટાઈમર ફીકસ કરતા નથી હોતા, પરંતુ અહીંયાં માત્રને માત્ર પોતાની નિષ્ફળતા ઢાંકવા માટે થઈને અધિકારીઓને ગેરમાર્ગે દોરવામાં આવ્યા છે.

**અધ્યક્ષશ્રી** : આપ પ્રશ્ન ઉપર આવો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રશ્ન ઉપર જ આવું છું. અહીંયાં રાજકીય અવલોકન થયાં, સામેથી રાજકીય અવલોકન કરવાની બધાને છૂટ છે.

**અધ્યક્ષશ્રી** : કોઈને પણ રાજકીય અવલોકન કરવાની છૂટ નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : નહીં, એમને રોકવામાં આવતા નથી અને અમને રોકવામાં આવે છે. ગુનેગારો પકડવા નથી, એમને ફીટ કરવાની થીયરી લઈ આવવી છે અને એ ફીટ કરવાની થીયરી એ બધાની સામે ફીટ કરીને બેસાડી દેવા માટે પોટાના કાયદાની જરૂર છે? ગુનેગારોને પકડીને જેલમાં મોકલવા હોય તો કોઈ રોકી શકતું નથી, પરંતુ રાજય સરકાર આ મુદ્દામાં નિષ્ફળ નિવડી છે અને એના કારણે આ ટાઈમરની થિયરી લઈ આવવામાં આવી છે. મારી વિનંતી છે કે ગુજરાતને ગુનાખોરીમાંથી કાઢવા માટે આપનું તંત્ર કાંઈ કરવા માગે છે કે કેમ અને એમાં નિષ્ફળ ગયા હોય તો માફી માગો છો કે કેમ? (સતત અંતરાય)

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, (સતત અંતરાય) અમે વિરોધપક્ષના નેતાશ્રીને શાંતિથી સાંભળ્યા છે. (સતત અંતરાય) પરંતુ જવાબ તો સાંભળો, આ સાંભળો ભાઈ, જો જવાબ ન આપવા દેવો હોય તો(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય અશોકભાઈ, બેસી જાઓ, મંત્રીશ્રી જવાબ આપે છે. (અંતરાય)

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, એ શબ્દોને મેં કાર્યવાહીમાંથી દૂર કરી નાખ્યા છે, પછી કયાં સવાલ છે?

(આ તબક્કે કોંગ્રેસ પક્ષના માનનીય સભ્યશ્રીઓ તરફથી ગૃહ મંત્રી દૂર કરો અને ગૃહ મંત્રી રાજીનામું આપે તેવા સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા)

**અધ્યક્ષશ્રી** : હું સભાગૃહ બે વાગ્યા સુધી મુલતવી રાખું છું. (સભાગૃહ બપોરના ૧૩-૧૬ કલાકે, બે વાગ્યા સુધી મુલતવી રહ્યું.)

**મુલતવી રહેલ સભાગૃહની બેઠક બપોરના ૨.૦૦ વાગ્યે ફરી મળી**
**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા (વિરોધપક્ષના નેતાશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહમંત્રીશ્રી એમના પ્રવચન દરમિયાન જે શબ્દો ગૃહના સભ્યો વિશે બોલ્યા, ગૃહના સભ્યોને જે વિષય લેતા હતા એને કોઈ લેવાદેવા હતી નહિ છતાં માત્ર અપમાનિત કરવાના ઇરાદાથી આ શબ્દો બોલ્યા છે(XXX) કારણ કે ગુનેગારો પકડાતા નથી. સેકસ મેનિયાક પકડાતા નથી. અમદાવાદમાં દસ જેટલા ખૂનો થયા છે છતાં એમાંથી એક પણ પકડાયો નથી. જેતપુરની અંદર એક બાળકનું ખૂન થયું, વાકાનેરની અંદર એક દીકરીનું અપહરણ થયું છે એ આજ સુધી પકડાયા નથી (XXX).

**અધ્યક્ષશ્રી** : માનનીય અર્જુનભાઈ, આપ મૂળ વાત ઉપર આવો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : સભ્યોને (XXX) આવે છે એવા શબ્દો બોલ્યા એનાથી ગૃહનું અવમાન થયું છે. સભ્યોનું અપમાન થયું છે એના લીધે રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રીએ આ હાઉસની માફી માગવી જોઈએ.

**અધ્યક્ષશ્રી** : હું વારંવાર આ ગૃહને એક વાત કરતો રહ્યો છું કે આપ સૌ અંદરોઅંદર બેઠા બેઠા સીધી વાત ન કરો. જ્યારે કોઈપણ સભ્યશ્રી પછી એ વિરોધપક્ષનો હોય કે શાસક પક્ષનો હોય, જ્યારે બોલતા હોય ત્યારે રાજકીય અવલોકનો કરવા નહિ, છતાં બન્ને પક્ષે ટેવ પડી છે, બન્ને પક્ષના મિત્રો રાજકીય અવલોકનો કરે છે એનાથી ગૃહ ચાલી ન શકે તેવી સ્થિતિમાં મૂકાય છે. આ ગૃહ ચલાવવાની માત્ર સ્પીકરની જવાબદારી નથી, બંને પક્ષોની પણ એટલી જ જવાબદારી છે. ત્યારે તમામ સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે જ્યારે આપ બોલતા હોય ત્યારે આ ગૃહને શોભે તેવા શબ્દો વાપરવા જોઈએ. પ્રણાલિકા અને નિયમોને ધ્યાનમાં રાખીને વાત કરવી જોઈએ. મારે આજે ખાસ કહેવું છે કે આ ગૃહમાં જે ઘટના બની એનાથી માનનીય વિરોધપક્ષના નેતાશ્રીને અને સભ્યોને દુ:ખ થયું છે માટે હું માનનીય મંત્રીશ્રી અમિતભાઈને કહીશ કે તમારા શબ્દોથી તેઓને દુ:ખ થયું છે તો આપ ઊભા થઈને અફસોસ વ્યક્ત કરો.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો બિન સંસદીય શબ્દોનો ચોપડો છે એ પ્રમાણે કોઈ બિન સંસદીય શબ્દ મેં વાપર્યો નથી એ એક વાત. પરંતુ અહીંયા આતંકવાદને લગતી વાત હતી, ગુજરાતના હિતને લગતી વાત હતી, ગુજરાતની પ્રજાના રક્ષણની વાત હતી એટલે લાગણીશીલ થઈને મેં જે શબ્દો વાપર્યા એનાથી ગૃહના કોઈપણ સભ્યશ્રીનું કે વિરોધપક્ષના નેતાશ્રીનું મન દુભાયું હોય તો હું દિલગીરી વ્યક્ત કરુ છું. (અંતરાય) આ માહિતી ગૃહના રેકોર્ડ ઉપર આવવી જોઈએ. કેટલીક વાત જે રીતે મૂકવામાં આવી છે એનો જવાબ રજૂ ન કરું તો ટ્રેઝરી બેંચને અન્યાય થશે, તેથી મને એ વ્યક્ત કરવાની તક આપવી જ પડશે. માનનીય પ્રદિપસિંહભાઈએ જે પ્રશ્ન પૂછ્યો છે એનો જવાબ આપું છું. માનનીય સભ્યશ્રી પ્રદિપસિંહભાઈએ જે ચિંતા વ્યક્ત કરી, એમાં પોટાનો કાયદો રદ કર્યો અને ગુજકોકના કાયદાને મંજૂરી ન મળવાથી નિશ્ચિત કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ઉપર અસર પડે અને પડી છે. આતંકવાદને કાબૂમાં લેવા માટે સાદા કાયદાઓની અંદર જે છટકબારીઓ છે એ છટકબારીઓ શોધી જુદી જુદી રીતે આતંકવાદી કૃત્ય કરનાર સંગઠનો અને આતંકવાદીઓ જુદી જુદી રીતે કાયદાનો લાભ લેતા હોય એ છટકબારીઓ ઢાંકવા માટે આ કાયદાઓ અસ્તિત્વમાં આવ્યા હતા. પોટાનો કાયદો રદ થયો. ગુજકોકના કાયદાને કેન્દ્ર સરકાર તરફથી માન્યતા મળતી નથી અને આ કાયદો પડોશી રાજયોમાં અમલમાં હોય અને ગુજરાતમાં ન હોય ત્યારે એક શક્યતા એવી રહેલી છે કે ત્યાં ગુનો કરીને માણસ અહીં સંતાય. કારણ કે ત્યાં આગળ એ કાયદો અસ્તિત્વમાં છે અને અહીંયા નથી. એટલા માટે પણ ગુજરાતના હિતોને નુકસાન છે. મારો કહેવાનો સંદર્ભ કદાચ, ભાષા પ્રયોગ ખોટો હોઈ શકે પણ સંદર્ભ એ હતો કે વિરોધપક્ષના મિત્રોએ પણ તેમની વગનો ઉપયોગ કરીને ગુજરાતના હિતમાં ત્યાં કેન્દ્રમાં એમની સરકાર છે, ત્યાં તેમની વગનો ઉપયોગ કરીને આ કાયદાને મંજૂરી અપાવવી પડે. માનનીય વિરોધપક્ષના નેતાએ જે વાત કરી, બૉમ્બ ધડાકાઓની, તો મારે રૅકૉર્ડ ઉપર એક વાત બહુ સ્પષ્ટ કરવી છે કે આ રાજય સરકાર અસ્તિત્વમાં આવ્યા પછી ચાર બૉમ્બ ધડાકાઓ થયા, આ પાંચમો છે. ચારેચારના ભેદ ઉકેલાયા છે અને આરોપીઓ સાબરમતી જેલમાં પૂરાયેલા છે. ખાલી એટલું જ નહીં, ૧૯૮૫માં જે બાકી મૂકીને ગયા હતા એ કામો પણ અમે પૂરા કર્યા છે. એમના રાજમાં મમુમીયાં, પંજુમીયાં, ઈજજુ શેખ, હાજી ઈસ્માઈલ અમારા રાજમાં ઉભા થયેલા ગુનેગારો નથી. એ ગુનેગારોને પકડીને પણ આ રાજય સરકારે જેલમાં પૂર્યા છે અને પોટાના રાજકીય ઉપયોગનો સવાલ છે. ૧૪ કેસોમાં આપણે પોટા લગાડ્યો છે અને તેમાં હું બહુ જવાબદારીપૂર્વક નિવેદન કરવા માગું છું. એક પણ આરોપી જો રાજકીય આરોપી હોય, વિરોધપક્ષના નેતા આ વાતને મેજ ઉપર મૂકે. હું જવાબ આપવા તૈયાર છું, પડકાર સ્વીકારવા તૈયાર છું. અમે ૨૧૪ આરોપીઓને પકડ્યા છે અને ૨૧૪ આરોપીઓમાંથી એક પણ રાજકીય કિન્નાખોરીથી..(અંતરાય) આ એટલા માટે કહેવું પડે છે કે તેમણે ઉલ્લેખ કર્યો છે. પોટાનો રાજકીય ઉપયોગ થયો છે. આ રાજયમાં ૧૪ કેસોમાં પોટા લગાડ્યો છે. ૨૧૪ આરોપીઓને પકડ્યા છે. એક નામ માનનીય વિરોધપક્ષના નેતા જો ગૃહના ટેબલ ઉપર મૂકી શકે તો હું આ પડકાર ઉઠાવવા તૈયાર છું. રાજકીય ઈરાદાથી પોટામાં એક પણ ધરપકડ થઈ નથી. (અંતરાય) આખરે જો એટલી ચિંતા હોય તો તેમના પક્ષની ત્યાં સરકાર છે. આ રાજયની પ્રજાના રક્ષણ માટે ગુજકોક ત્યાંથી મંજૂર કરાવી લાવે. અહીં આટલું બધું બોલવાની જરૂર નથી. ત્યાંથી મંજૂરી લાવવાની જરૂર છે. ૧૪ કેસ અને ૨૧૪ આરોપીઓ પકડાયા છે. તેમાં એક પણ રાજકીય નથી. આતંકવાદને લગતા બધા જ કેસ આ રાજય સરકારે ઉકેલ્યા છે અને સફળતાપૂર્વક ઉકેલીને કોર્ટમાં કેસ પણ ચાલી રહ્યા છે અને અંતમાં સુનાવણી સુધી કેસ પહોંચી ગયા છે.

**અધ્યક્ષશ્રી** : નેકસ્ટ.

## સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

### ગુજરાત રાજય નાણાકીય નિગમનો વાર્ષિક અહેવાલ

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે.

**અધ્યક્ષશ્રી .** : નો પૉઈન્ટ ઑફ ઑર્ડર.(અંતરાય) આમાં કયાં પૉઈન્ટ ઑફ ઑર્ડર છે? (અંતરાય) છે જ નહીં. એક મિનિટ પ્લીઝ.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે વિધાનસભા ગૃહનું સત્રનું કામકાજ ચાલુ છે, સરકારના નીતિ-નિયમો મુજબ વિધાનસભાનું સત્ર ચાલુ હોય તે દરમ્યાન વિધાનસભા ગૃહની બહાર કોઈ પણ જાતની નીતિવિષયક ચર્ચા કે નિવેદન કરી શકાય નહીં, રાજયના માનનીય શિક્ષણમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ દ્વારા તા.૨૬-૨-૨૦૦૫ના રોજ સોલા વિદ્યાપીઠ ખાતે યોજાયેલ ગુજરાત રાજય માધ્યમિક શિક્ષણ સંઘના શૈક્ષણિક અધિવેશનમાં...

**અધ્યક્ષશ્રી** : હજી આપને પરમીશન મળી નથી. નોટિસ આપજો, આજે તમને પરમીશન મળી નથી. પ્લીઝ બેસો, નેકસ્ટ.

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી)** :માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય નાણાકીય નિગમનો સન ૨૦૦૪-૨૦૦૫નો વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

# સરકારી વિધેયકો B#>

## સન ૨૦૦૬નું ગુજરાત વિધેયક ક્રમાંક:૩
## ગુજરાત શેરડી ઉપર ખરીદવેરા (સુધારા અને માન્ય ઠરાવવા બાબત) વિધેયક, ૨૦૦૬.

### ગુજરાત શેરડી ઉપર ખરીદવેરા અધિનિયમ, ૧૯૮૯ વધુ સુધારવા અને વેરાની વિલંબિત ચૂકવણીની મંજૂરીને માન્ય ઠરાવવા અને વ્યાજ જતું કરવા બાબત વિધેયક.

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયપત્રમાં *અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૦૬નું ગુજરાત વિધેયક ક્રમાંક :૩ સન ૨૦૦૬નું ગુજરાત શેરડી ઉપર ખરીદવેરા (સુધારા અને માન્ય ઠરાવવા બાબત) વિધેયક, ૨૦૦૬ આપની અનુમતિથી હું દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૬નું ગુજરાત વિધેયક ક્રમાંક :૩ સન ૨૦૦૬નું ગુજરાત શેરડી ઉપર ખરીદવેરા (સુધારા અને માન્ય ઠરાવવા બાબત) વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, શેરડી ઉપર વર્ષો પહેલાં સેલ્સ ટેક્સ એકટ દ્વારા ટેક્સ લેવામાં આવતો હતો અને તે વખતે ૮ ટકા ટેક્સ લેવામાં આવતો હતો. ૧૯૮૯ની અંદર Sugar Can Act પસાર કરવામાં આવ્યું હતું અને Advolerum Duty/tax લેવામાં આવતો હતો. એની ઉપર વજન ઉપર નક્કી કરવામાં આવ્યું હતું અને ૩ પૈસા પર કિલો તે વખતે નક્કી કરવામાં આવ્યું હતું અને તે પછી ટેક્સના દરમાં સુધારો પણ કરવામાં આવ્યો હતો. તે વખતે ખેડૂતો તરફથી રજૂઆતો કરવામાં આવી હતી અને ૧/૭ એ લોકો ટેક્સ ન ભરી શકવાના સંજોગો ઊભા થયા હતા. ૧૯૯૬ની અંદર રાજય સરકારે તે વખતે નક્કી કર્યું કે ખેડૂતોને આ બાબતની અંદર installments દ્વારા પૈસા આપવામાં આવે એવું તે વખતે નક્કી કરવામાં આવ્યું હતું અને વ્યાજની માફી તે વખતે આપવામાં આવે તેવું નક્કી કરવામાં આવ્યું હતું. તે deferment ઘણા વર્ષો સુધી ચાલ્યા પછી સી.એ.જી. પૅરા નીકળ્યો અને સી.એ.જી. પૅરાની અંદર એવું કહેવામાં આવ્યું કે, કાયદાની અંદર માફી આપવાની જોગવાઈ છે પણ deferment કે waiver of interest જોગવાઈ નથી. એટલે હાઉસની એપ્રૂવલ લીધા વગર તે વખતે આ આપવામાં આવ્યું હતું. એટલે આજની તારીખમાં આ કાયદાને amendment અને retrospective effect થી એટલે કે પાછળથી amendment કરવા માટે હું આ હાઉસની અંદર દરખાસ્ત લાવ્યો છું.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી સન ૨૦૦૬નું ગુજરાત શેરડી ઉપર ખરીદવેરાનું જે સુધારા વિધેયક લઈને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યક્ત કરવા ઊભો થયો છું. માનનીય નાણા મંત્રીશ્રીએ કહ્યું તે પ્રમાણે આ વિધેયકનો હેતુ ખૂબ મર્યાદિત છે અને એમાં ઘણા deferment આવ્યા હોય એના ઉપર વ્યાજ અને બીજા લેણાંના કારણે ઑડિટના પ્રશ્નો ઊભા થયા છે એને સુલઝાવવાનો છે. ગુજરાતની અંદર શેરડી પકાવનારા વિસ્તારો ઘટતા જાય છે અને એના કારણે શેરડી પકવતા ખેડૂતો છે અને આપણો ખાંડ ઉદ્યોગ છે એ ખૂબ જ કટોકટીભરી પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યો છે. વર્ષો પહેલાં જ્યારે પાણીની સગવડતાઓ હતી તે વખતે ગુજરાતની અંદર ખાંડના કારખાનાઓની સંખ્યા પણ વધારે હતી અને ખાંડસરીની સંખ્યા પણ વધારે હતી. મને યાદ છે કે, સૌરાષ્ટ્રની અંદર પણ જે ખાંડના કારખાનાઓ અમરેલી જિલ્લો હોય, રાજકોટ જિલ્લો હોય એ જિલ્લાઓની અંદર આ કારખાનાઓ ઊભા થતા હતા. પરંતુ સમય પ્રમાણે ખેડૂતો પાણીના અભાવે શેરડી પકવી ન શક્યા. એના કારણે આ ખાંડના કારખાના બંધ થયા અને ખાંડસરીઓ પણ બંધ થઈ અને એના કારણે ગુજરાતના ખેડૂતોને અને ખાંડ ઉદ્યોગને મોટો ફટકો પડ્યો. પરંતુ પાકની પેટર્ન પાણી અને બીજી પરિસ્થિતિને કારણે ફેરવવી પડે છે. એ સિવાય પણ અનેક પડકારો ખાંડ ઉદ્યોગ અને શેરડી પકવતા ખેડૂતો સામે આવ્યા અને એના કારણે આ જે કારખાના જે વિસ્તારમાં શકય છે આજે ત્યાં પણ ખાંડ ઉદ્યોગ અને શેરડી પકવનારા ખેડૂતો મુશ્કેલી સ્થિતિમાંથી પસાર થઈ રહ્યા છે. આ મુશ્કેલી દૂર કરવા માટે આ જે શેરડી ઉપરનો

* વિધેયક તા.૧૭મી ફેબ્રુઆરી ૨૦૦૬ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

ખરીદવેરો છે એ વિધેયક લાવ્યા ત્યારે એમની મુશ્કેલીઓ જાણી, ખાંડના કારખાના અને શેરડી પકવનારા ખેડૂતો માટે થોડીક રાહતો લઈને આવ્યા હોત તો આ જે ઔપચારિકતા છે એ ઔપચારિક્તાને બદલે એક ગતિશીલ પગલું ગણાયું હોત. ખાંડ ઉદ્યોગમાં જે નવી પરિસ્થિતિ ઉભી થઈ, ખાંડને જે મુકત બનાવી અને એના કારણે માત્ર ગુજરાતના નહીં પરંતુ આખા દેશના શેરડી ઉત્પાદકો અને સહકારી ખાંડના કારખાનાઓ છે એ એકદમ મુશ્કેલ પરિસ્થિતિમાંથી પસાર થતા હતા. ઘણા ખાંડના કારખાના એના કારણે મહારાષ્ટ્ર અને બીજા રાજયોમાં બંધ થતા હતા અને ગુજરાતની અંદર પણ જે ખાંડના કારખાનાઓ હતા એ ખાંડના કારખાનાઓ જે વર્કીંગ કેપીટલ લીધી હોય અથવા તો ટર્મ લોન લીધી હોય એના કારણે વ્યાજ ભરી શકતા ન હતા. પરંતુ એના ઉપર અત્યાર સુધી કોઈ ધ્યાન આપ્યું નહીં અને એના કારણે ખેડૂતો અને કારખાના બંને દેવાદાર બનતા ગયા હતા. મારે તો આ તકે અભિનંદન આપવા છે કેન્દ્ર સરકારને કે યુ.પી.એ.ની સરકાર આવી અને આવતા વેંત ખેતીવાડી મંત્રીશ્રીએ ખાંડના કારખાનાઓ માટેનું આખું પૅકેજ આપ્યું જેની અંદર જે ખાંડના કારખાનાઓ ઉપર બોજ હતો એ બોજની અંદર જે ઉંચું વ્યાજ ભોગવવું પડતું હતું એની જગ્યાએ બહુ નોમીનલ વ્યાજના દરથી ૪ટકા વ્યાજના દરથી એમણે ખાંડના કારખાનાઓને એક નવું પૅકેજ આપ્યું અને એના અમલની જવાબદારી છે એ રાજય સરકાર ઉપર આપી. હું આ તકે રાજયના સહકાર મંત્રીશ્રીને વિનંતી કરું છું કે આ જે પૅકેજ આવ્યું છે કેન્દ્ર સરકારનું એનો દરેક ખાંડના કારખાનાઓ લાભ મેળવે અને એના દ્વારા આ ખાંડના કારખાનાઓ છે એ રીવાઈવ થાય. આર્થિક રીતે સક્ષમ બને અને એનો લાભ છે એ ખેડૂતો સુધી પહોંચે એ પ્રકારે આ પૅકેજનો તાત્કાલિક અમલ થાય એવું કરવું જોઈએ. અહીં ખરીદવેરાની વાત આવી છે ત્યારે મારી તો વાત એટલી જ છે કે ડીફરમેંટ પેમેન્ટ, એના ઉપર વ્યાજ એ જૂની વાત છે પણ જો ખરીદ વેરો લેવાતો હોય તો શેરડીનો ખરીદવેરો જતો કરવો જોઈએ. રાજય સરકારે અને એના દ્વારા ખેડૂતોને ક્યાંક થોડીક રાહત પહોંચે એવું પગલું લેવું. આ તો માત્ર અને માત્ર જૂની જે રાહતો આપેલી છે અને એમાં કાયદાનો અર્થઘટનમાં જે ડીફરમેંટ પેમેન્ટ ઉપર જે કંઈ ઑડિટના પ્રશ્નો ઉભા થયા છે, જે ડીફરમેંટ ઓલરેડી આવેલું છે એના વ્યાજના જે પ્રશ્નો છે એ બરાબર છે એમાં વાંધો ન હોઈ શકે પણ વધારામાં પણ આ શેરડીનો જે ખરીદવેરો છે એ સહિતના જે કરવેરા ખાંડના કારખાના ઉપર હોય, શેરડી પકવતા ખેડ્રતોને જેનો બોજો વહન કરવાનો આવતો હોય એ જતું કરી અને જે મુશ્કેલ સ્થિતિમાંથી આ ખાંડ ઉદ્યોગ અને શેરડી પકવતા ખેડૂતો છે એ પસાર થઈ રહ્યા છે એની વહારે વધુ આવે અને એવી કોઈ જાહેરાત કરે એવી અપેક્ષા રાખુ છું. આ બિલની અંદર કશું કંઈ નવું છે નહીં, અગાઉની સરકારોએ રાહત આપેલી છે એ રાહતોની અંદર જે કંઈ થોડાક અર્થઘટનના કારણે પ્રશ્નો ઉભા થયા છે એટલે એ પાસ થાય એમાં અમને કોઈ વાંધો નથી. (અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : આ વેરા તમે નાખ્યા છે અને અમારે સુધારા મૂકવા પડે છે.

**શ્રી અર્જુન ભાઈ દે. મોઢવાડિઆ** : અમે જ્યારે નાખ્યા ત્યારે શેરડીના કારખાના સદ્ધર હતા, ખેડૂતો સદ્ધર હતા અને અત્યારે ખરીદવેરો તમે પાછો ખેંચી લેવાના હોય તો સર્વાનુમતે મંજૂર કરવા તૈયાર છીએ.

**અધ્યક્ષશ્રી** : બન્ને પક્ષે ખેડૂતોને વ્હાલા થવાની કોશિશ ન કરો, પ્લીઝ.ખેડૂતો સમજે છે કે કોણ વ્હાલું અને કોણ દવલું છે? માનનીય વેચાતભાઈ.

**શ્રી વેચાતભાઈ હ. બારિયા (પાવી-જેતપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહ સમક્ષ માનનીય નાણામંત્રીશ્રી જે વિધેયક લઈને આવ્યા છે, એમાં મારા વિચારો રજૂ કરવા અને એને સમર્થન આપવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, શેરડીના ઉત્પાદનમાં અને એ ઉત્પન્ન કરતા ખેડૂતો એને મોટામાં મોટું આજે જોઈએ તો રાજયના ખેડૂતોની સ્થિતિ અને રાજ્યની સમૃદ્ધિમાં ખેતી જ મહત્ત્વનો ભાગ છે. શેરડી એ રોકડિયો પાક છે અને શેરડી પકવતા ખેડૂતો માટે વેચાણના કેન્દ્રો મોટામાં મોટા આ ખાંડસરી અને ખાંડ ઉદ્યોગ છે. ખાંડ ઉદ્યોગ સહકારી ક્ષેત્ર ઉપર મોટાભાગે આધારિત છે ત્યારે સ્થિતિ એવી છે કે એક વર્ષે શેરડીનો પાક પકવીને ખેડૂત ખાંડ ઉદ્યોગમાં આપે અને બીજા વર્ષે એના નાણા મળે. આ સ્થિતિ ખાંડના ઉદ્યોગોની છે. આવા સમયમાં આ ઑડિટની અને જે વેરા વસૂલાતની બાબત છે એ બધી બાબતો જે ગુંચવણભરેલી છે એના લીધે ઘણી બધી વિસંગતતાઓ ઊભી થતી હતી. એને લઈને નબળી ખાંડસરીઓ અને કારખાનાઓ મોટાભાગે વહીવટી કારણોના લીધે બંધ થવા પામેલ છે. આથી ખેડૂતોની જે મોટામાં મોટી આશા હતી એ આશા પણ પાણી ફરી ગયું અને એની સમૃદ્ધિમાં મોટામાં મોટો આ ઉદ્યોગે ઉપયોગી બનવા માટે હરણફાળ ભરેલી એમાં રુકાવટ આવી છે. એને લઈને રાજય સરકાર અને રાજયના નાણામંત્રીશ્રીએ ચિંતા કરી અને જે પગલું ભરવામાં આવ્યું છે એ સરાહનીય બાબત છે અને રાજયમાં શેરડી પકવતા ખેડૂતો માટે ઉપકારક બાબત સિદ્ધ થઈ શકશે અને ખાંડસરીઓને ચલાવવા માટે સારામાં સારું ઉત્તેજન આપી શકશે. આજે જે વિષય લઈને આવ્યા છે એ આજના સમયમાં ખૂબ જ જરૂરી છે. એને અનુમોદન આપીને મારી વાત પૂરી કરું છું.

**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે વિધેયક લઈને આવ્યા છે અને તેને રજૂ કરતાં પહેલા જે વાત કરી એ કોઈ નવી વાત નથી. અગાઉ નિર્ણય લેવાયેલ એને પાછલી તારીખથી અમલમાં મૂકવાનો છે. માનનીય વજુભાઈ સાહેબે કહ્યું કે તમારી સરકાર હતી. ૧૯૯૬માં કોની સરકાર હતી એ તપાસ કરી લો. એટલા માટે કે આ શેરડીના જે વાવેતરના વિસ્તારમાં ખાંડના કારખાનાઓ થયા એમાં રાજય સરકારનો હંમેશા અભિગમ રહ્યો છે અને બજેટમાં આ કારખાનાઓનો સમાવેશ ન હતો તેમ છતાં આપણી ખાસ રજૂઆતના આધારે વડોદરા જિલ્લામાં શેરડી ઉગાડતા ખેડૂતો માટે બે કારખાનાઓ મંજૂર કરેલાં. એ સિવાય પણ કેટલાય ખાંડના કારખાનાઓ ખેડૂતોની જ્યાંથી રજૂઆત આવતી એને આપણે ગૅરન્ટી વગર સગવડતા આપતા. પણ ત્રણ ટકા વેરો આપણને કોમ્પન્સેટ કરી દેતા હોત. જે રકમ રાજય સરકાર આપતી હતી એના બદલે રાજય સરકારની તિજોરીમાં કંઈ આવતું નથી. પણ જે કહેવામાં આવ્યું કે દિવસેને દિવસે આ ખાંડ કડવી બનતી જાય એમ ગુજરાતમાં ઉત્પાદન ઘટતું ગયું અને ખાંડના કારખાનાઓ બંધ પડ્યા.

માનનીય અધ્યક્ષશ્રી, સૌરાષ્ટ્રમાં પાણીની ખારાશ, ઓછા પાણીના કારણે માત્ર ૬ ટકા રિકવરી થાય છે. દક્ષિણ ગુજરાતમાં પણ ૭-૮ ટકા રિકવરી થાય એના બદલામાં મહારાષ્ટ્રની અંદર ૧૨ ટકાની રિકવરીનું પ્રમાણ એટલે ત્યાં કારખાના ખરી રીતે એના પોષક કારખાના હતા. આજે આ શેરડી પકવતા, ઉગાડતા ખેડૂતોને એની સગવડ આપવામાં આવે તો શેરડીનું ઉત્પાદન વધે અને રાજ્ય સરકારને પણ આ ઉત્પાદનમાંથી આવકો મળે. માનનીય નાણામંત્રીશ્રી જે બિલ લાવ્યા છે એની અંદર સ્કોપ બહુ મર્યાદિત છે. પરંતુ આ બિલ ઉપર બોલવા માટેની એક વિશાળતા હોય છે એનો સ્કોપ ખૂબ મોટો હોય છે, હું માનનીય નાણામંત્રીશ્રીને કહેવા માગું છું કે આ કાકરાપાર અને દક્ષિણ ગુજરાતમાં જ્યાં પ્રમાણમાં સૌરાષ્ટ્ર કરતા શેરડીના કારખાના સારી સ્થિતિમાં છે. એ સારી સ્થિતિમાં ટકી રહે અને એમને પૂરતા પ્રમાણમાં પાણી મળી રહે. માનનીય સિંચાઈ મંત્રીનો વિસ્તાર છે ત્યાં કાકરાપાર નહેરનું લાઈનિંગ કરીને આપણે શેરડીનું ઉત્પાદન તો વધાર્યુ એના કારણે રાજ્ય સરકારની સમૃદ્ધિ પણ વધી. પરંતુ એ કોન્ટ્રાકટરોને પૈસા અપાયા ખરા? લાંબા સમયથી એ કોન્ટ્રાકટરોને પૈસા ન આપીએ અને આપણે સગવડ ઊભી કરીએ તો આ બંને વચ્ચે સુમેળ થવો ખૂબ જરૂરી છે.રાજ્યની અંદર જ્યાં જ્યાં સિંચાઈની સગવડ હોય એવે ઠેકાણે સહકારી મંડળી દ્વારા ખાસ કરીને આદિવાસી વિસ્તારમાં આ શેરડીના, કારણ કે નર્મદાનો મોટો વિસ્તાર આવવાનો છે, આવતા દિવસોમાં જ્યાં સિંચાઈની સવલતો વધવાની છે એ વિસ્તારની અંદર સિંચાઈ આ શેરડીના કારખાનાની સહકારી મંડળીઓમાં નકારાત્મકતા ના આવે એની ખાસ કાળજી રાખવાની જરૂર છે. કારણ કે, ઘણે ઠેકાણેથી પાણી આપણે ત્યાં દરિયામાં વહી જાય છે, એ પાણીનો કેટલાક વર્ષો સુધી આ શેરડી માટે ઉપયોગ કરવામાં કંઈ અજુગતું ગણાવું ના જોઈએ. ઘણી વખત એમ કહેવામાં આવે છે કે અહીં તો તમે કેશ કરવા શેરડીનો પાક લેવાય છે. શેરડીનો પાક પણ આ દેશના માટે ખૂબ જરૂરી છે. કારણે કે ખાંડના ભાવ વધતા જાય છે.ઉત્પાદન વધતું જાય એનો લાભ કેવો થાય. આજે માનનીય કૃષિમંત્રીશ્રીએ કહ્યું કે ૫૦,૦૦૦ ટન ખાંડ પડોશી દેશ પાકિસ્તાને આપણને ઓર્ડર આપ્યો છે. જે બંને દેશો વચ્ચેનો યાતાયાત વધે ત્યારે ઉત્પાદન વધારવું ખૂબ જરૂરી છે. એ દૃષ્ટિએ ૩ ટકા એના ઉપર કર છે એ ખાસ કરીને એની અંદર ફેરફાર થાય. વેટ આવશે ત્યારે માનનીય નાણામંત્રી સ્પષ્ટતા કરશે. પરંતુ આજે પાછલી તારીખથી એવો સુધારો કરવો જરૂરી છે એના માટે બહુ ગૃહને ખાસ કાંઈ કહેવાનું છે નહિ, એટલે આ ગૃહ બિલને મંજૂર કરે એમાં અમારી સંમતિ છે.

**શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ (અંકલેશ્વર)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત શેરડી ઉપર ખરીદવેરા (સુધારા અને માન્ય ઠરાવવા બાબત) વિધેયક ૨૦૦૬ માનનીય નાણામંત્રીશ્રી લઈને આવ્યા છે, એમાં મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિધેયક શેરડી પકવતા ખેડૂતો, ખાંડ મંડળીઓની રજૂઆતને ધ્યાને રાખી નિર્ણય લેવાયેલ છે એ નિર્ણયને હું આવકારું છું, તેમજ રાજ્ય સરકારને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. રાજ્યની સહકારી ખાંડ મંડળીનો ગ્રામ વિસ્તારના આર્થિક વિકાસમાં અગત્યનું યોગદાન છે. એમાં ચાર લાખ જેટલા ખેડૂતો આ મંડળીના સભાસદ છે તે પૈકી ૯૬,૮૯૨ અનુસૂચિત જનજાતિના અને ૩૯૦૦૦ અનુસૂચિત જાતિના ખેડૂતોનો સમાવેશ થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, કુલ ૩૧ ખાંડ મંડળીઓ પૈકી ૧૭ ખાંડ મંડળી આદિવાસી વિસ્તારમાં આવેલ છે જેની દૈનિક ઉત્પાદન ક્ષમતા ૬૫૦૦૦ મૅટ્રિક ટન ધરાવે છે. ખાંડ ઉદ્યોગ વાર્ષિક ચાર કરોડનું ટર્ન ઓવર કરે છે. ખેડૂતને શેરડીના ભાવ પેટે ૧૨૦૦ કરોડ રૂપિયાની ચૂકવણી કરે છે તેમજ જુદા જુદા વેરા પેટે ૧૨૦ કરોડ જેટલી રકમ કેન્દ્ર અને રાજ્ય સરકારને ચૂકવે છે. ગુજરાતમાં ખાંડ ઉદ્યોગ સંપૂર્ણપણે સહકારી ક્ષેત્રે સ્થપાયો છે, વિકસ્યો છે. જેમાં ભારત સરકારની પરવાના મુકત નીતિ હોવા છતાં ગુજરાતમાં ખાંડ ઉદ્યોગ માટે સહકારી ક્ષેત્રે જ રહેવો જોઈએ તેવો અભિગમને આભારી છે. ૨૦૦૫-૦૬ ની પિલાણ સીઝનની અંદર અત્યાર સુધીમાં ૭૦ લાખ ટન જેટલી શેરડી પૂર્ણ કરી ૮૦ લાખ કિવન્ટલ ખાંડનું ઉત્પાદન કરીને

**અધ્યક્ષશ્રી .** : વિરામનો સમય થાય છે, આપનું પ્રવચન પૂરું થાય છે,

**( વિરામ : બપોરના ૨-૩૦ થી ૩-૧૫ )**

**( અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને.)**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના નાણામંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીઓએ શેરડીવાળા વિસ્તારના ખેડૂતોની ચિંતા વ્યક્ત કરી હતી. આ સભાગૃહના સભ્યશ્રીઓને હું ખાતરીપૂર્વક કહું છું કે, સરકાર ખેડૂતો માટે ખૂબ ચિંતિત છે અને શેરડી માટે ખાસ કરીને એનું ઉત્પાદન કરવા માટે ઘણા બધા પ્રયાસો કૃષિ વિભાગ કરતો આવ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, હું સભાગૃહના સભ્યશ્રીઓનું ધ્યાન દોરવા માગું છું કે, જે માંદી પડેલી મિલોને પણ બહાર કાઢી અને ફૂલ ફલેગ ચાલુ થાય એ પ્રમાણેના સરકારના પ્રયાસો રહ્યા છે. સરદાર સુગર ૧૩ કરોડ ૩૦ લાખ, વડોદરા સુગર ૮ કરોડ ૫૫ લાખ, મરોલી સુગર ૮ કરોડ ૨૬ લાખ અને ઉકાઈ સુગર ૮ કરોડ એમ કરીને ૩૮ કરોડ ૧૧ લાખની સહાય આજ વર્ષમાં છેલ્લા ત્રણ મહિનામાં આપવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ મિલો ઘણા વર્ષોથી બંધ પડેલ હતી આ મિલોને પાછી ચાલુ કરવા માટે રાજય સરકારના કૃષિ વિભાગ દ્વારા આ ચાર મિલો પાછી મજબૂત થઈ જાય એ માટે સહાય કરી. વિરોધપક્ષના નેતાશ્રીએ ચિંતા વ્યક્ત કરી કે, ઉત્પાદન ઘટ્યું છે, મારે હાઉસને જણાવતાં આનંદ થાય છે કે, ૨૦૦૪-૦૫માં ઉત્પાદન ૮.૨ લાખ ટન હતું જે આ વર્ષે વધીને ૧૧ લાખ ટન થવાની સંભાવના છે. અત્યારે ૬.૬ લાખ ટન ક્રૉસ કરી નાખ્યું છે અને હજુ સીઝનના મહિના બાકી છે એટલે એક્સપેક્ટેડ પ્રોડક્શન ૧૧ લાખ ટનની શક્યતા છે. આ દેખાડે છે કે, કૃષિ વિભાગની વોટર મેનેજમેન્ટના કારણે અને નવી ટપક પદ્ધતિ યોજના શેરડીમાં સફળતાપૂર્વક ચાલુ કરાવી છે તે મુજબ ઉત્પાદન વધશે. સુગર કેન પ્રોડકટિવિટી દુનિયામાં જે પ્રોડકટિવિટી લાવવા માટે અને શેરડીનું ઉત્પાદન વધે ત્યારે આંતરરાષ્ટ્રીય જે ટ્રેડ છે એની હરિફાઇમાં ઊભા રહી શકે અને આપણા ખેડૂતોને લાભ થાય એટલે જે ચિંતા વ્યક્ત કરી છે તે બદલ અમે ચોક્કસ મહેનત કરીશું. હવે મારી મિત્રોને વિનંતી છે કે, આ સર્વાનુમતે આ જે સુધારા વિધેયક લાવ્યો છું એને પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૬ના વિધેયક ક્રમાંક-૩નું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ ૨ થી ૪ ,કલમ ૧, દીર્ઘ સંજ્ઞા અને ઈનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી સૌરભ પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૬ના વિધેયક ક્રમાંક-૩નું ત્રીજું વાચન કરવામા આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સન ૨૦૦૬ના વિધેયક ક્રમાંક-૩નું ત્રીજું વાચન કરવામા આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

## સન ૨૦૦૬નું ગુજરાત વિધેયક ક્રમાંક:૭
## ગુજરાત મૂલ્યવર્ધિત વેરા (સુધારા) વિધેયક, ૨૦૦૬.
## ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ વધુ સુધારવા બાબત વિધેયક.

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયપત્રમાં *અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૦૬નું ગુજરાત વિધેયક ક્રમાંક:૭ સન ૨૦૦૬નું ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા (સુધારા) વિધેયક આપની અનુમતિથી દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૬નું ગુજરાત વિધેયક ક્રમાંક:૭ સન ૨૦૦૬નું ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા (સુધારા) વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વેલ્યુ એડેડ ટેકસનું જે બીલ તા.૨૬-૩-૨૦૦૩માં ગુજરાત વિધાનસભામાં પસાર થયું હતું અને જેનું પ્રેસીડેન્શિયલ કન્સેન્ટ તા.૧૭-૨-૨૦૦૫માં આપણને મળ્યું હતું એના સુધારા આ વિધાનસભા ગૃહમાં આપની પરવાનગીથી રજૂ કરું છું. આદરણીય માનનીય મુખ્યમંત્રીશ્રીએ બજેટ

---

* વિધેયક તા.૨૧ મી ફેબ્રુઆરી, ૨૦૦૬ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે.

સ્પીચમાં કહ્યું કે તા.૧-૪ થી વેટ અમલ કરવામાં આપણે સૈદ્ધાંતિક મંજૂરી પસાર કરી છે અને વેટ પહેલી તારીખથી અમલમાં મૂકવાના છીએ. વેટ એ વેલ્યુ એડીશન ઉપરનો ટેક્સ છે. દુનિયામાં ૧૩૦ દેશોની અંદર વેટનું અમલીકરણ થઈ રહ્યું છે. માજી નાણામંત્રીશ્રી વજુભાઈ વાળાએ આ જ વિધાનસભામાં જયારે બજેટ પસાર કર્યું હતું ત્યારે બજેટ પ્રવચનમાં કહ્યું હતું. However, in view of the detailed discussion that took place it was decided by the government of Gujarat in May ૨૦૦૩ to postpone implementation of Value Added Tax Act. The spirit of the discussion was simillar provision should be made in Value Added Tax Act by all the State and Value Added tax will be effective if it is implemented simultaneously by all the State. એટલે જે માજી નાણામંત્રીશ્રીએ કહ્યું હતું કે દરેક રાજયો જ્યારે સાથે ઈમ્પ્લીમેન્ટેશન કરશે ત્યારે ગુજરાત આનું અમલીકરણ કરશે. આજે એમ્પાવર્ડ કમિટિની અંદર બધા રાજયો સંમત થયા છે. મોટાભાગના રાજયો સંમત થયા છે. ત્યારે ગુજરાતે નિર્ણય કર્યો કે પહેલી તારીખથી વેટનું અમલીકરણ કરવું. સુધારાનું કારણ એ છે કે એમ્પાવર્ડ કમિટિએ આનું ફોર્મેશન કર્યુ હતું. એમ્પાવર્ડ કમિટિમાં વ્હાઈટ પેપર રજૂ કરવામાં આવ્યું હતું. એ વ્હાઈટ પેપર દ્વારા ઘણા બધા સૂચનો કરવામાં આવ્યા છે. કઈ જાતનો કાયદો હોવો જોઈએ. એ વ્હાઈટ પેપર દ્વારા અને એમ્પાવર્ડ કમિટિએ કહ્યું હતું જે રાજયે વેટનું અમલીકરણ કર્યું એના અનુભવના આધારે ઘણા બધા સુધારા કર્યા છે આપણે વેપારી વર્ગ જોડે બેસીને. આ એકટ ઐતિહાસિક એકટ છે. વર્ષોથી રાજયની મોટાભાગની આવક વેલ્યુએડેડ ટેકસથી આવવાની છે તો વધારે મોટો ડોઝ કેવી રીતે થાય અને ઓનેસ્ટ ટેકસ પેયર સરળતાથી ટેકસ કેવી રીતે ભરી શકે અને ચોરી કેવી રીતે અટકી શકે એ બધાનો મોટા પાયે વિચાર કરવામાં આવ્યો હતો અને ટ્રેડ એન્ડ ચેમ્બર ઓફ કોમર્સ જોડે minutest of minute એકટની જોગવાઈની ડીટેઈલમાં ચર્ચા કરવામાં આવી છે. આ એકટ ઉપર વધારે ભાર એટલે છે કે આવતા દિવસોમાં આપણે સી.એસ.ટી. ના ફેસીંગ આઉટ થવાના છે. આવતા બજેટમાં ચાર ટકાનો બે ટકા સી.એસ.ટી. ફેસીંગ આઉટ થવાની શકયતા છે આને કારણે ઘણા લાભો પણ થવાના છે. આમાં સૌથી અગત્યનું એ છે કે આ એકટ આવવાથી ત્રણ બીલો રીપીલ થાય છે. Gujarat Sales Tax Act ૧૯૫૯, Bombay Motor Spirit Taxation Act ૧૯૫૮, Gujarat Purchase Act ૧૯૮૯ એટલે આના આવવાથી ત્રણ એકટ આપણે નાબૂદ કરીએ છીએ. આ એકટનો બીજો ફાયદો એ છે કે એ ખૂબ ટ્રાન્સપરન્ટ છે. એમાં cascading effect આવતી હતી. ડબલ ટેકસેસનની ઈફેકટ આવતી હતી. એ ડબલ ટેક્સેસનની ઈફેક્ટ આ કાયદાના આવવાથી સંપૂર્ણપણે જતી રહેશે. બીજું સૌથી અગત્યનું એ છે કે જે સેલ્સટેક્સના કાયદામાં એસેસમેન્ટ હતું એ સેલ્સટેક્સના અધિકારી કરતા હતા. આની અંદર જોગવાઈ રાખી છે. આપણે સેલ્ફ એસેસમેન્ટની જોગવાઈ રાખી છે, એટલે વેપારી પોતાની જાતે કેટલો ટેક્સ ભરવો પડશે એ પોતે નક્કી કરશે અને એને ખૂબ મોટો ફાયદો આ કાયદાની અંદર મૂકવામાં આવ્યો છે. આખા દેશની અંદર જુદી જુદી ટેક્સેશનની સિસ્ટમ હતી. દા.ત. આપણે ત્યાં એક આઇટમ ઉપર ૪ ટકા હોય તો બાજુમાં મહારાષ્ટ્રની અંદર ૬ ટકા હોય આના કારણે યુનિફોર્મિટી નહોતી, એટલે આખા દેશની અંદર કોઈપણ પ્રોડકટ હોય એનું ટેક્સેશન સ્ટ્રક્ચર એમ્પાવર્ડ કમિટી નક્કી કરશે અને બાકીનું જે કોઈ રાજ્ય છે એ સ્ટ્રક્ચર ઉપર દરેક રાજ્યને એનું ફોલોઅપ કરવું પડશે, એટલે સભ્યશ્રીઓને મારે જણાવાનું છે કે આ સુધારાની અંદર અમે જે સુધારો લાવ્યા છીએ એ આપની વચ્ચે મૂકવા માગું છું.

પહેલા કેપિટલ ગુડસ ઉપર ટેક્સ ક્રેડિટનો વિષય છે. આપણે નક્કી કર્યુ છે કે કેપિટલ ગુડસ ઉપર ટેક્સ ક્રેડિટ આપવાની અને એનાથી વેપારીને ખૂબ મોટો ફાયદો થવાનો છે. બીજું પ્રોહિબિટેડ ગુડસની ઉપર જે ૧લી તારીખે ઓપનિંગ સ્ટૉક ઉપર જેટલો માલ પડ્યો હોય એના ઉપર ક્રેડિટ આપવાની છે અને ૧૩ પ્રોહિબિટેડ ગુડસ છે એ ૧૩-૧૩ ગુડસ ઉપર આપણને ક્રેડિટ મળશે. બીજું પીનલ પ્રોવિઝન્સની ફરિયાદ હતી. પીનલ પ્રોવિઝન્સ કાયદાની અંદર અઘરા હતા. તો આપણે નક્કી કર્યુ કે પીનલ પ્રોવિઝન્સ ગુજરાત સેલ્સટેક્સ એક્ટ પ્રમાણે રાખવામાં આવે, એટલે થોડું ઢીલું મૂક્યું છે, કે જેથી કરીને વેપારીઓ હેરાન ન થાય, એની કાળજી રાખી છે. બીજું વેપારીના હસ્તક એક લમસમ ટેક્સની મર્યાદા ૨૫ લાખની હતી, એ વધારવાની રજૂઆત આવતી હતી, એ લમસમની અંદર વધારીને ૨૫ લાખની ૫૦ લાખ કરી છે, એનાથી ખૂબ મોટો ફાયદો થવાનો છે. ઈનપુટ ટેક્સ ક્રેડિટ ઑન ફ્યુઅલ્સ એ માગણી હતી કે ફ્યુઅલ ઉપર આપવામાં આવે. આજની તારીખમાં ટેક્સેશન સ્ટ્રકચર આપણે નક્કી કર્યુ છે. એકસેસ ઑફ પાવર જનરેશન, કૅપ્ટિવ પાવર જનરેશન આ બેને બાકાત રાખીએ છીએ. આપણી આવક બહુ મોટી છે, એને બાદ રાખીને ૪ ટકા ડિડક્શન આપણે આપવાનું નક્કી કર્યુ છે.

બીજું ઑડિટ એસેસમેન્ટ પણ કરવામાં આવશે, તો મર્યાદાની અંદર કેસો કરવામાં આવશે. કેપિટલ ગુડસની અંદર જે ડેફિનેશન કરી છે. કોને કેપિટલ ગુડસ ગણવામાં આવશે, એની અંદર થોડું ક્લેરિફિકેશન એટલું કર્યુ છે કે ચોરી ન થાય, એના માટે સેકન્ડ હેન્ડ પ્લાન્ટ એન્ડ મશીનરી ઉપર આપણે જે કેપિટલ ખરીદીએ છીએ એના ઉપર નહિ મળે. રેટ ઑફ ટેક્સ ઑન પ્લાન્ટ એન્ડ મશીનરી ઉપર ૪ ટકા કરવામાં આવે છે. કેપિટલ ગુડસનો બુકસ રેકર્ડ કરવો પડશે. બીજું, આ કેપિટલ ગુડસ છે એ ગુજરાતની અંદરથી ખરીદ કરેલ હોવો જોઈએ. એ એપ્રિલ ૨૦૦૬ પછી ખરીદેલ હોવો જોઈએ. કેપિટલ ગુડસ ઉપર કન્ઝપ્શન આપવાનું નક્કી કરેલ છે. બીજું એચ.એસ.એન. કોડ નક્કી કર્યો છે. આપણે દરેક ગુડસને એચ.એસ.એન. કોડ આપ્યો છે. એચ.એસ.એન. કોડનો લાભ એ છે કે

ગુડસ આઈડેન્ટીફાઈ કરવા માગીએ છીએ, આપણે આવતા દિવસોમાં સિસ્ટમ કોમ્પ્યુટરાઈઝ કરવા માગીએ છીએ, એટલે એચ.એસ.એન. કોડ આપવાથી લાભ એ થશે કે દરેક આઇટમમાં કઈ આઇટમ છે એ સ્પષ્ટપણે જાણવા મળશે. આ કોડ અત્યારે સેન્ટ્રલ ગવર્નમૅન્ટની અંદર કસ્ટમ અને સેન્ટ્રલાઈઝ એક્સાઈઝ ડિપાર્ટમૅન્ટની અંદર અત્યારે એચ.એસ.એન. કોડનો ઉપયોગ કરતા આવ્યા છીએ, એટલે એના ઉપર કોમ્પ્યુટરાઈઝેશન સિસ્ટમ આપણી સરળ બનશે, એટલે આપણે એચ.એસ.એન. કોડનું નક્કી કર્યુ છે.

બીજું કે જે એક્ઝેમ્ટેડ આઇટમો ઉપર અત્યારે ઈન્સેન્ટિવ સ્કીમ રાજય સરકારે આપેલી છે, વર્ષોથી જે ચાલી આવતી છે અને એમ્પાવર્ડ કમિટીએ વાઈટ પેપરમાં નક્કી કર્યુ કે ઈન્સેન્ટિવ ગ્રાન્ટેડ ટુ ઈન્ડસ્ટ્રિઝ સુડ કન્ટીન્યુ એટલે રાજય સરકારે સૈદ્ધાંતિક નિર્ણય લીધો છે. આ ઈન્સેન્ટિવ કન્ટીન્યુ થશે, પણ એના મોડિફિકેશન કઈ જાતના કરવા એ આવતા દિવસોમાં નક્કી કરીશું અને એનો વેટ જે તૂટે નહિ એનું ધ્યાન રાખવા માગીએ છીએ. એક માગણી ટ્રેડ ઉદ્યોગની હતી, બીજા રાજયોમાં આપતા ન હતા. પણ આપણે ત્યાં કે ભાઈ આપવું જરૂરી છે. ડેબીટ નોટ અને ક્રેડીટ નોટ ઉપર એસેસમેન્ટ વેટનું થવું જોઈએ એટલે ડેબીટ નોટ હોય કે ક્રેડીટ નોટ હોય તો એના ઉપર તે વેટની ડેબીટ થાય કે ક્રેડીટ થાય તે રિવાઈઝ રિટર્ન ભરી અને જે તે વેપારીઓ તેનો લાભ લઈ શકશે તે પણ એક સુધારો કરવામાં આવ્યો છે. જૂનું એક પ્રોવીઝન હતું કે પ્રોહીબેટેડ ગુડસ ઉપર ટેક્સ ક્રેડીટ આપવામાં ન આવે એટલે તે કન્ડીશન રિમૂવ કરી છે. એટલે લિસ્ટ ઑફ પ્રોહીબીટેડ ગુડસ છે આર્યન ઇન સ્ટીલ, કોસ્ટીક સોડા, કૅમિકલ્સ, ડાઈઝ, ફરનેશ ઑઈલ, એલએબી, એલએસએચએફ, લુબ્રીકન્ટ, નેપ્થા, પૅકીંગ મટીરીયલ્સ, સોડા એશ, વોશ કૉટન અને કૉટન સીડ ઑઈલ આના ઉપર જે પ્રોહીબીટેડ ગુડસ જે આઇટમો સ્ટૉકમાં હશે તેને પણ આપણે ક્રેડીટ આપવાનું નક્કી કર્યુ છે. લમછમ એમાઉન્ટ ૨૫ લાખની હતી તે ૫૦ લાખની કરી છે. આના કારણે જે રીટેઈલર્સ છે, નાના નાના વેપારીઓ છે તે આ વેટની અંદર નહીં આવે અને આનો ફાયદો આપણે બહુ સરળ બનાવવા માગીએ છીએ. આની અંદર એ પણ નક્કી કરવા માગીએ છીએ કે કોઈ નાના નાના રીટેઈલરવાળા હોય દા.ત. કરિયાણાની દુકાન હોય તો આપણે રૂલ્સમાં એવી જોગવાઈ કરવા માગીએ છીએ કે તે તેનો સ્ટૉક લઈ શકે નહીં ફક્ત પ્રોવીઝનની શક્યતાને તેની પણ બીજી રીતથી વ્યવસ્થા કરીશું કે જેથી તેને હેરાનગતિ ન થાય. એટલે લમછમની અંદર આપણે મર્યાદા વધારી છે. વર્કસ કૉન્ટ્રૅક્ટ, આ વર્કસ કૉન્ટ્રૅક્ટનો કાયદો પહેલાં ન હતો. આજની તારીખમાં વર્કસ કૉન્ટ્રૅક્ટ ઉપર પણ આપણે નક્કી કર્યુ છે કે આપણે એમને ક્રેડીટ આપીશું. બીજા રાજયોની સરખામણીમાં આપણે બહુ સરળ કરવા માગીએ છીએ. મહારાષ્ટ્રમાં ૮ ટકા કર્યો છે, આપણે હજુ ટેક્સ નક્કી કર્યો નથી અને બીજા રાજયોમાં લેબર કોમ્પોનન્ટ ડીડકશન કરવા માગે છે આપણે આવી સરળતા રાખી છે કે એક સિમ્પલ ટકાવારી નક્કી કરી વર્કસ કૉન્ટ્રૅક્ટ ઉપર તે લોકોને મળે, ટેક્સ ભરવો પડે તે પ્રમાણે આપણી વ્યવસ્થા ગોઠવી છે.

સેલ્ફ એસેસમેન્ટની ગયા એકટમાં જોગવાઈ હતી નહીં. જેમ કહ્યું તેમ સેલ્ફ એસેસમેન્ટમાં મોટાભાગના ૮૦ ટકા કેસીસ આ કાયદા નીચે આવી જશે. આપણે એમાઉન્ટની એવી રીતે ગોઠવણ કરી છે કે મોટા વ્યકિતઓને ફરજિયાત કર્યા છે કે જ્યાં ચૅકીંગ કરવામાં આવશે. દા.ત. જેનું રિફંડ હોય તેનું ચૅકીંગ કરવામાં આવશે. કોઈ પકડાયું હોય તેના ત્યાં ચૅકીંગ કરવામાં આવશે અને સેમ્પલ તરીકે નાના કેસોને હાથમાં લેવામાં આવશે. ત્યાં સુધી સંપૂર્ણપણે આપણે જોઈશું કે નાનો વેપારી મોટા ભાગના સેલ્ફ એસેસમેન્ટ જાતે કરીને અને જાતે ટેક્સ આપે તે પ્રમાણેની આ કાયદાની અંદર જોગવાઈ કરવામાં આવશે. ઑડિટ એસેસમેન્ટની જોગવાઈ કરવામાં આવશે અને ઑડિટ એસેસમેન્ટની અંદર આપણે જે પૅનલ હતી તેની અંદર જે જોગવાઈ છે તે જોગવાઈમાં ઘટાડો કરવામાં આવશે અને એટ પાર વીથ જીએસટી એકટ કરવામાં આવ્યો છે. પ્રોવીજનલ રિફંડની અંદર એક જોગવાઈ હતી કે રિફંડ આપતી વખતે ફરજિયાત બૅન્ક ગૅરન્ટી આપવી. બીજા રાજયોમાં બૅન્ક ગૅરન્ટીની વ્યવસ્થા છે પણ આપણે બૅન્ક ગૅરન્ટી ફરજિયાત નહીં કરી તેની જગ્યાએ આપણે આવતા દિવસોમાં ઘણા બધા ઈન્સ્ટ્રુમેન્ટ જાહેર કરવાના છીએ કે જે એક વેપારી આપે તો એને પ્રોવીજનલ રિફંડ તાત્કાલિક આપવામાં આવે. ઇન્સ્ટંટ ઑફ રિફંડ જે સેકશન-૩૮ ની અંદર છે. ઇન્સ્ટંટ ઑફ રિફંડ અત્યાર સુધી જીએસટી એકટમાં એસેસમેન્ટ પાસ થયા પછી રિફંડ મળતું હતું અને તેના પછી વ્યાજ મળતું હતું. દા.ત. આજે વેપારી ટેક્સ ભરે અને તેનું એસેસમેન્ટ પાંચ વર્ષ પછી થાય એટલે પાંચ વર્ષ સુધી વ્યાજ મળતું ન હતું. પાંચ વર્ષ પછી જ્યારે ઑર્ડર મળે ત્યારે તેનું વ્યાજ મળતું હતું. આપણે જોગવાઈ નક્કી કરી છે કે વેપારીએ જ્યારે ટેક્સ ભર્યો હોય તેના એકાઉન્ટીંગ યર ફાઈનાન્શ્યલ પૂરા થાય અને તે દિવસે તેને વ્યાજ મળશે. આ ઈન્ટરેસ્ટ ઑફ રિફંડ બીજા રાજયોની સરખામણીમાં આપણે ન્યાય આપવા માટે વેપારીને ન્યાય મળવો જોઈએ તેના માટે એકટમાં સુધારો લાવવાનો પ્રયત્ન કર્યો છે. એક બીજી જોગવાઈ હતી સ્પેશીમેન સીગ્નેચરની. સ્પેશીમેન સીગ્નેચરની અંદર સીગ્નેચર ન મળે તો તેને ઈનપુટ ક્રેડીટ મળતી ન હતી. આપણે સુધારો લાવીને નક્કી કર્યુ છે કે સ્પેશીમેન સીગ્નેચર ન મળતી હોય ત્યારે પણ આની અંદર ઈન્પુટ ક્રેડીટ મળે એ પ્રમાણે સુધારા લાવ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, બીજા જે આના કારણે ડીક્રીસ ઈન રેટ જે છે એનું પણ એના કારણે ત્રણ ફેઝ જે છે બે મેઈન રેટ, મોટા ભાગના ચાર ટકા અને સાડા બાર ટકા, આ મેઈન રેટ છે અને મોટા ભાગની આઈટેમ્સની અંદર આનો સમાવેશ કરવામાં આવ્યો છે. બાકીના ટેક્સ ફ્રી આઈટેમ્સ છે અને એક ટકાવારી, એટલે ચાર રેઈટ.

આવતા દિવસોમાં વેટની અંદર સમાવેશ કરવામાં આવવાનો છે. એટલે આ સુધારાના કારણે ઘણો મોટો ફાયદો થવાનો છે. ટ્રેડ એન્ડ ચેમ્બર ઓફ કોમર્સના સૂચનો લઈને આ કરવામાં આવ્યા છે. આપણે ઈન્સ્પેકટર રાજ ઓછું કરવા માટે આ સુધારા લાવ્યા છીએ અને આવતા દિવસોમાં ચોક્કસપણે કહું કે આપણે હાઈ ટેકનોલોજીના શોફટવેર બનાવેલા છે અને હાઈ ટેકનોલોજીનો ઉપયોગ કરીને શોફટવેર એકેએક વેપારીને વેબસાઈટ ઉપર આપવા માગીએ છીએ એટલે આવતા દિવસોમાં એ પોતે વેબસાઈટ ઉપર અનલોડ કરી શકે અને અનલોડ કર્યા પછી એ પોતાનો ઉપયોગ કરી શકે. આ કાયદાને લોકો સરળતાથી સમજે એ માટે આપણે દરેક જગ્યાએ હેલ્પ ડેસ્ક મૂકવાના છીએ અને હેલ્પડેસ્ક દ્વારા લોકોને માહિતી આપવાના છીએ. એક ચોપડી પણ બનાવવાના છીએ કવેશ્ચન સાથે કે સીધું, સરળ એ લોકોને ખબર પડે કે જવાબ મળે, એ પ્રશ્ન પૂછે, આપણે જ પ્રશ્ન બનાવીને અને આપણે એમને જવાબ આપવાના છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, કર્મચારીઓને ટ્રેનિંગ આપવાનું ચાલુ કરી દીધું છે અને આ કાયદો જયારે પહેલી વખત આવે છે, આ કાયદાની અંદર આ લોકોને એક જાતનો ડર પેસી ગયો કે આ કાયદાથી આપણે હેરાન થઈશું, આ ડર રાખવાની બિલકુલ જરૂર નથી. માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય સભાગૃહના સભ્યશ્રીઓને ખાતરી આપું છું કે, સમુચય સરળતાથી અને શોફટવેરનો કેવી રીતે ઉપયોગ થાય એવું સંપૂર્ણપણે અમારા રાજય સરકારના કર્મચારીઓ પ્રયત્ન કરશે અને ચોક્કસપણે જયારે વેટનો સારી રીતે અમલીકરણ થશે અને એ વખતે વેપારીઓ ખુશ થશે, કે ના ભાઈ, આ જે ઐતિહાસિક કાયદો લાવ્યા છે એનાથી એ લોકોને ખૂબ મોટો ફાયદો થયો છે. એટલે માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય સભ્યશ્રીઓને વિનંતી કરવાની કે આ કાયદો કે જે વેપારીઓના લાભ માટે છે. રાજયની આવકમાં પણ આવતા દિવસોમાં , શરૂઆતના બે ચાર મહિના ચાન્સીસ છે કે ઈન્પુટ ક્રેડિટ એટલી બધી વધારે હોય તો ક્રેડિટ જે ૩૧મી માર્ચે ઘણી બધી બધાના ચોપડે બેઠી હોય તો પહેલા ત્રણ ચાર મહીના આવકમાં થોડી શકયતા છે કે આટલો બધો વધારો ન થાય પણ વેટનો જયારે અમલીકરણ થાય ત્યારે બધાયનું માનવું છે કે બીજે, ત્રીજે, ચોથે, પાંચમા વર્ષ પછી એના જયારે બધાજ બેઈઝ, જયારે બેજ મોટો થઈ જતો હોય છે ત્યારે ગુજરાત એક જયારે મેન્યુફેકચરિંગ સ્ટેટ છે તો ચોક્કસપણે ગુજરાતની આવક વધશે, આ એક્ટમાં સુધારા, એક મોડેલ એકટ તરીકે બીજા રાજયો પણ આનું અમલીકરણ કરી શકે એ પ્રમાણે સુધારાની આ એકટમાં દરખાસ્ત કરી છે તો માનનીય સભ્યશ્રીઓને મારી વિનંતી છે કે સર્વાનુમતે આ કાયદાને પસાર કરે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિદ્ધપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી વેટના કાયદાના સુધારા માટૈ જયારે બિલ લઈને આવ્યા છે. વેટ વિશે ચોક્કસ કહી શકાય કે વેટ એ ખરેખર આવકારદાયક છે પણ વેટમાં જે રીતે ગુજરાત સરકારમાં જે રીતે કાયદા ઘડવામાં આવ્યા છે એ કાયદાના આધાર ઉપર જે એની જે કાળી લીટી લખવામાં આવી છે એના ઉપર જો વેટનો કાયદો ગુજરાતમાં જો આ જ રીતે જો પસાર થઈ જાય તો મને લાગે છે કે ત્રાહીમામ્ ત્રાહીમામ્ થઈ જશે. માનનીય મંત્રીશ્રી કહેતા હતા કે ઈન્સ્પેકટર રાજ છે એ ઘટશે પણ આ તો એની જગ્યાએ ઈન્સ્પેટકર રાજનો જબરજસ્ત વધારો થશે અને વેપારીઓને જબરજસ્ત પરેશાનીઓ થશે માટે હું વેટના કાયદા ઉપર, સુધારા ઉપર વિસ્તૃત ચર્ચા કરવા માટે આજે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, વેટ એટલે હમણાં જ એમ કહેવામાં આવ્યું કે વેટની શરૂઆત કેવી રીતે થાય ? વિશ્વમાં જ્યારે ૧૯૬૦માં જુદા જુદા પ્રકારના જે ટેક્સ લાગે, આપણા ગુજરાતમાં તો અસમાનતા ઘણી બધી છે, જુદા જુદા ટેકસ લાગે છે. આ તમામ ટેકસ એક થાય અને બધા જ એક થાય એને વેટ કહેવાય. ત્યારે વેટનો કાયદો સરળતાથી ચાલે. આપણે ત્યાં વેટના કાયદાની પરિસ્થિતિ જુદી જુદી છે. ઉદાહરણ છે કે વેટના કાયદાનો અમલ કરવાની જયારે માનનીય મુખ્યમંત્રીશ્રીએ વાત કરી છે કે ૧-૪-૦૬થી ગુજરાતમાં લાગુ કરવામાં આવશે. માનનીય મંત્રીશ્રીએ પણ એમ કહ્યું કે ચોકકસ ૧-૪ થી લાગુ થશે. ભાજપે મહાનગરપાલિકાઓના ચૂંટણી ઢંઢેરામાં વાત કરી હતી અને કેટલાય ટાઈમથી આ બેન્ચ ઉપરથી વાત થઈ છે કે, ગુજરાતમાં ચાર મહા-નગરપાલિકાઓમાં આજે પણ ઓકટ્રોય છે એ નાબૂદ ન થાય ત્યાં સુધી વેટનો કાયદો બરાબર નથી. વેટ એટલે એ કે દિન-પ્રતિદિન જે માલ છે એ ૧૦૦ રૂપિયાનો માલ હોય એ ૧૦૫માં વેચે તો એના ઉપર ચડતાક્રમે જયારે વેરો લાગવાનો છે. ત્યારે સમગ્ર જગ્યાએ સરળતાથી આનો અમલ થાય તો વેટનો કાયદો આવકારદાયક છે.

બેલ્જિયમમાં ૧૯૬૦માં વેટના કાયદાની શરૂઆત થઈ, ૧૯૭૦માં યુરોપ કન્ટ્રીસમાં શરૂઆત થઈ અને આજે વિશ્વના ૧૩૦ કરતાં પણ વધારે દેશોમાં વેટનો કાયદો અમલમાં છે. એશિયાના સૌથી મોટામાં મોટા દેશ ચીનમાં પણ વેટનો કાયદો અમલમાં છે. શ્રીલંકા જેવા નાના દેશમાં પણ વેટનો કાયદો અમલમાં છે. આજે અભિનંદન આપવાનું મન થાય છે કે, આજે દેશના વડાપ્રધાન શ્રી મનમોહનસિંઘ કે જે અમારા પક્ષના છે. એમણે સમગ્ર વિશ્વમાં જોયું અને આનો વિચાર કર્યો હતો કે સમગ્ર દેશ એકત્ર રીતે ચાલે, સરળતાથી ચાલે એ વિચાર સાથે ૧૯૯૫માં તેઓ જયારે દેશના નાણામંત્રી હતા ત્યારે એમણે દેશના તમામ મુખ્યમંત્રીશ્રીઓની બેઠક બોલાવી હતી અને ૧૯૯૫માં વેટનો વિચાર કર્યો હતો અને વાત કરી હતી. સમગ્ર દુનિયાના અનેક દેશોમાં જેમ વેટનો કાયદો અમલમાં છે એમ આપણા દેશમાં પણ વેટનો કાયદો બને તો સમગ્ર દેશમાં સમગ્ર રીતે પધ્ધતિસર અને સમાન ધોરણે ચાલે એ માટે એમણે વિચાર કર્યો હતો. પણ ચોક્કસ એમ થાય કે ૨૦૦૩માં વેટના કાયદા માટે માજી

નાણામંત્રીશ્રી વજુભાઈ વાળા જયારે વાત લઈને આવ્યા હતા ત્યારે એમ હતું કે તમે આ વેટના કાયદાનો અમલ કરશો, ભાજપની સરકાર રહી પણ અમલ ન થઈ શકયો એ ખરેખર દુઃખદ બાબત હતી. યુ.પી.એ.ની સરકાર આવી. શ્રીમતી સોનિયા ગાંધી, પી.ચીદમ્બરમ અને વડાપ્રધાન શ્રી મનમોહનસિંઘે વિચાર કર્યો કે આ દેશમાં ફરીથી સમાન ધોરણ લાવવું હોય તો ૧૯૯૫માં જે કાયદાનો વિચાર મૂકયો હતો એ કાયદાનો આ દેશમાં અમલ કરાવવા માટેનો વિચાર કર્યો અને આજે આ કાયદાનો આખા દેશમાં અમલ થયો અને છેલ્લા એક વર્ષથી સમગ્ર દેશમાં વેટનો કાયદો અમલમાં છે. ગુજરાતમાં એનો અમલ ન થયો અને ગુજરાતના વેપારીઓને એને કારણે ઘણું બધું સહન કરવું પડયું છે. આજે તમામ વેપારીઓને આર્થિક રીતે અને બીજી રીતે આને કારણે નુકસાન થઈ રહ્યું છે. આવી પરિસ્થિતિ વેટની થઈ છે ત્યારે મને એમ થાય છે કે આ સ્થિતિમાં વેટનો કાયદો લઈને આવ્યા છે ત્યારે પહેલા મેં કહ્યું તેમ ચોકકસ આવકારવાનું મન થાય. વેટ કોને લાગુ પડશે ? હમણાં જ માનનીય નાણામંત્રીએ એમ કહ્યું હતું કે, નાના-નાના વેપારીઓને આમાં નથી આવરવાના. બોલવું શું અને લખવું શું એ બાબતમાં ઘણો બધો ફરક છે. આજે પાંચ કે સાત મિનિટમાં આ કાયદાની જે પરિભાષા છે એ પરિભાષા સમજાવી છે એમાં હું જે રીતે સમજયો છું તેમ પહેલા વેટ એને લાગશે કે જેણે ૧૯૬૯નો કેન્દ્રીય વેચાણ અધિનિયમ ૧૯૫૬ નો નોંધણી નંબર જે ધરાવે છે એને વેટની અંદર દાખલ થવાનું છે. નાના વેપારીઓની વાત કરૂં તો ૫ લાખ જેનું ટર્નઓવર થવાનું છે એવા વેપારીઓ પણ આ વેટમાં જોડાવાના છે. કર માત્ર ૧૦ હજાર રૂપિયા ભરે એમ આપણે કહી શકયા હોત, પણ મને લાગે છે કે, નાના નાના પાનના ગલ્લાવાળા અને નાના નાના લોકો પણ આ વેટના કાયદામાં આવી જવાના છે.

દશ હજાર રૂપિયાનો જે માણસ ટેક્સ ભરે એને પણ  વેટના કાયદાની અંદર આવી જવાનું છે. બહુ સરસ વાત કરતા હતા હમણાં કે વેપારીઓને કેટલા બધા ફાયદા થશે. વેપારીઓને આજે કયા પ્રકારે ફાયદા થશે એ એમણે ગણાવ્યા એ જ રીતે હું કહું છું કે, આજે કેવી કેવી સત્તાઓ એમને આપવામાં આવી છે. એક નાનકડો દાખલો હું રજૂ કરું છું કે રજીસ્ટ્રેશન સસ્પેન્ડ કરવાની સત્તા અધિકારીને આપવામાં આવી છે. રજીસ્ટ્રેશન નંબર તમારો જતો રહે, સ્ટૉકમાં માત્ર તફાવત હોય સામાન્ય આવડો મોટો જો એ ધંધો કરતો હોય અને એના સ્ટૉકનો તફાવત હોય તોય વેચાણવેરા અધિકારી એનો નંબર રદ કરી શકે. બીજું રિવાઈઝીંગ ફાઈલની મર્યાદા જે નેવું દિવસની હતી એ ઘટાડીને ત્રીસ દિવસની કરી છે. ધંધાનું સ્થળ, જૂનો નંબર રદ કરાવવો હોય તો એણે નવો નંબર લેવો પડે, એવા અનેક અન્ડર ઈન્વેન્ટ અને ઓવર ઈન્વેન્ટ કરીને જે દંડની જે જોગવાઈ છે, એ રીતે કરી છે અને માલના ઉત્પાદન માટે વેપારમાં વપરાતા બળતણ ઉપર વેટનો જે ચાર ટકા ટેક્સનો ઘટાડો કરી ૧૨.૫ ના બદલે ૮.૫ ગણી શકાય આવી આની અંદર જોગવાઈ કરવામાં આવી છે. હમણાં જે પ્રમાણે ઈનપુટની વાત કરતા હતા હું છણાવટ એટલા માટે કરું છું કે ઈનપુટની જ્યારે એમણે વાત કરી કે એ અમે વેપારીઓને મજરે આપવાના છીએ. મારે પૂછવું છે કે, કલમ-૧૧(૩) ૨(ક) અને ૭ માં જે જોગવાઈ કરી છે.

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ ધ્યાન આપો, પછી વેટ શું છે એ ખબર નહિ પડે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : વેટની અંદર જે જોગવાઈ કરવામાં આવી છે ઈનપુટની અંદર એ એક વર્ષ માટેની કરવામાં આવી છે. મારે પૂછવું છે કે, જે લોકો એક વર્ષ સિવાય, બે વર્ષ, ત્રણ વર્ષ જેની ઈનપુટ જે પહેલાં પણ આવેલી હોય તે લોકોની આજે પરિસ્થિતિ શું થશે? માટે મારે નાણાં મંત્રીશ્રીને વિનંતી કરવી છે કે જે એક વર્ષની તમે જોગવાઈ કરી છે એ ત્રણ વર્ષ કરવી જોઈએ એટલા માટે કે જે મશીનરી હોય, બીજો જે સ્ટૉક હોય એ આજે કેટલાય સમયથી એને મજરે ના મળે તો મને લાગે છે કે વેટની અંદર જે આપણે કર્યુ છે એ પણ અન્યાય કર્યો હોય એવી સિસ્ટમ લાગે.  એ જ પ્રમાણે માલનો જે સ્ટૉક છે એ ઈનપુટ ક્રેડિટવેરાની જે અધિનિયમની કલમ-૧૨(૨) છે તેની અંદર જે જોગવાઈ કરવામાં આવી છે એ પણ હમણાં જ એમ કહેતા હતા કે વેપારીઓને ફાયદો થશે એમાં મારે પૂછવું છે કે, વેપારીઓને એક વર્ષનો તમે જ્યારે લાભ આપવાના છે તો વેપારીઓને ક્યાંથી ફાયદો થવાનો છે એમાં પણ મારી વિનંતી છે કે, આની અંદર ત્રણ વર્ષ માટેનું કરવું જોઈએ અને એને એ મજરે  મળે, એના હક્કથી એ વંચિત ન રહી જાય આવી જો આ કાયદામાં જોગવાઈ કરવામાં આવી હોત તો ચોક્કસપણે એ વેપારીઓને ફાયદો થાત. વેચાણવેરાનો ઉચ્ચક વેરો, પહેલાં વેપારીઓ એવું કરતા હતા કે ઉચ્ચકવેરો જે પ્રમાણેનો ભરી શકાય પણ આ કાયદામાં એવી જોગવાઈ કરવામાં આવી કે તમે કન્સાઈનમેન્ટ એજન્ટ તરીકે જો આની અંદર વેપારી આપે તો ઉચ્ચક વેરો ભરવાની જે છૂટ આપી શકાય નહિ એવી આ કાયદામાં જે જોગવાઈ કરવામાં આવી છે અને મારે એ કહેવું છે કે એમાં એમણે એક લિમિટ બાંધી છે કે પચાસ લાખની જોગવાઈ છે એ વધવું જોઈએ નહિ એ જ રીતે કમિશન એજન્ટના ધંધા માટે એ રીતની જે લિમિટ બાંધી છે એ ખરેખર વેપારી આલમમાં આજે ધંધો કરતા હોય  આજે એને જે ટેક્સ ભરવાનો થતો હોય એ ટેક્સ ઉચ્ચક એક કરોડ કે પચાસ લાખ રૂપિયા ભરે પણ એક્ઝૅક્ટ માત્ર પચાસ લાખ રૂપિયાનું કન્સાઈનમેન્ટ અથવા કમિશન એજન્ટ તમે કરતા હોય તો એ ઉચ્ચકની જોગવાઈ આખી કાઢી નાંખી છે, મારે એમાં સુધારો રજૂ કરવો છે. મારે એ વિનંતી કરવી છે કે આની લિમિટ વધવી જોઈએ અને જે પચાસ લાખ રૂપિયા છે એની એક કરોડ રૂપિયા કરવી જોઈએ એવો એક સુધારો  મારે મૂકવો છે. ઉચ્ચક વેરા અંગેની કલમ-૧૪(૧) ૪ માં જે જણાવ્યું છે જે રીતે જે સિસ્ટમથી જે કહેવામાં આવે છે કે સરકારે જાહેર કરેલ પ્રવૃત્તિઓ, બાકીનું લિસ્ટ, આથી રાજય સરકાર ગૃહમાં જે રીતે ઉદ્યોગોનું લિસ્ટ, તેમણે નકકી કરી દીધું કે અમે આ સત્તા જે છે, જે હુકમનો નિર્દેશ છે એ રાજય સરકાર પછી નકકી કરશે. મારે પૂછવું છે કે જયારે વેટનો

કાયદો સરળ બનાવવાની વાત થતી હોય તો આપણે પાછળથી શા માટે રાખવા માગો છો? પાછળથી રાખવાથી તમે કયા ઉદ્યોગોનો એમાં સમાવેશ કરવા માગો છો? એમાં વહાલા દવલા થવાની શકયતા વધવાની છે. શા માટે આની સાથે જ એની જોગવાઈ થતી નથી ? એમાં પાછળથી સરકાર એના હુકમો કરશે એવું શા માટે? સરકારે આ વેટના કાયદામાં જ સાથે જ જોગવાઈ કરવી જોઈએ કે કયા ઉદ્યોગોને આ લિસ્ટમાં લેવાના છે અને કયા ઉદ્યોગો આમાં લેવામાં આવવાના નથી એ થાય તો ચોકકસ એનો આપણને ખ્યાલ આવે. જયારે આપણા માનનીય મુખ્યમંત્રીશ્રી ચીન અને જાપાન સાથે સરખામણીની વાત કરતા હોય ત્યારે આપણે એમ કહીએ કે આખા વિશ્વ સાથે ૨૧ મી સદીનો જમાનો આવવાનો છે. આ છેડેથી પેલા છેડે અને પેલા છેડેથી આ છેડે માલ આવવાનો છે ત્યારે કમિશન એજન્ટ ચોકકસ હોય, પરંતુ એ પણ એની અંદર પણ કમિશન એજન્ટ આપવાથી આખી અસર ઉપર કાઢી નાખીએ છીએ એ પણ નહીં રાખવી જોઈએ એ પણ મારી કહેવાની વાત છે.

ઘણી વખત માનીય નાણામંત્રીશ્રીએ એમ કહયું કે વેપારીઓ હોય એટલે વેપારની પધ્ધતિની વાત કરતા હોય છે. વિભાગ ૧૫ માં મુખ્ય કલમની પેટા કલમ ૫૬ માં જોગવાઈ છે એ છે કે એક વાર વેપારી ઉપર કોઈ કારણસર દંડ અને વ્યાજ થયું અને પેનલ્ટી થાય ત્યારે એની જોગવાઈ એવી રીતે કરેલ છે કે જયારે આપણે રકમ જમા કરાવીએ ત્યારે સૌથી પહેલાં એ વ્યાજમાં જમા થાય, પછી દંડમાં જમા થાય અને પછી રકમ રકમમાં જમા થાય છે. આપણે ચક્રવૃધ્ધિ વ્યાજ કરતા, સમાનતાના ધોરણોની જયારે વાત કરતા હોઈએ ત્યારે આપણને એમ થાય કે સમાનતાના ધોરણની વાત કરીએ છીએ તો દેવું હોય તો સૌ પ્રથમ રકમમાં જમા કરીએ, પછી દંડમાં જમા કરીએ અને પછી વ્યાજમાં જમા કરીએ. આ કાયદામાં જોગવાઈ છે એ આ રીતે બતાવી છે. આથી મારી વિનંતી છે કે સૌથી પહેલાં રકમ રકમમાં જમા કરવી જોઈએ, પછી દંડમાં જમા કરવી જોઈએ અને પછી વ્યાજમાં જમા કરવી જોઈએ. તો મને લાગે છે કે એ વેટનો કાયદો બીજા રાજયોમાં જે રીતે છે એ પ્રમાણમાં સમાન ગણી શકાય. એની સાથે સાથે જે વ્યાજની રકમ ૧૮ ટકા છે અને આજે જયારે જાપાનથી માંડીને બીજે બધે જયારે શૂન્ય ટકા વ્યાજ ચાલતું હોય, વિશ્વના બીજા ભાગોમાં ૪ થી ૫ ટકા વ્યાજ ચાલતું હોય ત્યારે આ ૧૮ ટકા વ્યાજ લેવાની વાત છે એના બદલે ૧૨ ટકા કરવું જોઈએ એવી મારી વિનંતી છે.

આની જે આકારણીની પ્રથા છે એમાં એક તો ઈન્સપેકટર રાજમાં જે સ્થિતિ થતી હોય છે અને વેપારીઓને હેરાનગતિ થતી હોય છે અને છાશવારે અને છાશવારે જયારે ચેકિંગ થતું હોય અને જયારે કોઈ આવે ત્યારે પહેલાં જ આકારણી કરી લેતા હોય છે અને એ પછી ૩ વર્ષ સુધી કમિશનર ધારે ત્યારે ત્રણ વર્ષ પછી ગમે ત્યારે ફરીથી આકારણી માટે બોલાવી શકે. એક સેલ્સ ટેકસ અધિકારી આકારણી કરેલ હોય અને છતાં એમણે જ કરેલ આકારણી ઉપર વિશ્વાસ ન રાખીને ત્રણ વર્ષ સુધીની જે સત્તા આ બિલમાં આપીએ છીએ ત્યારે મારે કહેવું છે કે જયારે આપણા જ અધિકારી એની આકારણી કરતા હોય તે સમયે જયારે ત્રણ વર્ષ ફરીથી ફરીથી આપવામાં આવે છે ત્યારે કેટલાક લોકો એનો રાજકીય ભોગ બને છે અને એ થઈ ગયા પછી જયારે જબરજસ્ત આકારણી થતી હોય છે ત્યારે મારે કહેવું છે કે ત્રણ વર્ષ સુધીની કમિશનરની સત્તા છે એ એકવર્ષ માટે કરવી જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, ઓડિટની જે આકારણી થાય છે જે કલમ ૩૪-ક મુજબ એ આજે જે પ્રમાણે જે હકકો છીનવાઈ જાય છે, આજે કમિશનર સાહેબ પાસેની જે સત્તા રહે છે એના કારણે જે વેપારીઓનો હકક છે એ વેટમાં ૩૩ (ક) સ્વયમભૂ સમ્રાટ કહેવામાં વેપારી એની સાથે જોઈન્ટ થઈ શકશે. તો મને લાગે છે કે આ કલમ કમિશનર જો ઉપયોગ કરે તો એનું પણ ઘણી રીતે નુકસાન થાય છે, માટે કમિશનરને જે સત્તા આપવામાં આવી છે તે સત્તા રદ કરવી જોઈએ. વેપારીઓના કાયમી જે ઝગડાઓ છે તે કાયમી ઉભા રહેશે જો આ રીતે કમિશનરને સત્તા આપવામાં આવશે તો. એકવાર કોઈ એક હજાર રૂપિયાની વસ્તુ લાવ્યા હોય અને બિલ મુકયું હોય, અને પછી ઈન્સ્પેકટર કે કમિશનર એમ કહે કે આની અમે ૧૫૦૦ રૂપિયા કિંમત ગણીશું, તો આ ઝગડાઓ દિન પ્રતિદિન વધતા જવાના છે. આજે તેના પૂરાવા સાથે કેટલાયે ડિપાર્ટમેન્ટમાં ફરતું ફરતું આવતું હોય તે બિલ હોય, અને બીજા પૂરાવા હોય છતાં જો આ સત્તા કમિશનરને આપવામાં આવે તો આ જોગવાઈના કારણે રોજ વેપારીઓને નવા નવા ઝગડાઓ ઉભા થશે અને વધશે, માટે એવી જોગવાઈ કરવી જોઈએ જેના કરણે સમાન ધોરણ સંચવાય. નહીંતર આપણે જે ઈન્સ્પેકટર રાજ નાબૂદ કરવાની વાત કરીએ છીએ તે ઈન્સ્પેકટર રાજ વધશે.

હમણાં નમૂનાની સહી માટેની વાત કરતા હતા, આજે કલમ ૬૬(ક)(૩) નીચે જે જોગવાઈ કરવાની વાત છે, તેમાં એક વ્યકિતએ સહી કરી અને એક વેપારીએ ઓથોરાઈઝ કર્યુ હોય, અને તે વેપારીએ જયારે તેમાં સહી કરવાની વાત છે, તે સહીમાં ડિફરન્સ ઉભો થાય, અથવા કોઈ કેશમેમો હોય તેમાં કોઈ નાની મોટી વાતમાં ચલણ કે ડિલવરી માં કોઈ પણ વસ્તુમાં નાનકડી ભૂલ થાય તો તેના માટે જે ટેકસ છે તેના કરતાં પણ વધારે એટલા પૈસા કમિશનરશ્રી દંડમાં લઈ શકે તેવી વાત છે, મને લાગે છે કે વેપારી જયારે આટલો મોટો બિઝનેશ કરતા હોય ત્યારે નાની મોટી ભૂલ થઈ શકે છે, તો આટલી મોટી સત્તા તેના માટે આપવાના કારણે મોટો ભ્રષ્ટાચાર ઉભો થશે તેવું મને લાગે છે, માટે મારું એવું કહેવું છે કે તેના માટે દસ ટકાની કે નાનકડી કોઈ જોગવાઈ કરવામાં આવે, જેના કારણે બીજા લોકોને તકલીફ ન પડે.

માનનીય અધ્યક્ષશ્રી, જે વિવાદગ્રસ્ત કેસો છે કલમ ૨૯, એમાં ૮૦(૨) નીચે ચલાવવામાં આવે તેની સત્તા અધિક કમિશનર, સંયુકત કમિશનર અને કમિશનરશ્રીને નોટિસ આપી અને બે વર્ષમાં પૂરા કરવાની વાત છે. ઘણી

વખત એવું થતું હોય છે કે કોઈ વેપારીને હેરાન કરવો હોય તો એક નોટિસ આપી, પંદર દિવસ કે વીસ દિવસ પછી ફરી બીજી નોટીસ આપવામાં આવે અને માણસ ધક્કા ખાઈ ખાઈને કંટાળી અને પછી એમ કહે કે જે કરવું હોય તે કરો પણ મને આમાંથી છૂટકારો અપાવો, એટલે આવી એક સિસ્ટમ ઉભી થતી હોય છે, ત્યારે બે વર્ષની કેસ પતાવવાની સત્તા છે તેમાં આજે આપણે ૨૧મી સદીમાં જઈ રહ્યા છીએ. કોમ્પ્યુટર યુગ છે ત્યારે બેના બદલે એક વર્ષ કરવી જોઈએ. કારણ કે આજે તેનાથી વિવાદગ્રસ્ત કેસોના જે ઢગલા થઈ જાય છે તેમાં પણ કેસો જલદી પૂર્ણ થઈ જાય તેવી સિસ્ટમ ઉભી થશે.

બીજી ખાસ વાત મારે કરવી છે તે એ છે કે ગુના માટે શિક્ષા, આજે ગુના અને શિક્ષા માટેની જે જોગવાઈ કરવામાં આવી છે તે કદાચ મને એવું લાગે છે કે વેપારીઓ માટે કદાચ ૮૫(૧) અને (૨) કાયદાની બૂકમાં વેપારીઓ જો આ વાંચે તો એવું એમને લાગે કે કોઈ પણ સંજોગોમાં વેપાર કરવાના બદલે બીજા કોઈપણ ધંધામાં સજાની જોગવાઈ ઓછી છે. આમાં ગુના અને સજામાં જે છ મહિનાની સજા છે, ઓછામાં ઓછી છ મહિના અને એક વેપારીને નાનકડી ભૂલ માટે ૩ વર્ષ સુધીની જેલ કરવાની જોગવાઈ કરવામાં આવી છે તે જોઈએ તો વેપારીઓ માટે વધારેમાં વધારે કાળો કાયદો જો કોઈ બનાવ્યો હોય તો આ ૮૫ (૧) અને (૨) નો કાયદો છે. તે જ રીતે દંડમાં પણ જોગવાઈ કરવામાં આવી છે તે વીસ હજાર અને દસ હજારની જોગવાઈ છે, તેમાં મારું એવું કહેવું છે કે વેપારીઓની નાની મોટી કોઈ ભૂલ થઈ જાય તો આ સિસ્ટમમાં કાયદો બનાવ્યો છે તેનો ઘણો બધો દૂરપયોગ થશે, અને વેપારીને બોલાવી અને જેલમાં ન મોકલવા માટે સામાન્ય દંડ કરવા માટે ઘણો મોટો ભ્રષ્ટાચાર ઉભો થશે. તેવું આ ૮૫(૧) અને (૨) કહે છે. ત્યારે ૩ વર્ષની જે જોગવાઈ સજાની છે તે માત્ર ૩ મહિનાની કરવી જોઈએ અને દંડની રકમ પાંચ હજાર કરવી જોઈએ તેવું મારું કહેવું છે.

માનનીય અધ્યક્ષશ્રી, કલમ-૬૭ની અંદર દસ્તાવેજો જપ્ત કરવાની વાત કરવામાં આવી છે. કોઈ વેપારીને ત્યાં નાનકડી ફરિયાદ થાય ત્યારે રેઈડ પાડતા હોય છે. એ રેઈડમાં એક વેપારી તરીકે મારો જાત અનુભવ છે ત્યાં ૧૫-૨૦ જણા આવીને એવી સ્થિતિમાં મૂકતા હોય છે, આજે ભાજપની સરકાર હોય કે બીજા પક્ષની સરકાર હોય એના કારણે વાતાવરણ એવું ઊભું થાય એમાં કલમ-૬૭ નીચે સત્તા આપવામાં આવી છે કે તમામ ચોપડા જપ્ત કરીને વેચાણવેરા ભવનમાં તપાસ માટે લઈ જવાના. જ્યાં જ્યાં ચેકિંગ થાય ત્યારે ભલે એ વેપારીએ ગમે તેટલો ટેકસ ભર્યો હોય પરંતુ સૌ પહેલા તમામ સાહિત્ય લઈને વેચાણવેરા ભવનમાં લઈ જવાનું હોય છે. પછી એનો બે-ચાર વર્ષ સુધી નિકાલ થતો નથી એનો મને જાત અનુભવ છે. એના કારણે ગેરસમજ ઊભી થતી હોય છે. અધિકારીઓ દ્વારા કહેવામાં આવે કે તમે બધું સાહિત્ય લેતા આવો એક પાંચ પૈસાના પોસ્ટકાર્ડ ઉપર નનામી અરજી થાય, એમાં ઘણી વખત કહેવામાં આવે કે મેં અરજી નથી કરી છતાં સત્તાનો દૂરુપયોગ કરીને આકારણી કરવામાં આવે. એને ઈન્સ્પેકટર રાજ નહિ પરંતુ જુલ્મરાજ કહેવામાં આવે એવી સત્તા આ કાયદા નીચે આપવામાં આવી છે. એના ચોપડા વેચાણવેરા ભવનમાં લાવીને મૂકવામાં આવે તો વેચાણવેરા ભવન આખું ઊભરાય જાય તેવી જોગવાઈ આ કાયદા નીચે કરવામાં આવી છે. આના લીધે મારુ સૂચન છે કે વેપારીને ત્યાં બેસીને જ ચોપડાનું ચૅકિંગ કરવામાં આવે તો ઘણા બધા પ્રશ્નો હલ થાય. તેથી આ જે સત્તા આપવામાં આવી છે એ રદ કરવી જોઈએ તેવું મારું સૂચન છે.

કલમ-૬૮ નીચે એ પ્રકારની જોગવાઈ કરવામાં આવી છે કે જેટલી ચેકપોસ્ટો છે એની ઉપર ૬૬(ક) નીચે એક ડ્રાઈવર કોઈ ટ્રક લઈને આ રાજયમાંથી બીજા રાજયમાં જતો હોય અથવા તો બીજા રાજયમાંથી આ રાજયમાં આવતો હોય ત્યારે એના નમૂનાની સહીમાં ફરક પડે તો અધિકારીઓને એટલી બધી સત્તા આપવામાં આવી છે કે એ ગાડીને અટકાવી શકશે, એ અટકાવ્યા પછી એનાથી આગળ વધીને કદાચ એ જો પૂરાવા ન આપી શકે તો હરાજી કરી શકશે અને એ રકમ સરકારની તિજોરીમાં જમા કરાવી શકશે. આ ડ્રાઈવર અને કન્ડકટર કક્ષાનો માણસ આ રાજયમાંથી બીજા રાજયમાં માલ લઈ જતો હોય ત્યારે નાનકડી ભૂલને કારણે આવડી મોટી સત્તા આપવામાં આવી છે. આજે પણ ચેકપોસ્ટો ઉપર સત્તાનો દૂરપયોગ થઈ રહ્યો છે, આ થશે ત્યારે તો એનાથી પણ વધારે દૂરુપયોગ થશે માટે આ નાનકડી ભૂલ થઈ હોય તો સ્થળ ઉપર કોઈ જોગવાઈ કરવામાં આવે કે જેના કારણે આ સરળ બને એવું કલમ -૬૮માં જોગવાઈ કરવી જોઈએ તેવું મારું સૂચન છે.

વેટ માટે ઘણું બધું કહી શકાય તેમ છે. હજી મારી પાસે બે-ચાર પાના છે, પરંતુ સમયની મર્યાદા છે, ગુજરાત રાજયમાં વેટ વહેલો આવ્યો હોત તો એના લીધે ચોક્કસ આવક વધી હોત. ભલે મોડે મોડે પણ સરકારે છેવટે આ વાત સ્વીકારીને ૧-૪-૨૦૦૬ થી વેટ લાગુ પાડવાનો નિર્ણય કર્યો છે ત્યારે મારે માનનીય નાણામંત્રીશ્રીને વિનંતી કરવી છે કે જે મેં સુધારા રજૂ કર્યા છે એ તમામ સુધારાઓ ધ્યાને લઈને તેમાં ચોક્કસ જો સુધારાઓ કરવામાં આવશે તો આપણાં દેશમાં અને રાજયમાં સરળતાથી વેપારીઓ સારી રીતે ધંધો કરી શકશે. જો વેપારીઓ સારી રીતે ધંધો કરી શકશે તો આપણાં તમામ પાસાઓ ચોક્કસપણે આગળ વધશે. ગુજરાતમાં હું ચોક્કસ ખાતરી આપું છું કે વેટનો અમલ થશે, થોડા સમયમાં ૧૦૦૦-૧૫૦૦ કરોડથી વધારે વેટની આવક વધવાની છે. માટે નાણાંમંત્રીશ્રી જો તમામ સુધારાઓ લઈને જો સુધારશે તો અમે પણ ચોક્કસ આવકારદાયક ગણીશું. આજની સ્થિતિએ હું તેમને સમર્થન આપી શકતો નથી.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા)** : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૦૬નું વિધેયક ક્રમાંક-૭, ગુજરાત વેટ એમેન્ડમેન્ટ બિલ માનનીય નાણાંમંત્રીશ્રી સૌરભભાઈ લઈને આવ્યા છે તેના સમર્થનમાં હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાત વેટ એમેન્ડમેન્ટવાળું બિલ વિધાનસભામાં લાવતાં પહેલાં ગુજરાતભરમાં તમામ વેપારીઓ સાથે તમામ શહેરી વિસ્તારો, તમામ ચેમ્બર્સ, સી.સી.આઈ. તમામ જગ્યાએ વેપારીઓ અને ઉદ્યોગપતિઓના આ અંગેના વિચારો જાણીને તેમાં જે જરૂર પૂરતા સુધારાઓ કરવા માટે, એટલે એવું કહી શકાય કે આ બિલ એ લોકોની જનભાગીદારીવાળું બિલ છે. આપણે સૌ જાણીએ છીએ કે રાજય સરકાર બિઝનેસ અને ઇન્ડસ્ટ્રીયલ ડૅવલપમેન્ટ માટે કટિબદ્ધ છે અને આના ડૅવલપમેન્ટ માટે રાજયનું ટેક્સનું માળખું એવું હોવું જોઈએ કે રાજયની કરની આવકમાં વધારો થાય અને વેપારીઓએ કરબોજ સહન ન કરવો પડે. સેલ્સ ટેક્સનું એકઝીસ્ટીંગ ઈન્ફ્રાસ્ટ્રકચર એ ચીજવસ્તુઓ પર બેવડા કરવેરા અને જુદા જુદા પ્રકારના વેચાણવેરાના કારણે ટેક્સ સતત ઈન્ક્રીઝ થયા કરતો હતો. જેના કારણે સામાન્ય વેપારી અને સામાન્ય પ્રજાને અનેક મુશ્કેલીઓ સહન કરવી પડે છે. દેશના તમામ રાજયોમાં વેટનું એક સરખું માળખું આવે તેના માટે ૧૯૯૯માં નાણાંમંત્રીઓની એમ્પાવર્ડ કમિટી બની અને આ એમ્પાવર્ડ કમિટીના ડીસ્કસનના અંતે જે ભૂમિકા ઉભી થઈ જેને તા. ૨૬-૩-૨૦૦૦૩ના રોજ વિધાનસભામાં વેટનું એક બિલ આપણે પસાર કર્યું. પણ એમ્પાવર્ડ કમિટીએ જે શ્વેતપત્ર પસાર કર્યું એ શ્વેતપત્રના આધાર ઉપર તેમાં જે સૂચનો હતા તેના મહદઅંશે સૂચનોનો આ બિલમાં સ્વીકાર કરવામાં આવેલ છે. દરેક તબક્કે મૂલ્યવૃદ્ધિ પર લેવાતો વેરો, તેના કારણે અગાઉ ભરેલા વેરાને ઈનપુટ ટેક્સ ક્રેડીટ દ્વારા કન્સીડર કરવામાં આવે એવી આ વેટની અંદર જોગવાઈ છે. જેમાં અગાઉ કહેવાઈ ગયું કે વિશ્વના ૧૩૫ જેટલા દેશો એટલે કે લગભગ વિશ્વની ૭૦ ટકા વસતિ એ આ વેટથી કવર છે. એ પૈકીના કેટલાક દેશોના ઓબ્ઝર્વેશનમાં યુરોપનું ઓબ્ઝર્વેશન છે કે વેટને કારણે કરની આવકમાં ઘટાડો થતો નથી અને વેટના કારણે મોંઘવારી પણ ઈન્ક્રીઝ થતી નથી. વિશ્વબેંક અને આઈ.એમ.એફ. પણ વેટના હિમાયતી છે. આપણે ગ્લોબલ ગુજરાતનું નિર્માણ કરવું છે. આપણે ૨૧મી સદીના ગ્લોબલ ગુજરાતના નિર્માણ માટે બિઝનેસ અને ઈન્ડસ્ટ્રીઝના ડૅવલપમેન્ટ માટે પણ જે એમેન્ડમેન્ટવાળો વેટ છે તે અતિ આવશ્યક છે. આ કાયદો એવો છે કે સૌને અનુકૂળ થાય એવો આ કર છે. આને કારણે વહીવટી પારદર્શકતા આવશે અને વહીવટમાં સરળતા આવશે. વેચાણવેરાના પ્રવર્તમાન માળખામાં ટર્નઓવર ટેક્સ, સેલ્સ ટેક્સ ઉપરનો સરચાર્જ, વધારાનો સરચાર્જ વગેરે નાબૂદ થશે અને કેન્દ્રીય વેચાણવેરો પણ તબક્કાવાર નાબૂદ કરવામાં આવશે. વધારાના વેરા નાબૂદ થવાને કારણે તેની મૂળ કિંમતમાં ઘટાડો થશે અને ગ્રાહકોને છેતરાવાના કિસ્સા નહિવત્ થશે. સમગ્ર વેપાર ધંધામાં જે બે નંબરની પ્રવૃત્તિ ચાલતી હતી, એ પ્રવૃત્તિ બંધ થશે અને જેનો ફાયદો સામાન્ય વ્યકિતને થશે. વેપારીઓને અને ઉત્પાદકો દ્વારા સેલ્ફ એસેસમેન્ટ પદ્ધતિ આવી છે અને સેલ્ફ એસેસમેન્ટની પદ્ધતિના કારણે સરળ અને માર્ગદર્શક બનશે. જેના કારણે વેરો ભરવાની જવાબદારી વધુ સારી રીતે નિભાવાશે અને રાજયની વેરો ભરવાની આવક વધશે. સેલ્સ ટેક્સની ઑફિસમાં જતાં થતા હેરેસમેન્ટ અને એમની જે સિસ્ટમની અંદર આજ સુધી જેમાં કરપ્શનનું પ્રમાણ હતું એ બધા જ છીંડા બંધ થઈ જશે. બધા જ રાજયોમાં આ દર સરખો હોવાથી દરેક ઇન્ડસ્ટ્રીઝ વચ્ચે એક હેલ્ધી કોમ્પીટીશન થશે, પ્રામાણિક વેપારીઓને ૧૦૦ ટકા ફાયદો થશે, ખોટું કરનારાઓને ૧૦૦ ટકા નુકસાન થશે એવું આમાં સ્પષ્ટ દેખાય છે. જો આ ટેક્સની આવકમાં ઘટાડો થાય તો કેન્દ્ર સરકાર દ્વારા પ્રથમ વર્ષે ૧૦૦ ટકા, બીજા વર્ષે ૭૫ ટકા અને ત્રીજા વર્ષે ૫૦ ટકા કેન્દ્ર સરકાર દ્વારા આપણને ચૂકવવામાં આવશે. ટૂંકમાં એવું કહી શકાય કે, વેપાર ધંધા માટે આ એક મોટું પગલું છે. જે રીતે એની અંદર ઈનપુટ ટેક્સ ક્રેડીટની જોગવાઈ કરવામાં આવી છે કે કોઈ એક વેપારીએ કરેલ એક સમય ગાળામાં આઉટપુટ ઉપર ભરવાના થતા વેરા સામે ઈનપુટ ટેક્સ ક્રેડિટ એને મજરે આપવામાં આવશે અને આ ઈનપુટ ટેક્સ ક્રેડીટમાંથી એણે કરેલી ખરીદીના સંદર્ભમાં એનું વેચાણ ગુજરાતમાં હોય કે અન્ય રાજયમાં હોય તો પણ એને આપવામાં આવશે. સાથોસાથ ઈનપુટ ટેક્સ ક્રેડીટ એ કેપિટલ ગુડ્ઝની ખરીદી ઉપર આપવામાં આવશે. એકસપોર્ટ રીલેટેડ પ્રોવિઝન આઉટ સાઇડ કન્ટ્રીમાં જેટલું એકસપોર્ટ કર્યું હોય એના ભરેલા ટેક્સનું પૂરેપૂરું રિફંડ ૩ મહિનામાં આપવામાં આવશે. સ્પેશિયલ ઈકોનૉમિક ઝોન અને એકસપોર્ટ ઓરીએન્ટેડ યુનિટમાં ઈનપુટ વેરો ભરવામાંથી મુકિત આપવામાં આવશે. ઓપનીંગ સ્ટૉક અંગેનું પ્રોવિઝન પણ આમાં કરવામાં આવ્યું છે કે, એક વર્ષમાં ખરીદેલ તેમજ સ્ટૉકમાં જેટલો હશે એ તમામ માલ ઉપર જરૂરી દસ્તાવેજો રજૂ કરવામાં આવે તો એના ઉપર ઈનપુટ ટેક્સ ક્રેડીટ આપવામાં આવશે. ઈનપુટ ટેક્સ ક્રેડીટ, આમાં ઈનપુટ ટેક્સ ક્રેડીટ એ ટેક્સ ઈન્વોલ્ડ કેશમેમો અથવા બિલના ડોકયુમેન્ટેશન ઉપર આધારિત રાખવામાં આવ્યું છે. ઈનપુટ ટેક્સ ક્રેડીટ વેપારીઓના સહીના નમૂના સાથે મેળવીને જ મળશે. આથી બોગસ બિલનો જે વ્યવસાય થતો હતો એ બોગસ બિલ બનાવનારાઓની કામગીરી બંધ થઈ જશે. આમાં સેલ્ફ એસેસમેન્ટની સિસ્ટમ આપી છે. એમાં મોટા ભાગના વેપારીઓની આકારણી સરળ રીતે સેલ્ફ એસેસમેન્ટથી પૂર્ણ થશે અને પોતાનું હિસાબી સાહિત્ય લઈને કોમર્શીયલ અધિકારી પાસે જવું નહીં પડે. નિયમ પ્રમાણે નિશ્ચિત સમયમાં વેપારીઓના હિસાબી ચોપડાના ઓડિટની દરખાસ્ત ધરાવતી કોઈ ચોક્કસ નોટિસ કાઢવામાં નહીં આવી હોય તો વેપારીએ ભરેલા રીટર્નનના આધારે ભરેલ એસેસમેન્ટ ઉપર ડીમ્ડ આકારણી થઈ ગણાશે. આમાં કરદાતાને ટીન નંબર આપવામાં આવવાનો છે. નાના વેપારીઓ માટે જે જોગવાઈ કરવામાં આવી છે. ૫૦ લાખથી વધારે નહીં તેટલું વાર્ષિક ટર્ન ઓવર ધરાવતા નાના વેપારીઓને કુલ ટર્ન ઓવરના અમુક ટકા જેટલો ઉચ્ચક ટેક્સ ભરવાનો

પણ વિકલ્પ આપવામાં આવ્યો છે. જેમાં એક કરોડથી વધારે ખરીદ વેચાણ ધરાવતા વેપારીઓને વેટના કાયદા અન્વયે પોતાના હિસાબી સાહિત્યનું ઑડિટ કરાવવું પડશે અને આ ઑડિટના રિપૉર્ટના આધારે મોટા ભાગના કેસોની આકારણી પૂર્ણ કરવામાં આવશે. વેટના કાયદામાં ફોર્મનું સરળીકરણ છે. એના કારણે બોગસ કે ખોટા ફોર્મ, કોઈ ફોર્મ ન આપવાના કારણે મોટી જવાબદારી ઉપસ્થિત થતી હતી એ હવે આ કાયદા હેઠળ રહેશે નહીં. આમ આ વેટના કાયદાના કારણે રાજયની અંદર અનેક મોટા ઉદ્યોગકારોને ફાયદો થવાનો છે. હમણાં યુનોના એક કમિશને નક્કી કર્યું કે, અનાજના બદલામાં તેલ આપવા માટે વોલ્કર કમિશને * (XXX) માનનીય મંત્રીશ્રી જે બિલ લાવ્યા છે એને હું અનુમોદન આપું છું.

**શબ્દો રદ કરવા બાબત**

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, વડાપ્રધાન અને કેન્દ્રના મંત્રીશ્રીના જે ઉલ્લેખો છે એ કાર્યવાહીમાંથી રદ થવા જોઈએ.

**અધ્યક્ષશ્રી** : એ શબ્દો કાર્યવાહીમાંથી રદ કરવામાં આવે છે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા (વિરોધ પક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી વેટનું સુધારા બિલ લઈને આવ્યા છે, બહુ ઉત્સાહથી વેટનું બિલ માનનીય વજુભાઈ લઈને આવ્યા હતા અને ખૂબ ઉત્સાહથી વાત કરી હતી પણ એ ટાઈમે ફરી પાછા એન.ડી.એ.ની સરકારની અંદર એ નિર્ણય મુલતવી રખાયો એના પછી સમય અપાયો, બલવંતસિંહભાઈએ વાત કરી કે વિચાર તો અહીં ભારતની અંદર ડૉ. મનમોહનસિંહ હતા એ વખતે વેટ એક વૈજ્ઞાનિક પદ્ધતિ છે કરની, એ વૈજ્ઞાનિક પદ્ધતિ અમલમાં આવે એના માટેની તૈયારી તો ત્યારથી થતી હતી પણ ગમે તેમ ૫ વર્ષનો સમય મળ્યો, ૬ વર્ષનો સમય મળ્યો, કેન્દ્ર સરકાર છે એ આ વેટનો અમલ કરવાના બરાબર નજીક આવી અને સત્તા પરિવર્તન થયું અને એના પછી આખા દેશની અંદર બધા જ નાણામંત્રીશ્રીએ જેણે અગાઉ નિર્ણય કરેલો હતો એ મુજબ આ નિર્ણયનો અમલ કરવાનું નકકી કર્યુ, ગુજરાતે વેટની અંદર જોડાવું કે ન જોડાવું, બીજા રાજયોએ જોડાવું કે ન જોડાવું, માનનીય અધ્યક્ષશ્રી, એ પણ રાજયની પોતાની વિવેકબુદ્ધિ ઉપર છોડેલું હતું. આપણા રાજયના હિતમાં હતું કે ન હતું એ પછીની વાત હતી, પરંતુ આ નિર્ણય, વેટના જે કાનૂન સાથે એનો અમલ કરવો કે ન કરવો એ ગુજરાતે નિર્ણય નહોતો લીધો, ભારતીય જનતા પક્ષે એમના જે રાજયો હતા , એમની અલગ મીટિંગ બોલાવી અને કહ્યું કે હવે આપણે વેટમાં જોડાવું નથી એટલા માટે કે આ જે નિર્ણય હતો એ અમે ન કરાવી શકયા એટલે અમારે કોઈને કરવા દેવો નથી અને બહાનું એવું બતાવ્યું કે જયારે આખા ભારતના તમામ રાજયો જોડાશે ત્યારે અમે જોડાઈશું. તમામ રાજયો એટલે કેટલા? ભારતીય જનતા પક્ષના શાસિત રાજયો અને ઉત્તરપ્રદેશ અને એના પછી ઘણી બધી વાતો ચાલી કે આપણે જોડાશું નહીં જોડાઈએ, ગુજરાતની અંદર માનનીય નાણામંત્રીશ્રીએ સાચી વાત કરી કે મેન્યુફેકચરીંગ બેઝ જે ઉદ્યોગો છે, અહીં એના કારણે વેટને કારણે આપણી આવક વધે એમ હતી વેપાર પણ વધે એમ હતો એટલે પદ્ધતિ આપણને અનુકૂળ આવતી હતી પરંતુ માત્ર અને માત્ર જે નવી સરકાર આવી હતી એને સફળતા ન મળે, એને યશ ન મળે એટલા માટે ભા.જ.પ. શાસિત રાજયો એમાં જોડાયા નહીં પણ પછી એવું થયું કે ઝારખંડ અને છત્તીસગઢ જેવા રાજયો હતા ત્યાં વેપાર છે એ નાના નાના વેપારીઓ કરતા મેન્યુફેકચરીંગ બેઝ મીનરલ બેઈઝ ઈન્ડસ્ટ્રીઝ વધારે હતી. ભા.જ.પ. ઉપર એનું દબાણ આવ્યું અને એ દબાણને કારણે ફરી પાછા હમણાં આ જ રાજયોએ જે લોકોએ પહેલાં નિર્ણય કર્યો હતો કે ભારતીય જનતા પક્ષ શાસિત રાજયો એમાં જોડાય એટલે એ •(XXX) મારી અને આમ ઉંધેથી કાન પકડીને જોડાયા ( અંતરાય )

**અધ્યક્ષશ્રી** : (XXX) શબ્દ દૂર કરું છું.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : ઊંધો કાન પકડી (અંતરાય ) માનનીય અધ્યક્ષશ્રી, આ શબ્દ બિન સંસદીય શબ્દ નથી. આ તો આપણે વારંવાર બોલીએ છીએ અને છતાં માનનીય અધ્યક્ષશ્રીએ દૂર કર્યા છે અને તમને બહુ માઠું લાગ્યું હોય તો મારી પણ પાછા ખેંચવાની તૈયાર છે. માનનીય અધ્યક્ષશ્રી, એમને ઊંધે કાન પકડવાની આદત છે એ ઉંધેથી જ પકડયો છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : અર્જુનભાઈ, પ્લીઝ. આ વેટના પૂર્વ ઈતિહાસ કરતા વેટ ઉપર બોલો, તમે પૂર્વ ઈતિહાસ બોલો છો.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આખરે મોડે મોડે પણ ભારતીય જનતા પક્ષના લોકોને સાન આવી કે ગુજરાતના હિતમાં છે એટલે લઈ આવ્યા એ સારું કર્યું. વેટની સાથે સાથે ભારતીય જનતા પક્ષના જે મિત્રો બેઠા છે, ભૂતપૂર્વ નાણામંત્રીશ્રી અને અત્યારના ભારતીય જનતા પક્ષના પ્રમુખ બેઠા છે એમને ખબર

---

* (XXX) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

• (XXX) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવમાં આવ્યા છે.

હશે કે વેટની સાથે કોરપોરેશનમાંથી ઑકટ્રૉય નાબૂદ કરીશું એવી વાતો ગાઈ વગાડીને ચૂંટણી ઢંઢેરાથી માંડીને બધે કરી હતી, પણ વેટ આવી ગયો, વજુભાઈ મારા પછી બોલે અને એમને વિનંતી કરું કે હાઉસમાં જાહેરાત કરે.

**શ્રી વજુભાઈ વાળા** : ચૂંટણી ઢંઢેરામાં ક્રમશઃ જકાત ઘટાડીશું એની વાત છે. આ કરીને ઘટાડીશું એવી વાત નથી. કદાચ એને બીજી પાર્ટીનો ઢંઢેરો હાથમાં આવી ગયો હશે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : વેપારીઓને વચનો આપ્યા હતા કે અમે ઑકટ્રૉય નાબૂદ કરીશું અને તમારે વેપારીઓની સાથે વિશ્વાસઘાત ન કરવો હોય.

**અધ્યક્ષશ્રી** : અર્જુનભાઈ, તમે 'ક્રમશઃ' શબ્દ ભૂલી ગયા.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : આ બધું રામ મંદિર જેવી જ વાતો ચાલે છે. એટલે મારે કહેવું છે કે વેપારીઓ સાથે ખરેખર ન્યાય કરવા માગતા હોય તો તમારે ઑકટ્રૉય નાબૂદ કરવાની જાહેરાત મારા પ્રવચન પછી કરવી જોઈએ. મારા પ્રવચન પછી જાહેરાત કરો તો ભલે આ વેટમાં અમુક કાળી કલમો છે કે જેનાથી વેપારીઓ શાંતિથી અને વટથી વેપાર ન કરી શકે, એવી કલમોને વેપારીઓ માફ કરવા તૈયાર છે. પણ તમારે તમારું વચન નિભાવવું જોઈએ. એક મુખ્યમંત્રી ગયા, બીજા આવ્યા, એક નાણામંત્રી ગયા, બીજા આવ્યા અને બધાએ કહ્યું કે ઑકટ્રૉય નાબૂદ કરી દેવાના છીએ. પછી કહ્યું કે નવા સ્ત્રોત મળે એટલે નાબૂદ કરીશું. પછી કહ્યું કે વેટ આવે એટલે નાબૂદ કરીશું. મારે દુઃખ સાથે કહેવું પડે છે કે સરકાર ઑકટ્રૉય નાબૂદીમાં વેઠ કરી રહી છે. એમાંથી બહાર નીકળી જવું જોઈએ. વેપાર ધંધાને પ્રોત્સાહિત કરવાની પણ જરૂર છે. એટલા માટે મને લાગે છે કે, હું તમને બીજા વચનોની જેમ આ વચન પણ યાદ કરાવું છું કે તમે ઑકટ્રૉય નાબૂદ કરવાનું વચન વેપારીઓને આપ્યું છે એટલે તમારે નાબૂદ કરવાની જાહેરાત કરવી જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત એના અમલીકરણની છે. કલમો વિશે બલવંતસિંહભાઈએ અભ્યાસ કરીને વાત કરી છે. મારે એટલી વાત જરૂર કરવી છે કે વેપારી છે એ વેપારી એ જગ્યાનો રાજા હોવો જોઈએ. આ કાયદો એવો છે અને આ કાયદામાં એની અમુક કલમો એવી છે કે જે કાયમ ઈન્સ્પેકટર રાજથી ડરતો રહેવાનો છે. વેપારી પર દંડ કરો એમણે ભૂલ કરી હોય ત્યારે, પણ એક વર્ષથી ત્રણ વર્ષ સુધીની સજા કરવાની જોગવાઈ, મને લાગે છે કે આ રીતે કોઈ શાંતિથી અને સ્વાભિમાનથી ધંધો ન કરી શકે. આ પ્રકારની કલમોનો સમાવેશ થયો છે એને દૂર કરી શકાય એમ છે. માત્ર હું દિલ્હીનો દાખલો આપું છું. દિલ્હી વેટમાં ગયું અને ૩૨ ટકા એની આવકમાં વધારો થયો. આપણે પણ મોટો વધારો થવાની શક્યતા છે. ઘણી બીજી રાહતો આપી શકાય. બજેટમાં વેપારીઓને રાહત મળે એવો કાયદો કરી શકાય. કાંઈ નહિ તો ઑકટ્રૉય નાબૂદ કરીને સરકારમાં બેઠેલા લોકોએ વચન પાળવા માટે બંધાયેલા હોય તો એની જાહેરાત પણ કરી શકાય. આવક વધારવી છે પણ વેપારીઓને ચોર ગણીને એ માનસિકતામાંથી બહાર નીકળવાની જરૂર છે. (અંતરાય) બલવંતસિંહભાઈએ સૂચનો કર્યા છે કે કલમ ૮૫(૧) અને ૮૫(૨) નાબૂદ કરવી જોઈએ. વેપારીઓ ઉપર દંડ કરો એનો વાંધો નહિ પણ જેલમાં મોકલવાની વાત, લાઈસન્સ રદ કરવાની વાત છે એ કોઈપણ સંજોગોમાં ચલાવી લઈ શકાય નહીં.

અમે નરોત્તમ કાકા વેટની કાળી કલમોનો વિરોધ કરીએ છીએ. વેટની જે કાળી કલમો છે, જે વેપારીને ચોર ગણવાની કલમો છે એ કાઢી નાખવા માટેની હું વાત કરું છું. (અંતરાય)

**અધ્યક્ષશ્રી .** : ધનરાજભાઈ, આપે સલાહ આપવાની જરૂર નથી. એ બોલે છે એ બરાબર બોલે છે. પ્લીઝ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : તમારી આગળ બેઠા છે તેમને સલાહ આપો. મારી વાત એટલી જ છે કે બે વાત સાથે મારી વાત પૂરી કરીશ. એક તો એ કે વેટની કાળી કલમો છે વેપારીની સામે ક્રિમીનલ કેઈસીસ કરવાની એ આમાંથી રદ થવી જોઈએ. બીજું આ સરકારે વચન આપેલ હતું, અમસ્તુયે વેટનો સિધ્ધાંત એવો છે કે મલ્ટીપલ ટેક્સીસ નિવારવા જોઈએ. જે કોરપોરેશન ઓકટ્રોય લે છે.

**અધ્યક્ષશ્રી** : રિપીટ નહિ કરો, બહુ રિપીટ થયું છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : એ રદ થવી જોઈએ. આ બે મુદ્દાની અંદર સંમત હોય તો અમે આ વેટના કાનૂનને સૈદ્ધાંતિક રીતે સ્વીકારેલ છે, એને મદદ કરવાની અમારી તૈયારી છે. મને લાગે છે કે માનનીય મંત્રીશ્રી વેપારીના મિત્ર હોવાનો દાવો કરે છે, વજુભાઈ વાળા પણ વેપારીઓની વચ્ચે રહે છે. એટલે વેપારી વિરોધી કલમોનો આગ્રહ ના રાખે અને ઓકટ્રોય નાબુદી માટે કટીબદ્ધ છે, ભૂતકાળમાં અને આજે પણ આ ઓકટ્રોય નાબૂદીની જાહેરાત અહીંથી કરવી જોઈએ.

**ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા (સુધારા) વિધેયક ક્રમાંકઃ ૭, ૨૦૦૬નું લઈને આવ્યા છે એના સમર્થનમાં હું મારા વિચારો વ્યકત કરવા ઉપસ્થિત થાઉં છું.

આમ તો આ ૨૬મી માર્ચ ૨૦૦૩ નાં રોજ એ વખતના માનનીય નાણામંત્રી વજુભાઈ વાળાએ આ બિલ આ સન્માનનીય ગૃહમાં રજૂ કરીને મંજૂર કરાવ્યું હતું, એના સુધારા સાથેનું બિલ આજે માનનીય મંત્રીશ્રી લાવ્યા છે. અત્યારે ચર્ચા ચાલતી હતી, હું ધ્યાનથી ચર્ચા સાંભળતી હતી. આ દેશ અને રાજ્યના હિતમાં જો આપણે થોડા

subjective બનીએ અને પક્ષાપક્ષીથી ઉપર ઊઠીને આક્ષેપબાજી કર્યા સિવાય કોણ પહેલા લાવ્યું અને કોના ભાગમાં યશ આવ્યો આ બધાથી ઉપર ઊઠી માત્ર ને માત્ર દેશ અને રાજ્યનું હિત શેમાં છે એની જો ચર્ચા કરીએ તો એ વધારે ઉપયોગી થશે એવું મને લાગે છે. કેન્દ્રમાં એમપાવર કમિટીની ૧૯૯૯માં રચના થઈ. એ પછી અનેક વખત મિટિંગ થઈ. દરેક રાજ્યના મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રી સાથે, ફાયનાન્સ એક્ષપર્ટ સાથે બધાની સાથે મિટિંગ થઈ અને આ બધામાં ચર્ચાને અંતે એક uniformity આવે અને બધા જ રાજ્યને સ્વીકાર્ય હોય એવી જાતની સિસ્ટમ ડેવલપ થાય એની ચિંતા સૌ કરે એ સ્વાભાવિક છે. ૨૦૦૦ની સાલમાં એવી પણ ચર્ચાઓ થઈ હતી કે દરેક રાજ્યમાં એક સમાન સેલ્સટેકસની formula ઊભી કરવામાં આવે. પરંતુ એ અમલમાં ના આવી શકી અને ૨૦૦૧ની સાલથી તો આ વેટ અંગેની ચર્ચાએ ખૂબ વેગ પકડ્યો છે. ગુજરાતમાં પણ ૨૦૦૧માં એક કમિટી બની હતી, એમાં ગુજરાત ચેમ્બર્સ ઓફ કોમર્સ, સી.આઈ.આઈ.ના પ્રમુખ અને બધા મુખ્ય મુખ્ય લોકોની ઉપસ્થિતિમાં કમિટીએ જે રિપોર્ટ સબમીટ કર્યો એમાં પણ વેટનો અમલ થવો જોઈએ આ જ સૂર દોહરાવવામાં આવ્યો હતો.

માનનીય અધ્યક્ષશ્રી, આ સુધારા સાથેનું બિલ માનનીય મંત્રીશ્રી જે લાવ્યા છે એનું સરળીકરણ કરશે, અમલીકરણ વધારે effective આવશે એવું મને લાગે છે. વેપાર ઉદ્યોગએ દરેક રાજ્યના અર્થતંત્રની જીવાદોરી હોય છે અને ગુજરાત તો માત્ર ઔદ્યોગિક નહિ પણ વેપારી રાજ્ય છે અને ગુજરાતની ઓળખ જ એક વેપારી તરીકેની ઓળખ છે. પ્રાચીન કાળથી ગુજરાતના વેપારીને દૂર દૂર સુધી, દરિયાપાર સુધી વેપાર કરવાની તક સાંપડેલી હતી અને આવા વેપારી અને ઔદ્યોગિક રાજ્યને ધબકતું રાખવા માટે, વેપાર ઉદ્યોગના વિકાસ માટે રાજ્યે વધારે ને વધારે પેટ્રોલ પૂરું પાડવું જોઈએ, વધારેને વધારે તકો આપવી જોઈએ અને વધારે ને વધારે પ્રોત્સાહિત કરવી જોઈએ. આ પ્રોત્સાહન ગુજરાતમાં ભા.જ.પ.ની સરકાર આપી રહી છે એનો અમને ખૂબ ખૂબ આનંદ છે. આજ સુધીની અર્થ નીતિમાં સારામાં સારી અર્થ નીતિ જો કોઈ કહેવાતી હોય તો ચાણકયની અર્થ નીતિ કહેવાય છે. આ ચાણક્યે પણ કહ્યું હતું કે, વેરો એટલો લેવો જોઈએ કે વેપારી ભરી શકે અને જેના કારણે રાજયનો વિકાસ થઈ શકે પરંતુ કરબોજ એવો ના હોઈ શકે કે વેરો ભરનારની કમર તૂટી જાય, આ ચાણકયની એ વખતે અર્થ નીતિ હતી, એના આધારે આ વેટનો કાયદો લાગુ પડશે ત્યારે આપણે સૌને વિશ્વાસ છે કે, વેપારીની કમર નહીં તૂટે અને સરળીકરણ થશે અને વેપારી પારદર્શકતાથી પોતાનો વેરો ભરી શકશે જેથી કરીને ચાણકય વખતની અર્થ નીતિનો અમલ આપણે કરી શકીશું એવું મને લાગે છે. અત્યારે ગ્લોબલાઈઝેશન થઈ રહ્યું છે. ગુજરાત પણ વિશ્વની અંદર આવી ગયેલું એક ઔદ્યોગિક અને વેપારી રાજય છે. ગુજરાતના વેપારને હવે કોઈ સીમાડા નડતા નથી અને ગુજરાતનો વેપારી ગુજરાતની બહાર અને દેશની બહાર ગમે ત્યાં વેપાર કરતો થયો છે ત્યારે વેટ એ ખરેખર ઔતિહાસિક નિર્ણય છે અને જ્યારે આખા વિશ્વના મોટાભાગના દેશોમાં વેટ અમલમાં હોઈ, ૧૩૦થી લઈને ૧૩૫ જેવા દેશોમાં અને છેલ્લા ચાર-ચાર દાયકાથી અમલમાં હોય ત્યારે વેટના કારણે કોઈને તકલીફ થશે કે વેટ એ ગૂંચવાડાભર્યો કાયદો આવશે એ મનમાં કયાંય ભય રાખવાનું સ્થાન નથી. સભ્ય શ્રી પ્રદિપસિંહે જે કહ્યું એ પ્રમાણે વિશ્વની ૭૫ ટકા વસ્તીને વેટમાં આવરી લેવામાં આવી છે. એનો અર્થ એ કે આ ઉપયોગી હશે, સરળ હશે તો જ બધાએ સ્વીકાર કર્યો હશે એ આપણે બધાએ માનવું જ રહ્યું.

માનનીય અધ્યક્ષશ્રી, વર્લ્ડ બૅન્ક, ફાયનાન્શીયલ એડવાઈઝર, ફાયનાન્શીયલ કમિટી, આઈ.એફ.એમ. જેવી સંસ્થા એ બધા એની તરફેણ કરે છે. વેટ, વેલ્યુ એડેડ ટેક્સ એ ઉદ્યોગો માટે તો માત્ર આર્શીવાદરૂપ થશે એવું નથી પણ હું જ્યાં સુધી સમજી છું ત્યાં સુધી એમણે indirect insencive પણ સ્કીમ દ્વારા મળી રહ્યા છે એવું મને દેખાય છે.

ગુજરાત સરકારની હાલની જો સેલ્સ ટેક્સની આવક ગણીએ તો લગભગ ૧૦,૫૦૦/- કરોડની આસપાસ છે.જે આનંદ અને અભિનંદન આપવાનો વિષય એ છે કે, કદાચ હાઈએસ્ટ ગ્રોથ છે. છેલ્લા કેટલાય વર્ષોનો હાઈએસ્ટ ગ્રોથ છે અને અત્યારે વિપક્ષના અમારા સાથી પક્ષના સભ્યશ્રી જ્યારે પોતાનું પ્રવચન આપી રહ્યા હતા તેમણે પણ પોતે કબૂલ કર્યુ છે કે, આ વેટના કારણે રાજયની આવક વધવાની છે એટલે ૧૦,૫૦૦/- કરોડની આવકમાંથી રાજયની આવક વધવાની છે તો આ બધું જ રાજયના વિકાસમાં ઉપયોગી થવાનું છે, પ્રક્રિયા સરળ બનવાની છે, ટ્રાન્સપરન્ટ બનવાની છે અને ખાસ કરીને વચેટિયાની આવશ્યકતા રહેવાની નથી. અત્યારે જે બધાને તકલીફ ઊભી થઈ રહી છે કે, આ વેટના કારણે તકલીફ ઊભી થશે, આ વેટ ગુંચવાડાભર્યુ છે, એ કદાચ એટલા માટે કહેતા હશે કે, વચેટિયાઓની આખી પ્રોસેસ બંધ થઈ જશે. એના કારણે અત્યારે જે વેપારીઓ જાતે પોતે પોતાનું સેલ્ફ એસેસમેન્ટ કરી ટેક્સ ભરી શકશે અને વચેટિયાઓની કે એજન્ટોની જરૂર નહીં પડે એના કારણે આખો ઉહાપોહ ઊભો થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, સેલ્ફ એસેસમેન્ટ, અમદાવાદ મ્યુનિસિપલ કોરપોરેશનમાં હાઉસ ટેક્સ જ્યારે જાતે ગણવાની પદ્ધતિ આવી અને આ પદ્ધતિના કારણે અમદાવાદ મ્યુનિસિપલ કોરપોરેશનમાં હાઉસ ટેક્સ ભરવાનું જે સરળીકરણ થયું કારણ કે, લોકોને લાગ્યું કે મારો જેટલો એરિયા છે એને ચેપ્ટર મલ્ટીપ્લાય કરી અને મારે જાતે ટેક્સ ભરવાનો છે અને એ ટ્રાન્સપરન્સી એટલી સ્વીકાર્ય થઈ કે એના કારણે અમદાવાદ મ્યુનિસિપલ કોરપોરેશને જે હાઉસ ટેક્સની ફૉરમ્યુલા રજૂ કરી એ ફૉરમ્યુલા અન્ય રાજયો અને અન્ય મહાનગરપાલિકાઓ પણ સ્વીકારતા થયા, તો એવી જ રીતે સેલ્ફ એસેસમેન્ટ જો વેટમાં લાગુ પડશે તો એના કારણે વિશ્વસનીયતા આવશે વેપારીને એમ

લાગશે કે હું જાતે મારો ટેક્સ ગણી રહ્યો છું અને એની સાથે જ એ પોતે પ્રોત્સાહિત થઈ પોતે ટેક્સ ભરવા માટે આગળ આવશે. વેરાપાત્ર માલના વેચાણના દરેક તબક્કે થતી મૂલ્ય વૃદ્ધિ પર વેરો લાગે છે પરંતુ જ્યારે ખરીદીના તબક્કે ભરાયેલ વેરાની કપાત અને રિફંડ પણ મળે છે.માનનીય અધ્યક્ષશ્રી, મલ્ટીપલ ટેક્સેશન કે ડુપ્લીકેટ ટેક્સેશન આનાથી રદ થાય છે. આ જે નવું સુધારાનું બીલ લાવ્યા છે એમાં કેપીટલ ગુડસ ઉપર ક્રેડીટ મળવાની છે. એ પણ ખૂબ આવકારદાયક છે. ટર્નઓવર ટેક્સ, સરચાર્જ ટેક્સ અને વધારાના ટેક્સ નાબૂદ થશે અને ખાસ કરીને કેન્દ્રીય વેચાણવેરો તબકકાવાર દૂર થવાનો છે એ ખૂબ આવકારદાયક છે. અત્યાર સુધી બે લાખ સુધીના ટર્નઓવર ઉપર ટેકસ નહોતો જેનો થ્રેસહોલ્ડ વધારીને પાંચ લાખ સુધીનો કરવામાં આવ્યો છે. નાના વેપારીઓને આનાથી કેટલો ફાયદો થશે એની કલ્પના કરો. પાંચલાખ સુધી તો ટેકસ ભરવાની આવશ્યકતા રહેશે જ નહીં. નાનો વેપારી બાકાત થઈ જશે. પાંચ લાખથી ૫૦લાખ સુધી જેનું ટર્નઓવર હશે એને ઉચ્ચક, લમસમ ટેકસ ભરવાની જોગવાઈ આમાં છે. એ ઓપ્શન સ્વીકારી શકશે. આના કારણે નાના વેપારી, ગરીબ વેપારી, મધ્યમ વર્ગના વેપારી, બધા જ વેપારીઓને લાભ થવાનો છે અને આમાં ૮૦ટકા વેપારીઓ આ સ્લેબમાં આવી જવાના છે. ૮૦ટકા વેપારી આ સ્લેબમાં આવી જાય ત્યારે સ્વાભાવિક રીતે ગૂંચવાડા ઓછા થાય અને ૨૦ કે ૩૦ટકા રહી જવાના છે જેને ફરીથી એસેસમેન્ટ, ઑડિટ કરવાની જરૂર પડે તો એમાં કવોલીટી એસેસમેન્ટ થવાનું, કવોલીટી ઑડિટ થવાનું. આને કારણે એસેસમેન્ટનો ભરાવો થઈ ગયો છે એ દૂર થશે અને ઝડપથી નિકાલ આવશે. ઈન્કમ ટેક્સમાં આવે છે એ રીતે ઝડપથી નિકાલ આવશે. ખાસ કરીને હમણાં માનનીય સભ્યશ્રીએ કહ્યું કે ઑફિસરો પોતે રજીસ્ટ્રેશન કૅન્સલ કરશે કે મોકૂફ રાખશે તો માનનીય સભ્યશ્રીને કહેવાનું કે માત્ર મોકૂફ રાખવાના છે, નોંધણી કૅન્સલ નથી કરી શકાવાના. મોકૂફ રાખશે તો જે તે વેપારી જઈને ભૂલો કે કવેરી હોય તો કલીયર કરશે તો પાછું નોંધણી થઈ શકવાની શકયતા છે એટલે આમાં ઉપરથી કૅન્સલ કરતા હતા એ વધારે ભયજનક હતું. આમાં માત્ર મોકૂફીની જ જોગવાઈ છે એ આવકારદાયક છે.

હાલની સિસ્ટમમાં સાત પ્રકારના દર છે. ભા.જ.પા. સત્તા ઉપર આવી એ પહેલા ૨૭ પ્રકારના દર હતા. આજે સાત પ્રકારના દર છે એ ઘટીને માત્ર ૩ પ્રકારના દર થવાના છે જેને કારણે ખૂબ સરળતા રહેવાની છે એમાં ગરીબ અને ખેડૂત લક્ષી જે ઉપયોગી વસ્તુ છે. એ લોકોને સંપૂર્ણ વેરામાંથી મુકિત મળવાની છે. બિંદી, કુમકુમ, ખાખરા, પાપડ, ઘઉંનો લોટ, અનાજ, કઠોળ, કેરોસીન સ્ટવ, ટપક સિંચાઈના સાધનો ખાસ કરીને કુત્રિમ દાંત, ગંભીર દર્દીને બ્લડ અને બ્લડ કોમ્પોનન્ટને મુકિત આપવામાં આવી છે. વૅક્સિનને પણ વેરામાંથી મુકિત આપવામાં આવી છે. હાથસાળની બનાવટને પણ સંપૂર્ણ વેરામાંથી મુકિત આપવામાં આવી છે. વણકર, ગરીબ બહેનોને હાથ વણાટથી કામ કરશે તો તેને સંપૂર્ણ મુકિત મળશે. મધ્યમ વર્ગના લોકો જે વસ્તુ વાપરે છે એનો માત્ર ચાર ટકા વેરામાં સમાવેશ કરવામાં આવ્યો છે. આમાં નટબોલ્ટ, કેપીટલ ગુડસ, પ્લાન્ટ મશીનરી, કેમિકલ ફેબ્રીકસ, બ્રાન્ડનેમ દવાનો પણ ચાર ટકામાં સમાવેશ કરવામાં આવ્યો છે. એને કારણે ઘણી બધી રાહત થવાની છે. આ જે સુધારા મંત્રીશ્રી લાવ્યા છે એમાં ઈનપુટ ક્રેડીટ મળવાની જોગવાઈ છે. એ ખૂબ આવકારદાયક છે. એકસપોર્ટ કરનારને પૂરેપૂરું રિફંડ મળશે. સ્પેશ્યલ ઈકોનૉમિક ઝોન અને એકસપર્ટ ઓરીએન્ટલ જેટલા યુનીટ છે એને ઈમ્પુટ ટેકસમાંથી બાકાત મળવાને કારણે એકસપોર્ટને ખૂબ પ્રોત્સાહન મળશે. જે ભય છે કે તા.૩૧-૩-૦૬ ના રોજ ખરીદેલ માલનું શું? સ્ટૉકનું શું? એ ભયસ્થાનને કોઈ અવકાશ નથી. કારણ કે એ લોકોને ઈનપુટ ક્રેડિટ મળવાની છે. ૩૧ મી માર્ચ સુધીમાં જે સ્ટૉક હોય, ખરીદી હોય એના ઉપર ઈનપુટ ક્રેડિટ મળવાની છે. ખાસ કરીને ટિન નંબર. ૧૧ નંબરનો આંકડો આપવામાં આવશે, એમાં પહેલા બે આંકડો હશે, એ જે તે રાજ્યનો કોડ હશે. બાકીના ૯ નંબર રાજ્ય પોતે નક્કી કરી અને ૧૧ નંબરનો આંકડો જે તે વેપારીને આપશે, એના પછી કોમ્પ્યુટરાઈઝ સિસ્ટમ થઈ જશે અને કોઈપણ જાતની તકલીફ ઊભી નહિ થાય. ટ્રાન્સપરન્સી થશે. આવી રીતે કુલ મળીને આખી કોમ્પ્યુટરાઈઝેશન સિસ્ટમ થઈ જવાને કારણે કયાંય કરચોરી કે બે નંબરના ધંધાનું અત્યારે ભયસ્થાન છે તે દૂર થવાની પૂરી આશા છે અને આના કારણે વેપારીઓ અને ઉદ્યોગોનો ખૂબ વિકાસ થશે, વેપારીઓને સરળતા થશે. ગ્રાહકોને સસ્તી વસ્તુ મળશે, સરકારની આવક વધશે, પારદર્શકતા આવશે, કિન્નાખોરી દૂર થશે અને ચાલતા આવતા દાવાઓ કે જે ૫-૬ વર્ષનાં જૂનાં દાવાઓનું એસેસમેન્ટ જલ્દીમાં જલ્દી થશે અને ક્વોલિટી એસેસમેન્ટના કારણે ઝડપથી નિકાલ લાવી શકીશું અને ખાસ કરીને કમ્પ્યૂટરાઈઝેશન સિસ્ટમ થવાના કારણે માનનીય મંત્રીશ્રીએ કહ્યું તેમ વેબસાઈટ ઉપર સોફ્ટવેર મુકાશે અને દરેક વેપારી પોતે ડાઉનલોડ કરી જાતે એસેસમેન્ટ કરતો થશે અને સોફ્ટવેર દરેક વેપારીને મફત મળશે. અત્યારે સોફ્ટવેર ખરીદવા માટે પૈસા લાગે છે. વેપારીઓને એ સોફ્ટવેર ખરીદવાના પૈસા નહિ લાગે, એટલા માટે પણ વેપારીઓને લાભ થવાની શક્યતા છે. ભયસ્થાન છે એ દરેકને લાગે છે કે જે પેનલ્ટીની જોગવાઈ છે, એ પેનલ્ટીની જોગવાઈને કારણે ભયસ્થાન દરેકના મનમાં છે. હું જ્યાં સુધી વેટમાં સમજું છું ત્યાં સુધી પેનલ્ટીની જોગવાઈઓ જે સેલ્સટેકસમાં છે એ જ જોગવાઈ છે. કોઈ વધારાની જોગવાઈ નથી. આજે પણ સેલ્સટેકસના અધિકારી પાસે સત્તા છે કે બૅન્કના અને પોસ્ટઑફિસના એકાઉન્ટ જઈને ચેક કરી શકે છે. આજે પણ સમન્સ ઇસ્યુ કરી શકે છે. આપણે બધા જાણીએ છીએ કે આપણા અધિકારીઓ વ્યવહારું અભિગમ અપનાવતા હોય છે. વેટ આવ્યા પછી આવો જ વ્યવહારું અભિગમ અપનાવશે, તો વેટના કારણે બધાને ભય લાગી રહ્યો છે, એ ભય નહિ લાગે અને વિશ્વસનીયતાનું વાતાવરણ ઊભું થશે જે રાજ્યોમાં એક વર્ષથી વેટ લાગુ પડ્યો છે એ

રાજયોમાંથી ફરિયાદ આવી નથી. કયાંય એમ નથી લાગ્યુ કે વેટના કારણે ભયસ્થાન છે, તો પછી ગુજરાતના વેપારીઓનું અને ઉદ્યોગકારોનું ભય રાખવાનું કારણ સમજાતું નથી. એક મતથી યુનિફોર્મિટીથી આપણે બધા સાથે મળીને આ વેટના નિર્ણયને આવકારીએ તો મને લાગે છે કે આ ગુજરાતના હિતમાં ખૂબ સારું થશે.

મારાં બે-ચાર સૂચનો છે: રૂલ્સ છે, એમાં લિબરર થઈએ, જેથી કરીને આપણે સરકાર અને વેપારી વચ્ચેની વિશ્વસનીયતા ઊભી થાય અને બીજી સિક્યોરિટી ડિપોઝિટની છે. એમાં બહુ વધારે પડતા રીજીડ ન રહીએ અને લિબરર રહીએ. સિક્યોરિટીની ડિપોઝિટ એમાં થોડુ આઘુંપાછું કરી શકીએ. ખાસ કરીને દરેક વેપારીને ટ્રિપ્લીકેટ બિલ રજૂ કરવું પડશે. આ જે વિષય છે, એના કારણે વેપારીએ કાર્બન કોપી રાખવી પડશે. આજે કોમ્પ્યુટરાઈઝનો જમાનો છે, ઈન્ફર્મેશન ટૅક્નૉલૉજીનો જમાનો છે, એમાં વેપારી કાર્બન કોપી રાખતો થાય એ તો ફરી એને પૂર્વકાળમાં પહોંચી જવાનો અહેસાસ થાય. ટ્રિપ્લીકેટ બિલની કાર્બન કોપી સાથે ન રાખવી પડે એ રીતની સિસ્ટમ ડેવલપ કરવામાં આવે તો વધારે અનુકૂળ આવશે. આ trznsiction પિરિયડ છે, એમાં કોઈ કમિટી બનાવવામાં આવે, એડવાઈઝરી કમિટી બનાવવામાં આવે, જેમાં એમ.ઓ.એસ. ના અધ્યક્ષ સ્થાને ગુજરાત ચેમ્બર્સ ઑફ કૉમર્સના પ્રમુખશ્રી કે પછી સી.આઈ.આઈ. ના પ્રમુખશ્રી કે ઔદ્યોગિક ક્ષેત્રના પ્રમુખશ્રી હોય અને એમાં વેપારીઓને સાથે રાખી અને ઓપરેશનલ પ્રોબ્લેમ ઊભો ન થાય, એના માટે એક કમિટી બનાવી નિર્ણય કરવામાં આવે. ખાસ કરીને જનજાગૃતિ પણ લાવવી પડે. આ વેટનો કાયદો દાખલ થયા પછી દરેક ગ્રાહકે બિલ લઈને પોતાની વસ્તુ ખરીદે. આ માટેની જનજાગૃતિ લાવવાની આવશ્યકતા રહે છે. આપણે બધા જાણીએ છીએ કે મોટા ભાગના ગ્રાહકો બિલ વગર ખરીદી કરતા હોય છે. એટલા માટે બિલ વગર કોઈએ પણ માલની ખરીદી ન કરવી જોઈએ, એના માટેના હોર્ડિંગ્સ મૂકાય એ રીતની જનજાગૃતિ લવાય, એના માટેના સેમિનાર થાય અથવા તો સારી સારી સેલિબ્રિટીસ દ્વારા જાગૃતિ લાવીને ટીવી અને ચેનલો ઉપર મૂકાય, જેથી કરીને એવી જાતનું રાજ્યભરમાં વાતાવરણ ઊભું થાય અને બિલ લેવા માટેની જાગૃતિ ઊભી થાય. સાથે સાથે સભ્યશ્રીઓને વિનંતી કરવાની કે કેન્દ્રમાં રજૂઆત કરે કે ગુજરાત રાજ્ય એવું છે કે બીજા વર્ષે વેટનો અમલ કરી રહ્યું છે, છતાં નુકસાનમાં ૧૦૦ ટકા ભરપાઈ કરી આપે એવી કેન્દ્રમાં રજૂઆત કરે, જેથી કરીને આપણને ૭૫ ટકા જ ગ્રાન્ટ મળવાની છે. ૭૫ ટકા ગ્રાન્ટ ન મળે પણ ૧૦૦ ટકા ગ્રાન્ટ મળે. આપણે બધા સાથે મળી કેન્દ્રને રજૂઆત કરીએ કે ૧૦૦ ટકા ગ્રાન્ટ આપણને મળે. રિફંડની જોગવાઈ પણ તાત્કાલિક થાય. રિફંડ આપવાની વાત આવે ત્યારે રિફંડ વેપારીને સરળતાથી મળી રહે એ પ્રમાણેની જોગવાઈ થાય.

માનનીય અધ્યક્ષશ્રી, દરોડા પાડવામાં આવે ત્યારે કમિશ્નરશ્રીની સૂચના સિવાય કે કમિશ્નરને વિશ્વાસમાં લીધા સિવાય નીચેના ઑફિસર દરોડા પાડી ન શકે તેવી જોગવાઈ આ બિલમાં કરવામાં આવશે તો મને લાગે છે કે આ લોકભાગીદારી સાથેનું ખૂબ સરસ, વેપાર અને ઉદ્યોગને પ્રોત્સાહન આપનારું અને રાજયની આવક વધારનારું બિલ બની રહેશે તેવું મને લાગે છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય બાબુભાઈ. બાબુભાઈએ નિર્ણય કર્યો છે કે એક શબ્દ ખોટો નહીં બોલે.

**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, હું કયારેય ખોટું બોલતો નથી અને આ ગૃહમાં સોગંદ સાથે સ્થાન લીધું હોય ત્યારે તો ખોટું બોલાય નહીં. મેં જે કહ્યું હતું તે આ વેટના બિલની અંદર સાચું ઠરે છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સૌરભભાઈ વેટના બિલની અંદર જે સુધારા લાવ્યા છે તેમાં મારાં કેટલાંક સૂચનો આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે સૌથી પહેલાં અભિનંદન આપવાં જોઈએ આ દેશના નાણામંત્રીશ્રી ચિદમ્બરમને. શ્રીચિદમ્બરમ કેન્દ્રમાં ૧૯૯૭માં જ્યારે નાણામંત્રી તરીકે હતા ત્યારે વેટની ચર્ચા માટે નાણામંત્રીઓની મીટિંગની અંદર ગુજરાત તરફથી આપણે એક સૂચન કરેલું કે વેટની અમલવારીના કારણે રાજયની આવકો ઓછી થાય તે જેટલી આવકો ઓછી થાય તેટલી વગર વ્યાજની લોન આપો તો રાજય વેટની અમલવારી માટે તૈયાર થશે. કારણકે મહારાષ્ટ્રે તે વખતે તેનો અમલ કરેલો તેના અનુભવે આવક ઘટી હતી અને તે વેટમાંથી ફરી પાછા નીકળી ગયા હતા. તેના કારણે આ ભયસ્થાનો વ્યક્ત કર્યા અને આ વખતે ૧૯૯૯ પછી જે સમિતિ રચવામાં આવી. તે એમ્પાવર્ડ કમિટીમાં અને તે એમ્પાવર્ડ કમિટીમાં જ્યારે ચેરમેન તરીકે આ દેશના સૌથી વધુ અનુભવી નાણામંત્રી ડો.અસીમદાસ ગુપ્તાને પસંદ કરવામાં આવ્યા છે તે વખતે એનડીએની સરકાર હતી. વેસ્ટ બેંગાલના ડો.અસીમદાસ ગુપ્તાને ચેરમેનપદે નિમવામાં આવ્યા અને અસીમદાસ ગુપ્તા નોબલ પ્રાઈઝ વિજેતા ડો.અમર્ત્ય સેનના હાથ નીચે અર્થશાસ્ત્ર શીખેલા. આ બધા ખૂબ વિદ્વાન નાણામંત્રીઓ હતા અને આપણા માનનીય વજુભાઈ હું માનું છું ત્યાં સુધી એમ્પાવર્ડ કમિટીના વાઈસ ચેરમેન હતા. એમણે આ વેટની વ્યાખ્યામાં જવાનું સર્વાનુમતે બધા રાજયોએ નક્કી કરેલું. કમનસીબે એન.ડી.એ. સરકાર ગઈ અને યુ.પી.એ. સરકાર આવી અને ભારતીય જનતા પાર્ટીની સરકારો અને ઉત્તર પ્રદેશે આ વેટનો અમલ નહીં કર્યો, એ બધુ કહેવાઈ ગયું, એને ફરી હું દોહરાવતો નથી પણ આ વેટનો અમલ થઈ રહ્યો છે એ ખૂબ સારી દિશામાં આપણે જઈ રહ્યા છીએ એટલું મારે કહેવાનું છે.

માનનીય અધ્યક્ષશ્રી, વિદ્વાન સભ્યશ્રી બોલી રહ્યા હતા પણ આ ડહાપણ બહુ મોડું આવ્યું એટલું એમણે કહેવું જોઈતું હતું. માનનીય ડોકટર માયાબેન અર્થશાસ્ત્ર ઉપર બોલી શકે, એમણે એમ કહ્યું કે ભાજપની સરકાર

આવી ત્યારે ૪૨ એના જે સ્ટેજ હતા સેલ્સટેક્સ વગેરેના, માનનીય અધ્યક્ષશ્રી, મારે ગૌરવ સાથે કહેવું પડે કે આ ગૃહમાં મને એવા માનનીય નાણા મંત્રીશ્રીઓ પાસે બેસવાનું મળેલું છે, કોઈ આ દેશના શ્રેષ્ઠ નાણા મંત્રીશ્રી ડો. સુબ્રમણ્યમ, ડો. વેંકટરામનજી, પછી ડો. અશોક મિત્રા, અને રાવ વાનખેડે કે જેઓ મહારાષ્ટ્રના નાણામંત્રી, એમની કક્ષાના સનત મહેતાની સાથે આ ગૃહમાં પાંચ બજેટ વિરોધ પક્ષે બેસીને સાંભળવાનો મોકો મને મળ્યો છે, એ પછી મનોહરસિંહજી જાડેજા કે જેઓ ઓક્સફર્ડ યુનિવર્સિટીના અર્થશાસ્ત્રી હતા. માનનીય વજુભાઈને તો ખૂબ સારી રીતે સાંભળ્યા છે અને આ બધાયે વિદ્યાર્થી અવસ્થાના કારણે નહીં, ૧૯૯૭માં મેં બજેટ મૂકેલું ત્યારે ૧૭ સેલ્સટેકસના સ્લેબ હતા અને એમાંથી ૬ કરેલા હતા અને આ ૬ સ્લેબ કરેલા એની નોંધ હાલની સરકારે પ્રકાશનોમાં લીધેલી છે. માનનીય અશોકભાઈની સાથે અમે જયારે સર્વપક્ષીય પ્રચારમાં જે ધારાસભ્યો ગયેલા ત્યારે એની અંદર પ્રચાર સાહિત્ય આપવામાં આવેલું છે એમાં ૧૭માંથી ૬ સ્લેબ, ટર્નઓવર ટેક્સ નાબૂદી અને સેલ્સટેક્સ ઉપરનો બે ટકા સરચાર્જ હતો એ બે ટકા સરચાર્જ, એ હાલની સરકારે કાઢ્યો પણ એ પહેલાંના બે જે સુધારા હતા એ ૧૯૯૭માં મેં બજેટમાં કરેલા, વિદ્યાર્થી અવસ્થામાં એટલે મેં પરામર્શ કરેલ મારા પૂર્વના નાણા મંત્રીશ્રીઓ સાથે અને એના આધારે આ રાજયની અંદર કેટલા રિફોર્મ્સ થવા જોઈએ, કેટલા સુધારા થવા જોઈએ એ પરંપરા જે ચાલી રહી છે એ માટે હું મારો સંતોષ વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ટેક્સેશનમાં જેટલું રેશનાલાઈઝેશન થાય, એ પ્રમાણે એનું સપ્રમાણતા થાય, એ પ્રમાણે એની સરળતા થાય એ પ્રમાણે ટેક્સના રિયાલાઈસેશન વધુ થતું હોય છે. માનનીય નાણા મંત્રીશ્રીએ કહ્યું કે સેન્ટ્રલ સેલ્સટેક્સમાં બે ટકાનો સરચાર્જ, માનનીય અધ્યક્ષશ્રી, કોઈ ભીતિ રાખવાની જરૂર નથી, બે ટકા ટેક્સ આપણે અલંગના શીપબ્રેકરોને સરળતા થાય એ માટે બે ટકાનો ટેક્સ ૧૯૯૭માં કરેલો. રાજયની ટેક્સની આવકો વધી ગઈ એટલે એમાં ભીતિ રાખવાની જરૂર નથી પણ આપણા જે ટેક્સ ભરનારા લોકો છે એ લુપહોલ્સ શોધી કાઢે છે અને એને રોકવાની જરૂર છે, આમાં કેટલીક બાબતોની સ્પષ્ટતા થઈ છે અને કેટલીક બાબતોની અંદર સ્પષ્ટતાની જરૂર પણ છે. હું હંમેશાં એક વાત કરું છું કે, કેટલીક મલ્ટીનેશનલ કંપનીઓ છે એ પોતાનો માલ અહીંના સરપ્લસ પ્રોડકટમાં જેની પાસે કેપેસીટી હોય એની પાસે એ બનાવડાવે અને એની અંદર ટેક્સ ભરવાની બાબત આવેને ત્યારે એ ટેક્સ ભરે નહીં. પાના ૨૦ ઉપર ૪૧માં સ્પષ્ટતા કરવામાં આવેલી છેને કે નિરાકાર અથવા અમૂર્ત પ્રકારનો માલ, એટલે કે (૧) પેટન્ટ (૨) ટ્રેડમાર્ક (૩) બ્રાન્ડનેમ અને (૪) આયાત લાઈસન્સ, આના ઉપર જે ટેક્સ લેવામાં આવે તો રાજયની ખૂબ મોટી આવક થશે, અત્યાર સુધી આ ટેક્સ લેવામાં આવતો ન હતો, માત્ર એની રોયલ્ટી હોય, એ સો કરોડનું વેચાણ કરે એના ઉપર નહીં પણ એક કરોડ રોયલ્ટી છે એના ઉપર ચાર લાખ રૂપિયા લેવા પણ સો કરોડ ઉપર ચાર કરોડ જતા કરીએ, માનનીય અધ્યક્ષશ્રી, એ રીતે મારી નજરમાં એક આવી ગયું છે, એ માનનીય નાણા મંત્રીશ્રીના ધ્યાન ઉપર મૂકું છું કે મારી પાસે હમણાં લક્ષ સાબુનું એક રેપર આવ્યું એના ઉપર નિયમ પ્રમાણે એ કયાં બનાવેલ છે, કોને બનાવેલ છે, એનું માર્કેટિંગ, આની અંદર મને આશ્ચર્ય થયું કે આ લક્સ લાઈફબોય એ બધી બ્રાન્ડો જે છે, મલ્ટીનેશનલ લેવલની છે એનું સીધે સીધું માર્કેટિંગ આ હિન્દુસ્તાન લિવર કંપની કરે છે. આ સાબુના રેપર ઉપર જે સ્થાનિક કંપની અથવા જેણે માલ બનાવ્યો છે એનું નામ નહીં પણ હિન્દુસ્તાન લિવર માર્કેટિંગ કરે છે. એવું છાપામાં આવેલ હતું. આપના મારફત માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે, આ ટેકસના લૂફોલ્સનો લાભ આવા લોકો તો નથી લેતાને ? માનનીય અધ્યક્ષશ્રી, આ હિન્દુસ્તાન લિવર કંપનીની બ્રાન્ડ વિશ્વભરની બ્રાન્ડ અને અહીંની એક કંપની એ વસ્તુ બનાવે અને હિન્દુસ્તાન લિવર એનું માર્કેટિંગ કરે. આ પ્રકારનું થતું હોય તો એની તપાસ તો કરવી જોઈએ કે આપણી સાથે કોઈ બનાવટ તો નથી કરતું ને? અત્યાર સુધી એમ કહેવામાં આવતું હતું કે સેલ્સ ટેકસ અને મોટર સ્પીરીટનો એકટ જુદો હતો. હમણાં માનનીય નાણામંત્રીશ્રીએ કહ્યું કે, મોટર સ્પીરીટ આમાં મર્જ થઈ જાય છે એટલે મોટર સ્પીરીટને જુદી કક્ષામાં ન મૂકી શકાય અને એટલા માટે કહેવા માગું છું કે, ગયે વખતે આ ગૃહમાં મેં રાજયની આવક વધે એટલા માટે થઈને નાણામંત્રીશ્રીનું ધ્યાન દોરેલું. એક બિલમાં આવતું હતું ત્યારે એમ કહ્યું કે આ તો મોટર સ્પીરીટનું બિલ છે એમાં સેલ્સ ટેકસની વાત ન થઈ શકે. હવે અમને આપ રોકી નહીં શકો. મારું એટલું જ કહેવું છે કે, કેરોસીન મોટર સ્પીરીટનો જ ભાગ છે અને કેરોસીન ઉપરનો ટેકસ કોઈ ભરતું ન હોય અને એના માટેની શો-કોઝ નોટિસ જો આપી હોય તો એ નોટિસનું શું થયું એ જાણવા માગતો હતો. આનો જવાબ ન મળ્યો કારણ કે મોટર સ્પીરીટનું બિલ હતું એટલે સેલ્સ ટેકસની વાત ન થઈ શકે. આમાં જવાબ આપે ધાર્યો હોત તો આપી શકયા હોત પણ આપવાની એમની ઈચ્છા ન હતી. હવે જયારે અનુકૂળતા મળશે ત્યારે અમે ચોક્કસ જવાબ માગીશું.

માનનીય અધ્યક્ષશ્રી, વેટના કારણે કેટલીક વસ્તુઓ ઉપર ટેકસ ન હતો આ ટેકસ આજે એ વસ્તુઓમાં આવી જાય છે એટલા માટે માનનીય નાણામંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે આમાં સ્પષ્ટતા કરે કે, ૧૯૯૭માં અમે મૂર્તિઓ ઉપરનો ટેકસ કાઢી નાંખ્યો હતો. આ ભારતની સંસ્કૃતિમાં જે શ્રધ્ધાનું કેન્દ્ર છે એ મૂર્તિઓ ઉપરનો ટેકસ હવે આની અંદર એ આવી જાય છે, એ ચાર ટકા નહીં પણ પાંચ ટકા ટેકસ આવવાનો છે એવું મેં છાપામાં વાંચેલું. પણ જેમાં ટેકસ ન હતો એ ટેકસેબલ આઈટમ ન થઈ જાય એની કાળજી રાખવાની જરૂર છે. હમણાં જ કહ્યું કે, કઠોળ વગેરેમાં ટેકસ માફી છે. હું તો લેશનમાં આ વાત મૂકતો હોઉં છું અને માનનીય નાણામંત્રીશ્રી એનો ઉપયોગ કરતા હોય છે. આમાં પછી એમ કહ્યું કે બ્રાન્ડ નેઈમ જે પેકેજીંગ સિવાયના કઠોળો છે, આટો છે એના ઉપર મુકિત

છે. પણ આજે સ્વાસ્થ્યની રીતે જે પેકીંગમાં લોકોને માલ ખરીદવાની ટેવ પડી છે એમાં કોઈ ફાઈવ સ્ટાર લોકો નહીં, હાઈ કલ્ચરના જ લોકો નહીં પણ સામાન્ય લોકો પણ આજે શુદ્ધતાનો આગ્રહ રાખીને પેકીંગમાં હોય એ વસ્તુ ખરીદવાનો આગ્રહ રાખે છે. મારા પરમ મિત્ર અશોકભાઈને યાદ કરાવવું પડે કે જયારે તેઓ નાગરિક પુરવઠા મંત્રી હતા ત્યારે તેઓ કંઈકને કંઈક સૂચનો કરતા અને એ વખતે અમે ડો.કુરિયન સાહેબને બોલાવેલા, શરદ જોષીની એક કમિટિ હતી ત્યારે એવું કહેવું પડેલ કે આ અમુલનું ફલેકસીબલ ડબલું છે એ ઈસ્ટ ઈન્ડિયા કંપનીનું પ્રતિક છે. અમારે તો પેલી તેલની ખાલી શીશી લઈને જાય અને બે રૂપિયા લઈને જાય અને એમાં જેટલું તેલ આવે અને ભાવ ઓછો હોય તો વધુ તેલ આવે અને તે દિવસે વઘાર સારો થાય અને મોંઘું હોય તે દિવસે શાકભાજી મોંઘું થાય એટલે અમારે એની વાત કરવાની છે. એટલે એ ફલેકસીબલ પેકીંગ ઉપરના ટેકસની વાત છે, એમાં થોડીક વાસ્તવિકતા આપણે સમજીએ. રાજયને આમાં કોઈ મોટું નુકસાન નથી જવાનું, પણ સ્વાસ્થ્યને અનુરૂપ અત્યારે જે પેકીંગ કરવાનો મેનિયા ચાલી રહ્યો છે એમાં કોઈ મલ્ટીનેશનલ કંપની જ પેકીંગ કરે છે એવું નથી. નાની નાની કંપનીઓ પણ કઠોળ વગેરેનું પેકીંગ કીલો, બે કીલોનું કરે છે અને માર્કેટમાં મૂકતા થયા છે અને આના કારણે નાના ગૃહ ઉદ્યોગને પણ ઉતેજન મળે છે. તો આ વસ્તુ ઉપરનો ટેકસ જે છે એ ટેકસમાં રાજય સરકારને કેટલીક સત્તાઓ મળેલી છે એ પોતાની રીતે નિર્ણય લઈ શકે છે એટલે એમાં વ્યવહારીકતાથી નિર્ણય લે. પણ એક વસ્તુની મારે સ્પષ્ટતા માનનીય નાણામંત્રીશ્રી પાસેથી જોઈએ છે. કારણકે પોલીમર્સના ઉદ્યોગ સાથે સંકળાયેલા છે, પોલીમર્સના ઉદ્યોગ માટે એટલા માટે કે આ પોલીમર્સ ઉદ્યોગ આ દેશની અંદર સૌથી વધુ કોઈ ઉદ્યોગ કે કારખાના હોય તો એ આ રાજ્યની અંદર છે. એમાં પોલીથીન અને એ બધા ઉપર ચાર ટકા ટેક્સ છે પણ એમાંથી બનાવેલા માલ પર પણ ચાર ટકા કરતાં વધુ ટેક્સ લેવામાં નહિ આવે એટલી સ્પષ્ટતા થાય એ ખૂબ જરૂરી છે. ઘણી વખત એવું થાય છે કે 'બાર હાથનું ચીભડું હોય અને તેર હાથનું બી હોય' નળીયા પરનો ચાર ટકા ટેક્સ અને નળીયાના ભૂકા પર બાર ટકા ટેક્સ હોય એટલે આની અંદર આ વાસ્તવિકતા ખૂબ સમજવાની જરૂર છે. રાજ્યના હિતમાં રાજ્યની દશ હજાર કરોડની સેલ્સટેક્સની આવકથી બહુ હરખાઈ જવાની જરૂર નથી. આ અગાઉ પણ હું બોલેલો છું કે રાજ્યની અંદર જો બે લાખ કરોડ રૂપિયાનું રોકાણ ઔદ્યોગિક ક્ષેત્રે થયું હોય, વેપાર જુદો તો એનું ટર્નઓવર એના જી.ડી.પી.ના આંકડા એની જે પ્રોડક્ટીવીટી છે એના આંકડા લખીએ તો વીસ હજાર કરોડ કરતાં ઓછી આવક કોઈ સંજોગોમાં આ રાજ્યની સેલ્સટેકસની ન હોવી જોઈએ. પરંતુ એક યા બીજા કારણે આપણે બ્રાન્ડ ટ્રાન્સફર કે કન્સાઈનમેન્ટના નામે પાડોશના રાજ્યમાં માલ મોકલાવીએ છીએ એના પર ટેક્સ આવતો નથી. 'જાંગડ' જે દેશી શબ્દ કહેવાય એ જાંગડ માટેનો કોઈ ઉલ્લેખ આ બિલની અંદર મેં જોયો નથી એટલા માટે થોડા સજાગ થવાનું છે કે આ રાજ્યની અંદર પ્રોડક્ટીવટી થાય, એના માટે વીજળી વપરાય, ઈન્ફ્રાસ્ટ્રક્ચર વપરાય, પ્રદૂષણ આપણા ભાગે આવે  અને રાજ્યની તિજોરીમાં જો ટેક્સ ન જતો હોય તો એવા ઉદ્યોગ એવી પ્રોડક્ટીવીટીની આપણને શું જરૂર? નાઝીરનો એક શેર છે વાત ન કરજો ખોલીને કે જે દિલમાં દયાને સ્થાન નથી એવા પાણી વિનાના સાગરની નાઝીરને કશી જરૂર નથી. જો આ ઉદ્યોગો ટેક્સ ભરતા ના હોય રાજ્યની અંદર અને માત્ર વાહ વાહ એમની કરવાની હોય, એના બદલે નાનકડો દુકાનદાર એ માધુપૂરાનો વેપારી હોય કે સી.જી. રોડનો રેડીમેડ ગારમેન્ટના ધંધાવાળો હોય એ રાજ્યની અંદર ટેક્સ કેટલો ભરે છે એના આંકડા જો આપણે લઈશું ને તો એ આપણી બરકતના આંકડા છે. જે પાંચ લાખ વેપારીઓ છે એ પોતે ટેક્સ જનરેટ કરતા નથી પરંતુ એ ખરીદનારા પાસેથી ટેક્સ વસૂલ કરીને રાજ્યને ભરે છે કોઈ પ્રોડક્ટીવીટી હોય તો એને એકસાઈઝ કરીને જનરેટ કરે પણ આ સેલ્સટેક્સ જે છે એ રાજ્ય સરકાર વતીથી ઉઘરાવે છે એ રીતે આપણે એમને ગણવાની જરૂર છે. આ રાજ્યનો અભિગમ પ્રમાણમાં હકારાત્મક રહેલો છે  આ વેટ આવવાના કારણે અન્ય રાજ્યોને હળવાશ થશે, ગુજરાતને થોડુંક ભારણ પણ થશે આ પચાવવું થોડુંક આપણા માટે મુશ્કેલ છે એટલા માટે છે કે આપણો આ એક્ટ બહુ સરળ હતો આ સરળ એક્ટમાં થોડી વધુ શુદ્ધતા લાવવા માટે થઈને નિયમોના બંધનો મૂકવા જરૂરી હતા એ વાત આમાં આવી જાય છે. ખોટાં બંધનો હેરાનગતી અને બધું સ્વાભાવિક્તાથી થોડુંક થવાનું છે પરંતુ એની અંદર  પ્રજાકીય પ્રતિનિધિ જ્યારે સજાગ હોય અધિકારીઓને જ્યારે ધ્યાન દોરે ત્યારે એ તરફ આ રાજયની અંદર મને મારો અનુભવ છે કે હંમેશા એક વ્યાજબી વાત હોય છે અને એ સાંભળવામાં આવે છે. રાજ્યના નાણામંત્રી તરીકે વજુભાઈ સાહેબને ખૂબ અનુભવ હશે પણ એમાં અમારા સૂચનો જે હોય એ અમે કરેલા છે પહેલી નજરે તો સ્વીકારાઈ જાય પરંતુ પછી એના અમલીકરણ કરવાની ક્યાંકને ક્યાંક અડચણ આવતી હતી એટલે રાજય કક્ષાના મંત્રી સૌરભભાઈ કે જેમની પાસે નાણા ખાતાનો લગભગ હવાલો છે આ બાબતની અંદર વધુ સજાગ રહે આ રાજયની આવકો ખૂબ સારી રીતે વધતી રહે અને જે એનોમલી રહેલી છે વિસંગતતા છે એ દૂર કરીને અન્ય રાજ્યોએ જેમાં ટેક્સ ઘટાડેલ છે એનો પણ એક સ્ટડી કરે બીજા રાજયોમાં કેટલીક વસ્તુમાં  ટેકસ ઘટાડેલ છે મારી પાસે વિગતો છે. પોલીથીન ફોર્મ છે એમાં અન્ય રાજયોમાં ટેકસ ઘટાડ્યો છે આપણો ટેક્સ  આમાં વધુ છે તો એ વસ્તુનો ખાસ ખ્યાલ રાખે અને મારે આજે યાદ કરવા જોઈએ આ સેલ્સટેકસની બાબતમાં આપણા ખૂબ જાણકાર અધિકારી એક શ્રી એમ. એન. જોષી હતા હવે રાજ્ય સરકારની નોકરીમાં નથી અને આ વેટના અમલીકરણના જે અભ્યાસજૂથો હતા એની અંદર એ વરસોથી જતા હતા. હવે એ રાજ્ય સરકારમાંથી પ્રિમેચ્યોર્ડ નિવૃત્તિ લઈને નિવૃત્ત થયા છે, પરંતુ રાજયનો સેલ્સ ટેકસ વિભાગ અને સેલ્સટેકસ કમિશનર, રાજયનું નાણા વિભાગ અને સેલ્સટેકસ કમિશનર કચેરી વચ્ચે એક

સાંકળરૂપ હતા અને જાણકાર હતા અને અન્ય રાજયોની સેલ્સટેકસ કમિશનરોની ઓફિસોમાં પણ તેમને માટે પૃચ્છા કરીને તેમની જાણકારીનો એ લોકો લાભ લેતા હતા.એટલે આ રીતે રાજયની સેલ્સટેકસ વિભાગની પરંપરાઓ કન્ટિન્યુઅસ રાખવામાં આપણે સૌ સાથ આપીએ અને નાણામંત્રીશ્રી જે વેટના બિલ ઉપરનો સુધારો લઈને આવ્યા છે અને એમાં મેં કેટલાંક મારાં સૂચનો આપ્યાં છે એનો મને જવાબ આપશે એવી હું આશા રાખું છું.

**શ્રી સુનીલ બા. ઓઝા (ભાવનગર શહેર(દ)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના નાણામંત્રીશ્રી ૨૦૦૩ નું ગુજરાત વેલ્યુ એડેડ ટેકસ એમેન્ડમેન્ટ વિધેયક નંબર ૭ લઈને આવ્યા છે એને અનુમોદન આપવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, તા. ૨૬ મી માર્ચ,૨૦૦૩ ના રોજ અહીંયાં વેટનું બિલ રજૂ થયું છે. આજે જે રીતે એની ચર્ચા થતી હતી અને મારી અગાઉના વિપક્ષના આગેવાનો બોલતા હતા ત્યારે મને સતત એક વિચાર આવતો હતો કે ત્યારે પણ તમે આ બિલની ચર્ચામાં ભાગ લીધો હોત તો આના કરતાં તંદુરસ્ત પ્રણાલિકા પડી હોત. (અંતરાય) હા, એટલે જ બેઠા છીએ ને? કાઢી મૂકયા હતા એ તમે એ દિવસનું રેકર્ડ જોઈ લો, પહેલાં કાઢયા નહોતા, એ તો જતા રહયા હતા. તે દિવસ યાદ કરાવું કે તે દિવસે તમે માઈકો ફેંકયા હતા, અધ્યક્ષશ્રી ઉપર કાગળો ફેંકયા હતા અને કાગળો ફાડી નાંખ્યા હતા એટલે પછી કાઢયા હતા. એટલે એ વાત રહેવા દો ને. આટલું મોટું મહત્વનું બિલ જે દિવસે વિધાનસભામાં રજૂ થતું હતું તે દિવસે એની ચર્ચા થઈ હોત તો સારું હતું એટલું જ ધ્યાન દોરવાનું છે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયાં સતત મારા આગળના વકતાઓએ માનનીય વજુભાઈને યાદ કર્યા છે. હું એમને એટલા માટે યાદ કરું છું કે સતત ૧૧ મું બજેટ રજૂ કર્યું અને દરેક વખતે સેલ્સ ટેકસ એકટમાં વેચાણવેરામાં દરેક વખતે કોઈને કોઈ રાહત ગુજરાતની પ્રજાને આપી છે અને લગભગ વેરો નીલ દિશામાં જાય એ રીતે ગતિ કરે છે. ખાસ કરીને પ્રોહિબીટેડ ગૂડઝ એટલે કે પ્રતિબંધિત માલની યાદી ધીમે ધીમે ટૂંકી કરતા ગયા હતા. એક સમયમાં આ રાજયમાં બોગસ બિલિંગ અને બોગસ વેપારીઓ એનું જે પ્રમાણ હતું એ રાજયમાં ૩ર થી ૩ ટકા જેટલું પ્રમાણ એ વધી ગયું હતું. એમાંથી ધીમે ધીમે વહીવટમાં કાળજી લઈને કાયદામાં સુધારાઓ કરીને એ કક્ષાએ આવ્યા હતા અને હું માનું છું કે આ વેટનું બિલ છે એ જે ગતિ હતી, આ ગુજરાતના સેલ્સટેકસ એકટમાં સરળીકરણની, ગુજરાતના વેપાર ઉદ્યોગના સરળીકરણની, ગુજરાતની પ્રજાને વધારે બોજો ના પડે એ દિશામાં ગતિ હતી, એ દિશાનો આ એક વેગ હતો. એટલું સારું હતું કે આ પગલું સમગ્ર રાજયોએ સ્વીકાર્યુ હતું કે આ પગલા તરફ આગળ જઈ શકાય. અને કદાચ આખાય દેશમાં ગુજરાત વેટનો કાયદો લાવનાર પહેલું રાજય હતું અને એટલે તે દિવસની વાત યાદ કરીને એટલું કહું છું કે આજે જે આ બિલમાં એમેન્ડમેન્ટ લઈને આવ્યા છીએ એમાં થોડાંક સૂચનો પણ થયાં છે, પરંતુ એમેન્ડમેન્ટ ખાસ કરીને જે જે બાબતમાં છે જે ધ્યાન ઉપર આવ્યાં છે એ કેપિટલ ગૂડઝ ઉપર ટેકસ ક્રેડિટ મળતી નહોતી એ હવે આનાથી મળશે અને એના કારણે રાજયના વેપારીઓ અને પ્રજાને આ ટેકસ ક્રેડિટ મળવાના કારણે જે કિંમત સસ્તી થશે. એની સાથે સાથે ગુજરાતની વાત કરીએ તો એ પરપ્રાંતમાંથી ખરીદી કરે એને પણ બાદ મળશે, આપણા પ્રાંતમાંથી ખરીદી કરે એનો પણ ખરીદવેરો આજસુધી બાદ મળતો નહોતો એ પણ બાદ મળશે અને એના કારણે કદાચ વધારે ખરીદ વેચાણ થાય એવું વાતાવરણ ઉભું થશે અને એનો ફાયદો રાજયને મળવાનો છે, રાજયને બહારથી આયાત કરેલ માલ ઉપર એન્ટ્રી ટેકસ અને કેશ ક્રેડિટ મળતી નહોતી આની પહેલાં એનું અહીંયાં પૂરેપૂરું વળતર મળવાનું છે. ૨ ટકા ખરીદવેરો કપાત પછી મળતો હતો અને હવે વળતર મળવાનું છે એ ઈનપૂટ કેશ ક્રેડિટ પૂરેપૂરી મળવાની છે. તેનો લાભ આ રાજયના વેપાર ઉદ્યોગને મોટો થવાનો છે. માનનીય અધ્યક્ષશ્રી, તે દિવસે જયારે કાયદો આપણે બનાવ્યો ત્યારે તેની અપર લીમીટ ૨૫ લાખની હતી. ૨૫ લાખથી વધારે ટર્ન ઓવર થાય તેને માસિક રિટર્ન અને બધા પ્રોવિઝન લાગુ પડતા હતા, ત્યારે અહીં ૨૫ લાખથી વધારીને ૫૦ લાખ કરવામાં આવ્યું છે અને મારી અગાઉના વકતા ભાઈ શ્રી પ્રદિપસિંહ અને ડો. માયાબેને કહ્યું એમ તેના કારણે નાના વેપારીઓ અને નાના ધંધાર્થીઓ ઉચ્ચક લમસમ વેરો પસંદ કરશે. તેમને આ ગુંચવાડામાંથી કયાંય પસાર થવું નહીં પડે, હવે આ બોગસ બિલિંગ અને બોગસ વેપારમાં આ વેટ આવવાથી ટ્રાન્સપરન્સી વધવાની છે. એટલે તેમને દરેક વ્યવહાર ઉપર વેરાની ક્રેડીટ મેળવવાની છે એટલે એકાઉન્ટસમાં એમણે બતાવવું પડશે, તેના કારણે પ્રમાણિક વેપારીઓને લાભ થશે. અને રાજયની આવકને પણ લાભ થવાનો છે.

અહીં સેલ્ફ એસેસમેન્ટનો ઉલ્લેખ થયો છે, આજ સુધી વેપારીઓને પોતાના ચોપડા લઈને ઓફિસોમાં જવું પડતું હતું, દર વર્ષે ત્રિમાસિક રીટર્ન હોય તેને એકત્રીત કરી અને વાર્ષિક એકત્રીત થયા પછી તેના લેઝર, રોજમેળ, બેલેન્શીટ, બધા ચોપડાઓ જોવામાં આવે, એમાંથી રાજયના મોટાભાગના વેપારીઓને મુકિત મળવાની છે. જેમ માયાબહેને કહ્યું તેમ એ પોતે, જેમ હાઉસ ટેકસમાં અહીં બિલ લાવ્યા અને હાઉસ ટેકસમાં લોકો પોતે સેલ્ફ એસેસમેન્ટ કરે છે તેમ સેલ્ફ એસેસમેન્ટ કરશે, અને તેમને કોઈની પાસે જવું નહીં પડે, અને એટલે ભ્રષ્ટાચારના દરવાજા એટલા ઓછા ખુલશે, નહીં ખુલે,

**સભાગૃહની બેઠકનો સમય લંબાવવા**

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ** : માનનીય અધ્યક્ષશ્રી, આજના દિવસની કામકાજની યાદીમાં દર્શાવેલ સરકારી કામકાજ, વિધેયકો અને વિચારણા હેઠળ છે તે વિધેયક અને તેના ઉપરની ચર્ચા અને મતદાન થાય, કામકાજ સલાહકાર સમિતિમાં નકકી થયું છે તે મુજબનું કામકાજ પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે તેવી હું દરખાસ્ત રજૂ કરું છું.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, મારી એ વિનંતી છે કે આ વેટ બહુ લાંબુ ચાલવાનું છે, તેથી વેટનું બિલ આજે પૂરું કરીએ અને બાકીનું બાકી રાખીએ.

**અધ્યક્ષશ્રી** : નહીં, એમાં એવું છે કે કામકાજ સલાહકાર સમિતિમાં જે નિર્ણય થયો છે અને આ ગૃહમાં આપણે મૂકયો છે તેથી એ ગૃહનો જ નિર્ણય છે, તેથી એમાં આપણે ફેરફાર ન કરી શકીએ. આથી નકકી થયા મુજબનું કામકાજ પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે છે.

**શ્રી સુનીલ બા. ઓઝા** : માનનીય અધ્યક્ષશ્રી, આ એકટ જયારે મૂકવામાં આવ્યો ત્યારે અને તેના પછી પણ થોડો કચવાટ વેપારીઓના મનમાં હતો. અને ખાસ કરીને દંડ અને સજાની જોગવાઈઓ બાબતમાં આ કાયદામાં થોડી ભારે અને કડક જોગવાઈ હતી. આજે જયારે માનનીય નાણા મંત્રીશ્રી એમાં સુધારો લઈને આવ્યા છે ત્યારે જુનો ગુજરાત સેલ્સટેકસના એકટની જે જોગવાઈ હતી તે મુજબની તે જે કલમ હતી ગુજરાત રાજયમાં વ્યાપક રીતે સ્વીકૃત હતી તે કલમ, છ મહીનાની સજા અને વીસ હજાર રૂપિયા સુધીનો દંડ, તે કલમ યથાવત રાખી છે તેના કારણે તે પણ વેપારી વર્ગમાં સ્વીકાર્ય થશે. અને અમલ કરવાનું પણ વધારે સરળ રહેશે. આની સાથે સાથે જે એમેન્ડમેન્ટ છે, મુળ વેટ છે અને તેના પછીના સુધારા આવવાથી જે ફાયદો છે તેની વાત કરીએ તો બધાએ સૂચનો કર્યા છે,

એક બે અને ત્રણમાં જે સૂચન છે તેમાં મારે ખાસ કરીને એક મહત્વનું સૂચન માનનીય નાણા મંત્રીશ્રીના ધ્યાન ઉપર મુકવું છે. એકટ મૂકતી વખતે કલમ-૬૩માં વેપારીનું કુલ ટર્ન ઓવર એક કરોડથી વધી જાય ત્યારે એક વેપારી એક વર્ષમાં નિર્દિષ્ટ સત્તા અધિકારી પાસે હિસાબોની ખરાઈ કરાવીને ઓડિટ કરાવશે અને ઓડિટ રિપોર્ટ મેળવીને ચોક્કસ મુદતમાં કમિશ્નરને રજૂ કરવાનું હતું, તે દિવસ સત્તા અધિકારી એટલે એમાં ત્રણ લોકોનો સમાવેશ થતો હતો. એક તો ચાર્ટડ એકાઉન્ટન્ટનો સમાવેશ થતો હતો. અત્યારે કંપની અધિનિયમ નીચે ઓડિટર તરીકે નીમવાના હકકદાર હોય એનો સમાવેશ થતો હતો. બીજા કોસ્ટ એકાઉન્ટનો અને ત્રીજો સમાવેશ તે દિવસે પણ સેલ્સટેકસ પ્રેકટિશનરનો હતો. આજે એમેન્ડમેન્ટમાં તેનો ઉલ્લેખ શોધવાનો પ્રયત્ન કર્યો તેથી હું માનનીય નાણામંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું. આ જે કામ છે એ ગુજરાતમાં વ્યાપક રીતે વેટ લાગુ પડતા વેપારીઓની બહુ મોટી સંખ્યા થવાની છે ત્યારે એટલા ઓડિટરો મળવા મુશ્કેલ થવાનું છે ત્યારે જોઈ વિચારીને સેલ્સટેકસ પ્રેકટિશનરોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. પહેલા પણ એનો ઉપયોગ કરતા હતા અને હવે પછી પણ કરવાના છીએ ત્યારે એના પ્રોવિઝનમાં સુધારો થઈ શકે એવું પ્રોવિઝન મૂકી શકાય કે પાંચ વર્ષથી પ્રેકટિસ કરતાં હોય એવાને ઓડિટર તરીકે માન્યતા આપવી એવું કંઈક થઈ શકે કે જેવી રીતે ઈન્કમટેકસ સેલ્સટેકસ નીચે એમાં જો ભૂલ કરે તો પેનલ્ટી કરી શકાય છે એવી રીતે આમાં પણ પેનલ્ટીનું પ્રોવિઝન કરી શકાય. પરંતુ એને દૂર કરવાની વાત છે એ હિસાબોની દૃષ્ટિએ રાજયના કામના બલ્કની દૃષ્ટિએ વેપારીઓની સરળતાની દૃષ્ટિએ પ્રજાને જે કક્ષાએ કામ કરવાનું છે એમાં વધારે સરળતા રહે તે માટે તે દિવસે એક, બે ત્રણ નામો ચાર્ટડ એકાઉન્ટન્ટ, કોસ્ટ એકાઉન્ટનો એમાં સેલ્સટેકસ પ્રેકટિશનરને આમેજ કરવામાં આવે તેવી મારી માનનીય નાણામંત્રીશ્રીને વિનંતી છે.

આ ઉપરાંત કોમ્પ્યુટરનો ઉપયોગ વધવાનો છે. નાના વેપારીઓ કોમ્પ્યુટર વસાવી નહિ શકે એના માટે સેલ્સટેકસ ઓફિસમાં કિઓસ્ક મૂકવામાં આવે તો એને કયા વેપારી સાથે કામ પાડવાનું છે એ કિઓસ્કમાંથી જોઈ શકે. અહીંયા વિધાનસભામાં દરેક સભ્યશ્રીની વિગતો કિઓસ્ક ઉપર મૂકેલ છે એ જ રીતે ત્યાં પણ કિઓસ્ક ઉપર દરેક વેપારીની વિગત મૂકવામાં આવે તો એનો ઉપયોગ નાના વેપારીઓ કરી શકે એવું મારું સૂચન છે.

બીજું ૫૦ હજારથી એક લખ સુધીની જામીનગીરી આપવાની છે. અહીંયા સ્વૈચ્છિક પણ નંબર લેવાનું પ્રોવિઝન છે. પાંચ લાખનું ટર્ન ઓવર ધરાવતા વેપારીએ પણ આ નંબર લેવાનું પ્રોવિઝન છે, રજિસ્ટ્રેશન લેવાનું પ્રોવિઝન છે ત્યારે એક લાખની જામીનગીરી ખૂબ મોટી થાય છે. એક લાખની મૂડી લઈને બેઠા હોય, પાંચ લાખથી વધારે ટર્ન ઓવર કરી શકે, એક લાખની મૂડી ધંધા માટે અને એક લાખની મૂડી જામીનગીરી માટે લાવવાના રહેશે.

તો નાના વેપારીઓને ધંધો કરવો અનુકૂળ રહે એના માટે બોગસ વેપારી ન આવે એના માટે કાળજી થવી જોઈએ અને કરવી જોઈએ. નાનો વેપારી ધંધો કરી શકે અને રજિસ્ટ્રેશન કરાવી શકે એના માટે શકય હોય ત્યાં સુધી discriminatory rights એ અધિકારીઓના ન રહે એના માટે આ જોગવાઈમાં સુધારો કરે તેવી માનનીય નાણામંત્રીશ્રીને વિનંતી કરુ છું.

બહારથી માલ આયાત કરતી વખતે ૪૦૩ નંબરનું ફોર્મ ફરજિયાત કર્યુ છે. ૪૦૩ નંબરનું ફોર્મ તેમના ધ્યાન ઉપર અને માનનીય નાણામંત્રીશ્રીને સૂચન એટલા માટે કરું છું કે આ ફોર્મ ખરીદનાર વેપારીએ વેચનાર વેપારીને મોકલવાનું છે. એ ત્યાંથી ભરીને મોકલવાનો છે, તેમાં ડ્રાઈવરનું નામ પણ આવવાનું છે. સહી પણ આવવાની છે. તેની વિગતો ભરવાની છે. કાનપુરથી વેપારી મારો માલ મગાવશે ગુજરાતમાં, તો તેણે, વેચનાર

વેપારીએ કંઈ ભૂલ કરી હશે, કદાચ ડ્રાઈવર ટ્રાન્સપૉર્ટમાં મોકલવાનો હશે એ ડ્રાઈવર બદલાઈ જશે, કદાચ તેના નામમાં કંઈ ભૂલ હશે તો તેમણે ત્યાંથી ભૂલ કરેલી તેનો દંડ કદાચ ગુજરાતના વેપારીઓએ કદાચ ભોગવવો પડે. એટલા માટે આ પ્રોવિઝનમાં થોડું સૂચન માન્ય રાખવામાં આવે તો તેનાથી વધારે સરળીકરણ થશે એવું મારું માનવું છે.

સાથોસાથ ચલણ અને પત્રક બન્ને એક મહિનામાં રજૂ કરવાનું પ્રોવિઝન છે. તેના વધારે સરળીકરણ માટે હું એવી વિનંતી કરું કે એ ચલણ અને પત્રક બન્ને બેંક જ સ્વીકારે તો એક સાથે બન્ને કામ પૂરાં થઈ શકે. જે રીતે નિકાસ માટે રિફંડ આપવાની વાત, આજ સુધી રિફંડ નહોતું મળતું. ત્રણ માસમાં રિફંડ આપવાની જોગવાઈ કરી છે. એસીઝેડમાં પણ જોગવાઈ કરી છે રિફંડ આપવાની અને એકસપોર્ટ ઓરીએન્ટેડ યુનિટને અને એસીઝેડને. એવી રીતે આંતરરાજય વેચાણ વખતે એ જોગવાઈ અને સમયગાળો બે વર્ષનો છે. ત્યારે તેમાં જો ત્રણ મહિના થઈ જાય તો ગુજરાત રાજયના વેપાર ઉદ્યોગને વધારે ફાયદો થશે. સર્વાંગી રીતે ખાસ કરીને આજે જે ટેકસની મુકિત આપી છે તેમાં હાથશાળને આપી છે, ટપક સિંચાઈને આપી છે. બ્રેડ અને બાકીના નાના લોકો જે વસ્તુઓ વાપરે છે તેને મુકિત આપવામાં યાદીનો ઉમેરો કર્યો છે, વેરા મુકિતનો તેના પણ અભિનંદન આપું છું અને વેટ ભવિષ્યમાં ગુજરાતના વેપાર ઉદ્યોગ, ગુજરાતની સમૃદ્ધિ અને વિકાસમાં સહભાગી બની રહે. આજના સુધારા પણ તેને અનુરૂપ છે. એ દિશામાં આગળ વધે તેના અભિનંદન આપીને વિરમું છું.

**અધ્યક્ષશ્રી .** : માનનીય સભ્યશ્રીઓ, ઘણા માનનીય સભ્યશ્રીઓને બોલવાનું છે. એટલે આપણે સમયમર્યાદા સાત મિનિટની રાખીએ છીએ. દરેકે સાત મિનિટમાં પૂરું કરવું પડશે.

**ડૉ. દિનેશ પરમાર (જામનગર (રુરલ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણાંમંત્રીશ્રી સન-૨૦૦૬નું વિધેયક ક્રમાંક-૭, સન-૨૦૦૬નું ગુજરાત મૂલ્યવર્ધિત વેરા (સુધારા) વિધેયક લઈને આવ્યા છે, તેમાં મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉપસ્થિત થયો છું. વેટ કાયદો એ દુનિયાના ૧૩૦ દેશોમાં સ્વીકારાયેલ સર્વમાન્ય કાયદો છે અને બહુ સરળ રીતે આ કાયદાનું અમલીકરણ થઈ રહ્યું છે. એટલે મને પોતાને પણ લાગતું હતું કે ચોક્કસ આ ગુજરાતમાં વેટનો કાયદો સમયસર આવે તેનો લાભ ગુજરાતના વેપારીઓને મળે અને વિશ્વના દેશોમાં જે રીતનો કાયદો અમલમાં છે તે રીતે મળે તેવી અપેક્ષા હતી. ગયા વખતે અમને લોકોને સસ્પેન્ડ કરીને પાછળથી છ-સાત બિલો દાખલ કરીને લોકશાહીમાં પુખ્ત વિચારણાના અંતે જે બિલ પસાર થવું જોઈએ તેના બદલે જે રીતે કાયદો પસાર થયો તે કાયદાનો મારા એક તજજ્ઞ મિત્રે તે કાયદાને માટે એવો શબ્દ વાપર્યો હતો જે શબ્દ હું અહીં વાપરી શકું તેમ નથી. કારણ કે એ શબ્દ અસંસદીય શબ્દોની યાદીમાં હોવાથી, મેં યાદી જોઈ લીધી. એ શબ્દનો ઉપયોગ કરવા માગતો નથી.

ગુજરાત એક ઉદ્યોગ સાહસિકોનું રાજય છે. વેપારીઓનું રાજય છે. સમગ્ર દેશમાં ગુજરાતનો વેપાર અને ગુજરાતીઓની વેપારી સાહસિકતાને બિરદાવવામાં આવી રહી છે અને જે રીતે ગુજરાત સમગ્ર દેશમાં દરેક બાબતમાં ટ્રેન્ડ સેન્ટર તરીકે ભૂતકાળમાં હતું કે બીજા લોકો આપણા ઉપરથી કંઈ ધડો લે, બીજા લોકો આપણી પાસેથી કંઈ શીખે અને આપણી પાસેથી એ લોકો કાયદા કાનૂન બનાવે. તેને બદલે દુ:ખની વાત એ છે કે બીજા રાજયોના શ્રેષ્ઠ કાયદા હોવા છતાં તેનો અભ્યાસ કરવાની પણ તકલીફ વર્તમાન નાણાંમંત્રીશ્રીએ લીધી નથી તેનું મને ભારોભાર દુ:ખ છે. મહારાષ્ટ્ર મોડેલનો કાયદો, હરિયાણા મોડેલનો કાયદો જોઈ જવાનો પ્રયત્ન કર્યો હોત તો ૧૦૦ ટકા આ જે કલમો દાખલ કરી છે અને વેપારી વિરુદ્ધ નહીં પણ વેપાર અને પ્રગતિ વિરુદ્ધ જે બિલ લાવવાની કોશિશ કરી છે તેની હિમાયત કરવાની કોશિશ ન થાત. જ્યારે ગુજરાતમાં કૅમિકલ્સ, પેટ્રોકેમિકલ્સ, રીફાઈનરી, સ્ટીલ, દવા જેવા ઉદ્યોગો ખૂબ પ્રગતિ કરી રહ્યા છે, નવા નવા ઉદ્યોગો હવે આવી રહ્યા છે. આજથી ત્રણ વર્ષ પહેલાં ગુજરાતમાં અસલામતીનું વાતાવરણ, એક જાતનું ભયનું વાતાવરણ અને અનિશ્ચિતતાના વાતાવરણને લીધે ઉદ્યોગો ઠપ્પ થઈ ગયા હતા. ગુજરાત જ્યારે ઔદ્યોગિક ક્ષેત્રે પ્રથમ નંબરે હતું તેના બદલે જ્યારે ચોથા નંબરે ગુજરાત જતું રહ્યું ત્યારે
હવે જ્યારે આ પ્રવાહ વધ્યો છે ત્યારે એના ઉપર કુઠારાઘાત ન લાગે એ જોવાની માનનીય મંત્રીશ્રીની જવાબદારી છે એવું હું અંગત રીતે માનું છું આ કાયદાની કલમોની અંદર જે રીતે કલમો દાખલ કરવાનો પ્રયત્ન કર્યો છે અને એ કાયદાનું માળખું જોતાં એવું લાગે છે કે, જ્યારે પુખ્ત વિચારણા કરવાનો સમય મળ્યો હતો પણ વિચારણા કેમ નથી કરી? પૂરતો સમય હોવા છતાં ગુજરાતના વેપારીઓ અસમંજશની પરિસ્થિતિમાં હતા. વેટનો કાયદો અમલમાં આવશે કે કેમ? દાખલ કરશે કે નહીં? દાખલ કર્યા પછી અમલ થશે કે નહીં? એની નીચે જે પ્રશિક્ષણ આપવું જોઈએ અને વેપારીઓને તાલીમ આપવી જોઈએ અને જે રીતે અધિકારીઓને પણ જાણકારી આપવી જોઈએ એ જાતનું કોઈ કામ અત્યાર સુધીમાં થયું હોય એવું મને દેખાતું નથી. દુકાનદારે માલ રાખવા માટે જેટલી જગ્યા જોઈએ તેના કરતાં કદાચ ચોપડાઓ રાખવા માટે વધારે જગ્યા રાખવી પડશે એવી પરિસ્થિતિનું નિર્માણ આ સરકારે કર્યું છે. એટલે ચોપડા જો દુકાનમાં રાખે તો માલ દુકાનની બહાર રાખવા પડશે એવી દશા આ સરકારે કરી હોય એવું મને લાગે છે.

માનનીય અધયક્ષશ્રી, સૂચિત જોગવાઈમાં રાજય સરકારે વેટનો કાયદો લાવવા માટે વેઠ ઉતારી હોય એવું મને પોતાને લાગી રહ્યું છે અને જે કલમો દાખલ કરી છે એમાં સ્પષ્ટ રીતે જોવાનો પ્રયત્ન જ નથી કર્યો. અમલદારશાહીની અંદર ચીલાચાલુ જે વાતો રજૂ કરી છે એની અંદર માત્ર મંજૂરીની મહોર મારવાનો પ્રયત્ન કર્યો હોય એવું લાગે છે. આ ગુજરાતના હિતમાં હરગિજ નથી એવું મને પોતાને લાગે છે. વેપારી વર્ગ ઉપર ભરોસો ન હોય એવા સંકેતો આના ઉપરથી જતા હોય એવું મને પોતાને લાગે છે. નાના નાના વેપારીઓ સ્થળ ઉપર જ્યારે વેપાર કરે ત્યારેને ત્યારે ચોપડા લખવાના અને પછી ઘરે જઈને પાર્ટ ટાઈમ બોલાવેલ એકાઉન્ટન્ટ દ્વારા ચોપડા લખાવવાના બદલે ફૂલ ટાઈમ એકાઉન્ટન્ટ રાખવા પડશે. અથવા તો કમ્પ્યુટર વસાવી એનો ઑપરેટર રાખવો પડે એવી પરિસ્થિતિ થશે. સહી માટે વેબસાઈટ પણ વેપારીએ રાખવી પડશે અને આ વેબસાઈટમાં જવું પડશે કે આ ભાઈની સહી બરાબર છે કે કેમ? એનાથી એ કોઈ તકલીફમાં મુકાઈ જાય એવી પરિસ્થિતિ નિર્માણ થશે. ઑકટ્રૉય અને સી.એસ.ટી. કરવેરાની ટોટલ નોંધ થવી જોઈએ અને આ સરકારે જે વચન આપેલાં કે ઑકટ્રૉય નાબૂદ કરશે. ૧૨૦૦ કરોડ જેટલી ખોટ કોરપોરેશનને જાય એવા સંજોગો છે. એના માટે કોઈ વૈકલ્પિક વ્યવસ્થા કરી શકાય કે કેમ? અથવા કરવા માગો છો કે કેમ ? અથવા ઑકટ્રૉય નાબૂદ કરવા માગો છો કે કેમ? એવી સ્પષ્ટ વાત કે સ્પષ્ટ મેસેજ આપવો જોઈએ. આ સરકાર ઉપર કેટલો ભરોસો રાખવો અને કેટલો ન રાખવો એ નક્કી કરી શકાય. આ સરકારે જે કાયદાની કલમો દાખલ કરી છે એના કારણે અધિકારીઓ બેલગામ બની જશે. અધિકારીઓ ઉપર કોઈપણ જાતનો અંકુશ ન રહે. અમલદારશાહી મનસ્વી રીતે વર્તન કરે એવું આયોજન થયું હોય એવું મને પોતાને લાગે છે. ટ્રાન્સપૉર્ટ ઉદ્યોગ અર્થતંત્ર માટે કરોડરજ્જુ સમાન છે અને આ દેશના અર્થતંત્રની અંદર મુખ્ય ધરા હોય તો ટ્રાન્સપૉર્ટની બાબતમાં પણ સરકારે જે ખેવના રાખવી જોઈએ અને આનો અંદાજ નક્કી કરવો જોઈએ એ પ્રમાણે કર્યું નથી. ૨૦૦૩ની સાલમાં વેટનો કાયદો પસાર કર્યો. સૂચિત વેટમાં કેટલીક જોગવાઈઓ અવ્યવહારુ અને અવરોધક છે.ત્રણ નકલમાં બિલો બનાવવાના. એની કાર્બન કોપી પાછળના ભાગમાં ઊઠવી જોઈએ. ચીજવસ્તુવાર માસિક સ્ટૉક પત્રકો રાખવાની અંદર ખરીદ-વેચાણના એનેક્ષરમાં વિસ્તૃત માહિતી આપવાની અને રાજયની અંદર અને બહાર વહન થતા માલ માટે ફૉર્મ રજૂ કરવા, પત્રકો અને ચલણ બન્ને રજૂ કરવા. ખરેખર ૨૨ દિવસ મળતા નથી. જે ચલણ સ્વીકારવાની તારીખથી જોવામાં આવે તો પૂરા ૨૨ દિવસ મળતા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ખરીદ વેચાણ થાય ત્યારે જ ચોપડા લખવા. નોંધણીમાં પણ ઓછામાં ઓછા ૫૦૦૦૦ રૂપિયાની જામીનગીરી હોય તો જ નોંધણી થઈ જાય અને ચેક પોસ્ટો ઉપર માલ છોડાવવા માટે બૅન્કની ગૅરન્ટી આપવી પડે અથવા તો નેશનલ સેવિંગ્ઝ સર્ટિ. રજૂ કરવા પડે. એનાથી બીજી અવ્યવહારુ વાત બીજી કોઈ હોઈ શકે. એક જ સ્થળે એકથી વધુ વેપારીઓ ધંધો કરતા હોય તો ટેલિફોન, ફેકસ જેવી વસ્તુઓ વાપરતા હોય, ગોડાઉન મોટા હોય, નાના નાના વેપારીઓ ભેગા થઈને માલ રાખતા હોય, બધું સંયુક્ત વાપરતા હોય તો એને નંબર ન મળે આ કઈ જાતનો ન્યાય કહી શકાય. વેચાણ માટે રાજયમાં કે રાજય બહાર માલનું વહન થાય તો રીટર્ન ઈનવોઈસ જોગવાઈ છે. કોઈ એક કે એકથી વધારે વેપારીઓ માટે ક્રેડીટ નોટ ન આપી શકાય. એમાં ફેરફાર કરીને વિશ્વાસનું વાતાવરણ કરવાની જરૂર છે. અનુસૂચિ -૧ હેઠળ વેરા મુકિત અને વેરા પાત્ર બન્ને છે તે વેરા પાત્ર બને છે. માટે ખાસ નોંધણીવાળી ચીજવસ્તુઓમાં ઘટાડો થશે. અનકલાસીફાઈડ ગણાશે પણ વેટના કાયદામાં ગૂંચવાડો વધારતો કાયદો છે. એક હાથે લાભ આપે છે અને બીજા હાથે લાભ લઈ લેવાવાળો કાયદો બન્યો છે. વેપારીઓને પ્રોત્સાહન આપવા માટે ફોર્મસ ઓછા કરી દીધા છે. વેપારીઓના ધંધાના પ્રોફેશનલ સિક્રેટસના રહસ્ય જાણી શકાય એવા ફોર્મસમાં વધારો કરવામાં આવ્યો છે. કરચોરી ઘટાડવાની સરકાર આશા રાખે છે પણ મને તો એવું લાગે છે કે અટપટા નિયમોને લીધે અધિકારી રાજય ચલાવાશે.

**અધ્યક્ષશ્રી** : દિનેશભાઈ પૂરું કરો.

**ડૉ. દિનેશ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, મારો બહુ મહત્વનો મુદ્દો છે.

**અધ્યક્ષશ્રી** : અરે, પણ રાત્રે ૧૦-૧૧ વાગશે. ૧૦-૦૦ વાગ્યા પહેલાં નહીં પતે, આ સ્પીડમાં પણ પ્લીઝ પાંચ મિનિટમાં પૂરું કરો.

**ડૉ. દિનેશ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, સેલટેકસ અને વેટ અંગેના સંખ્યાબંધ લેખ લખનારા એવા અભ્યાસુ તજજ્ઞ જી.વી. પરમારનું એવું માનવું છે કે ભારતનો વેચાણવેરાનો કાયદો એટલો બધો સંગીન હતો અને આપણે જે કાયદો છે ગુજરાતનો એ પણ એટલો બધો સરળ અને સંગીન હતો અને જે રીતે વેપાર ઉદ્યોગને પ્રોત્સાહન મળતું હતું એની અંદરથી જો કદાચ કોઈ સારી વસ્તુ લે અને અમલ કરવા માટે પ્રયત્ન કર્યો હોત તો બહુ સારું હતું. એમણે પોતાના ભારત સરકારના વેચાણવેરા ખાતાના અનુભવો, કોર્પોરેટ સેકટરના અનુભવો પરથી ગુજરાતનો પ્રવર્તમાન વેચાણવેરા અધિનિયમની જોગવાઈનો વહીવટ બીજા રાજયોની સરખામણીમાં સંગીન કરી શકાય પણ એ કરવા માટે પ્રયત્ન થયો નથી. અંકુશિત અને તનાવપૂર્ણ વાતાવરણ, રેડ અને દરોડાયુકત વાતાવરણ જે સરકારે નિર્માણ કર્યુ છે, વેપારીઓને ભયભીત બનાવવા માટેની જે કોશિશ કરવામાં આવી રહી છે એના લીધે વેપાર ઉદ્યોગની અંદર મુકત રીતે વેપાર થવો જોઈએ, વેપારી એટલે આ રાજયના કમાઉ પાત્ર છે અને કમાઉ લોકો મોટા પૈસા કમાઈને દેવાવાળા લોકોની શંકાની દૃષ્ટિએ જોવામાં આવે, ચોરની દૃષ્ટિએ જોવામાં આવે એ બિલકુલ યોગ્ય નથી અને એ રીતે રાજય સરકારે મોટર સ્પીરીટ, પેટ્રોલ,ડિઝલ વગેરે ચીજો હાલમાં અલગ કાયદાઓ છે એ

કાયદાને રદ કરી વેટના કાયદામાં સમાવેશ કરવો જોઈએ એ સમાવેશ તો કર્યો છે પણ પેલા કાયદાને રદ કરવા માટેની કોઈ કાર્યવાહી કરવી જોઈએ, ઓકટ્રોય નાબૂદી માટેની.

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, પ્લીઝ પૂરું કરો. ૧૦ મિનિટ થઈ. મહેન્દ્રભાઈ.

**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી** : માનનીય અધ્યક્ષશ્રી, મારી આપને એક વિનંતી છે કે આ વેટના બિલ ઉપર હું બિલ સિવાય એક પણ બાબત બોલવાનો નથી પણ બિલ ઉપર ૭ મિનિટ જ બોલવાનું હોય તો સાહેબ મારે બોલવું નથી આપ અનુમતિ આપો તો જ બોલવું છે પણ બિલ ઉપર બોલીએ ત્યારે પણ સમયની જાળવણી.

**અધ્યક્ષશ્રી** : ૭ મિનિટ છે, પ્લીઝ પ્લીઝ.

**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી** : ના, સાહેબ કોઈ મિનિટ નહીં, હું બિલ સિવાય કંઈ નહીં બોલું

**અધ્યક્ષશ્રી** : આપની ઈચ્છા.

**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી** : હું બિલ સિવાય કંઈ નહીં બોલું , હું બિલ સિવાય બોલું તો મને અટકાવી દેજો. શકય છે કે ૨ મિનિટમાં પૂરું થઈ જાય.

**અધ્યક્ષશ્રી** : બધાને સરખો સમય આપવો પડે, નો, નો.

**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી** : સાહેબ મારે કંઈ બોલવું નથી.

**અધ્યક્ષશ્રી** : (અંતરાય) હજી ચાર બિલ બાકી છે. તમારે એ વખતે નિર્ણય કરવો પડે. ચાર બિલ બાકી છે અને પાંચમું હજી ચાલે છે. આ બિલમાં એક કલાક થશે. હજી આ બિલ એક કલાક ચાલશે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આના કારણે રાજયની નાણાકીય વ્યવસ્થા કે બીજી કોઈ બાબત અટકી પડે એવી કોઈ બાબત નથી. આ બિલો કદાચ બે દિવસ પછી પસાર થાય તો પણ વાંધો નથી.

**શ્રી અશોક ભટ્ટ** : કામકાજ સલાહકાર સમિતિમાં બધા જ પક્ષના સભ્યો છે. સાથે મળીને નિર્ણય કર્યો છે અને એટલા માટે બીજી વાત માનનીય સભ્યશ્રી બાબુભાઈ કહે છે કે મારા વધારે લંબાણપૂર્વકના પ્રવચનો તો વટહુકમ નામંજૂર કરતા પ્રસ્તાવો ઉપરના જ છે. જ્યારે જ્યારે વટહુકમ આવે ત્યારે એ સિવાય નથી એ તેઓ જાણે છે, રેકર્ડ એ જ છે કે વટહુકમ નામંજૂર કરતો પ્રસ્તાવ મારો હોય ત્યારે, બાકી તો બિલની ચર્ચા મુદ્દાવાર થાય અને આપને પણ સમયમર્યાદા નકકી કરવાનો આપનો અધિકાર છે. એ અધિકાર બાબુભાઈ જાણે છે.

**અધ્યક્ષશ્રી** : બાબુભાઈ તમારી એ વાત સાચી છે, બધાની વાત સાચી છે.ઘણા સભ્યોને બોલવું છે અને બધાને બોલવા તક આપીએ તો આજે પણ કામ પતે એવું નથી. દિનેશભાઈને ૭ ના બદલે ૧૦ મિનિટ આપી છે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માત્ર એટલી જ વાત કરવી હતી કે કામકાજ સલાહકાર સમિતિમાં નક્કી થયું હતું એ હમણાં અશોકભાઈ સાહેબે વાત દોહરાવી. અમે એટલું જ કહ્યું છે કે, આપણે એમાં નક્કી થયું હતું કે અશોકભાઈ સાહેબ જમાડે તો રાત્રે ૧૨ વાગ્યા સુધી બેસીને પૂરું કરીશું. એવો મેસેજ ન જવો જોઈએ કે અમે.

**અધ્યક્ષશ્રી** : બધાની ૧૨ વાગ્યા સુધી બેસવાની ઈચ્છા હોય તો પૂરો સમય ફાળવીએ. મહેન્દ્રભાઈ.

**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી** : I am sorry. આ રીતે ન બોલી શકું. કોઈની દયા દાન ઉપર સભ્ય થયો નથી. મને લાગે છે કે આ બરાબર નથી.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા (ટંકારા)** :માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી સન ૨૦૦૬નું જે બિલ નં.૭ લઈને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યક્ત કરવા અને સૂચનો કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ વેટના કારણે આવકમાં પણ વધારો થવાનો છે અને જે ગુજરાતનો વેપારીવર્ગ છે એને પણ ઘણી સરળતા થવાની છે. આ વેટના કારણે એક જ વસ્તુનો બે બે વખત ટેક્સ ભરવાનો થતો હતો, એમાંથી મુકિત મળવાની છે. ઉત્પાદિત ચીજોમાં જે વસ્તુ રો-મટિરિયલ તરીકે ટેક્સ ભરાય એના બદલે એમાં એક જ વખત ટેક્સ ભરવાનો છે. સહીના નમૂનાની જે હમણાં વાત થઈ, એ બાબતે જણાવવાનું કે ઘણા દુકાનદારો નાના અને નવા હશે એને આમાં રાહત આપવી જોઈએ એવું સૂચન છે. આ વેટ એક નવો કાયદો છે. આ કાયદામાં ઉદ્યોગકારો અને વેપારીઓને પૂરતી માહિતી મળે એ માટે એની સૂચિ કે યાદી બહાર પાડી દરેકને આપવામાં આવે તો એના કારણે ભૂલો ઓછી થાય. વિરોધપક્ષના નેતાશ્રીએ જે વાત કરી કે કલમ ૪૦ માં જેલની સજા અને ૨૦ હજારનો દંડ થશે. જે ખોટું કરે એના માટે આ વસ્તુ છે. સાચું કરવું હોય એને દંડ અને સજાનો કોઈ વાંધો હોતો નથી.

બીજું મારું એક નાનું સૂચન કલમ-૧૧ માં છે કે જે સ્ટૉક માલ એક વર્ષનો હોય એને રિફંડ આપવાની વાત છે. પણ ૧લી એપ્રિલે જે માલ સ્ટૉકમાં હોય એને રિફંડ મળે એવું સૂચન છે. મારે ખાસ એટલું કહેવાનું કે, અર્જુનભાઈએ કહ્યું કે, ઑકટ્રૉય નાબૂદ કરવી જોઈએ. ખરા અર્થમાં આ ભારતીય જનતા પાર્ટીની સરકારે ૭૦ ટકા કામો પૂર્ણ કર્યા છે અને ૩૦ ટકા જ બાકી છે. અગાઉ ઑકટ્રૉય નાબૂદ કરવાનું આપને યાદ નહોતું આવ્યું? ભારતીય જનતા પાર્ટીને યાદ આવ્યું છે. ભારતીય જનતા પાર્ટીની સરકારે બિલમાં અને આ બજૅટમાં જે બાકીદારો છે, જેના પૈસા બાકી છે એને રાહત આપવાની જોગવાઈ કરી છે. ખાસ કરીને હમણાં કહ્યું કે ઈન્સ્પેકટર રાજ,

અધિકારી રાજ, ખરા અર્થમાં ખોટું કરે એને નડે છે. કાયદેસરનું બિલ બનાવવું છે એને કશો વાંધો નથી. એક ઉદ્યોગકાર તરીકે અને ધારાસભ્ય તરીકે કહીશ કે મોરબીના સિરામિક એસોશિએશનના પ્રતિનિધિ અધિકારીને મળવા ગયા હતા અને કહ્યું હતું કે અમારા સિરામિકને દરેક ચેકપોસ્ટ ઉપર ચેક કરો અને બિલ ન હોય તો દંડ કરો. જરૂર પડે તો ચેકપોસ્ટ ઉપર બેસવા પ્રતિનિધિ કે હું તૈયાર છીએ. બિલ બનાવીને પૈસા ભરે છે એના માટે સારામાં સારો કાયદો છે. મારું સૂચન છે કે સ્ટૉક રજિસ્ટર હોવું જરૂરી છે પણ સામાન્ય દાખલો દઈએ કે કરિયાણાની દુકાનવાળો હોય એ દરેક માલનું સ્ટૉક રજિસ્ટર રાખી શકે નહિ. એમાં કાંઈ છૂટછાટ થાય એવું નમ્ર સૂચન છે. આ વેટનો કાયદો લાવવાથી ગુજરાતના ઉદ્યોગકારોને સારામાં સારો ફાયદો થવાનો છે અને કોઈપણ વસ્તુનો એક જ વખત ટેક્સ ભરવાનો છે. ગુજરાતમાંથી મહારાષ્ટ્ર માલ જાય તો અહીંયા ટેક્સ ભરવાનો થાય છે અને ત્યાં પણ ભરવાનો થાય છે. પણ વેટના કારણે અહીંયા જે માલનો ટેકસ ભરાણો એના ઉપર નફો થાય એટલો જ વેલીડ ટેક્ષ ભરવાનો થાય. વેટના કારણે માલ પણ સસ્તો થવાનો છે. ખરીદનારને પણ ફાયદો થવાનો છે એના કારણે વેટનું જે બિલ લાવ્યા છે એમાં મારો સૂર પૂરાવું છું.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા (સુધારા) વિધેયક ૨૦૦૬ લઈને આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણા સમયથી આ સભાગૃહના માનનીય સભ્યશ્રીઓએ વાત કરી કે વેટનો કાયદો ઐતિહાસિક કાયદો છે, અમે પણ વાત સ્વીકારીએ છીએ અને વેટનો જે કાયદો હતો એ કાયદાને અનુસરવા માટે એક વર્ષ પહેલાં આપણે લાવ્યા હતા. પરંતુ રાજકીય રીતે અથવા કોઈ બીજી પરિસ્થિતિઓને કારણે આ વેટના કાયદાને સ્વીકાર્યો નહિ. તમે આજે જે કાયદો સારો કહો છો એ એક વર્ષ પહેલા પણ સારો હતો. આજે જે વાત આવી છે એમાં ગુજરાતમાં સુધારા વિધેયક માનનીય નાણામંત્રીશ્રી લાવ્યા છે, નાણામંત્રીશ્રી highly educated અને પોતે વેપાર સાથે પણ જોડાયેલા છે ત્યારે મારે બે-ત્રણ સૂચનો કરવાં છે, પોલિટિકલ કે લાંબી વાત નથી કરવી. એક વાત બહુ સ્પષ્ટ છે કે ગુજરાત રાજ્ય એ વેપારીની સમૃદ્ધિ સાથે જોડાયેલું રાજ્ય છે અને ગુજરાતના વેપારીઓને કાંઈ તકલીફ પડશે તો આવતા દિવસોની અંદર પરિસ્થિતિ વધુ તકલીફકર્તા ઊભી થશે. જ્યારે આપણે આ નવો વેરો વસૂલ કરીએ છીએ ત્યારે રાજ્ય સરકારનો અંદાજ શું છે, તેની ઘટ કેટલી, વધ કેટલી, અંદાજ કેટલો, કેટલો પ્રોફિટ? એવી કોઈપણ વસ્તુ આ જગ્યાએ સૂચવવામાં આવી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારનું જે વેટનું બિલ છે એના બીજા દેશના રાજ્યના જે સુધારા છે એ પ્રમાણે ગુજરાત સરકારનો આ સુધારો માનનીય નાણામંત્રીશ્રી જે લઈને આવ્યા છે, એ પુષ્કળ ફેરફાર અને ફેરફારને કારણે ગુજરાતના વેપારીઓને નુકસાન થવાનું છે. વેપારી એક વસ્તુ પર તેનો ટેકસ ભરે છે, હવે તેણે પ્રોફિટ ઉપર પણ ટેકસ ભરવાનો થશે, એનાથી આગળ વધીને બીજા રાજ્યોની સરખામણીએ વેટનો કાયદો ઘણો બધો વિરોધાભાસી છે. મોટાભાગના રાજ્યોમાં પ્રતિ ઉત્પાદિત માલ ઉપર input credit આપવામાં આવે ત્યારે આ સુધારામાં પ્રતિ ઉત્પાદિત માલની input credit મનાઈ કરી છે. આના કારણે વેપારીઓને નુકસાન જશે આમાં શું કરવા માગે છે? એની પણ સ્પષ્ટતા કરે. capital goods તેમજ વીજળી પેદા કરવા માટે તેમજ મોટર વાહનમાં વપરાતા બળતણ માટે પણ input credit ની ના પાડવામાં આવી છે. આ કેન્દ્ર સરકારના કાયદા સાથે આ જોગવાઈ અસંગત છે. ગુજરાતના વેપારીઆને બીજા રાજ્ય સાથેની સ્પર્ધામાં જો એ લોકોએ ટકવું હોય તો capital goods વીજળી પેદા કરવાના બળતણ વગેરે પર input credit આપવામાં આવે તો જ બીજા રાજ્યની સ્પર્ધામાં ટકી શકે. આ સુધારામાં વેપારીઓનું રજિસ્ટ્રેશન રદ કરવાની અમર્યાદિત સત્તા અધિકારીઓને આપવામાં આવી છે. અધિકારીઓને સત્તા આપવામાં આવે અને રાજ્યનો વહીવટ એ કાયદાધિકારી, પદાધિકારી એ બધા ભેગા રહીને કરતા હોય છે. પરંતુ જ્યારે અધિકારીઓને બિનઆધારીતે સત્તા આપે છે. વેપારીઓને અધિકારીની ગુલામી કરવી પડે તેવી સ્થિતિનું નિર્માણ થવાનું છે. નાનામાં નાની ભૂલને કારણે જે અહીંયા બને છે એમ રજિસ્ટ્રેશન કૅન્સલ કરવાની વાત આમાં આવશે, યોગ્ય રીતે અમલવારી ના થાય તો એક મોટું corruption પણ ઊભું થવાનું છે અને આ corruption વધવાનું છે અને વેપારી જગતને આ નુકસાન થશે. વેટના કાયદા મુજબ બાકી લેણા ઉપર ૧૮ ટકા દંડનીય વ્યાજ માગ્યું છે, કેન્દ્ર સરકારે ૧૨ ટકા વ્યાજ લે છે તો આ વધારો કેન્દ્ર સરકાર કરતા વધારે છે તો ગુજરાત સરકારે ૧૮ ટકા પઠાણી વ્યાજ ના લેવું જોઈએ એવી મારી માગણી છે.

આ સુધારામાં વેપારીઓને અપીલ કરવાનો અધિકાર મને ખબર નથી છતાં પણ આ સરકાર કેમ છીનવી રહી છે. અપીલ કરવી હોય તો એણે ઓછામાં ઓછી ૨૦ ટકા રકમ ભરવી પડે. કોઈકને ૧૦ લાખ ટેક્સ કરી દીધો. હવે એ વેપારી છે એની પાસે ૨૦ ટકા લેખે પૈસા નથી તો એને અપીલ કરવાની સત્તા જ નહિ. અપીલ ના કરે તો એ વેપારીને આપઘાત કરવા સિવાય કોઈ વિકલ્પ નથી. વેપારીને ન્યાય મેળવવાની જે પ્રક્રિયા છે એજ બંધ કરી દેવાની વાત જો આ ગુજરાત સરકાર કરે તો એમ મને લાગે છે કે, વેપાર જગત ઉપર એક મોટો ભાર મૂકવાની પ્રક્રિયા છે. રિર્ટન મુજબ ટેક્સ ભરવામાં નિષ્ફળ જાય તો નવા કાયદા મુજબ તેને ગુનાહિત વેપાર ગણી એફ.આઈ.આર. ફાડી જેલમાં પૂરી દેવો, વેપારીને જેલમાં પૂરવો એટલે વેપારી જેલ માત્રથી બીતો માણસ છે અને માત્ર નાના કાયદાને કારણે જેલમાં પૂરી શકાય તેવી જોગવાઈ છે. વેપારીનું રિર્ટન ભરવામાં ડિલે થયું હોય, ઉઘરાણી

ના આવી હોય અને રિર્ટન ભરવામાં ડિલે થયું હોય તો એનો માલ જપ્ત કરવો, રસ્તામાં માલ ઉતારી લેવો અને વાહન રોકી લેવું અને એના ઉપર ગુનાહિત પ્રવૃત્તિ કરી છે એમ કરીને પગલાં લેવાં, આ પણ મારી દૃષ્ટિએ અતિશયોકિત છે. તમામ વેપારીઓએ કોઈપણ જાતની ખરીદ-વેચાણની નોંધ તુરત જ ચોપડામાં કરી દેવી. હવે કોઈ વેપારીનો બહારથી માલ આવે છે, માલ આવે ત્યારે વેચાય, હવે એનો એકાઉન્ટન્ટ હોય એ બધા આવે ત્યારે એની નોંધ ચોપડામાં થાય ત્યારે આ તો તરત જોગવાઈ કરવી અને આના કારણે પણ વેપારીને જેલમાં પૂરી દેવાની વાત છે. હાલમાં ગુજરાતમાં જે માલ કરમુક્ત હોય તેવા માલ ઉપર ગુજરાતમાં કરમૂક્તિ ચાલુ રાખવી હોય તો રાખી શકે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ કયાંય એવું ન કહ્યું, સન્માનીય સભ્યશ્રી બાબુભાઈએ કહ્યું કે જે કરમૂકિત આઈટમો છે એમાં તમે કર મુક્તિ ચાલુ રાખવાના છો કે એમાં કર વધારવાના છો એની પણ કોઈ સ્પષ્ટતા આ બીલમાં નથી. વીજ ઉત્પાદન માટે વપરાતા ફયુઅલ ઉપર ઈનપુટ ક્રેડિટ નહીં આપવાનું રાજય સરકારનું પ્રયોજન જે અહીંના ઉદ્યોગોને તોડી નાખે એવી સ્થિતિ છે અને એનાથી આગળ વધીને કોઈ પણ વેપારી પોતાને ત્યાં જુદી જુદી સો વસ્તુઓ ભેગી કરીને એક વેપાર કરતો હોય, એક નાની વસ્તુ બનાવવી છે એમાં ઓછામાં ઓછી ૫૦ વસ્તુ હશે, જે વસ્તુ જ્યાંથી લીધી છે એ જગ્યાએથી વેપારી રજીસ્ટ્રેશનમાં કોઈ ખોટું કરે તો અહીંનો જે વેપારી છે એના ઉપર ગુનો થાય અને એ વેપારીને નુકસાન થાય અને એને જેલમાં પૂરવાની જે વાત છે મને એમ લાગે છે કે, આ બધાને કારણે અધિકારીઓને એટલી બધી સત્તા આપવામાં આવી છે કે, વેપારીની જે પરિસ્થિતિ નિર્માણ થવાની છે ત્યારે જેમ અત્યારે ફૅમિલી સ્યુસાઇડ વધ્યા છે, બીજા આપઘાતો જેમ વધ્યા છે તેમ વેપારીઓને પણ આપઘ ાત કર્યા સિવાય આ ગુજરાતમાં કાંઈ રહેશે નહીં

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે સુધારા વિધેયક લઈને આવ્યા છે અને એક વાત એમણે એમના પ્રવચનમાં કહી કે હજુ તો અમે આમાં ઘણી નવી વાતો લઈને આવવાના છીએ, આટલો બધો સમય થયો આજે આ બીલ લઈને આવ્યા અને હજી એમના સુધારા કેટલા બાકી હશે? કેટલી વાતો લઈને આવવાના છે એ ખબર નથી. આમાં પણ જો એમણે સ્પષ્ટતા કરી હોત તો મને એમ લાગે છે કે, ગુજરાતની પ્રજા અને ગુજરાતના વેપારીઓનું હિત જળવાત.

**શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી સન-૨૦૦૬નું વિધેયક ક્રમાંક-૭-સન ૨૦૦૬નું ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા (સુધારા) વિધેયક લઈને આવ્યા છે એના અનુમોદનમાં મારે વાત કરવાની છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે સુધારા કર્યા છે એ બહુલક્ષી સુધારા છે, એ સુધારાઓને પરિણામે વેપાર કરનારાઓને વેપારમાં સરળતા થશે, ગુજરાત સરકારને વેરો ઉઘરાવવામાં સરળતા થશે અને ગુજરાતના વેપારને પણ ખૂબ ફાયદો થવાનો છે અને આ ખૂબ જ સારું વિધેયક છે. માનનીય અધ્યક્ષશ્રી, આના સારા અને નરસા પરિણામો વિશે આ વિધાનસભા ગૃહમાં ઘણી ચર્ચાઓ થઈ છે, મારે તો મારા વિસ્તાર માટેની વાત કરવાની છે. આ વિધેયકમાં આખા હિંદુસ્તાનમાં અને આખી દુનિયામાં, અકીક ઉદ્યોગ અને ખંભાતનો સૅમી પ્રિશિયશ ઉદ્યોગ એ વર્ષોથી સેલ્સ ટેક્સમાંથી મુકિતમાં હતો, પરંતુ આ વેટમાં એક ટકો લગાવવામાં આવ્યો છે તે ખરેખર અમારા વિસ્તારમાં નાના નાના કારીગરો માટે કારણ કે, અમારો જે ધંધો છે એ એક નંગ સાત જગ્યાએથી પસાર થઈને જાય, હવે એના ઉપર વેરો કેવી રીતે નક્કી કરવો એ ખબર ન પડે. તો આ પ્રોસેસમાંથી ભૂતકાળમાં અમારા વિસ્તારને આને ગૃહઉદ્યોગ ગણીને બાકાત રાખવામાં આવ્યો હતો. આ પદ્ધતિએ આ ઉદ્યોગને ગૃહઉદ્યોગ ગણી બાકાત રાખવામાં આવે તે વેટમાંથી નીકળી જાય એવું મારું સૂચન છે. આમાં બહુલક્ષી સુધારાથી બીજા અનેક ફાયદાઓ થવાના છે તો આ વિધેયકને મારો સંપૂર્ણ ટેકો છે એટલું કહીને વિરમું છું.

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી (અમરેલી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા (સુધારા) વિધેયક ૨૦૦૬ સન્માનનીય સભાગૃહ સમક્ષ લાવ્યા છે એમાં મારા સૂચનો રજૂ કરું છું.

આ ગૃહના સન્માનનીય સભ્યશ્રીઓએ આ ગુજરાત રાજય, એની ઓળખ વેપારીઓથી થાય છે એ આપણા સૌને માટે ગૌરવની વાત છે. એ વેપારીઓને ઉભી થનારી ચિંતાનો નિકાલ કઈ રીતે કરવો એ માટે ઘણા સારા સૂચનો કર્યા છે. આ ગૃહના સન્માનનીય સભ્ય શ્રીમતી માયાબેને એમના વકતવ્યમાં બહુ સારી વાત કરી. કોમ્પ્યુટર યુગ આવી રહ્યો છે. ૧૧ ડીઝીટના આંકડાથી રજીસ્ટ્રેશન થવાના છે ત્યારે ૩ કૉપીમાં બીલ બનાવવાની સિસ્ટમનું સૂચન કરવામાં આવે છે. આનાથી વેપારીને રાહત મળે એવું કરવું જોઈએ. આની સાથે જોડતો મુદ્દો અધિનિયમની કલમ-૨૧માં ૭(ક) જોડવાથી ઊભો થઈ જાય છે. આ ૭(ક) ની કલમ કોઈ વેપારી સત્તાધિકારીની હકૂમતમાંથી પોતાના ધંધાનું સ્થળ બીજી કોઈ હકૂમત સત્તાધિકારીના વિભાગની અંદર ટ્રાન્સફર કરે ત્યારે એમને જ્યાં પહેલા રજીસ્ટ્રેશન કરાવ્યું હતું એ હકૂમત અધિકારી પાસેથી રજીસ્ટ્રેશન રદ કરાવવાનું અને નવા હકૂમતના અધિકારીના વિભાગમાં ધંધાનું સ્થળ ફેરવે ત્યાં અરજી કરવાની. માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત નાણા મંત્રીશ્રીને વિનંતી કરું છું કે વારંવાર રજીસ્ટ્રેશન નંબર બદલવાની પ્રક્રિયાથી વેપારી દ્વારા બીલ બુકની અંદર લૅટર પેડમાં જયાં નંબર નોંધવામાં આવતા હશે એમાં વધુ ને વધુ ગૂંચવણ ઉભી થશે. જયારે કોમ્પ્યુટરાઈઝ સિસ્ટમ આપણી પાસે ઉપલબ્ધ

છે. તો રજીસ્ટ્રેશન નંબર છે ધંધાનું સ્થળ ફેરવે ત્યારે એની ટ્રાન્સફર એન્ટ્રી આપવામાં આવે. વેપારી હકૂમતનું સ્થળ ફેરવે છે એની સત્તાધિકારીને જાણ કરતા જયાં જવાનો છે એનો રજીસ્ટ્રેશન નંબર પ્રાપ્ત થાય એવી જોગવાઈ આ બીલમાં કરવામાં આવશે તો વધુ આનંદ થશે.

વિશ્વના ૧૩૦ દેશોમાં ૭૫ટકા કરતાં વધુ વસ્તી વેટ સિસ્ટમને આવકારે છે, પરંતુ આ દેશની સ્થાનિક પરિસ્થિતિને ધ્યાનમાં લઈ છૂટછાટ આપવામાં આવે છે. મુરબ્બી માયાબેને બહુ સારી વાત કરી કે વેટ પહેલી એપ્રિલથી દાખલ થવાથી ઘણી વસ્તુમાં વેપારીને, ગ્રાહકોને ફાયદો થશે પરંતુ અનુસૂચિ-૨માં વેરાને આકારણી પાત્ર વસ્તુ છે એ તરફ નાણામંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું. અનુસૂચિ-૨માં જથ્થાબંધ દવા ઉપર પણ ૪ ટકા કરની આકારણી કરવામાં આવી છે. દવા એ પ્રાથમિક જરૂરિયાતની વસ્તુ છે તો આ બાબતમાં રાહત પ્રાપ્ત થાય એવું આયોજન થયું હોત તો સારું હતું. માયાબેને કહ્યું કે કેરોસીનના સ્ટવને વેરામાંથી માફી આપવામાં આવી છે પરંતુ બહેનનું ધ્યાન દોરવા માગું છું કે કેરોસીનનો સ્ટવ ગરીબના ઝૂંપડે જલવાનો છે. મધ્યમ વર્ગથી ઉચ્ચ વર્ગને ગેસની સુવિધા પ્રાપ્ત થઈ છે ત્યારે ગામડાંના છેવાડે રહેતા લોકોને કેરોસીનનો સ્ટવ ચલાવવાનો છે એમાં ૪ટકાના વેરાની આકારણી થઈ છે એમાં માફી આપવામાં આવી હોત તો વધારે સારુ હતું. અનુસૂચિ-૨માં ૪ ટકા વેરાની જોગવાઈ આપી છે. બીલમાં (અંતરાય) આ સાથે સ્ટેશનરી જેવી વસ્તુ ખાંડ, છત્રી, ખેડૂતોને ઉપયોગમાં આવતી વરત અને વરતડી ઉપર પણ ચાર ટકા ટેક્સ લાદવામાં આવ્યો છે. નાણામંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે આવી જીવન જરૂરિયાતની વસ્તુથી સમાજના છેવાડાના વર્ગ સુધીના લોકોને લાભ થાય. આવા મુદાની ક્યાંક રાહત પ્રાપ્ત થાય એવી જોગવાઈ કરવામાં આવે. વેપારીઓને વિવિધ કલમો નીચે પડતી અગવડતા ડો. માયાબેને એમના મંતવ્યની અંદર ચાણક્યની અર્થનીતિની વાત કરી ત્યારે આ સન્માનનીય ગૃહનું ધ્યાન દોરવા માગું છું કે, આપણે દરેક વેરાઓની આકારણી કરતા હોઈએ, નવા વેરા લાદતા હોઈએ, ત્યારે એ વસ્તુ આપણે ધ્યાન રાખવી પડે કે આપણે વિકાસની તરફ નજર કરવી છે કે ઇતિહાસ તરફ નજર કરવી છે. ચાણક્ય અને મગધ રાજ્ય એક પ્રકરણ છે એ આ વાતને બિલકુલ બંધબેસતી આવે છે, એટલે આ સન્માનનીય ગૃહનું ધ્યાન દોરવાનું છે.

**અધ્યક્ષશ્રી** : દાખલાની જરૂર નથી. આગળ ચાલો. પ્લીઝ, નો, નો, દાખલો નહિ.

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** : કોમેન્ટ નથી કોઈ જાતની. કોઈ દાખલો નથી આપતો, પરંતુ આપના મારફત માનનીય નાણા મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે વેરાની આકારણી એવી હોવી જોઈએ કે ચાણક્યશ્રી મગધની અંદર પ્રવેશ કરે છે ત્યારે પ્રજા પાસેથી જાણવા મળે છે કે જે રાજ્યની અંદર ચામડું, વૃક્ષ, ગુંદર અને પાણી એના ઉપર પણ અસહ્ય વેરાઓ મગધ નરેશ મહા પદમન દ્વારા નાખવામાં આવ્યા હતા. બીચારા પ્રજાજનો હેરાન-પરેશાન થઈ ગઈ હતા. એવામાં કુદરતી આફતના ભાગ સ્વરૂપે મૃશકનો ઉપદ્રવ ફાટી નીકળ્યો, એટલે પ્રજાજનોએ સામૂહિક ભેગા થઈ મગધ નરેશ પાસે ગયા.

**અધ્યક્ષશ્રી** : દાખલા ન આપવા જોઈએ. બેસી જાઓ.

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** : વેપારીની વાત છે. બિલકુલ બિલની સાથે વાત કરી રહ્યો છું.

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, નો, નો. બેસી જાઓ પરેશભાઈ. શ્રી ધનરાજ કેલા.

**શ્રી ધનરાજભાઈ કેલા (વઢવાણ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે સન ૨૦૦૬નું સુધારા વિધેયક લઈને આવ્યા છે, એને આવકારવા માટે ઊભો થયો છું. એક-બે સૂચનો કરવા માગું છું. વેટના કાયદામાં દ ણી વખત અલગ અલગ જે કઈ બાબતોનું ધ્યાન દોરવામાં આવ્યું છે અને ખાસ કરીને વેપારીઓ માટેની અને એને કાયદાની દ્રષ્ટિએ એમાં નજરિયાઓ બદલવાની જરૂર છે. વેપારી કરચોર નહિ પણ કરદાતા છે એ નજરિયાથી જોવામાં આવે.ઘણી વખત અધિકારીઓ સમાજમાં અલગ અલગ નજરિયાથી જોતા હોય છે. આપણે અહીયા બેઠા છીએ એ સમાજ અને બહાર બેઠેલો સમાજ પોતે જુદી રીતે જુએ અને આપણે અંદર બેઠા છીએ એ સમાજને આપણે બીજી રીતે જોઈએ છીએ, ખરેખર એકબીજાની નજરિયા બદલવાની જરૂર છે. વેપારી માટેની અલગ અલગ વાતમાં આ ભૂલ કરે તો આ સજા થાય, આ કરે તો આ સજા થાય, તો મારે એમ કહેવું છે કે એ બરાબર છે કે ચોરી કરે તો એને સજા થવી જોઈએ. ક્યાંક અધિકારી જાણી જોઈને એને પજવે નહિ, એ કઈક મેળવવા માટે વેપારીઓને પરેશાન કરે તો અધિકારી માટે પણ દંડની જોગવાઈ હોવી જોઈએ. કાયદાનો ડર હોવો જોઈએ. હું આ વેપારીને આ કરું છું, તો મારા ઉપર બેઠેલ મંત્રીશ્રી, સરકાર મારી ચોટલી ખેંચશે. આ નહિ હોવાના કારણે અધિકારી બેફામ થાય છે. ઘણી વખત મારે એ કહેવું છે કે જ્યારે ફોજદારીની વાત આવે ભલભલો વેપારી હોય ખાખી વરદીની વાત આવે. તો તે ખરેખર પોતાની ઈજ્જતને કારણે, આબરૂને કારણે ડરી જાય કે હમણાં મારા ઉપર ફોજદારી થશે એટલે હું આપીને છૂટો થઈ જાઉં. આ વાત આપણે સૌ જાણીએ છીએ. આપણે સમાજ જીવનમાં રહીએ છીએ. આપણે કોઈ બહારથી આવ્યા નથી. મારે એક વાત બીજી પણ કરવી છે કે હમણાં માનનીય મંત્રીશ્રી સાથે અઠવાડિયા પહેલાં.. ભાઈ ખાંડમાં તો ફી છે. એટલે મારે કોઈ ચિંતા કરવાની જરૂર નથી. કારણકે ભાઈ પરેશભાઈને ખબર નથી કે જે આબકારી જકાત સેન્ટ્રલ એકસાઈઝ જેને લાગે છે તે વસ્તુ ઉપર નથી લાગતું. આમ

ચાર ટકા ખાંડ ઉપર તે કંઈ ખાંડ કે જેના ઉપર આબકારી જકાત ન લાગતી હોય તે ખાંડ, સેન્ટ્રલ એકસાઈઝ જેને લાગે છે તે ફ્રી છે. એટલે મને કોઈ ચિંતા નથી. હું જનરલ વાત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી હમણાં જ્યારે અઠવાડિયા દસ દિવસ પહેલાં એક પ્રસંગમાં ભેગા થયા હતા ત્યારે વેલ્યુ એડેડ ટેકસની વાત આવી ત્યારે મારા સન હમણાં લંડનથી આવ્યા અને તે સી.એ કરીને લંડન ગયા હતા અને લંડનથી પાછા આવ્યા પછી તેને મારા ઘરે જ્યારે વેટના વિશે વાંચ્યું ત્યારે તેણે કહ્યું કે પપ્પા મારે આપણા નાણામંત્રીને મળવું છે. મેં કહયુ કેમ? ત્યારે તે કહે કે આ વેટનો જે કાયદો ઇન્ડિયામાં ચાલે છે તેમાં દરેક ડગલેને પગલે વેપારીને ચોર ગણીને ચાલે છે. મેં કહ્યું એમ કેમ? ત્યારે તેણે મને કહું કે અહીયાં ત્રણ કોપી અને તે પણ તેની ઝેરોક્ષ મળવી જોઈએ ત્યારે લંડનની અંદર ભાઈ પરેશભાઈ પ્લીઝ પ્લીઝ. ત્યારે એક વાત જે કરી અને મેં માનનીય મંત્રીશ્રીને પણ વાત કરી હતી કે એક જ કોપી અને આપણે જ્યારે ૧૩૦ દેશોની વાત કરતા હોઈએ છીએ અને ભાઈ પરેશભાઈ પ્લીઝ.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે આપણે ૧૩૦ દેશોની વાત કરતા હોઈએ છીએ ત્યારે ખરેખર યુરોપના ૧૩૦ દેશોની વાત કરીએ છીએ ત્યારે ખરેખર ત્યાં વેટનો જે કાયદો અમલમાં છે તે વાત સાચી છે પણ ત્યાંની પદ્ધતિ છે હું તો એમ કહું છું કે ગુજરાતના માનનીય મંત્રીશ્રીઓ, નાણામંત્રીશ્રી, મહેસૂલ મંત્રીશ્રીના અલગ અલગ પ્રતિનિધિ મંડળ યુરોપના દેશોમાં જઈ અને વેટના કાયદાનો અમલ ત્યાં કેવી રીતે થાય છે અને તેનો અમલ આપણે અત્યારે સ્વીકાર્યો છે અને અત્યારે જે કંઈ સુધારો કર્યો છે તે અભિનંદનને પાત્ર છે. તેને ધન્યવાદ આપું છું. ભવિષ્યમાં જે રીતે ગુજરાત ખરેખર આખા વિશ્વની અંદર એક વેપારી રાજય તરીકે વિકસ્યું છે અને તેની છાપ ઉત્તમ છે ત્યારે ગુજરાત આ યુ.પી અને બિહાર જે સેન્ટ્રલનો વેટનો કાયદો છે તે યુ.પી અને બિહારને જે લાગુ કરી અને આપણે ત્યાં જે કંઈ આ કાયદામાં થોડો ફેરફાર કરી મોર્ડન રીતે માનનીય મંત્રીશ્રી લાવ્યા છે તે વાત સાથે હું પણ સંમત છું અને આવકારું પણ છું. સાથે સાથે આપણે જે યુરોપની વાત કરીએ છીએ તો ખરેખર યુરોપની અંદર માત્ર સિંગલ કોપી એક કાગળ અને તે પણ વેપારીને ત્યાં ગમે ત્યારે અધિકારી જાય અને ચેક કરે અને ઓકે કરીને નીકળી જાય. ત્યારે અહીંયાં આપણે ત્રણ કોપી અને પાછળ ડ્રાયવરની સહી અને પછી માલિકની સહી મેળવવાની. આ ખરેખર આ નજરીયો બદલવાની જરૂર છે. આપણને કદાચ ખબર હોય કે ન હોય ત્યારે હું એક વેપારી તરીકે આપને કહું કે યુ.પી થી, કાનપુરથી, લખનૌથી ગમે ત્યાંથી ખાંડ કે અનાજ કે ગોળ કંઈક ભર્યુ હોય તો ગાજીયાબાદ ઉપર આવે એટલે ત્યાંથી ટ્રાન્સપોર્ટેશન બદલાય જાય, એટલે ડ્રાયવર બદલાઈ જાય, ગાડી બદલાઈ જાય. તો આપણે આ મગજમાં રાખીએ કે ગાડી બદલાઈ જઈ તો સાહેબ ચાલે નહીં. કારણકે ત્યાં તો ટ્રાન્સપોર્ટેશનની તેની જે પરમિટ હોય છે તે સીમિત પરમિટ હોય છે. પછી તેની ગાડી બદલાઈ જાય છે, ટ્રાન્સફર થઈ જાય છે. હાપુરથી ગાડીઓ બદલાઈ જાય છે. તો ખરેખર આમાં માનનીય મંત્રીશ્રીને હું અહીંયાં ભલામણ કરીશ કે થોડીઘણી અમૂક બાબતો છે તેમાં આપણે ગુજરાતના વેપારીઓ માટે થોડો ભરોસો રાખીએ કે આપણા નાણામંત્રી પણ એક વખતના સારા એવા વેપારી-ઉદ્યોગપતિ છે. તો એક વેપારી તરીકે એમને પણ નજરીયો બદલવાની જશ્રી છે. તો એમાં સહીઓ મેળવી અરે સાહેબ, મારી પોતાની ચેકમાં ત્રણ-ત્રણ વખત સહીઓ બદલાઈ જાય છે. એચડીએફસીવાળા કહે સાહેબ સહી બદલાઈ ગઈ છે. આપણે ઉતાવળમાં હોઈએ તો એ સહી, બેસીને સહી કરીએ તો એ સહી અને ગાડીમાં બેસીને સહી કરીએ તો એ સહી એમ ત્રણ ત્રણ વખત સહીઓ ડીફર આવે. એટલે એ ડીફર થાય તો ગાડી તો નાકા ઉપર ઉભી રાખીએ તો આ તો સાહેબ મરી જાય. એટલે એમાં માનનીય મંત્રીશ્રીને કહું કે આ સહીઓ મેળવવાનું રહેવા દો અને ખરેખર માલ બિલ ઉપર રાખીને આગળ વધો અને જરા વિશ્વાસ અને નજરીયો બદલી વેપારી ટેકસ ભરનારો છે તેમ ગણીને આપણે આગળ વધીએ.

**ડૉ. સી. જે. ચાવડા (ગાંધીનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૬ માનનીય નાણા મંત્રીશ્રી લઈને આવ્યા છે ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, શું કરવું એ જ ખબર પડતી નથી કારણ કે શાસકપક્ષના તમામ માનનીય ધારાસભ્યશ્રીઓ અને માનનીય સરકાર આ વેટ કાયદાને અને સુધારા કાયદાને ખૂબ આવકાર આપે છે, વેપારી આલમને પણ આનાથી ઘણો બધો ફાયદો થવાની વાત છે. અધિકારીઓના કેટલાક અધિકારો પણ છીનવી લેવામાં આવ્યા છે, રાજયની આવકમાં પણ વધારો થવાનો છે અને સમગ્ર દેશના તમામ રાજયોએ આ કાયદાને લાગુ પાડયો છે એની સાથે રહીને વેરામાં એકરૂપતા લાવવાની વાત છે, પારદર્શકતા લાવવાની વાત છે, બધી જ વાત છે એમ છતાં ૧-૪-૦૩ના બદલે ૧-૪-૦૬, આ ત્રણ વર્ષ કેમ ગુમાવ્યા? એ મને સમજાતું નથી તો માનનીય મંત્રીશ્રી એમના જવાબમાં આનો જવાબ આપે , કોઈપણ કારણ હોય, જયારે સરકારને નીતિ ઘડવાની વાત આવે ત્યારે કોઈપણ સરકાર હોય, રાજયના ખેડૂત વર્ગ હોય કે વેપારીવર્ગ હોય છે નીતિ ઘડતી વખતે જે નીતિ અમલમાં મૂકવાની છે એ રાજયના પાંચ લાખ અધિકારીઓ કે કર્મચારીઓ દ્વારા મૂકવાની થતી હોય છે, આ માનનીય ગૃહમાં સરકાર એક નીતિ ઘડે એનો અમલ તો કરવો જ પડશે અને એમાં કેટલીક વખત વેપારી એમ કહે કે અધિકારી ચોર છે, અધિકારી એમ કહે કે વેપારી ચોર છે અને વેપારી અને અધિકારી ભેગા થાય એટલે કહે કે સરકાર ચોર છે. ગુજરાતની સુખશાંતિ અને સમૃધ્ધિ માટે આ બરાબર નથી. સરકાર જયારે નીતિ ઘડી રહી છે, વેરો વધારવાની, મૂલ્યવર્ધિત વેરા અધિનિયમને સુધારો કરી રહી છે, વેપારીઓની પણ ચિંતા કરી રહી છે,

ગુજરાતની આવકની ચિંતા કરી રહી છે, જયારે તમામ લોકો ભેગા થઈને ગુજરાતના વિકાસની વાત થઈ રહી છે એમાં આપણે બધાએ લાગી જવું જોઈએ એમ હું માનું છું અને એમાં સુધારા કરી લાવ્યા છે એ સુધારાઓમાં અધિકારીને દંડની જોગવાઈ એવી એક વાત થઈ, વેરો વસૂલ ન થાય અથવા તો વેપારી ચોરી કરે, ગુજરાતમાં આ વૈજ્ઞાનિક પધ્ધતિ આવ્યા પછી આપણે બધાને વિશ્વાસ છે કે ૯૦ થી ૯૫ ટકા વેપારી વર્ગ ચોરી નહીં કરે પણ બે પાંચ ટકા લોકો જયારે ચોરી કરતા હોય તો એને દંડની જોગવાઈ છે, સજાની જોગવાઈ છે, દંડ ભરવામાં આવે ત્યાં સુધી વાંધો નથી પણ વેપારીને સજાની જોગવાઈ કરવામાં આવી છે, જેલની સજાની જોગવાઈ કરવામાં આવી છે એ વાજબી નથી એટલા માટે કે મહારાષ્ટ્રની સરકારે અધિકારી જો વધારે એસેસમેન્ટ કરે, ખોટું એસેસમેન્ટ કરે તો અધિકારીને જેલની જોગવાઈ કરી છે, આપણા ત્યાં અધિકારીને જેલની સજાની જોગવાઈ કરવાની વાત નથી કરતા પણ આપણે અધિકારી ઉપર વિશ્વાસ રાખીએ છીએ તો આપણે વેપારી ઉપર પણ વિશ્વાસ રાખીએ, જેલની સજા રહેવા દઈએ, દંડની આર્થિક ગુનો કરે છે તો આર્થિક દંડની જોગવાઈઓ વધારે કરીએ પણ જેલની સજાની જોગવાઈ કરવાથી બીજા ઘણા બધા આડપ્રશ્નો ઉભા થશે અને સરકારને આર્થિક નુકસાન પણ થશે.

બીજી એક વાત મારે એ કરવી છે કે, નાના અને મધ્યમવર્ગના વેપારીને જામીનગીરી આપવાની વાત થઈ છે. ૫૦ હજારના જામીનગીરી આપવાની વાત થઈ છે એ વાજબી નથી. જયારે આપણે નીતિ એટલી હળવી કરવાની વાત કરી રહ્યા છીએ, વૈજ્ઞાનિક પધ્ધતિએ જઈ રહયા છીએ, વેપારી પાસેથી વધારેને વધારે કર એકત્રિત કરવાના છીએ અને કરચોરમાંથી જેમ માનનીય ધનરાજભાઈએ કહ્યું એમ એને કરદાતા બનાવી રહયા છીએ, આપણે કર્મચારીને કર્મયોગી બનાવીએ છીએ, એમ કરદાતા બનાવી રહ્યા છીએ જયારે એને જામીનગીરીના ૫૦ હજારના બદલે હળવી નીતિ કરીને ઓછી રકમ રાખવામાં આવે એવી પણ આ તબક્કે માનનીય મંત્રીશ્રીને મારી ભલામણ છે.

મારે જે ચિંતા કરવી હતી એ ચિંતા એ છે કે કોઈપણ રાજયમાં અને ખાસ કરીને આપણા રાજયમાં આપણો ખેડૂત વીજકર કે વીજચોરી કરતાં પકડાય અને એની અપીલ કરવી હોય તો એને ૨૫ ટકા કે ૩૩ ટકા રકમ જમા કરાવવી પડે છે અને પછી જ અપીલ કરી શકે છે, સ્ટેમ્પ ડયુટીમાં સ્ટેમ્પ ડયુટી આકારણી અનુસંધાને જો ઓછી રકમ ભરાઈ હોય અને એને વધારે લાગતી હોય ખેડૂતને અને એને અપીલ કરવી હોય તો ૨૫ કે ૩૩ ટકા રકમ જમા કરાવે તો જ એ અપીલ કરી શકે છે. સેલ્સટેક્સમાં આ કાયદાથી આ જોગવાઈને દૂર કરવામાં આવી છે જે બરાબર નથી. ટેકસ ચોરી કરી હોય, વેરો ભરવામાં બરાબર વર્તણૂક ન હોય, ચોરી કરતાં વારંવાર પકડાતો હોય તો એવો વેપારી જયારે અપીલ કરે ત્યારે એને પણ અપીલ કરતાં પહેલાં વીસ કે પચ્ચીસ ટકા જેમ બીજા કાયદાઓમાં જોગવાઈ છે એમ પહેલાં હતી તેમ એ જોગવાઈ હોવી જોઈએ. નહીંતર એક હજાર કરોડ, બે હજાર કરોડ, ત્રણ હજાર કરોડ બાકી વેરાઓ આપણે જોઈએ છીએ એમ ફરીથી આમાં પણ એ જ રકમો જોવા મળશે. કારણ કે લીટીગેશન ઉભા થશે અને વેરો ભરવામાં છટકબારીઓ મળશે. વિશેષ વાત ન કરતાં બધા જ મુદ્દાઓની અહીંયા ચર્ચા થઈ ગઈ છે ત્યારે આપણે આ મૂલ્ય વર્ધિત વેરામાં આવક વધારવાની દૃષ્ટિએ જે કોઈ વાત કરીએ છીએ અથવા વેપારી આલમની ખુશી માટેની વાત કરીએ છીએ એમાં જે કોઈ કલમ ઉમેરવામાં આવી છે અથવા ત્રણ વર્ષ અભ્યાસ કરીને પછી હજુ પણ એમ લાગતું હોય કે હજુ એક વર્ષ અભ્યાસ કરવાની જરૂર છે તો હજુ કહું છું કે અમારા સાથી મિત્રોએ રજૂઆતો કરી છે એ કલમો દૂર કરવાની જરૂર છે, હજુ પણ એમ લાગતું હોય તો આ ૧-૪-૦૬ ના બદલે ૧-૪-૦૭ થી અમલ કરીએ અને ખૂબ સુંદર રીતે આ વેટના કાયદાનો અમલ આપણે ગુજરાત રાજયમાં કરીએ તો ગુજરાત જે વેપારી મથક છે, ગુજરાત જે વેપારી રાજય છે અને વેપાર અને વાણિજ્ય ક્ષેત્રે જે ચાણકય રાજય ગણાય છે એમાં કોઈ ઉણપ ન આવે એટલી વિનંતી કરીને હું વિરમું છું.

**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી (ભાવનગર શહેર(ઉ)** : માનનીય અધ્યક્ષશ્રી, મેં તો આપને એટલી જ વિનંતી કરી હતી કે, કાયદા સિવાય કાંઈ બોલું તો મને અટકાવો, છૂટ છે. એટલા માટે કે આ વસ્તુ અગત્યની હોય છે. નહીં તો હેલ્મેટમાં થયું એવું થાય. કલમ ૧૨૯ અંગે ત્યારે જો કોઈએ ધ્યાન દોર્યું હોત તો આ કલમમાં ત્યાં કેન્દ્ર સરકારમાં કાયદો ઘડાયો ત્યારે ફેરફાર થઈ ગયો હોત. પણ આપણે તે વખતે એ ન કરી શકયા. કાયદો બનતો હોય એના માટે આપણે અહીંયા છીએ અને એમાં પણ અમને ભાગીદાર ન થવા દો તો અમને દુ:ખ લાગે. એટલા માટે કહું છું બીજું કંઈ નથી.

માનનીય અધ્યક્ષશ્રી, કેપિટલ ગુડસની વ્યાખ્યા છે, એમાં મારું એટલું જ સૂચન છે કે, સેકન્ડહેન્ડ યંત્ર-સામગ્રી છે એને આમાંથી બાકાત કરી છે. મારું એટલા માટે આ સૂચન છે કે આપણને એમ હશે કે કોઈ ખોટી છેતરપીંડી કરે અને સેકન્ડહેન્ડને પેલું કરીને, નવું બતાવીને લેતા હશે. પણ મારે આમાં એક દાખલો આપવો છે કે, આપણું જી.એસ.એફ.સી. અને એના દ્વારા હરાજીથી જે યંત્ર-સામગ્રી સીજ થઈને વેચાતી હોય છે એ હવે કોઈ લેશે નહીં. કારણ કે, એના ઉપર પેલો ઈન્સેન્ટીવ ન મળવાનો હોય અને ઈનપુટ ક્રેડીટ ન મળવાની હોય તો શા માટે લે? એટલે આવી સેકન્ડહેન્ડ યંત્ર-સામગ્રી છે એના ઉપર આમ જ બેન્ક રીતે કે બીજી રીતે સફળતા નહીં મળે તો મને લાગે છે એ નુકસાન કરનાર છે. તો કેપિટલ ગુડસની વ્યાખ્યામાં સેકન્ડહેન્ડ યંત્ર-સામગ્રીને જે બાકાત કરવામાં આવી

છે એના બદલે એને પણ આમાં રાખવી જોઈએ અને એમાં બીજા રૂલ્સ દ્વારા એમાં પ્રતિબંધો લાદવામાં આવે કે જેથી કોઈ છેપરપીંડી ન કરી શકે.

માનનીય અધ્યક્ષશ્રી, એવી જ રીતે જે કોડ માટેની વાત કરી છે એમાં મારું એટલું સૂચન છે કે, વેટના કાયદામાં ચાર બ્લોક છે અને એ પ્રમાણે કોડીંગ થાય તો વાંધો નહીં, નહીંતર અલગ રીતની આ હારમોનાઈઝડ સિસ્ટમ ઓફ નોમેનકલેચરની વાત છે એના કારણે નાના નાના વેપારીઓ જે ચીજ રાખતા હશે એના કોડીંગને એના માટે એક માણસ રાખવો પડશે, કર્મચારી રાખવો પડશે એટલે મુશ્કેલી ઉભી થશે. એટલા માટે વાત નાની છે પણ એની અંદર એવું ધ્યાન રાખવામાં આવે તો મને લાગે છે કે, વેપારીને કનડગત ઓછી થશે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજુ જે માલ પરત આવે એવા કિસ્સામાં અગાઉ ૬ મહિના સુધીમાં એનો જો માલ પરત આપી દે તો એના વેરાનું પાછું રિફંડ મળતું હતું પણ આમાં જોગવાઈ કરી છે એમાં એ સમય મર્યાદા કાઢી નાખી છે. નિયમમાં ત્રણ મહિનાની મુદ્દત રાખી છે. પણ ૬ મહિનાની મુદ્દત રાખવામાં આવે તો વધુ સારું એવું મારું સૂચન છે જેથી કરીને માલ પરત આવે ત્યારે પણ એણે ૬ મહિના સુધીમાં માલ જો પરત આપ્યો હોય તો એને વેરો પાછો મળી જાય. બીજુ યંત્ર સામગ્રીનો પાંચ વર્ષમાં સતત ઉપયોગ થાય એવો આગ્રહ રાખવામાં આવ્યો છે. મારું કહેવું છે કે કોઈ કુદરતી આફત આવે, યુનિટ બંધ કરવાનો વારો આવે અને યુનિટ એક, બે કે ત્રણ મહિના બંધ કરવું પડે તો અથવા કયારેક કોઈ રો-મટિરિયલ્સનો સવાલ આવે અને એના કારણે બંધ થઈ જાય તો જે વસ્તુ એના કાબૂમાં નથી એવા કારણસર જયારે આ સતત પાંચ વર્ષ જો ન ચાલે તો એને એ જે સમય છે એ બાદ આપવો જોઈએ એવું મારું સૂચન માનનીય મંત્રીશ્રીને છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૩૧-૩-૨૦૦૬ની જે કટ ઑફ ડેઈટ છે આ સ્ટૉક માટે, એમાં મારું સૂચન એવું છે કે, ગમે તેટલા સમયનો એની પાસે જૂનો માલ હોય ખરીદેલો પણ એના જો એ બિલ બરાબર બતાવે અને એનો વેરો ભર્યો છે એ બતાવે તો માત્ર આ જે આટલી તારીખ સુધી જ. આની અંદર જ્યારે નવો કાયદો અમલમાં આવશે ત્યારે સેટ ઑફ મળશે એના બદલે એની પાસે જેટલો પણ માલ હશે એ બધા માલ ઉપર એને ક્યાંય પણ બેવડો કર નહિ ભરવો પડે, નહિતર એવું થશે કે એણે કર ભરેલો હશે એવો માલ એની પાસે જૂનો પડ્યો હશે અને અત્યારના આપણે આ કાયદો અમલમાં આવે એની કટ ઑફ ડેઈટ આપી છે ત્યાર પહેલાનો સ્ટૉક એનો હશે અને તેનું બિલ હશે તો પણ આપણે એનો વેરો માફી નહિ આપીએ તો એ અન્યાય કરનારું હશે. એટલા માટે એમાં પણ આટલું કરીએ. ઉચ્ચક વેરાની જે પચીસ લાખની મર્યાદા એ પચાસ લાખની કરી એ આવકાર્ય છે અને આપણે બધા તેના માટે રાજી થઈએ. એમાં નિયમોમાં એમણે જે વેરાનો દર રાખ્યો છે એ એક ટકા કર્યો છે હવે એકબાજુથી આપણે ઉદારતા દાખવીએ છીએ કે પચાસ લાખ સુધી કરી દેવું છે. રિટેઈલરને બધાને ફાયદો થાય પણ પેલો દર એક ટકા કર્યો છે એ એવો છે કે એ પરવડશે નહિ પા ટકા કે અરધો ટકો કરશે તો આ વસ્તુ છે એ વધુ યોગ્ય ગણાશે એવું આમાં મારું માનવું છે.

મારે તો ગામમાં ઘર નહિ અને સીમમાં ખેતર નહિ એટલે હું બિલકુલ ઉભડીયો માણસ છું પણ મિત્રો સાથેના અને વેપારીઓ સાથેના અનુભવમાંથી જે મને જાણવા મળ્યું છે એનાથી હું મારા સૂચનો કરું છું. હું કોઈ વેપારી માણસ તો છું નહિ. બીજું ધંધાનું સ્થળ બદલે ત્યારે અત્યારના એક જોગવાઈ એવી છે કે કોઈ માણસ સ્થળ બદલે તો એ જે તે અધિકારીને અરજી કરે હવે મારું સ્થળ આ છે, એટલે ત્યાંનો નંબર રદ થઈ જાય પણ પછી પેલા અધિકારીની જવાબદારી રહે કે એ એનું જે નવું સ્થળ બદલાયું હોય ત્યાંનો જે ઈન્ચાર્જ અધિકારી હોય એને કહે કે આનો આ નંબર હતો હવે તમારે ત્યાં આનું ટ્રાન્સફર થાય છે એટલે તમે આ નંબર અથવા તમારો ત્યાં જે નંબર આવતો હોય તે આપવો. સવાલ એ છે આમાં આવી બે - ચાર - પાંચ જોગવાઈ છે એ બધી જોગવાઈમાં પછી એ પેલી સિગ્નેચરવાળી જોગવાઈ હોય કે રજીસ્ટ્રેશન રદ કરવાવાળી હોય આવી બધી જોગવાઈ છે જેમાં વેપારીએ જ બધું ધ્યાન રાખવાનું. એકબાજુ એ તમારા માટે રાજય માટે એસેટ ઊભી કરે છે મારે એક વાત એટલા માટે મૂકવી છે કે મને યાદ આવે છે એક કિસ્સો અમારે ત્યાં સર પ્રભાશંકર પટણી દીવાન સાહેબ હતા ભાવનગરના મહારાજ કૃષ્ણકુમારસિંહજીના રાજમાં એ દીવાન હતા અને એક ખેડુ એનું મહેસૂલ બે વર્ષથી ચડી ગયેલું એ ભરવા આવેલો. દીવાન સાહેબ નીચેની બેઠકવાળી ગાદીઓ હતી એ ડેસ્ક ઉપર બેઠા હતા અને મેલોઘેલો સીધો ખેતીથી આવેલો તો એ વખતે પ્રભાશંકર પટણીએ ઊભાં થઈને એને આવકાર્યો અને કહ્યું કે આવ ભાઈ, ત્યારે પેલા ખેડુએ કહ્યું કે દાદા મારે મહેસૂલ ભરવું છે મને બતાવો મારે ક્યાં જવાનું છે એટલે એ કહે નહિ પહેલાં તું બેસ, તો ખેડુ કહે કે દાદા મારા કપડાં મેલાં છે હું સીધો ખેતીથી આવ્યો છે આ વરસ સારું ગયું છે બે વર્ષનું મહેસૂલ ચડી ગયું છે. મને જરા ઠેકાણું ચીંધો એટલે હું ભરી આવું એટલે પ્રભાશંકર પટણીએ એને પરાણે મેલાઘેલા કપડામાં ગાદીએ બેસાડ્યો અને પછી કહ્યું કે જો ભાઈ તારા જેવા લોકો પરસેવો પાડે છે કમાય છે એ વેરો ભરે છે એ તિજોરીમાં આવે છે એટલે કૃષ્ણકુમારસિંહજીનું આ રાજ ચાલે છે અને આ ગાદી તમારા વેરાના પૈસામાંથી આવેલી છે એટલે તારો અધિકાર છે અહીંયા બેસવાનો. એટલે સાહેબ કર દેનાર માણસનું આવું સન્માન રાજયમાં હોવું જોઈએ અને એટલે કર દેનારને ચોર નહિ ગણવો જોઈએ આ પ્રાથમિક શરત છે. મને લાગે છે કે વેપારીઓ માથે જ બધી જવાબદારીઓ આવું શું કામ. આ સિગ્નેચર બદલાય તો અધિકારી ધ્યાન રાખીને કેમ વેપારીને કહે નહિ કે આની સિગ્નેચર ખોટી આવી છે આમાં આ જે વસ્તુ છે એનાથી તો વેપારીને વેપાર પરના કેટલા બધા કામો વધશે અને એટલા માટે મેં આ સૂચનો

કર્યા છે ધંધાનું સ્થળ બદલે ત્યારે, નવો નંબર કે એની વ્યવસ્થા એ જે જૂના અધિકારીને અરજી કરે કે ભાઈ આ બદલાયું છે તો એ જ ત્યાં મોકલી આપે અને ઑફિસ એની મેળાએ એ કરે એટલું તો હોવું જોઈએ ઑફિસમાં કંઈ એટલું બધું કામ હોતું નથી કે જેના કારણે આટલુંય ન કરી શકે અને અગાઉ આ જ વ્યવસ્થા હતી. ત્યારપછી એક એવી જોગવાઈ છે કે કાંઈ પણ નાનકડો ફેરફાર એ કરે બૅન્ક ખાતામાં ફેરફાર કર્યો હોય, ધંધાના ભાગીદારોમાં ફેરફાર કર્યો હોય, આ બધી વસ્તુ એ જો જાણ ન કરે એટલે એનું રજીસ્ટ્રેશન મોકૂફ થઈ જાય, આ જે મોકૂફીની જોગવાઈ છે. આ જે લાઈસન્સ મોકૂફીની જોગવાઈ છે એનાથી બે નુકસાન જવાનાં છે. એક તો એ મોકૂફ થશે એટલે એ હેરાન થશે અને તાત્કાલિક દોડાદોડી કરશે, પરંતુ એ જ વખતે એની સાથે જે ધંધો કરશે એને ખબર નહીં હોય કે આનું લાઈસન્સ મોકૂફ થયું છે એટલે એની ક્રેડિટ મળતી હશે એ બીજો માણસ એનો ભોગ બનશે.એટલે આવી જોગવાઈ છે જેના કારણે આ માણસ તો હેરાન થશે, પરંતુ એના કારણે બીજો માણસ એની સાથે વેપાર કરશે કે જેને ખબર નથી કે આનું લાઈસન્સ મોકૂફ થઈ ગયું છે અને એ દરમ્યાન એ જે માણસ એની સાથે વેપાર કર્યો હશે તો એને વેરા મુકિતનો લાભ મળશે નહીં અને એનો ટેકસ બેકાર જશે. એટલે આ પ્રકારની જોગવાઈ છે જેની અંદર લાઈસન્સ મોકૂફ રાખવાની વાત છે એના બદલે મારું સૂચન છે કે બહુ એવું હોય તો એના માટે દંડની જોગવાઈ કરીએ, પરંતુ આ રીતે લાઈસન્સ મોકૂફ કરવાની જોગવાઈ ના કરીએ તો આપણો જે હેતુ છે એ સરશે અને એક દ્વિધાભરી પરિસ્થિતિ ઉભી નહીં થાય.

એક રિવાઈઝ રિટર્ન માટેની મુદત છે એ અગાઉ ૩ મહિનાની હતી એ એક મહિનાની કરી નાંખી છે. ઘ ણીવાર એવું હોય છે કે બહુ મોટો વેપારી હોય અને રિવાઈઝ રિટર્નની ભૂલ શોધવી હોય તો એકાદ મહિનામાં ન પણ મળે. તો આ જે એક મહિનાની મુદત કરી છે એ અગાઉ ત્રણ મહિનાની હતી એટલી કરી આપવામાં આવે તો મને લાગે છે કે આ બહુ વાજબી થશે.

- આવી જ એક સત્તા આકારણીની વાત છે કે જેમાં અધિકારીઆને આકારણીની સત્તા આપવામાં આવી છે. બજાર કિંમત નકકી ના થઈ હોય તો બજાર કિંમત શું હોઈ શકે એ અધિકારી નકકી કરશે. મને લાગે છે કે આ એક બહુ જ વધારે પડતી જોગવાઈ છે, મને વાંધો નથી, પરંતુ એના માટે કયો શબ્દ વાપરું તો યોગ્ય થશે કે ભવિષ્યમાં આપણું નામ એના કારણે ખરાબ થાય એવું પ્રોવિઝન છે તો આવી સત્તા અધિકારીને ના આપવી જોઈએ એવું હું વ્યકિતગત અને એક જાહેર જીવનના અનુભવના આધારે માનું છું કે આમાં ડિસ્કિશન પાવર્સને સ્થાન ના મળે એ વધારે આદર્શ લેખાશે અને યોગ્ય ગણાશે. આ એક મારી વાત માનનીય મંત્રીશ્રી ધ્યાનમાં લે એવી મારી વિનંતી છૈ.
- માનનીય અધ્યક્ષશ્રી, સહીના નમૂનામાં પણ ૬૬(ક) ની વાત કરી. ૩૪(ક)માં આકારણીની વાત છે એવી રીતે આ ૬૬(ક)માં સહીના નમૂનાની વાત છે. અગાઉ બે મિત્રોએ આ અંગે વાત કરી છે એટલે એને દોહરાવતો નથી, પરંતુ સહી સાચી છે કે ખોટી એ સતત બીજો ધંધો કરતા હોઈએ ત્યારે એ ધ્યાનમાં રાખવું પડે. મને લાગે છે કે આ વહીવટી આદર્શ પરિસ્થિતિ નથી અને આવી જવાબદારી વેપારીના ઉપર નહીં નાંખવી જોઈએ એવી મારી આગ્રહભરી વિનંતી છે.
- એવી જ રીતે વાહન ચાલક પાસ બહાર છે કે નહીં અને એને ૧ાા ગણો દંડ થાય એમાં ભૂલ કોઈ કરે અને સજા બીજો ભોગવે. એટલે આપે આ જોગવાઈમાં ભૂલ કરી છે. જે ભૂલ કરે એ જ સજા ભોગવે એમાં વાંધો નહીં, પરંતુ ભૂલ બીજો કરે સજા ત્રીજો ભોગવે એ જોગવાઈ છે એમાં ૬ મહિના અમલીકરણ થશે એટલે એના અનુભવને આધારે ખ્યાલ આવશે. તો એના ઉપરથી પણ આ જોગવાઈમાં જરાક ધ્યાન રાખે એવું માનનીય મંત્રીશ્રીને મારું સૂચન છે.
- શ્વેતપત્રમાં એવું નકકી થયું હતું કે દંડની જોગવાઈઓ, મોટેભાગે બધી સજા એ બધું કાયદામાં હતું એવું જ રાખીશું, પરંતુ બધે એનું પાલન થયું નથી એવું લાગે છે. બે ત્રણ બાબતો માટે માનનીય સુનિલભાઈએ પણ વાત કરી. બેંક ગેરન્ટીની મુદત નાના વેપારીઓ માટે વધારે છે. એવી જ રીતે સજાની જોગવાઈવાળી વાત છે એમાં પણ મને લાગે છે કે એના ઉપર પણ રિવ્યુ કરવા જેવું છે. એકવાર કાયદો કર્યા પછી આપણા હાથમાં કાંઈ રહેતું નથી અને અમલીકરણ જે વ્યકિતઓના હાથમાં આવતું હોય છે, એમાં કેટલીક વખત માલાફાઈડ ઈન્ટેન્શન અને મોટા ભાગે એની સાથે રાગદ્વેશ જોડાયેલાં હોય છે અને એટલે આમાંથી મુકત થવાનો કોઈ રસ્તો રહેતો નથી અને એટલા માટે આ ગૃહની સૌથી મોટી જવાબદારી છે કે કાયદો બને ત્યારે એવો કાયદો બને કે જેના કારણે આવનાર પેઢીએ આપણને એવું કહેવાનો વખત ના આવે કે આ કાયદો ઘડવામાં ભૂલ ના કરી હોત તો અત્યારે આવું ના થાત. કમસેકમ આ કાયદો પસાર કરીએ ત્યારે પણ આવું કાંઈ ભવિષ્યમાં કોઈ ના કહે એવી તકેદારી રાખીએ. આ રાજયનો વિકાસ થવાનો છે, આ રાજયની આવક વધવાની છે એ જયારે નિશ્ચિત છે ત્યારે આ કાયદાનો અમલ શરૂ થાય એમાં પણ અમે ઉત્સૂક છીએ આ વિધાનસભામાં આ સુધારા વિધેયક લાવીને એનો અમલ જલદી થાય એના માટે માનનીય મંત્રીશ્રી પણ ઉત્સૂક છે એના માટે તેમને અભિનંદન અને શુભકામનાઓ આપીએ કે જેનાથી આ રાજયની આવક વધે. ધન્યવાદ.

■

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા)** : માનનીય અધ્યક્ષશ્રી, આ વેટનો કાયદો ગુજરાત સરકારને મોડો મોડો પણ સાંભર્યો તે સારું થયું, મોડું મોડું ભાન આવ્યું કે આ કરવા જેવું છે, આ કરવાથી રાજયને લાભ થવાનો છે. માનનીય વજુભાઈ ૨૦૦૩માં લાવ્યા હતા. તમે ન સ્વીકાર્યુ અને મોડા મોડા વિચાર બદલ્યો તે સારું થયું. બીજું જે આ વેટ છે તે નાના વેપારીઓને નુકસાન ન થાય તેવી કલમો લગાવજો. માનનીય સૌરભભાઈ તો પટેલના દીકરા છે, તેથી નુકસાન ન થાય તેવું કરજો, રાજયની આવક તો થાય તેની સામે વાંધો નથી પણ ગરીબ વેપારીઓ માટે બીજા વેરા છે તે કાઢી નાખજો, વેટ લગાવ્યો એટલે બીજા વેરા કાઢી નાખજો, બધી બાજુ લેવા ન જશો, નહીંતર બધી બાજુથી રખડી પડશો. એટલે નાના નાના વેપારીઓને નુકસાન ન થાય તેનું ધ્યાન રાખજો. કારણ કે આપણા વેપારીઓ સાબદા હશે તો રાજયની આવક થશે, વેપારીઓને નુકસાન થશે તો રાજયની આવક જોઈએ એવી નહીં થાય, ખોટું કરતાં હોય તેને દંડજો, પણ મુળાનો ચોર હોય તો મોચીનો માર મારજો. કાયદા એવા ન બનાવતા કે વેપારી વર્ગ અને બીજા વર્ગોને નુકસાન થાય, વ્યવસ્થિત કાયદા બનાવજો, માનનીય ધનરાજભાઈએ કહ્યું એવું વિચારજો, મહેન્દ્રભાઈ તો બ્રાહ્મણ છે, એટલે બુદ્ધિશાળી કહેવાય, એટલે એમનાં સૂચનો અંગે પણ વિચારજો, સારું કરશો તો અમને પણ આવકાર્ય લાગશે, સારું નહીં કરો તો અમને આવકાર્ય નહીં લાગે, કારણ કે પટેલના દીકરા છે, અને પટેલ બહુ બુદ્ધિશાળી થઈ ગયા છે, ફોરેન ગયા છે, એટલે વિચારીને કરજો, સારો લાભ થાય અને કોઈને નુકસાન ન થાય તે વિચારજો, વેટના કાયદામાં જે કલમો લગાડવામાં આવી છે એમાં અમુક જે નુકસાન થાય તેવી હોય તે કાઢી નાખજો.

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે વેટના કાયદાની ચર્ચામાં ૧૪ સભ્યશ્રીઓએ ભાગ લીધો, ખૂબ ઉંડાણપૂર્વક અભ્યાસ કરીને સભ્યશ્રીઓએ સૂચનો આપ્યા, તે સૌ સભ્યશ્રીઓનો આભાર વ્યકત કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, બધાને ડર એક જ છે કે વેપારીઓને ચોર ન ગણીએ, આ વિચાર સાથે અમે બધા સંમત છીએ. તેના માટે આ કાયદામાં સુધારાઓ લાવતા પહેલા ઘણી બધી ચર્ચાઓ કરી છે, વેપારીઓ જોડે ચર્ચા કરી છે, વકીલો જોડે ચર્ચા કરી છે, રાજકીય માણસો સાથે પણ ચર્ચા કરી છે, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ સાથે પણ ચર્ચા કરી છે. બીજા રાજયના બિલો ઉપર ઘણો બધો અભ્યાસ કર્યા પછી સુધારાઓ લાવ્યા છીએ.

જી.એસ.ટી.ના કાયદાની અંદર જે પેનલ્ટીનું પ્રોવિઝન કરેલ છે. એ પેનલ્ટી પ્રોવિઝન રાખવાનો છેલ્લે નિર્ણય કર્યો, પરંતુ આપણે એ પણ નક્કી કર્યુ કે આ પેનલ્ટીને પ્રોવિઝનની વાત છે એની અંદર ઘણી ચર્ચા કર્યા પછી special clause, suspension clause મૂકવામાં આવ્યો. સસ્પેન્શનનો કલોઝ એટલે મૂકવામાં આવ્યો કે કોઈપણ અધિકારીને કોઈપણ વેપારી પર કોઈપણ પગલાં લેવા હોય તો એના પહેલા આ કલોઝનો એણે ઉપયોગ કરવો પડે એટલે એનો ધંધો બંધ કરવો હોય એ બંધ કરતાં પહેલા આ સસ્પેન્શનનો કલોઝ કરવો પડે આ એટલા માટે રાખ્યો છે અને એમાં ખાસ રાખ્યું છ કે: "If a dealer has failed to furnish return" એની જવાબદારી ડીલરની છે, એણે રીટર્ન ફર્નિસ કરવું પડે. "has failed to pay tax" ડીલર સરકાર વતી ટેકસ ઉઘરાવે છે એ એની જવાબદારી છે કે એણે ટેકસ ભરવો પડે. "has failed to file declaration", એટલે એણે મહિને કે ત્રણ મહિને સિસ્ટમ છે એ પ્રમાણે કેટલો ટેકસ ઉઘરાવ્યો છે એ ડિકલેર કરવું પડે "has failed to produce the books of accounts " આ પણ એની જવાબદારી છે. સરકાર વતી ટેકસ ઉઘરાવે છે તો એની જવાબદારી હેઠળ બૂક બનાવવી પડે. આ ડિલરની જવાબદારી છે. આ ડિલર ન કરે તો સરકારે શું કરવાનું? તો આવા ચોર વ્યકિતઓ હોય, એમાં સારા પણ વેપારીઓ હોય એને કોઈ તકલીફ પડી હોય તો એનું રજિસ્ટ્રેશન કેન્સલ ન થાય એના માટે કમિશ્નરને સત્તા આપી તો"Commissioner may, at any time, for reasons to be recorded in writing" એટલે કમિશ્નરે રિઝન ઈન રાઈટીંગ રેકોર્ડ કરવું પડે"and after giving the dealer an opportunity of being heard" એટલે એનો અર્થ શું થયો? કમિશ્નરે એનું લાઈસન્સ સસ્પેન્ડ કરવું હોય તો પહેલા એને નોટિસ આપવી પડે એ આપ્યા પછી એને સાંભળવો પડે એ પછી આ ચાર કારણો માટે એને "suspend his certificate of registration from such date not earlier than the date of order of suspension" એટલે પછી એને સસ્પેન્ડ કરી શકે છે. એટલે આ જોગવાઈ આપણે ખાસ મૂકી છે એ વેપારીના રક્ષણ માટે મૂકી છે. એ ઉપરાંત આ ચાર વસ્તુઓની અંદર દા.ત. એ રિટર્ન નોટિસ આપી એ આપ્યા પછી નોટિસ પિરિયડની અંદર રિટર્ન ફાઈલ કરી નાખ્યું, ટેકસ ભરી દીધો, ચોપડા બનાવી દીધા તો આપણે લખીએ છીએ કે" where a dealer, whose certificate of registration is suspended for the failure of any of the requirements specified in sub-section (૧), fulfils the requirements, the Commissioner shall, by an order in writing, withdraw the suspension order from such date as may be specified therein." એટલે આપણે બહુ સ્પષ્ટપણે જોગવાઈ કરી છે. આ કલોઝ છે એ બીજા બધા વેપારીઓને પ્રોટકશન આપશે જે પ્રમાણે આપણે બધા ચિંતા કરીએ છીએ એ પ્રમાણે કાયદામાં પણ ઘણા બધા સુધારા કર્યા છે. બીજા થોડા રાજયોના કઈ જાતના પેનલ્ટી કલોઝ છે એ અંગે વાત કરી. માનનીય સભ્યશ્રી બળવંતસિંહએ વાત કરી કે

૨૦ હજારને બદલે ૧૦ હજાર મિનિમમ છે એ જ મેકસિમમ કરો. દસ હજાર તો મિનિમમ છે, જ્યારે મેકિસમમ ૨૦ હજાર એ કંઈ વધારે નથી. આ ૨૦ હજાર છ મહિને upto six months, મહારાષ્ટ્રમાં કોઈ લિમિટ નથી. "not less than one month, upto one year" આપણે મેકસિમમ છ મહિના મૂક્યા છે. એટલે બીજા રાજયો કરતાં આપણે એમાં સુધારો કર્યો છે.

ગુજરાતમાં ૮૫ સેકશનની ઘણી બધી વાત થઈ એ ક્યારે દોષિત ગણાય? "when he fails to pay tax" ઉઘરાવેલ ટેકસ છે એ આપણા વટવી ઉઘરાવ્યો છે એ પછી એ વેપારી ટેકસ નથી ભરતો ત્યારે આ સેકશન લગાડેલ છે. ત્યારે મહારાષ્ટ્રમાં "if fails to pay, he has to pay TDS also. ત્યારે આપણે ટી.ડી.એસ. નથી લેતા. આપણે સેકશન ૮૫ની અંદર શું લખ્યું છે "fails without sufficient cause to furnish return" રિટર્ન એણે નથી કર્યા પણ "sufficient cause" જે શબ્દ લખ્યો છે In Maharashtra, 'fails to furnish return' હું વાત કરું ત્યારે ગંભીરતાપૂર્વક વાત કરુ છું આપણા અધિકારીઓ એમની રીતથી ન કરે sufficient cause બતાવવું પડે અને લેખિત મૂકવું પડે. બીજું મહારાષ્ટ્રમાં આ કંઈ એમ નથી કહેવા માગતો કે કયું રાજય કોણ ચલાવવા માગે છે એવી વાત નથી કરતો. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ત્યાં જોઈને આપ નહીં બોલો પ્લીઝ.

**શ્રી સૌરભ પટેલ:** મહારાષ્ટ્રમાં rigorous imprisonment છે. ત્યારે આપણે ત્યાં simple imprisonment છે. એટલે જેલની જોગવાઈમાં વેસ્ટ બેંગાલમાં upto two years છે. એટલે બધા રાજયોએ જ્યારે આ મૂક્યું છે ત્યારે તેમાં જેલની જોગવાઈ રાખી છે. કડકમાં કડક પ્રોવિઝન રાખ્યા છે. બીજું, બધા રાજયોના કાયદા જોઈને આપણે એ પ્રમાણે સરળતા રાખવાની કોશિશ કરી છે.

ટ્રાન્સપોર્ટેશનની વાત કરું, વ્હીકલ, આપણે કોઈ લેજીસ્લેશન નથી રાખ્યું. આપણે તો ખાલી એટલું જ રાખ્યું છે કે વ્હીકલ આપણે ડિટેઈન કરી શકીશું. આજે બે નંબરનો માલ લઈ જતો હોય, ટ્રાન્સપોર્ટરને usually ખબર જ હોય છે કે માલ શાનો મોકલાય છે? ઘણી જગ્યાએ તો ટ્રાન્સપોર્ટર પોતે જ ગુડ્ઝના માલિક હોય છે. એવા સંજોગોમાં આપણે તો ખાલી વ્હીકલને ડિટેઈન કરી રાખીએ છીએ. પહેલાં સીઝર હતું. આપણે બદલીને ડિટેઈન કરવા માગીએ છીએ. ત્યારે બીજાં રાજયોમાં, વેસ્ટ બેંગાલમાં વ્હીકલ ઓનર્સને રજિસ્ટ્રેશન લેવું પડે છે. વ્હીકલ ઓનર્સને ડિટેઈન પણ કરાવવું પડે છે ત્યારે આપણે એવા કાયદા નથી રાખ્યા. તેમાં પણ બને એટલી સરળતા રાખવાની કોશિશ કરી છે.

બીજાં ઘણાં બધા સભ્યશ્રીઓએ વાત કરી. ઘણાએ રૂલ્સની વાત કરી. સિક્યોરિટી ડિપોઝિટની વાત કરી. હું સભ્યશ્રીઓની સાથે સંમત છું કે આવી ડિપોઝિટ ન લેવી જોઈએ અને તેના પ્રમાણમાં રૂલ્સની અંદર ચોક્કસ આપણે ફેરફાર કરીશું. બીજું, કાર્બન કૉપીની વાત કરી. કાર્બન કૉપીનું પણ રૂલ્સમાં આવે છે. તેની અંદર જ્યારે રૂલ્સ બહાર નીકળશે ત્યારે રૂલ્સમાં પણ ચોક્કસપણે ફેરફાર કરીશું. એડવાઈઝરી કમિટીની માયાબેને વાત કરી તેનું પણ ચોક્કસ કહું કે એડવાઈઝરી કમિટી બનાવવાનું વિચારીએ છીએ અને વેપારીઓનો પણ આપણે ભાગ રાખવાના છીએ.

બીજા રૂલ્સની વાત કરું, દિનેશભાઈએ ટેલિફોનની વાત કરી, ઈનવોઈસની વાત કરી, ગોડાઉનની વાત કરી. આ બધા વિષયો રૂલ્સમાં આવે છે અને રૂલ્સમાં અમે સુધારા કરીને ચોક્કસપણે તેને સરળ બનાવીશું. બીજા સભ્યશ્રીઓએ વાત કરી, દિલ્હીનો દાખલો આપ્યો કે ૩૦ ટકા, ૩૩ ટકા વધી ગયું છે. દિલ્હી અને આ બધાં એકસેસીવ સ્ટેટ છે અને જરૂર નથી કે ગુજરાતને ૩૦ ટકા વધે. આ ચાન્સીસ છે પણ શ્યોરિટી નથી. હું આપને કારણ કહું કે આંધ્રપ્રદેશ પણ મેન્યુફેકચરીંગ સ્ટેટ છે. તેમાં ૧૨.૪નો વધારો આવ્યો છે. કર્ણાટકમાં ૧૪.૫નો વધારો આવ્યો હતો. કેરાલામાં ખાલી ૩.૮નો વધારો આવ્યો છે. મહારાષ્ટ્રમાં ૯.૩નો વધારો આવ્યો છે. વેસ્ટ બેંગાલમાં ૧૦.૮નો વધારો આવ્યો છે. એટલે ઓવરઓલ બધા સ્ટેટમાં ૧૪.૪ ટકાનો વધારો આવ્યો છે. આપણે ઇચ્છીએ કે આ આવે અને સરકાર તરફથી કોશિશ પણ હશે કે વેટમાં તેનો બેઝ મોટો બનાવવામાં આવે. મોટો બેઝ બને તો આપણી ટેકસની આવક વધે.

બીજું, તેના ટેકસેશન સ્ટ્રકચરની વાત કરી. તેમાં બસ અને ટૅક્સીની વાત કરી. તેમાં પણ મેઈન સ્ટ્રકચર હેન્ડીક્રાફ્ટ આઈટમમાં આવે છે અને બધી પેક્ડ આઈટમ્સ ટેકસ ફ્રી છે. અનાજ અને કઠોળની વાત કરી તે પણ માફીમાં છે. ટેકસ ક્રેડીટની વાત કરી. Capital goods should be allowed prior to ૧/૪/૨૦૦૬. આ કોઈ રાજયે આપ્યું નથી અને કેપીટલ ગુડ્ઝ ઉપર પહેલાંનું હોય તો બેઝીકલી ઈનપુટ ક્રેડીટ ક્યારે મળે કે તેના ઉપર તેમને જ્યારે આવક મળતી નથી. એ આવકમાં થઈને પસાર થતાં હોય એટલે કોઈ રાજયે તે પ્રમાણે કેપીટલ ગુડ્ઝ ઉપર પહેલાં ૧-૪ પહેલાં આપ્યું નથી અને એમ્પાવર્ડ કમિટીના નિર્ણયમાં એ વિરોધમાં છે.

બીજું જે સેલ્ફ એસેસમેન્ટની વાત કરી, સેલ્ફ એસેસમેન્ટમાં ઑડિટમાં બહુ હેરાનગતિ થશે એવી શક્યતા બતાવવામાં આવી. મારે આપનું ધ્યાન દોરવું છે કે ઑડિટ એસેસમેન્ટ આપણી પાસે ઓછામાં ઓછા ત્રણ-સાડાત્રણ લાખ કેસો આવવાના કે જે વેટમાં મોટા ભાગના રજિસ્ટ્રેશન થશે. આપણે નક્કી કર્યું છે કે કોનું ઑડિટ થશે કે જેનું એન્યુઅલ ટર્નઓવર ૧૦ કરોડથી ઉપર હોય. જેનુ annual tax exceeds ૨૫ લાખ. જેની ટેકસ ક્રેડીટ આગલી સાલ કરતાં ૧૦ ટકા વધારે કરી હોય. જેનું બુક્સ ઑફ એકાઉન્ટ્સ સીઝ કરેલું હોય, જેના ડીલર

exemption હોય E.O.U હોય એ બધાને આપણે ફરજિયાત કર્યું છે. બાકીના બધાનું રેન્ડમ સેમ્પલ દ્વારા કરવાનું છે. મોટાભાગના કેસો નાના મોટા વેપારીઓ આવશે જ નહિ. આ બાબતમાં વેપારીઓએ કોઈ ચિંતા કરવાની જરૂર નથી. મોટાભાગના ફૉર્મ્સ તો જતા રહેવાના છે. કોઈ ફૉર્મ્સ રહેવાના નથી. મોટો ફાયદો વેપારીઓને હોય તો કોઈ જાતના ફૉર્મ્સ રહેવાની શક્યતા નથી. ખાલી આઉટ સાઇડ સ્ટેટનું મટિરિયલ આવતું હોય એ રહેશે. બીજું અકીકની વાત કરી. સેમ્પલ-૧ માં છે એની શિરીષભાઈએ વાત કરી precious stone માટેનું છે. એને એક ટકાનો empower કમિટીએ નિર્ણય લીધો છે. ચોક્કસ આપની લાગણી સમજી શકું છું. પૂરેપૂરી મહેનત કરીશ કે આવતા દિવસોમાં precious સ્ટોન એક ટકામાંથી બહાર નીકળી શકે. બીજું બલવંતસિંહે ઈન્ટરેસ્ટની વાત કરી. તો પેમેન્ટ, ઈન્ટરેસ્ટ અને પેનલ્ટીનું પહેલા છે. ઈન્ટરેસ્ટ પૅનલથી અને પછી કેપિટલ આવે છે. દરેક વિભાગમાં આ પ્રમાણે ચાલે છે. આ પ્રોવિજન GST Actમાં પણ હતું. તા. ૧-૪-૧૯૯૪માં રાખવામાં આવ્યું હતું, ત્યારથી ચાલતો આ કાયદો છે. તા. ૧-૪-૧૯૯૪માં થતું હતું તે જ આપણે આગળ ચાલું રાખ્યું છે. આવતા દિવસોમાં ચોક્કસ રિફૉર્મ્સમાં એની પ્રોસિજરમાં વિચાર કરી શકાય. પહેલા interest આવે એ ચોક્કસપણે વિચારી શકાય. શ્રી મહેન્દ્રભાઈએ સેકન્ડ હેન્ડ પ્લાન્ટની વાત કરી. બીજા રાજ્યોમાં exemption મળતું નથી. એક જ ઈન્વોઈસ એક વખત કોઈવાર અપાઈ ગયું હોય એ ક્રેડિટ બીજીવાર ન થવી જોઈએ. એક વર્ષમાં ઓપનીંગ સ્ટૉક એક વર્ષથી વધારે જૂનો હોય તો નથી આપતાં. dead stock ઉપર ક્રેડિટ કોઈ દિવસ ન મળે. આ સિદ્ધાંત હોય છે. આ બાબત આપણા માટે શક્ય થતી નથી. પણ મહેન્દ્રભાઈએ બીજા સારા સૂચનો કર્યા છે એ સૂચનો ચોક્કસપણે ધ્યાને રાખીશું HSN Codeનું ધ્યાન રાખીશું. સ્ટૉકની વાત કરવામાં આવી કે કરિયાણાની દુકાન ઉપર સ્ટૉક રાખી શકાય એ શક્ય નથી. એના માટે રૂલ્સમાં જોગવાઈ કરીશું કે જે આટઈમમાં ફિઝિકલ સ્ટૉક મેઈન્ટેન નથી કરી શકાતો એને કઈ રીતે રાહત આપવી એ પણ રૂલ્સમાં જોગવાઈ કરીશું. ક્રેડિટ ડેબિટની વાત કરીએ તો પહેલા મર્યાદા ન હતી એ આપવાની provision કરી છે અને bulk discount ની જોગવાઈ એના અંદર કરવામાં આવી છે. જે lump sum એક ટકાની વાત કરી, સૂચન ખૂબ સારું છે. વિચારીને આવતા દિવસોમાં જો શક્ય હોય તો ટેક્સમાં ફેરફાર થઈ શકે. Shift of placeની વાત કરી એ વિષયે પણ ખૂબ ચર્ચા કરી હતી અને માનવું હતું કે ઘણા વેપારીઓ પોતે એક એવો વર્ગ છે કે જે ચોરી કરવા માટે સ્થળ બદલતા હોય છે. એટલે ઘણી બધી ચર્ચાઓ કરી હતી અને અમારે ઘણાનો વિચાર કરવાનો હોય, ઓપિનિયન લેવાના હતા અને opinion divided હતો કે આ રાખવું જોઈએ કે નહિ? ફાઈનલ એ થયું છે કે એક વર્ગ મોટો છે જે સ્થળ બદલે છે એના ચૅકીંગ માટે આ રાખવું જોઈએ. પણ ચોક્કસપણે હાઉસને ખાતરી આપું છું કે જો આવતા દિવસોમાં એમ લાગે કે આ રૂલ્સમાં કે કાયદામાં થોડા રિફૉર્મ્સ હોવા જોઈએ તો આપણે ચોક્કસ વિચારીને આવતા દિવસોમાં લાવીશું. પ્રોહિબિટેડ ગુડ્ઝની વાત કરી, input credit આપવાના છીએ. ફ્યુઅલની વાત કરી. ફ્યુઅલ એ રાજય સરકારની મોટી આવક છે. એના ઉપર ૧૨૦૦ થી ૧૩૦૦ કરોડની આવક મળતી હોય છે. એના અંદર જો ઈન્પુટ ક્રેડિટ આપી દઈએ, અત્યારે ચાર ટકા સુધી આપવાનું નક્કી કર્યું છે, બહુ મોટો રેવન્યુ લોસ થાય તેમ છે એટલે એવું નક્કી કર્યું કે ધીમે ધીમે આગળ વધીશું.

ફયુઅલ ઉપર એક સાથે આપણે આગળ વધવાના નથી. બાબુભાઈ શાહે જે વાત કરી કે finished products પ્લાસ્ટિકમાં રોમટીરીયલ ઉપર input credit ઉપર ૪ ટકા છે. HDPE, LDPE, PVC પ્રોડકટ કઈ બને છે એના ઉપર ટેકસેશન નકકી થવાનું છે. ઘણામાં ૧૨.૫ટકા પણ હોય, ઘણામાં ૪ ટકા પણ હોય અને ઘ ણાામાં taxfree પણ આઈટમ હોય એ ત્રણે વસ્તુ શકય છે એટલે એકઝેટલી કઈ આઈટમ બનાવે છે એના ઉપર આધાર રાખે છે. માનનીય વિરોધપક્ષના નેતાશ્રી અર્જુનભાઈએ CSD ની phasing out ની વાત કરી, માનનીય અધ્યક્ષશ્રી, આ CSD phasing out આપણા રાજય માટે બહુ જ અગત્યનો મુદ્દો છે અને છેલ્લા ૬ મહીનાની અંદર અનેક વખત આપણે દિલ્હી રજૂઆત કરી છે અને વેટમાં આવતા પહેલા આપણે કેન્દ્ર પાસેથી ખાતરી લીધી હતી કે જો CSD phasing out કરો તો આનું સંપૂર્ણપણે કમ્પેરેટીવલી અમને કમ્પન્સેશન મળવું જોઈએ, આ ઘણા રાજયોની માગણી હતી અને આપણા રાજયમા CSD ની અંદર ૧૮૦૦ કરોડ રૂપિયાની વાર્ષિક આવક છે. આજે ૪ ટકાની ૨ ટકા કરીએ એટલે ૯૦૦ કરોડ રૂપિયાની આવક લોસ થવાની સંભાવના છે અને છેલ્લી એમ્પાવર કમિટીની અંદર અને આદરણીય નાણામંત્રીશ્રી ચિદમ્બરમ સાથે પણ મીટિંગ કરવામાં આવી હતી અને નકકી કર્યુ કે CSD rate ૪ ટકામાંથી ૨ ટકા કરીશું પણ રાજય સરકારને જે કમ્પન્સેશન આપ્યું છે એ એકલી કેશમાં નહી આપીએ certain items કેન્દ્ર સરકારને પાસ કરશે અને રાજય સરકારે એમાંથી આવક ઉભી કરવી પડશે. એટલે આપણે જે પરમેનન્ટ માગ્યું છે એ પરમેનન્ટ કઈ રીતે કરવું એના માટે ૧૧મીએ પણ એક ફરીથી બેઠક રાખવામાં આવી છે એટલે CSD phasing is very important એ અતી મહત્વની વસ્તુ છે. આપણા રાજય માટે એટલે એ પણ આપણે ધ્યાનમાં લીધેલું છે. બીજું દિનેશભાઈએ વાત કરી કે કાયદો બનાવ્યો છે, કોઈ વાંચ્યા કર્યા વગર , હવે મારે સમય નથી બગાડવો પણ હું બીજા રાજયોની માહિતી લાવ્યો છું પણ હું આપને ખાલી વાંચી બતાવીશ તો આપને એમ થાય કે બીજા રાજયોના કાયદા કેટલા કડક છે. આપણે સમયનું ધ્યાન રાખીએ છીએ. સભ્યશ્રીઓને મારી એટલી વિનંતી કરવાની કે જ્યારે આખા દેશની અંદર વેટનો કાયદો બધા જ રાજયોએ સ્વીકાર્યો છે તો બધા ભેગા મળી unanimously પસાર કરે એવી મારી સભાગૃહને વિનંતી છે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી સૌરભ પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૬ના વિધેયક ક્રમાંક : ૭નું બીજું વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**
**કલમ ૨ થી ૯ વિધેયકનો ભાગ બની.**

**અધ્યક્ષશ્રી .:** હવે કલમ ૧૦ સભાગૃહ સમક્ષ છે. માનનીય સભ્યશ્રી બલવંતસિંહ રાજપુત તેમનો સુધારો રજૂ કરે.

**કલમ-૧૦ ઉપરનો સુધારો**

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિદ્ધપુર)** : માનનીય અધ્યક્ષશ્રી , હું કલમ-૧૦ ઉપરનો નીચે પ્રમાણેનો મારો સુધારા ક્રમાંક ૧ રજૂ કરું છું.

કલમ ૧૦માં, પેટા કલમ (૨) માં, નવા પેટા-ખંડ (૭)માં "નિયત દિવસની પછી " એ શબ્દને બદલે, " નિયત દિવસથી એક વર્ષ પહેલાં" એ શબ્દ મૂકવા.

**સુધારા ક્રમાંક -૧ રજૂ થાય છે.**
**સુધારા ક્રમાંક-૧ મત માટે મૂકવામાં આવ્યો અને નામંજૂર કરવામાં આવ્યો.**
**કલમ -૧૦ ઉપરનો સુધારો.**

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ (મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું કલમ-૧૦ ઉપર નીચે પ્રમાણે મારો સુધારો રજૂ કરું છું.

"In clause 10, delete sub-clause (5),"

**સુધારા ક્રમાંક- ૧ રજૂ થાય છે.**
**સુધારા ક્રમાંક-૧ મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**
**સુધારેલી કલમ-૧૦ વિધેયકનો ભાગ બની.**
**કલમ-૧૧થી ૧૭ વિધેયકનો ભાગ બની.**

**કલમ-૧૮ ઉપરનો સુધારો.**

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, કલમ-૧૮ ઉપરનો નીચે પ્રમાણેનો મારો સુધારા ક્રમાંક-૨ રજૂ કરું છું.

કલમ-૧૮માં, નવી પેટા કલમ (૩)ના પરંતુકમાં, "ત્રણ વર્ષની" એ શબ્દોને બદલે, "એક વર્ષની " એ શબ્દો મૂકવા.

**સુધારા ક્રમાંક-૨ રજૂ કરવામાં આવ્યો.**
**સુધારા ક્રમાંક- ૨ મત માટે મૂકવામાં આવ્યો અને નામંજૂર કરવામાં આવ્યો.**
**કલમ-૧૮ વિધેયકનો ભાગ બની.**
**કલમ-૧૯થી ૨૮ વિધેયકનો ભાગ બની.**

**કલમ-૨૯ ઉપરનો સુધારો.**

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ (મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું કલમ-૨૯ ઉપર નીચે પ્રમાણે મારો સુધારો રજૂ કરું છું.

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ (મુખ્યદંડકશ્રી)** : In clause 29, to sub-clause (4), add the following proviso, namely,

Provided that where the specimen signature on any document is not matching with the specimen signature furnished by the dealer, the signature may be authenticated by such dealer in accordance with the rules made in this behalf."

**સુધારો ક્રમાંક ૨ રજૂ કરવામાં આવ્યો.**
**સુધારા ક્રમાંક ૨ મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**
**સુધારેલી કલમ ૨૯ વિધેયકનો ભાગ બની.**
**કલમ ૩૦ થી ૩૯ વિધેયકનો ભાગ બની.**

**કલમ ૪૦ ઉપરનો સુધારો**

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, કલમ: ૪૦ ઉપરનો નીચે પ્રમાણેનો મારો સુધારા ક્રમાંક: ૩ રજૂ કરું છું

કલમ ૪૦ માં, પેટા-કલમ (૧) માં, "અથવા વીસ હજાર રૂપિયાથી વધુ નહિ તેટલા દંડની અથવા બંને" એ શબ્દોને બદલે "અથવા દસ હજાર રૂપિયાથી વધુ નહિ તેટલા દંડની અથવા બંને" એ શબ્દો મૂકવા.

**સુધારા ક્રમાંક ૩ રજૂ કરવામાં આવ્યો.**

**સુધારા ક્રમાંક ૩ મત માટે મૂકવામાં આવ્યો અને નામંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, આ તો અમે જે ખરેખર સુધારા અહીંયા આગળ રજૂ કર્યા હતા. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આમાં કાંઈ ભાષણ નહિ આવે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, અમે સંમત નથી થતા, જે કાંઈ સુધારા રજૂ કર્યા હતા. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આમાં પ્રવચન નથી હોતાં.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, અમે સુધારા રજૂ કર્યા હતા.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : સુધારા રજૂ કર્યા એ સ્વીકારવામાં ના આવે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, આવો કાળો કાયદો થતો હોય તો અમારે કાયદામાં સંમત થવું નથી અને અમે વોકઆઉટ કરીએ છીએ. અમે ઈચ્છતા જ નથી કે આવો કાળો કાયદો બને, કાળા કાયદાનો અમે વિરોધ કરીએ છીએ.

(સતત અંતરાય, ઘોંઘાટ) આ તબક્કે સભાગૃહમાં હાજર રહેલા વિરોધ પક્ષના સભ્યો "કાળો કાયદો દૂર કરો"ના સૂત્રોચ્ચાર કરતા કરતા વોકઆઉટ કરી ગયા).

**કલમ ૪૦ વિધેયકનો ભાગ બની.**

**કલમ ૪૧ થી ૪૫ ,કલમ ૧ , દીર્ઘસંજ્ઞા અને ઈનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૬નું વિધેયક ક્રમાંક-૭નું (સુધારેલા સ્વરૂપમાં) ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી : સન ૨૦૦૬નું વિધેયક ક્રમાંક-૭-સન ૨૦૦૬નું( સુધારેલા સ્વરૂપમાં) ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.**

**સન ૨૦૦૬નું ગુજરાત વિધેયક ક્રમાંક-૫.**

**ગુજરાત મોટર સ્પિરિટ ઉપકર (સુધારા) વિધેયક, ૨૦૦૬.**

**ગુજરાત મોટર સ્પિરિટ ઉપકર અધિનિયમ, ૨૦૦૧ વધુ સુધારવા બાબત વિધેયક.**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૦૬નું વિધયેક *ક્રમાંક-૫-સન ૨૦૦૬નું ગુજરાત મોટર સ્પિરિટ ઉપકર (સુધારા) વિધેયકને આપની અનુમતિથી દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૬નું વિધેયક ક્રમાંક-૫-સન ૨૦૦૬નું ગુજરાત મોટર સ્પિરિટ ઉપકર (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**(સભાપતિશ્રી મહેન્દ્ર લી. મશરુ અધ્યક્ષસ્થાને.)**

**શ્રી સૌરભ પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, આપણે ઓકટ્રોય નાબૂદી કરવામાં આવી હતી અને ઓકટ્રોય નાબૂદ કરવામાં આવી હતી એ વખતે નક્કી કરવામાં આવ્યું હતું કે, આપણે શેષ લગાડી અને નગરપાલિકાઓ અને

---

* વિધેયક તા.૨૦મી ફેબ્રુઆરી, ૨૦૦૬ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે.

કોરપોરેશનોને પૈસા આપીશું એટલે એ વખતે લોકલ ઓથોરિટી ફંડ ઊભું કરવામાં આવ્યું હતું અને જે કાંઈ પ્રોસીડસ આવે એ મ્યુનિસિપલ અને પંચાયતોને આપતા હતા, હવે જ્યારે મોટર સ્પિરિટ એકટ રિપિલ થાય છે અને ગુડસ કવર્ડ અન્ડર મોટર સ્પિરિટ એકટ હવે વેટ એકટમાં સુધારો કરવો જરૂરી છે, એટલે આમાં હવે જે શેષ છે એ વેટ એકટમાં સરખી જ પ્રોડકટ ઉપર ડિઝલ અને પેટ્રોલ ઉપર ચાલુ રહેશે, આમાં થોડી ડેફીનેશનો પણ આપવામાં આવી છે. મોટર સ્પિરિટની આપી છે, ઈમ્પોટર કોને કહેવાય, મેન્યુફેકચરર કોને કહેવાય, ટ્રેડર કોને કહેવાય, ટ્રીબ્યુનલ કોને કહેવાય એની થોડી ડેફીનેશનો આપવામાં આવી છે. વ્યાજનો ઘટાડો કર્યો છે, ૨૪ થી ૧૮ ટકા અને ગ્રાન્ટિંગ લાયસન્સનું પ્રોવિઝન કૅન્સલ કરવામાં આવ્યું છે. બીજું એક પ્રોવિઝન એ કર્યુ છે કે, પહેલાં હાઈ કોર્ટમાં ટ્રીબ્યુનલની પરમીશન વગર જઈ શકતા નહતા, હવે જઈ શકાશે એટલે આ વિધેયકમાં હું આ બધા નાના સુધારા સાથે હાઉસમાં લાવ્યો છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૬નું વિધેયક ક્રમાંક-૫-સન ૨૦૦૬નું ગુજરાત મોટર સ્પિરિટ ઉપકર (સુધારા) વિધેયકનું બીજું વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨ થી ૫, કલમ-૧ દીર્ઘ સંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરુ છું કે સન ૨૦૦૬નું વિધેયક ક્રમાંક-૫ સન ૨૦૦૬નું ગુજરાત મોટર સ્પિરિટ ઉપકર (સુધારા) વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**સભાપતિશ્રી :** વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

## સન ૨૦૦૬નું વિધેયક ક્રમાંક: ૬

## ગુજરાત સ્થાનિક વિસ્તારોમાં નિર્દિષ્ટ માલના પ્રવેશ પર વેરા(સુધારા)વિધેયક,૨૦૦૬.

## ગુજરાત સ્થાનિક વિસ્તારોમાં નિર્દિષ્ટ માલના પ્રવેશ પર વેરા અધિનિયમ,૨૦૦૧ વધુ સુધારવા બાબત વિધેયક.

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયપત્રમાં *અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૦૬નું વિધેયક ક્રમાંક: ૬ - સન ૨૦૦૬નું ગુજરાત સ્થાનિક વિસ્તારોમાં નિર્દિષ્ટ માલના પ્રવેશ વેરા પર (સુધારા) વિધેયક આપની અનુમતિથી દાખલ કરું છું.

**સભાપતિશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૬નું ગુજરાત વિધેયક ક્રમાંક:૬ નું ગુજરાત સ્થાનિક વિસ્તારોમાં નિર્દિષ્ટ માલના પ્રવેશ પર (સુધારા) વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એન્ટ્રી ટેકસ તા.૧-૯-૨૦૦૧માં લાવવામાં આવ્યો હતો. આ ટેકસ વેપારીઓ અને ઉદ્યોગોને બચાવવા માટે લાવવામાં આવ્યો હતો. બહારથી માલ સસ્તો હોય અને આપણા રાજયમાં આવી જાય એટલે આપણા ઉદ્યોગોને નુકસાન થાય એ નુકસાન ન થાય એ માટે પ્રોટેક્ષન તરીકે લાવવામાં આવ્યો હતો. એન્ટ્રી ટેકસ આપણે વેટેબલ બનાવવા માગીએ છીએ એનુ એમેડમેન્ટ છે. એન્ટ્રી ટેકસ હવે વેટ આઈટમ પર લાગશે. એના માટે એમેડમેન્ટ છે. ન્યુ પ્રોવિઝન બીલ આવ્યા છે ટેકસ પેનલ્ટીના અને ઈન્ટરેસ્ટના જે શેરીલોગ ટેકસ છે અને એન્ટ્રી ટેકસનો એ એજ પર વેટ રેટસ રહેશે અને એન્ટ્રી ટેકસ વેટેબલ બનશે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૬નું વિધેયક ક્રમાંક-૬ સન ૨૦૦૬નું ગુજરાત સ્થાનિક વિસ્તારોમાં નિર્દિષ્ટ માલના પ્રવેશ પર વેરા (સુધારા) વિધેયકનું બીજું વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨ થી ૭ , કલમ-૧ દીર્ઘ સંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

---

* વિધેયક તા.૨૦ મી ફેબ્રુઆરી, ૨૦૦૬ના રોજ ગુજરાત ગર્વનમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૬નું ગુજરાત વિધેયક ક્રમાંક-૬ સન ૨૦૦૬નું ગુજરાત સ્થાનિક વિસ્તારોમાં નિર્દિષ્ટ માલના પ્રવેશ પર વેરા (સુધારા) વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે અને વિધેયક પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**સભાપતિશ્રી :** વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

## સન ૨૦૦૬નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૨
## ગુજરાતના અધિનિયમો રદ કરવા બાબત વિધેયક,૨૦૦૬
## અમુક અધિનિયમો રદ કરવા બાબત વિધેયક

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, રાજયપત્રમાં *અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૦૬નું ગુજરાત વિધેયક ક્રમાંક-૨- સન ૨૦૦૬નું ગુજરાતના અધિનિયમો રદ કરવા બાબત વિધેયક આપની અનુમતિથી દાખલ કરું છું.

**સભાપતિશ્રી :** વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૬નું વિધેયક ક્રમાંક:-૨-સન ૨૦૦૬નું ગુજરાતના અધિનિયમો રદ કરવા બાબત વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, વિધેયકની અંદર ત્રણ એવા કાયદાઓ જેની અત્યારે જરૂર નથી અને બીજા કાયદાઓમાં આ કાયદાના આશયો સમાવિષ્ટ થાય છે, એ કાયદાઓ રદ કરવા બાબતની કાયદા પંચના અધ્યક્ષશ્રીની ભલામણો સ્વીકારી કાયદો રદ કરવા બાબત ગૃહ સમક્ષ લઈને આવ્યો છું. સૌ સભ્યશ્રીઓ એનો સ્વીકાર કરે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૬નું વિધેયક ક્રમાંક:-૨-સન ૨૦૦૬નું ગુજરાતના અધિનિયમો રદ કરવા બાબત વિધેયકનું બીજું વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨, અનુસૂચિ, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકિંટગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૬નું વિધેયક ક્રમાંક:-૨-સન ૨૦૦૬નું ગુજરાતના અધિનિયમો રદ કરવા બાબત વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**સભાપતિશ્રી :** સન ૨૦૦૬નું વિધેયક ક્રમાંક:-૨-સન ૨૦૦૬નું ગુજરાતના અધિનિયમો રદ કરવા બાબત વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

## સન ૨૦૦૬નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૧
## ગુજરાત સિનેમા(નિયમન)(સુધારા) વિધેયક, ૨૦૦૬.
## ગુજરાત સિનેમા (નિયમન) અધિનિયમ, ૨૦૦૪ વધુ સુધારવા બાબત વિધેયક

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા (માહિતી અને પ્રસારણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યપત્રમાં *અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૦૬નું વિધેયક ક્રમાંક-૧-સન ૨૦૦૬નું ગુજરાત સિનેમા (નિયમન) (સુધારા) વિધેયક આપની અનુમતિથી દાખલ કરું છું.

**સભાપતિશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

